No Pages to Display

ગાંધી સ્મૃતિ ગ્રંથાલય
ભાવનગર

P
050
SHI-2

GANDHI SMRITI LIBRARY
BHAVNAGAR

આ પુસ્તક

તરફથી ભેટ

આ પુસ્તક.....દિવ્ય વાણી શક્તિ

એક ભૂલ એવી જાતની છે કે જેમાંથી માણસને ખબર પડે છે કે તેણે ભૂલ કરી છે અને પોતે ભૂલને ઓળખીને ભૂલ સુધારે છે.

એક ભૂલ એવી જાતની છે કે જે ભૂલ કરનારને વધારે ને વધારે ખરા માર્ગથી દૂર ને દૂર લઇ જાય છે.

ભૂલ સ્વતઃ સારે કે ખરાબ માર્ગે લઇ જવા અશક્ત છે. ભૂલ સ્વતઃ ખરાબ કે સારી નથી. કયા માર્ગે ચાલતાં ભૂલ થઈ છે તેના ઉપર બધો આધાર છે. ચડતીને માર્ગે કે પડતીને માર્ગે, પૂર્ણતાને માર્ગે કે પામરતાને માર્ગે, કયે માર્ગે ભૂલ થઇ છે તે જોવાનું છે. પદાર્થોનો ખોટો ઉપયોગ કરીએ, આપણાં કાર્યો અવળી રીતે કરીએ તો આપણે જેને દુર્ગુણ કહીએ છીએ તે તરફ આપણે જઇશું. બધો આધાર ઉપયોગ ઉપર છે. દુષ્ટ ઉપયોગ કે જેનાથી સત્ય હેતુ સચવાતો નથી તે નિંદ્ય છે. તરસ લાગી હોય માટે આપણે પાણી ન પીએ પરંતુ એક જાતનો તનમનાટ કરવા પીએ તો તે દુર્ગુણ છે.* ગિ.

મોટીબેન કરશે

મોરા ઓરડામાં બે બેનો છે. એક પાંચ વરસની ને એક અઢી વરસની. મોટી બેન સ્વભાવે ગરીબ ને સુશીલ. નાની બેન બુદ્ધિએ ચાલાક ને સ્વભાવે જલદ.

બે બેનો ઓરડામાં આવીને કામ ઉપર ભૂખ મંડી પડે. આસનો સંકેલવાનું, વાળવાનું, સાધનો મૂકી દેવાનું, બધું કામ બન્ને રસથી કરતાં.

હમણા હમણા નાની બેનમાં એક નોંધવા જેવો ફેરફાર થયો છે. તે પોતે આસન પાથરે, સાધનો લાવે ને રમે પણ બધું એમ ને એમ મૂકી ચાલતી થાય અથવા તો મોટી બેનને ગોતીને લાવે ને બધું ઉપાડવાનું કહીને બહાર રમવા ચાલી જાય છે.

બે ચાર વાર એમ જોયા પછી એક વાર મેં એને યાદ આપી કે, "બેન, આસન, રમકડાં જગ્યાએ." જવાબ મળ્યો "હું નહિ મૂકું. મોટી બેન મૂકશે." બીજે દિવસે ફરીથી એ જ જવાબ. ત્રીજે દિવસે જ્યારે તે સાધનો લેવા ગઈ ત્યારે જ મેં યાદ આપી, "રમીને પાછાં જગ્યાએ." "હા" પાડીને લઇ ગઈ પણ મૂકવાને માટે મોટી બેનને ગોતવા લાગી. મેં કહ્યું, "તમે જ મૂકી દો." પણ એ તો ચાલતી થઇ ગઇ. ચોથે દિવસે એ સાધન લેવા ગઇ ત્યાં મેં અટકાવી "પાછાં મૂકી દેવાં હોય તો લ્યો."

"મોટી બેન મૂકશે."

"ના અમે કાલે નહિ આવીએ. તાવ આવશે."

"ઠીક."

નાની બેન કે નાના ભાઇનો તેમનાથી થોડાં મોટાં ભાંડરડાં ઉપર ઘણીવાર આવો જુલમ ચાલે છે. પણ નાનાંને જુલમી ને મોટાંઓને જુલમ સહન કરી ગુલામ થવા દેવાનું કારણ ઘણે ભાગે આપણે જ બનીએ છીએ.

નાનાંને બરાબર નહીં આવડે એમ ધારી હમેશ આપણે તેનાથી મોટા ભાઇ કે બેન હોય તેમને કહીએ છીએ, "તેને ન આવડે, તું કરી દે ને." વળી નાનું બાળક નાનું હોવાથી

* મૂળ લેખક ડૉ. મોન્ટીસોરી.

તે એક ઝુલ્મગાર બને છે. તે બીજા બાળકની જરૂરીયાત જોતું કે સાંભળતું કે વિચારતું જ નથી. બીજાને માન આપવાનો વિવેક તેની આગળથી ચાલ્યો જ જાય છે. નબળા સત્તાધારીના હથિયાર તરીકે રૂદન, તોફાન વગેરે કરી અવિચારી ને અવિવેકી કે પોચા મનની બાને તાબે કરે છે. સત્તા વિનાના, પારકી તાકાદ ઉપર રહેવાવાળા આપ બુદ્દનો તેનામાં સ્વભાવ આવે છે. તેને ' કમજોર ગુસ્સાખોત ' કહેવત લાગુ પડે છે.

' અપાવી દે ' માં જે બાળક ફાવે છે તે વિચાર વિવેક ભૂલે છે ઉપરાંત ગુલામ બને છે. તે પોતાની યોગ્યતાનો વિચાર નથી કરતું પણ તેને જોવે છે માટે લાયક છે એવો ભ્રમ તેનામાં પેદા થાય છે અને જ્યારે નથી મળતું ત્યારે તે કોઇનું શરણ શોધી શરણ આપનારને આધીન બને છે.

' અપાવી દે ' ને માર્ગે ચડેલ બાળક કોકે કરી આપવું જોઇએ, તે ન કરી આપે તો તેની સામે લડાદ, પણ પોતે કરવું જોઇએ કે તેને માટે લાયક બનવું જોઇએ તે તે સમજતું નથી. પરિણામે જ્યારે તેને અપાવી દેનાર નથી મળતું અગર જ્યારે તેને આપનાર નથી મળતો ત્યારે તે દુઃખી થાય છે, હેરાન થાય છે.

આવું બાળક મોટું થતાં બહુ દુઃખ સાથે સમજે છે કે ' લાયકને માટે બધું છે ' 'અપાવી દે' ની ટેવથી તે તૈયાર માલે જમતાં શીખ્યું ને જતે મેળવવા યોગ્ય ન થયું તેનું તેને સાલે છે. ' અપાવી દેવરાવવાથી' તે ખોટું અભિમાની અને સરસાઈ ભોગવવાવાળું બન્યું કે જેને લીધે તે સ્વાભિમાનથી વધારે દૂર ગયું. નાનાં બાળકને ' અપાવી દેવાની ' રીતમાંથી માબાપે બચવું જોઇએ. જેને અપાવી દઇએ છીએ તે સ્વાર્થી અને આપબુદ્દ બને છે ને જેની પાસેથી અપાવીએ છીએ તેને અન્યાય થાય છે. ભાઈ ભાઇ કે બેન ભાઇ વચ્ચે આમ કરવાથી સંપ થવાને બદલે વેર થાય છે. એકને થાય છે કે બા મને ચાહે છે ને બીજાને લાગે છે કે મારી બા બરાબર છે. મને જ હેરાન કરે છે. માટે જ સેવરાની લે છે. બાળકો અપાવી દીધા પછી અંદર અંદર બાથે છે ને કહે છે ' કાં, મોતું આપવું ને ? લે લે તો ખરા.' સામું બાળક ચીડાઇને મારવા દોડે છે, અગર હીજરાઇને ગાળો દે છે કે રડે છે. પરિણામે બા પોતાનાં બાળકો વચ્ચે ' બેર ' પડાવે છે.

આપણે માબાપ તરીકે આ બાબતમાં ખૂબ કાળજીથી ચાલવું જોઇએ. ઘરમાં બે ચાર બાળકો હોય ત્યારે દેખા દેખીથી કરવાનું સહુજ છે. છતાં બધી વખતે દેખાદેખીથી કામ કરવામાં લાભ નથી. પોતાની કેવળ યોગ્યતાની બહાર જઈ બાળક કંઈક કરવા માગે તો તેમાં તેને નુકશાન જ છે. પોતાની કંઇક યોગ્યતા હોય તે વખતે થતું અનુકરણ શિખવાના પ્રયત્ન રૂપે છે. નાનાં બાળક જ્યારે મોટાંઓ જે કરે છે તે કરી શકતાં નથી, કરી શકવાનાં નથી તે છતાં તેમ કરવા માગે છે ત્યાં આપણે તેને તેમજ કરવા દેવા માટે મોટાં પાસેથી અપાવી દેવું ન જ જોઇએ. કાં તો તેમને મોટાંઓનાં કામને જોવા બેસારીએ, અગર તેમને તે કામમાં મદદગાર રૂપ જોડીએ; જેમકે રંગ કામ ચાલતું હોય તો પાણી લાવવાનું કે પીંછી ધોવાનું; અગર તો તેને તે કામને બદલે બીજું તેવું જ કામ આપીએ. ગમે તેમ કરીએ પણ બીજા પાસેથી અપાવી તો ન જ દઇએ.

અમુક વસ્તુ બાળકને જોઇએ છે ને તે તેને જરૂરની છે એમ લાગે ત્યાં પણ જોવે છે તે માટે જ બીજા પાસેથી અપાવી દેવી ન જોઇએ. તેને વસ્તુ માટે તેનો લાભ થાય તેનાં કરતાં અપાવી દેવરાવવાની ટેવ પડે તેનું નુકશાન વધારે છે. બાળકને તેવી બીજી વસ્તુ હોય તો આપવી નહીંતર તેને તેનો વારો આવે ત્યાં સુધી રાહ જોવાનું કહેવું, આપણને જોવે છે તો ઘણું પણ જીવન વ્યવહાર જ એવો છે કે જે ઇચ્છયું તે તરત જ મળે તેવી શક્યતા નથી. તે જ સામાન્ય નિયમ અહીંથી જ બાળકના ખ્યાલ ઉપર ભલે આવે. બાળકને બીજી ચીજ આપી રાખતા ન હોઇએ, અથવા બાળક માગે છે તે માટે લાયક ન હોય તો તેને આપ-

છૂટકે રડવા દઈએ પણ બીજા પાસેથી અપાવીએ તો નહિ જ.

આપણને બીજા પાસેથી અપાવી દેવું સહેલું પડે છે. મોટા બાળક ઉપર હુકમ ચલવી શકાય છે. તેને સહેલથી સમજાવી પણ શકાય છે. એમ નહિ તો ફોસલાવી ભૂલમ પણ શકાય છે. આથી 'અપાવી દેવાના' લોભમાં આપણે પંડી માગનાર બાળક માટે ખરો રસ્તો કાઢવાનું આપણે પસંદ કરતા નથી, તેનો શ્રમ લેતા નથી. પરંતુ એમ કરવામાં નાનું બાળક બે ઘડી રાજી થઈ આપણા પર પ્રસન્ન થાય છે. તે જ વખતે મોટું બાળક આપણામાંથી વિશ્વાસ અને પ્રેમ બંને ખુવે છે. 'અપાવી દેવાની' આપણામાં શક્તિ છે તે વાપરવામાં શાહીપણું છે પરંતુ રસ્તો કાઢવામાં શાણપણું છે.

છતાં ઘણીવાર એવા નાજુક પ્રસંગો આવી પડે છે. ન તો આપણને નાનાં બાળકની માગણી ના મંજૂર કરવાનું યોગ્ય લાગે ન તો મોટા પાસેથી લેઇ લેવું ન્યાય ભર્યું લાગે અને છતાં આપણે એ પરિણામ તો ઈચ્છીએ કે બંનેનું મન રાજી રહે. બંનેની ઈચ્છા તૃપ્ત થાય. આપણે એવે વખતે તેમને સહકાર કરવાની યુક્તિ કરવી જોઇએ. જેનાથી એકેયને એવી છાપ ન પડવી જોઇએ કે મને અપાવી દીધું કે મારા પાસેથી લઈ લીધું અને છતાં બંનેના મનનું સમાધાન થાય. આ કામ કાંતો બંનેને ત્રીજે માર્ગે જ વાળવાથી થાય. અથવા બંનેને એ જ કામમાં નવી પ્રવૃત્તિ આપવાથી થાય.

આપણે મોટા છીએ તેથી અપાવી દઈ શકીએ છીએ, ગમે તેવો ન્યાય આપી શકીએ છીએ, એવો ખ્યાલ બાળકોમાં બેસવા દેવા કરતાં જ્યાં આપણું કશું ન ચાલે ત્યાં 'જાઓ, તમે ઠીક પડે તેમ કરો હું કશું કહેવાનો નથી' એમ કહેવું સારું છે. પછી બંને ભલે લડીલડીને કોણે લેવું ન લેવું તે નક્કી કરે. એમાં સાફ ન્યાય નહિ થાય. છતાં આપણો પક્ષપાતી ન્યાયને તો અવકાશ નહિ જ રહે. ઘણી ખરી વાર બાળકને પોતપોતાનું પોતાની જાતે પતાવી લેવા છૂટાં મૂકીએ છીએ તો તેઓ સામ સામે અથડાઇને વહેલા ઠેકાણે આવે છે ને આપણે વચ્ચે પડીએ છીએ તેને પરિણામે અસંતોષ સાથે એક બીજાના દુશ્મન બને છે તેને બદલે તેઓ મિત્રો થશે અને પોતાની ઇચ્છાની મર્યાદા ક્યાં રાખવી તે સમજશે.

ટૂંકમાં અપાવી દેવાની રીતી યોગ્ય લાગતી નથી. માટે આપણે તે છોડી દઇએ. **ગિ.**

ત્યારે મારે શું કરવું ?

હું હજી નાનો છું છતાં મને લાગે છે કે હું બહુ જ ડાહ્યો છું.

મને કોઇ કહે છે કે તું કજીયાળો છું. કોઇ કહે છે કે તું મૂર્ખો છું; પણ મારે મન બધા કહે છે તેવો હું નથી.

મને ચોપડીમાં લીંટા કાઢવા બહુ ગમે. લખતાં નથી આવડતું, પણ બાપુજી હોય ત્યારે મને પણ લખવાનું ગમે છેઃ હું દાદાજીને કહું, મને સીસાપેન અને કાગળ આપોને. મારે પણ લખવું છે, દાદા મને નથી આપતા ને કહે છે, તું લખવામાં શું જાણ. તું બોર નાખીશ. આમ મને કહે છે એટલે હું રોઉં તો મોટાભાઇ કહેશે બાપુ કજીયાળો છે.

મને કુતરાનાં ગલુડીયાં બહુ વહાલા લાગે. હું તેને મારા ખોળામાં બેસાડું, પંપાળું અને વહાલ કરું તો બા મારી પાસે આવી ગલુડીયાંને દૂર ફેંકી દે છે અને કહે છે કે કુતરાંને ન અડાય. મને કુતરાનો ઘોડો કરવો બહુ ગમે છે પણ, બા કહે છે કે કુતરાને અડીએ તો બસ થાય.' તો પણ મને કુતરું બહુ વહાલું લાગે છે એટલે

બા કહે છે આણુ તદ્દન મુર્ખો છે.

" હું ફળીયામાં જઉં અને ત્યાંથી ધૂળ લઇ મારા પેરણના ખીસ્સામાં ભરૂં પછી ઘોડી બોળામાં લઉં અને ધૂળથી જાતજાતના ચિત્ર કાઢું છું ત્યારે બા આવી મને મારે છે. ધૂળ ફેંકી દે છે ને કહે છે આણુ બહુ ગંદો છે. હવે તમે કહો જોઇએ હું શું કરૂં તો સારૂ

ડાહ્યો કહેવાઉં? અમારા ઘરમાં સા કહે છે ' આણુ બહુ ખરાબ છોકરો છે. '

ત્યારે હું ' સારો ' કેમ કહેવાઉં?

મને ગમે તેવી રમતો હું છાનોમાનો રમું છું ત્યારે એ બધાં પોતે જ વચ્ચે પડે છે ને ઉલટું મને જ ગાંડો કહે છે.

ત્યારે મારે કરવું શું? **કુમુદબેન.**

રોવાથી વીંછી નહિ ઉતરે

" ઓય વોય મરી ગયોંરે! કરડી બાધોરે કરડી બાધો! "

" છે શું? રોયા, દોડાદોડ કરે છે તો ભસતો બરો? "

" ઓય વોય, મરી ગયોરે મરી ગયો! "

" છે રોયો! ભસતોય નથી? "

" એ એને વીંછી કરડ્યો એટલે રોવે છે. "

" તે જાય નહીં આઘે! રોયાને ના પાડી'તી કે ત્યાં ઓલ્યા છોકરાઓ ભેળો રમવા જઇશમા. રોયાને માનવું હોય ત્યારે ના? "

" ઓય વોયરે! ઓય, ઓય, ઓય! "

" રો, રો. હું તો આ બેઠી. "

" કેમ અલ્યા, શેના ધાંટા કાઢે છે? ગામે ગાંડું કર્યું. "

" વીંછી કરડ્યો છે, વીંછી. "

" તે કરડે જ તો? મેં પણ કહ્યું હતું કે ત્યાં નથી જવું. "

" પણ આ છોકરો રડે છે. એને પીડા થાય છે. એનું તો કાંઇક કરો. "

" છો રડે. એ એ જ લાગનો છે. "

શામજી ડોસા પાડોશમાંથી આવ્યા:—

' એલા કોઇને લાગણી બાગણી છે કે? આ છોકરો રાડ્યું નાખે છે. એને વીંછી કરડ્યો છે ને માબાપ તો ટગર ટગર જોવે છે. "

" તે દાદાજી, ઇ રોયાને કયાં નથી જાણતા? રોયો ઘડીયે જંપીને બેસે તો કે? આખો દિ હેઠો બેસતો નથી. અત્યારે રાતેય ત્યાં અંધારામાં દાટ્યું હતું તે ગયો હતો! "

" હશે હવે. કાંઇક દવા તો કરો. છોકરાને પાસે તો બોલાવો? જરાક દયા રાખો. "

" તે તમારે બહુ ડહાપણ ન કરવું. છોકરો તો અમારો છે ને? અમે એને છાનો રાખશું. "

" એલા મુંગો મરે છે કે? હમણાં ઉતારવાવાળા પાસે લઇ જાઉં છું. ભેંકડો શું તાણે છે ભેંકડો.? "

" ઓય વોય, ઓય વોય.! "

" હળવો રે હળવો. ત્યાં રોવાથી વીંછી નહિ ઉતરે. " **ગિ.**

ચમચાનો કજીયો

" કેમ, આ બચુડી આજ કેમ કજીયો કરે છે? "

" બાઇ બચુડી તો બચુડી છે: ઈ મીઠું મીઠું બોલે ત્યાં સૂધી. વટકી તો પછી થઇ રહ્યું. "

"ઉં ઉં. ઉં."
"શું છે બચુડી, શું છે બાપા ?"
"ઉં ઉં ઉં"
"એમ ય નહિ બોલે. એમ તો ઉનાની ઓલીકારની છે:"
"બચુ બાપા ? શું છે ? શું જોવે છે ?"
"ઉં ઉં ઉં ઉં ઉં ઉં"
હવે બાની રહે છે કે ?
"ઉં ઉં ઉં ઉં ઉં. ઉં."
"એમ ય કાંઈ બાની રે'શે, એમ તો છોકરાં બૂમણા થાય. જોઉં ફરી પૂછવા દે શું છે ?"
"બચુ બેન શું છે. આવો મારી પાસે આવો. મને કહેા જોઈએ."
"ઉં. ઉં ઉં, ટમટો"
"ટમટો ? 'ટમટો' શું બેન ?"
"ટમટો ' અમાલેા ટમટો"

"ભઈ, આ શું માગે છે ?"
"ચમચાની સળગી છે."
"લ્યેા આ ચમચો. આ જોવે છે. ?"
"નહિ, એમ નહિ. એમ નહિ."
"ત્યારે ?"
"એમા એમ છે કે મેં ચમચો માંગ્યો ને બચુ લઈ આવી એટલે હવે કજીયો કરે છે. !"
"ત્યારે એમ કહોને. બચુ બેન તમારે ચમચો લાવવો હતો ?"
"હા, મારે લાવવા હતો."
"તે લાવોને ના કોણ પાડે છે. લ્યો હું ચમચો હતો ત્યાં પાછો મૂકી દઉ, બસ હવે લાવો જોઈએ.
બચુ 'બા, લે આ ચમચો. તાલે જોવે છેને."
"બચુ બેન રૂડાં રહી ગયાં, ને ચમચો આપી રાજી થયા.' ગિ.

વચ્ચે પડ્યાં

૧

દડે રમતાં વઢી પડ્યાં. દડાની બેંચાબેંચ થોલીઃ બેઈ બોળકા રડે છે. એક બીજાને બટકાં ભરવા જાય છે. વાત વધી પડી છે.

ફઈબા આવ્યાંઃ—

ધક્કો મારીને પાડોશીના છોકરાને કોરે કર્યો.

"આ રોજને રોજ લાગ્યો છેઃ મારા બચુડાને બટકાં ભરે છે તે તું તારા મનમાં શું સમજે છે? એક તો એના રમકડે રમવું ને એને જ મારવો. જા, ભાગ્ય અહિંથી. ફરીવાર પગ દીધો છે તો તારી વાત તું જાણેા."

ફઈબા બચુ તરફ જોઈને બોલ્યાંઃ—

"એવા રેઢીયાળને તે શું કામ બોલાવે છે એને રમકડાં આપવાનાં તે હોય !"

૨

પાંચ વર્ષના બે છોકરા હતા. દડા માટે બાઘણ થઈ. બાઘતા બાઘતા ધુસતે બટકે આવ્યા.

મોટાભાઈ નીકળ્યા.

"લાવો જોઈએ દડો. મારા હાથમાં આપેા."

ભાઈએ દડો હાથમાં લીધો ને પૂછ્યુંઃ

"કહેા જોઈએ શું છે દડાનું ?"

બટુકઃ-"મારે દડો જોઈયે છે."

વિનુઃ-"એ કયારનો રમે છે હવે મારો વારો."

મોટાભાઈ-ઠીક લ્યેા. બન્ને રમેા. પહેલા વિનુ રમે પછી બટુક રમે. એક જણ દશ વાર રમે, એટલે બીજાનો વારોઃ એના પછી પહેલાનો વારો.

વિનુ-બટુક, તું બરાબર ગણજે, દશ વાર થાય એટલે તારો વારો. તા.

શેરીમાં બાળકો

સ્ત્રીઓ પત્થર એટલા દેવ કરી બાળકો મેળવે છે. બાળક નાનું હોય ને માતાને ધાવતું હોય છે ત્યારે જરા સાજું માંદું થાય તો માતા દિવસો સુધી સ્વાદ તજી મોળું જમે છે ને બાળકની તંદુરસ્તી સાચે છે. બે અઢી વર્ષ સુધી બાળકની સારવાર કરી માતાઓ સંતોષ માને છે. પણ આટલાથી જ ચાલે તેમ નથી. મોટાં થયેલાં મારાં બાળકો કયાં રમે છે, કોની સાથે રમે છે વગેરે પણ તેમણે જાણવું જોઇએ.

શહેર અથવા ગામડાંની અંદર બાળકોને રમવાનું સ્થાન શેરીઓ હોય છે. આ શેરીઓમાં દરેક ઘરનાં માણસો દાંતણ કરે, બળગમ નાખે, નાનાં છોકરાં ઝાડે જાય, દરેક ઘરનું એંઠું નંખાય, ક્ષયરોગ જેવા રોગીઓનું એંઠું પણ નંખાય. તેવી જગ્યાઓ બાળકોને રમવાનું સ્થાન બને છે.

આપણી સ્ત્રીઓ જાણતી હોત કે શેરીમાં ઘરની ગંદકી નાખવાથી શેરીની ધૂળની અંદર અનેક રોગના જંતુઓ પેદા થાય છે અને તે જંતુઓ શ્વાસોચ્છવાસ દ્વારા બાળકોનાં શરીરમાં પેસે છે ને કેટલું ભયંકર નુકશાન કરે છે, તો આ પ્રમાણે ન બને.

જેમ શહેરોની અંદર પાણી ભરવા માટે ચકલે ચકલે નળ છે, શેરીએ શેરીએ પાયખાનાં છે તેમજ શેરીની અંદર એક ભાગમાં રેતી નંખાવીને બાળકોને રમવાનો ભાગ બનાવવો જોઇએ. કારણ બાળકોને રમવાં તો દેવાં જ જોઇએ. જો આપણે તેમને છૂટથી રમવાં ન દઇએ તો તેમનો શરીર વિકાસ અટકી જાય

જડીબેન.

બાળકોની હાજરીમાં

બાળકો સુસ્વભાવી થાય એમ ઇચ્છતાં માબાપો કે વડીલોએ કેટલાંએક વિધી નિષેધો બહુજ સાવચેતીથી પાળવા પડે. આમાંનો બાળકોની હાજરીમાં આપણે શું બોલીએ છીએ ને શું કરીએ છીએ એ એક અત્યંત મહત્ત્વનો ભાગ છે.

તે સંબંધેના થોડાએક નિષેધાત્મક નિયમો નીચે પ્રમાણેઃ—

બાળકો પરત્વેઃ—

૧ બાળકોની હાજરીમાં તેમના કે બીજાં બાળકોના ગુણોનું કે દોષોનું વર્ણન, સ્તુતિ નિંદાના રૂપમાં ન કરીએ. જેમકે "આ હુશીયાર છે. આ ઠોઠ છે" વગેરે.

૨ બાળકોની હાજરીમાં તેમની કે બીજાં બાળકોની આવડત અણઆવડતનું વિવેચન પણ ન કરીએ. "એને આ નહિ આવડે. ફલાણાંને ગાતાં સરસ આવડે છે ને ફલાણાને જરાએ નથી આવડતું વગેરે."

૩ બાળકોની હાજરીમા તેમના સ્વભાવના કે વર્તનની વિશિષ્ટતા ઉપર ભાર દઇને તે ન વર્ણવીએ. જેમકે "આને દૂધ નહિ ભાવે." "આ તો વહેલો ઉંઘે જ નહિ." "આ તો રીંગણનું શાક ખાશે જ નહિ." "આને તો માના પડખામાં સૂશે ત્યારે જ ઉંઘ આવશે" વગેરે.

મોટાંઓ પરત્વેઃ—

૧. બાળકની હાજરીમાં જુવાનીયાં કે મોટાં-

તે કહે "૨૦." પ્યાલામાં ૫૦ આની માઈ શકે તેમ હતું. અહિં સ્થૂળમાંથી સૂક્ષ્મમાં જવાની–કલ્પના કરવાની અશક્તિ. છે. છઠ્ઠા ધોરણના બાળકને એક દાખલો લખાવ્યો 'એક માણસ રોજ રૂપીયા ભાર મીઠું ખાય છે તો દસ-વર્ષે તેમ આધા પછી મરી ગયો તો મરી ગયો તે દિવસે તેનાં પેટમાં કેટલું મીઠું હશે?" બાળકની સામાન્ય બુદ્ધિ અને તર્કની કસોટી સાથે ગણિતશિક્ષણની કસોટી થઇ. તે કહે અમુક મણ! આનું નામ પોપટીયું જ્ઞાન.

આમ બનવાનું કારણ આપણે ગણિત સાથે વ્યવહાર અને પ્રત્યક્ષ અનુભવ જોડતાં નથી. ગણિત આપણે મોઢેથી, કે પાટીયાપર શીખવીએ છીએ. ગણિતિબુદ્ધિના વિકાસ માટે ગણિત શરૂથી જ વ્યવહારમાં અને પ્રત્યક્ષ અનુભવ સાથે શીખવવું જોઇએ. ગિ૦

છાનું રાખવું જ જોઇએ?

બાળક રડે ત્યારે તેને છાનું રાખવાના આપણે અનેક ઉપાયો યોજીએ છીએ. સામ, દામ, દંડ, ભેદાદિ બધી રીતો અજમાવીએ છીએ ને બાળક રડતું મટે એમ કરીએ છીએ. વિચારક માબાપ છાનું રાખવાની કઈ રીત સારી તેનો વિચાર કરવા બેસી જાય છે ને બુદ્ધિશાળી માણસો અનેક યુક્તિઓ શોધી કાઢે છે. પ્રશ્ન એ છે કે બાળક રડતું હોય તો તેને છાનું રાખવું જ જોઇએ શું?

આપણે બાળકને બે કારણે છાનું રાખીએ છીએ. એક બાહ્ય જગત્ એટલે આપણને બધાંને તેનું રડવું સાંભળવું ગમતું નથી, ત્રાસ થાય છે, ગડબડ થાય છે, સભા કે શાળા વગેરે સ્થાને ત્યાંનું કામ ચાલી શકતું નથી વગેરે બાહ્ય કારણોથી બાળકનું રડવું એકદમ શાંત પાડવું પડે છે. બીજું કારણ એ છે કે બાળકને રડવા દઇશું તો રડી રડીને મરી જશે, અથવા તેને કાંઈક તો હાનિ થશે જ. કાંઈ નહિ તો રડવું એ તેના દુઃખનું ચિન્હ છે. તો તે બંધ પાડીને એટલે તેને દુઃખી થતું મટાડીને આનંદ-કલ્લોલ કરતું કરવા માટે તેને રડતું છાનું રાખીએ છીએ.

હવે આવાં બધાં કારણોને લીધે બાળકને હમેશ છાનું રાખવું જ જોઇએ કે કેમ એ પ્રશ્ન વિચારવાનો છે.

જ્યારે જ્યારે બાળકને છાનું રાખવા આપણે નીકળી પડીએ છીએ ત્યારે ત્યારે શું તેને છાનું રાખવું જ જોઇએ? એ પ્રશ્ન અમને કરી લેવો જોઇએ. ૫૦ ટકા જવાબ છાનું રાખવાની જરૂર નથી એમ જ આવશે.

દુઃખને કારણે કોઈ રડતું હોય તો તેને રડી લેવા દેવું એજ સારો ઉપાય નથી શું? રડવું એ દુઃખને હળવું કરવાનો પ્રાથમિક દશાનો ને કુદરતી ઉપાય છે. તેની આડે આપણે શા માટે આવવું? બાળક પડે ને વાગે અથવા માંદું હોય ને પીડા થતી હોય ને તેથી રડતું હોય તો તેનું દુઃખ હળવું કરવાના ઉપાયો કરીએ તે સિવાય રડતું હોય તો થોડું રડવા દઇએ તો સારું. ઘણીવાર બાળક રડવા લાગે કે તરત રડવાનું બંધ પાડવાના ઉપાયો આપણે લેવા લાગીએ. તેના કરતાં લોહી નીકળતું હોય તો પાટો બાંધી કરવીને સ્વસ્થ રહીએ. રડવા તરફ ધ્યાન જ ન આપીએ તો શું થાય છે તે કરી જોવા જેવું છે. દુઃખ હોય ત્યાં સૂધી બાળક રડશે પછી એની મેળે બંધ પડશે. દુઃખતું હોય ત્યારે રડવાની counter ક્રિયાથી પીડા તેને સહ્ય થશે. માનસિક દુઃખનું પણ એમ જ છે. બાળકનું કાંઈ ખોવાઈ ગયું અથવા ફુટી ગયું હોય તો તેના વિયોગનાં દુઃખાર્થે તેને પૂરતું શા માટે ન રડવા દેવું. બાબલું ફુટી ગયું હોય ને બાળક રડતું હોય તો "હશે. આપણે બીજું લાવશું." અથવા "આ લે કુત્તુ" એમ કહેવું એ તો છોકરાની વહુ મરી ગઈ હોય તો તેનું દુઃખ હળવું કરવા માટે તુરત બીજું બેશવાળ કરવા જેવું છે. દુઃખ કે વિયોગ

ઓના જીવનની વાતો ન બોલીએ.

૨. કુટુંબ અને સમાજના વ્યવહારની હલકી ને સંકુચિત વાતો ન કરીએ.

૩. બાળક સંબંધેની આપણી મહત્વાકાંક્ષાઓ અથવા કલ્પનાઓ તેની હાજરીમાં ન બોલીએ.

તા.

અત્યંજ બાળકની કેળવણી

બાળકોમાં પણ લાગણી હોય છે. અથવા એમ કહીએ તો ચાલે કે બાળકોમાં લાગણી સ્વાભાવિક અને શુદ્ધ હોય છે. સ્વાર્થથી આંધળા થએલા નાસ્તિક મોટેરાઓ ને જાત જાતના પ્રસંગે ખોટી સૂચનાઓ અને ખોટા સંસ્કારો બાળકોને ન આપે તો બાળકો બગડ્યાનો પસ્તાવો તેમને ઓછો કરવો પડે.

પાંચ સાત વર્ષના બાળકોનું એકાદ ટોળું રમતું જુઓ. એમનામાં પણ સૌથી નાના બાળક પ્રત્યે ખાસ માયાળુ લાગણી હોય છે. કોઈ બાળકને ભૂખ્યું જુએ, માંદું જુએ, કે મુંઝાએલું જુએ તો પીગળીને તરત જ એની વહારે ધાવાનું બીજા બાળકોને એની મેળે સૂઝી આવે છે. તિરસ્કાર એ કુદરતી લાગણી નથી. અનાસ્થા અને દ્વેષ એ કુદરતી ગણાય. પણ તિરસ્કાર તો મનુષ્ય સમાજે ઉપજાવી કાઢેલો દુર્ગુણ છે. આપણે પ્રયત્ન પૂર્વક બાળકોમાં તિરસ્કારનું ઈન્જેકશન રેડીએ છીએ. માનીએ છીએ કે આને પરિણામે બાળક પાપ પ્રત્યે તિરસ્કાર કેળવશે અને પોતાની નબળાઈમાંથી ઉગરી જશે પણ તિરસ્કાર એ બેધારી તલવાર છે. એમાં શુદ્ધ શ્રેય નથી.

અસ્પૃશ્યતાની ફિલસુફી ગમે તેટલી સમજાઓ, જેનામાં તિરસ્કાર ઉંડો છે તેને ગળે ઉતરવાની જ નથી. પ્રભુના તિરસ્કારના ડે થી જેનું માનસિક ઘડતર જ વિકૃત થયું છે એને જ અસ્પૃશ્યતાનું સમર્થન કરનારી દલીલો સંતોષ આપવાની. જેટલા હજાર વર્ષો સુધી અસહાય ધીરજથી આપણી જોહુકમી સહન કરી છે એનો દસમો વખત પણ જો આપણે પ્રેમપૂર્વક ધીરજ કેળવીશું, અરે! દસમો નાહ, સોમા ભાગ જેટલી પણ ધીરજ આપણે બતાવીશું તો એ બાપડાનો ઉદ્ધાર થશે; કેમકે પાપ કરતાં પુણ્ય બળવાન છે અને પ્રયાશ્ચિત્તનો તેજાબ જમાનાનો મેલ ધોવા સમર્થ છે.

આપણા અંત્યજો એતો સામાજીક બાળકો છે. લાંબા વખતના તિરસ્કારને લીધે અને દુર્લક્ષને લીધે ભલે એમનામાં વિકૃતિ આવી હોય પણ હજી તેઓ બાળકો જ છે. ગંદકી, બેદરકારી, બીક, બીકને લીધે આવતી લુચ્ચાઈ, અદ્દર દૃષ્ટિ, પોતાના હિતકર્તા પ્રત્યે પણ સંશયવૃત્તિ અને અણીને પ્રસંગે અડાઈ એ દુર્ગુણો જો એમનામાં આવી જાય તો એની જવાબદારી એમના પર નથી. ધર્મ દ્રોહ કરનાર અને તિરસ્કાર કેળવનાર લોકોને માથે જ એની જવાબદારી છે.

સામાજીક બાળકોને સામાજીક કેળવણી મળવી જોઈએ. આખો સમાજ એ જ એમની નિશાળ છે દરેક વિચારી પુરુષ એ નિશાળનો શિક્ષક છે. એ નિશાળમાં જો અસ્પૃશ્ય લોકોના પણ બાળકને પ્રવેશ ન હોય તો એ નિશાળનો નાશ છે. આ ભવિષ્યવાણી નથી પણ રોજનો અનુભવ છે.

કાકા

વજનની ઇન્દ્રિય.

નાના અને મોટા પદાર્થો વચ્ચે રહેલ વજનનો તફાવત વજનની ઇંદ્રિયથી જાણી શકાય છે. વજનની ઇંદ્રિયને Baric sense 'બેરીક સેન્સ' કહેવામાં આવે છે. એનું સ્થાન હાથની આંગળીઓ અને હથેળીમાં છે. સામાન્ય રીતે કોઈ વસ્તુનું અંદાજ વજન કાઢવું હોય છે તો આપણે હાથમાં

લઇ હથેળી અને આંગળાં જરા ઉંચા નીચા કરી કાઢીએ છીએ. જુદા જુદા ધંધામાં મહાવરાથી આ ઇંદ્રિય વિશેષપણે કસરત પામવાથી સારૂં એવું બારીક કામ કરે છે. કાછીઓ હાથમાં રીંગણું લઈ તેનું લગભગ બરાબર વજન કહી દે છે; પરચુરણ ચીજો વેચવાવાળા માત્ર હાથ નાખીને નેઇતું વજન કાઢી શકે છે; તમાકુ વેચવાવાળો પાઇની છીંકણી વગર તોળ્યે હાથના તાજવાથી આપે છે. એકંદરે દરેક ધંધાવાળાને પોતાની ચીજો પૂરતું પોતાનો હાથ એક કાંટો છે. આ વાત ઝીણી ચીજોનો વેપાર કરનાર ઝવેરી સુધીના માણસોને લાગુ પડી શકે.

જે શક્તિ અનુભવથી ને વિશેષપણે મળે છે તે કેળવણીથી વ્યાપકપણે મળવી નેઇએ. દરેક માણસનો હાથ એક નાજુક તાજવા જેવું કામ કર્યા કરે તેવો તે સરકારક્ષમ હોવો નેઇએ; જેમ રંગની દુનિયાનો સૌને આનંદ અને ઉપભોગ લેવાનું આંખની કેળવણીથી શક્ય છે તેમજ વજનની ઇંદ્રિયની કેળવણીથી ભિન્ન ભિન્ન જાતના વજનોની પારખ કરવાની શક્તિનો લાભ અને આનંદ લેવાનું સૌને માટે શક્ય છે. આ માટે મૉં. પદ્ધતિમાં વજનની ઇંદ્રિયને આ પ્રમાણે કેળવવામાં આવે છે.

સાધનમાં લાકડાની ત્રણ પેટીઓ છે. દરેક પેટીમાં નવ નવ લાકડાની તખ્તીઓ છે, દરેક પેટીની તખ્તીઓનું લાકડું જુદી જુદી જાતનું છે. એક પાઇનનું, બીજું વોલ્નટનું, તો ત્રીજું વિસ્ટીયાનું: આ તખ્તીઓનો રંગ મૂળ લાકડાનો જેવો હોય તેવોજ રાખવામાં આવેલો છે. એક પેટીની દરેક તખ્તી વજનમાં બાર ગ્રામની છે. બીજીમાં ૧૮ ગ્રામની છે ને ત્રીજીમાં ૨૪ ગ્રામની છે. અર્થાત્ દરેક પેટીની તખ્તીઓ છ છ ગ્રામના વજનના તફાવતવાળી છે.

પેટીથી બાળકોને આ પ્રમાણે રમાડી શકાય. શિક્ષક બાળક પાસે બેસી પ્રથમ ૧૨ અને ૨૪ ગ્રામના વજનવાળી પેટીઓની તખ્તીઓ લઇ તેને સેળભેળ કરે પછી બાળકની હથેળી ખુલ્લી રખાવી આંગળાં લાંબા કરાવી તેના પર એક ૧૨ ની અને બીજી ૨૪ ગ્રામની તખ્તી મૂકે. પછી પોતે સામે તેમ કરી બંને હાથ જરા જરા ઝુલાવી તખ્તીઓનું વજન કેમ થાય તે કરી બતાવે. પછી બાળકને તેમ કરવા કહે બાળકના હાથમાં તખ્તીઓનો તફાવત જણાતાં તે આમાં રમત કે કસરત કયાં છે તે સમજશે. જ્યાં સુધી આ ખ્યાલ બાળકમાં ન આવે ત્યાં સુધી આગળ રમત ન ચાલી શકે. આ ખ્યાલ આવતાં ઢગલાની તખ્તીઓ ખુલ્લી આંખે પણ હાથની આંગળીઓરૂપી તાજવાની મદદથી જૂદી પાડવાનું સૂચવવું. આ માટે આપણે આખી રમત રમી બતાવીએ. તખ્તીઓના રંગો જુદા છે તેથી શરુઆતમાં બાળક રંગની મદદથી વજન ભેદની પારખમાં પડતી ભૂલ જોઇ શકશે. ને બાળકમાં વજનભેદ પારખવાની આ રમત છે એવો ખ્યાલ આવ્યો હશે તો રંગ તેને મદદગાર થશે. નહિતર તે સરખા રંગની તખ્તીઓ પાસે પાસે મૂકી જઇ આપણને ખોટો ખ્યાલ આપશે. આ માટે શિક્ષકે બારીક નજર રાખી બાળક ખરેખર સમજ્યું છે કે નહિ તે શોધી કાઢવાનું છે. પછીથી બાળકની આંખે પાટા બાંધી એજ રમત રમવા આપવાની છે. આથી તેના ખ્યાલની અને વધતી જતી શક્તિની કસોટી થશે તેમ જ શક્તિ વધતી જાશે. બે પેટીઓનું કામ થઇ રહ્યા બાદ ૧૨ અને ૧૮ ની અને ત્યાર પછી ૧૮ અને ૨૪ ની એમ લેવી. છેવટે ત્રણે પેટીઓને સેળ ભેળ કરી ત્રણે વજનો જૂદાં પાડવાની રમત આપવી. દરેક રમત શરુઆતમાં ખુલ્લી આંખે ને પછીથી પાટો બાંધી રમવાની છે. પાટો ખોલીને જોતાં ભૂલ કયાં છે તે રંગો જ કહી બતાવશે. આ રીતે તખ્તીના રંગો સ્વયં ભૂલ સુધારક છે. આ પેટીઓની રમતો રમનારૂં બાળક આસપાસના પદાર્થોના વજનમાં રસ લેશે ને પોતાના જ્ઞાનમાં વજનની ઇંદ્રિયથી પણ વધારો કર્યા કરશે.

ગિ.

સહન કરવાની તાકાત આ રીતિમાં નથી. તેમજ કોઇ પણ વસ્તુ કે માણસ તરફ ઉંડી લાગણી કેળવવાની તક પણ નથી.

બાળક રડે તેથી સામાન્યતઃ તેને નુકસાન થતું નથી. છેક નાની ઉંમરથી જ આપણું વલણ એનું રડવું બંધ કરવા તરફ હોય છે. એનું દુઃખ મટાડવું એ એક વાત છે ને રડવું છાનું રાખવું એ જુદી વાત છે. બાળકનું દુ.ખ હળવું કરવાના ઉપાયો આપણે જરૂર લઇએ. રડવાનું કારણ શોધીને તે મટાડીએ. આપણે સામાન્યતઃ એમ કરવાને બદલે રડતું છાનું રાખવાના ઉપાયો કરવા લાગીએ છીએ. "છાનો રહે છાનો રહે." 'ટીકડી આપીશ" "કરવા લઇ જઇશ." અનેક વાતો કહીને રડતું બંધ પાડીએ છીએ. ખરી રીતે શા માટે રડે છે તે જોઇ તેનો ઉપાય લેતાં બાળક એની મેળે જ શાંત પડી જાય ને તરત શાન્ત ન પડે તો તે તરફ ધ્યાન દેવાની જરૂર નથી.

બાળક રડવા લાગે કે રડતું છાનું રાખવા માટે આપણે બહુ જ તત્પરતા બતાવીએ છીએ. એમાંથી બાળકને પોતાના રડવામાં અદ્‌ભુત શક્તિ રહેલી છે તેની ખબર પડે છે. મોટાંઓને આપણી આસપાસ નચાવવાની યુક્તિ જાણે તેના હાથમાં આવી ગઈ હોય તેમ લાગે છે. બાળકને વધારે શેતલ, હઠીલું ને જુલમી બનાવવાનો ચોક્કસ ઉપાય જોતો હોય તો બાળકના રડવા તરફ ખૂબ ધ્યાન દેવું, તેને છાનાં રાખવાના ઉપાયો ને યુક્તિઓ રચવી; "હાય, હાય, આંખો લાલચોળ થઈ ગઇ ! ગળું બેસી ગયું ! આવ મારા બાપ !" વગેરે કહીને તેને લડાવવું. બાળકના રડવાને આવી રીતે મહત્વ આપવાથી આપણે એને પોતાને મહત્વનું માનતું કરીએ છીએ. એવું બાળક મોટું થતાં (Self-centred) પોતા વિષેના જ વિચારથી ભરપૂર બને છે. સાથે સાથે એ કોઇ દિવસ સુખી પણ બનતું નથી; કેમકે જગતમાં કયાંઈ એને પૂરતું મહત્વ કે માન મળ્યું હોય એમ તેને લાગતું નથી. નાનું હતું ત્યારે માબાપે તેને જેમ રાખ્યું, જેમ મનાવ્યું જેમ બધું હાજર કરીને તુષ્ટ કર્યું તેમ જગત્ તેને માટે ન કરતું હોવાથી તે હમેશ નાનપણના ગુણ ગાતું પોતાને દુખી માનતું કદિ પણ જીવવાનો સાચો લહાવો જ લઇ શકતું નથી. ખરેખર મોટાંઓને દુખી બનાવનારી એમનામાંરહેલી અવિકસિત બાલ્યાવસ્થા જ કારણ છે. આપણમાંથી આપણું લાડ લડાવેલું બાળપણ જતું નથી ત્યાં સુધી બધાં સુખો આપણી આગળ હાજર હોય તો પણ આપણી જીંદગી દુઃખમય હોય છે. કારણ આપણે આપણને દુઃખી માનીએ છીએ ને તેમ માનવાનું કારણ તો આપણી બાલ્યાવસ્થામાં વિરોધક તત્વોથી મળેલી ખોટી દિશા જ છે.

બાળયુગના પ્રવર્તકો કહે છે "બાળકોને સુખી રાખો, આનંદી રાખો. બાળકનું રૂદન એ બાળકોનો માબાપો ઉપર શાપ છે."

જરૂર, વાત સાવ સાચી છે. માટે જ આપણે બાળક ન રડે એવા કાયમી ઉપાયો લેવા ઘટે. ગમે તે ઉપાયે રડતું છાનું રાખવાથી બાળકનું રડવું ઓછું થતું નથી. રડતું છાનું રાખવાથી બાળકને વધારે સુખી કે આનંદી બનાવાતું નથી. એનો ઉપાય તો રડવાનું કારણ મટાડવામાં જ છે. કારણ નીકળી જાય એટલે રડવું એની મેળે શાંત પડે ને બાળક આનંદી ને સુખી બને. **તા.**

મોન્ટીસોરી પદ્ધતિનું પુસ્તક છપાય છે. રેમી આઠ પેજી ચારસો પાનાં ઉપરાંતનો દળદાર ગ્રંથ; છતાં એપ્રીલની ૩૦ મી સુધીમાં નામ નોંધાવનારને ઘેર બેઠાં ફક્ત **બે રૂપીઆમાં** મળશે. લેખક : **ગિજુભાઇ**

પત્રવ્યવહાર "**શ્રીદક્ષિણામૂર્તિ પ્રકાશનમંદિર ભાવનગર**." ને નામે કરવો.

કામ ચાલ્યું કે નહિ?

આજે બાળકોની સંખ્યા પંદરે સોળની છે. એમાં નવાં પણ છે જ. આમાંથી પાંચ છ જણાએ ઓરડાની બહાર જઈ 'ગણુગણુ ઓશલા'ની' રમત માંડી. તેઓ એની મેળે જ રમે છે. તેમને કોઈ રમાડનારની જરૂર નથી. રમત ઉત્સાહથી ચાલે છે. જરા ઘોંઘાટ વધારે પડતો છે. પરંતુ એકંદરે વ્યવસ્થા છે.

આ નવા ભાઇને આવ્યાને બે જ દિવસ થયા છે. આજે તે આ બેન સાથે કકેડા ઉપર ચાલવા ગયાં છે. પોતાના પગ ખૂબ ધ્યાનપૂર્વક ઉપાડે છે.

પેલા ભાઇ બંને રમતો જોતા ઉભા છે. રસ પૂર્વક જુએ છે.

અંદર ઓરડામાં આ બેન દડાની પેટી લઇને બેઠાં છે. પહેલાં આ બે પેટી સાથે વાપરી. હવે ત્રણ સાથે વાપરે છે. બરાબર વાપરે છે: બીજાં બેન આવીને કહે અમને એના જેવી રમત જોવે છે. એને બીજી પેટી બતાવી. એ બેન કામે લાગી: વીસ મીનિટમાં ત્રણે પેટી બેને ગોઠવી ને મૂકી.

આ નાની બેન ઘનનું મંદિર બનાવે છે. એમાં નાની તખ્તીઓની ગોઠવણ કરી છે. પાસે ઉભેલા આ ભાઇસાબતો જોયા જ કરે છે. મંદિર બનાવવાનું પૂરું થયું. બેય જણ મંદિર સામે હાથ જોડીને ઉભા રહ્યા. પ્રાર્થના ગાઈ. પગે લાગ્યાં.

મંદિર પૂરું કરી બંને જણા બીજું કામ કરવા બહાર ગયા.

આ ભાઇને આસન સંકેલવાની ભારે મજા આવે છે. કોઈ બાળક આસન સંકેલવાનું છોડી દઇ બહાર જાય છે. તો આ ભાઇ ચાલ્યા સંકેલવા. આસન સરસ વ્યવસ્થિત સંકેલીને મૂકી દે છે.

આ નાની બા ભૌમિતિક આકૃતિઓ લઇને બેઠી છે. ગોળ આકૃતિનું બાનું પૂરી દીધું. હવે ત્રિકોણનું લીધું છે. ત્રિકોણ બરાબર બેસતા નથી. ખટપટ ચાલી રહી છે. વચમાં વચમાં બાજુનાં ચિત્રો જુએ છે. પાછાં ત્રિકોણનું કામ ઉપાડે છે. કામ કરતાં અર્ધો કલાક તો વીતી ગયો. જરા સૂચના કરી, ત્રિકોણનું કામ રસ્તે પડયું. બાનું નખાઈ ગયું બા પ્રસન્ન થઇ ગાવા લાગ્યાં. ભીંત પરનાં ચિત્રો જોતાં જોતા બહાર ગયાં.

આ બાજુ ગરમ પાણીની રમત ચાલુ છે. બે ત્રણ બાળકો એકઠાં થયાં છે. કોઇ હાથ ધુએ છે. કોઈ હાથ બોળીને બેઠું છે. કોઇ પાસે બેઠુ છે.

મને થયું આ કામ બરાબર ચાલ્યું કહેવાય.?

જવાબ મળે છે કે ઓરડામાં કામ બરાબર ચાલ્યું કહેવાય. દડાની પેટીઓ, ભૌમિતિક આકૃતિઓ, ગરમ પાણીની રમત, ખુદ મખુદ મોન્ટીસોરી પદ્ધતિમાં વર્ણવેલી અને દરેક શાળામાં ચાલતી હોય એ ી રમતો જ્યાં બાળકો રમે છે ત્યાં તો પદ્ધતિસરજ કામ ચાલ્યું કહેવાય; પરંતુ 'ગણુગણુ ઓશલો'ની બાળકોની રમત, કકેડા પર ચાલવું, મંદિર બનાવવું, આસન સંકેલવાં, હાથ ધોવા, બીજાં કરતાં હોય તે જોવું એ બધું પણ મોન્ટીસોરી પદ્ધતિની પ્રવૃત્તિમાં સમાઇ શકે છે, સમાવું જ જોઇએ મોન્ટીસોરી પદ્ધતિનાં પ્રબોધક સાહિત્યોમાં પદ્ધતિનો જ સમાવેશ નથી થતો. તેની રમતો રમાય ન રમાય તેમાંથી જ ' કામ ચાલ્યું કે નહિ ' તેનો ઉત્તર નથી જડતો: જે ક્રિયા પાછળ બૌધ્ધિક, શારીરિક, કે લાગણી વિષયક ચોક્કસ વિચાર બાળકમાં છે અને તે સાધવા બાળક સ્વતંત્રપણે ને કોઇને આડે આવ્યા વિના પોતાની ગતિએ પ્રયત્ન કર્યે જાય છે તે બધું ખરું કામ છે. વળી લોકરમતો, મંદિર કરવું વગેરે આપણા મંદિરમાં નવી વધેલી પ્રવૃત્તિઓ છે. બાળકનું તે તરફનું સહજ વલણ જોઇને આપણે તેને સ્થાન આપ્યું છે. મૉ. શાળા તો જ સાચી પ્રયોગશાળા છે કે જ્યાં બાળમાનસને અવલોકી તેની

પ્રગતિને વૃત્તિને મદદ આપે તેવી પરિસ્થિતિ આપવામાં આવે.

બાળકો બીજાની પ્રવૃત્તિઓનું અવલોકન કરે

એ એક સ્વતઃ જ પ્રવૃત્તિ છે.

આ રીતે શાળામાં ઉત્તમ પ્રકારે કામ ચાલ્યું ગણાય. તા.

ગણિત

ગણિત આવડતું નથી, ગણિત અઘરું છે, ગણિત બરાબર શીખવાતું નથી એવી એવી આજની ફરીયાદો છે. ગણિત મોટી ઉમ્મરે શીખવાનું જોઇએ, ગણિતને પ્રાથમિક શાળામાં વ્યવહાર પૂરતું સ્થાન જોઇએ, ગણિતનો અભ્યાસક્રમ હળવો કરવો જોઇએ, ગણિત શીખવવાની સારી પદ્ધતિ શોધવી જોઇએ એવી એવી પણ ખૂમો છે. આ બધાને પરિણામે ઘણા વખતથી ગણિતનો અભ્યાસક્રમ હળવો થતો આવે છે. પદ્ધતિમાં પણ સુધારો થતો જાય છે. મોટી ઉમ્મરે ગણિત શીખવવાની હિમાયત વધતી જાય છે. છતાં હજી સમાધાન થતું નથી.

આજના બાળકોના મોટા ભાગને ગણિત નથી આવડતું એ સાચું છે; એટલું જ નહિ પણ બાળકોને ગણિત પર કંટાળો આવતો જાય છે. ગણિત બરાબર શીખવાતું નથી તેથી જ અઘરું પડે છે એમ નથી. ભારે અભ્યાસક્રમ પણ એક કારણ છે જ. ઉપરાંત ગણિતનો વિષય બાળકોને બરેબર કેટલી હદે સ્વતઃ રસિક છે અને કેટલા પ્રમાણમાં તેને શીખવવો પડે છે તેનો હજી આપણે વિચાર કર્યો નથી તે પણ એક કારણ છે. ઘણા વખતથી વિદ્યાભ્યાસના વિષયોમાં ગણિત સ્થાન ભોગવે છે માટે આજે તેના સ્થાનનો વિચાર છોડી દઇને ગણિતને કેમ શીખવવું તે જ વિચારીએ. એક રીતે કોઈ અમુક વિષય બાળકને ગમતો જ નથી અથવા ગમે જ નહિ એમ કહેવું ભૂલ ભરેલું છે. ઘણાં બાળકોને ગણિતનો વિષય સરસ ગમે છે. લગભગ બધાં બાળકોને જેમ ભાષામાં પ્રવેશ કરવાની અંદરની જરૂર છે તેમજ ગણિતમાં ગણવાની, સંખ્યાનું બળ સમજવાની, મેળવવાની અને લઇ લેવાની શક્તિ મેળવવાની સહજ જરૂર છે. તેની આસપાસનો વ્યવહાર તેને તે તરફ પ્રેરે છે. છેક નાની ઉમ્મરનું બાળક પણ વસ્તુ કેટલી તે જાણવા માગે છે, કોડીઓ, આંગળીઓ વગેરે ગણવા દોડે છે. તેને ગણિત રસિક લાગે છે.

ગણિત અરસિક બન્યું છે તે પદ્ધતિને કારણે. અર્થ વિનાં મોપાટ ગોખાવવાથી, માત્ર ઘાત ગોખાવવાથી, કુંચીને બળે પલાંખા ગણતાં શીખવવાથી, તેમજ આ પદ્ધ મોટું માટે આમ મંડાય અને આ નાનું એટલે અહિં મૂકાય એવું સમજાવવાથી ગણિતની બુદ્ધિ કુંઠિત થઈ જાય છે ને તેથી ગણિત બરેબર આવડતું નથી ને તેથી ગણિત પર કંટાળો આવે છે.

સારા શિક્ષકો પદ્ધતિમાં સુધારો કરે છે ત્યાં અભ્યાસક્રમની બેડી પહેરીને કરે છે તેથી શિક્ષણમાં અનુકૂળ પદ્ધતિ શોધાવાને બદલે નવી નવી યુક્તિઓ માત્ર જડે છે. પણ યુક્તિઓ આખરે ગણિત ઠીક આવડવાનો દેખાવ આપે છે, ગણિતબુદ્ધિનો વિકાસ કરતી નથી.

પ્રાથમિક શાળામાં આજે જે ગણિતના

વાર્તા માટે ખાસ શિક્ષક

દરેક મનુષ્યને વાર્તા આવડતી હોય છે પણ તેથી તે કહી જાણે છે એમ નથી. દરેક બાળક વાર્તા સાંભળી રાજી થાય છે પણ રાજી થનાર બાળકને ખરેખર ઉત્તમ રીતે જ વાર્તા સાંભળવાનું મળ્યું છે એમ નથી. વાર્તા સાંભળવી ગમે છે માટે તે જેવી કહેવામાં આવે તેવી સાંભળે છે. ઉંચા રીતે કહેવાતી વાર્તા તેણે ન જ સાંભળી હોય તો તે સામાન્ય વાર્તાકારને શ્રેષ્ઠ ગણે છે. તેનાથી તે તૃપ્ત રહે છે. પરન્તુ ખરી દૃષ્ટિએ તેને ખરો આનંદ અને તૃપ્તિ નથી જ મળ્યાં. તેનો અધુરો આનંદ અને અતૃપ્તિ જો આપણે તેને પૂરો આનંદ અને તૃપ્તિ ન આપી શકતા હોઇએ તો વીંખીએ નહિ, પરંતુ શિક્ષક સામે બાળકને પૂરો લાભ પૂરો આનંદ આપવાનો ઉદ્દેશ હોઇ હોવો જોઇએ.

વાર્તા કથનને શાળામાં સ્થાન મળ્યું. બાળકોને તો સૂકો રોટલો પણ મીઠાઇ જેવો લાગે છે. તેને ગાળો ને માર અથવા ઇતિહાસ ભૂગોળ કે ગણિતની માથાકુટ વચ્ચે વાર્તા સાંભળવાનું મળે એ કાંઇ જેવી તેવી વાત નથી. એથી એને ગમે તેવો બેદરકાર, બેકદર, અબૂજ અને કલાનો દુશ્મન જેવો પણ વાર્તા કહેવા બેસશે તો તેઓ તેને સાંભળશે. તેને તે પ્રિય લાગશે. ભૂખ્યાને મન સૂકો રોટલો બત્રીશ ભોજન ને તેત્રીશ શાક. પણ પાકશાસ્ત્ર પારેખ તો કેટલીએ ખરેખર મીઠી વાનીઓ છે.

પણ આપણ જાણી બૂઝીને બાળકને સૂકો રોટલો કેમ ખવરાવીએ? તેમને ભૂખ છે માટે તો તેને ઉત્તમ ભોજન આપીએ. વાર્તાકથનમાં આપણે આજ વિચાર રાખીએ. દરેક શિક્ષકમાં વાર્તા કહેવાની યોગ્યતા નથી, નજ હોઇ શકે. કેટલાએકને વાર્તા યાદ નથી રહેતી. તેવાઓ વાંચીને ભૂલતા ચૂકતા કહે છે. કોઇ ગોખીને બોલી જવા જેમ કહે છે. કોઇ વાર્તાનું રહસ્ય જાણતા નથી. કોઇમાં કહેવાની ઢબ નથી હોતી. તેનું ચિત્ર ખડું કરી શકે તેવા કુશલ શિક્ષકો તો થોડા જ જડે છે. ગણિતમાં ગમે તેવું થોડું વધારે જાણનાર કે ગમે તેમ શિખવનાર શિક્ષક ચાલે નહિ તો વાર્તા કહેનાર તો ગમે તેવો ન જ ચાલે.

કોઇ શિક્ષક પોતાને વાર્તા કહેનાર તરીકે તૈયાર કરી શકે. તે પોતાનો વાર્તા ભંડાર વધાર્યા જ કરે. તે વાર્તા કહેવાનું શાસ્ત્ર જાણી જ લે. તે વાર્તા કહેવાનું ખાસ કામ કરીને વાર્તાનો ક્રમ, વસ્તુ રચના, શૈલી વગેરેનું નિર્માણ કરવા શક્તિવાન થઇ શકે. વાર્તા કથન એક જ તેનો વિષય હોવાથી તેમાં તે ઉંડો ઉતરે. વાર્તાનું વસ્તુ આપોઆપ એકઠું થતાં, તેના પુસ્તકો રચવાનું તેને સુલભ છે. વાર્તાના વિસ્તૃત અભ્યાસને બળે વાર્તાસૃષ્ટિની પાછળ રહેલ મનુષ્ય બુદ્ધિના અને લાગણીના સૂક્ષ્મ બળો અને પડોનો અભ્યાસ તેને રસિક થઇ પડે. વાર્તાના સાહિત્યમાં તે એકલો સાહિત્યકાર કે સાહિત્યવિવેચકનું સ્થાન મેળવી શકે. આમ જો તે આ એક જ વિષયની પાછળ પડે તો નાનાં બાળકોને પૂર્ણપણે રાજી કરવાના કામથી માંડી વાર્તામાંથી નીકળતી જીવનફિલસુફીની મીમાંસા સુધી પહોંચે. માટે જ આ કામ એક વિશેષ કામ થવું જોઇએ ને એમ થાય તો જ તેનો શિક્ષક તેમાં ઉત્કૃષ્ટતા સાધી શકે.

ગિ.

વિષયમાં શું કરવું જોઇએ એનો વિચાર કરવા બેસીએ તો કહીએ કે પ્રથમ તો અભ્યાસક્રમ સાવ ફેરવી નાખવો જોઇએ આજનો અભ્યાસક્રમ ગણિત શાસ્ત્રના ક્રમને અનુસરતો છે. નવો અભ્યાસક્રમ બાળકના માનસિક વિકાસ સાથે ચાલવો જોઇએ. આજનો અભ્યાસક્રમ પરીક્ષાની દૃષ્ટિએ પૂરો કરવાની ફરજથી બંધાએલો છે. નવા અભ્યાસ-ક્રમમાં જેટલું ગણિત ભણાય તેટલું તપાસાય એ દૃષ્ટિ જોઇએ. આજે પ્રત્યેક બાળકને ગણિત શીખવાડવામાં આવે જ છે, તેણે શીખવું જ જોઇયે. નવા વિચારમાં જેને બિલકુલ રૂચી જ ન હોય તેને નહિ, મંદ હોય તેને પોતાની ચાલે ને ત્વરિતને ત્વરિત ગતિથી ગણિતમાં જવાં દેવાં જોઇએ.

આજે અમુક ઉમરે આટલું ગણિત જાણવું જ જોઇએ એ બંધનને પણ તોડવું જોઇએ. વળી મોટી ઉમરેથી ગણિત શીખવું જોઇએ એ વ્હેમ પણ જવો જોઇએ. ગણિત શીખવા માટેનો કાળ જ્યારે બાળકમાં ગણવાની વૃત્તિ ઉભી થાય છે ત્યારે આવ્યો છે એમ સમજવું. બાળક ત્રણ વર્ષથી ગણિત શીખી શકે ને તેનો પ્રબંધ હોઈ શકે. અત્યાર સુધીની પદ્ધતિઓ બાળકની પોતાની શીખવાની રીતીને અવગણીને અને શાસ્ત્રના બંધારણ પ્રમાણે અર્થાત્ શાસ્ત્ર ઘડાયું તે ધોરણે ચાલી હવે શાસ્ત્ર ઘડનરનું ધોરણ કોરે રહે અને શાસ્ત્ર ભણનરનું ધોરણ નવું ઉપજે:

હવે પછી ગણિતની પદ્ધતિ વિશે વિચાર કરીશું.

ગિ.

આજ્ઞાપાલન

એક કાળ એવો હતો કે આજ્ઞાપાલનને બાલસદ્‌ગુણોમાં પ્રથમ સ્થાન હતું. આજ્ઞાધારક બાળકો સમાજમાં વખણાતાં, તેમને લીધે માબાપોની પ્રતિષ્ઠા વધતી અને વડીલોની આજ્ઞા નીચે પડવા દેવાવાળાં બાળકો તિરસ્કારપાત્ર ઠરતાં. તેમને લીધે માબાપોને શરમાવું પડતું.

હરેક સરકાર પોતાની પ્રજામાં ઉત્તમ સદ્‌ગુણ વફાદાર માને છે કારણ કે તેઓ કાયદા કરે તે વફાદારીથી પાળવાનો ગુણ પ્રજામાં હોય તો જ તેમનું રાજ્ય સુયંત્રિત ચાલી શકે. તેમજ બાળકો આજ્ઞાધારક હોય તો માબાપોનું કૌટુંબિક રાજ્ય તેમણે આંકેલી દિશામાં વિના મુશ્કેલીએ ચાલી શકે.

બાળકોમાં ગમે તે ઉપાયે આજ્ઞાધીનતા કેળવવી એજ જૂના જમાનાના માબાપોનું બાળશિક્ષણ પરત્વેનું મુખ્ય અંગ હતું. તે વખતે શિક્ષકો પણ અનેક રીતે એને ટેકો આપતા.

આજે બધાં કહે છે કેળવણીમાં નવો યુગ બેઠો છે. આ નવો યુગ બાળસન્માનનો છે. બાળપૂજનો છે. બાળકોનું વ્યક્તિત્વ ખીલવા દેવાનો છે. આજે મોટાઓ બાળકોની ઇચ્છાઓ, આકાંક્ષાઓ તપાસીને તેને અનુસરવા માગે છે. ત્યારે આજે એ પ્રશ્ન ઉત્પન્ન થાય છે કે આ નવાયુગમાં આજ્ઞાપાલનને કંઇ સ્થાન બચ્યું? જે સ્થાન હોય તો બાળકોની આજ્ઞા મોટાંઓ ઉઠાવે, વડીલો આજ્ઞાધારકપણું કેળવે એ જાતનું છે શું?

નવા યુગને એટલે બાલયુગને અરાબરનો

સમજનારાઓ બીજે છેડે જઇ બાળકોની મનસ્વી આજ્ઞાઓ ઉઠાવનાર બની જતાં જોઇ ઘણી વાર શંકા થાય છે કે આ નવો યુગ એટલે માબાપોની ગુલામીનો યુગ તો નહિ! આજે બાળકોના સ્વાતંત્ર્યની લડત લડાય છે તો કાલે મોટાંઓને પોતાના સ્વાતંત્ર્ય માટે લડવાનો વખત તો નહિ આવે!

ખરી રીતે નવા યુગમાં આજ્ઞાપાલનને સ્થાન નથી અને છે! પણ ખરું. બે વચ્ચેની મર્યાદા સૂક્ષ્મ છે. માટે જ ગાડું એક છેડેથી બીજે છેડે સહેલાઇથી જાય છે. બાળકોમાં આજ્ઞાધીનતા માગવાવાળાં પોતે કયારે tyrant જુલમી સત્તાધારી થઇ બેસે છે, બાળકોના વિકાસને હણનારા થઇ બેસે છે, માત્ર પોતાની જ સગવડ સાચવનારાં થઇ બેસે છે, ને બાળજીવનને ગુંગળાવી નાખે છે એની તેમને ખબર પડતી નથી. તેની વિરૂદ્ધ જઇ બાળયુગમાં માનનાર નવો સિદ્ધાન્તવાદી બાળસન્માનને નામે કયારે બાળકના સ્વચ્છંદને પોષનાર બની જાય છે, બાળકના નિયમન રહિત જીવનને ઉત્તેજનાર થઈ પડે છે, બીજાંને પોતાના ગુલામ બનાવવાની બાળકને તક આપી બાળકને ગુલામ બનવા દે છે, તેની તેને ખબર પડતી નથી અને આખરે બાળકને અધિક સુખી જોવાને બદલે દુઃખી જોવાનું જ એને ભાગે આવે છે.

કાટુંબિક રાજસત્તામાં આજ્ઞાપાલનનું જરૂર સ્થાન હોય જ. જેમ સ્વતંત્ર પ્રજા વધારેમાં વધારે વફાદાર હોય, કાયદાને માન આપનારી હોય અને અરાજકપણું કે સત્તાદ્રોહ તો કેવળ ગુલામી પ્રજામાંજ સંભવે તેમ બાળકો આજ્ઞા ઉઠાવવા તત્પર હોય એજ સ્વાભાવિક છે. દરેક સાચા સ્વતંત્ર વિકસિત મનને સુવ્યવસ્થા ગમે છે. અવ્યવસ્થા તો માત્ર વિકૃત મનને જ ગમે. બાળકનું વિકસતું મન પણ બધી જગ્યાએ વ્યવસ્થા શોધે છે: અવ્યવસ્થિત જીવનથી તે ત્રાસે છે. વ્યવસ્થાને પોષનાર નિયમો પાળવાને તે સદા ખુશી હોય છે. અવ્યવસ્થાના વાતાવરણમાં તે ગુંગળાઈ જઇ અવ્યવસ્થિત બને છે. એ અવ્યવસ્થિત સ્થિતિથી તે પોતે જ અત્યંત દુઃખી બને છે. બાળકનો કજીયો, હઠ, રડવું વગેરે બધું તેની દુઃખી સ્થિતિના દ્યોતક છે. એ સ્થિતિ કાઢી નાખવાની આપણે આજ્ઞા કરીએ તો તેથી તે જઇ શકે નહિ. પરંતુ અવ્યવસ્થાની જગ્યાએ વ્યવસ્થા સ્થાપવાનો રસ્તો આપીએ તો તે દુઃખી સ્થિતિનો ઉપાય થશે.

મોટાંઓ કહે તેમ બાળકો કરે ત્યાં બાળકોની સ્વતંત્ર વિચાર શક્તિ હણાય છે ને તેમનામાં વિચાર આચારની ગુલામી કેળવાય છે. માટે તે જાતના આજ્ઞાપાલનને નવા યુગના સિદ્ધાન્તોમાં કદાપિ સ્થાન હોય જ નહિ. મોટાંઓની તરફેણમાં કદાચ માની લઇએ કે મોટાંઓ હમેશ બાળહિતની દૃષ્ટિએ આજ્ઞા કરે છે, પોતાના અનુભવનો લાભ બાળકોને આપવા માગે છે, બાળકોનું જીવન સુલભ, મુશ્કેલી વિનાનું કરવા ચાહે છે, તો પણ એ બધું બાળકોને બુદ્ધિની ગુલામી આપે છે અને જાતસાહસની તક ન મળતાં તેમને વેવલાં બનાવવામાં જ પરિણમે છે. માટે આજ્ઞાનું આ રૂપ પણ બાળવિકાસની દૃષ્ટિએ ઘાતક જ છે. તેથી નીચા ઉતરીને પોતાની સગવડ ખાતર કરેલી આજ્ઞાઓ વિષે તો વિચાર કરવાની જરૂર જ નથી. તે તો સર્વ કાળે સર્વ સ્થળે નિંદ્યકર છે. છતાં એ બે રૂપમાં આજ્ઞાપાલનને નવા યુગમાંથી

એક શાળા

સ્કૂલનું મકાન વિશાળ, સ્વચ્છ અને સુંદર હતું. એક રૂમમાં નાનાં છોકરાંઓ માટે મોન્ટીસોરી ક્લાસ ચાલે છે.

દરેક બાળકને એક એક ટેબલ આપવામાં આવે છે. બેસવા માટે નરમ એવો સુંદર ગાલીચો છે. સૌ બાળકો હારબંધ ચોરસ આકૃતિમાં બેસે છે. ત્રણ બાજુએ બાળકો અને એક બાજુ શિક્ષક એમ મળી ચોરસાકૃતિ થાય છે. સૌ બાળકો પાસે સાધનો હતાં. મોન્ટીસોરી તેમજ ફ્રોબેલના એમ બન્નેના મિશ્ર સાધનો વપરાય છે. અક્ષરો ખંડ પદ્ધતિથી શીખવાય છે. શિક્ષક અક્ષર કે આકૃતિ દોરી આપે તેના ઉપર બાળક ટાંકણીથી કાણાં પાડે. બાળકોની ઉંમર લગભગ ૬ થી ૮ વર્ષની હતી.

એક સ્વચ્છતા અને પ્રકાશ સિવાય ઓરડામાં કલાની દૃષ્ટિએ ગોઠવણ, ચિત્રો કે એવું કંઇ પણ ન હતું.

અમે જોવા ગયા એટલે શિક્ષકે મોન્ટીસોરી ક્લાસ કેમ ચાલે છે તે ચલાવી બતાવ્યું. શરૂઆતમાં શિક્ષકે હારમોનિયમ ઉપર એક બે કવિતા વગાડી. સૌ બાળકો એકી સાથે ઉભાં થયાં ને ગાવા માંડયું. સૌ બાળકોના અવાજ જૂદા અને તાલસૂરનું ભાન ક્યાંથી હોય? કવિતા ગાઇ રહ્યા પછી શિક્ષકે બાળકોને પૂછયું "ઓ ઇશ્વર" એ કવિતાનો અર્થ.

શિક્ષક: છોકરાઓ બોલો ઇશ્વર એટલે શું?

બાળકો–ઇશ્વર એટલે ભગવાન, ખુદાયજી.

શિક્ષક–ખુદાયજી ક્યાં છે?

બાળકો–બધે.

શિક્ષક–બધે છે તો કેમ દેખાતા નથી?

બાળકો–આપણને એ ન દેખાય.

શિક્ષક–ભજવું એટલે?

બાળકો–સ્તુતિ કરવી–સેવા કરવી.

શિક્ષકો–ઇશ્વરને ભજવાથી શું થાય?

બાળકો–આપણું શરીર સારૂં રહે ને જલદી લેશન આપે.

શિક્ષક–લેશન આપે નહિ પણ જલદી આવડે.

આવી રીતે કેટલોક સંવાદ શિક્ષક અને બાળકો વચ્ચે ચાલ્યો.

અક્ષર શીખવવા માટે રેતીયા અક્ષર છે. ગુલાબી રંગના કાર્ડ અને ધોળા કાચીયા કાગળના અક્ષરો, તે પણ બહુ જ પાતળા, બીન-લાકડાના કોત્રી રાખેલા હતા. તે અક્ષરો એક આંગળીથી ઘુંટી શકાય. ચલ-મૂલાક્ષરો પીત્તળના બનાવેલા હતા. બાળકને આકર્ષી ન શકે તેમજ ઇન્દ્રિયવિકાસમાં મદદ નહિ કરી શકે એવાં સાધનો વપરાય છે. સ્વાતંત્ર્ય અને સ્વયંસ્ફુર્તિની ગંધ સુધાંયે નથી. આવી રીતે મોન્ટી-સોરીને નામે શાળાઓ ચાલે તો જરૂર મોન્ટીસોરીના સિધાન્તોને ધક્કો લાગે. **સોનુબેન.**

બાળકોની નિર્વસ્ત્રતા

એક ભાઇ લખે છે, "સંસ્કારી કુટુંબોમાં કેડની નીચેનો ભાગ સંપૂર્ણ રીતે, વિકસેલો પોશાકની ઘેલછા લાગેલી દેખાય છે.....ખૂબ હોતો નથી. આ ભાગને વિકસવા દેવામાં ન આવે લુગડાં પહેરાવી આપણે બાળકને દેખાવડું તો મોટી ઉમરે બાળકનું શરીર કંથારીલું અને બનાવવા ઇચ્છીએ છીએ.....બાળપણનાં બેડોળ થાય. કેડની નીચેના ભાગને વિકસવા શરૂઆતનાં પાંચેક વર્ષો જેવાં છે કે જ્યારે દેવા આપે તેને ક્રોધ પણ મહારના બંધનથી

સ્થાન હોય.

આજ્ઞાપાલનને નિયમપાલન અથવા કાયદા પાલનના રૂપમાં સ્થાન હોય જે નિયમ કે કાયદાની યોગ્યાયોગ્યના બાળકોની સમજણ વધે તેમ તેમ તેઓ વિચારી શકે અને અયુક્ત નિયમ સામે વાંધો લઇ પણ શકે. કુટુંબવ્યવસ્થા અને એક ઘરમાં રહેનાર બધાંની સગવડની દૃષ્ટિએ કુટુંબમાં વખત સાચવવા પરત્વે, કે કયે સ્થાને કયી પ્રવૃત્તિ થાય તે પરત્વે, કે કયી વસ્તુ કોની ગણાય તે પરત્વે જરૂર નિયમો હોય. એ નિયમો દરેક જણ પોતાનો વિકાસ છૂટથી સાધે ને બીજાની આડે ન આવે એ દૃષ્ટિએ હોય. તેમજ તે એક બીજાંની સગવડ સાચવવી, એક બીજાનું માન સાચવવું, એક બીજા પ્રત્યે લાગણી ને સમભાવ રાખવાં વગેરે બધાં તત્ત્વો સચવાય એ રીતે હોય. આ નિયમોમાં ન્યાય-કોર્ટ કે રાજકાયદાની વ્યવસ્થા તેમજ વ્યક્તિના અને સમાજના હક્ક સાચવવાના તત્ત્વો હોય પણ તેની લાગણી શૂન્યતા, તેની કુટિલતા, તેની શાયલોકગિરીને તો અણુમાત્ર અવકાશ ન જ હોય. આ નિયમપાલન કરાવવામાં દૃઢતા અને મક્કમતા પણ હોય. પણ તેને જુલમ કે સખ્તાઇનું રૂપ ન જ આવવું જોઇએ. આ જાતના નિયમપાલનના સત્તાધારીમાં ન્યાયમૂર્તિ જેટલો વિવેક, ન્યાયબુદ્ધિ, અને સમતોલતા જોઇએ, છતાં બાળકોનું ઘર પોતાનું ઘર મટી કોરટ જેવું નિંદાપાત્ર સ્થાન ન બને એ પણ જોવાનું છે.

આ જાતની નિયમાધીનતાથી કુટુંબનાં બધાં માણસોને સુખ ને શાંતિ વધારે મળતી હોવાથી બાળકોને પણ તે ગમે જ છે. ચોક્કસ નિયમોથી તેમનું જીવન સુલભ થતું હોવાથી ચોક્કસ નિયમોના અભાવથી જ તેઓ વધારે કંટાળે છે એમ આપણે થોડા જ દિવસમાં જોશું. તેમજ નિયમ આપીને જે આપણે પોતે જ એ ભૂલી ગયાં હોઇએ અથવા એનો બરાબર અમલ ન કરતાં હોઇએ તો બાળકો આપણું ધ્યાન તે તરફ ખેંચે છે; આપણી ભૂલ પણ કાઢે છે ને હમેશ જો ઢીલાઇ રાખીએ તો ત્રાસે છે. મનુષ્ય મનનો સ્વભાવ જ નિયમિતતા ને વ્યવસ્થિતતા માગે છે, તેના વિના જ મનુષ્ય દુઃખી છે એની સાચી પ્રતીતિ તો બાળકો જ કરાવે છે. તેઓ જ આપણામાં મનુષ્યજાત પ્રત્યે શ્રદ્ધા ને આશા ઉપજાવે છે.

બીજા એક પ્રકારના આજ્ઞાપાલનને પણ સ્થાન આપવું જોઇએ. બાળક અજ્ઞાનને લીધે જ્યારે જાતને ગંભીર ભયની સ્થિતિમા મૂકે જેમકે કુવાની પાળે રમવા જાય ત્યારે તો "નહિ" નો શસ્ત્રકરી હુકમ જ હોય. એજ રીતે ઘરની બહાર કયાંય જવા ન જવાનું. સામાજીક વ્યવહાર આદિની બાબતમાં બાળકે મા કે બાપને પૂછીને જ પગલું ભરે ને માની 'હા' એટલે 'હા' ને 'ના' એટલે 'ના' એમજ હમેશને માટે સમજવું એવી બાળકને ટેવ પડવી જોઇએ.

પણ આજ્ઞાપાલન કે નિયમપાલનના સંબંધમાં બે બાબતો મોટાંઓએ ધ્યાનમાં રાખવાની છે. પહેલી એ કે 'હા' કે 'ના' નું પોતાની સાથે ચોક્કસ ધોરણ નક્કો કરીને એકવાર 'હા' કે 'ના' કહી દેવું ને પછી તેને ગમે તે થાય તો પણ વળગી રહેવું. બાપા બહાર જવા નીકળે ત્યારે બાળકોને સાથે ફરવા નીકળવું ગમે. બાળક કહે "હું આવું" બાપ કહે "તા આજે હું ન

લઈ જઈ શકું." બાળક રડે "ઠીક ચાલ ત્યારે" કરીને તેને લઇ જવામાં આવે. બીજો દાખલો "બા ફલાણીને ત્યાં રમવા જઉં" "ના." 'એં એં એં.....જા ત્યારે કનડતી મટ."

માબાપો કહે છે બાલસ્વાતંત્ર્યને લીધે બાળકો આજ્ઞા માનતાં મટી ગયાં છે. માબાપનું માનતાં નથી. પણ ખરી રીતે એમ છે કે માબાપોને આજ્ઞા કરતાં કે પળાવતાં આવડતું નથી માટે બાળકો માનતાં નથી. આ અણ-આવડત જૂની છે, હવે તો માત્ર તેનો ભાર બાળ સ્વાતંત્ર્ય ઉપર નાખવામાં આવે છે. આપણે બાળકને પહેલા અઠવાડિયાથી નિયમ-પાલનના વાતાવરણમાં ઉછેરી શકીએ ને એમ કરનારાં માબાપોને ભાગ્યેજ બાળકો માનતાં નથી એમ કહેવું પડે. આપણું ધોરણ સાવ ઉંધું હોય છે. ત્રણ વરસ સુધી માબાપ ને ઘરનાં બધાં મળીને બાળકને શકય તેટલું બગાડીએ છીએ, તેને સ્વચ્છંદી બનાવીએ છીએ. પોતાના મોઢામાંથી શબ્દ નીકળવાનો અવકાશ. મારી તહેનાતમાં આ બધાં હાજર છે જ એમ બગડેલા રાજની માફક આપણે એને ઉછેરીએ છીએ ને પછી આપણી ને એની હેરાનગતિની શરૂ-આત થાય છે.

બીજી વાત નિયમ કરનારે ને દઢતાથી પળાવનારે પોતાની 'હા' 'ના'ની બાબતમાં હમેશ વિચાર કરતા રહેવું જોઇએ. જેમ ન્યાયાધિશને મન રહે છે કે પોતાને હાથે ૯૯ ખરા દોષી છૂટે તો હરકત નહિ પણ એક નિર્દોષી માર્યો ન જાય એ જ રીતે આપણા નિયમોમાં શકય તેટલો લાભ બાળકોને મળે, એ ધોરણ હોવું જોઇએ.

છેલ્લી વાત એમ છે કે આજ્ઞાપાલનમાં એક અભિમુખતા જેવું તત્ત્વ છે. આપણું નિયમન, આપણું પ્રેમાળ વાતાવરણ બાળકના વિકાસને પોષક એવું હોય છે ત્યારે તે એવી હવામાં આગળ વધે છે ને આગળ વધ્યાનો જે કુદરતી સાત્વિક આનંદ તેને થાય છે તે તેથી આવું સુંદર વાતાવરણ આપનાર તરીકે આપણને માની આપણા ઉપર પ્રેમ દાખવે છે. બાલ-મંદિરમાં પુષ્કળ કામ કરીને જનતપ્રત્યે ખુશ થઇ બાળકો કેટલીયેવાર આવી આપણને ભેટી પડે છે, બચી ભરે છે, ને કાંઠક કાંઇક કરે છે. એનું કારણ એમનો અંદરનો પોતાની તરફનો સંતોષ છે. પોતાને જોઇતું કામ ન મળ્યું હોય એવાં બાળકો અંધારામાં મુંઝાઇ જઇને જાણે ફરતા હોય એમ ફરે છે. એમને આપણે કહીએ "ભાઈ પીવાનું પાણી લાવ." તો તે સાંભળ્યા વગર ચાલ્યું જ જશે અથવા 'ના' પાડશે. આને આપણે આજ્ઞાભંગ અથવા મોટાંઓનો ઉપમર્દ ન કહી શકીએ. આ તેની પોતાની મુંઝવણની સ્થિતિ છે. પણ વિકાસનો માર્ગ જડવાથી પ્રસન્ન થએલા બાળકને કહીએ "જાઓ આસન ઉપાડો." "પાણી લાવો" એ તો દોડતું જશે ને જે કહો તે કરશે. પોતાની શક્તિની બહારનું હોય, સામાન્યતઃ પોતાને ન ગમતું હોય તોયે કરશે. આમ બાળકની મનઃ સ્થિતિ ઉપર આજ્ઞાપાલનનો આધાર છે. આને અલ્પકાલની અભિમુખતા અનભિ-મુખતા કહીએ. બ્યારે બીજી ચિરકાલની અભિમુખતા પણ હોય છે. બાળકના વિકાસમાં મદદ કરનાર તરફ બાળકમાં એક પ્રકારની હંમેશની અભિમુખતા હોય છે. જ્યારે વિરોધક

મુક્ત રાખવાની બહુ જ આવશ્યકતા છે એટલે કે બાળકના પહેલાં પાંચ વર્ષો દરમ્યાન તેને ચડ્ડી કે ઘાઘરી કે પાટલૂન કે એવું કંઇ ન પહેરાવવું એ જ સાચો નિયમ છે."

વિધાન વિચારવા જેવું છે. સંસ્કારી ને શ્રીમંત કુટુંબોમાં પોશાકની ઘેલછા લાગેલી છે એ વાત સાવ સાચી છે. એના નકામા ભાર-માંથી બાસ કરીને બાળકો જેટલાં વહેલાં મુક્ત થાય તેટલું આવશ્યક છે.

બાળકને પોશાકથી દેખાવડું બનાવવામાં તેના શરીરવિકાસને હાનિ પહોંચાડવાની સાથે તેને થતી માનસિક હાનિ તો વધારે ગંભીર સ્વરૂપની હોય છે. માણસની માણસ તરીકે નહિ પણ પોશાક ઉપરથી કિંમત આંકવાનું ખોટું સામાજીક માપ બાળકને તેના કપડાની અતિશયતામાંથી જ મળે છે. લોકોમાં દેખાવડું થઇને ફરવાની અને પોશાકથી તેમનું ધ્યાન પોતા તરફ ખેંચવાની વૃત્તિ પણ એમાંથી જ જાગે છે. એવી અનેક પ્રકારની હાનિ પોશાક સંબંધેનો પૂરો વિવેક કેળવાયો ન હોવાથી થાય છે.

પોશાક વિરૂદ્ધ આટલું સ્વીકારીએ તોપણ ભાંઇનું ત્રીજું વિધાન એમ ને એમ સ્વીકારતાં મન અચકાય છે. બરી રીતે બાળકનું આખું શરીર જ નાની ઉંમરે વિકસતું હોય છે એટલે તેને માથે, શરીરે કઇ ઉપર કે કઇ નીચે જે કાંઇ પહેરાવવામાં આવે તે તેના શરીરવિકાસને હરકત ન થાય એટલું થોડું ને ખુલ્લું હોવું જોઇએ. બંડી, પહેરણ કે પોલકું પહેરવાથી જે છાતી અને પેટને (બાલ્યાવસ્થામાં મુખ્યત્વે કરીને વિકસતા અવયવો એ છે. જનનેંદ્રિયનો વિકાસ દસ વરસ પછી થાય છે) હરકત ન આવતી હોય તો ચડ્ડી પહેરવાથી કઇ નીચેના ભાગને શી હરકત પહોંચતી હશે! વિકાસની દૃષ્ટિએ કાંઇ પણ જાતનાં કપડાંથી હરકત જ થતી હોય તો ભાઇ બાળકને સાવ ઉઘાડાં રાખવાની હિમાયત કરે તો તે વધારે સુયુક્તિક છે.

વાત એમ છે કે મનુષ્યની ઉત્તમ વિકસિત સ્થિતિ એવી કલ્પી શકીએ કે મનુષ્ય વસ્ત્રનો ભાર નકામો ગણી ત્યજી દે. આજની આપણાં શરીરની કે મનની સ્થિતિ નિર્વસ્ત્રતા ઝીલી શકે એવી નથી. આપણાં બાળકોનાં શરીરો તેમને આપણે આપેલાં હોવાથી તેમને ટાઢ તડકાથી રક્ષણની જરૂર પડે છે. રક્ષણ વગર તેમને નીમોનીયા ને Sunstroke થાય છે. સાથે સાથે માનસિક સુદૃઢતામાં પણ તેઓ આપણાં જ બાળકો છે એમ આપણે ક્ષણેક્ષણે જોઇ શકીએ છીએ. સિવાય આપણા આજના સમાજમાંથી દૂર તો આપણે જઇ શકવાના નથી જ. એટલે એ બધાંનો વિચાર કરતાં કેવળ નિર્વસ્ત્રતાની હિમાયત આપણે કરી શકતાં નથી.

નિર્વસ્ત્ર અથવા ચડ્ડીવગર ફરતું બાળક આપણી દૃષ્ટિએ વિશેષતઃ સંસ્કારી સમાજની દૃષ્ટિએ અસભ્ય લાગે છે, અસહ્ય લાગે છે. તેના ઉપર આપણે ટીકા કરી શકીએ. તેમ લાગવાની જરૂર નથી એમ કહી શકીએ. પણ બાળકની નગ્નતા આપણે જોઇ શકતાં નથી એ વાત જે આપણી નૈતિક અશક્તિ બતાવે છે તે ભૂલવું ન જોઇએ અને આપણી અશક્તિ કેટલેક અંશે બાળકોને વારસામાં મળી છે એ પણ ભૂલવું નહિ.

બાળક નાનું થાય ત્યારે બાબાપ કે શિક્ષકે

તરફ હંમેશની અનભિમુખતા હોય છે ને પોષક નથી ને વિરોધક નથી એવા ત્રાયત તરફ અને નહિ એવી સ્થિતિ હોય છે. આપણે ત્રાયત તરીકે કોઇ બાળકને કહીએ કે " જાવ, પાણી લાવ " ને તે ન માને તો એમાં આપણે જાતે જ વિચારવું જોઇએ કે આ હુકમ કરવામાં આપણી અસભ્યતા આ બાળકને સાલી એમાં શી નવાઇ ! એટલું તેનું આત્મસન્માન વધારે કહેવાય. "

નિયમ અને હુકમ એટલે કે આપણી સગવડ માટે આપણે કોઇને કાંઈ કરવાનું કહીએ એને જૂદાં પાડવાં જોઇએ. આપણે તો આજ્ઞાધીનતામાં મોટાંઓ કહે તેમ માથે ચડાવીને કરવું એમ માનીએ છીએ. બાળક અને કુટુંબ અથવા શાળાની સમાજ વ્યવસ્થાને અર્થે કરેલા નિયમો ને તેનું પાલન એક જૂદી વસ્તુ છે ને આપણી ખાતર બાળક આપણું કાંઇ કામ કરે, એ વસ્તુ જૂદી છે. જો કે અભિમુખતાનું તત્ત્વ બન્ને જાતના આજ્ઞાપાલનમાં હોય જ છે. આપણી સામે વિરોધ કે અનભિમુખતા હોવાથી બાળક ઘણી વાર અરાજકની જેમ નિયમ માત્રને ઉથલાવવા નીકળે છે. તે ઉપરથી બાળકની અવ્યવસ્થાપ્રિયતા સિદ્ધ થતી નથી પણ બાળકની નિયમનપ્રિયતા જ સિદ્ધ થાય છે.

આમ અમુક સૂક્ષ્મ અર્થમાં નવા બાળયુગમાં આજ્ઞાપાલનને સૌથી મોટું સ્થાન છે. આજ્ઞા-પાલન એ નિયમપાલનના અર્થમાં મનુષ્યવિકાસનું પહેલું ને આવશ્યક તત્ત્વ છે. જેમ હવા વગર પ્રાણી જીવી શકે નહિ તેમ નિયમ વગર વિકાસ સંભવે નહિ ને બીજા અર્થમાં એટલે મોટાઓ કહે તેમ કરવું એ બાળકની વ્યવસ્થિત એટલે વિકાસને માર્ગે ચડેલી મનઃ સ્થિતીનું ચિન્હ છે. ને બન્નેને માટે વિકાસ પોષક તરીકે આપણી ખરી પરીક્ષા છે. જ્યારે બાળક ઉદ્ધત, આજ્ઞાને ધુત-કારનાર, નિયમને ઉથલાવનાર અને ત્યારે કુશલ રાજનીતિજ્ઞની જેમ આપણે જ આપણી રાજ-નીતિ સૂક્ષ્મતાથી તપાસવા બેસવું ઘટે. તા.

અનુક્રમ

૧	રચના અને વિનાશ		૭	બાળકોની હાજરીમાં	તા.
૨	અપાવી દે	ગિ.	૮	અંત્યજ બાળકની કેળવણી	કાકાસાહેબ
૪	ત્યારે મારે શું કરવું ?	કુમુદબહેન	૮	વજનની ઇન્દ્રિય	ગિ.
૫	રોવાથી વીંછી નહિ ઉતરે ...	ગિ.	૧૦	કામ ચાલ્યું કે નહિ	તા.
૫	ચમચાનો કળીઓ	ગિ.			
૬	વચ્ચે પડ્યાં (૧) (૨) ...	તા.	૧૨	ગણિત	ગિ.
૭	શેરીમાં બાળકો	ર.	૧૧	આજ્ઞાપાલન	તા.

મુદ્રણસ્થાનઃ શ્રી "સરસ્વતી" છાપખાનું, અજીઝ બિલ્ડીંગ, દાણાપીઠ, ભાવનગર.

શિક્ષણ પત્રિકા

(મૉંટીસોરી સંઘ)

વર્ષ ૨ જું
૧૯૮૩

અંક ૨ જો
ચૈત્ર

:તંત્રી:
ગિજુભાઇ
તારાબેન

આગ્રહ અને મહેનત

ચકરતો મનુષ્ય આંબો દ્રહાડો કામમાં જ મચ્યો રહે. સવારે ઉઠીને આજે હું કેટલું કરી નાખીશ તેનો વિચાર કરી સંકલ્પ કરે ને સાંઝે કરેલા કામનો હિસાબ લે. જો કામ ન થયું હોય તો મદોત્સાહ ન થતાં આવતી કાલને માટે વધારે ઉત્સાહ ભરે. સંકલ્પ વધારે દ્રઢ કરે. કયી કયી બાબતો વિઘ્નરૂપે થઇ તે તપાસે ને તેને દૂર કરે. વિચાર કરવાથી પોતાના કામમાં સ્પષ્ટતા આવે છે. વિગતો સૂઝે છે. બળાબળ સમજાય છે. ઇચ્છા કરવાથી એક પગલું આગળ મૂકાય છે પણ વિચાર કે ઈચ્છા એ પોતે કામ નથી. કામ તો કામ કરવામાં છે. જ્યાં સુધી કરવા ન મંડીએ ત્યાં સુધી નિરર્થક વાણીપ્રલાપ છે. માત્ર વિચાર અને વાણીમાં જે બળ પાતળું કરી નાખીએ તે બળને કામ કરવામાં વાપરવાથી ઈચ્છા પાર પડે છે. પુરૂષાર્થ પ્રથમ વસ્તુ છે. યત્ન કરવા છતાં સિદ્ધિ ન મળે તો યત્નમાં ક્યાં દોષ રહેલો છે તે તપાસીએ. આપણે મંદ બુદ્ધિ હોઇએ કે તેજસ્વી હોઇએ તેની ચિંતા નહિ. આપણામાં કામ ઉઠાવવાની હોંશ છે? આપણે શરીરે બળવાન હોઇએ કે નિર્બળ તેની કશી હરકત નહિ. આપણામાં આગ્રહ છે? આગ્રહી અને મહેનતુ માણસ બધું મેળવી શકે છે.

કદાચ વિચારીને કાંઈ ન કહે તોપણ આજુ આજુનું કોઇ ને કોઈ તો કહે જ છે કે "એ તૂં નાગો, નાગો."

નાગા કહેવાથી જ બાળકમાં નગ્નતાની સ્વાભાવિકતાને બદલે કાંઇક વિશેષતા જાગૃત થાય છે ને તેથી થતી માનસિક હાનિ ચડ્ડીથી અટકતા કડના વિકાસ કરતાં સો ગણી વધારે થાય છે.

તેમજ બાળકો નગ્ન-એટલે ચડ્ડી વગર-ફરતા હોય ત્યારે પોતાની ઇંદ્રિયને ચુંથવાની ટેવ પણ તેમનામાં વિશેષ આવતી દેખાય છે.

બીજું નગ્ન બાળકો એકબીજાની ઇંદ્રિયને અડવાની રમત ઉપર પણ વહેલાં ચડી જતાં જોવામાં આવ્યાં છે. એવી રમતનું મૂળ કદાચ શુદ્ધ જીજ્ઞાસામાં હોય તોપણ એવી રમતો આખરે હાનિકારક નીવડવાની છે એમાં શંકા જ નથી. માટે આપણું એટલે માબાપ અને આસપાસની સમાજનું અને આપણાં બાળકોનું આજનું શારીરિક અને માનસિક બળ જોતાં નિર્વસ્ત્રતામાંથી લાભ કરતાં હાનિ જ વધારે થાય એમ લાગે છે.

સાથે સાથે એ પણ બરૂં કે બાળકોની નગ્નતા સામે વિશેષ પડતી સૂગ આપણે આજ કાલ પાશ્ચાત્યોના અનુકરણ તરીકે કેળવવા લાગ્યાં છીએ. તેમજ પાશ્ચાત્યોનું ખોટું અનુકરણ કરી બાળકને ચડ્ડી ને પાટલૂન વગેરે એવું કઢંગું પહેરાવીએ છીએ કે તેથી પણ બાળકને નુકસાન થાય. ચડ્ડી કે પાટલૂન વિશેષ ટાઇટ હોય, (રબરની ચડ્ડીઓ આવે છે તેવી) તો તેથી શરીર વિકસવામાં હરકત આવે એટલું જ નહિ પણ બીજી રીતે પણ નુકસાન છે થાય.

સારાંશ આજની સમાજમાં ચડ્ડી કે વસ્ત્ર વગર બાળકને ફરવા દેવું ઠીક નથી. પણ ચડ્ડી બુલતી ને ઢીલી હોવી જોઇએ. જેથી બાળકને તેના ત્રાસથી ત્રાસવું ન પડે. તા૦

નોંધ

બીજે ઠેકાણે આપેલું એક શાળાનું વર્ણન વાંચી કોઇએ અંગત ખોટું લગાડવાનું નથી. જ્યાં મોન્ટીસોરી સંઘના સભ્ય તરીકે દરેકે દુઃખી થવાનું છે. આપણે મોન્ટીસોરી તત્ત્વો અને શિક્ષણ પદ્ધતિનો પ્રચાર કરવા પ્રયત્ન કરીએ છીએ. તેથી મોન્ટીસોરી પદ્ધતિની જેટલી વધારે શાળાઓ નીકળે તેટલી સારી એમ માની ખુશ થઇશું. પરંતુ મોન્ટીસોરી સાધનો રાખી મોન્ટીસોરી તત્ત્વોથી વિરુદ્ધ ચાલનાર શાળાઓ જેટલી નીકળે અથવા ચાલે તેટલું આપણું કામ આગળ ધપવાને બદલે બમણું પાછળ પડે છે તે જોઇ કોઇ પણ સાચી પદ્ધતિનો ઉપાસક અત્યંત દુઃખી થાય એ જ સ્વાભાવિક છે.

સાધનોનું મિશ્રણ:—ઘણી જગ્યાએ એમ જોવામાં આવે છે કે શાળામાં મોન્ટીસોરીના, ફ્રોબેલના અને બીજા અનેક સાધનો રાખવામાં આવે છે. તપાસ કરતાં ઘણીવાર જવાબ મળે છે કે અમે એક મોન્ટીસોરીને જ નથી માનતાં અમે બધાં સાધનો રાખીએ છીએ. એનો અર્થ શું એ નથી કે અમે એક તત્ત્વ કે સિદ્ધાન્તમાં માનતાં નથી? મોન્ટીસોરી પદ્ધતિ વિકાસના અમુક ચોક્કસ નિયમ ઉપર રચાએલી છે ને એના સાધનોની પાછળ પણ તેની બાસ ફિલસુફી છે. એવાં સાધનો જ્યારે ગમે તે શાળામાં કે ઘરમાં પેસતાં અને દુરૂપયોગનો ભોગ થઇ પડતાં આપણે જોઇએ છીએ ત્યારે આવા પ્રચારથી આનંદ થવાને બદલે દુઃખ જ થાય છે. એના કરતાં મોન્ટીસોરી સાધનોનો પ્રચાર નજ થાય તો વધારે સારૂં.

શાળાનું નામ:—ઘણાંઓ મોંટીસોરી શાળાનું

આપણાં બાળકો

આપણને આપણાં બાળકોથી બીજું શું વધારે પ્રિય હોઇ શકે? પ્રાથમિક દશાના મનુષ્યથી માંડી સંસ્કારી સમાજ સુધીનો મનુષ્ય પોતાની ભાવી પેઢી માટેજ જીવે છે. જીવતો આવ્યો છે. આપણે જાણીએ છીએ કે આપણું આયુષ્ય મર્યાદિત છે. છતાં આપણે અમર કામો કરી રહ્યાં છીએ. એની પાછળ ભવિષ્ય દ્વારા આપણે જીવીશું એની આપણામાં દૃઢ શ્રદ્ધા છે આપણી દોલત, આપણી હવેલીઓ, આપણી રાજ કાજ પદ્ધતિઓ, આપણું જ્ઞાન, આપણી કલા, આપણી સંસ્કારીતા એ બધું માત્ર આપણે જ માટે છે ને આપણી સાથે જ એમનો અંત આવવાનો છે ને કદાચ આપણી પછી એ રહે તો પણ આપણો તેની સાથેનો સંબંધ તૂટી જવાનો છે એમ ને ખરે ખર આપણે સમજ્યા હોત તો આજે આપણે છીએ તેનાથી જૂદા જ હોત. જાંતો આપણે મનુષ્યની પ્રથમ અવસ્થામાં જ–વધવાની–પ્રગતિની શરૂઆત માત્ર કરતા–હોત; અગરતો આપણે જીવનમુક્ત હોતઃ પરંતુ જેમ આપણામાં વધવાની વૃત્તિ સ્વાભાવિક છે તેમજ ભવિષ્ય માટે જીવવાની વૃત્તિ પણ સ્વાભાવિક છે. એક રીતે એ બન્ને વૃત્તિઓ એક જ છે. એકલાં જીવવું નીરસ અને અસહ્ય છે. પ્રજા સાથે ને માટે જીવવું સુખદાયી ને સુંદર છે. પોતાને માટે જીવવું કંટાળા ભરેલું નિરૂત્સાહ ભર્યું ને લુખું છે. પ્રજાને માટે જીવવું ઉત્સાહક, પ્રાણપ્રેરક, વિશાળ અને મધુર છે. આજને માટે જીવવું અકુશલ, સંકુચિત અને અલ્પ સુખી છે પણ આજ સાથે-કાલને માટે જીવવું કુશલ, બહુજન અને ચિરસુખી છે.

મનુષ્યની અત્યાર સુધીની પ્રગતિમાં આ સત્યનું સનાતનત્વ છે;વ્યક્તિ અને સમષ્ટિ, ગરીબ અને શ્રીમન્ત, પ્રજા અને રાજા, સૌએ આ દૃષ્ટિએ–જાણ્યે અજાણ્યે, સ્વીકાર્યે અસ્વીકાર્યે–ધન સંચય, કીર્તિ સંચય, રાજ અધિકાર, યોગ ક્ષેમ, ટુંકમાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ સાધવા પ્રયત્ન કર્યો છે. મતલબકે પ્રાણી માત્ર પોતા કરતાંયે પોતાની સંતતિ માટે જીવે છે ને મરે પણ છે. પોતે પોતાને પ્રિય છે પણ તેથી અધિક પ્રિય પોતાની સંતતિ છે. સંતતિ મનુષ્યનું નવું જીવન છે. સ્નેહ જીવનની પ્રત્યક્ષ સાક્ષી છે. જીવન રસનો અમી અર્ક છે. અમૃત છે જીવન આશાનો આગળ તંતુ છે કુળની અમર વેલ છે પૂર્વજોનું મન પોતાની જીવન નદીનો આગળ પ્રવાહ છે. બાળક આપણને પ્રિય છે. કારણ કે આપણે તે પોતે જ છીએ. આપણું એ પુનર્ જીવન છે. આટલા જ માટે આપણે આપણા પ્રિયનું શ્રેય સાધવા અનેક પ્રયત્નો કરીએ છીએ. એટલા જ માટે કરોળીઓ પોતાના બચ્ચાં માટે માખીના વધ સાથે જીવન મરણનું યુદ્ધ કરે છે. પક્ષી ચણ લાવી એટલા જ માટે ચાંચમાં ચાંચ ભેરવી બચ્ચાંને ખવરાવે છે ને મા ભીનામાંથી બાળકને કોરામાં સૂવરાવે છેઃ ગૃહસ્થાશ્રમનો ચિરાયુષ્યનો પાયો બાળક છે. પિતાના ભૂજબળ અને બુદ્ધિ પરાક્રમોના ઉત્સાહનું કારણ ઘોડીયામાં પડેલું મંદ મધુર હસતુ બાળક છે. માની વકાઇની અચલતામાં માતાનો બાલપ્રેમ પણ છે.

પોતાને જ માટે જીવતો મનુષ્ય, મનુષ્યદ્રોહી છે. પોતાને જ માટે જીવતો પિતા પિતૃદ્રોહી છે. મનુષ્ય ધર્મ, પિતૃ ધર્મ પ્રજા માટે જીવવાનો હોઈ શકે. આ, માનવ જીવન ધર્મ આપણે કઈ રીતે બજાવીશું ?

ગિ.

ઘડીયાળ ઉઘાડી-દ્યોને !

૧

"બાપા, આ ઘડીયાળ ઉઘાડી આપોને ?"

"પણ તારા હાથમાં ઘડીયાળ નહિ આપું હોા, વખતે પડે તો તૂટી જાય."

"ભલે તમારા હાથમાં રાખજો મને એનાં ચક્કર દેખાડજો હોંકે."

"પણ ટીકુ જેમ આંગળી નહિ અડાડાય. આંગળી વડે તો ચક્કર બગડે."

"હોા, ભાઇ, હોા, આંગળી નહિ અડાડીએ. હું કાંઈ ટીકુ જેવડો છું."

"પણ થોડીક વાર દેખાડીશ. વધારે વાર ઉઘાડી રહે તો એમાં કચરો પડે."

"તે કબૂલ. મારે જરીક જ વાર જોવું છે."

"ઠીક જરાક ઉભો રહે આ કાગળ લખી લઉં. તું છરી લઇ આવ."

"લ્યો આ છરી લાવ્યો. હવે ઉઘાડો."

"જરા આઘો ઉભો રહે, અજવાળું આવવા દે."

"લ્યો ઉભો રહ્યો."

"લ્યો જુઓ. જોયાં આ ચક્કર ? કેવા ફટ ફટ ચાલે છે ? જો ઓલ્યું નાનું ચક્કર કેવું ઝટ ઝટ ચાલે છે. જોતો ધારી ધારીને જો."

"ચાલો હવે બંધ કરીએ. મારે હવે કામ છે."

"ઠીક ત્યારે. બાપા કાલે બતાવશો કે ?"

"કાલની વાત કાલે."

"વારૂ."

૨

"બાપા, આ ઘડીઆળ ઉઘાડી આપોને !"

"ના, એ ઘડીઆળ ન ઉઘાડાય."

"પણ એ ઉઘાડાયતો છે. કાલે તમે નોતા ઉઘાડતા ?"

"પણ તને એ ઉઘાડીને ન અપાય."

"પણ હું કાંઇ બગાડીશ નહિ. ટીકુ જેમ એમાં આંગળી નહિ અડાડું."

"પણ ઉઘાડીએ તો એમાં કચરો પડે."

"પણ જરાક જોઇને જ એ બંધ કરી દઇશ."

"પણ તારા હાથમાંથી પડી જાય તો તૂટી જાયના."

"પણ બાપા તમારા હાથમાં રાખીને ઉઘાડી બતાવો. પછી છે કાંઈ."

"પણ હમણા મારે કામ છે. પછી આવજે."

"પણ એક જરાક જ વાર લાગશે. આમ બોલશો ત્યાં તો ઘડીઆળ ઉઘાડીને બંધ પણ કરી શકાશે. મારે એનાં ચક્કર જ જોવાં છે."

"પણ છરી જ કયાં છે. હવે જાને અત્યારે કનેડનો."

"લ્યો છરી રસોડામાંથી લઇ આવું. લ્યો આ લાવ્યો."

"લે હવે કોરે બેશ, હું નવરો નથી. જા કાલે ઉઘાડી દઇશ."

"પણ બાપા ઉઘાડી આપોને. જરાક વાર લાગશે."

"ઠીક લે, જા, હવે એકવાર ઉઘાડી આપું છું. લે બરાબર જોઈ લે જોઇએ."

ગિ.

નામ રાખ્યા હમેશની પદ્ધતિએ કામ લેતા દેખાય છે. જ્યારે કેટલાંએક કિંડરગાર્ટનનું નામ પાડી મોન્ટીસોરીનાં સાધનો મોંટીસોરી પદ્ધતિનુસાર વપરાવવાનો પ્રયત્ન કરે છે આજે તો નામમાં ખાસ મહત્ત્વ છે જ. મોંટીસોરી પદ્ધતિ અમુક ખાસ સિદ્ધન્તો માને છે એટલે મોંટીસોરીનું નામ રાખી તેના સિદ્ધાન્તોનું પાલન કરવાનો પ્રયત્ન પણ ન થતો હોય તો તે મોંટીસોરી પદ્ધતિનો પ્રચાર નહિ પણ નાશ કરવાનું જ પગલું છે. કિંડરગાર્ટનનું નામ રાખી મોંટીસોરી ચલાવવાવાળા કિંડરગાર્ટન પદ્ધતિને અને મોંટીસોરીપદ્ધતિ પાછળ રહેલાં માનસશાસ્ત્ર અને ફિલ્સુફીનો ગોટાળો કરે છે. એમાંથી કોઇ પણ પદ્ધતિને અનુસરતી ન હોય તો 'બાળશાળા' કે એવું ગમે તે સ્વતંત્ર અને પોતાની પદ્ધતિસૂચક નામ રાખી શકાય. પણ કોઇ પણ ખાસ પદ્ધતિદર્શક નામ રાખીએ તો તે પદ્ધતિએ જ કામ ચાલવું જોઇએ.

શિક્ષણ પદ્ધતિ:—પેલી શાળાના વર્ણનમાં આપણે જોઇ શકીશું કે ત્યાં પદ્ધતિનો કેવો ગોટાળો છે. એક બે ગોટાળા ખાસ ધ્યાન ખેંચવા જેવા છે. ત્યાં અક્ષરો ખંડ પદ્ધતિએ શીખવાય છે જ્યારે મોંટીસોરીમાં આંખો અક્ષર સ્પર્શ, આંખ અને અંગળીના સ્નાયુ આગળ આકાર ગ્રહણના અનુભવ માટે મુકાય છે. એમ છતાં સાથે સાથે મોંટીસોરીના રેતીયા અક્ષર પણ શાળામાં રાખવામાં આવ્યા જ છે. આમાં તો સાધનોનો લોભ લાગે છે. એક વખત એવો હતો કે જેટલાં સાધનો વધારે હોય તેટલી શાળા વધારે સુસંપન્ન ગણાય. પણ હવે તો બધાંને અનુભવ થઈ ગયો છે કે સાધનો તો માત્ર ધૂળ ખાય છે ને શિક્ષણનું કામ તેના વગર જેમ પહેલાં ચાલતું હતું તેમજ ચાલે છે. ત્યારે હવે તો શાળાના ચાલકોએ સાધનો વધારતાં પહેલાં આપણે કઇ પદ્ધતિએ કામ લેવા માંગીએ છીએ તે વિચારીને તે માટેના જરૂરનાં જ સાધનો તેઓ ખરીદે તો નકામો ખર્ચ થાય નહિ અને સાફસુફ કરવાવાળાની ધૂળ ખંખેરવાની નકામી મહેનત વધે નહિ. કવિતા શિક્ષણમાંનો સંવાદ સ્વતંત્ર શિક્ષણની નિષ્ફળતા બતાવે છે. આ પદ્ધતિએ કવિતાનું કાવ્ય ઝીલવાનું કે ઈશ્વરને જાણવાનું થાય ખરું? ભગવાનને ભજવાથી લેસન આવડે એવો પામર લાભ બાળકોના મન ઉપર ઠસાવવા કરતાં ઇશ્વર કે ઇશ્વરભક્તિ વિષે શાળામાં મૌન રહે એ વધારે સારું નહિ? **તા૦**

અનુક્રમ

૧૭ આગ્રહ અને મહેનત	ગિ.	૨૨ મોન્ટીસોરી સાધનોનો ઉપયોગ	ગિ.
૧૮ આપણાં બાળકો	ગિ.	૨૪ મોટી બેન કરશે	તા.
૧૯ ઘરીયાળ ઉઘાડી ઘોને (૧) (૨)	ગિ.	૨૫ ગણિત	ગિ.
૨૦ પગ ભાંગીને આવ્યો	મો	૨૬ છાનું રાખવું જ જોઇએ? ...	તા.
૨૦ હીરા શું કામ રોતી હશે? ...	ગિ.	૨૮ વાર્તા માટે ખાસ શિક્ષક ...	ગિ.
૨૦ કોનો વાંક?	તા.	૨૯ એક શાળા	સોનુમેન
૨૨ નંદુઆ કેમ અનાણું?... ...	ગિ.	૨૯ નિર્વસ્ત્રતા (ચર્ચાપત્ર)...	તા.
૨૨ બાળકની અંગ સ્વચ્છતા ...	ગિ.	૩૦ નોંધ	તા.

મુદ્રણસ્થાનઃ શ્રી "સરસ્વતી" છાપખાનું, એજીન્સ બિલ્ડીંગ, દાણાપીઠ, ભાવનગર.

પગ ભાંગીને આવ્યો : : ને : : પાછો રોવે છે ?

બાલુને પગે વાગ્યું. પગ ઉપર હાથ રાખી એક બાજુ બેસી રોવા માંડ્યો.

બા–'શું છે ? એલા રોઇ કેમ ?

બાલુ બોલતો નથી.

બા–'બોલતો બરો, પગે શું થયું છે ?'

તોય બાલુ ન બોલ્યો.

બા–'મારો રોયો, મોઢામાંથી ફાટતોય નથી કે શું થયું છે ને નાહક ભેંકડો તાણે છે.'

બાપુ–'મારને એક માથામાં એટલે બોલશે.'

બા–'જોઉં પગ, અરરર, આ તો બહુ વાગ્યું છે ? કેમ કરતાં વાગ્યું ?'

બાલુ-પડી ગયો.

બા–'ના, ના, કોઇએ માર્યું લાગે છે. પડી જવાથી આવું વાગે ? જુઓ તો ખરા, કેવું વાગ્યું છે.'

બાપુ–'મારને એક માથામાં. જ્યાં ત્યાં ભાલે ભરાય છે તે'

બાલુ રોવા મંડ્યો.

બા–'એક તો પગ ભાંગીને આવ્યો ને પાછો રોઇ ?' **માંધીબેન.**

હીરા શું કામ રોતી હશે ?

બબર નથી પડતી કે આજ કાલ હીરા શું કામ રડે છે. કોક જરા કહે તો 'આખમાં પાણી.' એ દિવસથી તો પૂરું બાનીએ નથી. આપણે કહીએ, એન હીરા, જરાક તો બા. હીરા ઉળક ઉળક રોવે છે. પહેલાં તો છોડી કામ કરતી હતી. હમણા તો કંઇક ચીંધીએ તોયે રડી પડે છે. બાલમંદિર જવાનું કોઈ દિ ન ચૂકે પણ આ ચાર દિવસથી તો નામે નથી લીધું. કોઇ જરાક રમવા બોલાવે તોય પાંપણે પાણી. હીરાને શું થયું હશે ?

હીરા ઘરનાં છોકરાં સાથે ઘણું રમવા કરે પણ રમવું ગમે નહિ. તેમની સાથે દોડવા જાય તો પડી જાય તેમની સાથે કૂદવા કરે પણ થાકીને બેસી જાય ને પછી વાંસે રહી જાય એટલે રડે ને રડવા લાગે એટલે તો રડે જ રડે. હીરાને શું થયું હશે ?

બે ત્રણ દિ ગયા. ત્રીજે દિ હીરા માંદી પડી. તાવ સખ્ત આવ્યો. આઠ દિ અણઉતાર તાવ રહ્યો. નવમે દિથી વળતાં પાણી થયાં. દશમે દિએ હીરા જરાક બોલી ને મા સામે જોઇને મોં મલકાવ્યું. પછી તો હીરા સાજી થઇ. રોજ જેમ હસવા ને રમવા લાગી, પેટ ભરીને બાવા લાગી, ને રડવું તો ક્યાંઇ સૂકાઈ ગયું. હીરા શું કામ રોતી હશે ? **ગિ.**

કોનો વાંક ?

કંઇ પણ કામ બગડયું હોય તો તે કેમ બગડયું, શા કારણથી બગડયું એ તપાસવાની જરૂર હોય છે. કારણ કે તે શોધવાથી ફરીવાર તેજ ભૂલ થવા કામ તેજ રીતે ન બગડે. ઘણુંખરું આપણે મોટાંઓ તો કારણ શોધવાને બદલે ભૂલ કોણે કરી, કોને માથે વાંક નાખવો એ તપાસવા લાગીએ છીએ. સાથે સાથે "મારો વાંક નથી." એમ કહેવા જાણે સિદ્ધ કરવા તીવ્રો છે.

"એમાં મારો શો વાંક! ફલાણાએ આમ કર્યું માટે મારાથી આમ થઇ ગયું." એમ આપણે કહીએ છીએ.

આપણે નાનાંઓનો વાંક કાઢીને તેમને "કોનો વાંક" શોધવાનું શીખવાડીએ છીએ. એમાંથી બાળકો "અમારો શો વાંક?" એમ કહેતાં તરત શીખી જાય છે.

માણસ ઉપર વાંક ઓઢાડવાની આપણી પદ્ધતિથી બે જાતનું નુકસાન થાય છે. એક તો તેથી ભૂલો સુધરતી નથી. ભૂલ તો તે પડવાનું કારણ શોધવામાં આવે તો સુધરે. પણ કારણ શોધવાનો વખત આપણે ભૂલ કરનાર ગોતીને તેને માથે વાંક ઓઢાડવાની ખટપટમાં ગુમાવીએ છીએ. તેથી કામ સુધરવાનો રસ્તો મળતો જ નથી.

બીજું નુકશાન વધારે ગંભીર સ્વરૂપનું છે. વાંક કાઢવાની ટેવ પડેલો માણસ કોઇ દિવસ નિઃપક્ષ રીતે વસ્તુને તોળતો નથી. પોતાને માથે કે પોતાના સ્વકીય હોય તેને માથે વાંક ન આવે એ રીતે વસ્તુને તોળવા જતાં સત્યશોધનને માર્ગમાંથી કાયમનો બસી જાય છે. તે સાચું આત્મપરીક્ષણ પણ કરી શકતો નથી કારણ "મારો શેનો વાંક!" એનો ઉંડો એવો એક સંસ્કાર તેની વિચાર સરણીને દોરે છે. સાચી ભૂલ ક્યાં છે તે શોધવાનું તેના સ્વભાવમાં નાની ઉમરથી કોઇ દિવસ આવ્યું જ ન હોવાથી માણસ પરીક્ષણ કરવા બેસે તોપણ જગત આખાની ભૂલો જગત આખાના વાંક તેની નજર આગળ ખડા થાય ને સાચે જ લાગવા લાગે કે "એમાં મારો શો વાંક!" નાનાં બાળકોના મોઢામાં "મારો શો વાંક" નો મંત્ર સાંભળતાં આપણને દુઃખ થાય તેવું છે. વિશ્વાસને વિરોધક એવાં કેટલાંય તત્ત્વો આપણા જીવનમાંથી તેમના જીવનમાં કુમળી વયમાં દાખલ થાય છે ને પછી તે ત્યાં ઘર કરીને બેસે તો શી નવાઈ!

શિક્ષકે ને માબાપે "વાંક" શોધવાની પદ્ધતિ છોડી "ભૂલ કેમ પડી" તે શોધાવવાની પદ્ધતિ દાખલ કરવી ઘટે. તા.

નંદુબા કેમ મનાણા

'એલા, આ ખૂણામાં રીસાઇને કોણ બેઠું છે? આ તો નંદુબા અરૂ કે? શું થયું બેન?'

'એ એને વતાવશો મા. આજ તો ભૂખી ને ભૂખી સૂઈ રહેવા દ્યો. ઇ રોજ બાળા કરે તે કેમ પાલવે?'

"શું છે?'

આ અત્યારે કઢી નથી કરી તો કે કઢી દે. મારે ક્યાંથી કાઢવી? બે દિ પહેલાં તાવે હમહમતી હતી ને કહે છે છાશ દે. હું દઉં તો તમે જ વઢોના?'

'નંદુ, ચાલ જોઇએ મારી સાથે આવા બેસીશ કે?'

'એં...ઉં...'

'ચાલો ભાઇ મીરસવા માંડો. જંમની તું અહીં બેસ. રધુ તું પણે સામે બેસ. છોકુ તું મારી સામે બેશ.'

બધા જમવા બેસી ગયાં.

'એલા આજે ખીચડી તો સરસ થઇ છે. ને આ શાક તો ગળ્યું મજાનું લાગે છે.'

નંદુ ખુણામાંથી ઉં ઉં કરતી ઉભી થાય છે.

શિક્ષણ પત્રિકા

(મૉંટીસોરી સંઘ)

વર્ષ ૨ જું — અંક ૩ જો

૧૯૮૩ — વૈશાખ

: તંત્રી :

ગિજુભાઇ

તારાબેન

:: ઝીણી દૃષ્ટિ ::

સામાન્યતઃ મનુષ્ય જેમ સ્થૂળમાંથી સૂક્ષ્મમાં જાય છે તેમ જાડી દૃષ્ટિમાંથી ઝીણી દૃષ્ટિમાં જાય છે. પ્રાથમિક મનુષ્યની દરેક વિષયમાં જાડી દૃષ્ટિ હતી. અગમ્ય એવા કુદરતના બનાવોને તે જાડી દૃષ્ટિએ દેવનાં કામો ગણતો. અજ્ઞાત પ્રદેશોને તે રાક્ષસ કે જાદુના પ્રદેશો લેખતો. તેનો ખોરાક જાડો હતો. પહેરવેશ ચામડાનો હતો. રહેણીકરણી પણ સાદી છતાં જાડી હતી: ટૂંકમાં તેની સમગ્ર દૃષ્ટિ જાડી હતી.

જેમ મનુષ્ય સંસ્કારી બનતો ગયો, તેમ વહેમમાંથી વિજ્ઞાનમાં આવતો ગયો; આચાર વ્યવહારમાં સંસ્કારી એટલે ઝીણવટમાં ઉતરનારો થયો; વિચારમાં પણ તે ઉંડો જ ઉતર્યો: ટૂંકમાં પ્રાથમિક મનુષ્યમાંથી તે આજનો સંસ્કારી મનુષ્ય બન્યો.

બાળકો પ્રથમ દરેક કામ જાડું કરે છે; આગળ વધતાં એ જ કામ ઝીણું કરે છે. રંગના જાડા લીંટા કાઢતાં કાઢતાં પરિણામે તે આછા લીંટા કાઢતાં શીખે છે. શરૂઆતમાં બાળકની ભાષા જાડી એટલે માત્ર વાસ્તવિકતા પૂરતી જ હોય છે; આગળ જતાં તે ભાવવાહી એટલે સૂક્ષ્મ બનતી જાય છે. શરૂઆતમાં બાળકનું બેસવું, ઉઠવું, ખાવું પીવું, બોલવું વગેરે કામ બેતાલ ને બેઢંગું લાગે છે; પણ આગળ વધતાં તે સૌંદર્યપૂર્ણ, તાલબદ્ધ અને મેળવાળું દેખાય છે. આમ બાળક વિકાસની સાથે જાડામાંથી ઝીણા તરફ જતું જાય છે.

શિક્ષણમાં આ વિચાર મહત્ત્વનો છે. એકાએક ઝીણી દૃષ્ટિનો આગ્રહ રાખવો એ ભૂલ છે. વિકાસ સાથે જ મનુષ્યની દૃષ્ટિ આગળ વધશે ને એમ મનુષ્ય પ્રગતિને માર્ગે આગળ ને આગળ જશે. વિકાસનો આ ક્રમ સ્વાભાવિક છે. એને આપણે શિક્ષકો ધ્યાનમાં રાખીએ.

છોકરાઓએ નંદુ સામે જોયું. બાપાએ નીશાની કરી. ચૂપ. આમે કોઇ જોશો નહિ.

બાપુ–' જુઓ આજે તો રસ્તામાં ભારે ગમ્મત થઇ. કાલે તાણુત નીકળવાનો છે ના તે આજે...'

છોકરા–' આજે રાતે તાણુતનું સરઘસ નીકળશે. આપણે જોવા જશું ?'

જમની–' બાપુ, ચાલોને જોવા જઇએ.'

નંદુ તાક આંખ લૂતી લૂતી પાસે આવી પહોંચી હતી.

બાપુ–' તમે બધા કહેતા હો તો જઇએ.'

નંદુ–' બાપુ મારેય આવવું છે.'

બાપુ–' ઠીક, ત્યારે તો ઝટ ઝટ બાઇ લે. ચાલ પછી બધાં બાગ કાકાની દુકાને જઇને બેસીએ. તુ ત્યાં ગાદી ઉપર ઉઘી જજે. તાણુત આવશે ત્યારે જગાડીશ.'

નંદુ–' બા, જગાકુ શાકા આપને.' સારૂં લાગે છે.'

ગિ.

બાળકની અંગસ્વચ્છતા

કપડાં વગેરેની સ્વચ્છતા આવશ્યક છે પણ પણ તે મોટે ભાગે બહારની ગણાય. ધીરે ધીરે આપણે બાળકનું ધ્યાન નખની, કાનની, વાળની, દાંતની સ્વચ્છતા તરફ ખેંચતાં જવું. હાથ વગેરે સ્વચ્છ કેમ રખાય તે આપણે બતાવવું. વારંવાર તે કરવાનું મન થાય તે તરફ તેમને લઇ જવા અને સ્વચ્છ રહ્યા વિના ગમે જ નહિ તેવી ટેવ કેળવવવી ને તે માટે ઘરમાં સાધનસાહિત્યો વધારવા; દાખલા તરીકે રૂમાલો, સાબુ, પગ લુછણા, કાચ, દાંતીયા વગેરે. આ બધાં સાહિત્યો સ્વતઃ ખૂબ સ્વચ્છ અને સ્વચ્છતાને લીધે જ આકર્ષક જોઇએ. પેશાબ દિશા માટે જગ્યાઓ નિશ્ચત કરવી અને તે બાબતમાં સ્વચ્છ રહેવાની ટેવો આગ્રહપૂર્વક પડાવવી. જોડા મૂકવાની, કચરો નાખવાની, કાગળો ફેંકવાની કુટેવો વ્યવસ્થિત કરવી. નાકમાં, મોઢામાં આંગળી નાખવાની, જ્યાં ત્યાં થુંકવાની વગેરે ગંદી ટેવો હાથની અને નાકની સ્વચ્છતા વધારીને દૂર કરવી.

કેટલાંએક બાળકોને ગુહ્ય અંગ ચુંથવાની ગંદી ટેવ હોય છે. દેખાદેખીથી આ ટેવ વધે છે. કેટલાંએક બાળકો બીજાઓને પોતાની ટેવમાં ભેળવે છે. આનાથી બાળકોને સંભાળી લેવાં. શેરીથી બગડેલાં બાળકોને ઓળખી તેના પર ખાસ ધ્યાન દેવું. અનુકરણથી બિગાડ ન થાય માટે ચકીના વપરાશ ઉપર ભાર દેવો. બગડેલાં બાળકોને નજરવેગે રાખવાં. શરીરનું કામ વધારે મળે એમ કરવું. ટુંકમાં શરીર સ્વચ્છતા વધારવી. આ બધી બાબતો બાળકની તનમનની સ્વચ્છતા વધારનારી છે.

ગિ.

મોન્ટીસોરી સાધનોનો ઉપયોગ

ઘણા લોકો કહે છે કે "બાળક પ્રબોધક સાહિત્યો પોતાને મનગમતી રીતે વાપરે તેથી તેને છૂટ આપવાને બદલે શા માટે સાહિત્યનો જેવો ઉપયોગ આપણે ઇચ્છીએ છીએ તેવો ઉપયોગ કરવાની તેને ફરજ પાડવી જોઇએ ? તેઓ પૂછે છે: "તમે શું બાળકના સ્વાતંત્ર્ય ઉપર મર્યાદા નથી મૂકતા ? સાધનોના જે જૂદા જૂદા ઉપયોગ થઇ શકે તેમાં તમે આડે નથી આવતા ?

જો તમે બાળકને ગોકે તેમ સાધનો વાપરવા આપો તો નવા નવા ઉપયોગો હાથ ન લાગે?"

આવા પ્રશ્નનો ઉત્તર એ છે કે બેશક બાળક બીજી રીતે સાધનો વાપરી શકે પણ તેથી ખાસ લાભ થાય નહિ. જો બડબચડાં સુંવાળાં પાટિયાં ઉપર પગ મૂકી બાળકોને વાપરવા દેવાનાં હોય તો તેની સપાટીઓ બડબચડી અને સુંવાળી કરવાની કશી જરૂર નથી અને જો દટ્ટાઓથી ગાડીના ડબ્બા બનાવવા દેવાનું હોય તો તેમને ક્રમિક કદના બનાવ્યા છે તે નકામું છે અને જો રંગની તકતીઓથી ઘરો બાંધવા દેવાનું હોય તો તેમને ભિન્ન ભિન્ન રંગોની બનાવવાની શી જરૂર છે?

આપણી સામે સાધનોનો કેવો ઉપયોગ કરી શકાય કે થઇ શકે એ પ્રશ્ન નથી. સવાલ એ છે કે આપણે અમુક ઇન્દ્રિય વિકાસ માટે અમુક પદાર્થો વાપરવાની ઇચ્છા રાખીએ છીએ કે કેમ?

જો આપણો હેતુ આંખની શક્તિનો વિકાસ સાધવાનો છે, પરિમાણોનો ભેદ પારખતાં શીખવવાનો છે તો બાળકોમાં દટ્ટાને દટ્ટા તરીકે જોવાની ધીરજ કેળવવાની જરૂર છે.

એટલું તો ચોક્કસ છે કે આ સાધનો વાપર્યા પછી બાળકમાં પૂર્વે જે શક્તિ ન હતી તે તેનામાં આવે છે.

વ્યવહારૂ જીવનમાં આપણે જે સઘળા પદાર્થો વાપરીએ છીએ તે પરત્વે ઉપરની દલીલ લાગુ પડે છે.

"જમવા માટે અમુક ચોક્કસ જગા જ શા માટે વાપરવી? એજ કામને માટે એને ખાસ નોખી શા માટે પાડવી? નીચે જમીન ઉપર શા માટે ન બેસવું ને ન ખાવું? શા માટે આપણે આપણા જોડા પગમાં રાખવાને બદલે આપણા ગળે લટકાવવા નહિ?

તમે જવાબ આપશો 'પણ એ વાત જૂદી છે. આવું વ્યવહારની દુનિયામાં ચાલી શકે નહિ ને એનાથી કોઇ હેતુ પાર પડી શકે નહિ.'

એમાં વ્યવહારની દુનિયાનો સવાલ નથી. તત્ત્વનો સવાલ છેઃ જે વસ્તુ જે માટેની હોય તે માટેજ વાપરવામાં અર્થ છે એ સાધારણ બુદ્ધિ છે.

પદાર્થોને વાપરવામાં ગમે તેવો જોટાળો ચાલી શકતો હોય ત્યાં 'પદાર્થો વાપરવાનું' સ્વાતંત્ર્ય છે, એમ માનીએ તો જેઓ આજે ગાંડાની શાળાઓમાં છે તેઓ જ બરોબરના સ્વતંત્ર માણસો કહેવાય.

પ્રબોધક સાહિત્યોની બાબતમાં શિક્ષકે જે કરવાનું છે તે એ છે કે જે સાહિત્યો જે ખાસ ઉપયોગ માટે બનાવ્યાં છે તે જ ઉપયોગ તેનો થવા દેવો. સાધનો ઉપરની રમતોની મર્યાદા સ્વાભાવિક મર્યાદા છે. આ મર્યાદામાં રહીને બાળક તેનાથી રમવાને અને ભૂલો કરવાને છૂટું છે. આમ છૂટું મૂકેલું બાળક જાતે પ્રયત્ન કરે છે, શ્રમ ઉઠાવે છે, ને પોતાની ભૂલો જાતે જ સુધારે છે. ભૂલ કર્યા પછી એની એ જ રમત ફરી ફરીને રમતાં ને ભૂલ સુધારતાં તેની આંખ વિશાળ દુનિયાને દેખતી થાય છે. આગળ તેની નજરે નહિ ચડેલ પરિમાણ અને રંગની સૃષ્ટિ તેની સમક્ષ ખુલ્લી થાય છે. જો સાધનનો ખોટો ઉપયોગ થાય ને તેમ થતાં જો ભૂલો પડે તો તે ભૂલો સુધરવાની નહિ તેમજ તે દ્વારા બાળકે આગળ વધવાનું પણ નહિ. દાખલા તરીકે બાળક રંગની તખ્તીઓ ફેંકે કે દોડવે તો રંગ બગડશે. આ ભૂલમાંથી બાળક પૂર્ણતાએ પહોંચશે નહિ;

ચંદુનો ચાંદ

પાપડ વીણતાં વીણતાં ચંદુની બાએ કહ્યું: "આ ચંદુના ચાંદની સામે તો જુઓ. કેવી રીતે ભરાવ્યું? આમ સરલ રીતે ભરાવવાની મેં ઘણી માથાકૂટ કરી પણ તેણે આખરે આમ જ ભરાવ્યું: કારણ સમજ્યા? ચંદુ કહે છે કે 'એમ ભરાવીએ તો મારાથી ચાંદ સામે વારે વારે જોવાય."

વાત ખરી હતી. ચંદુને ચાંદના ચિત્રને જોવું ગમતું હતું. આપણે સૌ ચાંદ લટકાવીએ છીએ તેમ જે તે લટકાવે તો ચાંદનું ચિત્ર આપણી સામે આવે એટલે આપણને તો દેખાય પણ ચંદુને અવળું પડે ને ન દેખાય. ચંદુએ પોતાની દૃષ્ટિનો વિચાર કરી આપણી દૃષ્ટિએ અવળું ચાંદ ભરાવ્યું હતું. મને લાગ્યું કે આપણી અને બાળકની દૃષ્ટિમાં જે તફાવત રહે છે તે અહીં છે. ચાંદમાં આપણી કયા માણસની પસંદગી છે અર્થાત્ આપણે કયા મનુષ્ય પ્રત્યે પક્ષપાત છે, અથવા આપણે કેવા વિચાર ધરાવનારને પૂજીએ છીએ વગેરે બાબતો આપણે અન્યને સમજાવવા કે મનાવવાના હેતુથી આપણો ચાંદ તેને બરાબર દેખાય તેમ લટકાવીએ છીએ અને મલકાઇએ છીએ. આમાં બીજાની સામે આપણે કેવા લાગશું કે આપણું બીજાને કેવું દેખાશે તે વિચાર છે. ચાંદ આપણને કેવું ગમ્યું તેનો વિચાર અગર તો તે લટકાવીને આપણે કેટલો આનંદ લૂંટ્યો તેનો અનુભવ આપણે મન ગૌણ છે. કોઇ ચાંદ સામે ન જુએ અગર તો તેને નિંદે તો આપણને સારૂં નહિ લાગે. આપણે ખોટી પસંદગી કરી છે એમ કોઈ કહેશે તો આપણને તેમ કર્યા માટે અસંતોષની લાગણી થશે. "આપણે સાચી પસંદગી કરી હોત તો કેવું સારૂં દેખાત" તેમ આપણને થશે. "આપણને ગમ્યું તેવું લટકાવ્યું. ભલે બીજાને ન ગમ્યું તો કંઇ નહિ." તેવું સમાધાન આપણને રહેતું નથી. કારણ એ છે કે મોટે ભાગે આપણે બહાર માટે જીવીએ છીએ, જેમ ચાંદની બાબતમાં આપણે બીજાને કેવું લાગશે, તેનો અભિપ્રાય કેવો પડશે, તેનો પ્રથમ વિચાર કરી આપણે બોલીએ છીએ ને આચરીએ છીએ તેમ. આ બહિર્મુખતાનું લક્ષણ છે. એકન્દરે આપણે બહિર્મુખ વધારે છીએ. બાળક અંતર મુખ વધારે છે. ઉપલા દાખલામાં ચંદુ પોતાનો વિચાર કરે છે. પોતાને જોવાની સગવડ પડે તેમ ચાંદ દેખાય તેવો પ્રયત્ન કરે છે. બીજાને અવળું દેખાશે, ગમશે કે નહિ તેનો તેને લેશમાત્ર ખ્યાલ નથી. તેની પાસે આપણે તેના ચાંદને આમ નહિ ને તેમ રખાવીએ છીએ ત્યારે તે રડે છે. તેનો ચાંદ રાખવાનો આનંદ ચાલ્યો જાય છે. વસ્તુ જ સમુળગી નકામી થઈ પડે છે. તેની આંખ આગળ આપણા જગત કરતાં પોતાના અંતરનું જગત છે. તે બીજાનાં ચશ્માં પહેરતું નથી ને પહેરવા ઇચ્છતું પણ નથી. માટે જ તે ચાંદ કે એવી કેટલીયે ચીજો પોતાની દૃષ્ટિથી ભેગી કરે છે. પોતાની રીતે પોતાની પાસે રાખે છે, ગોઠવે છે, અને પોતાને કેવી શોભશે ને સગવડ ભરી છે તેનો જાતે જ વિચાર અને નિર્ણય કરે છે.

પરંતુ આપણે એની સ્વયંસ્ફૂર્તિ અને આત્મ-નિર્ણયની આડે આવીએ છીએ. આપણે આપણા પરંપરાગત અગર શિક્ષણાગમ સુંદર અસુંદર, શોભતું અશોભતું, રૂપાળું કરૂપું, સારૂં લાગે ખરાબ લાગે ના ખ્યાલો બાળકમાં પરાણે નાખીએ છીએ. તેણે આપણને ગમતી રીતથી જૂદી રીતે ટોપી પહેરી હોય છે તો આપણે કહીએ છીએ "આમ પહેર. ભૂંડો લાગીશ." તેને અમુક રીતે ફરવું, હરવું, પહેરવું, ઓઢવું, કરવું, કારવવું વગેરે ગમતું

એક ભૂલ એવી જાતની છે કે જેમાંથી માણસને ખબર પડે છે કે તેણે ભૂલ કરી છે અને પોતે ભૂલને ઓળખીને ભૂલ સુધારે છે.

એક ભૂલ એવી જાતની છે કે જે ભૂલ કરનારને વધારે ને વધારે ખરા માર્ગથી દૂર ને દૂર લઇ જાય છે.

ભૂલ સ્વતઃ સારે કે ખરાબ માર્ગે લઇ જવા અશક્ત છે. ભૂલ સ્વતઃ ખરાબ કે સારી નથી. કયા માર્ગે ચાલતાં ભૂલ થઈ છે તેના ઉપર બધો આધાર છે. ચડતીને માર્ગે કે પડતીને માર્ગે, પૂર્ણતાને માર્ગે કે પામરતાને માર્ગે, કયે માર્ગે ભૂલ થઇ છે તે જોવાનું છે. પદાર્થોનો ખોટો ઉપયોગ કરીએ, આપણાં કાર્યો અવળી રીતે કરીએ તો આપણે જેને દુર્ગુણ કહીએ છીએ તે તરફ આપણે જઇશું. બધો આધાર ઉપયોગ ઉપર છે. દુષ્ટ ઉપયોગ કે જેનાથી સત્ય હેતુ સચવાતો નથી તે નિંદ્ય છે. તરસ લાગી હોય માટે આપણે પાણી ન પીએ પરંતુ એક જાતનો તનમનાટ કરવા પીએ તો તે દુર્ગુણ છે.*

ગિ.

મોટી બેન કરશે

મારા ઓરડામાં બે બેનો છે. એક પાંચ વરસની ને એક અઢી વરસની. મોટી બેન સ્વભાવે ગરીબ ને સુશીલ. નાની બેન બુદ્ધિએ ચાલાક ને સ્વભાવે જલદ.

બે બેનો ઓરડામાં આવીને કામ ઉપર ખૂબ મંડી પડે. આસનો સંકેલવાનું, વાળવાનું, સાધનો મૂકી દેવાનું, બધું કામ બન્ને રસથી કરતાં.

હમણા હમણા નાની બેનમાં એક નોંધવા જેવો ફેરફાર થયો છે. તે પોતે આસન પાથરે, સાધનો લાવે ને રમે પણ બધું એમ ને એમ મૂકી ચાલતી થાય અથવા તો મોટી બેનને ગોતીને લાવે ને બધું ઉપાડવાનું કહીને બહાર રમવા ચાલી જાય છે.

બે ચાર વાર એમ જોયા પછી એક વાર મેં એને યાદ આપી કે, "બેન, આસન, રમકડાં જગ્યાએ." જવાબ મળ્યો "હું નહિ મૂકું. મોટી બેન મૂકશે." બીજે દિવસે ફરીથી એ જ જવાબ. ત્રીજે દિવસે જ્યારે તે સાધનો લેવા ગઈ ત્યારે જ મેં યાદ આપી, "રમીને પાછાં જગ્યાએ." "હા" પાડીને લઇ ગઈ પણ મૂકવાને માટે મોટી બેનને ગોતવા લાગી. મેં કહ્યું, "તમે જ મૂકી દો." પણ એ તો ચાલતી થઇ ગઇ. ચોથે દિવસે એ સાધન લેવા ગઇ ત્યાં મે અટકાવી "પાછાં મૂકી દેવાં હોય તો લ્યો."

"મોટી બેન મૂકશે."

"ના અમે કાલે નહિ આવીએ. તાવ આવશે."

"ઠીક."

નાની બેન કે નાના ભાઇનો તેમનાથી થોડાં મોટાં ભાંડરડાં ઉપર ઘણીવાર આવો જુલમ ચાલે છે. પણ નાનાંને જુલમી ને મોટાંઓને જુલમ સહન કરી ગુલામ થવા દેવાનું કારણ ઘણે ભાગે આપણે જ બનીએ છીએ.

નાનાંને બરાબર નહીં આવડે એમ ધારી હમેશ આપણે તેનાથી મોટા ભાઇ કે બેન હોય તેમને કહીએ છીએ, "તેને ન આવડે, તું કરી દે ને." વળી નાનું બાળક નાનું હોવાથી

---

* મૂળ લેખક ડૉ. મોન્ટીસોરી.

તેને લાડ લડાવવાનું આપણને મન થાય છે ને તેથી "તું રહેવા દે, મોટી એન થાળી ઉપાડશે" એમ કહી કહી આપણે તેને આળસુ ને જુલમી બનાવીએ છીએ.

ઘરમાં સૌને જીવવાનો સરખો અવકાશ મળવો જ જોઇએ. મોટાંઓનો જુલમ નાનાં ઉપર ન હોય તેમજ નાનાંનો જુલમ મોટાં ઉપર પણ ન જ હોય.

ઉપરના દાખલામાં જોવા જેવું એ છે કે બાળકો કેટલી નાની ઉંમરે આવી વાત સમજે છે. વળી જુલમ પોતે જ એક જાતનું પરાવલંબન પણ છે જ. આવા લાડથી આપણે બાળકનું હિત કરતાં નથી પણ ઉલટું તેના વિકાસમાં વિઘ્નો નાખીએ છીએ.

નાનાં મોટાં બાળકોને ઉછેરતાં માબાપોએ બધાં બાળકોને પોતપોતાની કક્ષાએ પૂરેપૂરી રીતે જીવવાનો અવકાશ મળે છે કે નહિ તે તપાસતાં રહેવાનું છે. તા૦

ગણિત

ગણિતના શિક્ષણની સાર્થકતા દાખલા આવડવામાં નથી. પણ ગણિતિ બુદ્ધિના વિકાસમાં છે. બાળક એક, બે, ત્રણ, ચાર એમ ગણી જાય, મગાવીએ ત્યારે માગ્યા પ્રમાણે બરાબર ગણીને પદાર્થો વગેરે લાવી આપે, છતાં જ્યારે ને ત્યારે દુનિયાના પરિચયમાં આવતાં વેંત બાળકમાં સ્વતઃ જ ગણવાના પ્રશ્નો, જેમકે હાથના આંગળાં જોઇ આ આંગળાં કેટલાં થાય ?, મારા કોટનાં બુતાન કેટલાં હશે?, આ બારીના સળીયા કેટલા થાય ? ઉભા ન થાય તો તેને ગણતાં આવડે છે પણ તેનામાં ગણિતિ બુદ્ધિનો ઉદય થયો છે એમ ન કહેવાય. જો બાળક સાચી રીતે ભાષા વિકાસને માર્ગે ગયું હોય તો જરૂર તે પાઠયપુસ્તક વાંચી જોયા વિના નહિ જ રહે, તે ભાષા દ્વારા જ્ઞાન મેળવ્યે જ જશે. ભાષાને તે સાધન બનાવી શકશે. માત્ર કક્કો આવડયો હશે તો પણ તે રસ્તાનાં પાટીયાં કે છાપાના મોટા અક્ષરો વાંચવાનો ભારે શોખ બતાવશે. એમ જ ગણિતમાં બનવું જોઇએ. વ્યવહારમાં બાળક સામે સવારથી સાંજ સુધીમાં કેટલાયે દાખલાના વિષયો આવે છે. સાચી નજર પડી હોય તો બાળકના મનમાં ગણિતના પ્રશ્નો ઉપજવા જ લાગે છે. ગાયનું ધણ જતું હોય તો કેટલી ગાયો જાય છે ? ઘરમાં મોર આવ્યાં હોય તો તે કેટલાં છે ? આમાંથી આટલાં નથી તો કેટલાં રહ્યાં ? આટલાં બોર થાર વચ્ચે આપીશું તો કેટલાં આવશે ? વગેરે પ્રશ્નો તે છોડે છે. એમ નહિ તો જેની રંગની દૃષ્ટિ ઉઘડી નથી હોતી તેની આંખ આગળ સંધ્યાના રંગો અંધ આગળ આરસી જેમ નકામા છે તેમજ જેનામાં ગણિતની બુદ્ધિ જાગી નથી હોતી તેના પરત્વે છે.

સામાન્ય રીતે ગણિતની બુદ્ધિનો વિકાસ એટલે સામાન્ય સમજણ અને શુદ્ધ કલ્પનાનું ખીલવું. બાળકને પૂછીએ કે એક ગાયને ત્રણ પગ તો સાત ગાયને કેટલા ? બાળક જવાબ એકવીશ એવો આપે એટલે એનો દાખલો ખરો છે પણ તેનામાં સામાન્ય સમજણનું અંધારું છે. એક બાળકને પૂછયું " એક ગધેડાને ત્રણ કાન તો?" બાળકે વચ્ચે જવાબ આપ્યો " હોય જ નહિ. " આનું નામ સામાન્ય સમજણ. એક બાળકને પૂછયું 'કોઠીમાં ઘઉં કેટલા માય ?' તે કહે પરાર્ધથીયે વધારે. કેટલાયે પરાર્ધ. આ બાળકે થોડા ઘઉં હોય છે છતાં ઘણા થાય છે તેના પ્રત્યક્ષ જ્ઞાન ઉપરથી વાસ્તવિક કલ્પના કરી. બીજા બાળકને પૂછવામાં આવ્યું કે " રૂપીઆની આની કેટલી ? " તે કહે " સોળ. " પૂછયું, "આ પ્યાલામાં કેટલી માય" ?

હોય તો આપણે તેને કહીએ છીએ: "એમ તો એલા તારી બધ્ધા હાંસી કરશે; વરચો લાગીશ. ને બીજા બધ્ધા કેમ કરે છે? ઇ બધ્ધા ગાંડા ને તું જ ડાહ્યો?" આમ કહી કહીને આપણે તેને આપણું ધોરણ આપીએ છીએ. પ્રથમ બાળકનો આત્મા નિર્મળ હોવાથી, બાહ્ય બંધન રહિત હોવાથી તેની સામે થાય છે, તેને ફેંકી દેવા કરે છે, તેના વિના ચલવે છે. પણ આખરે આપણી કોઇવારની નોહુકમી, કોઈવારની પજવણી, કોઇવારની ફોસલામણી, કોઇવારની સમજાવટ વગેરે વગેરેથી આપણા વિચારો અને આચારોને તે એટલા તો પોતાના કરી લે છે કે જ્યારે તેની પાસે તેનાથી નાનું બાળક આવે છે ત્યારે તે રીતસર આપણી જ રીતે તેને પોતે પહેરેલું જડ ચોકકું પહેરાવવા, સ્વમતાગ્રહને મગજમાં ઠોકવા, ભારે મહેનત કરે છે. ને જ્યારે તેઓ મોટાં થાય છે ત્યારે તો તેઓ આપણી જ છતાં વધારે આગ્રહી પ્રતિકૃતિઓ થઇને ઉભાં રહ્યાં છે. અને જે માટે આપણી સામે બંડ કરતાં હતાં તે જ વાતને બાળકના બંડ તરીકે ગણી તેને શમાવે છે:

મને લાગે છે કે ચંદુને જેમ ચાંદ ભરાવવું હોય તેમજ ભરાવવા દઇએ. એને પ્રથમ આત્મલક્ષી થવા દઇએ. પ્રથમ એને પોતાની વ્યક્તિની દૃષ્ટિ મેળવવા દઇએ. પછી તે અન્યની દૃષ્ટિ જોઇ શકશે. પોતાની દૃષ્ટિ પોતાની પાસે હોવાથી તે અન્યની દૃષ્ટિને સમજીને ન્યાય પણ આપી શકશે. તેનામાં ઉદારતા આવશે, સહિષ્ણુતા આવશે. ગિ.

નાના મોટાનો ખ્યાલ

ટીકુ પુરીઓ વણતી હતી.

એ કહે, "હું નાનકીક નાનકીક કરીશ." થોડી વાર પછી એ ત્રણ ગુંડાનાં ભેગાં કરીને કહે, "મારે તો મોટી કરવી છે."

થોડીવાર પછી કહે, "હું તો નાનકી છું."

મેં પૂછ્યું, "ને બેબી કેવી છે?"

"એ તો મોટી છે."

"ને હું કેવી છું?"

"તમે મોટાં છો."

"તું કેવી છે?"

"હું નાની છું. મોટી થઇશ."

"બાબી કેવી છે ને હું કેવી છું?"

"તમે બાબી કરતાં મોટાં છો."

૨॥–૩ વર્ષે સામાન્યતઃ બાળકને પોતાનું શરીર ને આસપાસનાં માણસોનાં શરીરનાં કદનો બરાબર ખ્યાલ આવવા લાગે છે. તે જ ઉંમરે કદ સંબંધેના અસ્પષ્ટ ખ્યાલો વધારે સ્પષ્ટ ને ચોક્કસ થાય તે માટે તેની આગળ યોગ્ય સાધનો આવવાની જરૂર છે. તા.

મોટો શંખ

"મોટો શંખ! આવડો મોટો ઢાંઢો થયો છે ને રોવે છે શું? ને ભણ્યો છે ચાર ચોપડી અંગ્રેજીની. આપી દે એને તારી પિસ્તોલ."

"તે હું મારી પિસ્તોલ શેની આપું? ગામમાંથી મેં મારા આઠ આનામાંથી પિસ્તોલ લીધી ને એણે કુક્કા લીધાં. કુક્કા ફુટી ગયા એટલે કહે છે 'લાવ્ય હવે પિસ્તોલ."

"પણ તું તો મોટો છું ને ઇ કાંઇ સમજે છે?"

"તે મોટો થયો તે પિસ્તોલ આપી દેવા? હું તો કાંઇ નથી આપતો; ભલે ઇ રોવે. મારી પિસ્તોલ શેની આપું?"

"જો મોટો ઢાંઢો થયો છે; મૂરખો! ગધેડો!

તે કહે-"૨૦." પ્યાલામાં ૫૦ આની માઈ શકે તેમ હતું. અહિં સ્થૂળમાંથી સૂક્ષ્મમાં જવાની-કલ્પના કરવાની અશક્તિ. છે. છઠ્ઠા ધોરણના બાળકને એક દાખલો લખાવ્યો 'એક માણસ રોજ રૂપીયા ભાર મીઠું ખાય છે તો દસ-વર્ષે તેમ ખાધા પછી મરી ગયો તો મરી ગયો તે દિવસે તેનાં પેટમાં કેટલું મીઠું હશે?" બાળકની સામાન્ય બુદ્ધિ અને તર્કની કસોટી સાથે ગણિતશિક્ષણની કસોટી થઇ. તે કહે અમુક મણ! આનું નામ પોપટીયું જ્ઞાન.

આમ બનવાનું કારણ આપણે ગણિત સાથે વ્યવહાર અને પ્રત્યક્ષ અનુભવ જોડતાં નથી. ગણિત આપણે મોઢેથી, કે પાટીયાપર શીખવીએ છીએ. ગણિતિબુદ્ધિના વિકાસ માટે ગણિત શરૂથી જ વ્યવહારમાં અને પ્રત્યક્ષ અનુભવ સાથે શીખવવું જોઇએ. ગિ૦

છાનું રાખવું જ જોઇએ?

બાળક રડે ત્યારે તેને છાનું રાખવાના આપણે અનેક ઉપાયો યોજીએ છીએ. સામ, દામ, દંડ, ભેદાદિ બધી રીતો અજમાવીએ છીએ ને બાળક રડતું મટે એમ કરીએ છીએ. વિચારક માબાપ છાનું રાખવાની કઈ રીત સારી તેનો વિચાર કરવા બેસી જાય છે ને બુદ્ધિશાળી માણસો અનેક યુક્તિઓ શોધી કાઢે છે. પ્રશ્ન એ છે કે બાળક રડતું હોય તો તેને છાનું રાખવું જ જોઇએ શું?

આપણે બાળકને બે કારણે છાનું રાખીએ છીએ. એક બાહ્ય જગત્ એટલે આપણને બધાંને તેનું રડવું સાંભળવું ગમતું નથી, ત્રાસ થાય છે, ગડબડ થાય છે, સભા કે શાળા વગેરે સ્થાને ત્યાંનું કામ ચાલી શકતું નથી વગેરે બાહ્ય કારણોથી બાળકનું રડવું એકદમ શાંત પાડવું પડે છે. બીજું કારણ એ છે કે બાળકને રડવા દઇશું તો રડી રડીને મરી જશે, અથવા તેને કાંઇક તો હાનિ થશે જ. કાંઈ નહિ તો રડવું એ તેના દુઃખનું ચિન્હ છે. તો તે બંધ પાડીને એટલે તેને દુઃખી થતું મટાડીને આનંદ-કલ્લોલ કરતું કરવા માટે તેને રડતું છાનું રાખીએ છીએ.

હવે આવાં બધાં કારણોને લીધે બાળકને હમેશ છાનું રાખવું જ જોઇએ કે કેમ એ પ્રશ્ન વિચારવાનો છે.

જ્યારે જ્યારે બાળકને છાનું રાખવા આપણે નીકળી પડીએ છીએ ત્યારે ત્યારે શું તેને છાનું રાખવું જ જોઇએ? એ પ્રશ્ન અમને ફરી ફરી જોવો જોઇએ. ૫૦ ટકા જવાબ છાનું રાખવાની જરૂર નથી એમ જ આવશે.

દુઃખને કારણે કોઈ રડતું હોય તો તેને રડી લેવા દેવું એજ સારો ઉપાય નથી શું? રડવું એ દુઃખને હળવું કરવાનો પ્રાથમિક દશાનો ને કુદરતી ઉપાય છે. તેની આડે આપણે શા માટે આવવું? બાળક પડે ને વાગે અથવા માંદું હોય ને પીડા થતી હોય ને તેથી રડતું હોય તો તેનું દુઃખ હળવું કરવાના ઉપાયો કરીએ તે સિવાય રડતું હોય તો થોડું રડવા દઇએ તો સારું. ઘણીવાર બાળક રડવા લાગે કે તરત રડવાનું બંધ પાડવાના ઉપાયો આપણે લેવા લાગીએ. તેના કરતાં લોહી નીકળતું હોય તો પાટો બાંધી કરવીને સ્વસ્થ રહીએ. રડવા તરફ ધ્યાન જ ન આપીએ તો શું થાય છે તે કરી જોવા જેવું છે. દુઃખ હોય ત્યાં સૂધી બાળક રડશે પછી એની મેળે બંધ પડશે. દુઃખતું હોય ત્યારે રડવાની counter ક્રિયાથી પીડા તેને સહ્ય થશે. માનસિક દુઃખનું પણ એમ જ છે. બાળકનું કાંઈ ખોવાઈ ગયું અથવા ફુટી ગયું હોય તો તેના વિયોગનાં દુઃખાર્થે તેને પૂરતું શા માટે ન રડવા દેવું. બાબલું ફુટી ગયું હોય ને બાળક રડતું હોય તો "હશે. આપણે બીજું લાવશું." અથવા "આ લે કુવું" એમ કહેવું એ તો છોકરાની વહુ મરી ગઈ હોય તો તેનું દુઃખ હળવું કરવા માટે તુરત બીજું વેરાવાળ કરવા જેવું છે. દુઃખ કે વિયોગ

સહન કરવાની તાકાત આ રીતિમાં નથી. તેમજ કોઇ પણ વસ્તુ કે માણસ તરફ ઉંડી લાગણી કેળવવાની તક પણ નથી.

બાળક રડે તેથી સામાન્યતઃ તેને નુકસાન થતું નથી. છેક નાની ઉંમરથી જ આપણું વલણ એનું રડવું બંધ કરવા તરફ હોય છે. એનું દુઃખ મટાડવું એ એક વાત છે ને રડવું છાનું રાખવું એ જુદી વાત છે. બાળકનું દુઃખ ઘડવું કરવાના ઉપાયો આપણે જરૂર લઇએ. રડવાનું કારણ શોધીને તે મટાડીએ. આપણે સામાન્યતઃ એમ કરવાને બદલે રડતું છાનું રાખવાના ઉપાયો કરવા લાગીએ છીએ. "છાનો રહે છાનો રહે." 'ટીકડી આપીશ" "કૂરવા લઇ જઇશ." અનેક વાતો કહીને રડતું બંધ પાડીએ છીએ. ખરી રીતે શા માટે રડે છે તે જોઇ તેનો ઉપાય લેતાં બાળક એની મેળે જ શાંત પડી જાય ને તરત શાન્ત ન પડે તો તે તરફ ધ્યાન દેવાની જરૂર નથી.

બાળક રડવા લાગે કે રડતું છાનું રાખવા માટે આપણે બહુ જ તત્પરતા બતાવીએ છીએ. એમાંથી બાળકને પોતાના રડવામાં અદ્‌ભુત શક્તિ રહેલી છે તેની ખબર પડે છે. મોટાંઓને આપણી આસપાસ નચાવવાની યુક્તિ જાણે તેના હાથમાં આવી ગઈ હોય તેમ લાગે છે. બાળકને વધારે શેતલ, હઠીલું ને જુલમી બનાવવાનો ચોક્કસ ઉપાય જોતો હોય તો બાળકના રડવા તરફ ખૂબ ધ્યાન દેવું, તેને છાનાં રાખવાના ઉપાયો ને યુક્તિઓ રચવી; "હાય, હાય, આંખો લાલચોળ થઈ ગઇ! ગળું બેસી ગયું! આવ મારા બાપ!" વગેરે કહીને તેને લડાવવું. બાળકના રડવાને આવી રીતે મહત્વ આપવાથી આપણે એને પોતાને મહત્વનું માનતું કરીએ છીએ. એવું બાળક મોટું થતાં (Self-centred) પોતા વિષેના જ વિચારથી ભરપૂર બને છે. સાથે સાથે એ કોઇ દિવસ સુખી પણ બનતું નથી; કેમકે જગતમાં કયાંઈ એને પૂરતું મહત્વ કે માન મળ્યું હોય એમ તેને લાગતું નથી. નાનું હતું ત્યારે માબાપે તેને જેમ રાખ્યું, જેમ મનાવ્યું જેમ બધું હાજર કરીને તુષ્ટ કર્યું તેમ જગત્ તેને માટે ન કરતું હોવાથી તે હમેશ નાનપણના ગુણ ગાતું પોતાને દુખી માનતું કદિ પણ જીવવાનો સાચો લ્હાવો જ લઇ શકતું નથી. ખરેખર મોટાંઓને દુખી બનાવનારી એમનામાંરહેલી અવિકસિત બાલ્યાવસ્થા જ કારણ છે. આપણમાંથી આપણું લાડ લડાવેલું બાળપણ જતું નથી ત્યાં સુધી બધાં સુખો આપણી આગળ હાજર હોય તો પણ આપણી જીંદગી દુઃખમય હોય છે. કારણ આપણે આપણને દુઃખી માનીએ છીએ ને તેમ માનવાનું કારણ તો આપણી બાલ્યાવસ્થામાં વિરોધક તત્વોથી મળેલી ખોટી દિશા જ છે.

બાળયુગના પ્રવર્તકો કહે છે "બાળકોને સુખી રાખો, આનંદી રાખો. બાળકનું રૂદન એ બાળકોનો માબાપો ઉપર શાપ છે."

જરૂર, વાત સાવ સાચી છે. માટે જ આપણે બાળક ન રડે એવા કાયમી ઉપાયો લેવા ઘટે. ગમે તે ઉપાયે રડતું છાનું રાખવાથી બાળકનું રડવું ઓછું થતું નથી. રડતું છાનું રાખવાથી બાળકને વધારે સુખી કે આનંદી બનાવાતું નથી. એનો ઉપાય તો રડવાનું કારણ મટાડવામાં જ છે. કારણ નીકળી જાય એટલે રડવું એની મેળે શાંત પડે ને બાળક આનંદી ને સુખી બને. **તા.**

મોન્ટીસોરી પદ્ધતિનું પુસ્તક છપાય છે. ડેમી આઠ પેજી ચારસો પાનાં ઉપરાંતનો દળદાર ગ્રંથ; છતાં એપ્રીલની ૩૦ મી સુધીમાં નામ નોંધાવનારને ઘેર બેઠાં ફક્ત **બે રૂપીઆમાં** મળશે. લેખક: **ગિજુભાઇ**

પત્રવ્યવહાર "**શ્રીદક્ષિણામૂર્તિ પ્રકાશનમંદિર ભાવનગર.**" ને નામે કરવો.

એલી લખી તારા પુક્કા તેં તોડી નાખ્યા ને હવે એની પિસ્તોલ શેની માગે છે? એમ કોઇ કોઈનું આપી દે? તારે રેવું હોય તો રે નીકર રેવા દે. જીનુ તને પિસ્તોલ નહિ આપે."

આણી કોર જીનુ રોવે આણી કોર બચી રોવે. બા આવી. "શું છે એલા જીનુ? શું છે બચી? કેમ રડો છો?"

"મને પિસ્તોલ નથી આપતો."

"તે શેનો આપું?"

"ઉભાં રહો, ઉભાં રહો, સારી ફટાકીએ સવારે દાડ્યાનું મોડલ્યું છે એના આપણે ભાગ પાડીએ."

નભુ, ચંદુ દોડતાં આવ્યાં. બચી, જીનુ હળવે હળવે આંસુ લોતાં આવ્યાં.

"ઉભાં રહો. હારબંધ બેસી જાઓ:

"કહો ભાઇ, આ બે બાકસ નભુનાં, બે ચંદુનાં, બે બચીનાં ને બે જીનુનાં. આ બે બે ફુલઝરણી; આ બે બે પેટીઓ. આ હવે એક પિસ્તોલના ફટાકીયાની પેટી છે તે..."

જીનુ: "મને આપને."

બા: "તારી પિસ્તોલ મને આપ. હું સૌને ફટાકીઆ વહેંચી આપું; પછી સૌ તારી પિસ્તોલે વારાફરતી ફટાકીઆ ફોડે. બચી તારે એવી પિસ્તોલ જોવે છે કે?"

"હા, મારે જોવે છે પણ ભાઇ નથી આપતો."

"લે હવે ફટાકીઆ ફોડવા આપશે. પણ એમ કાંઇ રોઇને લેવાય? જોતી હોય તો માગવી ને પાછી આપી દેવી. સૌ સૌનું સા રાખેના? તું કેમ તારા પુક્કા સાચવતી હતી?" ગિ.

ઇ વળી ઢોંગ શા?

બાપા: "એલા લખુડા, માને છે કે નહિ? ઇ વળી ઢોંગ શા? મારે તો આ થાળી જોઇએ ને આ વાટકી જોઇએ ને આ જ પાટલો જોવે ને આમ જ કરવું ને તેમજ કરવું?"

લખુડો: "એં એં એં તાલે માલે નથી આવું."

બાપા: "ન આવું હોય તો રે'વા દે. ચાલ આપીશ નહિ એને કંઈ આવા. ઇ મારે ન જોઇએ. એકવાર ભૂખ્યો સૂવા દે એટલે એની મેળાએ પાંશરો દોર."

બા: "એમ કાંઇ છોકરાને ભૂખ્યો સૂવાડાય છે? મારો તો માનો જીવ છે ને?"

બાપા: "ભાળ્યો માનો જીવ. આ એમ જ છોકરાને બગાડે છે. છોકરો એમ તેથી જ બગડી ગયો છે."

બા: "બગડી તો કાંઇ નથી ગયો. છોકરૂં છે તે હઠે ચડે. આપણાથી કંઇ એના જેવડા થઇને ઉભાં રહેવાય છે?"

બાપા: "સારે તું માથું કુટ. હું તો મારે આ બહાર ચાલ્યો."

બા: "ઇ તો મારે જ પડી હોય ના? મા જણેતાથી કયાં જવાય?"

"બાપુ લખુ, રોમા. બોલી તારી ધોળી ધોળી વાટકી જોવે છે ને?"

"માલે ઇ વાટકી જોવે છે? ઇ આપ તો બાઉં નીકલ ન બાઉં."

"પણ બાપા, ઇ વાટકી તો કયાંય જડતી નથી. જોને પણે ઘોડા ઉપર નથી. પાણીઆરે નથી. રસોડામાં નથી, કયાંય નથી. ચાલ જોઇએ આપણે શોતીએ."

વાર્તા માટે ખાસ શિક્ષક

દરેક મનુષ્યને વાર્તા આવડતી હોય છે પણ તેથી તે કહી જાણે છે એમ નથી. દરેક બાળક વાર્તા સાંભળી રાજી થાય છે પણ રાજી થનાર બાળકને બરોબર ઉત્તમ રીતે જ વાર્તા સાંભળવાનું મળ્યું છે એમ નથી. વાર્તા સાંભળવી ગમે છે માટે તે જેવી કહેવામાં આવે તેવી સાંભળે છે. ઉંચી રીતે કહેવાતી વાર્તા તેણે ન જ સાંભળી હોય તો તે સામાન્ય વાર્તાકારને શ્રેષ્ઠ ગણે છે. તેનાથી તે તૃપ્ત રહે છે. પરન્તુ ખરી દૃષ્ટિએ તેને ખરો આનંદ અને તૃપ્તિ નથી જ મળ્યાં. તેનો અધુરો આનંદ અને અતૃપ્તિ જો આપણે તેને પૂરો આનંદ અને તૃપ્તિ ન આપી શકતા હોઇએ તો વીંખીએ નહિ, પરંતુ શિક્ષક સામે બાળકને પૂરો લાભ પૂરો આનંદ આપવાનો ઉદ્દેશ હોઇ હોવો જોઇએ.

વાર્તા કથનને શાળામાં સ્થાન મળ્યું. બાળકોને તો સૂકો રોટલો પણ મીઠાઇ જેવો લાગે છે. તેને ગાળો ને માર અથવા ઇતિહાસ ભૂગોળ કે ગણિતની માથાકુટ વચ્ચે વાર્તા સાંભળવાનું મળે એ કાંઇ જેવી તેવી વાત નથી. એથી એને ગમે તેવો બેદરકાર, બેકદર, અબૂજ અને કલાનો દુશ્મન જેવો પણ વાર્તા કહેવા બેસશે તો તેઓ તેને સાંભળશે. તેને તે પ્રિય લાગશે. ભૂખ્યાને મન સૂકો રોટલો બત્રીશ ભોજન ને તેત્રીશ શાક. પણ પાકશાસ્ત્ર પાસે તો કેટલીએ બરોબર મીઠી વાનીઓ છે.

પણ આપણે જાણી બૂઝીને બાળકને સૂકો રોટલો કેમ ખવરાવીએ? તેમને ભૂખ છે માટે તો તેને ઉત્તમ ભોજન આપીએ. વાર્તાકથનમાં આપણે આજ વિચાર રાખીએ. દરેક શિક્ષકમાં વાર્તા કહેવાની યોગ્યતા નથી, નજ હોઇ શકે. કેટલાએકને વાર્તા યાદ નથી રહેતી. તેવાઓ વાંચીને ભૂલતા ચૂકતા કહે છે. કોઇ ગોખીને બોલી જવા જેમ કહે છે. કોઇ વાર્તાનું રહસ્ય જાણતા નથી. કોઇમાં કહેવાની ઢબ નથી હોતી. તેનું ચિત્ર બહું કરી શકે તેવા કુશલ શિક્ષકો તો થોડા જ જડે છે. ગણિતમાં ગમે તેવું થોડું વધારે જાણનાર કે ગમે તેમ શિખવનાર શિક્ષક ચાલે નહિ તો વાર્તા કહેનાર તો ગમે તેવો ન જ ચાલે.

કોઇ શિક્ષક પોતાને વાર્તા કહેનાર તરીકે તૈયાર કરી શકે. તે પોતાનો વાર્તા ભંડાર વધાર્યા જ કરે. તે વાર્તા કહેવાનું શાસ્ત્ર જાણી જ લે. તે વાર્તા કહેવાનું ખાસ કામ કરીને વાર્તાનો ક્રમ, વસ્તુ રચના, શૈલી વગેરેનું નિર્માણ કરવા શક્તિવાન થઇ શકે. વાર્તા કથન એક જ તેનો વિષય હોવાથી તેમાં તે ઉંડો ઉતરે. વાર્તાનું વસ્તુ આપોઆપ એકઠું થતાં તેના પુસ્તકો રચવાનું તેને સુલભ છે. વાર્તાના વિસ્તૃત અભ્યાસને બળે વાર્તાસૃષ્ટિની પાછળ રહેલ મનુષ્ય બુદ્ધિના અને લાગણીના સૂક્ષ્મ બળો અને પડોનો અભ્યાસ તેને રસિક થઇ પડે. વાર્તાના સાહિત્યમાં તે એકલો સાહિત્યકાર કે સાહિત્યવિવેચકનું સ્થાન મેળવી શકે. આમ જો તે આ એક જ વિષયની પાછળ પડે તો નાનાં બાળકોને પૂર્ણપણે રાજી કરવાના કામથી માંડી વાર્તામાંથી નીકળતી જીવનફિલસુફીની મીમાંસા સુધી પહોંચે. માટે જ આ કામ એક વિશેષ કામ થવું જોઇએ. ને એમ થાય તો જ તેનો શિક્ષક તેમાં ઉત્કૃષ્ટતા સાધી શકે.

ગિ.

એક શાળા

સ્કૂલનું મકાન વિશાળ, સ્વચ્છ અને સુંદર હતું. એક રૂમમાં નાનાં છોકરાંઓ માટે મોન્ટીસોરી ક્લાસ ચાલે છે.

દરેક બાળકને એક એક ટેબલ આપવામાં આવે છે. બેસવા માટે નરમ એવો સુંદર ગાલીચો છે. સૌ બાળકો હારબંધ ચોરસ આકૃતિમાં બેસે છે. ત્રણ બાજુએ બાળકો અને એક બાજુ શિક્ષક એમ મળી ચોરસાકૃતિ થાય છે. સૌ બાળકો પાસે સાધનો હતાં. મોન્ટીસોરી તેમજ ફ્રોબેલના એમ બન્નેના મિશ્ર સાધનો વપરાય છે. અક્ષરો ખંડ પદ્ધતિથી શીખવાય છે. શિક્ષક અક્ષર કે આકૃતિ દોરી આપે તેના ઉપર બાળક ટાંકણીથી કાણાં પાડે. બાળકોની ઉંમર લગભગ ૬ થી ૮ વર્ષની હતી.

એક સ્વચ્છતા અને પ્રકાશ સિવાય ઓરડામાં કલાની દૃષ્ટિએ ગોઠવણ, ચિત્રો કે એવું કંઇ પણ ન હતું.

અમે જોવા ગયા એટલે શિક્ષકે મોન્ટીસોરી ક્લાસ કેમ ચાલે છે તે ચલાવી બતાવ્યું. શરૂઆતમાં શિક્ષકે હારમોનિયમ ઉપર એક બે કવિતા વગાડી. સૌ બાળકો એકી સાથે ઉભાં થયાં ને ગાવા માંડયું. સૌ બાળકોના અવાજ જૂદા અને તાલસ્વરનું ભાન ક્યાંથી હોય? કવિતા ગાઇ રહ્યા પછી શિક્ષકે બાળકોને પૂછ્યું "ઓ ઇશ્વર" એ કવિતાનો અર્થ.

શિક્ષકઃ છોકરાઓ બોલો ઇશ્વર એટલે શું?

બાળકોઃ ઇશ્વર એટલે ભગવાન, ખુદાયજી.

શિક્ષકઃ ખુદાયજી ક્યાં છે?

બાળકોઃ બધે.

શિક્ષકઃ બધે છે તો કેમ દેખાતા નથી?

બાળકોઃ આપણને એ ન દેખાય.

શિક્ષકઃ ભજવું એટલે?

બાળકોઃ સ્તુતિ કરવી–સેવા કરવી.

શિક્ષકોઃ ઇશ્વરને ભજવાથી શું થાય?

બાળકોઃ આપણું શરીર સારૂં રહે ને જલદી લેશન આપે.

શિક્ષકઃ લેશન આપે નહિ પણ જલદી આવડે.

આવી રીતે કેટલોક સંવાદ શિક્ષક અને બાળકો વચ્ચે ચાલ્યો.

અક્ષર શીખવવા માટે રેતીયા અક્ષર છે. ગુલાબી રંગના કાર્ડ અને ધોળા કાચીયા કાગળના અક્ષરો, તે પણ બહુ જ પાતળા, બીજા લાકડાના કોતરી રાખેલા હતા. તે અક્ષરો એક આંગળીથી ઘુંટી શકાય. ચલ-મૂલાક્ષરો પીત્તળના બનાવેલા હતા. બાળકને આકર્ષી ન શકે તેમજ ઇન્દ્રિયવિકાસમાં મદદ નહિ કરી શકે એવાં સાધનો વપરાય છે. સ્વાતંત્ર્ય અને સ્વયંસ્ફુર્તિની ગંધ સુધાંયે નથી. આવી રીતે મોન્ટી-સોરીને નામે શાળાઓ ચાલે તો જરૂર મોન્ટીસોરીના સિધાન્તોને ધક્કો લાગે.

સોનુબેન.

બાળકોની નિર્વસ્ત્રતા

એક ભાઇ લખે છે, "સંસ્કારી કુટુંબોમાં પોશાકની ચોખ્ખાઇ લાગેલી દેખાય છે.....ખૂબ લુગડાં પહેરાવી આપણે બાળકને દેખાવડું બનાવવા ઇચ્છીએ છીએ.....બાળપણનાં શરૂઆતનાં પાંચેક વર્ષો એવાં છે કે જ્યારે કેડની નીચેનો ભાગ સંપૂર્ણ રીતે, વિકસેલો હોતો નથી. આ ભાગને વિકસવા દેવામાં ન આવે તો મોટી ઉમરે બાળકનું શરીર કંથારીલું અને બેડોળ થાય. કેડની નીચેના ભાગને વિકસવા દેવા માટે તેને કોઇ પણ પ્રકારના બંધનથી

'એં એં...વાટકી...માલી ઘોલી ઘોલી વાંટકી."

"માણી વાટકી હતી તો સારી. કયાં ગઇ હશે? ચાલ તો પણે ડામચીઆ નીચે જોઇએ? અરે અહીં પણ નથી. કયાંક ખોવાઈ ગઈ લાગે છે. કોણ જાણે આપણી કામવાળી લઈ ગઇ હોય તો?"

"લખુ, આપણે જકલબાઇને કાલે પૂછી જોશું કે તમે વાટકી લઈ ગયાં છો? જકલબાઇને કે'શું કે તમારે લખુ ભાઇને પૂછ્યા વિના વાટકી ન લઈ જવી."

"તાલે અતાલે માલે દુધ શેમાં લેવું?"

"લે આ પ્યાલામાં લે."

ગિ.

વ્યક્તિભેદ

બધાં બાળકોને જ્ઞાનેન્દ્રિયો છે ને બધાંય તેનો સહજ ઉપયોગ કરે છે છતાં બાળકે બાળકે તેના વિશેષ વપરાશમાં જ ખરો તફાવત પડે છે. આપણે બાળકોમાં થોડું વસીએ છીએ, તેમનું સૂક્ષ્મ અવલોકન તો ભાગ્યે જ કરીએ છીએ, તેથી આ ભેદ આપણને એકદમ કળાતો નથી. છતાં આ ભેદ છે ને તે બાળકના વિશિષ્ટ વ્યક્તિત્વનો છે. આ ભેદ બાળકની પ્રધાન રૂચીનો છે, બાળકની શ્રેષ્ઠતાનો છે. એક બાળક ધ્વનિ-પ્રધાન છે. તેને આંખો છે, સ્પર્શ છે, વગેરે બીજી ઇંદ્રિયો છે પરંતુ તેમાં તેનો કાન વધારે બળવાન છે. તે કાનથી જુએ છે, સ્પર્શે છે એમ કહીએ તો ચાલે. એટલે કે તે વિશેષતઃ કાન દ્વારા જીવે છે. તેનું જીવતર ધ્વનિના જગતમાં સુખ માગે છે. તે ધ્વનિમાનસ છે. તેની સામે દુનિયા ધ્વનિની બનેલી છે. તે ધ્વનિજીવી છે. આવું બાળક છેક નાનપણથી આંખો માંડીને જોવાને બદલે કાન માંડીને સાંભળશે. તે રડતું હશે તે વસ્તુ લાવીને કે જોઇને છાનું રહેવાને બદલે સાંકળનો ખડખડાટ સાંભળી કે ઘંટનો રવ સાંભળી કે બાનું ગીત સાંભળી છાનું રહેશે. જરા મોટું થતાં તે માણસના અને પશુપક્ષીઓ અને પદાર્થો વગેરેના અવાજો તરફ વધારે આકર્ષાશે. તેવું બાળક છાપરે હોલું બોલતું સાંભળી કહે છેઃ "ઈ શું બોલે છે?" તે કાગડા અને પોપટના અવાજનો તફાવત વહેલો જાણે છે. ઘણે દૂરથી આવતા ને આપણા કાનને ન સંભળાતા અવાજો તેના કાને અથડાય છે. તે કહેશેઃ "ગાડી બોલે છે" "મોટર ચાલી" "કાકનો પગ સંભળાયો." તે બોલું બોલું કામવાસણ કે પથરા કે પદાર્થો બખડાવતું કે ભટકાવતું જોવામાં આવશે. તેને બીજા ઓરડામાં બોલાવી ઘરનાં કામોના અવાજો કરી બતાવશું તો તુરત જ તે કહેશેઃ "કળશો વાગ્યો." "તરભાણું વાગ્યું." "થાળી વાગી." વગેરે. આવું બાળક ગાન કે વાદ્ય તરફ સહેજે આકર્ષાય છે. મંદિરના ઘંટને વારંવાર વગાડવા ઉંચું કરવા કહે છે. વગેરે અનેક બાબતો આપણે જોઇ શકીએ. આને ear minded (કર્ણમાનસ) એવું નામ આપી શકાય. આવું બાળક એક type (નમુનો) કહેવાય. આવું બાળક પદાર્થોને ધ્વનિ માટે તેને ખરીદે, રમકડામાં તેને પાવો સીસોટી કે એવું લેશે. ઘરની રમતોમાં તે કંઇક એ મનને તૃપ્તિ મળે તેવી ગોઠવણ કરશે.

મુક્ત રાખવાની બહુ જ આવશ્યકતા છે એટલે કે બાળકના પહેલાં પાંચ વર્ષો દરમ્યાન તેને ચડ્ડી કે ઘાઘરી કે પાટલૂન કે એવું કંઇ ન પહેરાવવું એ જ સાચો નિયમ છે."

વિધાન વિચારવા જેવું છે. સંસ્કારી ને શ્રીમંત કુટુંબોમાં પોશાકની ઘેલછા લાગેલી છે એ વાત સાવ સાચી છે. એના નકામા ભારમાંથી ખાસ કરીને બાળકો જેટલાં વહેલાં મુક્ત થાય તેટલું આવશ્યક છે.

બાળકને પોશાકથી દેખાવડું બનાવવામાં તેના શરીરવિકાસને હાનિ પહોંચાડવાની સાથે તેને થતી માનસિક હાનિ તો વધારે ગંભીર સ્વરૂપની હોય છે. માણસની માણસ તરીકે નહિ પણ પોશાક ઉપરથી કિંમત આંકવાનું ખોટું સામાજીક માપ બાળકને તેના કપડાની અતિશયતામાંથી જ મળે છે. લોકોમાં દેખાવડું થઇને ફરવાની અને પોશાકથી તેમનું ધ્યાન પોતા તરફ ખેંચવાની વૃત્તિ પણ એમાંથી જ જાગે છે. એવી અનેક પ્રકારની હાનિ પોશાક સંબંધેનો પૂરો વિવેક કેળવાયો ન હોવાથી થાય છે.

પોશાક વિરૂદ્ધ આટલું સ્વીકારીએ તોપણ ભાઇનું ત્રીજું વિધાન એમ ને એમ સ્વીકારતાં મન અચકાય છે. બરી રીતે બાળકનું આખું શરીર જ નાની ઉંમરે વિકસતું હોય છે એટલે તેને માથે, શરીરે કઇ ઉપર કે કઇ નીચે જે કાંઇ પહેરાવવામાં આવે તે તેના શરીરવિકાસને હરકત ન થાય એટલું થોડું ને ખુલ્લું હોવું જોઇએ. બંડી, પહેરણ કે પોલકું પહેરવાથી જે છાતી અને પેટને (બાલ્યાવસ્થામાં મુખ્યત્વે હરીને વિકાસના અવયવો એ છે. જનનેંદ્રિયનો વિકાસ દસ વરસ પછી થાય છે) હરકત ન આવતી હોય તો ચડ્ડી પહેરવાથી કઇ નીચેના ભાગને શી હરકત પહોંચતી હશે ! વિકાસની દૃષ્ટિએ કોઇ પણ જાતનાં કપડાંથી હરકત જ થતી હોય તો ભાઇ બાળકને સાવ ઉઘાડાં રાખવાની હિમાયત કરે તો તે વધારે સુયુક્તિક છે.

વાત એમ છે કે મનુષ્યની ઉત્તમ વિકસિત સ્થિતિ એવી કલ્પી શકીએ કે મનુષ્ય વસ્ત્રનો ભાર નકામો ગણી ત્યજી દે. આજની આપણાં શરીરની કે મનની સ્થિતિ નિર્વસ્ત્રતા ઝીલી શકે એવી નથી. આપણાં બાળકોનાં શરીરો તેમને આપણે આપેલાં હોવાથી તેમને ટાઢ તડકાથી રક્ષણની જરૂર પડે છે. રક્ષણ વગર તેમને નીમોનીયા ને Sunstroke થાય છે. સાથે સાથે માનસિક સુદૃઢતામાં પણ તેઓ આપણાં જ બાળકો છે એમ આપણે ક્ષણેક્ષણે જોઇ શકીએ છીએ. સિવાય આપણા આજના સમાજમાંથી દૂર તો આપણે જઇ શકવાના નથી જ. એટલે એ બધાંનો વિચાર કરતાં કેવળ નિર્વસ્ત્રતાની હિમાયત આપણે કરી શકતાં નથી.

નિર્વસ્ત્ર અથવા ચડ્ડીવગર ફરતું બાળક આપણી દૃષ્ટિએ વિશેષતઃ સંસ્કારી સમાજની દૃષ્ટિએ અસભ્ય લાગે છે, અસહ્ય લાગે છે. તેના ઉપર આપણે ટીકા કરી શકીએ. તેમ લાગવાની જરૂર નથી એમ કહી શકીએ. પણ બાળકની નગ્નતા આપણે જોઇ શકતાં નથી એ વાત જે આપણી નૈતિક અશક્તિ બતાવે છે તે ભૂલવું ન જોઇએ અને આપણી અશક્તિ કેટલેક અંશે બાળકોને વારસામાં મળી છે એ પણ ભૂલવું નહિ.

બાળક નગ્ન થાય ત્યારે મા-બાપ કે શિક્ષક

કદાચ વિચારીને કાંઈ ન કહે તોપણ આજુ આજુનું કોઇ ને કોઈ તો કહે જ છે કે "એ તૂં નાગો, નાગો."

નાગા કહેવાથી જ બાળકમાં નમ્રતાની સ્વાભાવિકતાને બદલે કાંઇક વિશેષતા જાગૃત થાય છે ને તેથી થતી માનસિક હાનિ ચડ્ડીથી અટકતા કેળના વિકાસ કરતાં સો ગણી વધારે થાય છે.

તેમજ બાળકો નગ્ન-એટલે ચડ્ડી વગર-ફરતા હોય ત્યારે પોતાની ઇંદ્રિયને ચુંથવાની ટેવ પણ તેમનામાં વિશેષ આવતી દેખાય છે.

બીજું નગ્ન બાળકો એકબીજાની ઇંદ્રિયને અડવાની રમત ઉપર પણ વહેલાં ચડી જતાં જોવામાં આવ્યાં છે. એવી રમતનું મૂળ કદાચ શુદ્ધ જીજ્ઞાસામાં હોય તોપણ એવી રમતો આખરે હાનિકારક નીવડવાની છે એમાં શંકા જ નથી. માટે આપણું એટલે માબાપ અને આસપાસની સમાજનું અને આપણાં બાળકોનું આજનું શારીરિક અને માનસિક બળ જોતાં નિર્વસ્ત્રતામાંથી લાભ કરતાં હાનિ જ વધારે થાય એમ લાગે છે.

સાથે સાથે એ પણ બરૂં કે બાળકોની નમ્રતા સામે વિશેષ પડતી સૂગ આપણે આજ કાલ પાશ્ચાત્યોના અનુકરણ તરીકે કેળવવા લાગ્યાં છીએ. તેમજ પાશ્ચાત્યોનું ખોટું અનુકરણ કરી બાળકને ચડ્ડી ને પાટલૂન. વગેરે એવું કઢંગું પહેરાવીએ છીએ કે તેથી પણ બાળકને નુકસાન થાય. ચડ્ડી કે પાટલૂન વિશેષ ટાઇટ હોય, (વિલાયતની ચડ્ડીઓ આવે છે તેવી) તો તેથી શરીર વિકસવામાં હરકત આવે એટલું જ નહિ પણ બીજી રીતે પણ નુકસાન છે થાય.

સારાંશ આજની સમાજમાં ચડ્ડી કે વસ્ત્ર વગર બાળકને ફરવા દેવું ઠીક નથી. પણ ચડ્ડી બુલતી ને ઢુંકી હોવી જોઇએ. જેથી બાળકને તેના ત્રાસથી ત્રાસવું ન પડે. તા૦

નોંધ

બીજે ઠેકાણે આપેલું એક શાળાનું વર્ણન વાંચી કોઇએ અંગત બોટું લગાડવાનું નથી. બ્રતાં મોન્ટીસોરી સંઘના સભ્ય તરીકે દરેકે દુઃખી થવાનું છે. આપણે મોન્ટીસોરી તત્ત્વો અને શિક્ષણ પદ્ધતિનો પ્રચાર કરવા પ્રયત્ન કરીએ છીએ. તેથી મોન્ટીસોરી પદ્ધતિની જેટલી વધારે શાળાઓ નીકળે તેટલી સારી એમ માની ખુશ થઇશું. પરંતુ મોન્ટીસોરી સાધનો રાખી મોન્ટીસોરી તત્ત્વોથી વિરુદ્ધ ચાલનાર શાળાઓ જેટલી નીકળે અથવા ચાલે તેટલું આપણું કામ આગળ ધપવાને બદલે બમણું પાછળ પડે છે તે જોઇ કોઇ પણ સાચી પદ્ધતિનો ઉપાસક અત્યંત દુઃખી થાય એ જ સ્વાભાવિક છે.

સાધનોનું મિશ્રણઃ—ઘણી જગ્યાએ એમ જોવામાં આવે છે કે શાળામાં મોન્ટીસોરીના, ફ્રોબેલના અને બીજાં અનેક સાધનો રાખવામાં આવે છે. તપાસ કરતાં ઘણીવાર જવાબ મળે છે કે અમે એક મોન્ટીસોરીને જ નથી માનતાં અમે બધાં સાધનો રાખીએ છીએ. એનો અર્થ શું એ નથી કે અમે એકે તત્ત્વ કે સિદ્ધાન્તમાં માનતાં નથી? મોન્ટીસોરી પદ્ધતિ વિકાસના અમુક ચોક્કસ નિયમ ઉપર રચાએલી છે ને એના સાધનોની પાછળ પણ તેની બાસ ફિલસુફી છે. એવાં સાધનો જ્યારે ગમે તે શાળામાં કે ઘરમાં પેસતાં અને દુરૂપયોગનો ભોગ થઇ પડતાં આપણે જોઇએ છીએ ત્યારે આવા પ્રચારથી આનંદ થવાને બદલે દુઃખ જ થાય છે. એના કરતાં મોન્ટીસોરી સાધનોનો પ્રચાર નજ થાય તો વધારે સારૂં.

શાળાનું નામઃ—ઘણાંઓ મોંટીસોરી શાળાનું

જેવી કે વાજંવાળાની રમત વગેરે.

બીજો નમુનો visual minded (ચક્ષુ-માનસ)નો છે. ચક્ષુમાનસ બાળક છેક બાલ્ય-કાળથી પોતાનો બધો વ્યવહાર આંખથી ચલાવે છે. રૂપ અને રંગ એ એનાં પ્રધાન આકર્ષણો છે. ઘોડીયામાં સૂતું સૂતું તે ઘોડીના પરના મોર, ચકલી ને પોપટના રંગરૂપની સામે જુએ છે ને જોઇ જોઇને હસે છે. માનો ચહેરો તે પહેલાં ઓળખે છે. તેને ચહેરાની ઓળખાણ પહેલી પડે છે તેથી તે અજાણ્યાને ઝટ ઓળખીને તેની પાસે નથી જતું. જરા મોટું થતાં ને બોલતાં આવડતાં તે રૂપ રંગની વિશેષતાવાળી ચીજો ભેગી કરે છે. ખુબી તો એ છે કે તે જ્યાં ત્યાં જાત જાતના આકારોને કલ્પે છે. આકાશનાં વાદળાં જોઇ તેમાં હાથી, વાઘ, કે કૂંજ ને કૂંજના આકારો બતાવે છે. ભીંત ગાર ઉખડી ગઈ હોય, પાણી કે દૂધ ઢોળાયું હોય ને તેને લીધે દેખાવ થયેલ હોય, અમસ્તી રેતી કે ધૂળ ઉંચી નીચી પડી હોય ને આકારો બનતા હોય ત્યાં તે કેટલાયે આકારો દેખશે ને દેખાડશે. "ભાઇ, ભાઇ, જુઓ તો આ મગર જેવું લાગે છે ખરું?" "એઇ, આ તો ડુક્કરના મોઢા જેવું છે." "આ રોટલીનો ખુણો શીંગડા જેવો છે." "આ બટેટું દેડકાના બચ્ચા જેવું લાગે છે." જે આપણે બાળકો જુએ છે ને બોલે છે તે તરફ જરા ધ્યાન આપીશું તો આવું આપણને ડગલે ને પગલે જણાશે. આવા રૂપરંગ માનસ બાળકના જ્ઞાનસંગ્રહમાં કેટલાંય બધાં રૂપોની યાદી હોય છે. આપણને થાય કે આ બાળકે જાતે જાતના પથરાના જૂદા જૂદા આકારો ક્યારે જોયા હશે, કયારે એણે ઝીણાં ઝીણાં જંતુઓને અને પતંગીયાંને એટલાં બધાં ધારી ધારીને બારીકાઈથી જોયાં હશે કે તેને તેની નાની નાની બાબતો ધ્યાનમાં અને સ્મૃતિમાં છે? પણ તેમજ છે એ તો હકીકત છે. તેને રૂપરંગમાં એટલું બધું યાદ રહે છે તેનું કારણ એ છે કે તેમાં તેને રસ છે. તેમાં તેનો જીવન-વિકાસ છે. તે વસ્તુ તેને દિનરાત સ્પર્શે છે. તે વસ્તુમય છે. તેને બીજી બાબતો યાદ ન પણ રહે. તે સાથે સાથે ધારો કે કર્ણમાનસ ન હોય તો ધ્વનિઓ યાદ ન રહે. સ્મૃતિનો આધાર રસ છે. દરેક મનુષ્યને જેમાં રસ હોય તે જેટલા પૂરતો હોય તેટલા પ્રમાણમાં તેને તે વસ્તુ યાદ રહે છે. તેથી જ રૂપરંગમાનસ બાળકની સ્મૃતિ જ્યારે બાબતમાં અદ્‌ભુત લાગે, ત્યારે સ્પર્શમાનસ બાળકની સ્મૃતિ સ્પર્શના પદાર્થોમાં અદ્‌ભુત લાગશે.

સ્પર્શમાનસ બાળક સ્પર્શના પદાર્થોને બારીકાઈથી હાથ ફેરવીને જોશે. પદાર્થોને તે દૂરથી આંખથી નહિ જુએ. તેને તેમ દેખાડતાં સંતોષ નહિ થાય. તેને તેનું વર્ણન જીવન્ત નહિ લાગે. તે પદાર્થને બીજાના હાથમાંથી આંચકી લઈ 'જોઉં' કરી હાથ ફેરવીને જોશે. તેની આંખ જ સ્પર્શ છે; એને બીજો રસ્તો નથી. એક છોકરી પ્રદર્શનમાં ચિત્રો જોતી હતી. એક ક્રેયોનનું ચિત્ર હતું. ચક્ષુમાનસવાળાને જોવા માત્રથી તેની ખાત્રી થઈ. આ છોકરી જ્યારે તેને અડીને સ્પર્શથી જાણ્યું ત્યારે સંતોષ પામી; ત્યારે તે ચિત્રની ખુબી સમજી; ત્યારે તેને આનંદ થયો. બાળકોમાં કેટલાંકોને કાંઈ એવાં એવાં બધું જોતાં આવશે. બસ તેમાં તેમને તૃપ્તિ મળે છે. બીજાં ગાડીમાંથી કે કાંઈથી હેઠાં ઉતરી જાતે હાથે તપાસીને જોશે ત્યારે જ જંપશે. સ્પર્શમાનસ-

નામ રાખી હમેશની પદ્ધતિએ કામ લેતા દેખાય છે. જ્યારે કેટલાંએક કિંડરગાર્ટનનું નામ પાડી મોન્ટીસોરીનાં સાધનો મોંટીસોરી પદ્ધતિનુસાર વપરાવવાનો પ્રયત્ન કરે છે આજે તો નામમાં બહુ મહત્ત્વ છે જ. મોંટીસોરી પદ્ધતિ અમુક ખાસ સિદ્ધન્તો માને છે એટલે મોંટીસોરીનું નામ રાખી તેના સિદ્ધાન્તોનું પાલન કરવાના પ્રયત્ન પણ ન થતો હોય તો તે મોંટીસોરી પદ્ધતિનો પ્રચાર નહિ પણ નાશ કરવાનું જ પગલું છે. કિંડરગાર્ટનનું નામ રાખી મોંટીસોરી ચલાવવાવાળા કિંડરગાર્ટન પદ્ધતિને અને મોંટીસોરી પદ્ધતિ બાજુએ રહેલાં માનસશાસ્ત્ર અને ફિલ્સુફીનો ગોટાળો કરે છે. એમાંથી કોઇ પણ પદ્ધતિને અનુસરતી ન હોય તો 'બાળશાળા' કે એવું ગમે તે સ્વતંત્ર અને પોતાની પદ્ધતિસૂચક નામ રાખી શકાય. પણ કોઇ પણ ખાસ પદ્ધતિદર્શક નામ રાખીએ તો તે પદ્ધતિએ જ કામ ચાલવું જોઇએ.

શિક્ષણ પદ્ધતિ:—પેલી શાળાના વર્ણનમાં આપણે જોઇ શકીશું કે ત્યાં પદ્ધતિનો કેવો ગોટાળો છે. એક બે ગોટાળા ખાસ ધ્યાન ખેંચવા જેવા છે. ત્યાં અક્ષરો ખંડ પદ્ધતિએ શીખવાય છે જ્યારે મોંટીસોરીમાં આખો અક્ષર સ્પર્શ, આંખ અને આંગળીના સ્નાયુ આગળ આકાર ગ્રહણના અનુભવ માટે મુકાય છે. એમ છતાં સાથે સાથે મોંટીસોરીના રેતીયા અક્ષર પણ શાળામાં રાખવામાં આવ્યા જ છે. આમાં તો સાધનોનો લોભ લાગે છે. એક વખત એવો હતો કે જેટલા સાધનો વધારે હોય તેટલી શાળા વધારે સુસંપન્ન ગણાય. પણ હવે તો બધાંને અનુભવ થઈ ગયો છે કે સાધનો તો માત્ર ધૂળ ખાય છે ને શિક્ષણનું કામ તેના વગર જેમ પહેલાં ચાલતું હતું તેમજ ચાલે છે ત્યારે હવે તો શાળાના ચાલકોએ સાધનો વધારતા પહેલાં આપણે કઇ પદ્ધતિએ કામ લેવા માંગીએ છીએ તે વિચારીને તે માટેના જરૂરનાં જ સાધનો તેઓ ખરીદે તો નકામો ખર્ચ થાય નહિ અને સાફસુફ કરવાવાળાની ધૂળ ખંખેરવાની નકામી મહેનત વધે નહિ. કવિતા શિક્ષણમાંનો સંવાદ સ્વત જ શિક્ષણની નિષ્ફળતા બતાવે છે. આ પદ્ધતિએ કવિતાનું કાવ્ય ઝીલવાનું કે ઈશ્વરને જાણવાનું થાય ખરૂ? ભગવાનને ભજવાથી લેસન આવડે એવો પામર લાભ બાળકોના મન ઉપર ઠસાવવા કરતાં ઇશ્વર કે ઇશ્વરભક્તિ વિષે શાળામાં મૌન રહે એ વધારે સારૂં નહિ? **તા.૦**

અનુક્રમ

૧૭	આગ્રહ અને મહેનત ...	... ગિ.	૨૨	મોન્ટીસોરી સાધનોનો ઉપયોગ	ગિ.
૧૮	આપણાં બાળકો ...	... ગિ.	૨૪	મોટી બેન કરશે ...	... તા.
૧૯	ઘરીયાળ ઉઘાડી ધોને (૧) (૨)	ગિ.	૨૫	ગાણુત	... ગિ.
૨૦	પગ ભાંગીને આવ્યો ...	... મો	૨૬	છાનું રાખવું જ જોઇએ?	... તા.
૨૦	હીરા શું કામ રોતી હશે?	... ગિ.	૨૮	વાર્તા માટે ખાસ શિક્ષક	... ગિ.
૨૦	કોનો વાંક?	... ...	તા.	૨૯ એક શાળા	સોસુમેન
૨૧	નંદુબા કેમ બનાણાં? ...	... ગિ.	૨૯	નિર્વસ્ત્રતા (ચર્ચાપત્ર) ...	... તા.
૨૨	બાળકની અંગ સ્વચ્છતા	... ગિ.	૩૦	નોંધ	... તા.

મુદ્રણસ્થાનઃ શ્રી "સરસ્વતી" છાપખાનું, બજાજ બિલ્ડીંગ, દાણાપીઠ, ભાવનગર.

શિક્ષણ પત્રિકા

(મૉંટીસોરી સંઘ)

વર્ષ ૨ જું
૧૯૮૩

અંક ૩ જો
વૈશાખ

: તંત્રી :
ગિજુભાઇ
તારાબેન

:: ઝીણી દૃષ્ટિ ::

સામાન્યતઃ મનુષ્ય જેમ સ્થૂળમાંથી સૂક્ષ્મમાં જાય છે તેમ જાડી દૃષ્ટિમાંથી ઝીણી દૃષ્ટિમાં જાય છે. પ્રાથમિક મનુષ્યની દરેક વિષયમાં જાડી દૃષ્ટિ હતી. અગમ્ય એવા કુદરતના બનાવોને તે જાડી દૃષ્ટિએ દેવનાં કામો ગણતો. અજ્ઞાત પ્રદેશોને તે રાક્ષસ કે જાદુના પ્રદેશો લેખતો. તેનો ખોરાક જાડો હતો. પહેરવેશ ચામડાનો હતો. રહેણીકરણી પણ સાદી છતાં જાડી હતી: ટૂંકમાં તેની સમગ્ર દૃષ્ટિ જાડી હતી.

જેમ મનુષ્ય સંસ્કારી બનતો ગયો, તેમ વહેમમાંથી વિજ્ઞાનમાં આવતો ગયો; આચાર વ્યવહારમાં સંસ્કારી એટલે ઝીણવટમાં ઉતરનારો થયો; વિચારમાં પણ તે ઉંડો જ ઉતર્યો: ટૂંકમાં પ્રાથમિક મનુષ્યમાંથી તે આજનો સંસ્કારી મનુષ્ય બન્યો.

બાળકો પ્રથમ દરેક કામ જાડું કરે છે; આગળ વધતાં એ જ કામ ઝીણું કરે છે. રંગના જાડા લીંટા કાઢતાં કાઢતાં પરિણામે તે આછા લીંટા કાઢતાં શીખે છે. શરૂઆતમાં બાળકની ભાષા જાડી એટલે માત્ર વાસ્તવિકતા પૂરતી જ હોય છે; આગળ જતાં તે ભાવવાહી એટલે સૂક્ષ્મ બનતી જાય છે. શરૂઆતમાં બાળકનું બેસવું, ઉઠવું, ખાવું પીવું, બોલવું વગેરે કામ બેતાલ ને બેઢંગું લાગે છે; પણ આગળ વધતાં તે સૌંદર્યપૂર્ણ, તાલબદ્ધ અને મેળવાળું દેખાય છે. આમ બાળક વિકાસની સાથે જાડામાંથી ઝીણા તરફ જતું જાય છે.

શિક્ષણમાં આ વિચાર મહત્ત્વનો છે. એકાએક ઝીણી દૃષ્ટિનો આગ્રહ રાખવો એ ભૂલ છે. વિકાસ સાથે જ મનુષ્યની દૃષ્ટિ આગળ વધશે ને એમ મનુષ્ય પ્રગતિને માર્ગે આગળ ને આગળ જશે. વિકાસનો આ ક્રમ સ્વાભાવિક છે. એને આપણે શિક્ષકો ધ્યાનમાં રાખીએ.

વાળાં બાળકો કોઇનાં લૂગડાંને અડતાં, જ્યાં ત્યાં ધીરે ધીરે હાથ ફેરવતાં, કે લપસતાં જોવામાં આવશે. તેઓ ચિત્રો જોશે તો ચિત્રની ફરતી આંગળી ફેરવશે. દૃષ્ટિથી નહિ પણ સ્પર્શથી તેના ઉપર ફરી વળશે. આવાં બાળકો વાજું વગેરે સાંભળતી વખતે તેના ઉપર હાથ મૂકવાનો આનંદ લેવા જાય છે.

આમ બાળકોમાં ભેદ હોય છે; કોઇ ચક્ષુમાનસ હોય તો કોઇ સ્પર્શમાનસ હોય છે.

આ ભેદો તેની વિશેષતાના છે. દરેક સાધારણ બાળકને જ્ઞાનેન્દ્રિયો ને મન હોઇ તે સર્વનો ઉપયોગ કરે છે. પણ પ્રત્યેક બાળક કોઇ ને કોઇ એક કે બે ઇંદ્રિયોનો વધારે ઉપયોગ કરે છે. તેનું મન તેના વ્યાપારોમાં અન્ય ઇંદ્રિયોના વ્યાપારો કરતાં વધારે આનંદ લે છે ને રોકાય છે. આનું કારણ મનુષ્યના અંતરમાં છે. જેના બીજમાં સમર્થ ચિત્રકાર છે તેની સામે દુનિયા રૂપરંગની બનેલી રહે છે. જે સંગીતી છે તેને દુનિયામાં ધ્વનિઓ જ માત્ર છે એમ ભાસે છે. દુનિયા એમની એમ જ છે પણ તે એકને જીવન્ત છે ત્યારે બીજું તે પ્રત્યે અંધ કે બધિર છે.

સમધારણ ઇંદ્રિયો અને સમધારણ મનવાળાં બાળકને સર્વ ઇંદ્રિયો વાપરવાની અનુકૂળતા હોવા છતાં જ્યારે તેના કુદરતી ભેદે તે વિશેષ પ્રકૃતિનું દેખાય ત્યારે તેને ઓળખવાની ને તેવું તેને સ્વીકારવાની પ્રથમ જરૂર છે. હરેક શિક્ષણપદ્ધતિમાં ઇંદ્રિયોની trainingનો અવકાશ અગત્યનો છે. પણ તેથી વધારે અગત્યનું વિશેષ પ્રકૃતિને વિશેષ માર્ગે જવાની અનુકૂળતા કરી આપવાનું છે.

જે આપણે ઘરમાં છેક નાનપણથી બાળકોના કુદરતી ભેદો પારખવા તરફ ધ્યાન જ ન આપીએ; જે આપણે શાળામાં ઇંદ્રિયોના વિકાસને અવગણીએ, અગર ઇંદ્રિયવિકાસનો પ્રબંધ કરનારી શાળામાં સરખા જ અવકાશ ઉપર ભાર દઇ વિશેષ વિકાસનો વિરોધ કરીએ તો આપણે બાળકના વ્યક્તિત્વને મારી નાખીશું.

મનુષ્ય એટલે તેનું શરીર, ઇંદ્રિયો, મન વગેરે ઉપરાંત તે પોતે–તેનું વ્યક્તિત્વ. એ વ્યક્તિત્વ એક બીજાનું જૂદું જૂદું છે. વૃક્ષેવૃક્ષનું વ્યક્તિત્વ જૂદું જૂદું છે. બી કેરે વ્યક્તિત્વ કેર છે. અંદરના બીમાં રહેલ વૃક્ષત્વને સંપૂર્ણ કરવામાં વિકાસ છે. એમ જ મનુષ્ય પરત્વે છે. વ્યક્તિત્વની સંપૂર્ણતાના માર્ગે જવું એટલે વિકાસમાં આગળ જવું. વિશેષતાને સંપૂર્ણતાએ પહોંચાડતાં કોઇ ભક્તિમાર્ગે, કોઇ જ્ઞાનમાર્ગે, કોઇ કર્મમાર્ગે, કોઇ સમર્થ ચિત્રકાર થઇ, કોઇ સંગીતી થઇ, કોઇ ગણિતી થઇ પોતાને પૂર્ણ કરશે. માટે આપણે બાળકનું વિશેષ વ્યક્તિત્વ તેને જોઇને જાણીએ, ને તે સિદ્ધ કરવા અનુકૂળતા અને મદદ આપીએ.

ગિ.

મોન્ટીસોરી પદ્ધતિ પદ્ધતિનો વિસ્તૃત ગ્રંથ કિંમત રૂા. ૨) તુરત નામ નોંધાવનાર માટે.

"શ્રીદક્ષિણામૂર્તિ" ત્રૈમાસિકનો "**મોન્ટીસોરી સંમેલન અંક**" પત્રિકાના ગ્રાહકોને રૂ. ૦–૧૨–૦માં.

ગ્રાહકોએ પત્રવ્યવહાર વખતે પોતાનો ગ્રાહક નંબર લખવો.

ચંદ્રનો ચાંદ

પાપડી વીણતાં વીણતાં ચંદ્રની બાએ કહ્યું: "આ ચંદ્રના ચાંદની સામે તો જુએા. કેવી રીતે ભરાવ્યું? આમ સરલ રીતે ભરાવવાની મેં ઘણી માથાકૂટ કરી પણ તેણે આખરે આમ જ ભરાવ્યું: કારણ સમજ્યા? ચંદ્ર કહે છે કે 'એમ ભરાવીએ તો મારાથી ચાંદ સામે વારે વારે નેવાય."

વાત ખરી હતી. ચંદ્રને ચાંદના ચિત્રને જોવું ગમતું હતું. આપણે સૌ ચાંદ લટકાવીએ છીએ તેમ જે તે લટકાવે તો ચાંદનું ચિત્ર આપણી સામે આવે એટલે આપણને તો દેખાય પણ ચંદ્રને અવળું પડે ને ન દેખાય. ચંદ્રએ પોતાની દૃષ્ટિનો વિચાર કરી આપણી દૃષ્ટિએ અવળું ચાંદ ભરાવ્યું હતું. મને લાગ્યું કે આપણી અને બાળકની દૃષ્ટિમાં જે તફાવત રહે છે તે અહીં છે. ચાંદમાં આપણી કયા માણસની પસંદગી છે અર્થાત્ આપણો કયા મનુષ્ય પ્રત્યે પક્ષપાત છે, અથવા આપણે કેવા વિચાર ધરાવનારને પૂજીએ છીએ વગેરે બાબતો આપણે અન્યને સમજાવવા કે મનાવવાના હેતુથી આપણો ચાંદ તેને બરાબર દેખાય તેમ લટકાવીએ છીએ અને મલકાઇએ છીએ. આમાં બીજાની સામે આપણે કેવા લાગશું કે આપણું બીજાને કેવું દેખાશે તે વિચાર છે. ચાંદ આપણને કેવું ગમ્યું તેનો વિચાર અગર તો તે લટકાવીને આપણે કેટલો આનંદ લૂંટ્યો તેનો અનુભવ આપણે મન ગૌણ છે. કોઇ ચાંદ સામે ન જુએ અગર તો તેને નિંદે તો આપણને સારૂં નહિ લાગે. આપણે ખોટી પસંદગી કરી છે એમ કોઈ કહેશે તો આપણને તેમ કર્યા માટે અસંતોષની લાગણી થશે. "આપણે સાચી પસંદગી કરી હોત તો કેવું સારૂં દેખાત" તેમ આપણને થશે. "આપણને ગમ્યું તેવું લટકાવ્યું. ભલે બીજાને ન ગમ્યું તો કંઇ નહિ." તેવું સમાધાન આપણને રહેતું નથી. કારણ એ છે કે મોટે ભાગે આપણે બહાર માટે જીવીએ છીએ, જેમ ચાંદની બાબતમાં આપણે બીજાને કેવું લાગશે, તેનો અભિપ્રાય કેવો પડશે, તેનો પ્રથમ વિચાર કરી આપણે બોલીએ છીએ ને આચરીએ છીએ તેમ. આ બહિર્મુખતાનું લક્ષણ છે. એકન્દરે આપણે બહિર્મુખ વધારે છીએ. બાળક અંતર મુખ વધારે છે. ઉપલા દાખલામાં ચંદ્ર પોતાનો વિચાર કરે છે. પોતાને જોવાની સગવડ પડે તેમ ચાંદ દેખાય તેવો પ્રયત્ન કરે છે. બીજાને અવળું દેખાશે, ગમશે કે નહિ તેનો તેને લેશમાત્ર ખ્યાલ નથી. તેની પાસે આપણે તેના ચાંદને આમ નહિ ને તેમ રખાવીએ છીએ ત્યારે તે રડે છે. તેનો ચાંદ રાખવાનો આનંદ ચાલ્યો જાય છે. વસ્તુ જ સમુળગી નકામી થઈ પડે છે. તેની આંખ આગળ આપણા જગત કરતાં પોતાના અંતરનું જગત છે. તે બીજાનાં ચશ્માં પહેરતું નથી ને પહેરવા ઇચ્છતું પણ નથી. માટે જ તે ચાંદ કે એવી કેટલીયે ચીજો પોતાની દૃષ્ટિથી ભેગી કરે છે. પોતાની રીતે પોતાની પાસે રાખે છે, ગોઠવે છે, અને પોતાને કેવી શોભશે ને સગવડ ભરી છે તેનો જાતે જ વિચાર અને નિર્ણય કરે છે.

પરંતુ આપણે એની સ્વયંસ્ફૂર્તિ અને આત્મ-નિર્ણયની આડે આવીએ છીએ. આપણે આપણા પરંપરાગત અગર શિક્ષણાગમ સુંદર અસુંદર, શોભતું અશોભતું, કૃપાળું કરૂપું, સારૂં લાગે ખરાબ લાગે ના ખ્યાલો બાળકમાં પરાણે નાખીએ છીએ. તેણે આપણને ગમતી રીતથી જૂદી રીતે ટોપી પહેરી હોય છે તો આપણે કહીએ છીએ "આમ પહેર. ભૂંડો લાગીશ." તેને અમુક રીતે ફરવું, હરવું, પહેરવું, ઓઢવું, કરવું, કારવવું વગેરે ગમતું

હોય તો આપણે તેને કહીએ છીએ: "એમ તો એલા તારી બધ્ધા હાંસી કરશે; વરવો લાગીશ. ને બીજા બધ્ધા કેમ કરે છે? ઇ બધ્ધા ગાંડા ને તું જ ડાહ્યો?" આમ કહી કહીને આપણે તેને આપણું ધોરણ આપીએ છીએ. પ્રથમ બાળકનો આત્મા નિર્મળ હોવાથી, વ્યાજ બંધન રહિત હોવાથી તેની સામે થાય છે, તેને ફેંકી દેવા કરે છે, તેના વિના ચલવે છે. પણ આખરે આપણી કોઇવારની નોહુકમી, કોઈવારની પજવણી, કોઇવારની ફોસલામણી, કોઇવારની સમજાવટ વગેરે વગેરેથી આપણા વિચારો અને આચારોને તે એટલા તો પોતાના કરી લે છે કે જ્યારે તેની પાસે તેનાથી નાનું બાળક આવે છે ત્યારે તે રીતસર આપણી જ રીતે તેને પોતે પહેરેલું જડ ચોકઠું પહેરાવવા, સ્વમતાગ્રહને મગજમાં ઠોકવા, ભારે મહેનત કરે છે. ને જ્યારે તેઓ મોટાં થાય છે ત્યારે તો તેઓ આપણી જ છતાં વધારે આગ્રહી પ્રતિકૃતિઓ થઇને ઉભાં રહે છે. અને જે માટે આપણી સામે બંડ કરતાં હતાં તે જ વાતને બાળકના બંડ તરીકે ગણી તેને શમાવે છે:

મને લાગે છે કે ચંદુને જેમ ચાંદ ભરાવવું હોય તેમજ ભરાવવા દઇએ. એને પ્રથમ આત્મલક્ષી થવા દઇએ. પ્રથમ એને પોતાની વ્યક્તિની દૃષ્ટિ મેળવવા દઇએ. પછી તે અન્યની દૃષ્ટિ જોઇ શકશે. પોતાની દૃષ્ટિ પોતાની પાસે હોવાથી તે અન્યની દૃષ્ટિને સમજીને ન્યાય પણ આપી શકશે. તેનામાં ઉદારતા આવશે, સહિષ્ણુતા આવશે. ગિ.

નાના મોટાનો ખ્યાલ

ટીકુ પુરીઓ વણતી હતી.

એ કહે, "હું નાનકીક નાનકીક કરીશ." થોડી વાર પછી એ ત્રણ ગુંડાનાં ભેગાં કરીને કહે, "મારે તો મોટી કરવી છે."

થોડીવાર પછી કહે, "હું તો નાનકી છું."

મેં પૂછ્યું, "ને બેબી કેવી છે?"

"એ તો મોટી છે."

"ને હું કેવી છું?"

"તમે મોટાં છો."

"તું કેવી છે?"

"હું નાની છું. મોટી થઇશ."

"બાબી કેવી છે ને હું કેવી છું?"

"તમે બાબી કરતાં મોટાં છો."

૨॥–૩ વર્ષે સામાન્યતઃ બાળકને પોતાનું શરીર ને આસપાસનાં માણસોનાં શરીરનાં કદનો બરાબર ખ્યાલ આવવા લાગે છે. તે જ ઉંમરે કદ સંબંધેના અસ્પષ્ટ ખ્યાલો વધારે સ્પષ્ટ ને ચોક્કસ થાય તે માટે તેની આગળ યોગ્ય સાધનો આવવાની જરૂર છે. તા.

મોટો શંખ

"મોટો શંખ! આવડો મોટો ઢાંઢો થયો છે ને રોવે છે શું? જો ભણ્યો છે ચાર ચોપડી અંગ્રેજીની. આપી દે એને તારી પિસ્તોલ."

"તે હું મારી પિસ્તોલ શેની આપું? ગામમાંથી મેં મારા આઠ આનામાંથી પિસ્તોલ લીધી ને એણે ફુક્કા લીધાં. ફુક્કા ફુટી ગયા એટલે કહે છે 'લાવ્ય હવે પિસ્તોલ."

"પણ તું તો મોટો છું ને ઇ કાંઇ સમજે છે?"

"તે મોટો થયો તે પિસ્તોલ આપી દેવા? હું તો કાંઇ નથી આપતો; ભલે ઇ રોવે. મારી પિસ્તોલ શેની આપું?"

"જો મોટો ઢાંઢો થયો છે; મૂરખો! ગધેડો!

જેવી કે વાજંવાળાની રમત વગેરે.

બીજો નમુનો visual minded (ચક્ષુમાનસ)નો છે. ચક્ષુમાનસ બાળક છેક બાલ્યકાળથી પોતાનો બધો વ્યવહાર આંખથી ચલાવે છે. રૂપ અને રંગ એ એનાં પ્રધાન આકર્ષણો છે. ઘોડીયામાં સૂતું સૂતું તે ઘોડીના પરના મોર, ચકલી ને પોપટના રંગરૂપની સામે જુએ છે ને જોઇ જોઇને હસે છે. માનો ચહેરો તે પહેલાં ઓળખે છે. તેને ચહેરાની ઓળખાણ પહેલી પડે છે તેથી તે અજાણ્યાને ઝટ ઓળખીને તેની પાસે નથી જતું. જરા મોટું થતાં ને બોલતાં આવડતાં તે રૂપ રંગની વિશેષતાવાળી ચીજો ભેગી કરે છે. ખુબી તો એ છે કે તે જ્યાં ત્યાં જાત જાતના આકારોને કલ્પે છે. આકાશનાં વાદળાં જોઇ તેમાં હાથી, વાઘ, કે કંઇ ને કંઇના આકારો બતાવે છે. ભીંતે ગાર ઉખડી ગઈ હોય, પાણી કે દૂધ ઢોળાયું હોય ને તેને લીધે દેખાવ થયેલ હોય, અમસ્તી રેતી કે ધૂળ ઉંચી નીચી પડી હોય ને આકારો બનતા હોય ત્યાં તે કેટલાયે આકારો દેખશે ને દેખાડશે. "ભાઇ, ભાઇ, જુઓ તો આ મગર જેવું લાગે છે ખરું?" "એઇ, આ તો ડુક્કરના મોઢા જેવું છે." "આ રોટલીનો ખુણો શીંગડા જેવો છે." "આ બટેટું દેડકાના બચ્ચા જેવું લાગે છે." જે આપણે બાળકો જુએ છે ને બોલે છે તે તરફ જરા ધ્યાન આપીશું તો આવું આપણને ડગલે ને પગલે જણાશે. આવા રૂપરંગ માનસ બાળકના જ્ઞાનસંગ્રહમાં કેટલાંય બધાં રૂપોની યાદીઓ હોય છે. આપણને થાય કે આ બાળકે જાતે જાતના પથરાના જૂદા જૂદા આકારો ક્યારે જોયા હશે, કયારે એણે ઝીણાં-ઝીણાં જંતુઓને અને પતંગીયાંને એટલાં બધાં ધારી ધારીને બારીકીથી જોયાં હશે કે તેને તેની નાની નાની બાબતો ધ્યાનમાં અને સ્મૃતિમાં છે? પણ તેમજ છે એ તો હકીકત છે. તેને રૂપરંગમાં એટલું બધું યાદ રહે છે તેનું કારણ એ છે કે તેમાં તેનો રસ છે. તેમાં તેનો જીવનવિકાસ છે. તે વસ્તુ તેને દિનરાત સ્પર્શે છે. તે વસ્તુમય છે. તેને બીજી બાબતો યાદ ન પણ રહે. તે સાથે સાથે ધારો કે કર્ણમાનસ ન હોય તો ધ્વનિઓ યાદ ન રહે. સ્મૃતિનો આધાર રસ છે. દરેક મનુષ્યને જેમાં રસ હોય તે જેટલા પૂરતો હોય તેટલા પ્રમાણમાં તેને તે વસ્તુ યાદ રહે છે. તેથી જ રૂપરંગમાનસ બાળકની સ્મૃતિ જ્યારે બાબતમાં અદ્‌ભુત લાગે, ત્યારે સ્પર્શમાનસ બાળકની સ્મૃતિ સ્પર્શના પદાર્થોમાં અદ્‌ભુત લાગશે.

સ્પર્શમાનસ બાળક સ્પર્શના પદાર્થોને બારીકીથી હાથ ફેરવીને જોશે. પદાર્થોને તે દૂરથી આંખથી નહિ જુએ. તેને તેમ દેખાડતાં સંતોષ નહિ થાય. તેને તેનું વર્ણન જીવન્ત નહિ લાગે. તે પદાર્થને બીજાના હાથમાંથી આંચકી લઈ 'જોઉં' કરી હાથ ફેરવીને જોશે. તેની આંખ જ સ્પર્શ છે; એને બીજે રસ્તો નથી. એક છોકરી પ્રદર્શનમાં ચિત્રો જોતી હતી. એક ક્રેયોનનું ચિત્ર હતું. ચક્ષુમાનસવાળાને જોવા માત્રથી તેની ખાત્રી થઈ. આ છોકરી જ્યારે લેને અડીને સ્પર્શથી જાણ્યું ત્યારે સંતોષ પામી; ત્યારે તે ચિત્રની ખુબી સમજી; ત્યારે તેને આનંદ થયો. બાળકોમાં કેટલાંકોક કાગે બેડાં બેડાં બધું જોતાં આવશે. બસ તેમાં તેમને તૃપ્તિ મળે છે. બીજાં ગાડીમાંથી કે કાગેથી હેઠાં ઉતરી જાતે હાથે તપાસીને જોશે ત્યારે જ જંપશે. સ્પર્શમાનસ-

એલી લખી તારા પુક્કા તેં તોડી નાખ્યા ને હવે એની પિસ્તોલ શેની માગે છે? એમ કોઈ કોઈનું આપી દે? તારે રેવું હોય તો રે નીકર રેવા દે. જીનુ તને પિસ્તોલ નહિ આપે."

આણી કોર જીનુ રોવે આણી કોર બચી રોવે. બા આવી. "શું છે એલા જીનુ? શું છે બચી? કેમ રડો છો?"

"મને પિસ્તોલ નથી આપતો."

"તે શેનો આપું?"

"ઉભાં રહો, ઉભાં રહો, સારી કાકીએ સવારે દારૂખાનું મોકલ્યું છે એના આપણે ભાગ પાડીએ."

નભુ, ચંદુ દોડતાં આવ્યાં. બચી, જીનુ હળવે હળવે આંસુ લોતાં આવ્યાં.

"ઉભાં રહો. હારબંધ બેસી જાઓ: તું કેમ તારા પુક્કા સાચવતી હતી?" ગિ.

"કહો ભાઈ, આ બે બાકસ નભુનાં, બે ચંદુનાં, બે બચીનાં ને બે જીનુનાં. આ બે બે ફુલઝરણી; આ બે બે પેટીઓ. આ હવે એક પિસ્તોલના ફટાકીયાની પેટી છે તે..."

જીનુ: "મને આપને."

બા: "તારી પિસ્તોલ મને આપ. હું સૌને ફટાકીઆ વહેંચી આપું; પછી સૌ તારી પિસ્તોલે વારાફરતી ફટાકીઆ ફોડે. બચી તારે એવી પિસ્તોલ જોવે છે કે?"

"હા, મારે જોવે છે પણ ભાઈ નથી આપતો."

"લે હવે ફટાકીઆ ફોડવા આપશે. પણ એમ કાંઈ રોઈને લેવાય? જોતી હોય તો માગવી ને પાછી આપી દેવી. સૌ સૌનું સા રાખેના?

ઈ વળી ઢોંગ શા?

બાપા: "એલા લખુડા, માને છે કે નહિ? ઈ વળી ઢોંગ શા? મારે તો આ થાળી જોઈએ ને આ વાટકી જોઈએ ને આ જ પાટલો જોવે ને આમ જ કરવું ને તેમજ કરવું?"

લખડો: "એં એં એં તાલે માલે નથી ખાવું."

બાપા: "ન ખાવું હોય તો રે'વા દે. ચાલ આપીશ નહિ એને કંઈ ખાવા. ઈ મારે ન જોઈએ. એકવાર ભૂખ્યો સૂવા દે એટલે એની મેળાએ પાંશરો દોર."

બા: "એમ કાંઈ છોકરાને ભૂખ્યો સૂવાડાય છે? મારો તો માનો જીવ છે ને?"

બાપા: "ભાળ્યો માનો જીવ. આ એમ જ છોકરાને બગાડે છે. છોકરો એમ તેથી જ બગડી ગયો છે."

બા: "બગડી તો કાંઇ નથી ગયો. છોકરૂં છે તે હઠે ચડે. આપણાથી કંઇ એના જેવડા થઇને ઉભાં રહેવાય છે?"

બાપા: "ત્યારે તું માથું કુટ. હું તો મારે આ બહાર ચાલ્યો."

બા: "ઇ તો મારે જ પડી હોય ના? મા જણેતાથી કયાં જવાય?"

"બાપુ લખુ, રોમા. બોલી તારી ધોળી ધોળી વાટકી જોવે છે ને?"

"માલે ઇ વાટકી જોવે છે? ઇ આપ તો ખાઉં નીકલ ન ખાઉં."

"પણ બાપા, ઇ વાટકી તો કયાંય જડતી નથી. જોને પણે ધોડા ઉપર નથી. પાણીઆરે નથી. રસોડામાં નથી, કયાંય નથી. ચાલ જોઇએ આપણે શોતીએ."

"એં એં...વાટકી...માલી ઘોલી ઘોલી વાંટકી."

"માણી વાટકી હતી તો સારી. ક્યાં ગઇ હશે? ચાલ તો પણે ડામચીઆ નીચે જોઇએ? અરે અહીં પણ નથી. કયાંક ખોવાઈ ગઈ લાગે છે. કોણ જાણે આપણી કામવાળી લઇ ગઇ હોય તો?"

"લખુ, આપણે જકલબાઇને કાલે પૂછી જોશું કે તમે વાટકી લઈ ગયાં છો? જકલબાઇને કે'શું કે તમારે લખુ ભાઇને પૂછયા વિના વાટકી ન લઈ જવી."

"તાલે અતાલે માલે દુધ શેમાં લેવું?"

"લે આ પ્યાલામાં લે."

ગિ.

વ્યક્તિભેદ

બધાં બાળકોને જ્ઞાનેન્દ્રિયો છે ને બધાંય તેનો સહજ ઉપયોગ કરે છે છતાં બાળકે બાળકે તેના વિશેષ વપરાશમાં જ ખરો તફાવત પડે છે. આપણે બાળકોમાં થોડું વસીએ છીએ, તેમનું સૂક્ષ્મ અવલોકન તો ભાગ્યે જ કરીએ છીએ, તેથી આ ભેદ આપણને એકદમ કળાતો નથી. છતાં આ ભેદ છે ને તે બાળકના વિશિષ્ટ વ્યક્તિત્વનો છે. આ ભેદ બાળકની પ્રધાન રૂચીનો છે, બાળકની શ્રેષ્ઠતાનો છે. એક બાળક ધ્વનિ-પ્રધાન છે. તેને આંખો છે, સ્પર્શ છે, વગેરે બીજી ઇંદ્રિયો છે પરંતુ તેમાં તેનો કાન વધારે બળવાન છે. તે કાનથી જુએ છે, સ્પર્શે છે એમ કહીએ તો ચાલે. એટલે કે તે વિશેષતઃ કાન દ્વારા જીવે છે. તેનું જીવતર ધ્વનિના જગતમાં ગુમ થાય છે. તે ધ્વનિમાનસ છે. તેની સામે દુનિયા ધ્વનિની બનેલી છે. તે ધ્વનિજીવી છે. આવું બાળક છેક નાનપણથી આંખો માંડીને જોવાને બદલે કાન માંડીને સાંભળશે. તે રડતું હશે તે વસ્તુ લઇને કે જોઇને છાનું રહેવાને બદલે સાંકળનો ખડખડાટ સાંભળી કે ઘંટનો રવ સાંભળી કે બાનું ગીત સાંભળી છાનું રહેશે. જરા મોટું થતાં તે માણસના અને પશુપક્ષીઓ અને પદાર્થો વગેરેના અવાજો તરફ વધારે આકર્ષાશે. તેવું બાળક છાપરે હોલું બોલતું સાંભળી કહે છે: "ઈ શું બોલે છે?" તે કાગડા અને પોપટના અવાજનો તફાવત વહેલો જાણે છે. ઘણે દૂરથી આવતા ને આપણા કાનને ન સંભળાતા અવાજો તેના કાને અથડાય છે. તે કહેશે: "ગાડી બોલે છે" "મોટર ચાલી" "કાકનો પગ સંભળાયો." તે બેહું બેહું કામવાસણ કે પથરા કે પદાર્થો બખડાવતું કે ભટકાવતું જોવામાં આવશે. તેને એક બીજા ઓરડામાં બેસાડી ઘરનાં કામોના અવાજો કરી બતાવશું તો તુરત જ તે કહેશે: "કબાટ વાગ્યો." "તરભાણું વાગ્યું." "થાળી વાગી." વગેરે. આવું બાળક ગાન કે વાદ્ય તરફ સહેજે આકર્ષાય છે. મંદિરના ઘંટને વારંવાર વગાડવા ઉંચું કરવા કહે છે. વગેરે અનેક બાબતો આપણે જોઇ શકીએ. આને ear minded (કર્ણમાનસ) એવું નામ આપી શકાય. આવું બાળક એક type (નમુનો) કહેવાય. આવું બાળક પદાર્થોને ધ્વનિ માટે તેને ખરીદે, રમકડામાં તેને પાવો સીસોટી કે એવું લેશે. ઘરની રમતોમાં તે કંઇક એ મનને તૃપ્તિ મળે તેવી ગોઠવણ કરશે;

વાળાં બાળકો કોઇનાં લૂગડાંને અડતાં, જ્યાં ત્યાં ધીરે ધીરે હાથ ફેરવતાં, કે લપસતાં જોવામાં આવશે. તેઓ ચિત્રો જોશે તો ચિત્રની ફરતી આંગળી ફેરવશે. દૃષ્ટિથી નહિ પણ સ્પર્શથી તેના ઉપર ફરી વળશે. આવાં બાળકો વાજું વગેરે સાંભળતી વખતે તેના ઉપર હાથ મૂકવાનો આનંદ લેવા જાય છે.

આમ બાળકોમાં ભેદ હોય છે; કોઇ ચક્ષુમાનસ હોય તો કોઇ સ્પર્શમાનસ હોય છે.

આ ભેદો તેની વિશેષતાના છે. દરેક સાધારણ બાળકને જ્ઞાનેન્દ્રિયો ને મન હોઇ તે સર્વનો ઉપયોગ કરે છે. પણ પ્રત્યેક બાળક કોઇ ને કોઇ એક કે બે ઇંદ્રિયોનો વધારે ઉપયોગ કરે છે. તેનું મન તેના વ્યાપારોમાં અન્ય ઇંદ્રિયોના વ્યાપારો કરતાં વધારે આનંદ લે છે ને રોકાય છે. આનું કારણ મનુષ્યના અંતરમાં છે. જેના બીજમાં સમર્થ ચિત્રકાર છે તેની સામે દુનિયા રૂપરંગની બનેલી રહે છે. જે સંગીતી છે તેને દુનિયામાં ધ્વનિઓ જ માત્ર છે એમ ભાસે છે. દુનિયા એમની એમ જ છે પણ તે એકને જીવન્ત છે ત્યારે બીજું તે પ્રત્યે અંધ કે બધિર છે.

સમધારણ ઇંદ્રિયો અને સમધારણ મનવાળાં બાળકને સર્વ ઇંદ્રિયો વાપરવાની અનુકૂળતા હોવા છતાં જ્યારે તેના ફરીભેદે તે વિશેષ પ્રકૃતિનું દેખાય ત્યારે તેને ઓળખવાની ને તેવું તેને સ્વીકારવાની પ્રથમ જરૂર છે. દરેક શિક્ષણપદ્ધતિમાં ઇંદ્રિયોની trainingનો અવકાશ અગત્યનો છે. પણ તેથી વધારે અગત્યનું વિશેષ પ્રકૃતિને વિશેષ માર્ગે જવાની અનુકૂળતા કરી આપવાનું છે.

જો આપણે ઘરમાં છેક નાનપણથી બાળકોના ફરીભેદો પારખવા તરફ ધ્યાન જ ન આપીએ; જો આપણે શાળામાં ઇંદ્રિયોના વિકાસને અવગણીએ, અગર ઇંદ્રિયવિકાસનો પ્રબંધ કરનારી શાળામાં સરખા જ અવકાશ ઉપર ભાર દઇ વિશેષ વિકાસનો વિરોધ કરીએ તો આપણે બાળકના વ્યક્તિત્વને મારી નાખીશું.

મનુષ્ય એટલે તેનું શરીર, ઇંદ્રિયો, મન વગેરે ઉપરાંત તે પોતે—તેનું વ્યક્તિત્વ. એ વ્યક્તિત્વ એક બીજાનું જૂદું જૂદું છે. વૃક્ષેવૃક્ષનું વ્યક્તિત્વ જૂદું છે. બી ફેરે વ્યક્તિત્વ ફેર છે. અંદરના બીમાં રહેલ વૃક્ષત્વને સંપૂર્ણ કરવામાં વિકાસ છે. એમ જ મનુષ્ય પરત્વે છે. વ્યક્તિત્વની સંપૂર્ણતાના માર્ગે જવું એટલે વિકાસમાં આગળ જવું. વિશેષતાને સંપૂર્ણતાએ પહોંચાડતાં કોઇ ભક્તિમાર્ગે, કોઇ જ્ઞાનમાર્ગે, કોઇ કર્મમાર્ગે, કોઇ સમર્થ ચિત્રકાર થઇ, કોઇ સંગીતી થઇ, કોઇ ગણિતી થઇ પોતાને પૂર્ણ કરશે. માટે આપણે બાળકનું વિશેષ વ્યક્તિત્વ તેને જોઇને જાણીએ, ને તે સિદ્ધ કરવા અનુકૂળતા અને મદદ આપીએ.

ગિ.

મોન્ટીસોરી પદ્ધતિ પદ્ધતિનો વિસ્તૃત ગ્રંથ કિંમત રૂા. ૨) તુરત નામ નોંધાવનાર માટે.

"શ્રીદક્ષિણામૂર્તિ" ત્રૈમાસિકનો "**મોન્ટીસોરી સંમેલન અંક**" પત્રિકાના ગ્રાહકોને રૂ. ૦–૧૨–૦માં.

ગ્રાહકોએ પત્રવ્યવહાર વખતે પોતાનો ગ્રાહક નંબર લખવો.

નિશાળે ન જવા માટે

૧

અમારી સાથે એક પ્રાગલો નામનો છોકરો ભણતો હતો. એને નિશાળ કડવી ઝેર જેવી લાગે. બાપ પરાણે ભણવા મોકલે એટલે ગયા વિનાય છૂટકો નહિ. પ્રાગલે છૂટવાનો રસ્તો શોધી કાઢ્યો.

એક દિવસ ઘાસલેટ પીધું. આખે ડીલે પરસેવો પરસેવો. દોડાદોડ થઈ રહી. એક સીસો ભરી ઘાસલેટ પી ગયો હતો. મરતો, મરતો બચ્યો.

બધા કહે, "એલા પ્રાગલા, ઘાસલેટ શું કામ પીધું?"

પ્રાગલો કહે, "નિશાળે ન જવા માટે."

૨

કાળીયાને પણ નિશાળે જતાં ટાઢ વાય. આમ ભલો છોકરો. રજા હોય ત્યારે સોળ કળાનો. પણ જ્યાં નિશાળનું નામ પડ્યું ત્યાં અંગેઅંગ ઢીલાં. ન જાય તો માસ્તર ટાંગાટોળી કરી ઉપાડે.

કાળીયે નિશાળે ન જવાની યુક્તિ શોધી કાઢી.

નિશાળનો વખત થાય એટલે પાટી દફતર લઈ ગામ બહાર ભાગી જાય. નદીએ જાય, તળાવે જાય. આખો દહાડો રંખડી સાંજે ઘેર આવે.

માસ્તરઃ "બોલ્યા કાળીયાને ટાંગાટોળી કરી લઈ આવો."

કાળીયો તો ભાગી ગયો હતો. હાથ કયાંથી આવે?

ગામને પાદર કુંભારવાડો હતો. ત્યાં એક નાની કુઈ હતી. કુઇએ જઈને કાળીયો સંતાયો.

અમે ફરતા ફરતા ત્યાં આવ્યા. કાળીયો રાડે રાડ નાખેઃ "એ કુંભાર કાકી, એ કુંભાર કાકી, આ છોકરા મને લઈ જાય છે તે છોડાવો રે છોડાવો!"

કુંભાર કહેઃ "એલા, કુઇમાં શું કામ સંતાણો'તો?"

"આ છોકરા મને નિશાળે ન લઈ જાય માટે."

૩

થોડા વખત પહેલાં અમેરીકામાં એક નિશાળ સળગી ગઇ. કેટલાંયે નાનાં બાળકો બળી મૂવાં.

નિશાળ કેમ કરતાં સળગી?

એક છોકરીએ સળગાવી.

શા માટે?

છોકરીને નિશાળે જવું ન ગમે. છોકરીએ નિશાળે ન જવાનાં ઘણાં બહાનાં કાઢયાં; એકે ન ચાલ્યું. માંદી પડી નકામું ગયું, કજીયો કર્યો નકામો ગયો, પાછી હઠી નકામું ગયું.

છોકરીને થયુંઃ "નિશાળ છે તો જવું પડેના?" બીજે દિવસ ઘાસલેટનું પ્રોતું લઈ નિશાળમાં આગ મૂકી; નિશાળ બળી ગઇ.

છોકરીને પોલીસે પકડી ને તેના ઉપર કેસ ચાલ્યો.

ન્યાયાધીશે પૂછ્યું, "નિશાળ કેમ બાળી?"

છોકરી કહે, "મારા બાપા મને પરાણે નિશાળે ભણવા મૂકતા હતા, ને મારે નવું જ હતું માટે."

* *

નિશાળે ન જવા માટે પ્રાગલે ધાસલેટ પીધું, દાળીયો કુંભારની કુંડમાં સંતાયો. અમેરીદાની છોકરીએ સમુળગી શાળા જ બાળી.

ત્રણે સાચા બનાવ.

બે આપણા દેશના; ત્રીજો પરદેશનો. સામે થવામાં બળાબળનો તફાવત સ્પષ્ટ અને સહજ છે.

આથી નબળી રીતે તો કેટલાંયે ક્ષીણપ્રાણ છોકરાંઓ શાળા સામેનો પોતાનો વિરોધ બતાવે છે, ને કેટલાંય બાળકો મનમાં વિરોધ રાખીને શાળાએ જાય છે ને બહારથી શાંતિથી બેસે છે.

બાળકો માટે નિશાળોએ વધારે પ્રતિષ્ઠા મેળવવી નહિ જોઇએ ?

પણ પ્રતિષ્ઠા લાંચ રૂશ્વતથી મેળવ્યે પણ શું ફાયદો ? ગિ.

ચાણુક પદ્ધતિ

આજ ત્રણ વરસથી એક ભાઇ બાલમંદિરમાં આવે છે. ભાઇની મરજી ઉપર છોડીએ તો ભાઇ ગેલેરીમાં ફર્યા જ કરે. પોતાના નાનાભાઇ, પાડોશીની દીકરી એમને પણ સાથે ઉપાડે.

એમને કહીએ: " ચાલો ભાઇ, સંગીત શરૂ થયું છે. "

" ના, અમારે નથી આવવું."

સંગીત પૂરું થાય.

" ઓરડામાં. "

ભાઇ ઓરડાની બાજુએ જાય પણ બહાર ને બહાર.

વાર્તા ચાલે તો દૂરથી જેટલી સંભળાય તેટલી સાંભળે.

" ફરવા ચાલો. "

" નથી આવવું. "

" નાટકમાં ચાલો."

" નથી આવવું. "

બેકંદરે કાંઈ પણ નથી કરવું.

પણ કહીએ: " ચાલો સંગીતમાં આવવું જ પડશે. " અથવા ભાઇનો હાથ પકડી સંગીતમાં ઉપાડીએ તો ભાઇ સંગીત સાંભળે, હોઠ પપડાવે; અજા લે. હાથ પકડી કૂચમાં ઉભા કરીએ તો ભાઇ પગ પછાડી કૂચ કરે. હાથ પકડી ઓરડામાં લઇ જઇએ તો ભાઇ ઓરડામાં આવે. ફરજ પડે તો બધાં કામ રસથી કરે. ઠીક કામ કરે.

ખૂશ મિજાજમાં આવી વાતો કરે છે; ચિત્ર કાઢે છે; અક્ષરો શીખે છે.

એનાથી એના ભાઇને છૂટા પાડીએ તો કહે છે: " હવે નાનાભાઇ એના ઓરડામાં રમે છે." પણ એની ઇચ્છા ઉપર રાખીએ તો ભાઇને ઉપાડી બહાર ઉપડે છે, ને ' ના પદ્ધતિ ' નો સ્વીકાર કરે છે.

ભાઇ ચાણુક પદ્ધતમાં ઉછર્યા છે. ચાણુક પદ્ધતિ એટલે હુકમ, દબાણ અને શિક્ષાથી કામ લેવાની પદ્ધતિ.

ચાણુક પદ્ધતિમાં ઉછરેલાં બાળકો સ્વતંત્ર સ્વયંસ્ફુર્તિ વડે સ્વયંવિકાસ સાધવાની પદ્ધતિમાં મુંઝાય છે. ચાણુક પદ્ધતિથી વ્યક્તિત્વ દબાય છે એટલે પસંદગીની શક્તિ જ નિઃશક્ત બને છે. તેથી બાળકો કંઇ પણ કરવા કરતાં ન કરવું એ સહીસલામતી ભરેલું સમજે છે. પોતાની જવાબદારી ઉપર કંઈ પણ કામ ઉપાડવા પોતાનું મન 'ના' પાડે છે; છતાં માથે આવી પડેલું કામ કરવાની તેમને હરકત નથી. તા.

કાનની ઇન્દ્રિય

જે માણસ બહેરો નથી તે સાંભળે છે. તે નાના મોટા કે જાડા ઝીણા અવાજો વચ્ચેનો જરો તફાવત પારખી શકે છે. આટલું સહજ છે. જેનો કાન સંગીતશાસ્ત્રીની તાલીમ નીચે કેળવાયેલો હોય છે તે કાન તીવ્ર છે. બે ધ્વનિઓ વચ્ચેના સૂક્ષ્મમાં સૂક્ષ્મ તફાવતો તે પકડી શકે છે. જેટલી નજર એક કુશળ ચિત્રકારની રંગમિલાવટ ને રંગસંવાદ પરત્વે ચોકખી છે તેટલી જ એક સંગીતપ્રવીણ મનુષ્યની કર્ણદૃષ્ટિ ધ્વનિસંવાદ, વિસંવાદ કે સુસંવાદ પરત્વે હોય છે. વિશિષ્ટ શિક્ષણનું આ પરિણામ છે. કેટલાએક મનુષ્યોએ સંગીતની તાલીમ નથી લીધી હોતી. તેઓ જરતે ગાઇ બજવી કે વાદ્યોના તાર મેળવી પણ ન જાણે, પરંતુ તેઓ સંગીતને સમજી શકે છે. તેમનો કાન કદરદાન છે, સંસ્કારી છે, એમ કહેવાય. તેઓ માત્ર મધુરધ્વનિ પ્રિય હોય છે એમ નથી. તેઓ ધ્વનિસંવાદ પ્રિય હોય છે. માત્ર ગાન તાનમાં બેસૂરાપણું તેમને સાલે છે એમ નહિ; તેમને ધ્વનિની દુનિયામાં સર્વત્ર સુરીલાપણું ગમે છે. તેઓ ઘોંઘાટને, ગડબડને, બબડાટને ને હોહાને નિભાવી લઇ શકે તોપણ તેને અભિનંદી તો ન જ શકે, પણ તેને અસુંદર, અસંસ્કારી, અસ્વાભાવિક ગણે. તેમનો કાન સંસ્કૃત છે એમ કહેવાય. આવા માણસનો કાન વ્યાપકપણે કેળવાએલો છે.

મોન્ટીસોરી પદ્ધતિમાં કાનની કેળવણી પ્રથમતઃ ઉક્ત પ્રકારની સંસ્કારિતા જગાડવા માટે છે. તેનાં ત્રિવિધ સાધનો છે. (૧) અવાજની ડાબલીઓ. (૨) ઘંટડીઓ. (૩) ધ્યાનની કે શાંતિની રમત.

અવાજની ડાબલીઓ

આ ડાબડીઓની સંખ્યા છની છે. તે નળાકાર કે દટ્ટાકારની છે. કાર્ડબૉર્ડને કાપીને તે બનાવવામાં આવે છે. આ ડાબલીમાં જૂદા જૂદા છેક વટાણા, પરબોળીયા વગેરે ભરવામાં આવે છે. દરેક બે ડાબલીમાં સરખા કદ અને વજનના પદાર્થો હોય છે. આ રીતે ડાબલીના ત્રણ સેટ છે. બાળકને આની રમત આ પ્રમાણે બતાવવી. છેક નાનાં બાળક સામે છમાંથી ચાર ડાબલીઓ લઇ મૂકી તેમાંની એક ઉપાડી તેના કાન આગળ બબડાવવી. બાળકનું ધ્યાન તેના અવાજ તરફ સારી રીતે ખેંચાયા પછી તે નીચે મૂકી બીજી ઉપાડી ઉપર પ્રમાણે બબડાવવી. આ વખતે પહેલાં લીધેલ અવાજથી જૂદો અવાજ લેવો. આથી બાળકને બે જૂદા જૂદા અવાજનો ખ્યાલ આવશે. ત્યાર પછી ત્રીજી પહેલાંના સરખા અવાજની લઈ બબડાવવી. બાળકને પડેલો અવાજ સાંભરે એટલે પહેલાં લીધેલી ડાબલી લઇ તેના બીજા કાન પાસે બબડાવવી. આથી બન્ને ડાબલીઓ સરખી છે તેનો ખ્યાલ બાળકને આવશે. બાળક તેથી ચાર ડાબલીઓને વારાફરતી બબડાવી જોડી કરવા તરફ જશે. આ રીતે અગર આપણે પ્રથમથી જ બે સરખી ડાબલીઓ લઇ બાળક પાસે બબડાવી તેનું સામ્ય બતાવીએ. ત્યાર પછી બીજી બે લઈ તેનું સામ્ય બતાવીએ ને બાળકને જોડી કરવા છૂટું મૂકીએ. જોડી શોધતાં શોધતાં સામ્ય મેળવતાં વિરોધો એની મેળે જણાશે. બાળક જ્યારે ચાર ડાબલીઓની બે જોડી કરી રહે એટલે બાકીની બે તેમાં ભેળવવી. એટલે છ ડાબલીની ત્રણ જોડી થશે. આટલું થયા પછી ડાબલીમાં રહેલો ક્રમ ગોઠવવા તરફ બાળકને લઇ જવું. ડાબલીની બુબ્બી કાન પાસે ધ્વનિનું સરખાપણું વિરોધ અને ક્રમનો સંબંધ બતાવવામાં છે. ધ્વનિની કેળવણી આ ત્રણના જ્ઞાનમાં છે. દરેક ડાબલીમાં ભરેલો પદાર્થ એક બીજીથી ચડતા ઉતરતા,

નહાનું ઝીણા અવાજના ક્રમમાં છે ને તેથી ક્રમે શક્ય છે. બાળક સામે પ્રથમ નહેા અવાજ લઇ બેબડાવી તે પહેલેા મૂકવેા, ત્યાર પછી તેથી ઝીણેા ને ત્યાર પછી તેથી ઝીણેા. આમ મૂક્યા પછી બાળક પેાતાની મેળે તેમ કરી જોશે એટલે જેમ રંગની તીવ્રતામાં ક્રમ આંખે ભળાય છે તેમ કાનને ધ્વનિ-ઓનેા ક્રમ દેખાશે. આને પરિણામે બાળક પેાતાની આસપાસની દુનિયામાં નહાના ઝીણા અવાજો વચ્ચેના તફાવતેા તરફ બેંચાશે ને અવાજોના ક્રમેા ગેાઠવવા પ્રેરાશે. ગિ.

બાળપણમાં સર્જનાત્મક કલા

જેમણે બાળકોને માણ કે માટી જેવા પદાર્થોને લઇને રમતાં જોયાં છે તેમને ખાત્રી થઇ હશે કે કોઇ ને કોઇ રીતે બાળકેા પેાતાની જાતને વ્યક્ત કરવા માગે છે. અલબત બાળકના આવા વાતાવરણના કામમાં ઉંચું કલાવિધાન તેા ન હેાય. કલાવિધાન તેા પછી ત્યારે આવે છે કે જ્યારે આવી ક્રિયાઓ સાથે બુદ્ધિનેા વ્યાપાર ચાલે છે કે વધે છે; પણ આવી સાદી ક્રિયાઓમાંથી બાળકની સર્જનાત્મક વૃત્તિનું દર્શન થાય છે એમાં તેા શક નથી.

સર્જનનું મૂળ બાળકની surplus vitality માં છે બાળકની અંતઃશક્તિઓ આવિષ્કરણ માગે છે. કોઇ પણ જાતનું સર્જનાત્મક કાર્ય કરી બાળક પેાતાની જાતને તૃપ્ત કરવા ચાહે છે. જ્યારે બાળકની આ સહજ વૃત્તિને ગતિ મળતી નથી, જ્યારે આપણે તેની આડે આવીએ છીએ ત્યારે બાળકેા neurotic થઇ જાય છે. સર્જનાત્મક ક્રિયા બાલ-માનસના આરેાગ્યનેા એક સુંદર માર્ગ છે. બાળકના સર્જન ઉપર વાતાવરણની ઘણી અસર થાય છે. એમાં વિવિધતા જોવામાં આવે છે. કેટલાંએક બાળકેા એટલી ઝડપથી, એટલી સ્વતંત્રતાથી વધે છે કે તેઓ વાતાવરણની અસરથી લગભગ મુક્ત હેાય છે. જ્યારે બીજાં કેટલાંએક બાળકેા એટલાં બધાં વાતાવરણને આધીન વર્તનારાં હેાય છે કે તે જ કારણે તેમની સ્વાભાવિક સર્જનશક્તિનેા હ્રાસ થાય છે. કેટલાંએક બાળકોમાં વાતાવરણની અસર સામાયિક રહે છે. કોઇવાર તેની છેક અવગણના કરી તેને તરકે મૂકી આગળ વધે છે.

બાળકોની આસપાસનું આજનું વાતાવરણ સંતેાષકારક લાગતું નથી. આજની દુનિયામાં આગળના વખતનું સંસ્કારી કુટુમ્બજીવન જોવામાં આવતું નથી. તેથી એવા સંસ્કારી ને શિક્ષણપ્રદ વાતાવરણથી બાળકેા વંચિત રહે છે. બાકી રહી શાળા. ત્યાં તેા બાળકોને વિકસવા દેવાને બદલે કારખાનાના માલ જેમ ઘડવામાં આવે છે. શાળાઓ રાજી ખુશીથી કામ કરનારાં બાળકોનું એક મધુર ઘર થઇ પડવું જોઇએ. એને બદલે બાળકોના ઉછળતા આત્માનું ત્યાં ખૂન થાય છે. આજનું સામાજીક જીવન બાલ-વિકાસને જેમ નુકશાન કરે છે તેમજ કલાનું શિક્ષણ આપવાનેા દાવેા કરનારી કેળવણીની સંસ્થા સુદ્ધાં તેને હાનિ પહેાંચાડે છે. કલાનું શિક્ષણ શાળામાં અપાય જ નહિ. શાળાના અન્ય અભ્યાસના વિષ-યેાના એક અંગ તરીકે કલાના અભ્યાસને રખાય જ નહિ. તેનું સ્થાન નોખું નોખું છે. શાળામાં શિક્ષકનું કામ બાળકના વ્યક્તિત્વ ઉપર પ્રભાવ પાડવાનું છે. બાળકના વ્યક્તિત્વને શિક્ષકની વ્યક્તિ આગળ દબાઇ જવું પડે છે. સર્જનાત્મક કામ માટે આવી પરિસ્થિતિ અત્યન્ત અરાબ છે. ખરી રીતે તેા કોઇ પણ સારામાં સારી કલાના વિકાસ માટે શિક્ષકની હાજરી નુકશાનકારક છે. સૌથી છૂટાં પડીને પેાતાને ઘેર કે જ્યાં માબાપ વચ્ચે આવતાં ન હેાય ત્યાં જ બાળકોનું ઉત્તમ સર્જન સંભવિત છે.

શિક્ષક જેમ બને તેમ વધારે તટસ્થ અને દૂરનેા

દૂર રહેશે તેમ તેમ વર્ગનું હિત વધારે સધાશે. એક મોટું મીંડું હોય તેવો શિક્ષક બની રહેશે તો કામ સારૂં ચાલશે. માણસને જાતે અંદરથી વિકસવા દેવા જેવી બીજી એકે પદ્ધતિ સુંદર નથી. એ જ સાચી પદ્ધતિ છે. પદ્ધતિ વિનાનો શિક્ષક સારો છે. બાળકો પોતે જ પદ્ધતિનું નિર્માણ કરી લે છે. શિક્ષકે માત્ર બાતર–પાણીવાળી યોગ્ય જમીન તૈયાર કરવાની છે. આ જમીનમાં બાલવૃક્ષ વૃદ્ધિ પામશે; ફળ ફૂલનો ફાલ આપશે.

કેળવણીમાં બરી વસ્તુ બાળકના આન્તર જીવનને ઉઘાડવાની છે. ગમેતેવી કે શાસ્ત્રીય પદ્ધતિ આ જીવન ઉઘાડવાની બરી ચાવી નથી. જ્યાં સુધી શિક્ષકના હાથમાં આ બરી ચાવી આવી નથી ત્યાં સુધી અજ્ઞાન, આળસ વ્હેમ અને શંકાવૃત્તિ માણસ જાતને પીડતા કરશે.

કલાના વર્ગમાં વારંવાર જોવામાં આવ્યું છે કે માત્ર સર્જનાત્મક કલા દ્વારા જ વ્યક્તિત્વ ઉઘડે છે, વિકસે છે. અને જેમ ઝાડનું બી જમીન, પાણી ને હવામાંથી પોતાને જે જે તત્ત્વોની જેટલા પ્રમાણમાં જરૂર છે તે તે તત્ત્વો તેટલા પ્રમાણમાં ચૂસી લે છે, અને વધે છે તેમજ બાળક પોતાનો વિકાસ કરે છે. જો કે બાળક સર્જનાત્મક કલાના વિશાળ અને વિવિધ પ્રકારના વાતાવરણમાં હોય છે, છતાં તેને સ્વભાવથી જે જોઇએ છે અને જે તેનું છે તે જ તે લે છે, પોતાનું કરે છે ને પચાવે છે. બાળકના ઉપર તેને ન જોઇતી વસ્તુ–કલાના પ્રકારો લાદવાથી તેને અપંગ બનાવી દેવામાં આવે છે.

બાળકનો બરો વિકાસ–બરો શિક્ષક–બરો ઘડનાર સર્જનાત્મક કામ છે. આ શિક્ષક સૌથી વધારે મદદગાર છે ને છતાં ઓછામાં ઓછો નુકશાનકારક છે. સર્જનાત્મક કામ દ્વારા બાળકને પોતાનું બરૂં ભાન થાય છે.

બાળકને તેની ભૂલ બતાવવી કે તેના કામ ઉપર ટીકા કરવી યોગ્ય નથી. સર્જનાત્મક કામ કરનારનો માર્ગ એવો સરલ કરી આપવો જોઇએ કે સર્જન કરનારને પોતાને જ પોતાની ટીકા કરતાં આવડે અને પોતે જ પોતાની ભૂલ સુધારી લે. જાતે શોધખોળ કરવા તરફ બાળકને મૂકી દેવું જોઇએ. જાતજાતનાં નવાં સાહિત્યો અને નવા tests બાળકોને માટે નવી શોધ કરવાનો માર્ગ ઉઘાડે છે. બાળકને ભૂલ પડે તો વર્ગમાંથી કાઢી મૂકવાને બદલે તેને પોતાની ભૂલ શોધવા દેવાથી બાળકમાં સમતોલ અને બુદ્ધિ પૂર્વકની વિવેચન શક્તિ આવશે. જેને પરિણામે બાળક પોતાની ન્યૂનતાઓ શોધી કાઢશે.

સર્જનાત્મક કામનો આનંદ જ બીજાના કામનું સન્માન કરે છે, અને તેને સહાય આપે છે. આથી બહારથી નિયમન લાવવું પડતું નથી. આથી આખા વર્ગમાં બળવાન ઉદ્યોગનું વાતાવરણ ધમધમી ઉઠે છે અને ઘણીવાર ખૂબ જાગૃતિ દેખાય છે. જાણે કે એક મોટું કારખાનું ચાલતું હોય તેવો ભાસ થાય છે. ઘણીવાર કામની ધમાલમાં કારખાનાનો ઘોંઘાટ પણ થાય છે. સંગીત અને તાલબદ્ધગતિ નિયમનમાં મદદ કરે છે, ઉછળતા પ્રાણને ગતિ આપે છે અને સર્જનાત્મક કામને જાગૃત અને ઉત્તેજીત કરે છે. સર્જનાત્મક કામ સાથે સંગીતનો સહકાર શોભી ઉઠે છે, અને ઉપકારક થાય છે. આવે વખતે જે સંગીતપ્રિયતા થાય છે તેને પરિણામે બાળકની સંગીતરુચિ ઉંચા પ્રકારની બને છે અને શેરીમાં ગવાતા રાસડાને સંગીતથી જુદું પાડતું થાય છે.

શિક્ષક બાળકોને વખાણતો નથી કે વખોડતો નથી. માત્ર બાળકો જે કાંઇ કરે છે તે પ્રત્યે પોતાનો આનંદ બતાવે છે. બાળકોના બરા કામમાંથી વાતાવરણમાં એક જાતની પ્રસન્નતા ઉભી થાય છે. આ પ્રસન્નતામાં તેઓ સ્વયંવિકાસ અને સ્વપરિચય અને ઉંચી કોટિનો પ્રેમ સાધે છે.

સર્જનાત્મક શક્તિનો વિકાસ અવશ્ય થવો જ

નેઇએ. ભવિષ્યમાં બાળક જીવનમાં કયો ધંધો કરશે અને તેમાં આ શક્તિ કેવી રીતે કામ આવશે તે વિચાર શિક્ષક સમક્ષ ન હોવો નેઇએ. કલા-વિષયક વિકાસ હરેક ધંધામાં કે પ્રવૃત્તિમાં કામ આવશે. તે ધંધાને પણ કલાદૃષ્ટિથી ચડાવશે અને ધંધામાં સર્જનનું તત્વ દાખલ કરશે. મનુષ્યમાં રહેલી સર્જનાત્મક વૃત્તિને ગતિ આપવામાં આખી મનુષ્યજાતિની સેવા છે.

સર્જન સત્ય જીવનની ચાવી છે. *

ગિજુભાઇ

ચર્ચાપત્ર

(૧)

એક ભાઇ નીચે પ્રમાણે પૂછે છે:—

"એ વર્ષના બાળક પાસે એક રમકડું છે. બીજો ચાર વર્ષનો છોકરો તેની પાસે આવી તે લેવા માગે છે. સમજાવ્યો સમજતો નથી. તેને રોવરાવ્યા સિવાય તે પેલા બાળકનું રમકડું મૂકે તેમ નથી. આમાં શું કરવું ? તેને રોવરાવવો ?"

આવા બનાવો સાધારણ છે. બાળકને સમજવવાનો, અગર તો બીજે માર્ગે વાળવાનો, અથવા તો તેવી જાતનું બીજું રમકડું આપવાનો, અથવા તો બન્ને એક જ રમકડે રમે એ તરફ લઇ જવાનો પ્રયત્ન નિષ્ફળ જાય તો નાના બાળક પાસેથી ઝુંટવી લઇ મોટા બાળકને રમકડું આપવું તે કરતાં જરૂર તેને રોવા દેવું.

ઘણી વાર માબાપ સામે ધર્મ સંકટ ઉભું થાય છે. માબાપ ઇચ્છે કે બંને બાળકો પ્રસન્ન રહે અને એકેયને રોવાનો પ્રસંગ ન આવે. પરંતુ બાળકો તેવા પ્રસંગો અવશ્ય લાવી મૂકે છે. આ વખતે કોને કેમ રાખવું એ બાબતમાં ખરી રીતે તે વખતના સંજોગો ઉપરથી સાચો નિર્ણય થઈ શકે છે. પરંતુ બાળકને રોવા દેવાય જ નહિ તે જાતના વ્હેમમાંથી માબાપ મુક્ત જ રહે. નાના બાળકને રોવા દેવાય જ નહિ;—નાનું મોટે તેની કાળજી વધારે કરવી જોઇએ એ વહેમ પણ માબાપ ન રાખે. નાના બાળકનો ઘણી વાર વધારે પડતો પક્ષપાત થઈ જતાં તે મોટાંઓ પ્રત્યે જુલમગાર બની બેસે છે. તેમજ મોટાં બાળકોને રાજી રાખવા માટે ગમે તેમ કરી નાનાને ફોસલાવીને તેની પાસેથી રમકડું કે ચીજ અપાવવી જ જોઇએ એ પણ ખોટું છે. વળી નાનું યા મોટું બાળક સમજાવવાથી સમજી જાય છે માટે તેમ કરી રડતા બાળકને છાનું રાખવામાં યોગ્ય કર્યું છે એમ માનવું પણ ભૂલ ભરેલું છે. અહીં સમજી જનાર બાળક કાં તો લાંચને વશ થયેલું હોય છે, ને કાં તો તેણે માબાપોની દલીલને 'ડાહ્યો' થવા માટે બહારથી સ્વીકારેલી હોય છે. કાં તો તેને વારંવાર અધીન થવાની ટેવ પાડવામાં આવેલી હોય છે તેથી તે સમજી જતું દેખાય છે. પણ ખરેખર તેને સમાધાન થયું હોતું નથી.

આને રડાવું કે આને રમાડું—રીઝાંવું એ પ્રશ્ન જ્યારે ઉભો થાય ત્યારે એક વાત તો આપણે કરીએ જ કે બંનેને રડવાનો વખત ન આવે. સામાન્ય રીતે એકને રાજી રાખવા આપણે બીજાને ફોસલાવીને કે જરા સમજાવીને તેની પાસેથી ચીજ અપાવીએ છીએ. એટલે એક રાજી

* વિયેનાના કલાશિક્ષક. પ્રો. સાઇઝેકના New Era ૧૯૨૩ના ઓક્ટોબરના અંકમાંના લેખ ઉપરથી.

ક્ષર રહેશે તેમ તેમ વર્ગનું હિત વધારે સધાશે. એક મોટું માથું હોય તેવો શિક્ષક બની રહેશે તો કામ સારૂં ચાલશે. માણસને જાતે અંદરથી વિકસવા દેવા જેવી બીજી એકે પદ્ધતિ સુંદર નથી. એ જ સાચી પદ્ધતિ છે. પદ્ધતિ વિનાનો શિક્ષક સારો છે. બાળકો પોતે જ પદ્ધતિનું નિર્માણ કરી લે છે. શિક્ષકે માત્ર ખાતર–પાણીવાળી યોગ્ય જમીન તૈયાર કરવાની છે. આ જમીનમાં બાલવૃક્ષ વૃદ્ધિ પામશે; ફળ ફૂલનો ફાલ આપશે.

કેળવણીમાં ખરી વસ્તુ બાળકના આન્તર જીવનને ઉઘાડવાની છે. ગમેતેવી કે શાસ્ત્રીય પદ્ધતિ આ જીવન ઉઘાડવાની ખરી ચાવી નથી. જ્યાં સુધી શિક્ષકના હાથમાં આ ખરી ચાવી આવી નથી ત્યાં સુધી અજ્ઞાન, આળસ વ્હેમ અને શંકાવૃત્તિ માણસ જાતને પીડ્યા કરશે.

કલાના વર્ગમાં વારંવાર જોવામાં આવ્યું છે કે માત્ર સર્જનાત્મક કલા દ્વારા જ વ્યક્તિત્વ ઉઘડે છે, વિકસે છે. અને જેમ ઝાડનું બી જમીન, પાણી ને હવામાંથી પોતાને જે જે તત્ત્વોની જેટલા પ્રમાણમાં જરૂર છે તે તે તત્ત્વો તેટલા પ્રમાણમાં ચૂસી લે છે, અને વધે છે તેમજ બાળક પોતાનો વિકાસ કરે છે. જો કે બાળક સર્જનાત્મક કલાના વિશાળ અને વિવિધ પ્રકારના વાતાવરણમાં હોય છે, છતાં તેને સ્વભાવથી જે જોઇએ છે અને જે તેનું છે તે જ તે લે છે, પોતાનું કરે છે ને પચાવે છે. બાળકના ઉપર તેને ન જોઇતી વસ્તુ–કલાના પ્રકારો લાદવાથી તેને અપંગ બનાવી દેવામાં આવે છે.

બાળકનો ખરો વિકાસ–ખરો શિક્ષક–ખરો ઘડનાર સર્જનાત્મક કામ છે. આ શિક્ષક સૌથી વધારે મદદગાર છે ને છતાં ઓછામાં ઓછો નુકશાનકારક છે. સર્જનાત્મક કામ દ્વારા બાળકને પોતાનું ખરૂં ભાન થાય છે.

બાળકને તેની ભૂલ બતાવવી કે તેના કામ ઉપર ટીકા કરવી યોગ્ય નથી. સર્જનાત્મક કામ કરનારનો માર્ગ એવો સરલ કરી આપવો જોઇએ કે સર્જન કરનારને પોતાને જ પોતાની ટીકા કરતાં આવડે અને પોતે જ પોતાની ભૂલ સુધારી લે. જાતે શોધખોળ કરવા તરફ બાળકને મૂકી દેવું જોઇએ. જાતજાતનાં નવાં સાહિત્યો અને નવા tests બાળકોને માટે નવી શોધ કરવાનો માર્ગ ઉઘાડે છે. બાળકને ભૂલ પડે તો વર્ગમાંથી કાઢી મૂકવાને બદલે તેને પોતાની ભૂલ શોધવા દેવાથી બાળકમાં સમતોલ અને બુદ્ધિ પૂર્વકની વિવેચન શક્તિ આવશે. જેને પરિણામે બાળક પોતાની ન્યૂનતાઓ શોધી કાઢશે.

સર્જનાત્મક કામનો આનંદ જ બીજાના કામનું સન્માન કરે છે, અને તેને સહાય આપે છે. આથી બહારથી નિયમન લાવવું પડતું નથી. આથી આખા વર્ગમાં બળવાન ઉદ્યોગનું વાતાવરણ ધમધમી ઉઠે છે અને ઘણીવાર ખૂબ જાગૃતિ દેખાય છે. જાણે કે એક મોટું કારખાનું ચાલતું હોય તેવો ભાસ થાય છે. ઘણીવાર કામની ધમાલમાં કારખાનાનો ઘોંઘાટ પણ થાય છે. સંગીત અને તાલબદ્ધગતિ નિયમનમાં મદદ કરે છે, ઉછળતા પ્રાણને ગતિ આપે છે અને સર્જનાત્મક કામને જાગૃત અને ઉત્તેજીત કરે છે. સર્જનાત્મક કામ સાથે સંગીતનો સહકાર શોભી ઉઠે છે, અને ઉપકારક થાય છે. આવે વખતે જે સંગીતપ્રિયતા થાય છે તેને પરિણામે બાળકની સંગીતરુચિ ઉંચા પ્રકારની બને છે અને શેરીમાં ગવાતા રાસડાને સંગીતથી જુદું પાડતું થાય છે.

શિક્ષક બાળકોને વખાણતો નથી કે વખોડતો નથી. માત્ર બાળકો જે કાંઇ કરે છે તે પ્રત્યે પોતાનો આનંદ બતાવે છે. બાળકોના ખરા કામમાંથી વાતાવરણમાં એક જાતની પ્રસન્નતા ઉભી થાય છે. આ પ્રસન્નતામાં તેઓ સ્વયંવિકાસ અને સ્વપરિચય અને ઉંચી કોટિનો પ્રેમ સાધે છે.

સર્જનાત્મક શક્તિનો વિકાસ અવશ્ય–થવો જ

નેઇએ. ભવિષ્યમાં બાળક જીવનમાં કયો ધંધો કરશે અને તેમાં આ શક્તિ કેવી રીતે કામ આવશે તે વિચાર શિક્ષક સમક્ષ ન હોવો જોઇએ. કલા-વિષયક વિકાસ હરેક ધંધામાં કે પ્રવૃત્તિમાં કામ આવશે. તે ધંધાને પણ કલાદૃષ્ટિથી ચડાવશે અને ધંધામાં સર્જનનું તત્વ દાખલ કરશે. મનુષ્યમાં રહેલી સર્જનાત્મક વૃત્તિને ગતિ આપવામાં આખી મનુષ્યજાતિની સેવા છે.

સર્જન સત્ય જીવનની ચાવી છે. *

ગિજુભાઇ

ચર્ચાપત્ર

(૧)

એક ભાઇ નીચે પ્રમાણે પૂછે છે:—

"બે વર્ષના બાળક પાસે એક રમકડું છે. બીજો ચાર વર્ષનો છોકરો તેની પાસે આવી તે લેવા માગે છે. સમજાવ્યો સમજતો નથી. તેને રોવરાવ્યા સિવાય તે પેલા બાળકનું રમકડું મૂકે તેમ નથી. આમાં શું કરવું ? તેને રોવરાવવો ?"

આવા બનાવો સાધારણ છે. બાળકને સમજાવવાનો, અગર તો બીજે માર્ગે વાળવાનો, અથવા તો તેવી જાતનું બીજું રમકડું આપવાનો, અથવા તો બન્ને એક જ રમકડે રમે એ તરફ લઇ જવાનો પ્રયત્ન નિષ્ફળ જાય તો નાના બાળક પાસેથી ઝુંટવી લઇ મોટા બાળકને રમકડું આપવું તે કરતાં જરૂર તેને રોવા દેવું.

ઘણી વાર માબાપ સામે ધર્મ સંકટ ઉભું થાય છે. માબાપ ઇચ્છે કે બંને બાળકો પ્રસન્ન રહે અને એકેયને રોવાનો પ્રસંગ ન આવે. પરંતુ બાળકો તેવા પ્રસંગો અવશ્ય લાવી મૂકે છે. આ વખતે કોને કેમ રાખવું એ બાબતમાં ખરી રીતે તે વખતના સંજોગો ઉપરથી સાચો નિર્ણય થઈ શકે છે. પરંતુ બાળકને રોવા દેવાય જ નહિ તે જાતના વ્હેમમાંથી માબાપ મુક્ત જ રહે. નાના બાળકને રોવા દેવાય જ નહિ;—નાનું માટે તેની કાળજી વધારે કરવી જોઇએ એ વહેમ પણ માબાપ ન રાખે. નાના બાળકનો ઘણી વાર વધારે પડતો પક્ષપાત થઈ જતાં તે મોટાંઓ પ્રત્યે જુલમગાર બની બેસે છે. તેમજ મોટાં બાળકોને રાજી રાખવા માટે ગમે તેમ કરી નાનાને ફોસલાવીને તેની પાસેથી રમકડું કે ચીજ અપાવવી જ જોઇએ એ પણ ખોટું છે. વળી નાનું યા મોટું બાળક સમજાવવાથી સમજી જાય છે માટે તેમ કરી રડતા બાળકને છાનું રાખવામાં યોગ્ય કર્યું છે એમ માનવું પણ ભૂલ ભરેલું છે. અહીં સમજી જનાર બાળક કાં તો લાંચને વશ થયેલું હોય છે, ને કાં તો તેણે માબાપોની દલીલને 'ડાહ્યો' થવા માટે બહારથી સ્વીકારેલી હોય છે. કાં તો તેને વારંવાર અધીન થવાની ટેવ પાડવામાં આવેલી હોય છે તેથી તે સમજી જતું દેખાય છે. પણ ખરેખર તેને સમાધાન થયું હોતું નથી.

આને રડાવું કે આને રમાડું—રીઝાંવું એ પ્રશ્ન જ્યારે ઉભો થાય ત્યારે એક વાત તો આપણે કરીએ જ કે બંનેને રડવાનો વખત ન આવે. સામાન્ય રીતે એકને રાજી રાખવા આપણે બીજાને ફોસલાવીને કે જરા સમજાવીને તેની પાસેથી ચીજ અપાવીએ છીએ. એટલે એક રાજી

* વિયેનાના કલાશિક્ષક પ્રો. સાઇઝેકના New Era ૧૯૨૩ના ઓકટોબર અંકમાંના લેખ ઉપરથી.

થઇ બીજું રડવા લાગે છે. પછી બીજાને સમજાવવા બેસીએ છીએ. આખરે બીજું રડવા લાગતાં એક પાસેથી ચીજ લઇ લઇએ છીએ, એટલે વળી એ રડવા લાગે છે. તે વખતે કોઇ ત્રીજું જોનાર હોય તો આપણી અને બાળકોની ચાલી રહેલી માથાકૂટનું સુંદર નાટક જોઇ શકે. આપણે વિચારીએ તો આપણને આપણી આ અવિચારી રીતથી હસવું અને ખેદ થશે.

બંને રડે તેના કરતાં એક રડે તે સારું. સારું એટલા માટે કે એક તો રાજી રહે છે. એમાંથી કયાને રડાવવું તે પ્રત્યેક ક્ષણે વિચારવાનું રહે છે. એક બાળકે લઇ શકે તેવું લીધું એટલે જ બીજું તે લેવા દોડે ત્યાં બીજાને ઝુંટવી લેવાનો હક નથી. તેને આપણે અપાવી ન દઇએ. તેણે રાહ જોવી અગર તો રમકડા વિના જવું. એકનું હોય છતાં બીજું પોતાનું કરી ઉપાડી જાય ને લઇ લેવા જઇએ ત્યાં રડવા બેસે ત્યાં જરૂર તેની પાસેથી આંચકી પણ લઇએ. રડવું માટે નહિ લે એવો ખોટો ખ્યાલ જો બાળકના મગજમાં આવ્યો હોય તો કઢાવી નાખવો જોઇએ. "હક નથી પરંતુ મા'બાપ આંસુ પાડતાં જોઈ નહિ શકે માટે નહિ લે, અગર અપાવી દેશે" એવી માન્યતાથી બગડેલું બાળક રડીને જ ઠેકાણે આવી શકે. તેને અયોગ્ય રીતે બીજાની વસ્તુ ન મળે. તેને રડવું હોય તો ભલે રડે. આવે વખતે ઘણી સાદી સમજણવાળી માતાઓ કહે છે: "ભલે રડે. એમ કંઈ મરી નહિ જાય. કાંઈ સોનાનાં આંસુ નથી ઝરતાં. એમ રોવે ને કીધા પ્રમાણે હું કરું તો છોકરું માથે ચડે ના?" એમાં ઉંડા અનુભવનું ડહાપણ અને સાચું બાલશિક્ષણ છે.

બાળકને કોઇ કાળે રોવરાવાય જ નહિ એ શિક્ષણનો એક નવિન વહેમ હોઈ શકે. ગિ.

(૨)

સેતાનફળીયું, ગોપીપુરા, સુરત
તા. ૨૩–૨–૨૭

શ્રી શિક્ષણ પત્રિકાના તંત્રીઓ જોગ,

વિ. કે આપની પત્રિકામાં નીચેનું ચર્ચાપત્ર છાપશો તથા તેનો જવાબ આપશોઃ-

આપના ગયા વર્ષના 'ભેટ અંક' માં 'કાચમો અને કાચબી'ના મથાળા નીચે એક વાત છપાઇ છે. જો એ વાત છાપવામાં કંઇ હેતુ હોય તો તે ઇશ્વર ઉપર જેને શ્રદ્ધા છે તે તરફે જ એમ બતાવવાનો જ હોઇ શકે. જુના કવિની એક જાણીતી કવિતા ઉપરથી તે લખેલી છે, અને તેમાં પણ આ જ ઉપદેશ આપવાનો ઇરાદો છે.

પણ એવો સદુપદેશ આપવામાં બીજી કોઇ પણ રીતે બાળકો ઉપર ખરાબ અસર ન થાય એવી જ વાર્તા પસંદ કરવી જોઇએ, એમ તો હું ધારું છું કે દરેક જણ સ્વીકારશે. કમનસીબે પ્રસ્તુત વાતમાં કેટલાંએક વાક્યો એવાં આવે છે કે જેથી સમાજની દૃષ્ટિએ બાળકના મન પર હાનિકારક અસર થઇ કહેવાય. 'બન્ને હરિનાં દાસ' એ વાક્ય પહેલાં આવે છે; પણ પછી આખી વાતમાં કાચબી તો જાણે હરની 'દાસી' નહિ પણ દ્રોહી હોય એવો જ આભાસ હરકોઇ વાચકને થાય. એ વિસંગતિ બાજુએ મૂકીએ તો પણ તેથી ઘણો વધારે નુકશાનકારક દોષ નીચેના વાક્યમાં આવે છે:

"કાચમો કહે, 'આનું નામ બાયડીની જાત! કોટિ ઉપાય કરોને. ઇતબાર જ ન આવે. કોઇનું કીધું એ ન માને. એક પોતાનું ગાયા કરે. વિશ્વાસનું તો નામ નહિ! આખરે બાયડી તે બાયડી. જીની મતિ પાનીએ એમાં બીજું

શું નીકળે ?"

"આવાં વાક્યો જે કોઇ બાળક વાંચે કે સાંભળે તેના મનમાં સ્ત્રીજાતિ વિષે કેવા સંસ્કાર પડે ? સ્ત્રીજાતિ ઉપરનો આ આરોપ અત્યારે સાચો છે કે ખોટો છે એની ચર્ચા ન કરીએ, તો પણ હવે તો શું આપણે એમ માનતા નથી થયા કે સ્ત્રી અને શૂદ્રોની અધોગતિનું એક મુખ્ય કારણ આપણે અતિશય વિરોધી વાતાવરણ ઉત્પન્ન કરીને એમને વિકાસનો સુયોગ આપ્યો નથી એટલું જ નહિ, પણ એ વિકાસમાં વિઘ્નો નાખ્યાં છે તે છે ? ઉપરનાં વાક્યો આપણી એ જુની કુટેવોની સાક્ષી આપે છે. નવા યુગના બાળકને આવા સંસ્કાર આપ્યા ન હોય તો સારૂં એમ નથી લાગતું ? એ વાક્ય કોઇ બાળકી વાંચે તો તેનામાં કાં તો 'inferiority complex' કે કાં તો હાલના જમાનામાં પુરુષ વિરોધી વિચારો ન આવે ?

તે ઉપરાંત બીજી એક સૂચના કરું છું. વાર્તાઓમાં કાઠિયાવાડમાં વપરાતા શબ્દો તથા પ્રયોગો વારેવારે આવે છે. આપનું માસિક ઘણે ઠેકાણે વંચાય છે. એટલે કાઠિયાવાડની બહારનાં બાળકો એ શબ્દો અને એ પ્રયોગો પૂરા ભાવપૂર્વક ગ્રહણ ન કરી શકે એમ માનું છું તેથી એવી વાર્તાઓ સમસ્ત ગુજરાતી આલમ બરાબર ગ્રહણ કરી શકે એવી ભાષામાં લખાય તો સારૂં.

આશા છે કે આ ટીકાઓ શુદ્ધ સમભાવથી કરેલી છે એમ આપ સ્વીકારશો.

લી. હેમન્તકુમાર ગુણાભાઇ
નીલકંઠના વંદેમાતરમ્.

પ્રસ્તુત વાર્તા એક ભજન ઉપરથી લખાએલી. અહીં જ બાલમંદિરમાં ભજન ગવાતું ને પછી વાર્તા વંચાતી. પત્રાંપત્રમાં ભાઇ લખે છે તેમ અહીંનાં બાળકો ઉપર કોઇ જાતની ખરાબ અસર થએલી જણાઇ નથી. કારણ કાં તો વાર્તામાં હાયબો બહુ આકરો થઇને જે કાંઈ બોલી નાખે છે તે તેમણે સામાન્ય સ્ત્રી જાતિની નિંદા તરીકે ન લીધું હોય, ને કાં તો દશ બાર વરસનાં બાળકોની સમજણની બહારની તે વસ્તુ હોય. મને લાગે છે કે ૧૫ ૧૬ વરસની કન્યાઓ આગળ એ વાર્તા વંચાય તો કદાચ તેઓ આ બાબતમાં વાંધો લે. પણ એનો જવાબ તો એ જ છે કે વાર્તામાં એ પાત્રો બોલે ત્યારે તે આખી જાતિ પરત્વેના સત્ય તરીકે ન લેવાય. ધારો કે એકાદ ક્ષત્રિય ક્ષત્રિયાણીની વાત હોય. ક્ષત્રિય રણમાંથી પાછો ફરતો હોય ને ક્ષત્રિયાણી તેને શૂર ચડાવવા બોલે: "ફટ તમારી જાતને. પુરુષો તે એવા બીકણ શું ? તમારૂં શૂરાતન તો માત્ર બાયડી આગળ ચાલે. બરો વખત આવે ત્યારે તો ભાગી જાઓ છો." વગેરે. અહીં વાત સામાન્ય તરીકે મૂકી હોય તો પણ બરી રીતે તો પેલા ક્ષત્રિયને જ માત્ર લાગુ પડે છે. તે ઉપરથી બધા પુરુષો બાયડી આગળ શૂરા ને બહાર બીકણ હોય છે એમ સમજવું ન જોઇએ. તેમજ આ વાર્તામાંનો સંવાદ પેલા હાયબા હાયણી પરત્વે છે. બીજું એમ છે કે અટોકટીનો પ્રસંગ આવ્યો ને હાયબો આકળો થયો ત્યારે હાયબાએ તેના જમાનામાં જે વિચાર પ્રચલિત હતા તે બોલી નાખ્યા. હવે એવા વિચારોની બરાબ અસર થાય કે નહિ તેનો આધાર આજની પરિસ્થિતિ ઉપર છે. જ્યાં સમાજમાં એવા વિચારો જ પ્રચલિત હોય, છોકરીઓને કાને રોજ ને રોજ તેમની જાત પરત્વેના આવા જ મતો પ્રગટ થતા હોય, ત્યાંના છોકરાઓ કે છોકરીઓ પચાસ વાર સાંભળેલું

સત્ય એકાવનમી વાર સાંભળ્યું એમ કરીને છોડી દેશે. તેમના ઉપર નવેસરથી ખોટી અસર થવાની નથી. ગણીએ તો પચાસ વાર કોકીને બેમાડેલી બીજી ઉપર એક વાર પણ આપણે ઘા કરીને પાકો કર્યાનો દોષ આપણે માથે જરૂર આવે. પરંતુ જે બાળક બાળકીઓ સ્ત્રી જાતિનું વધતું જતું માન નજરે જુએ છે, સ્ત્રીઓને ઘરમાં સરખા હક્કો મળેલા જુએ છે, ને વિશેષતઃ ઘરમાં ને નિશાળમાં બેન ને ભાઈ બન્ને સરખા હકકો ભોગવે છે ત્યાં વાર્તામાં આવતાં બીજાં વાક્યોની બાળકો ઉપર બોટી કે સારી અસર જ થતી નથી. વાર્તામાં તો અનેક વાતો આવે છે. વાર્તામાં ચમત્કારો આવે છે; વાર્તામાં વહેમો આવે છે; વાર્તામાં કૈકેયીનાં રિસામણાં ને રામને વનવાસ મોકલવાની વાત પણ આવે; બધું આવે.

વાર્તા, સિનેમા, નાટક કે કાવ્ય બેની અસર વાંચનારની સ્થિતિ પરત્વે થાય છે. ચોરવૃત્તિવાળો હોય તેને જ સિનેમા જોઈને ચોરી કરવાનું સૂઝે. બીજા હજારો માત્ર સિનેમાની બે ઘડી મોજ જોઈને ચાલ્યા જાય છે. એમ જ વાર્તાનું છે. વાર્તામાં શું ન આવે એને વિષે બહુ જ ચીકણાઈ કરવા કરતાં બાળકોના જીવતા જીવનમાં તે વાત ન આવે-બાસ કરીને માબાપ ને શિક્ષકોના જીવનમાંથી ન આવે તે જોવાનું છે. માબાપ 'ભૂત નથી' એમ કહેતાં હોય તો આખું જગત 'ભૂત છે' એમ કહેતું હોય તો પણ તેની અસર બાળક ઉપર થતી નથી. તેમજ એકાદ વાર્તામાં બાયડીની નિંદા આવે તે બહુ ચિંતા કરવા જેવું નથી. જે ઘરમાં માબાપો બાયડીની જાતને સન્માનતાં હોય, બેન ભાઈને સરખું વિકાસક્ષેત્ર આપતાં હોય. અને એમ ન હોય ત્યાં વાર્તામાંથી તે કાઢી નાખવામાં બહુ અર્થ નથી.

ભાષાની ભાષા સંબંધેની સૂચના ધ્યાનમાં લેવા જેવી છે. લેખક કાઠિયાવાડી હોય તો કાઠિયાવાડી પ્રયોગો આવે એ સ્વાભાવિક છે એટલું જ નહિ પણ ભાષાવિકાસ નેં સમૃદ્ધિ ઇચ્છનારાઓએ તેની પાસેથી તે જ માગવું જોઈએ. પરંતુ પત્રકાર ને વાચકનો સંબંધ જૂદો છે. પત્રકાર પોતાનું મંતવ્ય વાચક સમજે એમ ઇચ્છે છે. ત્યાં સાહિત્યની દૃષ્ટિ હોતી નથી. માટે બાલ બાળકો માટે લખાએલા લેખોમાં તો નવા શબ્દોનો અર્થ આપીને બાળકોને ભાષાથી પરિચિત કરવામાં આવે તો ભાષાને કારણે લેખન નિષ્ફળ ન જાય. તા.

અનુક્રમ

૩૩ ઝીણી દૃષ્ટિ ... ... ૪૦ નિશાળે ન જવા માટે ૧-૨-૩ ચિ.
૩૪ ચંદુનો ચાંદ ... ... ગિ. ૪૧ ચાબુક પદ્ધતિ ... ... તા.
૩૫ નાના મોટાનો ખ્યાલ ... તા. ૪૨ કાનની ઇન્દ્રિય ... ... ગિ.
૩૫ મોટો શંખ ... ... ગિ.
૩૬ ઇ વળી ઢોંગ શા ? ... ગિ. ૪૩ બાળપણમાં સર્જનાત્મક કલા ગિ.
૩૭ વ્યક્તિભેદ ... ... ગિ. ૪૫ ચર્ચાપત્ર ૧-૨ ... ...

મુદ્રણસ્થાનઃ શ્રી "સરસ્વતી" છાપખાનું; બજાજ બિલ્ડીંગ, દાણાપીઠ; ભાવનગર.

શિક્ષણ પત્રિકા

(મૉંટીસોરી સંઘ)

વર્ષ ૨ જું
૧૯૮૩

અંક ૪ થો
જ્યેષ્ઠ

: તંત્રી :
ગિજુભાઈ
તારાબેન

એકોપાસના

માણસો એકને જ ધારવો જોઇએ. જે એકને જ ધારે છે, એકની જ ઉપાસના કરે છે, આમરણ એકને જ વળગી રહે છે, મૃત્યુની પેલી પાર પણ જેને એક જ છે તે બધું પામે છે. પણ જે ઘડીક આ લે છે ને ઘડીક તે લે છે તેને પસ્તાવું પડે છે. એકમાં જ જે એકાગ્ર થઇ સર્વસ્વને હોમી દે છે તે સર્વસ્વને મેળવે છે. પણ જે એકમાંથી છટકે છે તેને જીવનભર ફાંફાં મારવાનાં રહે છે. જે લઇએ તે એક લઇએ. વિદ્યા તો એક; ઉદ્યોગ તો એક; ગુરુ તો એક; પંથ તો એક ને ઇશ્વર તો એક. એક સાથે એક થતાં એકમાં અનેક અને અનેકમાં એકનું દર્શન થશે. એકનો જ્ઞાતા સર્વજ્ઞ થશે. એકનો પંડિત પંડિતશિરોમણિ થશે. એકનિષ્ણાત અનેકનિષ્ણાત થશે.

પણ એ એકને ઉપાસવો જ અઘરો છે. અનેકનો મોહ મનને ભમાવે છે. એકની સ્થિરતાને અનેક અસ્થિર કરે છે. એકના વિશ્વાસમાં–વફાદારીમાં અનેકનો વિશ્વાસ અને વફાદારી ઉભાં છે. એક સાધવો સહેલો નથી. એ એક પ્રભુ હોય કે પત્થર.

જીવનમાં આવી આપણી એકોપાસના છે ?

ભાષાને માર્ગે

થોડા વખત પહેલાં નીલુ "આ શું? આ શું?" એમ વારંવાર પૂછતી. ઘરનાં બધાં માણસોને એ જ સવાલ પૂછતી. સવારથી તે સાંજ સુધી પૂછતી.

આમ કરીને તે રોજ રોજ કેટલાએ નવા શબ્દો ને તેના અર્થો ધ્યાન પર લેતી.

હમણા ભાષાના સ્વયંશિક્ષણના માર્ગમાં એ પગલું વટાવીને નીલુ આગળ વધી છે.

હમણા પોતે જે જે શબ્દો શીખી છે ને જેના જેના અર્થો પોતાના મનમાં જાણે છે તે બરાબર છે કે નહિ તેની ખાત્રી કરી રહી છે. એટલે કે પોતે જે જ્ઞાન મેળવ્યું છે તેની પોતે જાતે જ પરીક્ષા કરી રહી છે.

આ પરીક્ષા "આ શું?" "આ શું?" એમ પૂછીને જ કર્યા કરે છે.

નીલુના સ્વયંપરીક્ષાના પ્રશ્નો આવી જાતના છે. "આ શું?" "આ કોણે કર્યું?" "આ કોણે મૂક્યું?" "આ કેમ બન્યું?" વગેરે.

આની ખાત્રી કરવા આપણે તેને જાણી જોઇને ખોટો ઉત્તર આપીશું તો તે તુરત જ કહેશે: "ના, એમ નહિ, આમ." "એને આ છે ને આ નથી." "એ તો આણે કર્યું કે તેણે કર્યું"

નીલુ સ્વયંપરીક્ષક જ હોઇ શકે. જો આપણે એને ભાષા શીખવતા હોત તો આપણે પરીક્ષક થવું પડત. પરંતુ નીલુ તો ભાષા પોતે જાતે જ શીખે છે; પોતાને તેની જરૂર છે માટે શીખે છે અને તેથી જ તે પોતાનો પરીક્ષક બને છે. સ્વયં-શિક્ષણ અને સ્વયંપરીક્ષણ બંને સાથે જ થાય છે. પોતે પોતાનો ગુરુ અને પોતે પોતાનો પરીક્ષક. આપણે અને વાતાવરણ માત્ર સાધનરૂપ...સુંદર!

સ્વયંપરીક્ષકને સ્વયંપરીક્ષામાં હું આ પ્રમાણે મદદ કરું છું.

નીલુના "આ શું?"નો જવાબ આપવાને બદલે એને સામે પૂછું છું: "તું કહેને?" નીલુ તુરત જ ઉત્તર આપે છે: "એ તો આ." અમારી પ્રશ્નોત્તરીના એક બે નમુના બસ થશે.

નીલુ: "આ શું?"
હું: "તું કહેને?"
નીલુ: "એ તો પેન્સિલ."
હું: "ઠીક."
નીલુ: "આ શું?"
હું: "તું કહેને?"
નીલુ: "એ તો કાગર."

× × ×

નીલુ: "આ શું?"
હું: "તું કહેને?"
નીલુ: "નથી ખબર."
હું: "એ તો ગુંદર."
નીલુ: "ગુંદર, ગુંદર, ગુંદર."

જેમ નીલુ પ્રશ્નો પૂછીને જુના જ્ઞાનની ખાત્રી કરે છે તેમજ તે નવા પ્રશ્નો પૂછીને નવા શબ્દો-નવું જ્ઞાન મેળવવા માગે છે. સાથે સાથે જ નવા પરિચય અને નવા અનુભવો માટે શબ્દો માગે છે. જ્યારે હું તેને સામેથી પૂછું છું ત્યારે તે તુરત જ કહે છે: "મને ખબર નથી."

નીલુ પોતાને શું આવડે છે ને શું નથી આવડતું તે બરાબર જાણે છે. 'મને ખબર નથી'નું જ્ઞાન ભાષાને માર્ગે જતા બાળકને અતિ સહાયક છે. જ્ઞાત અને અજ્ઞાતનો પ્રદેશ જેની સામે ચોકખે ચોકખો છે તે બરાબર ચોકસ અને યથાર્થ જ્ઞાન લેતું જવાનું જ છે. તેમજ જેને જ્ઞાત અજ્ઞાતની વચ્ચેનો તફાવત સંમજ્ય છે તેને જ્ઞાન લેવું સુલભ છે. જ્ઞાત અજ્ઞાતનું જ્ઞાન પ્રગતિસૂચક છે.

જ્યારે નીલુને ખબર પડે છે કે "આની તો ખબર નથી" ત્યારે જ તે પૂછે છે કે "આ શું?" "આ શું?" "આમ કેમ?" "આ કોણે કર્યું?" વગેરે.

ભાષાને માર્ગે નીલુ એથી પણ આગળ વધેલી છે, વધતી જાય છે. જ્ઞાન મેળવવામાં આવશ્યક એવો જીજ્ઞાસાનો 'શું?'નો પ્રદેશ તે ઓળંગી ગઇ છે. તેને ખબર પડી ચૂકી છે કે 'શું?' એ જ્ઞાનની એક ચાવી છે. જ્યારે જ્યારે તાળું ઉઘડતું નથી ત્યારે તે 'શું?' થી ઉઘાડે છે.

નીલુ આજ કાલ વિશેષતઃ 'શું?'ને બદલે 'શું કામ? શા માટે? એમ કેમ?' એવા પ્રશ્નો પૂછે છે. એની પરંપરા આવી રીતે શરૂ થાય છે.

નીલુઃ "આ શું?"
ગિઃ "તું કહેને?"
નીલુઃ "ઘર."
નીલુઃ "કોનું ઘર?"
ગિઃ "તું કહેને?"
નીલુઃ "આપણું."
નીલુઃ "એમાં કોણ રહે છે?"
ગિઃ "તું કહેને?"
નીલુઃ "છોટાલાલ."
નીલુઃ "શું કામ રહે છે?"
ગિઃ "તું કહેને?"
નીલુઃ "ખબર નથી."
ગિઃ "વરસાદ ન લાગે, ટાઢ ન લાગે, તડકો ન લાગે એટલા માટે."
નીલુઃ "આપણે ક્યાં રહીએ છીએ?"
ગિઃ "તું કહેને?"
નીલુઃ "પણે."
નીલુઃ "શું કામ રહીએ છીએ?"
ગિઃ "રહેવા માટે."
નીલુઃ "શું કામ રહેવા માટે?"
ગિઃ "તું કહેને?"
નીલુઃ "ખબર નથી."
ગિઃ "ટાઢ ન વાય એટલે, તડકો ન લાગે એટલે, વરસાદ ન પડે એટલે."
નીલુઃ "પગે શું વાગ્યું?"
ગિઃ "તું કહેને?"
નીલુઃ "કાતર."
નીલુઃ "કેમ લાગી?"
ગિઃ "આમ ચાલતાં ઠેબે આવી એટલે લાગી."
નીલુઃ "શું કામ ઠેબે આવી?"
ગિઃ "રસ્તામાં પડી હતી."
નીલુઃ "શું કામ પડી હતી?"
ગિઃ "કોઇએ મૂકી હશે."

× × ×

આ પ્રશ્નોત્તર ઉપરથી જોઇ શકાશે કે નીલુ હવે વસ્તુનું કે બનાવનું કારણ શોધવા નીકળી છે. 'શું?' પૂછીને તેણે જ્ઞાન વધાર્યું છે. હવે 'શા માટે?' પૂછી મળેલા જ્ઞાનમાં કાર્યકારણનો સંબંધ શોધે છે અને કાર્યકારણથી બદ્ધ એવા વાસ્તવિક જ્ઞાનની માલીક થવા ચાહે છે.

વૈજ્ઞાનિક, તર્કશાસ્ત્રી, તત્ત્વદર્શી, શોધક એ વગેરેની દૃષ્ટિનો ઉઘાડ આ 'શા માટે?'ના પ્રશ્નમાં છે. એક વાર બાળક 'શા માટે?'ના માર્ગે ચડ્યું એટલે તેને જ્યાં સુધી સંતોષ નહિ થાય ત્યાં સુધી તે પૂછ્યા જ કરશે. એવું બાળક પરપ્રમાણ ઉપર ચાલવાની ના પાડશે. 'શા માટે?'ના જવાબનો જવાબ અને તેનો જવાબ માગીને બધા જવાબો સાચા છે કે નહિ તેની તપાસ કરી લેશે. આ 'શા માટે?'ની વૃત્તિ બાળકને મોટેરાંઓ, ઉપદેશકો વગેરે સૌ મનાવે તેમ માનવાની બુદ્ધિમાંથી—પરપ્રત્યયનેય બુદ્ધિમાંથી બચાવશે.

બાળકમાં જ્યારે આ 'શા માટે?'ની વૃત્તિ આવે ત્યારે તેનું સમાધાન બરાબર કરવું જોઇએ.

તેને ગમે તેવા ખોટા જવાબો આપવામાં એની તર્કશુદ્ધ વિચારસરણી ઘડવાને બદલે તેને નુકસાન કરી બેસીશું 'શા માટે?'નો ગમે તેવો જવાબ આપી દેતા પહેલાં ખૂબ વિચાર કરવો.

બરાબર રસ્તે ચાલતાં બાળકો પૂર્ણ વિચારપૂર્વક જ 'શા માટે?' એમ પૂછે છે. અર્થાત જ્યાં તેમને કારણની અબર હોય છે ત્યાં તેઓ 'શા માટે?' પૂછતાં જ નથી. જેમાં કશું કારણપણું હોતું નથી ત્યાં તેઓ એવો પ્રશ્ન નથી પૂછતાં. પોતાના પ્રશ્નમાં પોતાના મનથી કંઇ કારણ માગેલું જ હોય છે. એનું કારણ આપવું અઘરું હોય તો પણ વિચાર કરીને કંઇક સમાધાનભર્યો જવાબ આપવો. એમ ન કરવાથી બાળકની આ પૃચ્છકબુદ્ધિ સંકોચાશે અથવા આઘાત પામી કાયમ માટે દૂર જતી જશે. એક જણનું અવલોકન એવું છે કે જ્યાં બાળકોની ઉક્ત પૃચ્છક-વૃત્તિને પોષવામાં નહિ આવે એવું તેમને લાગી જાય છે ત્યાં તેઓ પોતાની મેળાએ તેનો જવાબ ખોળી કાઢવાની મહેનત કરતાં જોવામાં આવ્યાં છે. સ્વયંપ્રયાસનો આ માર્ગ સારો છે, પરંતુ તેમાં બાળકને ખોટાં અને સાચાં બંને જાતનાં કારણો બેસારવાં પડે છે. વખતે વારંવાર ભૂલો સુધારવી પડતી હશે. બાળકને આ માર્ગમાંથી આપણે બસેડીએ નહિ. એ માર્ગ સ્વાવલંબી છે એટલે વધારે ઉપયોગી છે, પરંતુ સીધે સીધું બાળક આપણને પૂછે ને તેની ખોજ તેના હાથમાં નથી એમ આપણે જાણીએ ત્યાં તો આપણે તેને ઉત્તર આપવો જ જોઇએ. 'શા માટે?'માં પણ તૈયાર રાંધેલું અન્ન બાળક જમ્યા ન કરે તે માટે 'તું કહેને' એ પ્રશ્ન વારંવાર પૂછતા રહીએ એ જરૂરનું છે. આપણે 'શા માટે?'ની વૃત્તિ ઉત્તેજવાની તો ન જ હોય.

'શા માટે?'ની પ્રશ્નપરંપરા કરનાર બાળક ખરેખર કારણ શોધે છે કે નહિ તે જાણી તો લેવું જ.

નીલુ 'શા માટે' પ્રશ્ન વગરસમજ્યે પૂછે છે કે કેમ તેની તપાસ મેં આ પ્રમાણે કરી.

નીલુએ જમતી વખતે ભાત માગ્યા. એને પીરસ્યા. પછી બબુએ માગ્યા. બબુને પીરસ્યા.

નીલુ: "બબુને ભાત શું કામ પીરસ્યા?"

ગિ: "તને ભાત શું કામ પીરસ્યા?"

નીલુ: "મને ભાવે છે એટલા માટે."

ગિ: "ત્યારે બબુને શું કામ પીરસ્યા?"

નીલુ કારણ સમજી ગઇ હોય એમ દેખાઇ. 'તને ભાત શા માટે પીરસ્યા?' એના ઉત્તરમાંથી 'શા માટે?' એ પ્રશ્ન તે બરાબર સમજે છે ને સમજીને જ તે પૂછે છે એમ જણાય છે.

મેં એક બીજો વધારે પ્રશ્ન પૂછી તેની સમજણની વધારે ખાત્રી કરી.

ગિ: "આ પોલકું શું કામ પહેર્યું છે?"

નીલુ. "ઢાંઢ વાય એટલે."

નીલુ હમણાં કાર્યકારણનો સંબંધ શોધવામાં ખૂબ રોકાઈ છે. મને લાગે છે કે થોડા વખત પછી જેમ અત્યારે તે "આ શું?"નો પ્રશ્ન પરીક્ષક તરીકે પૂછે છે. એમજ "શા માટે?" "શું કામ?" એ પ્રશ્નો પણ સ્વયંપરીક્ષક તરીકે પૂછશે. અર્થાત્ તેના મનમાં જે ઉત્તર છે તે બરાબર છે કે નહિ તેની ખાત્રી કરવા નીકળશે, ને જ્યારે સામેથી આપણે તેને પૂછીશું: "તું કહેને" ત્યારે "ખબર નથી." એમ કહેવાને બદલે કાર્યકારણની શૃંખલા બતાવશે.

બાળકો જાતે જ ભાષા કેમ શીખતાં જાય છે ને તેમાં આપણી સહાય ક્યાં હોઇ શકે તેનું આ એક દૃષ્ટાંત છે. માબાપો અને શિક્ષકો આવા અનુભવો ધ્યાનમાં લે તો બાલભાષાના સ્વયંશિક્ષણનો માર્ગ નિશ્ચિત કરી શકાય. ગિ.

મોન્ટીસોરી પદ્ધતિ (ગિજુભાઈ) કેટલાએક કારણોને લઇને જાતે છાપીમાં તૈયાર થશે કિંમત રૂા. ૨-૦-૦

કિશોરકથાઓ : લેખક ગિજુભાઇ : કિં. આઠ આના : પોસ્ટેજ બે આના : દ. મૂ. અકબરાનગારકિર

શું કામ ના પાડે છે ?

મને ગલુડીયું રમાડવું બહુ ગમે છે પણ બા કહે છે, " આપણે ગલુડીયું ન રમાડાય. "

મને મંદા સાથે રમવું બહુ ગમે છે પણ બાપો કહે છે, " આપણે મંદા સાથે ન રમાય. "

મને શાક સુધારવું બહુ ગમે છે પણ મોટી બેન કહે છે, " તારાથી શાક ન સુધારાય. "

મને જેડા ગોકવવા બહુ ગમે છે પણ ગોકવવા જઉં ત્યારે કાકા કહે છે, " આપણે જેડા ન ગોકવાય. "

ગિ.

હવે બરાબર કીધું

હું ગલુડીયે રમતો હતો. બા કહે, " એની સાથે ન રમ, એ કરડકણું છે. "

હું મંદા ભેગો રમતો હતો. બાપા કહે, " હમણા એની ભેગો ન રમ, એને બસે થઇ છે. "

હું શાક સુધારવા જતો હતો. મોટી બેન કહે, " એ છરીએ ન સુધારતો, એ, તાજી સજ્જવેલી છે. "

હું જેડા ગોકવવા બેઠો. કાકા કહે, " હમણા ન ગોકવતો, ન્હાંતી વખતે ગોકવજે. "

ગિ.

બાપુ પાસે જવું છે

નાના કાકા: " ભઇ, હવે રાગડો તાણતો રહીશ કે ? ત્યાં તને તે કાંઇ કચેરીમાં લઇ જવાય કે ? ત્યાં કચેરીમાં છોકરાનું શું દાટયું હોય ? "

" એં એં એં, મારે બાપુ પાસે જવું છે. મારે બાપુ પાસે જવું છે. એં એં એ. "

નાના કાકા: " છાનો રે'છે કે નહિ ? હું વાંચું છું તે મને ગડબડ થાય છે. ચૂપ. બસ ચૂપ ! "

નાની કાકી: " એમ એને ન થાય. છોકરું છે તે રડે. ભઇજી હારે લઇ ગયા હોત તો શું થાત ? ત્યાં બેઠું બેઠું રમત. "

" લે રાખ્ય. બહુ ડહાપણ છે તે. "

" બાપુ રમણુ, આમ આવ્ય, પેંડો આપું. "

" મારે પેંડો નથી ખાવો. મારે બાપુ પાસે જવું છે. એં એં એં એં એં. "

" ઈ એમ માને એવો નથી. એમ તો ઉંધી ખોપરીનો છે. કેમ અલ્યા મુંગો રે'છે કે નહિ ? આ લાકડી લીધી સમજજે. ત્યાં મારા આગળ નહિ ચાલે. ઇ બધું તારી બા ને બાપા આગળ ચાલે. "

રમણુ રડે છે, વધારે રડે છે; ભેંકડો તાણીને રડે છે.

કાકી: " તમે એમ કરો મા: તમારી ભાભી હમણા આવશે તો કે'શે છોકરાને ઘચકાવે છે. બાપુ રમણુ, આમ આવ. આપણે ઘઉં વીણીએ. લે હું તને કાંકરા દેતી જઉં. "

રમણ: " એં એં એં, મારે બાપુ પાસે જવું છે. એં એં એ. "

રમણુ પગ પછાડે છે. ત્યાં બા આવે છે.

" શું કામ રડે છે બેટા ? "

" બાપુ પાસે જવું છે. મને હારે ન લઇ ગયા. મારે જવું છે. એં એં એ. "

" તે તારા બાપુ કચેરીમાં કયારે ગયા ? "

" હમણા ગયા. મારે ત્યાં જવું છે. "

" પણ રમણુ, આપણે તો માશીને ત્યાં જવું છે ને ? માશીને આપણે તો'તું કીધું કે અમે તમારે ત્યાં આવશું ? ચાલ ઝટ ઝટ લૂગડાં પહેરી લે. આપણે જઇએ. "

" એં એં એ. મારે આ ચોરણી નથી

પે'રવી. ઓલી પે'રવી છે."

"ઠીક ઇ પહેરાવું. ઓલી ટોપી પહેરીશ કે આ?"

"આ."

"ઠીક, ઇ લે."

"લ્યો ચાલો ત્યારે માશીને ત્યાં ઉપડીએ."

"ના, રસ્તામાં કચેરી આવે છે કે નહિ?"

"હા, હા, આવે છે તો ખરી. હું તને આગેથી તારા આપુ કયાં બેસે છે તે બતાવીશ."

ગિ.

કોનું માનવું?

બાપા કહે છે, "વહેલું ઉઠવું; વહેલા ઊઠયે અક્કલ વધે."

બા કહે છે, "ઊંઘ પૂરી થાય ત્યારે ઉઠવું; વહેલા ઉઠયે ઊંઘ બગડે–દિ બગડે."

બાપા કહે છે, "થોડુ ખાવું; ખૂબ ખાવાથી આળસ વધે."

બા કહે છે, "ભાવે એટલું ખાવું; ભૂખ હોય તો ખાવું."

બાપા કહે છે, "એક વાર કળશે જવું; સવારમાં જ જવું."

બા કહે છે, "લાગે ત્યારે જવું; રોકી રાખવું નહિ."

બાપા કહે છે, "બપોર વચ્ચે ઊંઘવું નહિ; ઇ ટેવ ખરાબ."

બા કહે છે, "ઊંઘ આવે તો ઊંઘવું; ન આવે તો નહિ."

ગિ.

સૂડી વચ્ચે

બા: "કેમ અલ્યા સોપારીનો કટકો નાખી દે છો કે નહિ? અત્યારથી ઇ હેવા શું સારા?"

બાપા: "ખાવા દે ને? એમાં શું બગડી જાય છે?"

બા: "સરખો બેશ. પલોંઠી વાળીને. આ શું ઉંધા ગૂડા નાખીને બેઠો છે?"

બાપા: "એમ બેસે તોય સરખું ને આમ બેસે તોય સરખું. એમાં વળી સરખું શું બેસવું'તું?"

બા: "આમ સરખો સૂ. ચત્તોપાટ શું સૂતો છો?"

બાપા: "પડખે સૂવે તોય ઠીક ને ચત્તો સૂવે તોય ઠીક. પડવું હોય એમ પડવા દે ને?"

બા: "એલા જમણે હાથે ખા, જમણે હાથે. ડાબો હાથ કયાં લીધો?"

બાપા: "ડાબેયે સરખો ને જમણોયે સરખો. ખાવા દેને જે હાથે ખાવું હોય તે. એમાં કયાં કાંઈ બગડી જાય છે?" ગિ.

શું કામ નથી માનતો

"ચંદુ, પાણી લાવને?"

ચંદુ મુંઝાઇને ઉભો રહ્યો.

"ચંદુ, સાંભળતો નથી? પાણી લાવવાનું કીધું."

ચંદુ ઉભો, ઉભો જોઇ રહ્યો.

"ચંદુ, જતો નથી કે? રોઝ જેમ ઉભો છે શું?"

ચંદુ ઘરમાં જઇ પાછો આવ્યો.

"ચંદુ, પાણી ન લાવ્યો કે? નહિ માન્યું કે?"

ચંદુ કહે, "બાપુ, નાની માટલી ફુટી ગઇ

છે. પાણીયારે હું અંધારું શંકતો નથી. આ કપડશે ગઇ છે."

\+ + +

"રમુ બોલ્યું તારૂં રમકડું રામુને દે જોઇએ."

રામુ વિચાર કરતો ઉભો રહ્યો.

"લે ઝટ લાવ તો ? રામુ કજીયો કરે છે, એને છાનો રાખીએ."

રમુ કંઇ બોલ્યો નહિ: ઉભો રહ્યો.

"અરે ! રમુ, રમકડું લાવે છે કે નહિ ? ઝટ લાવ. રામુ રડે છે. જોતો નથી ?"

રમુ ઘરમાં જઇ બેસી રહ્યો.

બાપુએ સાદ પાડ્યો: "રમુ, ક્યાં ગયો ? લાવ્યો કે ? નથી દેવું ? દઇ દે. માને છે કે નહિ ?"

રમુ આવ્યો નહિ. બાપુ ચીડાયા. "રમુડા, આમ આવ. રમકડું લાવ."

રમુ કહે: "મારી બાએ એને દેવાની ના પાડી છે."

ગિ.

બંગલાની પેટી

આજ કાલ સાધારણ કીંમત ગણાતા શહેરમાં રમકડાંની દુકાનો એક કૌટુંબિક જીવનની જરૂરીઆત પૂરી પાડનાર તરીકે આવશ્યક થઇ બેઠી છે. મધ્યમ કે શ્રીમંત સ્થિતિનાં કુટુંબોમાં સાચે જ એ જીવનની જરૂરીઆત થઇ પડી છે.

આ રમકડાની દુકાનોનો ઇન્નરો જો બાલશિક્ષણ-પ્રવીણ માણસો રાખે તો દુકાનો એ સમાજની એક ઉપયોગી વસ્તુ થઇ શકે. આજે તો એની અંદર ઉપયોગી ને નિરુપયોગી એવી અનેક વસ્તુઓનો ખીચડો ભેગો થએલો દેખાય છે. દુકાનો હાથમાં લઇ લેવી તો શક્ય નથી. ચળકતાં ને ધડીક જ આકર્ષતાં રમકડાં પરદેશો તૈયાર ન કરે ને અમુક પ્રકારનાં જ કરે એમ તેમના ઉપર દબાણ લાવવાનું યે આજે આપણા હાથમાં નથી. પરંતુ આપણી પસંદગી આપણા હાથમાં છે. પસંદગીની પાછળ આપણે અનુભવજન્ય અને સિદ્ધાન્તજન્ય તત્ત્વો રાખીને આ દુકાનોનો આપણાં બાળકો માટે લાભ લઇ શકીએ અને તેમાંનાં નુકશાનકારક તત્ત્વોથી બચી શકીએ.

કેટલાંએક ઉપયોગી રમકડાંની કિંમત તપાસીએ.

રમકડાંની દુકાનોમાં બંગલાની પેટીઓ હોય છે તે તેના સાદા રૂપમાં બહુ જ લાભકારક રમકડાં છે. સાદા રૂપમાં કહેવાનું કારણ એ કે ઘણી વાર રમકડું આકર્ષક બનાવવા માટે તેની અંદર ચિત્રો વગેરે ચોટાડવામાં આવે છે. બંગલા બનાવવાની પ્રવૃત્તિને આવાં ચિત્રો વિક્ષેપક છે. બંગલાની પેટી અનેક પ્રકારની હોય છે. થાંભલા, કમાન વગેરે સહિતની ઘર બનાવવાની પેટી આવે છે ને ઈંટોના ઘરનો બહારથી જેવો દેખાવ દેખાય તેવી જાતની ઈંટોની પણ પેટી આવે છે. નાના મોટા ઘનોની પેટી પણ આવે છે. એ બધી જાતો ઉપયોગી છે: માત્ર ઘનોની અંદર જ્યાં ચિત્ર, અક્ષર કે શિક્ષણ વગેરે ભેળવવામાં આવે છે તે પેટીઓ બંગલા માટે બહુ સારી નથી. ઘનોની છ બાજુએ છ રંગો હોય તે પસંદ કરવા જેવું છે.

બંગલાની પેટીની રમતોમાં બાળકની સર્જનાત્મક શક્તિને અવકાશ મળે છે. બાળક તેમાંથી ઘરના અનેક નમુના ગોઠવી કાઢે છે. અથવા ઘર જેવું ઉંચું ઉંચું બાંધવાને બદલે કટકાને જમીન ઉપર પાથરીને તેમાંથી અનેક આકારો ઉપજાવે છે.

આવી પેટીઓ સાથે જે નમૂનાના કાગળો આવે છે તેનો ઉપયોગ ન કરીએ તે ઘણું સારું. તેમજ મોટેરાઓ પાસે બેસીને "આમ બનાવ." "આમ

મૂકે.” એવું શીખવી શીખવીને વધારે સુંદર ને પૂર્ણ આકૃતિ ઉપજાવે તે પ્લાસજર્ન, બાલશિક્ષણ કે બાલરમત એકેય દૃષ્ટિએ કામનું નથી. મોટાંઓ ગમે કરાવતા જેસે ત્યારે બાળકોના રમતના આનંદ તો ચાલ્યો જાય છે જ, પણ રમત રમતમાં બાળક મૂકવા કરવાના જે હાથના કાબૂ મેળવે છે તે પણ આવતો નથી. બાળકનું સ્વતંત્ર સર્જન તો નથી જ થતું. માટે પેટીની બાબતમાં મોટેરાંઓએ એટલું જ કરવાનું કે એક સરસ પેટી પસંદ કરી બાળકને આપવી. એક શેતરંજી કે સાદડી કે ઘરનો એક ખુણો તેને આપવો. રમત પૂરી થાય ત્યારે પેટીમાં બધું ગોઠવીને મૂકી દેવાનું બતાવવું. ધૂળ બૂળ લુછને સાફ કરવાનું બતાવવું ને આઘા ખસી જવું. પછી દૂરથી ઘરમાં હરતાં ફરતાં તેમાંથી ઉપજતી નવી નવી ઘટના જોવી. બાળક જોવા બોલાવે ત્યારે જવું ખરું, પણ ઘટના ઉપર બહુ બહુ અભિપ્રાયો ન આપવા. સહેજ સ્વાભાવિક રીતે “બહુ સારું” કે “ઠીક છે” એટલું કહીએ તો વખતે ચાલે. પણ ખરી રીતે તો બાળક જોવા બોલાવે એટલે બાળક બતાવે તે બધું આપણે જોઇએ એટલે જ બાળકને સંતોષ થાય છે. સ્તુતિની અપેક્ષા તો આપણે સ્તુતિ કરીએ ત્યારે જ ઉભી થાય છે.

જોવામાં બે ત્રણ બાબતો જોવા જેવી હોય છે. કેટલાંએક બાળકો જેમ આવે તેમ આકારો ગોઠવવા લાગે છે. તેની પાછળ કાંઇ અર્થ હોતો નથી. તેમને પૂછીએ કે “આ શું બનાવ્યું?” તો કહે છે, “કાંઇક બનાવ્યું.” એટલે જૂદી જૂદી રીતે કરતા મૂકવાથી જે જૂદી જૂદી આકૃતિઓ કે ઘટનાઓ થાય છે તે જોવાનો ને બનાવવાનો જ આનંદ તેઓ લે છે.

કેટલાંએકનાં મનમાં શું બનાવવું તેનો ચોક્કસ ખ્યાલ હોય છે. તેઓ ભીંત કે ગાડી કે ઘર કે એવું કાંઈ બનાવવા માગે છે. પછી આકારમાં તે અરધું પરધું ઉતર્યું હોય તો પણ તેમને પોતાને તો તે પૂર્ણ આકાર જ લાગે છે.

કેટલાંએક વળી કાંઇક બનાવે છે ને પછી તે જોઇને જે સૂઝે તે નામ પાડે છે. જેમકે ઘન ઉપર ઘન મૂકતાં જાય ને પૂરૂં થયા પછી તેમને લાગે છે કે આ તો કૂવો થયો, આ ભીંત થઇ, આ મિનારો થયો વગેરે.

કેટલાંએક બાળકો તેમાંથી સુંદર સુંદર ઘટનાઓ જ ઉપજાવે છે, તો કેટલાંએક રીતસરનું ઘર કે પૂલ કે કૂવો કે એવું કાંઇક બનાવે છે.

એકંદરે બાળકોની સ્વતંત્ર કૃતિઓ જોઇ બાળકની કલ્પનાને મૂર્તમાં ઉતારવાની શક્તિ કેટલી ખીલી છે તેમજ કેમ વિકસે છે તે પણ જોઇ શકીએ. બાળકનું એકંદર વલણ કઇ દિશામાં છે તે પણ આમાંથી જોઇ શકાય છે.

બંગલાની પેટી બાળકને લાંબો વખત તલ્લીન કરે એવો ઉદ્યોગ આપે છે. આવી પેટીઓ બાળકનાં સ્વતંત્ર સર્જનોને અવકાશ આપતી હોવાથી રમકડાંના જગતમાં તેને ઉંચું સ્થાન છે. **તા.**

ઐસા રખ્ખા

બે જણા પ્રવાસે નીકળ્યા. વચ્ચે નદી આવી. એક જણ નહાવા પડ્યો. નદીમાં પૂર આવ્યું. નહાનારના પગ લથડ્યા ને ખેંચાયો. કાંઠે ઉભેલો કહે: “ઐસા રખ્ખો.” પોતે બે પગ પહોળા રાખી કેડથી ઉભો રહી કહે: “ઐસા રખ્ખો, ઐસા રખ્ખો.” પેલો કહે: “પણ પાણીનું જોર છે. પગ ખેંચાય છે.” બીજો કહે: “અરે ઐસા રખ્ખો, ઐસા.” પેલો કહે: “રેતી નીચેથી સરતી જાય છે. પગ ઓડાતો નથી.” બીજો કહે: “અરે જો તો ખરો, ઐસા, ઐસા, ઐસા રખ્ખા.”

પાણીનું જોર વધ્યું, 'ઐસા રખ્ખો' પડી રહ્યું ને પેલો બિચારો તણાઈ ગયો.

એમ 'ઐસા રખ્ખો' બોલવાથી રખાઈ થોડું જાય છે? એ તો રાખતાં શીખવવું જોઈએ. રાખતાં આવડવું જોઈએ. એમ ન થાય તો એક જણ બોલે ને બીજો સાંભળે પણ કંઈ વળે નહિ.

આપણે મોટાઓ બાળકોને રાત દિવસ "ઐસા રખ્ખો," "ઐસા રખ્ખો" કહીએ છીએ. બરાબર બોલો, સરખા બેસો, શાંત રહો, ચોકખા રહો, કામ કરો, હુકમ બરાબર ઉઠાવો, સાચું બોલો, ભેગા રમો, ભાગ આપો, મજા કરો, પહેલા રાખો, ધનામ લ્યો વગેરે કહીએ છીએ. પણ આ બધું બાળકે કરવું શી રીતે? આપણે તો "ઐસા રખ્ખો" કરીને ઉભા રહ્યા. એમાં બાળકને બધું આવડે કે? આપણે તેને બતાવવું જોઈએ. 'કૈસા રખના' એ શીખવાડવું જોઈએ ને પછી 'ઐસા રખ્ખો' એમ કહેવું જોઈએ.

ગિ.

ઘરે કેમ નથી કરતાં

એક બેન મેમાનને લઈને બાલમંદિર જોવા આવ્યાં. બેનની દીકરી બે વરસથી બાલમંદિરમાં આવે છે.

નાની મંડળીનો ઓરડો જોતાં હતાં. જોતાં જોતાં પાણીના ગોળા પાસે આવ્યાં. ત્યાં બે ત્રણ બાળકો હતાં. એક ત્રણ વરસનું બાળક ટબુડીથી પાણી આપતું હતું. બીજાં પ્યાલીઓ હાથમાં લઈ ઉભાં હતાં. એકેક જણ પાણી પીએ. પ્યાલી વીછળીને ડોલમાં પાણી ઢોળે, ને પ્યાલી બારીમાં ઉંધી વાળીને ચાલતું થાય. એ બધી ક્રિયા જોઈ બેન ને મેમાન ખુશ થયાં.

તેમની આગળ એક પ્રશ્ન ઉભો થયો. તેઓ મને કહે: "તમે અહીં બધી વ્યવસ્થા ને સ્વચ્છતા શીખડાવો છો ને બાળકો તે પ્રમાણે અહીં વર્તે છે પણ બરાં. પણ ઘેર જઈને તે બધું ભૂલી જાય છે. ઘેર તો ગમે તેમ પાણી લે તે ગમે ત્યાં પ્યાલો મૂકે ને એવું ચાલે છે."

પ્રશ્ન મને ગમ્યો. કારણ કે મેં પણ એવું બનતું જોએલું હતું. મેં કહ્યું: "બેન, તમે આ બાળકો માટે કોઈ જૂની બાલ્દી, જૂની ટબુડી ને જૂદી પ્યાલી મૂકી છે? તમે તેમને એકે વાર કીધું છે કે પાણી આમ લેવું? અથવા તો તમારાં બાળકો તો બાલમંદિરમાં પણ આવે છે. તમે તો તેમને એટલું કહો તોય બસ છે કે પાણી બાલમંદિરની રીતે."

વાત બેનને ગળે ઉતરી. તેઓ કહેવા લાગ્યાં કે "વાત બરી છે. અમે તો હંમેશ બાળકોનો જ વાંક કાઢીએ છીએ, પણ અમારી ભૂલ તો અમારા ધ્યાનમાં જ નથી આવતી."

બાલમંદિરમાં પ્રથમ શ્રેણીમાં બેથી ત્રણ વરસનાં બાળકો દાખલ થાય છે. તે વખતે તેમને બે પ્રકારની રમતો અથવા કામો આપવામાં આવે છે. એક ઇંદ્રિય કેળવણીનાં સાધનો પરત્વેની રમતો અને બીજી સામાન્ય વ્યવસ્થા પરત્વેની રમતો. સામાન્ય વ્યવસ્થાની રમતોમાં નાની નાની સુપડીઓ ને સાવરણીઓથી વાળવું, લુગડાના કટકાથી બારીબારણાં, કાચ, ફોટાઓ, ટેબલ, ખુરશી કે બીજાં સાધનો લુવાનું, બીના લુગડાથી સાફસુફ કરવાનું, આસનો પાથરવા ને સંકેલવાનું, પોતાનાં હાથ મોઢાં વગેરે સ્વચ્છ

ધોવાનું, દાંતીયાથી માથું ઓળવાનું, પાણી પીવાનું બુતાન બીડવાનું વગેરે અનેક વાતો એની અંદર આવે છે. ને બાળકો તે બધું રમતો તરીકે જ રસથી કરે છે. પાણી કેમ પીવું, વાટકો કેમ મૂકવો, પછાડીએ તો બબડાટ થાય છે, ધીમેથી કેમ મૂકીએ, વગેરે ઝીણી ઝીણી બાબતો તરફ તેમનું ધ્યાન સારી રીતે ખેંચાય છે. બાળકો પણ વાત ધ્યાનમાં લઈ તે પ્રમાણે કરવા લાગે છે. ને ઘણાં માબાપોનો પણ અનુભવ છે કે ઘેર જઈને પણ બાળકો એ બધું કરવા લાગે છે.

પણ બાલમંદિરને એક કડવો અનુભવ છે. જે બાળકો ત્રણ ચાર વરસની ઉંમરે આ બધી વાતો રસથી કરતાં, એટલું જ નહિ પણ આ સંબંધેની એમની સંસ્કારિતા એટલી કેળવાતી કે નવાં બાળકો વસ્તુઓ પછાડે કે ગોબામાં પ્યાલો બોળે કે એવું કાંઈ કરે તો તેમનું મન દુખાતું ને તેઓ પોતે નવાંને પાઠ દેવા બેસતાં, તે જ બાળકો છ સાત વરસની ઉંમરે આ વાતો પ્રત્યે બેદરકાર દેખાય છે. તેમનામાં આવડતની બામી હોતી નથી. ધારે તો બહુ જ સફાઈથી બધું કરી શકે છે; છતાં સામાન્ય વલણ તો બાઈને વાટકો ઉભાં ઉભાં પછાડવો, કચરો દેખાય તોયે વાળવાની ઢીલ કરવી, વાળવું તો કચરો ને સાવરણી ઠેકાણે પડે નહિ વગેરે દેખાય છે.

અનેક રીતે પોતાની બામીઓ શોધ્યા પછી બાલમંદિરના બાલકોને આ જ વિચાર ઉપર આવવું પડ્યું છે કે એનું કારણ તો આ બાળકોનાં ઘરો છે.

અઢી ત્રણ વરસનાં બાળકો અહીં અમુક પ્રકારની વ્યવસ્થા ને વર્તનની સંસ્કારિતા ને સામાજીક જીવનને માન આપવાનું શીખે છે, જ્યારે ઘરે તેથી તદ્દન ઉલટા વાતાવરણમાં તેઓ ઉછરે છે. પહેલાં પહેલાં આ વાત તરફ તેમનું ધ્યાન જતું નથી. પણ આસ્તે આસ્તે બાલમંદિરમાં આમ હોય ને ઘરે તો આમ ચાલે એમ બાળકો નક્કી કરે છે. એટલે બાલમંદિરની વ્યવસ્થા કે સંસ્કારિતા બહાર પહેરવાના સામાજિક કૃત્રિમ વાતાવરણના બંધન તરીકે સ્વીકારાય છે, જ્યારે ઘરનું સ્વાભાવિક ને સહેલું લાગે છે. સાતેક વરસની ઉંમરે બાળક આ દ્વિધા વૃત્તિમાંથી પસાર થઈ ચોક્કસ ટેવ ઉપર આવે છે ને માટે જ તે ઉંમરનાં બાળકો પરત્વે બાલમંદિરનાં બાલકોનું મન મુંઝાય છે ને દુભાય છે.

બરી રીતે મોન્ટીસોરી પદ્ધતિનો આ વિભાગ મુખ્યત્વે ઘેર થવો જોઈએ ને બાલમંદિરમાં તો તેના પરિણામરૂપ વ્યવસ્થા સ્થપાય એમ બનવું જોઈએ. કાંઈ નહિ તો બાલમંદિર સાથે માબાપોનો સહકાર તો જોઈએ જ.

માબાપો ધારે તો એ વાત જરાએ અઘરી નથી. બાળકોને આચાર દેવાનું કામ તો દરેક ઘરમાં ચાલે જ છે. દિશાએ જતી વખતે કપડાં ઉતારો, હાથ પગ બરાબર ધુઓ ને પછી ઘરમાં બડો વગેરે વ્યવસ્થા ને સ્વચ્છતાની વાતો શું આપણે બાળકોને નથી શીખવતાં?

પહેલી વાત તો માબાપોએ જાણી લેવું જોઈએ કે વ્યવસ્થા, સ્વચ્છતા ને સંસ્કારિતાની અંદર બાસ શી શી બાબતો આવે છે. ચાલતી આવેલી ઘરની રીતભાત જ હમેશને માટે આપણું આચારનું ધોરણ ન હોઈ શકે. આપણી રીતભાતમાં કેટલીક સારી હશે ને કેટલીક કઢંગી હશે. કેટલીક નવી દાખલ કરવાનીયે જરૂર હશે. એ બધું આપણાં બાળકોના જીવનમાં

તો સુધરવું જ જોઇએ.

• બીજી વાત બાળકો આગળ એ બધું કેમ ધરવું, તેમને એ બાબતની રીતભાત કેમ શીખવવી, તે પણ જાણી લેવું જોઇએ એ છે. આપણી વાતની રીત તો એમ છે કે "અલ્યા એંઠો વાટકો કેમ બોળ્યો?" "કળશો કેમ પાડ્યો?" "પ્યાલો ત્યાં શું કામ મૂક્યો?" "આમ કેમ બેઠો? "ભાન વગરનો" "મૂરખો." એક પ્રકાર આ ને બીજો પ્રકાર "અલ્યા પ્યાલો ત્યાં મૂક." "ત્યાં મુકીશ નહિ." "આમ બેસ." "આમ નહિ." એમ દરેક વખતે "આમ" ને "આમ નહિ" નો વરસાદ વરસાવવો તે.

આપણો વખત ટોકણી ને શીખામણથી બાળકો સાચી રીત શીખવાને બદલે મુંઝાય છે ને કંટાળે છે. આપણી પ્રસંગ દીઠની એકેક શીખામણ કે ટોકણીમાંથી સામાન્ય નિયમો તારવી કાઢતાં તેમને આવડતું નથી; ને મૂળે આપણી પાસે જ સામાન્ય નિયમો ન હોવાથી તે કામ અઘરું પણ છે. એટલે માબાપો આ આ વિભાગમાં કઇ બાબતો આવે ને તે બાળકો આગળ કેમ ધરવી એ જાણી લે ને ઘરમાં દાખલ કરે તો જ કામ આવે. તા.

શિલ્પી

એક હતો શિલ્પી. એને હતો એક દીકરો. એ પણ હતો શિલ્પી. જબરો કારીગર: અદ્વિતીય.

દીકરો ભારે ભારે નમુના કરે. લોકો એની વાહવાહ બોલે. એકલો બાપ કહે: "પણ હજી બરાબર નહિ. જરા આટલી ભૂલ છે. જરા આમ હ્યું હોત તો ઠીક.".

દીકરો સુધારા વધારા કરે. ખૂબ શ્રમ ઉઠાવે. માને કે હવે બાપા ખુશી થશે. પણ બાપ પાછો કહે: "હજી બરાબર નહિ. આટલી ખામી રહી ગઇ."

દીકરો નિરાશ થાય: દુઃખી થાય. "લોકો કહે છે મારું કામ ઘણું સુંદર; અતિ સુંદર; એક પણ ખામી વિનાનું બાપા કહે છે, આ ખામી ને તે ખામી! આ બાપો તે કેવો?" બાપાથી દીકરો કંટાળ્યો: મનમાં કહે: "બાપાને પણ સમજાવું"

દીકરાએ એક સુંદર પુતળું કર્યું: અતિ સુંદર. નદી તળે દાટી આવ્યો. ઘણા દિવસે બહાર આવ્યું. બધા કહે "અદ્ભુતકૃતિ, ભારે કામ, અપૂર્વ કલા!"

બાપને બબર નહિ કે આ દીકરાનું કામ છે. બાપે પણ કહ્યું: "અસાધારણ સુંદર. મારો પુત્ર પણ ન કરી શકે. કોઈ જ ન કરી શકે તેવું અદ્ભુત નિર્માણ!"

દીકરો કહે, "પિતાજી, એ કામ મેં કરેલું છે. એ પ્રતિમાનો હું ઘડનારો."

બાપ ચિંતાતુર થયો; મન ખિન્ન થયું. મનમાં કહે, "બસ હવે દીકરાનો હાથ બગડશે. સ્તુતિ એને મારી નાખશે."

બીજે દિવસ દીકરો ઘડવા બેઠો. હાથ ચાલે જ નહિ; ઘડતર સારું બને જ નહિ; સુંદર મૂર્તિ ઉઠે જ નહિ; સુરૂપ આકાર બને જ નહિ; રમ્ય કલ્પના સ્ફુરે જ નહિ.

દીકરો મુંઝાયો. પિતા પાસે ઉભો: રડી પડ્યો.

પિતા કહે, "એટલા જ માટે મેં તને આજ સુધી સ્તુતિથી બચાવ્યો હતો. એટલા જ માટે મેં તને સ્તુતિ સામે નિંદા આપી હતી. એટલા જ માટે તું અત્યાર સુધી ચરતો ગયો. પણ હવે તું ફુલાઇ ગયો. તને એમ થયું કે તું જ એક ભારે કારીગર. તને અભિમાન આવ્યું કે મારા જેવો કોઇ નહિ. સ્તુતિથી થએલા અભિમાને તારો હાથ કાપી નાખ્યો છે."

આ એક વાર્તા છે. સ્તુતિનું ઝેર કેવું છે તેનું આમાં દૃષ્ટાંત છે. પિતાએ કરેલ નિંદાની યોગ્યા-યોગ્યતા વિષેનો વિચાર બાજુ પર રાખીએ. તો પણ સ્તુતિથી માણસને મદ ચડે છે, તે છકી જાય છે, પોતાની પ્રવૃત્તિની ઉપાસનામાં તે મંદ પડે છે, તે બહિર્મુખ બનતાં અંતઃકરણનો અવાજ સાંભળતો નથી. પરિણામે તેની શક્તિઓ હણાય છે ને તે પડે છે સ્તુતિને સાંભળીને તેને પચાવી ન શકનાર પોતાની શક્તિઓને ધીમે ધીમે ખુએ છે અથવા તો શક્તિઓ તેની પાસેથી રજા લે છે; કેમકે ખરી શક્તિઓ સ્તુતિના ઉત્તેજનથી વિકૃત થાય છે અગર તો મંદ પડે છે અગર તો મરી જાય છે.

લોકોથી થતી સ્તુતિ સાંભળી છોકરો બાપની પાસેથી સ્તુતિની આશા રાખે છે. બાપ નિંદા કરે છે ત્યાં તેનો સ્તુતિપ્રિય સ્વભાવ છંછેડાય છે. સ્તુતિપ્રિયતા વધતી જતી હતી તેથી જ તે બાપને બતાવી દેવા નીકળે છે. આખરે બાપ પણ જ્યારે વખાણે છે ત્યારે તે બરોબર મદમસ્ત બને છે ને ત્યાં જ તેની પાસેથી કલાદેવી રજા લે છે. કલા ભક્તિ માગે છે. સ્તુતિ અને નિંદા ભક્તિ નથી પણ દ્વેષ છે. સ્તુતિ એ નિંદાનું ઉલટું સ્વરૂપ છે. અસરમાં તો બન્ને સરખાં જ બલ્કે સ્તુતિ વધારે ખરાબ છે. બાપે નિંદા ન કરી હોત તો કદાચ છોકરાને લોકસ્તુતિનું ભાન ઓછું થાત; પણ લોકો પણ ભૂલ્યા ને છોકરો પણ ભૂલ્યો.

સાર પણ એ છે કે આપણે બાળકોને સ્તુતિ કે નિંદાથી સારા નરસાનું ભાન ન આપીએ. બાળકો જે કાંઇ કરે છે તે જોઇએ. તેમને જ્યાં મદદની જરૂર પડે ત્યાં મદદ આપીએ. તેઓના કામના આનંદમાં ભાગ લઇએ. તેઓ સારું કરે છે એવી તેમની માન્યતાથી વિરુદ્ધ ન જઇએ. તેઓ પોતે આ બરાબર નથી ને આ છે એવો વિવેક કેળવે ત્યાં પાસે ઉભા રહી દૃષ્ટિ આપીએ; પણ જાતે જ વિવેકને આપીએ નહિ. તેઓ સરખામણી કરી અંદર અંદર અથવા પોતાની જ જાત સાથે પોતાની કૃતિઓ પર અભિપ્રાય બાંધે તો બાંધવા દઇએ. આપણો પોતાનો અભિપ્રાય તો "હા કરો, સરસ થશે, કર્યા કરો" એ આપીએ. આપણે બાળકોને સ્તુતિનિંદામાંથી બચાવીશું તો તેઓ સ્તુતિથી ફુલાશે નહિ, નિંદાથી હિજરાશે નહિ; સ્તુતિથી બગડશે નહિ, નિંદાથી વેર લેવા નીકળશે નહિ. ગિ.

ઈ મારી વાંસે બગડે છે

બચુભાઇને મેં પૂછ્યું: "કેમ ભાઈ, હમણાંથી મંદિરે આવતા ન હતા?" બચુભાઈ કહે: "મને તાવ આવતો હતો." પાસે બચુભાઇના પાડોશીનો દીકરો ઉભો હતો મેં તેને પૂછ્યું: "પ્રતાપરાય તમે કેમ નો'તા આવતા?" પ્રતાપ જવાબ આપે તે પહેલાં બચુભાઇએ કહ્યું: "એ તો હું નો'તો આવતો એટલે નો'તો આવતો. ઈ કાંઇ માંદો નો'તો. ઇ મારી વાંસે વાંસે બગડે છે." જવાબ સાંભળી હું વિચારમાં પડ્યો. બચુ અને પ્રતાપ પાડોશીના દીકરાઓ. હંમેશ બાલમંદિરમાં સાથે આવનારા. એક જ ઓરડામાં કામ કરનારા. એકને બીજા વિના ઘડીએ ચાલે નહિ એવા મિત્રો. બચુ માંદો પડે ત્યારે પ્રતાપને એકલા આવવું ન ગમે એ કેવળ સ્વાભાવિક. બચુને પણ તેમજ ગમ્યું હશે. છતાં બચુ કહે છે: "ઇ મારી વાંસે બગડે છે." વળી બચુ માંદો પડ્યો એમાં એ બગડી ગયો એવું એ પોતે જ માને નહિ. માંદા પડવાથી પણ બગડી જવાય છે એવું હજી બાળકોના સદ્‌ભાગ્યે આપણે તેમના ભગજમાં ઠોકી બેસાડવાની હદ સુધી નથી ગયાં. હજી આપણે એ હદ સુધી બગડ્યાં નથી.

પ્રતાપને પોતાના મિત્ર વિના શાળાએ આવવું ન ગમે ને ઘેર રહે એમાં એને બગડી જવાપણું શેનું લાગે? છતાં બચુ કહે છે: 'મારી વાંસે ઈ બગડે છે?"

બચુ શા માટે આમ કહે છે? પ્રતાપ એની વાંસે બગડ્યો છે? બચુ એટલા માટે કહે છે કે પ્રતાપની બા કહે છે: "રોયો, બચુ વાંસે બગડે છે." બચુના ઘરમાંથી કોઇ કહે છે: "બચુ વાંસે પ્રતાપ બગડે છે." પ્રતાપની બાને મન શાળા પાડવી એટલે બગડી જવું. બચુનાં ઘરનાં માણસોને મન પ્રતાપ આવે ને આંટા મારે એટલે બગડી જવું અગર તો પ્રતાપની બા કહે છે કે 'પ્રતાપ બગડે છે' એટલે બગડી જવું.

આમાં કયાંઇ પ્રતાપ બગડ્યો નથી, ને બચુ વાંસે બાસ બગડ્યો નથી. છતાં જ્યારે બચુ કહે છે 'તે મારી વાંસે બગડે છે' ત્યારે તે બરોબર જાણે તેમ માનતો હોય તેમજ કહે છે. જાણે કે તે બગડ્યો છે તેની જવાબદારી તેને શિર છે તેમ કહે છે. કહેતી વખતે તેના મોઢા ઉપર આ લાગણીના ભાવો છે. તે પ્રતાપને પણ એ જ વાક્યોથી જાણે ઠપકો આપે છે કે "તું મારી વાંસે બગડ્યો ને શાળાએ ન આવ્યો." પ્રતાપ ન આવ્યો માટે પોતે મારી સામે આજીજી કરતો દેખાય છે. પાસે ઉભેલો પ્રતાપ જાણે બરોબર પોતે વાંકમાં આવ્યો હોય તેમ જરા ચિંતાથી જોઇ રહ્યો છે.

બેમાંથી એકેય બગડ્યો નથી છતાં બન્ને બરોબર એમ જ માનતા થયા છે તેનો દોષ આપણે મોટાઓને શિર છે. આપણે પ્રતાપને શાળાએ આવવા ઇચ્છ્યું, તેને મિત્ર વિના ન ગમ્યું. આપણે તેને 'બગડી ગયો' કીધો એટલું જ નહિ પણ બિચારો બચુ કે જેને આ બાબત સાથે કશી લેવા દેવા નથી તેને માથે નાખ્યું કે 'તેની વાંસે પ્રતાપ બગડે છે.' આપણે નિર્દોષ વસ્તુમાં દોષ આરોપ્યો. બન્ને કંઇક થઇ ગયા છે એવો ખ્યાલ દાખલ કર્યો. બન્નેને ગુન્હેગારનું ભાન આવ્યું. આમ કરી આપણે જ તેમને સરલ અને સ્વાભાવિક મનસ્થિતિમાંથી ભ્રષ્ટ કર્યા. આમ એકને બગડી ગયો છે એવું ઠસાવી તેને 'હવે તો હું બગડ્યો એટલે વધારે બગડી જાઉં' એ માર્ગે જવાને આપણે તેને ખબર ન પડે તેમ ધકેલીએ છીએ, ત્યારે બીજાને ઠસાવીએ છીએ કે "આમાં તારી વાંસે એ બગડ્યો માટે તું તેના પર નારાજ થા, તેની મિત્રાચારી છોડી, તે માટે પ્રાયશ્ચિત કર; અથવા તો તે ન બગડે તેની તું જવાબદારી લે."

બાળકો જે બંધું એક બીજાની સાથે, એક બીજાનું જોઇને, એક બીજાના સહવાસમાં કરે છે તે 'વાંસે વાંસે બગડી જવા' નથી કરતાં. એકાદ બાળક કંઇ સારું બરાબ કરે છે તે જોઈ અનુકરણપ્રધાન બાળક તેમ કરે છે એ વાત સાચી છે. પણ તે બગડી જવા માટે નહિ. તેથી તેના પર સારા-માઠાની અસર થાય છે, પણ તે સારો થવા કે બગડવા માટેની ઇચ્છાથી અસર નથી લેતું. સહવાસથી તેમ બનવું શકય છે. સારો સહવાસ આપીએ ને નહારામાંથી બાળકને દૂર રાખીએ એ, કબૂલ. બાળક બગડતું હોય તો જરૂર આવે લઇ જઇને કે વાળી લઇને તેને બચાવીએ; તેને કશાનો ચેપ લાગ્યો હોય તો તેનું કારણ જતાં તે દૂર થશે પરંતુ 'તું બગડી ગયો, અગર ફલાણા વાંસે બગડ્યો'

એમ કહી બગડી ગયાનું ખોટું ભાન તેને આપી તેને ખરેખર શા માટે બગાડીએ ?

આપણે આપણાં બાળકો એકદમ બગડી-જશે તેની વધારે પડતી ચિંતા નથી કરવાની.

ઘણી વાર માત્ર આપણી પોતાની જ જાતનો અવિશ્વાસ આપણા બાળકમાં આપણે આરો-પીને બાળક બગડી જશે તેની ફિકર કરીએ છીએ. શરીરે નિર્બળ પિતા સુદૃઢ શરીરના બાળકનો પણ જાતરક્ષણ માટે વિશ્વાસ નથી કરી શકતો. આપણે પોતે જ બીકણ હોવાથી બાળકને બીકણ થવા યોગ્ય ગણીએ છીએ ને તેને બીકણ બનાવીએ પણ છીએ. આપણી બગડેલી જાતને બાળકમાં દાખલ ન થવા દેવાના અતિ આગ્રહને લીધે પણ ઘણી વાર આપણે તે જ તેનામાં બસુસ દાખલ કરીએ છીએ.

ઘણી વાર આપણે જ બાળકને બગાડ્યું હોય છે અગર બગડવા દીધું હોય છે. પરંતુ તે માટે આપણે જવાબદાર છીએ એમ જાણી આપણી ભૂલ સુધારવાને બદલે આપણે બીજા કોઇ બાળકને માથે વાંક ઢોળી દેવા નીકળીએ છીએ, ને કહીએ છીએ કે " પ્રતાપ બચુની વાંસે બગડે છે. " આપણું બાળક બગડેલું છે એવું સ્વી-કારતાં આપણે શરમાઇએ છીએ. આપણે જ તેને બગાડીએ છીએ તે સ્વીકારતાં તો આપણને માથાનો ઘા થાય છે. એટલે જ આપણે બીજા બાળકને માથે એ ઓઢાડીએ છીએ. બીજાં બાળકો બગડેલાં; એક આપણું સારું. પણ તે બિચારું બગડે નહિ ને ક્યાં બનય ? કારણ કે બીજાં બગડેલાં છે એ વિચારમાં આપણી ભીરુતા, નાદાની ને હલકાઇ છે.

આપણે તો બોટી સારી રીતે શીખી ગયા છીએ કે ' મારી વાંસે આ બગડે છે' ને ' મારે લીધે આ સુધરે છે.' પણ આનાથી આપણે બચુ-પ્રતાપ ને તેમની ભાવિ દુનિયાને તો દૂર જ રાખીએ. ગિ.

જૂઠું શું કામ બોલ્યો

જો મને માર કે વઢવાની બીક ન હોત તો હું સાચે સાચું જ કહી દેત. લેશ માત્ર વાત છૂપા-વત નહિ. પણ બીકને લીધે એ વાત મેં કીધી જ નહિ. હજી સુધી કોઇને પણ નથી કીધી. હું પણ ભૂલી ગયો હતો. તે વખતે નાનો હતો એટલે મારની બીક લાગેલી. મોટો થયો ત્યારે " મૂરખો ગણાઇશ" તેની બીક લાગેલી. ડાહ્યો થયો ત્યારે "રેઢીયાળ" ગણાઇશ તેનો ભય લાગેલો. પોતાને ધર્મી માનવા લાગ્યો ત્યારે " પાપી " ગણાઇશ તેવી બીક લાગી. કોઇને હું કહી શકતો નહિ. કારણ કે જો કહું તો મને લોકો હસેઃ નાદાન કહે. હું એ વાત ભૂલી જવા માગતો હતો, કારણ કે એમાં મને ભૂલ લાગેલી.

વાત સાદી હતી. એક બીનઅનુભવની ભૂલ-થાય હતી. પણ બીકને લીધે તે વાત છૂપી રાખી, બીકને લીધે હું જૂઠું બોલ્યો.

વાત એમ બની કે નાનપણમાં અમે—હું અને મારા મિત્રો કાંકરીએ ફરવા ગયા. બપોર વેળા હતી. લોકોનો અવરજવર ન હતો. પુલ પાસે માત્ર એક બે જણ બેઠા હતા. પત્તાંથી રમતા હતા. અમે તેમની પાસે ઉભા રહ્યા. પેલાએ ત્રણ પત્તાં બતાવ્યાં ને ફેરવીને નીચે નાખી કહ્યું, " બોલો, કયું ? " સામેથી એક જણે વચલા પાના પર હાથ મૂકી કીધું, "રાણી." રાણી જ નીકળી એટલે તેને આઠ આના ગુમાવ્યા. રમત ફરી ચાલી. ત્રણ પાનાં આમ તેમ ફેરવી હેઠે નાખ્યાં ને ફરી વાર હાથ મૂકાયો. "ત્રીજું પાનું ગુલ્લો." ગુલ્લો જ નીકળ્યો. ફરી વાર આઠ આના ગુમાવ્યા.

મને થયું, "ચાલ જોઇએ હુંયે રમું!" કોને ખબર કે આનું નામ જુગાર હશે? મને લાગ્યું કે આમાં તો જીતાય છે ને પૈસા મળે છે.

મેં કીધું: "એક રૂપીઓ, વચલું પાનું એકો." એકો જ નીકળ્યો. મને રૂપીઓ મળ્યો. મેં ફરી વાર લગાવી. હું બાર તેર વર્ષનો હતો. હાર્યો જુગારી બમણો રમે તે હું જાણતો ન હતો.

રૂપીઆના બે થયા ને બેના ચાર થયા. ચારના આઠ ને આઠના સોળ. અધધધ!

જીંદગીમાં આ ચમત્કારિક અનુભવ પહેલવહેલો જ. શું કરું છું તેનો વિચાર કરવા જેટલીયે અક્કલ કે તક ન હતી. સોળનો દાવ નાખ્યો ને સોળે ગયા. ત્યાં સુધી તો જીત્યો હતો પણ હવે હાર્યો. જુગારી કહે, "વીંટી કાઢી આપો." કયાં જવું? નાની ઉંમર. પેલો કહે, "કાઢી નાખો ભાઇ શાબ, રમવા શું નીકળ્યા હતા?"

હું ગભરાયો. સાથેના દોસ્તદારો શું કરે? વીંટી કાઢી આપી. પાછું વાળીને જોયા વિના ઘેર આવ્યા. પણ ઘેર આવી રડતાં રડતાં કીધું: "વીંટી ખોવાઇ ગઇ. કાંકરીયામાં પડી ગઇ."

ખાત્રી હતી કે સાચું કીધું હોત તો વાંસો હળવો થાત. મૂરખો ગણાત ને કહેણી થાત. તે દિવસે મારમાંથી બચ્યો ને જૂઠું વદ્યો. આજ ભલે માર પડે કે નિંદા થાય પણ સાચું કહી દઉં છું કે તે દિવસે જૂઠું શું કામ બોલ્યો.

બાળકોને બીકમાંથી બચાવીએ તો તેમનું ઘણું જૂઠાણું અટકે. **ગિ.**

કેમ ન આવડયું

મને અંકગણિત ગમતું નથી. મહેનત કરી શીખ્યો હતો તેટલું પાછું ભૂલી ગયો છું ફરજ હોય ત્યાં પણ ગણિત શીખવવામાં અનાદર. એક ગણિતની કિંમત આંકવા મને બેસારો તો સાવ થોડી જ આંકું. પ્રાથમિક શાળાના અભ્યાસક્રમમાં હું એને સાવ હળવું જ સ્થાન આપું છું.

એક વાર ગુજરાતી બીજા ધોરણમાં ગણિત શીખવાતું હતું. શિક્ષક પાટીયા પર દાખલો શીખવતા હતા. છોકરાઓ સામે મોં ફાડી જોઇ રહ્યા હતા. એક છોકરો ઝોકે ગયો ને શિક્ષકે ચાકનો ઘા કર્યો. તેને વાક લાગ્યો. એ છોકરો તે હું તે દિવસે મને તે સારૂં લાગ્યું હશે?

ગણિતના અણગમાનું ક્કરક્કરનું અને પહેલું કારણ આ શિક્ષા તો નહિ હોય? પછીથી તે વિષય ગમાડવાના પ્રયત્નોની સામે આ મૂળ વિરોધ કામ નહિ કરતો હોય? મૂઢ ગણિતનો વિષય શીખવવા સામેનો મારો કેળવણી વિષયક અભિપ્રાય મારા અંગત કડવા અનુભવને પરિણામે નહિ હોય?

મને તો એમજ લાગે છે. કારણ ગણિત સામે મારે બીજી રીતે વેર નથી. અક્ષરગણિત અને ભૂમિતિ મને પ્રિય છે પણ શિક્ષકે જ મને અંકગણિતનો દ્વેષ્ટા બનાવ્યો છે.

આપણી અત્યારની પસંદગી નાપસંદગી, પક્ષ અપક્ષ અગર ગમા અણગમા પાછળ નાનપણના કેવા કેવા કડવા મીઠા અનુભવો હશે તે આપણે ખોળવા જોઇએ. આપણે અત્યારે છીએ તેનાં મૂળ નાનપણમાં છે. નાનપણમાં આપણે બંધાઇએ છીએ.

બાળકોને કડવા મીઠા અનુભવો કરાવીએ તે પહેલાં વિચારીએ કે તેની કેવી દૃઢ અસર આખર સુધી રહી જાય છે ને નુકશાન કરી બેસે છે. **ગિ.**

ગણિતની શરૂઆત

ગણિત એટલે ગણવું. ગણિતની શરૂઆત ગણવાથી થાય. ગણિત પ્રત્યે અભિરુચિ ઉત્પન્ન થાય, ગાણિતિક બુદ્ધિ ખીલે, માણસ દુનિયામાં ફરતો હોય તો આસપાસની દુનિયાને ગણિતની દૃષ્ટિએ પણ જુએ કે પડયાં પડયાં તેને એકાદ ગાણિતિક પ્રશ્ન સૂઝે, એવું એવું બને તો ગણિતશિક્ષણ સફળ

થયું ગણાય. ગણિત એટલે દુનિયા જોવાની એક દૃષ્ટિ છે. આપણી આસપાસ સ્થળ છે, કાળ છે, સંખ્યા છે. એને લગતા પ્રશ્નો આપણા વ્યવહારમાં પણ રોજ ને રોજ આપણી આગળ આવે જ છે. એ પ્રશ્નો આપણી આગળ ઉભા થાય, આપણી નજરે દેખાય એ જ ગાણિતિક દૃષ્ટિ અને એ પ્રશ્નો વિષે વિચાર કરવાની શક્તિ એ જ ગાણિતિક બુદ્ધિ. અને આપણી આસપાસના એવા પ્રશ્નો શોધી કાઢીને નિકાલ માટે સામે ઉભા કરવાનો શોખ એ જ ગણિત પ્રત્યે અભિરુચિ.

બાળકો જીવનની શરૂઆત તો નિષ્પક્ષપાત બુદ્ધિથી કરે છે. જગત જોવાની તેમની દૃષ્ટિ હંમેશ પ્રશ્ન ચિન્હ અને ઉદ્‌ગાર ચિન્હાંકિત જ હોય છે.

" ખાવું, પીવું, પહેરવું, ઓઢવું ઇત્યાદિ જીવનની સ્થૂળ જરૂરીઆતો પૂરી પડી કે તરત બાળકની જીજ્ઞાસાવૃત્તિ જાગે છે. તેમને તો ફુલ ને પાનેય નવાં ને કુંગરા ને નદી પણ નવાં; તેમને બે કુતરા ને પાંચ કેરી ને અરધો લાડવો એ પણ નવાં. તેઓ જગતને વિજ્ઞાનની દૃષ્ટિએ જાણવા માંગે છે, કાવ્યની દૃષ્ટિએ જાણવા માંગે છે, ભૌગોલિક દૃષ્ટિએ જાણવા માંગે છે ને ગાણિતિક દૃષ્ટિએ પણ જાણવા માંગે છે.

બાબા નામનો ચાર વરસનો છોકરો કેરીઓ હાથમાં લઇ મને કહે: " હું ભાગ પાડું ?"

" પાડને."

બાબા: "જો, બધાને કેટલી કેટલી આવશે કહું?"

" કેટલી આવશે ? "

બાબા: " બબ્બે બબ્બે. ' એમ કહી આનંદથી તે નાચવા લાગ્યો. બાબાના નાના મગજમાં ભાગાકારની ક્રિયા ચાલતી હતી.

પ્રસંગ સાવ સાદો છે. ઘેર ઘેર આવા દાખલાઓ બનતા જ હશે. બાળકો પોતાની આસપાસના આવા ગાણિતિક પ્રશ્નો ઉકેલવા મથતાં જ હશે.

નાની શાર ત્રણ વરસની. જમતી વખતે મને પૂછે: " આ કેટલી પૂરી થઇ ? "

મેં સામેથી પુછ્યું " કેટલી થઇ ? "

શાર કહે: " એક ને બે. "

હું તો જોઇ જ રહી. મને થયું આ નાનકડા મગજમાં ગાણિતિક પ્રકાશ પડવા લાગ્યો છે.

બાબી પાંચ વરસની. એક દિવસ મને કહે, " આઇ, ચાર રોટલી હતી ને ? " મેં કહ્યું, "હા."

બાબી: " હવે કેટલી હશે કહું ? "

" કેટલી હશે ? "

" ત્રણ હશે. કારણ મેં એક ખાધી. "

બાબીના મનમાં બાદબાકીના પ્રશ્નો ઘોળાતા હોય એમ લાગ્યું.

પરંતુ નિશાળમાં જાય ત્યારે જે વિજ્ઞાન કે કાવ્ય, ભૂગોળ કે ગણિત તેમની આગળ આવે છે તે તેમની જીજ્ઞાસાના પ્રદેશની બહારનું હોય છે.

તેમની આગળ ઉભા થતા પ્રશ્નોનો નિકાલ તેમાં મળતો નથી. એટલું જ નહિ પણ જીવનમાં ઠેકઠેકાણે જે ભૂગોળ ને ગણિત આદિ પડયું છે તે જોવાની શક્તિ વિકસવાને બદલે બુંઠી પડી જાય છે.

આપણે આ વિષયો નિશાળમાં દાખલ કરીએ છીએ ત્યારે એટલો તો વિચાર કરવો જ જોઇએ કે આપણા શિક્ષણથી બાળકોની આંખ વધારે ઉઘડી કે ઉઘડતી આંખો ઉલટી બંધ થઇ ? ઝાઝે ભાગે બંધ થતી જતી જ દેખાશે.

એનું કારણ ? કારણ આપણી શિક્ષણપદ્ધતિ. અમુક વખતમાં અમુક જ્ઞાન બાળકના મગજમાં ભરી દેવાનો આપણો આગ્રહ. જ્ઞાન ભરવાની આપણી યુક્તિ ને શક્તિ. ને જ્ઞાન વહેલું ને વધારે ભરવાના આગ્રહની સાથે ઝાઝામાં ઝાઝી સંખ્યામાં બાળકોને ગણિતકુશલ કરવાની આપણી મહત્ત્વાકાંક્ષા. **ત્રા.**

વાર્ષિક લવાજમ રૂા. એક. લખોઃ તંત્રી, શિક્ષણ પત્રિકાઃ દ. મૂ. બાલમંદિર, ભાવનગર
મુદ્રણસ્થાનઃ 'શ્રી સરસ્વતી' છાપખાનું, અજીઝ બીલ્ડીંગ, ભાવનગર

શિક્ષણ પત્રિકા

(મૉંટીસોરી સંઘ)

વર્ષ ૨ જું
૧૯૮૩

અંક ૫ મો
આષાઢ

: તંત્રી :
ગિજુભાઈ
તારાબેન

શ્રદ્ધા

મનુષ્યના વિજયની ચાવી મનુષ્યની શ્રદ્ધામાં છે બાળકમાં શ્રદ્ધા, પદ્ધતિમાં શ્રદ્ધા, પેગામમાં શ્રદ્ધા, મનુષ્યમા શ્રદ્ધા અને આપણી જાતમાં શ્રદ્ધા એનું નામ આપણી શ્રદ્ધા. પરમ દર્શન ત્યારે જ થશે કે જ્યારે એ થશે જ એવો આપણને અચલ વિશ્વાસ હોય. વિશ્વાસ, ભરૂંસો, આસ્થા એ હૃદયમાં છે બુદ્ધિની એ પર છે. જ્યારે બુદ્ધિ તર્કવિતર્કથી, સંભ્રમવિભ્રમથી, સંકલ્પવિકલ્પથી આપણને રોલાવી નાખે ત્યારે શ્રદ્ધા એક જ આપણો આધારસ્થંભ છે. એ આપણું આખરનું બળ છે, અંતિમ ચેતન છે, છેલ્લો વિરામ છે. ત્યારે જ મનુષ્ય જીવનપ્રવાસમાં અટકી પડશે, જ્યારે તે શ્રદ્ધા હારી બેસશે. ત્યારે જ પ્રવાસી હતાશ થઈને બેસી જશે, જ્યારે તેની અંતરની આસ્થા ઓસરી જશે. માથે પ્રભુ ને અંદર વિશ્વાસ: એ આપણાં પ્રેરક–રક્ષક સત્વો. શ્રદ્ધામાં આખરે મનુષ્ય જાતિનો અનંત વિજય છે.

બાળક—એક કાવ્ય !

કોઇ કહે છે બાળક એટલે કાવ્ય. કોઇ કહે છે બાળક તો પુષ્પ કહેવાય. કોઇ કહે છે બાળક દેવદૂત તો કોઇ કહે છે બાળકે ઈશ્વરના વહાલા મેમાન. કોઇ કહે બાળક શુદ્ધતા ને પાવિત્ર્યની મૂર્તિ ! કોઇ કહે બાળકનું હાસ્ય એટલે પુનમની ચાંદની. કોઇ કહે બાળકના બોલ તે મોતીની હાર. કોઈ કહે કાંઇ ને કોઇ કહે કાંઇ !

આ સાચી પૂજા ? સાચો સ્તુતિપાઠ ? કે માત્ર કવિની કલ્પનાનાં ઉડ્યનો ? કે નવરાશની ગમ્મત ? કે ભાવનાનો ક્ષણિક ઉભરો ? કે સદ્ય પ્રચલિત બોલવાની ફેશન ? કે સેટ ફેઝીઝનો વપરાશ ? ઝાઝે ભાગે તો કવિની કલ્પના જ, ભાવનાનો ઉભરો જ, પ્રચલિત ફેશન જ. સાચી પૂજા તો કવચિત. સાચું દર્શન થાય ત્યારે જ સાચો સ્તુતિપાઠ સરી પડે.

આપણે બાળકોનું દર્શન કવિના કાવ્ય દ્વારા કરવા જઇએ ને ઘરમાં ઉછરતાં, રડતાં કકળતાં, તોફાન મસ્તી કરતાં આપણાં પોતાનાં બાળકો દ્વારા ન કરીએ તો શું આપણને બાળકનું સાચું દર્શન થાય ?

આપણે બાળક જેવું દેખાય છે તેવું જોવાને બદલે એનામાં જે જોવા માગીએ છીએ તે જ તેનામાં જોઇએ તો શું આપણે સાચું બાલદર્શન કર્યું ગણાય ?

વળી આપણે આપણાં બાળકો વિષે બાળપૂજકોએ કયાંઇ વાપરેલી ભાષા દ્વારા બોલીએ, છાપામાં પ્રચલિત થએલી ભાષા દ્વારા બોલીએ, તો શું આપણે બાળકો વિષે સાચું બોલ્યા ? ને જે સાચું જોયું નહિ, સાચું કહ્યું નહિ તો તેમની પ્રત્યે સાચું કરી શકાય. ખરું કે ?

ને જે સાચું જોયું નહિ, કહ્યું નહિ ને કર્યું નહિ તો સાચી પૂજા થઇ કેમ જ કહેવાય ? આપણી એવી પૂજાથી નથી બાળકનું કલ્યાણ થતું ને નથી આપણું કલ્યાણ થતું. કલ્પનાસમૃદ્ધ કવિઓ ભલે કહે બાળક કાવ્ય છે. બંધે સહેલો આનંદ ને સહેલું સુખ જોવા ઇચ્છનાર આશાવાદીઓ ભલે કહે બાળક હસતું પુષ્પ છે.

ભાવનાના ઉભરાથી ઉભરાઇ જનારા ભલે ભાવનાપ્રધાન વિશેષણોથી બાળકોને શણગારે.

સાચા પૂજકે તો બાળકને સીધે સીધું જ નીહાળવું જોઇએ. એમ નીહાળતાં બાળકનો અપ્રતિહત વિકાસ જોઇ આનંદવાનો પ્રસંગ પણ આવે ને અટકી પડેલો વિકાસ જોઈ ચિંતાતુર પણ થવું પડે. બાળક નિર્વ્યાજ પ્રેમની મૂર્તિ પણ દેખાય ને તેને ક્રૂરતાની મૂર્તિ તરીકે જોવાનોય વખત આવે. તેનામાં સહજ ને સાચી (સામાજીક કારણે કેળવેલી નહિ) સંસ્કારિતા પણ દેખાય ને કવચિત પ્રાથમિક અવસ્થાની ગ્રામ્યતાયે દેખાય. તેની પ્રાથમિક દશાની રુચિ આપણી સંસ્કારી 'સુ'રુચિથી જૂદી પણ પડે. તેની સ્વાર્થ સાધવાની રીતો આપણી સંસ્કારી રીતભાતથી નિરાળી પણ દેખાય.

એક વાર જે સાચું દેખાય તે જ જોવા બેસીએ તો તો કાવ્ય ને પુષ્પો પણ દેખાય ને સુંદર કાંટા પણ દેખાય. આપણી બાળકમાંની શ્રદ્ધા દૃઢ કરે એવું પણ દેખાય ને શ્રદ્ધા

ચલિત કરી શ્રદ્ધાની પરીક્ષા કરે એવું પણ દેખાય.

પણ આ બધામાંથી પસાર થશું, ને જે શ્રદ્ધા કેળવીશું તે સાચી શ્રદ્ધા. વિકૃતિ ને વિકાસ, વિકસિતતા ને પ્રાથમિકતા; દૈવીપણું ને રાક્ષસપણું; કાવ્ય ને કાવ્યરહિતતા: બધું જ જોશું ને જાણશું ત્યારે ખરું દર્શન કરીશું ને સાચા બાલપૂજકો થઇશું. અને એવી બાલપૂજાવડે જ પોતાને કૃતાર્થ કરીશું ને બાળકોનો વિકાસ માર્ગ ચોકખો કરી દેતાં માનવવિકાસનો માર્ગ ખોલશું.

તા.

વિનુ અને શાક

૧

"વિનુભાઇ, આ શાક કેમ પડયું રહ્યું ?"

"બા, હવે નથી ભાવતું."

"પણ બાઈ જનઓને. કાંઇ પડયું મૂકાય છે ?"

"ના બા, હવે નહિ ખવાય. ખૂબ આવું છે."

"ત્યારે પહેલેથી એટલું બધું શું કામ લીધું ?"

"પણ પહેલેથી શી ખબર કે કેટલું ભાવશે ?"

"પણ શાક નાહકનું પડયું રહે એ કાંઇ ઠીક કહેવાય ?"

"તો હવેથી નહિ માગીએ."

બાપા કહે: "આપણે એમ કરીએ તો, કે પહેલેથી શાક થોડું જ પીરસવું ને પછી ખૂટે એમ આપતા જવું ?"

"તો તો બાપા બહુ સારું. શાક કોઇ દિ પડયું જ ન રહે. તો તો નકામો બગાડ પણ ન થાય."

ગિ.

૨

"વિનુ, શાક પડયું નહિ મુકાય ભા."

"બા, પેટ ભરાઇ ગયું છે. હવે નહિ ભાવે."

"તે પડયું ન મૂકાય. શાક બગડે ના ? થોડું પાણી ઓછું પીજે."

વિનુ ટગર ટગર જોઇ રહ્યો.

બા કહે: "ધુવડ જેમ સામે શું જુએ છે? એમ પડયું કેમ મૂકાય ?"

વિનુ મુંઝાતો બોલ્યો:

બાપા કહે: "મૂઢ જેમ બોલો છું શું ? ખાવું છે કે નહિ ?"

વિનુની આંખમાં આંસુ આવ્યાં.

"રોયા, કાંગામૂંડા કર્યમા. કેમ ખાવું છે કે નહિ ?"

વિનુએ શાક મોંમાં નાખ્યું; આંખો મીંચી ગળે ઉતાર્યું.

બીજી ક્ષણે ઓક, ઓક, ઓક; ને રસોડામાં ઉલટી.

ગિ.

એક પ્રસંગ

હું હીંડોળા ઉપર બેઠો હતો. મારા મિત્ર હજામત કરાવતા હતા. શિક્ષણ વિષયક વાતો ચાલતી હતી. ઘરમાંથી અવાજ આવ્યો: "મારા રોયા, બહાર જાય છે કે ? આ હમણે મારો સમજજો."

રડતો રડતો મોટાભાઇ અમારી પાસે આવ્યો. મિત્રે પૂછ્યું: "શું છે ?"

"નાનું મારું ફેરકણું નથી આપતો."

વચ્ચે ઘરમાંથી અવાજ આવ્યો: "ઇ રોયાને મારવો જોશે. મારે તે ફેરકણાં ક્યાંથી દેવાં ?"

"હશે બેટા, કાલે નવું ફેરકણું લાવી દઇશ."

"ઓં...મારે ફેરકણું જોવે."

"કાલે મળશે."

ઘરમાંથી ફરી અવાજ આવ્યો: "રોયા આમ આવ્ય આમ."

છોકરો અંદર ગયો.

"ગાંડ ગુવાળી છે ને ત્યાં કયાં ગ્યો'તો?"

ઘરમાંથી ધબ્બાનો અવાજ સંભળાયો. છોકરો રડતો રડતો બહાર આવ્યો. "પાછો આવજ કે નહિ?"

છોકરો અંદર ગયો. અંદરથી બારણાં વસાયાં. જરા પુષ્પાંજલિ થઇ.

"એં..." અંદરથી અવાજ આવ્યો.

મિત્રે હજામત કરાવતાં કહ્યું, "એમ શું કામ કરે છે? એને ન મારીએ."

"મારીએ નહિ ત્યારે શું કરીએ? મારે તે હવે મરવું?"

છોકરો પાછો બહાર આવ્યો.

હું વિચારમાં ગરક થયો. હજામત ચાલુ હતી. મિત્ર અબોલ હતા. છોકરા ની બાને તે કંઇક કહેવા જતા હતા. મેં રોકયા ને કહ્યું: "અત્યારે રહેવા દો. બહુ ગરમ થઇ ગયાં છે."

વાત ત્યાં અટકી પડી.

કરવું શું?

પહેલાં ∴ ∴ અને ∴ ∴ હમણાં

૧

પહેલાં લલીને પાણી પીવા આપવું પડતું. પાણી આપતાં વાર લાગતી તો લલી રડતી. હું કામમાં હોઉં ને 'લલી પાણી આપો, પાણી આપો' કહેતી તો હું બીજતો. પાણી ન આપું તો લલીને તરશે બેસવું પડતું કે લલી કનડતી. વારે વારે પાણી આપીને કટાળતો ને કહેતો: "આ છોડી જોને, વારે વારે પાણી માગ માગ જ કરે છે?" તે વખતે ગોળો પાણીઆરે રહેતો; લલી બંધાઇ શકતી નહિ; મારા ઉપર તેનો આધાર હતો. તે પરાવલંબી હતી તેથી હાથ પગ હતા છતાં અપંગ હતી. અપંગની ચાકરી કરવામાં હું પોતે પણ પરતંત્ર બનતો; એમ નહિ તો અપ્રિય તો થતો જ.

હમણાં ગોળો નીચે માંડયો છે. તેની પાસે એક પ્યાલો મૂકયો છે. પાણી પીને પ્યાલો ધોવાનું બતાવ્યું છે. વધેલું પાણી નાખી દેવા બાલ્દી મૂકી છે. હવે લલી પાણી માગવા નથી આવતી. તે માટે તેને રડવું નથી પડતું. મને તેની એ બાબતમાં અડચણ નથી આવતી. મને બહાર પણ પડતી નથી કે લલી પાણી કયારે પીએ છે. લલી પોતે જાતે પાણી લે છે ને પીએ છે. ઉલટો હું પોતે તેની પાસે પાણી મંગાવું છું ને તે હોંશે હોંશે લાવે છે. હવે તે સ્વાધીન બની છે. મારો આધાર મટી ગયો છે. મારે તેની ચાકરી નથી કરવી પડતી. પહેલાં તે રડતી તો હવે તે પ્રસન્ન છે. હવે આ બાબતમાં મારે તેના ઉપર બીજવું પડતું નથી ને હું એને અપ્રિય લાગતો નથી. ગિ.

૨

પહેલાં બાળકોના હાથ ધોવરાવવાની બારે પંચાત પડતી. એક જમીને ઉઠે ને કહેશે: "હાથ ધોવરાવોને." એકને ધોવરાવીએ ત્યાં બીજુ કહેશે: "મારા હાથ ધોવરાવોને." બા કહેશે: "હમણાં બધાં બાઇ રહીએ ત્યાં સુધી બેસી રહો. સાના હાથ સાથે ધોવાશે." બાળકો ઉંચાં

નીચાં થાય ને ગરબડ મચાવે. બાઈ રહ્યાં હોય એટલે શાક દાળ રોટલી ચૂથે. એમ કરવાની ના પાડીએ એટલે કંઈક બાનુ કાઢી એં એં નું કાઢે. બા વઢે એટલે ચૂપ ચાપ થઈ મ્હોં ચડાવે. મારે પોતે હાથ ધોવરાવવા ઉડવું પડે. બાળકને હાથ ધરવો પડતો; હું ઘસું ત્યાં સુધી બમવું પડતું. વખતે મારૂં ધોવું ગમતું ને વખતે ન ગમતું. ન ગમે તો બાળકો રડતાં. હાથ પૂરા ન ધોવે તો એઠું રહે એ કેમ પાલવે? એમને ઢોર જેમ ધમારવાં એ પણ કંટાળો આપે. અમે કંટાળ્યાં.

જમીને હાથ લુવાનું ભારે દુઃખ હતું. વિનુ પેરણે હાથ લુવે એટલે એની બા વઢે. કુસુમ ઘાઘરીએ હાથ લુવે ને ઘાઘરીને હળદરના ડાઘ પાડે. લીલુ એમને એમ હાથે જ મ્હોં લુવે. કમળા જે આવ્યું તેનાથી હાથ લુવા દોડે. એની બાને એ જરાએ ન ગમે. તે સૌને ધમકાવે, પોતે ચીડાય ને વખતે કોઇને મારી પણ દે. કહેશેઃ "મારે એવા ડાઘ શી રીતે ધોવા? હું કાંઈ તમારી ધોબણ છું? હું કયાં ધોવા નવરી છું?" બહુ બહુ તો બાથી બ્હીને છોકરાં જમીને પુછેઃ "હાથ શેણે લુછએ?" એક દિ બા કહેશેઃ "ઓલી કાલ ધોવાની ઘાઘરીએ." બીજે દિ કહેશેઃ "જુઓને, પણે બે ચીંથરાં પડ્યાં છે એનાથી લુઓ." ત્રીજે દિ કહેશેઃ "ઢેઢડીને આપી દેવાનો પેલો સાડલો પડ્યો છે પડ્યાં છે. અનુભવથી કેવું સરસ સૂઝ્યું? તેનાથી લુઓ." છોકરાંઓને રોજ નવા માર્ગે ચાલવું પડતું. ગોતમગોતા થતી. તેઓ કંટાળતાં ને અમે પણ કંટાળતાં.

હમણાં બે ફેરફારો દાખલ કર્યાં છે. હાથ ધોવા માટે ફળીયામાં એક પીપ મૂકયું છે. હાથ લુવા માટે બારણાની સાંકળે એક રૂમાલ બાંધ્યો છે. કુસુમ જમીને ઉઠે છે ને પીપે જાય છે. કૉક બોલી બે હાથ ભેગા કરી ઘસીને નિરાંતે હાથ મ્હોં ધોવે છે. ધોવરાવોને, ધોવ રાવોને' કોઇને કહેવું પડતું નથી. સૌ એક પછી એક પીપે હાથ ધોવા જાય છે એટલે ગડબડ થતી નથી ને બાને વઢવું પડતું નથી. છોકરાંનાં મ્હોં ચડતાં નથી. મારે ઉદ્દેશ કરવો પડતો નથી. બાળકોને હાથ ઘસવા કેમ એ બતાવ્યું છે. પોતે હાથ ઘસી લે છે. કચરો કાઢે છે ને એઁઠું રહેવા દેતાં નથી. હાથ ધોઇ રૂમાલે હાથ લોવા તેઓ જાય છે. એક રૂમાલે રોતો પીળો કાળો થાય છે. કોઇનાં ઘાઘરી પોલકાં બગડતાં નથી. હાથ ચીકણા રહેતા નથી. બા બાપાને ચીડાવું પડતું નથી. લૂગડાના કટકા માટે ગોતાગોત થતી નથી ને જમીને મ્હોં ચડાવવાને બદલે કુદતાં કુદતાં રમતાં રમતાં બાળકો આંટા મારે છે. અમારા મનને કલેશ થતો નથી. બાળકો અમારાથી ને અમે બાળકોથી સ્વતંત્ર થઈ ગયાં છીએ. એક પીપ અને એક રુવાલ બાળકોને આશીર્વાદ રૂપ થઇ પડ્યાં છે. અનુભવથી કેવું સરસ સૂઝ્યું? તેનાથી લુઓ." છોકરાંઓને રોજ નવા માર્ગે

ગિ.

"છાત્રાલય" તંત્રી: નૃ. કા. ભટ્ટ: શ્રીદક્ષિણામૂર્તિ ભવનના પ્રિન્સિપાલ. આ માસિક ગૃહપતિઓએ, માબાપોએ, શિક્ષકોએ અને કેળવણી રસિકોએ અવશ્ય વાંચવા જેવું છે. વાર્ષિક લવાજમ ટપાલ સાથે ૧-૦-૦ લખોઃ વ્યવસ્થાપક "છાત્રાલય" કાર્યાલયઃ દ. મૂ. ભવનઃ ભાવનગર.

ફેકટની દાઝ બાળક ઉપર

૧

કમુની બા પાડોશણ સાથે વાતે વળગે ને શાક દાઝે. કમુ પાસે આવીને પૂછે: "આજે કેરીઓ મંગાવી છે?" બા કહે છે: "રાંડ આવી બશને! આ શાક બળી ગયું. આખો દિ કેરી, કેરી ને કેરી!" ધબ્બો ખાઈ કમુ રડતી રડતી બહાર જાય.

૨

ચંપાની નણંદ બે દિવસ પિયર આવે. નણંદ એટલે ચંપાને મન આડખીલી. ચંપાનું કર્યું નણંદને ન ગોઠે ને નણંદનું કર્યું ચંપાને ન ગમે. ચંપા વહેલી નાહીને માથું ઓળે. નણંદ કહેશે: "આ શાં હેવા, અત્યારમાં ઉઠીને ટાપટીપ!" ચંપા ધુંધવાય. દાળ ઓરતાં હાથે દાઝે. વિજુ રમતી રમતી આવે ને કહે: "બા આજે મને માથું ઓળી દઈશ? તને સારું આવડે છે. કદને નથી આવડતું." ચંપા દાઝ ઉતારે: "આંધી મરને! અત્યારમાં માથું કયાં ઓળું? તારી ફઈને કયાં ગમે છે? બસ આંધી. આ દાઝી ગઇ છું એ જોતી નથી?" વિજુ વીલે મોઢે પાછી જતી રહે છે.

૩

રમેશ ઘરમાં આવીને દિલુને કહે છે: "અરે સાંભળ્યું કે? આજે બે મહેમાન છે. હું શ્રીખંડ લેવા જઉં છું. તું પૂરી કરી નાખ." દિલુ પાછળથી બબડે છે. "આજ સવારનું માથું ચડ્યું છે ને ઠીક નથી, ને વળી મેમાન કયાં આવ્યા? વળી બે વાગે જમીને રેલે જવું છે." દિલુ ધુંવાંપુંવા થતી ધમપછાડા કરતી લોટ વાળે છે. નંદુ આવે છે, કહે છે: "આ તને લોટ બળાવું? મને આંક આપને?" દિલુ કહે છે: "કારે બસે છે કે નહિ? મારી સમજને. આ આટલી ઉતાવળ છે એમાં તું ડાહી થવા આવી! ત્યાં તારા બાપને કયાં બબર છે કે એમ તે ઝટઝટ કેમ થતું હશે?" નંદુ હળવેક દઈને મ્હોં પાડી બહાર ગઇ.

૪

આજે દુકાનના હિસાબ ગણવામાં છગનલાલની ભૂલ થઇ ને શેઠે તેને વઢયા. છગનલાલ ઘેર આવી ચીડાતા ચીડાતા ફરતા હતા. બબુ આવીને કહે: "બાપા, આજે પાગલો પા કરોને?" બાપા કહે: "તારી બા પાસે જા. હું કામમાં છું." બબુ કહે: "કામમાં કયાં છો? ફરો છો તો રમાડોને?" છગનલાલે આંખ લાલ કરી. ઘુરકયા: "એલી બબુડી, ઈ શું બોલી? બોલતાં આવડે છે કે? ચાલ ચાલી જા. પાગલો પા નથી કરવો. જો એમ ફરીવાર બોલી છે તો!" બબુ ડરતી ડરતી ઘરમાં ભાગી ગઇ.

૫

હમણાં જ રમણિકલાલ પર મિત્રનો તીખો તમતમો કાગળ આવ્યો. વાંચીને ચીડાયેલા મોઢે મનમાં મિત્રને ભાંડતા બોશરીમાં આંટા મારે છે. ચંદુ રમતો રમતો આવીને કહે છે: "બાપુ, ફરવા ચાલોને. વખત થઇ ગયો." બાપુ કહે: "હમણાં નહિ જા. આજે નહિ." ચંદુ કહે: "બાપુ ચાલોને? હું તો બેન કયારનાં કપડાં પહેરી તૈયાર થયાં છીએ. આજે બૅન્ડ છે." રમણિક જરા ખીજાયો. કહે: "અરે, આને ઘરમાં બોલાવને, મને ગરબડ કરે છે." ઘરમાંથી બલીએ કહ્યું: "હું કામમાં છું. તમે એને ફરવા લઈ જાઓને? બે કયારનાં તૈયાર થયાં છે." છોકરાં કહે: "બાપુ

ચાલોને ? બા પણ કહે છે કે ફરવા જઓ.” રમણિક ભભકયોઃ “બસ જઓ. નથી જવું આજે ફરવા. રોજ ને રોજ વળી ફરવાનું શું ? જઓ ભાગો !” છોકરાં બસીયાણાં પડી પાછાં ગયાં.

૬

‘સાહિત્ય’ માસિક ઉઘાડીને જુએ તો પોતાના પુસ્તકનું અવલોકન. સાહિત્યે તેમાં કડક ટીકા કરેલી. ચંદ્રશેખરનો પિત્તો ઉછળ્યો. મનમાં બબડ્યોઃ “બસ લોકોને સમાલોચના જ કરતાં નથી આવડતી. ગમે તેવો લાંગરો વાટે છે.” જવાબ આપવાનો વિચાર કરતો કરતો કાગળ પેન્સિલ લઈને બેઠો.

લીલી હસતી હસતી આવી. ચંદ્રના હાથમાં ચાર આઠ ફુલો નાખ્યાં ને બોલીઃ “ભાઇ, બોલી ચિત્રની ચોપડી ઉતારી આપોને.”

ચંદ્રઃ “હમણાં જા. મારે લખવું છે.”

લીલીઃ “ઉતારી આપોને, બાપુ ! મારે ચિત્ર જોવાં છે.”

ચંદ્રઃ “ત્યાં ક્યાં ચિત્રની ચોપડી છે ? કયાંક બીજે પડી હશે. પછી વાત.”

લીલીઃ “એ દેખાય. બાપુ જરાક ઉભા થઇને આપોને ?”

ચંદ્રશેખરનું મન જવાબ આપવામાં હતું. તેણે ભમર ચડાવીને કહ્યુંઃ “લીલી હમણાં જાય છે કે ? મારે લખવું છે.”

લીલીઃ “બાપુ, આપીને લખોને ?”

ચંદ્રશેખરે નાક ચડાવ્યું. તાણીને બોલ્યોઃ “લીલી જાય છે કે તારી બા પાસે. મારી ઓરીસમાંથી વહ જા.”

લીલીઃ “બાપુ...”

ચંદ્રઃ “લીલી ? અરે છો કે રસોડામાં ? આ લીલીને બોલાવે છે કે ? નાહકની માથું ફોડાવે છે. લીલી, સુનવું કે નહિ ? ઝાલીને બહાર મૂકી દઇશ હં.”

લીલી ચીમળાતી ચીમળાતી ચંદ્રશેખર સામે રોષથી જોતી જોતી બહાર ચાલી ગઇ. ગિઃ

માબાપોને

અત્યાર સુધી બાળકોના શિક્ષણનો બોજો અને જોખમદારી આપણે શિક્ષકો ઉપર જ મૂકતા આવ્યા છીએ; અને તે એટલી હદ સુધી કે પોતાનાં બાળકોના અભ્યાસ તરફ ઘણાંયે માબાપોએ ઉદાસીનતા બતાવી છે.

અક્ષરજ્ઞાન અને ભાષાજ્ઞાન બાળકોને શાળાઓ દ્વારા મળે છે એમ વાત ખરી, પણ એથી બાળકોની કેળવણી અને ચારિત્ર્યના ઘડતરની ફરજ માબાપો ઉપર ઓછી રહેતી નથી. બાળકો ઉપર સંસ્કાર પાડવામાં તેમનો હિસ્સો ઘણો મોટો હોવા છતાં જાણતાં કે અજાણતાં માબાપો કાળજી રાખતાં નથી.

મોન્ટીસોરી પદ્ધતિના મુખ્ય મુદ્દાઓ સમજવાથી સહેજે જણાય છે કે દરેક માબાપે બાળસ્વભાવ પૂરો સમજીને પોતાના ઘરમાં એવું વાતાવરણ ઉભું કરવું જોઇએ કે જેથી બાળકો સ્વયં નવું જ્ઞાન પ્રાપ્ત કરી શકે.

શિક્ષણ કરતાંયે સંસ્કારની કિંમત વધુ અંકાય છે. શાળામાં બાળકો સંસ્કાર મેળવે છે તેનાથી વિશેષ ઘરમાં કાટુંબિક વાતાવરણમાં મેળવે છે. સદાચાર અને સામાજીક સભ્યતાની ભૂમિકા ઘર આંગણે જ તૈયાર થાય છે.

યુરોપના સમાજબંધારણની એક ખાસ વિશિષ્ટતા એ છે કે બાળકોની દરેક પ્રવૃત્તિમાં માબાપો પૂરેપૂરો રસ લઇને, તેમના જેવાં થઇને તેમની પ્રગતિમાં સર્વ પ્રકારનો ભાગ લે છે; અને તેથી થોડી મહેનતે બાળકો ગમ્મત સાથે સામાન્ય જ્ઞાન સહેજે મેળવે છે. તે ઉપરાંત ચારિત્ર્ય ઘડવામાં અને વ્યાવહારિક જ્ઞાન આપવામાં માબાપો સંપૂર્ણ હિસ્સો આપે છે. આપણી અજ્ઞાનતાને લીધે ઘણીએ વાર આપણાં બાળકોની જાણવાની જીજ્ઞાસાને તેમજ તેની ખીલવણીને આપણે પૂરો ન્યાય આપી શકતાં નથી.

બાળઉછેરથી જ બાલશિક્ષણની શરૂઆત થાય છે એ તરફ આપણાં માબાપોનું લક્ષ દોરાયું નથી. માતાઓનુ બાળઉછેરનુ જ્ઞાન શાસ્ત્રીય પદ્ધતિએ નહિ મળેલું હોવાથી દરેક બાળકના ઉછેરવામાં નવા નવા અખતરાઓ થાય છે, અને ચાલુ રહ્યા કરે છે; અને દરેક બાળક તેનો ભોગ થઇ પડે છે.

મોન્ટીસોરી પદ્ધતિનાં સાધનો કિંમતી હોય છે; એ પદ્ધતિએ અપાતી કેળવણી ખર્ચાળ છે એવો આક્ષેપ કેટલીક વાર કરવામાં આવે છે; પણ તેથી બાળકોને મળતી સગવડ અને શિક્ષણમાં થતી સરલતા જોતાં બાળકોને જે ફાયદો થાય છે તેમાં તે વસુલ થઇ જાય છે.

માબાપો મોન્ટીસોરી પદ્ધતિનાં મુખ્યો તત્ત્વો સમજે તો સાધનો વગર પણ બાળકોની દરેક હીલચાલમાં સુધારો વધારો કરી તેમનું ભાવિ જીવન સુલભ બનાવી શકે.

પારીસ
તા. ૧૦ : ૩ : ૨૭

કલ્યાણ ડી. ઝવેરી
બી.એ.

વાચન શિક્ષણ

જ્યાં સુધી નાનાં બાળકો વાંચતાં શીખવાનું માગે નહિ ત્યાં સુધી તેમને વાચન શીખવો નહિ. તમારૂં બાળક છ વર્ષની ઉંમરે વાંચતાં શીખશે નહિ તો તે પ્રાથમિક શાળામાં ચાલી શકશે નહિ એવું જેઓ તમને કહેવા આવે તેમને દાદ આપતા નહિ. બાળકને પ્રાથમિક શાળામાં જવાની જરૂર જ ન હોય. એના શારીરિક અને માનસિક સ્વભાવને કંઇક બીજું જ કરવું વધારે અનુકૂળ હોય. એમાં જ એના શરીર અને મનનું સ્વાસ્થ્ય અને વિકાસ રહેલાં હોય. ગમે તેમ હોય તો પણ આપ ખાત્રી જ રાખજો કે સમધારણ બુદ્ધિનું પ્રત્યેક બાળક વાંચતાં શીખતાં પહેલાં ઘણીયે બાબતો શીખે છે અને જ્યારે વાંચતાં શીખવાનું તેને મન થાય છે ત્યારે તે ઘણી જ ઝડપથી શીખે છે. જેઓ મોન્ટીસોરી પદ્ધતિના નિંદકો છે તેઓ કહે છે કે. ડૉ: મોન્ટીસોરી બાળકને તેની પાંચ વર્ષની વયે વાંચતાં શીખવાની ફરજ પાડે છે. આ વાતને બિલકુલ માનશો નહિ. આ કેવળ અસત્ય છે. માનસશાસ્ત્ર અને પ્રાણીશાસ્ત્ર ઉપર રચાએલી સઘળી નવીન શિક્ષણ પદ્ધતિઓનો તેમજ મોન્ટીસોરી પદ્ધતિનો મુખ્ય સિદ્ધાંત એ છે કે બાળકોને જરૂર ન હોય કે તેમની માગણી ન હોય તો તેમનામાં પ્રવૃત્તિને જગાડવી અથવા પોષવી નહિ. ઘણાં બાળકો પાંચ વર્ષની ઉંમરે વાંચતાં શીખે છે. બીજાં કેટલાંએક ચાર વર્ષે અને કેટલાંએક સાત અથવા આઠ વર્ષે વાંચતાં શીખે છે. જરા પણ આશંકા રાખ્યા વિના વ્યક્તિગત ઇચ્છાને અનુસરવામાં કશી જ હરકત નથી. મારૂં અવલોકન એવું છે કે જે બાળકો અપવાદ રૂપે ખૂબ બળવાન, પ્રાણવાન અને સશક્ત છે અને જેમને તેમની સર્જનાત્મક

શક્તિને વ્યક્ત કરવાની પૂરી છૂટ છે તેઓ વાચન ઉપર મોડાં આવે છે, અને આમ જ થવું જોઇએ. એમના યોગ્ય વિકાસ માટે તેઓ સર્જનાત્મક વૃત્તિઓને પ્રથમ તૃપ્તિ આપે એ જ જરૂરનું છે. તેઓ એક વાર સર્જનાત્મક વૃત્તિને તૃપ્તિ આપી છૂટશે એટલે એની મેળાએ જ ત્યાંથી આગળ વધશે. પરંતુ જો અકાળે તેમને અન્ય પ્રવૃત્તિઓના ક્ષેત્રોમાં ફેંકવામાં આવે તો તેઓ હેરાન થાય છે ને ઉલટાં વિકાસમાં પાછાં પડે છે.

પરંતુ જો પ્રશ્ન પૂછવામાં આવે કે "જો બાળક આઠ વર્ષનું થાય તો પણ વાચન ઉપર ન આવે તો?" આના જવાબમાં હું જાતઅનુભવનો જ દાખલો આપીશ. આ દાખલો એક ચાર વર્ષથી મારી પોતાની આંખ તળે મોન્ટીસોરી અને નવીન શિક્ષણના સિદ્ધાન્તાનુસાર ઉછરતા-કેળવાતા બાળકનો છે. દિવસે દિવસે વધતો જતો તેનો વિકાસ ઉક્ત સિદ્ધાન્તોના સત્યની અને સંગીનપણાની ખાત્રી આપે છે.

સાત વર્ષ અને દશ માસ પૂરા થયા છતાં આ છોકરાને વાંચવાનું લેવું ગમે જ નહિ. વાચનની તેણે લેશ માત્ર અભિરુચિ બતાવી નહિ. આ બધો વખત તે પોતાના અવલોકનોમાં અને હાથથી ઘણી ઘણી રચનાઓ અને સર્જનો કરવામાં આતુરતાથી તલ્લીન રહેતો હતો. તેને ઉમેરતાં અને બાદ કરતાં ઘણા વખતથી આવડતું હતું. તે શબ્દો જોઇ તેની નકલ કરતો. પરંતુ હજી સુધી તેને વાચનનું જરા પણ આકર્ષણ થયું ન હતું. પરંતુ ગયે વર્ષે તે શાળામાં આવ્યો અને તેનામાં એકાએક વાચનની રુચિ જાગી, અને પછી એક ચમત્કાર જ થયો. બધા મોન્ટીસોરીઅનો એ જાણે છે. વાંચવા લખવાની તેનામાં ધૂન આવી. તેને તેની ચોટ લાગી. પોતે કેવું વાંચે છે તે દરેકને સંભળાવવા લાગ્યો. પોતે એકલો એકલો વાંચવા લાગ્યો અને નિશાળેથી આવીને ઘરમાં પણ ઘણો વખત લખવામાં ગાળતા લાગ્યો. આ જાગૃતિ આવ્યા પછી એક અઠવાડિયે એક રવિવારની બપોરે આ પ્રમાણે બન્યું. તેણે એક જુનું ટાઇપરાઇટર શોધી કાઢયું ને મને કહ્યું: "મારે મારી દાદીને કાગળ લખવો છે. હું તમને લખાવું. તમે લખો. પછી હું તે ઉપરથી ટાઇપ કરી લઇશ." મેં કીધું ઠીક. મેં આમો લાંબો કાગળ તે બોલ્યો તે પ્રમાણે લખ્યો.

૨-૩૫ મિનિટે તે કામ કરવા બેઠો. ૩-૧૫ તે ઉઠયો ને પા કલાક સુધી તેના એન્જીન સાથે રમ્યો. ૪-૧૫ તેની માએ તેને ચા પીવા બોલાવ્યો. ૪-૩૦થી કામ શરૂ કર્યું તે સતત ૬-૪૦ સુધી ચાલુ જ રાખ્યું. આ વખત દરમ્યાન તેણે કાગળને ત્રણ વાર ફરીને છાપ્યો. દરેક વખતે તેને બરાબર છપાએલું લાગ્યું નહિ તેથી ફરીને ઉપાડયું. તેની ભૂલ કાઢનાર કોઇ ન હતું. ૬-૪૫ એની માએ એને સૂઇ જવાનું કહ્યું ત્યારે તે બીજો કાગળ લખાવતો હતો.

આ રીતે એક બાળકે કેવળ પોતાની જ સ્વેચ્છાથી ૩॥ કલાક સુધી કામ કર્યા કર્યું. આ બાળકે બરાબર મોન્ટીસોરી પદ્ધતિ પ્રમાણે જ કામ કર્યું હતું. પ્રથમ જરા થોડો વખત કાઇ ગયા પછી જરા રમત ને પછી એકી સાથે લાંબો વખત ખરેખરું કામ સંપૂર્ણ એકાગ્રતાથી અને આતુરતાથી કર્યા છતાં તે એટલો બધો થોડો થાકયો હતો કે તે બીજો કાગળ લખાવવા બેઠો. સૂતાં સૂતાં તે એક આનંદી પક્ષીની જેમ ગાતો હતો.

પછીના રવિવારે તે બરાબર વાંચતાં શીખી ગયો. તેણે ત્રણ પત્રો એક 'પણ ભૂલ વિના પોતાના જ હાથે લખ્યા.

જેવું અહીં બન્યું તેવું જ જ્યાં બાળકોને સ્વાતંત્ર્યના વાતાવરણમાં ઉછેરવામાં આવે છે ત્યાં બને છે. જો તમે બાળકોને ઝટઝટ શીખવવા દોડશો નહિ, તેમના વિકાસમાં આડે આવશો નહિ અને કૃત્રિમ રીતે દોડાદોડ કરાવીને તથા જોહુકમી રીતે વચ્ચે પડીને તેમના એકાગ્ર પ્રયત્ન પ્રત્યે તેમને ઉદાસીન કરશો નહિ તો તમે તમારાં બાળકો સુખી અને આગળ વધતાં જોશો. (ન્યુ આઇડીઅલ્સ ફર વૉર્ટરહુડ ઉપરથી)

હું ભણતો ત્યારે અને બચુ ભણે છે ત્યારે

હું ભણતો હતો ત્યારે

૧ માસ્તર વઢશે માટે કે નંબર જશે માટે પરાણે વહેલો ઉઠી પાછે પગે નિશાળ તરફ દોડતો.

૨ માસ્તરની એવી બીક લાગતી કે પેશાબ કરવાની કે હંગવાની રજા માગવા જતાં પણ ધ્રૂજતો.

૩ માસ્તરની એવી હાક હતી કે સાંજે સવારે શેરીમાં રમતા હોઇએ અને માસ્તર નીકળ્યા છે એવી ખબર પડે તો સંતાઇ જતા. માસ્તરને મ્હોં ન બતાવતા. જે ભાળી જાય તો કહેશેઃ " એલા કમ રખડો છો ? " બીજે દિ કંઇક જે આવડે તો કહેશેઃ " કાલે શેરીમાં રખડતા હતા ખરું કે ? "

૪ શાળામાંના ફળીયામાં કબુતરો અને મોર ચણવા આવતાં. અમારું મન એ જોવાનું કરે, ને નકશા ઉપરથી આંખ એ તરફ જાય તો વાંસેથી માસ્તર લગાવતા અને કહેતાઃ " ત્યાં કયાં જોવે છે ? આમ નકશામાં જો નકશામાં. "

૫ વરઘોડો નીકળે ને વાજાં વાગે. મનમાં જોવાને માટે કંઇ કંઇ થાય. પણ ત્યાં તો માસ્તર આંખ કાઢી ધાંટો પાડી દાખલો લખાવેઃ " લખો, બે રૂપીઆનું સવા શેર... "

૬ લેસન ન આવડે તો માસ્તર ધમકાવતા. પાસે બોલાવી કાનપટ્ટી ખેંચી કહેતાઃ " કેમ નથી આવડતું ? " અમે કહીએઃ " ભાઇ શા'બ નથી આવડતું. " માસ્તર કહેશેઃ " ન કેમ આવડે ? " કાં તો કહેશેઃ " તું તારે જનમાં જા, પછી આવડશે. "

૭ રોજ થતું કે રવિવાર કયારે આવે ને રજા પડે. શનિવારે સાંજે થતું: " હાશ ! એક દિ છૂટયા. " માસ્તર અને શાળાને એવા તો ભૂલી જતા કે બસ ! બાકી રોજ સાંજ સવાર છૂટતા ત્યારે દોટ કાઢી નિશાળ બહાર નીકળી જતા. જાણે પાંજરામાંથી વાઘ દીપડા ભાગ્યા.

૮ માસ્તર શાળામાં આવે કે અમે બીયાંની મીંદડી જેવા થઈ જતા. ગરીબ ગાય જેવા. માસ્તર બહાર જાય કે હો...હો...કરતા.

૯ માસ્તરને મોઢે અમે 'જી હા, જી હા' કરતા. કરે તે ઝટ ઝટ દોડીને કરતા. માસ્તરની વાંસે એના ચાળા પાડતા. કામ કરાવતા માટે ગાળો દેતા.

૧૦ માસ્તર બીંટીએ પાઘડી લટકાવતા. બુરશી પર અઢેલીને ને ટેબલ પર લાંબા ટાંગા નાખીને બેસતા. પછી કહેતાઃ "ચાલો છોકરાઓ, લેસન કરી લાવો જોઇએ. કાં તો મોનીટરને કહેતાઃ " એલા બધાનું લેસન લઇ લે. "

હું ભણતો ત્યારે આવું આવું હતું. એને ચાળીશ વર્ષ થઇ ગયાં.

હમણાં બચુ ભણે છે ત્યારે

૧ પોતે પોતાની મેળે વહેલો ઉઠે છે કે વહેલો ઉઠાડવાનું કહે છે. શાળાના ભાઇબંધોને કયારે મળું ને વાતો કરું, શાળાના ફળીયામાં ઝટ જઉં ને ફુલો સુંઘું કે પતંગિયાં પકડું, શાળાનું સંગીત સાંભળું ને મજા કરું, એટલા માટે બચુ ઝટપટ નિશાળે દોડે છે.

૨ બચુ ઘેર આવીને કહે છે કે " શાળામાંથી અમારે કળશે જવું હોય તોયે જવાય. ત્યાં જ પાયખાનું છે. જવાણી લાગે એટલે ડોલચું લઇને ઉપડવું. કોઇ કોઇ ના ન પાડે. પેશાબ કરવાનીયે ત્યાં જુદી જગ્યા છે. ભાઇએ કીધું છે કે પેશાબ કરવા અહીં જવું, હંગવા ત્યાં જવું. "

૩ બચુના શિક્ષક શેરીમાં નીકળે છે તો બચુ સામે દોડીને નમસ્કાર કરે છે. કહે છે, " ભાઇ, જો જો. " બચુ એને ઘરે તેડી લાવે છેઃ કહે છે. " મારા ભાઇ આવ્યા. " એને પાણી પાય છે, પારો જોસો છે, પોતાની બીજો બતાવે છે,

૪ બચુ કહે છેઃ "અમારા ભાઈ બહુ સારા છે. રોજ અમને ફળીયામાં રમાડે છે. કોઇ વાર કંપુતરો ને મોર ચણતા જોવાની ના પાડતા નથી. અમે જોઇ જોઇ થાકીને અમારી મેળે વાંચવા લખવા બેસીએ છીએ."

૫ બચુ કાલે એની બાને કહેતો હતોઃ "બા, વરઘોડો નીકળ્યો ત્યારે ભાઇ કહે હમણાં દાખલો કરો મા. આ વરઘોડો જોઇ લ્યો. કેવાં વાજાં વાગે છે ? પછી દાખલો નિરાંતે ગણજો."

૬ બચુની શાળામાં ઘેરથી લેસન કરી જવાનું જ નથી. એ ત્યાં જે લખે વાંચે તે ભણતર. માસ્તર કહે છેઃ "ઘેર રમવું, જમવું ને હરવું ફરવું. ઘેર વાંચવું, લખવું ને ચિતરવું. પણ લેસન કરી લાવવાનું નહિ." કોઇ લેસન આપતું જ નથી.

૭ બચુ રોજ સાંજે મોડો આવે છે. પૂછીએ કે "ભાઇ કેમ મોડું ?" બચુ કહે છે કે "શાળામાં રમતા હતા." માસ્તર મળે છે ત્યારે કહે છેઃ "આ છોકરાને તો ધક્કા મારીને નિશાળમાંથી કાઢવા પડે છે. એને શાળામાં બહુ ગમે છે." છોકરા છોકરા સાથે રમે, ગમ્મત પડે ત્યાં સુધી ભણે ને પાછા ફરે એ નિશાળ કોને ન ગમે ? ત્યાંથી ઘેર કોણ આવે ?

૮ બચુની શાળામાં એના ભાઇ હોય તોયે એમ જ ચાલે ને ન હોય તોયે એમ જ ચાલે. માસ્તરને ભાળી કોઇ બ્હી જાય કે શીયાળીયા થાય એવું નહિ. એ જાય એટલે ટોપીઓ ઉડાડે ને ટેબલ પછાડે એવુંયે નહિ. પહેલેથી જે કરતા હોય તે ચાલ્યા કરે. રોજ જેમ થતું હોય તેમ થયા કરે.

૯ મેં મારી નજરે જોયું છે કે બચુ માસ્તરનું કામ દોડીને કરે છે. પણ ઠીક ન હોય તો નાયે પાડે છે. ના પાડીશ તો માસ્તર બીજશે એવું એના મનમાં નથી. જેમ મારું કરે એમ એનું કામ કરે છે. બચુ કહે છે ખરો કે માસ્તર બોલે છે ત્યારે એનું મ્હોં આમ આમ થાય છે; ને એવી જ રીતે તે કહે છે કે એની બા બોલે છે ત્યારે એનું નાક આમ આમ હલે છે ને એની કાકી ચાલે છે ત્યારે કેડ આમ વળે છે. બચુને અવલોકનની ટેવ છે ને સૌનાં લક્ષણ તે કહે છે. એની ને અમારી એ નિર્દોષ ગમ્મત છે. એમાં ચાળાપણું કોઇ દેખતું જ નથી. બચુને મન પણ એવું કશું નથી.

૧૦ બચુના માસ્તરની શાળામાં ખુરશી ટેબલ જ નથી. માસ્તર ઉભા રહે છે ને છોકરા શું વાંચે લખે છે તે જૂએ છે. તે લેસન લેતા નથી પણ લેસન કરવા દે છે. બધાનું કામ જોતા જાય છે ને કાંઇ કહેવું હોય તો કહેતા જાય છે. છોકરાઓ પાસે આવી મુશ્કેલીઓ પૂછે છે ને માસ્તર સમજાવે છે. એને શ્વાસ લેવા જેટલીયે ફુરસદ નથી.

જૂની નિશાળનો મારો અનુભવ, નવી નિશાળનો બચુનો અનુભવ. જૂના નવામાં આટલો બધો ફેર.

ગિ.

દીપમંડળ

બાલમંદિરના સત્રમાં એક, બે કે વધારે વાર શિક્ષકવર્ગ તરફથી ગોઠવણો કરવામાં આવે છે. શિક્ષકોના મગજમાં કાંઇક કલ્પના સ્ફુરે છે તે ગોઠવણમાં ઉતારવાનો પ્રયત્ન કરે છે ને બાળકો આગળ મૂકે છે. બાળકો ઉત્સાહથી ને કદરદાન વૃત્તિથી તે જોઇ પ્રસન્ન થાય છે ને શિક્ષકોને પ્રસન્ન કરે છે.

ચોમાસામાં આસપાસ, બાગે બગીચામાં કે ખેતરો ને વાડીઓમાં સૃષ્ટિમાતા ખીલતી હોવાથી તેની સમૃદ્ધિથી ગોઠવણ કરવાનું પણ વારંવાર સ્ફુરે છે. કોઇ વાર એકલાં પાંદડાં ભેગાં કરીએ તો કોઇ વાર એકલાં ખડ ફુલો તો કોઇ વાર વળી બીજું કાંઇ.

આ સત્ર જરા શુષ્ક હોવાથી ઝાઝી ગોઠવણો થઇ ન હતી. તો પણ હમેશના ધ્યાન વખતે નાની નાની ગોઠવણ ચાલતી હતી. કદાચ એના પરિપાક

તરીકે જ દીપમંડળની કલ્પના સ્ફુરી હશે.

દીપમંડળની કલ્પના આવી ને અમલમાં મૂકાઇ. ચોવીશ કલાકની અંદર ગરબાઓ આવી પડ્યા; કોડીયાં આવ્યાં; ઘેરથી નાની મોટી દીવીઓ આવી. બન્નરમાંથી સંત્રાં ને મીણબત્તીઓ આવી. બાલ-મંદિરના નાના કલામંદિરે દીપમંડળને શોભાવે એવા ચાકળા ને પટોળાં પૂરાં પાડ્યાં. બેઠાં ને કળશા લેવા ક્યાં દૂર જવું પડે એમ હતું? ઘડીકમાં સામગ્રી ભેગી થઇ ને દીપમંડળ ઉભું થયું.

કદરદાન પ્રેક્ષક તો ઉત્સુક આંખે ઓરડામાં પેસી દશ્યને પી જવા એક પગે તયાર જ હતો.

દીવા પ્રગટ્યા ને શાંત તેજ પ્રસર્યું. ચાકળાનાં આભલાં ચળકવા લાગ્યાં. પાટણનાં પટોળાંની ભાત ખીલી નીકળી. પાટણનું છીપાકામ તો જાણે રાજા થઇને બેઠું. ચળકતા કળશા ને બેઠાંનો રંગ કાંઇ ઓછો શોભે? વચ્ચે વચ્ચે બધા ચળકાટને ઠારનાર આંખને ઠંડક આપનાર આંબા ને લીંબડા પીંપળાનો શણગાર તો હતો જ.

શણગારમાં ત્રણ પગથિયાં; તેના ઉપર લીલી ચાદર. ચાદર ઉપર પાટણનો રાતી ભોંયવાળો છીપાકામ કરેલો પડદો. પગથિયાંને માથે એક કોડીયાની દીપમાળ. તળેટીમાં એક બીજી કોડીયાની હાર. માથા ઉપર સંત્રાંની હાંડીઓનું તોરણ લટકતું હતું.

હાંડીઓમાં ઘીના દીવા પ્રગટ્યા ત્યારે તેના નારંગી તેજે તો ગોઠવણ વિશેષ શોભાવી. પગથિયાંની બાજુમાં બે બેઠામાં શણગાર હતો. નીચે ગોળાકારમાં ચાર ગરબા ચાકળા પાથરેલા ટેબલ ઉપર મોતીની ઇંઢોણી ઉપર બિરાજ્યા હતા. વચલા ગોળાકારમાં ભવનની મોરના ઢાંકણાવાળી મોટી દીવી તો દીપમંડળની રાણી થઇને બેઠી હતી. નાની નાની પિત્તળની દીવીઓ તો પગથિયે પગથિયે ને જ્યાં ત્યાં દેખાતી હતી. તેજમાં કોડીયાંએ રંગ રાખ્યો પણ મીણબત્તીઓ તો બીકણ લડવૈયા જેમ બરાબર વખતે જ ધીરજ ખોઇ બેઠી એટલે તેમને પ્રકાશક વર્ગમાંથી બાતલ કરવી પડી (ગરમીને લીધે મીણબત્તી પોચી પડી ગઇ તેથી સીધી ઉભી રહી શકતી ન હતી) પણ આખા શણગારમા તેમની ખાસ ખોટ જણાતી ન હતી.

મંડળ જોનાર તરીકે એક બે વિચારો મનમાં સ્પષ્ટ થયા.

ગોઠવતી વખતે તો અંતઃસ્ફુર્તિથી જ ચાકળા ને બેઠા આદિ વસ્તુની પસંદગી થતી હતી. પણ જોતી વખતે લાગ્યું કે આ પ્રકાશમાં કીરમજી રંગના રેશમી ચાકળા ને ઘાટા જાંબલી રંગ ઉપર પીળી રાતી ભાતવાળું પટોળું ને ઘાટા રાતા રંગ ઉપરનું છીપાકામ એ જ સરસ શોભે. ત્યાં વિલાયતી રંગમિશ્રણનાં ટેબલક્લૉથસ્ કે કુશન્સ મૂક્યાં હોત તો બરાબર ન લાગત આ પ્રકાશમાં બેઠા ને કળશાનો પીળો રાતો ચળકાટ જ શોભે. કાચની કે એવી બીજી કુલદાનીઓ અસ્થાને લાગત. સાથે સાથે એમ પણ લાગ્યું કે આ ઘીની દીવીઓ ને મીઠા તેલનાં કોડીયાના તેજમાં જે શાંતિ ને સાત્વિકતા છે તે વિજળીના કે ધાસલેટના મોટા મોટા દીવાઓ ભેગા કર્યા હોત તો એમાં ન આવત. છતાં આપણા ગણપતિઉત્સવો, આપણી મંગળાગૌરી કે આપણી બધી ધાર્મિક ગોઠવણોમાંથી આ શાંત સાત્વિક તેજ જઈ ત્યાં વીજળી ને ફિટસન ને ગ્યાસલેટના દીવાઓ શા માટે હોય છે? આસપાસની જગ્યા શોભાવવા વિલાયતી કે નવી જાતનાં ઝુગડાં શા માટે વાપરવામાં આવે છે? કાચના લૅમ્પ્સ શા માટે? એ તો આપણા મગજમાં જ કાંઇ ગોટાળો થઇ ગયો છે તેથી જ આમ નહિ બનતું હોય?

એક બીજો પણ વિચાર આવ્યો. આજની ગોઠવણમાં આપણા બે તહેવારોના શણગારની છાયા હતી. મુખ્ય તો દીપમંડળ એટલે દીવાળી—દીપોત્સવી ઉપર થાય તેની, ને બીજું નવરાત્રિ વખતના ગરબાઓની.

દીવાનું તેજ ખીલે ને પવનથી કોડીયાં ઓલાઇ

ન જાય માટે જ્યારે બારણાં બંધ થયાં ને નાના મોટા બધા પ્રેક્ષકો અંદર દાખલ થયા ત્યારે થયું કે દીપમંડળ તો કાર્તિકમાં જ શોભે. શિયાળાની ઠંડી બરાબર જામે ત્યારે બારણાં બંધ કરવાનું સહેજે મન થાય ને દીપમંડળના ઠંડા પ્રકાશથીએ થોડી હુંફ વળે. ત્યારે એનો ખરો આનંદ લેવાય. આપણા ઉત્સવો ઋતુ અનુસાર છે. ને તે તે ઋતુમાં જ તે ઉજવવામાં અર્થ છે.

આ સત્રાંતની આ, ગોઠવણ આબાલવૃદ્ધ સૌ પ્રેક્ષકોને તેજ આપે ને અંતરના દીવા પ્રગટાવે. **તા.**

ઇતર વાચન

આપણે પાઠ્યપુસ્તકોનો અભ્યાસ કરાવી ભાષા ભણાવીએ છીએ. ભણાવવાની રીત કંઇક એવી થઇ પડી છે કે વિદ્યાર્થી એકલું પાઠ્યપુસ્તક જ વાંચ્યા કરે છે. શિક્ષક અને પરીક્ષક પાઠ્યપુસ્તકના સંગીન પરિચયમાં ભણતરની સમાપ્તિ માને છે. પરિણામે વિદ્યાર્થીનું પાઠ્યપુસ્તકની બહારનું વાચન–ઇતર વાચન–લગભગ જૂજ જેવું અથવા કંઇ નહિ જ હોય છે. આથી ભણનારમાં ભાષાશક્તિનો વિકાસ થતો નથી. તેના જ્ઞાનની મર્યાદા ટૂંકી રહે છે. ટૂંકમાં એકલાં પાઠ્યપુસ્તકો વાંચવાને લીધે વિદ્યાર્થીનું ભાષાબળ નબળું જોવામાં આવે છે.

પાઠ્યપુસ્તકોનો ઉપયોગ તો વિદ્યાર્થીને ભાષાનો ક્રમશઃ પરિચય કરાવવાનો, ભાષાની ભિન્ન ભિન્ન શૈલિનો ખ્યાલ આપવા માટે છે. જ્ઞાનના વિવિધ વિષયો તરફ અંગુલિદર્શન કરાવવાનું–મતલબ કે ભાષા એ વિકાસનું એક બળવાન સાધન છે તેનો વિદ્યાર્થીને અનુભવ કરાવવાનો તેમજ તે જ સાધનથી તેને સંપન્ન કરવાનો છે. પરંતુ પાઠ્યપુસ્તક જ્ઞાનકોષ નથી ને ન જ હોઇ શકે; તેમ પાઠ્યપુસ્તક સાહિત્યભંડાર પણ ન જ થઇ શકે. ભાષા દ્વારા સાહિત્યનો આસ્વાદ લેવા તેમજ જ્ઞાનવૃદ્ધિ કરવા વિદ્યાર્થીઓએ પાઠ્યપુસ્તકના વાચન ઉપરાંત બહાર જવું પડે. તેણે પાઠ્યપુસ્તકના અભ્યાસથી વધતી જતી ભાષાશક્તિની સાથે જ નવાં નવાં પુસ્તકો વાંચ્યે જવાં જોઇએ. પાઠ્યપુસ્તકથી મળતા બળને વાપરવા માટે વાચનનું વિશાળ ક્ષેત્ર તેની આગળ ઉઘડવું જોઇએ. ઇતર વાચનને શાળાના સમયમાં તેમજ ઘરમાં સ્થાન અને માન મળવાં જોઇએ. પરીક્ષામાં તે શું કામ આવવાનું છે એવા સંકુચિત વિચારને આપણે છોડી દેવો પડે. આ માટે પ્રત્યેક શાળામાં ઇતર વાચનનું પુસ્તકાલય આવશ્યક છે. શિક્ષકોને ઇતર વાચન વિદ્યાર્થીના અભ્યાસમાં બાધા રૂપ લાગે. "પરીક્ષામાં એ કયાં ઉપયોગી છે? વાંચવું હોય તો ફરી ફરીને પાઠ્યપુસ્તક જ વાંચે કે જેથી તે પાકું થાય." આ વિચારો એકદમ જતાં વાર લાગે. આથી શરૂઆતમાં તો ઇતર વાચનને એકાદ વિષય ગણી તેને સમયપત્રકમાં મહત્ત્વનું સ્થાન આપીએ. એક કલાક પાઠ્યપુસ્તકનો તો બે કલાક ઇતર વાચન માટે રાખીએ. વિદ્યાર્થીઓ પોતે જ બતાવી આપશે કે પાઠ્યપુસ્તકો કરતાં ઇતર વાચન તેમને કેટલું પ્રિય છે. એટલું જ નહિ પરંતુ પાઠ્યપુસ્તકોનો અભ્યાસ ઇતર વાચનને લીધે વધારે ને વધારે સહેલો થશે. વિદ્યાર્થીઓ જેમ જેમ વાંચતા જશે તેમ તેમ તેમનું વાંચક બળ વધશે. તેમ તેમ તેમની સમજણ શક્તિ પણ વધશે. આનો લાભ પાઠ્યપુસ્તક ભણવામાં થવાનો જ. બીજી રીતે તો

ભાષાનો પરિચય થયા પછી જાતે વાંચ્યે જવું ને જ્ઞાન અને આનંદ લીધા કરવાં એમાં જ ભાષાનો ખરો વિકાસ છે. પાઠ્યપુસ્તકોની સહાય કદાચ અમુક શરૂઆતનાં વર્ષો સુધી ભલે રાખીએ. પરંતુ આગળ જતાં ઇતર વાચન એ જ મુખ્ય બની રહે તે તરફ જતા જઈએ. શાળામાં એક સમૃદ્ધ-પુસ્તકાલય હોય, વિદ્યાર્થીઓને તેમાંથી ભિન્ન ભિન્ન વિષયના રસ ભરી શૈલિવાળાં ક્રમિક પુસ્તકો મળતાં હોય તો ભાષાનો અભ્યાસ શિક્ષકની મદદ વિના કે અલ્પ મદદથી ચાલશે જ.

શાળાની બહાર ઘરમાં પણ ઇતર વાચનનો શોખ વધવો જોઇએ. શાળાના ઇતર વાચન પુસ્તકાલયમાંથી વિદ્યાર્થીઓને પુસ્તકો મળે. શિક્ષકનો ઉત્સાહ વિદ્યાર્થીઓને બેંચશે. ઘેર શું કરવું તે વિદ્યાર્થીઓને સૂઝતું નથી. અથવા એકલાં લેસન કરવાનો કંટાળો આવે છે. ઇતર વાચન સુંદર ગમ્મત સાથે જ્ઞાન આપશે. લેસન કરવા તાજગી આપશે. ઉપરાંત વિદ્યાર્થીનો વખત સારી રીતે જશે.

ઇતર વાચનનું પુસ્તકાલય હોંશ અને આવડતથી થવું જોઇએ. ગમે તે પુસ્તક ન ચાલે. વર્ગશિક્ષક પોતાના વિદ્યાર્થીઓ માટેનાં યોગ્ય પુસ્તકો બોળી કાઢી શકે. ઘેર વાંચવા આપતી વખતે પણ વાંચનારની શક્તિનો ખ્યાલ રાખે. વળી ઇતર વાચનનો શોખ વધારવા માટે તેમજ પુસ્તકની પસંદગી કરવામાં વિદ્યાર્થીને દોરવા માટે શિક્ષક જૂદાં જૂદાં પુસ્તકોમાંથી થોડું થોડું વખતે વખતે વાંચી પણ સંભળાવે.

વિદ્યાર્થીઓને બરોબર કયાં પુસ્તકો ગમે છે ને કયાં નથી ગમતાં તે જાણવા માટે એટલે કે ઇતર વાચનમાં ક્રમિકતાનો અભ્યાસ કરવા માટે તેમજ વ્યક્તિગત પ્રગતિ જોવા માટે પુસ્તકાલયમાં વાંચનારનાં નામો, લીધેલાં પુસ્તકો વગેરેની નોંધ જોઇએ. એ નોંધ પરથી આખી શાળાએ કેટલાં પુસ્તકો વાંચ્યાં, કયાં ગમ્યાં, કયાં પડ્યાં જ રહ્યાં, કેટલા સમયમા કેટલાં વંચાણાં, પ્રત્યેક બાળકે કેટલાં વાંચ્યાં, સરેરાસ બાળક દીઠ કેટલાં વંચાયાં, વગેરે હકીકતો તરી આવશે. એ ઉપરથી ઇતર વાચનનું પુસ્તકાલય દિન પ્રતિદિન કેમ સુધારવું ને વિદ્યાર્થીઓને તે તરફ કેમ અભિમુખ કરવા તે પણ જણાશે. ગિ.

કામ અને ઉત્તેજન

આપણે માનતા આવ્યા છીએ કે ઉત્તેજન વગર કામ બરાબર ન થાય. કામને ઉત્તેજન તો જોઇએ જ.

આ સિદ્ધાંત ઉપર જ આપણે શાળામાં ઇનામો ગોઠવ્યાં. શાબાશીની જરૂર જોઇ. માર્ક ને નંબર જેવી સંસ્થા શોધી કાઢી. મોટાંઓએ માન્યું કે નાનાંને ઉત્તેજન દેવા માટે આપણે શાળાઓ જોવા જવું જોઇએ. હુશિયાર છોકરાંની પીઠ થાબડવી જોઇએ. રિમાર્ક બુકમાં સારાં શેરા લખવા જોઇએ. કામ કરનારાઓ શરૂઆતમાં—છેક શરૂની શરૂઆતમાં તો ઉત્તેજનની જરૂર જોતાં નથી. તેમની છ મહિનાની ઉંમરે, વરસ દોઢ વરસની ઉમરે તો તેઓ પોતાના કામો અંદરના જોરને કારણે કર્યે જાય છે પણ માણસો તેમને ત્યાંથી જ ઉત્તેજનની માદક દવા રાડ કરે છે. "શાબાશ!" "વાહ વાહ!" "કેવો હુશિયાર છોકરો!" "કેવો ડાહ્યો!" વગેરે ઉત્તેજનના શબ્દો છેક બાળપણમાં કાને પડે પણ ઉંડા ઉતરી જોર કેળવાને નહિ. જરા જરા

સમજણ વધી એટલે શબ્દોનું ઉત્તેજન અસર કરવા લાગે. અંદરને કારણે કામકાજ અને હીલચાલ કરતું બાળક હવે બહારથી વાહ વાહ મેળવવા ખાતર તે કરવા તરફ જાય છે. કોઇ જુએ એ રીતે નાચે. કાલું કાલું બોલે. મેમાન વગેરે આવ્યાં હોય તો તેમને દેખાડવા ખાતર અનેક વાનાં કરે ને શાબાશી મેળવે.

શાળામાં જવાની ઉંમરે ત્યાં પણ ઉત્તેજન પદ્ધતિ હોવાથી તેના છૂપા દોષમાં ઉછરીને બાળક મોટું થાય.

પરિણામે ઉત્તેજનથી કામ કરવાની ટેવ સહજ રીતે મેળવીને જીવન શરૂ કરે. કોઈ જોનાર હોય, વખાણનાર હોય તો જ કામ થાય, નહિ તો હાથ, પગ, મગજ ને મન મદ્ય વગરના મદ્યપીની જેમ શિથિલ ને ઉત્સાહ રહિત થઇ જેસે. જોનાર કે વખાણનારને અભાવે તે જીવન હારી જેસે છે; કારણ જીવનમાં અંદરને કારણે કરવા જેવું તેની પાસે કાંઇ હોતું નથી. કેટલાએ લેખકો એવી રીતે લખતા અટક્યા હશે. કેટલાએ ચિત્રકારોએ ચિત્રકલાની ઉપાસના છોડી દીધી હશે. કેટલાએ સંગીતીઓનું સંગીત આ કારણે બંધ પડ્યું હશે. કેટલાએ સમાજસેવકોની સેવાથી સમાજ વંચિત રહ્યા હશે. કારણ જોવા જઇએ તો સાંભળશું "શું કરીએ ? કોણ કદર કરનાર છે? આટઆટલું કરીએ તોયે ક્યાં જશ મળવાનો છે ? ક્યાં કોઇ સામેય જુવે છે ?" ક્યાં અંદરની સ્ફુર્તિને કારણે લખાએલું લખાણ, અંદરના જુસ્સાને કારણે નીકળેલું ચિત્ર, અંદરની ધૂનથી ગવાએલું ગાયન, અંદરની દાઝને લીધે થએલી સેવા, અને ક્યાં બહારના ઉત્તેજનના ધક્કાથી નિર્જીવ યંત્રમાંથી નીકળેલું કામ ?

આખું જીવન શા માટે જીવવું, એની ચાવી મૂળમાં બાળઉછેર અને બાળશિક્ષણમાં રહેલી છે. મૂળમાં જ જો સ્વતઃ ચેતનાને બાહ્ય ઉત્તેજનના માદકથી નબળી પાડવામાં આવે તો જીવનસમગ્ર તે મદ્ય ઉપર જીવવાનું જ રહે. યંત્ર ચાલે પણ તેને ચલાવનાર વરાળશક્તિ બહારથી મળે ત્યારે.

આપણા ઘરોમાંથી ને શાળાઓમાંથી આ ઉત્તેજન પદ્ધતિ નીકળી જાય તે દિવસ માનવ ઉન્નતિ માટે ધન્ય ગણાય ! તે દિવસ આંતરજીવન માટે ધન્ય મનાય ! તે દિવસ કલાનાં સાચાં સર્જનો માટે ધન્ય થાય ! તે દિવસથી મનુષ્ય સાચેસાચ જીવવા લાગ્યો કહેવાય ! **તા.**

ચર્ચાપત્ર

શિક્ષણ પત્રિકાના તંત્રીઓ જોગ:—

ગામડે ગામડે ફરીને હું હુન્નરો બાળકોના સહવાસમાં આવ્યો છું. દરેક બાળકને "તને ભણવાનું ગમે કે રમવાનું ?" એ પ્રશ્ન કરતાં ઉત્તર એ જ મળે છે કે "મને તો ભણવાનું ગમે છે." આ શું ?

કુદરતી શક્તિઓથી ભરપૂર, નિર્દોષ અને નિરોગી બાળકને એક જગ્યાએ કલાકોના કલાકો સુધી શાંત બેસીને કેમ ભણવું ગમે ? શું બાળકનો ઉત્તર ખરો છે ? ખરો કે ખોટો તે તમે જ વિચારો. નિશાળની ચાર દિવાલની અંદર અને ઘરના ઓરડામાં બાળકો નિર્દોષ રમતગમત કરે એ શિક્ષકો અને માબાપોને જોવું ગમે જ નહિ. બાળકની રમત જોઇ તેમને તિરસ્કાર ઉપજે છે, અને ખુલ્લી રીતે તેઓ આ ભાવના પ્રદર્શિત કરે છે. આનું પરિણામ ક્રમે ક્રમે બાળકના મન પર એ થાય છે કે રમવું એ પાપ છે. માબાપો અને શિક્ષકોની સમક્ષ બાળકો નિર્દોષ રમતગમત કરતાં શરમાય છે, અને ભય પામે છે. માબાપો અને શિક્ષકો

બાલવર્ગમાં આ માન્યતા ઠસાવી જે પાપ કરી રહ્યા છે એ રે કી શકાય ? લી. આપનો

સ્વામીરાવ

ભાઇ સ્વામીરાવે બાળકો વચ્ચે ફરી તેમને પ્રશ્નો પૂછી બાલઅભ્યાસના માર્ગમાં પહેલું સરસ પગલું મૂક્યું. તેમણે બાળકોનો જવાબ સાચો માની લેવા કરતાં બાળકો સાથે રમવા ઉતરી તેમને રમત પ્રિય છે કે નહિ તે તપાસ્યું હોત તો હું ધારું છું કે ગામડાંઓમાં તો તેમને મોઢેથી મળેલા જવાબો કરતાં કૃતિથી જૂદા જ જવાબો મળત. મુંબઇ, અમદાવાદ જેવાં શહેરનાં બાળકોને કદાચ કસરત–રમત કરતાં પુસ્તકો સાથે જ પ્રિય લાગતાં હશે. પરંતુ સામાન્યતઃ બાળકોમાંથી સ્વામીરાવ ધારે છે તેમ રમતપ્રિયતાની જગ્યા અભ્યાસ કે ભણતરે લીધી હોય એમ હું માનતી નથી. કોઇ મોટો માણસ પ્રશ્ન પૂછે તો તેનો જવાબ તો બાળકો પોતાના મત પ્રમાણે નહિ પણ શિક્ષકે કે માબાપોએ આપેલા સારાનરસાને ત્રાજવે તોળીને સમાંજમાંથી મળેલા–conscience–સદસદ્ વિવેકથી જ આપે એ સાહજિક છે. પરંતુ બાળકોમાંથી રમતની ચાહના સાથે જ ચાલી ગઇ છે કે કેમ એની પરીક્ષા જરા આગળ જઇને કરવી પડે. મોટાંના જવાબથી ચોંકી જવાનું કારણ નથી.

ભાઇ સ્વામીરાવે કાગળમાં માબાપો અને શિક્ષકોની રમત વિરુદ્ધ ભણતર વિષેની વૃત્તિ વિષે જે લખ્યું છે તે સાવ સાચું છે. મોટાંઓ બાળકનું હિત–જન્મનુ કલ્યાણ નિશાળના ભણતરમાં રહેલુ છે એમ માને છે ને બાળક ઉપર કુમળી વયથી તે ઠસાવે છે. તેમ કરી તેની સ્વાભાવિક રમતગમત ને આનંદ ઝુંટવી લે છે; આસ્તે આસ્તે રમતગમત પ્રત્યે અનિચ્છા થાય એવું પરિણામ લાવે છે ને આ પરિણામમાં પોતાને કૃતાર્થ માને છે એ સાવ સાચું છે. સ્વામીરાવ જેવા ગામડે ગામડે ફરનારા શારીરિક સુદઢતાના પ્રચારક આગળ માબાપો અને શિક્ષકોના મગજમાથી આ વિચારો કાઢી નાખી તે સંબંધેના ચોકખા વિચારો મૂકવાનું મહત્વનું કામ ઉભું છે, ને તે તરફ તેમનું ધ્યાન ગયું છે તે જોઇ સંતોષ થાય છે.

સ્વામીરાવ ગામડાના શિક્ષકોને અને માબાપોતે એકઠા કરી ને નદીના પટમાં બારોપાટ રમાડી શકે, આંબલી પીપળીનો રંગ જમાવી શકે, માટલીદાવની ધૂન ચડાવી શકે તો ત્યાંનાં બાળકોને આંદરથી પ્રિય રહેલી રમતગમતો ને શારીરિક કસરતને અવકાશ મળવાનો છે.

ભણતરના બેહદ મહત્વનો ખ્યાલ ગામડીયાઓ આગળ શહેરીઓ તરફથી જ મૂકાએલો છે. હવે રમત–કસરતની આવશ્યકતાનો ખ્યાલ ને ભણતર તથા રમતને વિરોધ નથી પણ સહકાર છે, એનો ખ્યાલ તેમના મન ઉપર શહેરીઓ તરફથી જ કસાવાય તો બાજી પલટે.

ભાઇ સ્વામીરાવ ગામડામાં જ કામ કરે છે તેથી બહુ નિરાશાનું કારણ નથી એમ લાગે છે. મોટાં શહેરોમાં ફરતા હોત તો તેમને પ્રોત્સાહન આપવાનું કામ કાંઇક અઘરૂં થઇ પડત ખરૂં ! **તા.**

મોન્ટીસોરી સંમેલન અંક

પ્રથમ મોન્ટીસોરી સંમેલન વખતે થએલાં બધાં ભાષણો, વંચાએલા બધા લેખો તથા તથા સંમેલનનો અહેવાલ "શ્રીદક્ષિણામૂર્તિ" ત્રેમાસિકના આ અંકમાં છે. મોટાં બસો ઉપરાંત પાનાં છતાં પોસ્ટેજ સાથે માત્ર બાર આનાની કિમતે મળશે. લખો **વ્યવસ્થાપક** "શ્રીદક્ષિણામૂર્તિ" કાર્યાલય: ભાવનગર.

વાર્ષિક લવાજમ રૂા. એક. લખોઃ તંત્રી, શિક્ષણ પત્રિકાઃ દ્વા મૂ. બાલમંદિર, ભાવનગર
શ્રી 'સરસ્વતી' છાપખાનું, અજીજ બીલ્ડીંગમાં પારી. ભીખાભાઇ ગોપાળજીએ છાપી.

શિક્ષણ પત્રિકા

(મૉંટીસોરી સંઘ)

વર્ષ ૨ જું
૧૯૮૩

અંક ૬ ઠ્ઠો
શ્રાવણ

: તંત્રી :

ગિજુભાઈ

તારાબેન

જનતા એટલે પ્રજાસમૂહો. પ્રજા એટલે લોકસમૂહ. લોકસમૂહ એટલે જ્ઞાતિસમૂહો. જ્ઞાતિસમૂહો એટલે કુટુમ્બો. કુટુમ્બો એટલે માતપિતાઓ અને બાળકો. ને માતપિતાનું સર્વસ્વ જીવન એટલે પોતાનાં પ્રિય બાળકો. આ બાળકો માટે મરવું અને જીવવું એટલે જનતા માટે જ જીવ્યાં મર્યાં નહિ ? આ બાળકોને સર્વ શક્તિસંપન્ન કરવામાં જનતાની ઉન્નતિસાધના નહિ ?

આપણી વાતો

આપણે મોટાંઓ ઘરમાં બેઠાં બેઠાં કેટલીએ વાતો કરીએ છીએઃ નાતજાતની વાતો, સગાં સંબંધીની વાતો, લેણદેણની વાતો, નાનપણની વાતો, મિત્રઅમિત્રની વાતો, આડોશીપાડોશીની વાતો, સાહિત્યની, કાવ્યની, વિજ્ઞાનની, શાળાની, દવાખાનાની, રેલ્વેની, કેટલીયે વાતો. આપણાં બાળકો આપણી આસપાસ ફરતાં હોય છે. તેઓને કાન છે ને સાન પણ છે. આપણે જે બોલીએ છીએ તે બીજ રૂપે તેમનામાં પડે છે, અને વખત મળતાં બાતર પાણી મળતાં, અનુકૂળ વાતાવરણ મળતાં તે ઉગી નીકળે છે.

આપણે માનીએ છીએ કે બાળકો આપણી વાતમાં શું સમજે? પણ ખરી વાત તેમ નથી. તેઓ કેટલીએક વાતો સમજતાં નથી એ ખરૂ છતાં તે તેમને ચોંટી જાય છે. જે વાત નથી સમજતાં તે વાતોનો તેઓ ઘણી વાર પોતે જ ગમે તેવો અર્થ કરી લે છે. ઘણી વાતો તેઓ પોતાના અર્થમાં સમજી લે છે. ઘણી વાતો તેઓ બરાબર માબાપની દૃષ્ટિએ સમજે છે. પરિણામે સાંભળેલું વૃથા જતું નથી. તેની સારી માઠી અસર થયા જ કરે છે.

જે નાનાં બાળકોને આપણે વાતો કરતાં જોઇશું તો આપણને આ બાબતની પૂરી ખાત્રી થશે તેઓ એક બીજામાં વાતો કરતાં જણાશેઃ "મારી બા બોલતી હતી કે ફલાણી તો ખરાબ છે." "મારી કાકી કહેતાં હતાં કે પણે ગડનાળું છે ત્યાં બેફલાં જતાં તો હું ફાટી જ પડું." "મારા બાપા મારી બાને વઢતા હતા ને કહેતા હતા કે શા માટે એને ઘરમાં આવવા જ દીધો? એ તો લુચ્ચો છે." આવી અનેક વાતો બાળકો કરે છે. તેમને તેના ખરાપણાની ખબર અખબર હોતી જ નથી. પણ બધાં બોલતાં હતાં, બધાં બોલનારાં મોટાં હતાં, તેથી તે પ્રમાણે હશે તેમ તેઓ માને છે.

આપણે બોલીએ છીએ તે ઉપરથી બાળકો સામાન્ય રીતે આપણી આસપાસનાં માણસો તરફ કેમ જોવું, કેમ વર્તવું તે શીખે છે.

"ફલાણીને ઘેર માગવા જઇએ તો દે એવી નથી. એને શેનું દેવું?" "ફલાણીને તો મોટરનો ગરવ છે તે મોટરમાં બહુ પહોળી થઇને બેસે છે." "ફલાણા તો મારી બાય છે ને પછી ઘરમ કરે છે એમાં શું વળ્યું?"

બાળકો આ સાંભળે છે. તેઓ પ્રથમ એમ બોલવા અને પછી માનવા લાગે છે. તેમ માનવા લાગતાં તેમની મનોવૃત્તિ પણ આપણા જેવી જ થાય છે.

ઘરમાં બાળકો સાંભળે છેઃ "ઇ આપણે ત્યાં ન પાલવે. આપણે ત્યાં આવવું હોય તો આવે નહિતર રહેવા દે. અહીં રહેવું હોય તો કામ તો કરવું જ પડશે." "ઇ હું તે એને રોજ રાંધીને ખવરાવું ને ઇ બધીયે પગ ઉપર પગ ચડાવીને બેસે?" "એવી નકામી માથાઝીક કરવાની મારે નવરાશ નથી. આવે તો કહેજો કે એ તો બહાર ગયા છે. આજે તમને મળી નહિ શકે."

બાળકો સાંભળે છે. એમના કાન ક્યાં નથી? તે સમજે છે ને આપણી પાસેથી શીખે છે. શું? શા માટે કોઇને માટે તસ્દી ઉઠાવવી? શા માટે મફત કોઇને રહેવા દેવું? બરાબર લાભનો જ વિચાર કરવો. શા માટે જૂઠું બોલીને સટકી ન જવું?

ઘરમાં વાતો થયા જ કરે છેઃ "બોલી છોકરી જોઇ, સાવ ગાંડી જેવી છે. છે એને બેસવા બોલવાનો ઘડો? એની માએ એને બગાડી મૂકી છે." "બાપુ, બોરમાન મા હોય તે એને શું? સાચી મા હોય તો આ હાલ થાય કે? કોઇની મા મરશો મા." "ઇ રાઘવજીની વાત કરો મા. મારા કાન દુઃખે છે. રેઢીયાર; કોણ જાણે બાપ હશે કે રાક્ષસ? છોકરાને કાંઇ ઠીમે છે!"

બાળકો આ પણ સાંભળે છે. વગર મહેનતે વિચારે છે: "હું, એની મા ખરાબ; હું; એનો બાપ રાક્ષસ; હું, એ તો આવો, ને એ તો આવો."

ઘરમાં બધાં ભેગાં થઇને નાનપણની વાતો કરે છે. "બા, મને તો કોઇ અડે તો હું તો એવી રાડો પાડું, એવી રાડો પાડું, કે ગામ ગજવું. મારા બાપા ફોજદાર તે અડનારની ધૂળ કાઢી નાખે." "મને નિશાળે જવું ન ગમતું, પણ આપણે તો ખોટું ખોટું માથું દુઃખવા લાવીએ." "મારી બા મને મારે નહિ એટલે હું તો ખોટું બોલું. માત્ર એક વાર પકડાઇ ગયો હતો; તે પણ એ તો એક જ વખત."

છોકરાં તે સાંભળ્યા જ કરે છે. તેમને ઘણા પાઠો મળે છે.

"મારી અધરણી ન થઇ તે ન થઇ. એ રાંડ ઓલી મારી નણંદે બધું કર્યું." "મારે આ જીવી પેટમાં હતી ત્યારે મારે માથે કાંઇ દુઃખ પડ્યું છે? ભૂંડું થજો એ સાસુનું." "ભાઇ, નાનપણમાં બાપ મરી ગયો. કાકો ઇ કાકો. કાંઇ મારે માથે કરી છે? હવે તો કાકો મળે તો સામું પણ ન જોઉં."

બાળક નણંદ, સાસુ ને કાકા વિષેના વિરોધી ખ્યાલો ભેગા કરે છે.

ઘરમાં વાતોનો પાર નથી હોતો. "ઇ વળી સામે શું બોલે? રાંડનાને એક ડાંગ મારી તે માથું ફોડી નાખ્યું." "ભાઇ નવો ન્યાયાધીશ તો ઠીક છે! લાંચ આપે એનું કામ થાય. ન્યાય ન્યાયને ઠેકાણે." "ઇ વળી આપણા ઘરનું વાંકું બોલનાર કોણ છે? કાલે જઇને કેસ કરું." "ઇ વકીલ, ને વૈદ. એના ધંધા એવા. સ્વાર્થના સગા. પૈસા મળે ત્યાં સુધી તમારા."

બાળકોને ધંધાદારીઓનો સારો ખ્યાલ મળે.

આપણે વિચાર કરવો પડશે કે આપણે ગમે તે વાતો બાળકોને કાને પડવા દઇશું? અને નહિ તો આપણી વાતચીતના વિષયો ફેરવશું? ને સૌથી વધારે તો આપણી જગત તરફની દૃષ્ટિમાં ફેરફાર કરીશું? અથવા તો વધારે ભાગે મૌન રાખશું?

બાળકોને વિચાર કરવાની ને સાચું ખોટું પારખવાની શક્તિ આપીશું ને દુનિયા વિષે અભિપ્રાય બાંધી લેવા છૂટાં મૂકીશું, કે તેમને આપણા જ અભિપ્રાયમાં ઉછેરી તેમના પોતાના અભિપ્રાયનો નાશ કરીશું? ગિ.

દેખે તેવું કરે

એક જ માબાપનાં અને એક જ માળામાં ઉછરેલાં એક જ ડાળે બેઠેલાં પોપટનાં બચ્ચાંને વાઘરીએ પકડ્યાં ને વેચ્યાં. એક કોઇ ખાનદાન અમીરને ત્યાં ને બીજું કલાલને ત્યાં. અમીરના ઘરમાં સુલેહ અને સંપ, હેત અને પ્રીત, માન અને પાન. અમીરને ત્યાંનું અમીરાત શીખ્યું. પાંજરે બેસી મીઠા બોલ બોલે રૂડી વાણી બોચરે. કોઇ આવે તો બોલે: "આવોજી, બેસોજી, જળપાન લેશોજી.' જેવું જોયું એવું શીખ્યું. જેવું દીઠું એવું કર્યું. કલાલને ત્યાં ગાળાગાળી, કજીયો, કંકાસ, મારકુટ ને ધમપછાડા. કલાલને ત્યાંનું વાઘરાઇ શીખ્યું. પાંજરે બેસી કડવાં વેણ બોલે, તીખી વાણી બોચરે. કોઇ આવ્યું ગયું તો: "ભાગો, ભાગો, અહીં કેમ નીકળ્યા, જાઓ, નાસી જાઓ." જેવું જોયું એવું એ શીખ્યું. જેવું દીઠું એવું એણે કર્યું.

આપણે આપણાં બચ્ચાંને કેવાં ઘરમાં રાખીશું? આપણે એને કેવું દેખાડશું? આપણે ત્યાં એ શું સાંભળશે? ચોક્કસ વાત છે કે દેખશે એવું કરશે ને સાંભળશે એવું બોલશે. ગિ.

તોફાની છોકરો

એક સુશિક્ષિત બાઇ મને મળવા આવ્યાં. એની સાથે એમનો પાંચ વરસનો દીકરો ને ત્રણ વરસની દીકરી હતાં.

પાંચેક મિનિટ તો બંને બાળકો શાંત બેઠાં; સાવ 'ડાહ્યાં.' બાવાનું આપ્યું તો બા સામે જોવા લાગ્યાં. બાએ કહ્યું ત્યાર પછી થોડું થોડું બાધું. એકંદર બાળકો સામાજીક 'પોલિશ'– શિષ્ટતામાં સો ટકા પાસ. બાઇ પણ તેમના સુવર્તનથી પ્રસન્ન દેખાયાં.

બીજી પાંચ મિનિટ ગઇ. ભાઇના હાથ પગ જરા જરા હલવા લાગ્યા. બાની આંખો તેને તેમ કરવાની સ્પષ્ટ 'ના' પાડતી હતી. તેમી સામે જોઇને ભાઇ ફરીથી ડાહ્યો થઇને બેસતો હતો. બેન નાની હોવાથી તેને પહેલેથી જ વધારે છૂટ મળતી હતી ને તે લેતી હતી.

બીજી પાંચ મિનિટ ગઇ. ભાઇની ધીરજ ખૂટી. ભાઇનું ડહાપણ ખૂટ્યું. શિષ્ટતાનું પટલ ફાટ્યું. ભાઈ ઉઠ્યા. ઓરડીમાં ફરી વળ્યા. દરેક દરેક વસ્તુને અડી આવ્યા. તેની અડવાની રીત બહુ સુઘડ ન હતી; તેના હાથમાં વસ્તુની સહીસલામતી ગઇ જ સમજવી એવી પળે પળે મારા મનમાં બાત્રી થતી હતી. ભાઇ બધે ફરી વળ્યા. આખરે ગ્રામોફોન પાસે સ્થિર થયા. ત્યાં પણ ભાઇની વૃત્તિ ગાયનો સાંભળવાને બદલે યંત્ર બોલીને તોડીને જોવાની અથવા યંત્રને છૂટથી જ્યાં ત્યાં ને ગમે તેમ અડવાની ઇચ્છા દેખાતી હતી.

બિચારાં બાઇ તો ઉઘાડી રીતે હવે તેને 'ના' પાડતાં હતાં. ભાઇ જરાક માને ત્યાં વળી તરત બીજી ક્ષણે કાંઈ બીજું જ કરી બેસે.

ઘરમાં ભાંગ તોડ વધારે થવા લાગી. અમને લાગ્યું કે ઘરમાં ભોંઇને હરવા ફરવાનું ટૂંકું છે. એટલે અમે બાંગ વાડીઆમાં ગયાં.

બાઇએ ભાઇને ડાહ્યા થવાનું સખ્ત રીતે સૂચવ્યું હતું. તેમ ન થાય તો ઘેર ગયા પછી શું થશે તેની પણ તેને યથાર્થ કલ્પના આપી હતી. એ કલ્પના ટૂંકમાં એ હતી: 'ઘેર જઇને બાપા આગળ માર ખવરાવીશ.'

ભાઇએ 'ડાહ્યો' થવાનો સુનિશ્ચય કર્યો લાગ્યો. મોટા માણસ જેમ ગંભીર થઇને અમારી સાથે ચાલવા લાગ્યો. અમે વાતો ઉપર ચડ્યાં.

જરા વારમાં એક કલમી બાંબા પાછળ 'ધમ' એવો અવાજ આવ્યો. ભાઇ અમારી સાથે ન હતા. શેનો અવાજ છે એ જોયું તો થડ પાસે એક મોટી કાચી કેરી દેખાણી. ભાઈ એક ઝાડ પાછળ સંતાયા હતા.

બાઈ કહે: "હવે અમે ઘેર જશું."

મેં કહ્યું: "ભાઈ, તારે કેરી લઈ જવી હોય તો લઈ જા."

તે કહે: "ના, ના, મારે કેરી નો'તી જોઇતી."

મેં કહ્યું: "તો શું કામ તોડી?"

તે કહે: "એ તો અમથી."

પછી બાઇથી રહેવાયું નહિ. તે મારી આગળ દિલ બોલીને વાત કરવા લાગ્યાં. તે કહે: "બેન, એ તો હમેશ એમ જ કરે છે. આબો દિવસ કારણ વગર ફોડ તોડ કરે છે. એનું બ્યાન રાખી રાખીને હું તો હેરાન હેરાન થઇ જાઉ છું. કાં તો કાંઇક પાડે, તોડે ને કાં તો પોતે પડે ને વગાડી બેસે. જરૂર એક દિવસ હાથ પગ

ભાંગી નાખશે. આ એના તોફાનથી તો મારૂં મગજ જ ખવાઇ ગયું છે. ને વધારે પીડા તો એ છે કે એનું જોઇ જોઇને નાની બેન પણ બગડે છે. કહો જોઇએ મારે શું કરવું? તેના બાપા સોટી લે ત્યારે જરાક પાંસરો ચાલે છે. પણ આટલા નાના છોકરાને મારવું એ કેટલું? હવે થોડા દિવસમાં નિશાળે મોકલીશ એટલે સીધો દોર થશે ને મને પણ જરા શાંતિ મળશે."

બાઈ છોકરાને લઇને ગયાં ને મને વિચારમાં મૂકતાં ગયાં: "આમ આવી કેટલીયે માતાઓનું મગજ ખુવાર થતું હશે? કેટલાએ પિતાઓને સોટી વાપરવાની હદ આવી જતી હશે? ને...ને કેટલાંએ હુશિયાર, ચપળ, આબાદ, પ્રાણવાન બાળકો શિષ્ટતાની ખોટી કલ્પના ને બાળઉછેરનાં અજ્ઞાનનાં ભોગ થઇ પડતાં હશે? આનો કંઈ ઉપાય?"

તા.

કેટલી વાર તને કીધું

"કેટલી વાર તને કીધું કે તારે ઉભડક ન બેસવું? કેટલી વાર તને કીધું કે તારે જ્યાં ત્યાં અડકવું નહિ? કેટલી વાર તને કીધું કે તારે વચ્ચે બોલ બોલ કરવું નહિ.? કેટલી વાર તને કીધું કે તારે મોઢામાં આંગળાં નાખવાં નહિ? કેટલી વાર તને કીધું કે કોઇને ત્યાં જઇએ ત્યારે સખના રે'વું, કાંઈ માગવું નહિ ને તે આપે તે લેવું?"

આ 'કેટલી વાર તને કીધું' એ કેટલીયે વાર કહેવાય છે ને છતાં કેટલીયે વાર કહેવાનું ઉભું જ રહે છે. અને છતાં કેટલીયે વાર કહેવાથી આપણે ફાવ્યા તો નથી જ. "કેટલી વાર તને કીધું" એ વાક્ય જ બતાવે છે કે આપણે કેટલીયે વાર આગળ કહી ચૂક્યા છીએ ને આ એક વાર વધારે કહીએ છીએ. ત્યારે શું હજી પણ આપણે આ 'કેટલી વાર કીધું' એ ચલાવવું છે કે બીજો માર્ગ શોધવો છે?

આપણામાં કંઇક એવી માન્યતા છે કે કહીશું એટલે થઈ શકશે. પહેલી વાર "એ ઉભડક ન બેસ." "એ સરખો બેસ." "એ ગડબડ ન કર." એમ કહીએ છીએ ત્યારે આપણા મનમાં એમ જ હશે કે કહીએ એટલે તો તે કરે જ ના? પણ તુરત જ આપણને અનુભવ જૂદો થાય છે. બાળક તેમ કરતું નથી–કરી શકતું નથી–ત્યારે આપણે એમ માનીએ છીએ કે તે જાણી જોઇને કરતું નથી, તેને કરવાની દાનત નથી, તેને આજ્ઞા ઉઠાવવી પસંદ નથી. આપણે બીજી વાર કહીએ છીએ કે "સરખો બેસ." "ગડબડ ન કર." "કોઇને ત્યાં સરખો રહેજે, જે તે માગતો નહિ." પણ કથન નકામું જાય છે. ત્રીજી વાર કહીએ છીએ, ચોથી વાર, પાંચમી વાર, પચાસમી વાર, સોમી વાર ને હજારમી વાર કહીએ છીએ. પછી તો કેટલીયે વાર થઇ જાય છે. આપણે જ્યારે કહીએ છીએ કે "કેટલી વાર તને કીધું" ત્યારે ખરેખર કહેવાની કેટલીયે વાર થઇ ગઇ હોય છે.

હવે આપણે વિચારીએ. વારંવાર કહેવાથી આવતો કંટાળો તે વાક્યમાં સ્પષ્ટ છે. પણ તેટલી જ આપણી નિષ્ફળતા પણ સ્પષ્ટ છે. આપણે કબૂલ કરવું જોઇએ કે હજાર વાર શું ગમે તેટલી વાર કહીએ તેમાં કંઈ વળવાનું નથી. એમ કીધે કંઇ થઈ જાય? જીભ છે તે

કહી તો નાખે પણ કરનારથી તે બધું ન થાય તો ? નથી થતું તેનું શું ?

એ વાત ખરી કે બાળકે જ્યાં ત્યાં કોઇની રજા વગર ન અડકાય. એ પણ બરૂં કે સ્વસ્થ રીતે બેસવું સારું. એ જરૂરનું છે કે વચ્ચે બોલવાની ટેવ ન જોઇએ. એ પણ સાચું કે બાળક મોઢામાં આંગળાં નાખે તે આપણને ન જોઇએ. એ પણ અગત્યનું કે બીજાને ત્યાં બાળકે અમુક મર્યાદામાં રહેવાય.

પણ રજા વિના ન અડકવાના શિષ્ટાચારની સંસ્કારિતા, સ્વસ્થ બેસવા માટેનો અંગનો કાબુ, વચ્ચે ન બોલતાં ધીરજ રાખવાનો નિગ્રહ, આંગળાં મ્હોંમાં ન નાખવાની સુટેવ: આ બધું તો ત્યારે જ આવે કે જ્યારે આપણે બાળકની ઇંદ્રિયોનો યોગ્ય વિકાસ કરીએ, તેની સદ્‌અસદ્ વિવેકબુદ્ધિને ખીલવીએ, તેની ક્રિયાશક્તિને બળવાન કરીએ અને તેનામાં હુકમ ઉઠાવવાની સમજણ અને શક્તિ બન્ને આપીએ.

હુકમ એ જો કામદુધા ગાય હોય કે જાદુઇ લાકડી હોય તો જ હુકમથી શક્તિઓ આવે. એમ નહિ તો આપણે આવા હુકમો પહેલી તકે બંધ કરવા જોઇએ. બાળકમાં જે આપણે માગીએ છીએ તેના અભાવનાં કારણો શોધીએ ને તે કારણો દૂર કરીએ. ઉપરાંત બાળકમાં જે સારું સારું ઇચ્છીએ તે, જે જે વસ્તુના અસ્તિત્વથી આવે તે તે વસ્તુઓ તેનામા ખીલવીએ.

ઝાડ ઉપરથી સૂકાય તો મૂળમાં પાણી સીંચીએ છીએ અથવા સડો ક્યાં છે તે શોધીએ છીએ. તેને "કેટલી વાર કીધું" એમ સંભળાવવાનો પ્રશ્ન જ નથી; એમજ બાળક પરત્વે છે. ઉપરનાં ન્યૂનતા, દોષો, રોગો અને તોફાન વગેરેનાં મૂળ બાળકના અવિકાસ, અશક્તિ, અલ્પશક્તિ કે વિકૃતિમાં છે. તેને હઠાવવાં હોય તો તેને શોધીએ અને દરેકે દરેક નવી મુશ્કેલીને પ્રસંગે નવો વિચાર, નવી શોધ, નવો ઉપાય કરવો જ પડે. એક જનરલ પ્રિસ્ક્રિપ્શનથી જેમ એક પણ રોગ મટે નહિ તેમ જનરલ હુકમ કે ઉપાયથી કંઇ વળે નહિ. હુકમથી બાળઉછેરનો પ્રશ્ન સહેલો કરવા આપણે ઘણું મથ્યા. પણ બાળઉછેરનું કામ અત્યંત કઠિન છે અને તેથી આપણી મહેનત અથાક જોઇશે. હવે આપણે "કેટલી વાર કહેવાને" બદલે કેટલીએ વાર નવા નવા ઉપચારો કરીએ અને આખરે એક પણ વાર ન કહેવું પડે તેનો રસ્તો ખોળી કાઢીએ. ગિ.

બાળકની દૃષ્ટિએ પરિવર્તન

અંતુ બાલમંદિરમાં થોડો જ વખત રહ્યો. એ દરમ્યાન થએલો ફેરફાર નીચે આપું છું.

પહેલાં અંતુ તાણીને બોલતો. આખું ઘર માથે લેતો. હવે તેના બોલવામાં ફેર પડ્યો જણાય છે. અને જ્યારે તાણીને બોલાય ત્યારે કહે છે: "એ હું તાણીને બોલ્યો."

સાધારણ રીતે અંતુ એમને એમ બાવા બેસી જતો. એક દિવસ તે એનાએક હાથ પગ ધોવા મંડ્યો. ધોઇને કહે: "મારું પાથરણું ?" પાથરણા પર બેસી બાવા મંડ્યો. ન વેરાય એ માટે ધ્યાન રાખવા મંડ્યો. પણ એટલું ને એટલું જ વેરાવા માંડ્યું. ઘડીક પછી મને કહે: "મારે બહુ વેરાય છે." બાઇ રહ્યો એટલે વેરાવલું લેવા માંડ્યો. આખું ઘર એ તરફ જોઇ રહ્યું.

બાલમંદિરમાં ગયાં પછી મારી પાસે દરરોજ વાર્તા કહેવરાવે. એક વાર અચાનક કહે: "ઉંદરની વાર્તા કહોને?"

'રાજા કરતાં મારી ટોપી સારી' એ વાર્તા મેં પંદરેક વખત કીધી હશે. મને ઊંઘ આવતી હોવાથી "કાલે કહીશ" એમ કીધું.

ત્યાં તો કહે: "આજ કહોને? એક જ વાર, પાંચ વાર, સાત વાર."

સંખ્યાજ્ઞાન નહિ હોવાથી એક ને પાંચમાં કેટલો ફેર છે તે સમજતો ન હતો. છતાં એની વાર્તા સાંભળવાની તીવ્ર ઇચ્છા સ્પષ્ટ દેખાઇ આવતી હતી.

મેં કીધું: "મને ઊંઘ આવે છે, એટલે કાલે કહીશ."

"એવી વાર્તા કહેતા ઊંઘ કેમ આવે? મને વાર્તા આવડતી હોય તો આખી રાત કીધા જ કરું."

આ જવાબ સાંભળી મને ખૂબ આશ્ચર્ય થયું. પોતાને મન ગમતું કામ મળી ગયું હોય–વિકાસક કામ મળી ગયું હોય તો થાક, ઊંઘ, ભૂખ વગેરેનું ભાન નથી રહેતું એ ગિજુભાઇના વ્યાખ્યાનમાં સાંભળેલું તેનું આજે પ્રત્યક્ષ દર્શન થયું.

એક વાર મને કહે: "ગીત ગાઓ." મેં કીધું: "કયું?" આ વખતે એ લટકાં કરે. હું ગીતનાં ઘણાં ઘણાં નામ આપું પણ બધી વાર ના જ કહે. એ ગીતનું નામ તે ભૂલી ગયો હતો. એનો ભાવ એના મ્હોં ઉપર રમતો હતો.

બીજે દિવસે બાલમંદિરમાંથી આવી તરત જ મને કહે: "ઓલ્યું ગીત કયું, કહું? કૈબાનું."

આવીને તરત જ બીજી કાંઇ વાતચિત કર્યા વિના જાણે પોતે કાંઇ-નવી શોધ કરી હોય તેટલા આનંદથી તેણે મને કીધું.

આમ એના બોલવામાં, ચાલવામાં, ખાવામાં ફેરફાર સ્પષ્ટ દેખાતા હતા. ધીમે બોલવું જોઈએ, ધીમે ચાલવું જોઇએ, અમુક રીતે જ ખાવું જોઇએ, આમ જ બાવું જોઇએ, એ તરફ એનું ધ્યાન ખેંચાઇ ચૂક્યું હતું. વાર્તા અને સંગીત સાંભળવાનો શોખ જાગ્યો હતો.

આ વખતે એક વસ્તુ કહેવાની જરૂર જોઉં છું.

બાલમંદિર એ બાળકને મન નવું જગત છે. ત્યાં એ નવું નવું ભાળે છે. ઘર કરતાં જૂદી જાતનું વાતાવરણ જુએ છે, અને તેનો આત્મા ત્યાં કેળે છે.

ઘેર આવી પોતે ભાળેલું નવું નવું માને કહેવા ઇચ્છે છે. પણ મા પોતાના ઘરકામમાંથી પરવારી એ સાંભળવા તૈયાર થતી નથી. બાપ પોતાના ઓફિસના કામમાંથી પરવારતો નથી. પરિણામે બાળકને બધું દબાવી રાખવું પડે છે. બધી મનની વાત મનમાં જ રાખવી પડે છે.

ઘર અને બાલમંદિરમાં અંતર પડવાનું અહીંથી શરૂ થાય છે.

વળી બીજી વાત.

બાલમંદિરમાં ગયા પછી અનેક પ્રશ્નો પૂછે છે; પોતાની ઉભી થયેલી જરૂરીઆતને અંગે પાથરણાં કે રૂમાલ જેવી વસ્તુઓની માગણી કરે છે. આવા પ્રશ્નો તરફ–આવી જરૂરીઆતો તરફ માબાપ બેદરકાર રહે તો બાલમંદિર અને ઘર વચ્ચે પડેલું અંતર દૃઢતર બને છે.

પરિણામે બાળકને બાલમંદિરમાં આમ બોલાય, આમ રહેવાય, આમ વર્તાય, અને ઘરમાં આમ બોલાય, આમ રહેવાય અને આમ જ પૂછાય એવો દૃઢ ખ્યાલ બંધાય છે. અર્થાત બાળકને એક જ અવસ્થામાં બે જીવન જીવતાં પડે છે: એક બાલમંદિરનું અને બીજું ઘરનું.

ખરૂં જોતાં બાલમંદિર અને ઘર એક બીજાને સહાયક વસ્તુ છે, વિરોધક નથી. બાળકને ઘરમાં કેમ રાખવું તેનો પાઠ શાળા બતાવે છે. આ તરફ હું માબાપોનું લક્ષ ખેંચું છું.

વળી બાળકની પ્રશ્ન પૂછવાની વૃત્તિ તરફ—એની જરૂરીઆત તરફ માબાપ ધ્યાન રહે એ ઠીક નથી. માબાપને પોતાનું અંગત ગમે તેટલું કામ હોય છતાંએ ખાસ બાળકને માટે થોડો સમય રાખવાનો વખત હવે આવી લાગ્યો છે.

ગૌરીશંકર ચતુર્વેદી.

બાળ અવલોકન

યથાર્થ ઉપમા

મારા પાડોશમાં એક છોકરી રહે છે. ૭ વર્ષની ઉંમરની છે. પણ એનાં ઘણાં ખરાં વાક્યો ઉપમાવાળાં જ હોય છે; ને ઉપમાઓ પણ યથાર્થ હોય છે.

એક વાર મારી પાસે બે મોટા ટોશેટા હતા. હું ટોશેટા જોતો હતો ત્યાં એ છોકરી આવી. ટોશેટા બરાબર જોયા ને પછી તરત જ બોલી ઉઠી કે "અહા કેવા મજાના ખજુરની પેશી જેવા છે! કાં ખરું કે નહિ?"

આગલે દિવસે મેં એ ટોશેટા જોયા ત્યારે મને પણ એ ઉપમા જ યાદ આવી હતી. ટોશેટાના રંગનો દેખાવ બરોબર ખજુરની રસદાર પેશી જેવો જ હતો. જે ઉપમા મને યાદ આવી એ જ ઉપમા એક ૭ વર્ષની, અક્ષરે નહિ ઓળખનાર છોકરીના મોઢેથી સાંભળીને મને નવાઇ લાગી.

થોડા દિવસ પછી બીજો એક ટોશેટો એ જ છોકરીએ જોયો. ટોશેટો જુદી જ જાતનો હતો. ટોશેટો જોઇને છોકરીએ કહ્યું કે "લે આ તો બોલી શીંગ જેવો છે, શીંગ જેવો! કાં, છે કે નહિ શીંગ જેવો?"

આ ૭ વર્ષની છોકરી કંઇક નવીન જુએ કે તરત જ એને ઉપમા આપીને જ ઓળખાવે છે. એનું કારણ એ છે કે એની ઉંમર નાની છે છતાં એનો અનુભવ થોડો છતાં ચોક્કસ છે. ને જે વસ્તુ એના અનુભવમાં આવી ગઈ છે એની જ એ ઉપમા આપે છે. મુખ્ય વાત એનો યથાર્થ અનુભવ છે.

જે કહેવાની કે કરવાની પાછળ યથાર્થ અનુભવ છે એમાં બળ હોય જ. અનુભવની ઉપમા, વાણી કે લેખન સારૂ ને જોરદાર જ હોય.

રૂઢિપ્રયોગો ગોખાવા, ઉપમાઓ ને અલંકારો શીખવવા, છટાદાર વાણીથી બોલતાં શીખવવું વગેરે આપણા અપૂર્ણ અનુભવનું પોગળ ઉઘાડું કરે છે.

હેમુભાઇ.

કાર્યકારણ

ટીકુ:—આ બારણું શું કામ કર્યું છે કહું?

હું:—હા. કહે ને?

ટીકુ:—ગાય બકરાં ન આવે માટે.

× ×

ટીકુ:—આ રસ્તા ઉપર રેતી શું કામ પાથરી કહું?

હું:—શા માટે?

ટીકુ:—આપણને કાંકરા ને પથરા ન વાગે એટલા માટે.

ટીકુની કલ્પના

ફરવા જતાં હતાં. રસ્તામાં એક ઠુંઠું દેખાણું. દૂરથી જોઇને ટીકુ બોલી: "એ જોને, એ તો હાથનાં આંગળાં જેવું દેખાય છે."

મેં ફરીથી કલ્પના કરીને જોયું ત્યારે ખરેખર જ કોણીથી આગળના મુડી વાળેલા હાથ જેવું તે દેખાતું હતું.

ર.

ફરિયાદ આવે ત્યારે

૧

સુમનબેન ચંદુ કરતાં મોટાં.

સુમનબેન ફરિયાદ લાવ્યાં: "ગિજુભાઈ, અમને ભીમસેન મારે છે"

"ભીમસેન કોણ?"

"ઓલ્યા ભીમસેન, ચંદુભાઈ."

"શું કામ મારે છે?"

"અમથા, અમથા"

"તો તમે સામે મારોને?"

"હું મારું?"

"હા. મારી શકો કે?"

"હા, કેમ ન મારી શકું?"

"ત્યારે લગાવો."

બીજે દિવસે સુમનબેનને પૂછ્યું: "કેમ હજી ભીમસેન મારે છે કે?"

"ના હવે બંધ થઈ ગયા છે."

"કેમ?"

"એણે મને મારી એટલે મેં એને સામે ઠોઠાડી."

"એમ, ઠીક, જાઓ."

૨

"એં એં એં, ગિજુભાઇ, અમને મોટા ભાંઇ મારે છે."

"ઠીક, મોટાભાઇને બોલાવો. તમે તમારે કામે જાઓ."

ભાનુભાઇ આવ્યા.

"કેમ ભાનુભાઇ જસુને શા માટે મારો છો?"

"ઇ મારું માનતો નથી ને તોફાન કરે છે."

"શું તોફાન કરે છે?"

"ગાડીમાં એને કહીએ કે સરખો બેસ તો બેસતો નથી ને 'ઉભા રહેવું છે ને આમ કરવું છે ને એવું કરવું છે' એમ કર્યા કરે છે."

"એમ; બીજું?"

"ને કહીએ કે આંગળી ઝાલીને ચાલ, ટેકરા ઉપર પડી જઇશ તો માનતો નથી."

"વારૂ, ત્યારે હવેથી એને તમારે મારવો નહિ. તમારે એને મનાવવું પણ નહિ. ભલે આંગળી વિના ટેકરે ચડે. હા પડે તો ઉભો કરજો. ગાડીમાં ઉભો રહીને જોવે તો ભલે જોવે. એમ તો તમનેય એવું કરવું ગમે છે ને?"

૩

શાન્તિબેન ફરિયાદ લાવ્યાં: "ગિજુભાઈ, આ કનુ ને મનુ ગાડીમાં ને જ્યાં ત્યાં બાધ્યા જ કરે છે. એક બીજાને મારે છે પણ ખરા."

"તો?"

"ઈ અમને નથી ગમતું. કોક વાર અમને લાગી પણ જાય છે."

"કેમ કનુ મનુ, શાન્તિબેન કહે છે એ ખરૂં છે?"

બે જણા કંઇ બોલ્યા નહિ. એક બીજાની સામે જોવા લાગ્યા.

"કેમ કહો તો ખરા, શું કામ મારામારી કરો છો?"

મનુ કહે: "તે દિ એણે મારી પેન્સિલ આંચકી લીધી હતી."

કનુ કહે: "ને પેલે દિ તેં મારી ચોપડી ફોતી ઉડાડી?"

મનુ: "હા, ઉડાડી'તી. તેં કેમ મારો ગરીબો ફેંકી દીધો હતો?"

ગિજુભાઇ: "ઠીક. જ્યારે તમારે વાંધા પડે ત્યારે અખાડામાં જઈ કુસ્તી કરી લેવી નેં પતાવી દેવું. ગાડી બાડીમાં કે શાન્તિબેન જેવાંને વાગે કારબે કે ગડબડ થાય એવી રીતે બાઝવું નહિ. જાઓ શાન્તિબેન, હવે ગાડીમાં કોઇ નહિ બાઝે." તા.

હથિયારબંધ બાળકો

કેટલાંએક બાળકો લાકડાના કટકા, બાવળની સોટીઓ, લોખંડના ટુકડા ને એવું એવું હાથમાં રાખી બોલે છે: "સાલાને મારી નાખું. આમ કરું તેમ કરું."

આવાં બાળકો ખરી રીતે અંદરથી બીકણ હોય છે. ઘણી વાર આપણે તેમને આવી પ્રવૃત્તિ કરતાં જોઇ બહાદુર ધારીએ છીએ. જેઓ ખરેખર બ્હીતાં નથી તેઓ આવી ચીજોનો આવી રીતે ઉપયોગ કરતાં નથી.

આવાં બાળકો તેની સામે કોઇ લડવા આવે તો નાર્મદ નીકળે છે. તેઓ બહાદુરીથી સામે થાય છે પણ પાછળથી કુતરું જેમ પૂંછડીને બે પગ વચ્ચે નાખીને ભાગે છે તેમ હથિયારને લઇને ભાગે છે. છતાં સામાવાળો જરાક નબળો માલુમ પડે છે તો તો શરાની જેમ તેના ઉપર તૂટી પડે છે. બાયલાનું એ એક ચોકસ લક્ષણ છે.

ગમે ત્યારે હું મારું રક્ષણ કરી શકીશ એવી શ્રદ્ધા બહાદુરોમાં હોય છે. તેથી તેઓ હરઘડીએ 'હાય મારું શું થશે' તેનો વિચાર સરખોએ કરતા નથી. નબળા લોકોને પોતાનામાં જ શ્રદ્ધા નથી. તેથી જ તેઓ હંમેશ સ્વરક્ષણની ચિંતા કર્યા કરે છે ને તેથી હમેશ હથિયાર આદિનું શરણ લે છે. કુ.

વાર્તા કહેનારને

લોક-પ્રચલિત બાળવાર્તામાં ઘણી વાર આમ આવે છે:—"પછી રાજાએ ફલાણાનાં નાક કાન કાપી લીધાં, માથે મુંડો કરાવી ચૂનો ચોપડ્યો ને અવળે ગધેડે બેસારી કાઢી મૂક્યો."

સજ્જનને દુર્જન તરફથી ત્રાસ થતો હોય ત્યાં બાળકો સજ્જન સાથે સહાનુભૂત થઇ, એકરૂપ થઇ વાર્તા સાંભળે છે ને સજ્જનના દુઃખથી દુઃખી થાય છે અને સજ્જનનું દુઃખ મટી જાય એમ ઇચ્છે છે. વળી જ્યાં દુઃખનો અંત આવી જાય ત્યાં વાર્તાનો મુદ્દો પણ પૂરો થઇ શકે છે. સાંભળનારને તેમાં કશું અધૂરું રહ્યું હોય એમ લાગતું નથી. વાર્તાની કલાકૃતિને કશી ઊણપ લાગતી નથી.

દુર્જનને રાજા કે સત્તા તરફથી દંડ થવો જોઇએ એ જુની દંડનીતિના વિચારો હવે બદલાઇ ગયા છે. હવે તો તુરંગ—જેલ અને શિક્ષાઓ જંગલી ગણાવા લાગી છે.

હવે તો દુર્જનનું દુર્જનત્વ જાય તેવા ઉપચાર નીચે તેને મૂકવાની જરૂર ભાસવા લાગી છે, ત્યાં આપણે નાક કાન કાપી લેવા જેવી જંગલી અને સાથે સાથે દુષ્ટ પદ્ધતિને બાળકો સામે યોગ્ય દંડપદ્ધતિ તરીકે શા માટે મૂકવી? આ જાતના વાર્તાના અંતમાં ન્યાય કરતાં વૈરવૃત્તિ વધારે દેખાય છે. સજ્જન પોતાનું દુઃખ દૂર કરવા યત્ન કરે ત્યાં સુધી તેની સજ્જનતાને બાધ આવતો નથી. પરંતુ

ને આખરે શત્રુનો નાશ જ ઇચ્છે તો તો તેની સજ્જનતા ક્યાં રહી ?

"રણઝણ પૂતળાં"ની વાર્તામાં આખરે બધી રાણી રાણી થઇને બેઠી ને દાસી દાસી બની એમ કહીને વાર્તા પૂરી કરીએ તો વાર્તાના મુદ્દાને કે કલાને ન્યાય આપે એમ લાગતું નથી.

કદાચ કેટલાકને એમ માનતા હશે કે દુષ્ટની પુરેપુરી બુરી હાલત કરી બતાવવાથી બાળકો પર પક્કી મજબુત (deterrent effect) અસર થાય છે. જેમકે ચોરી કરવાથી આવું ભયંકર પરિણામ આવે વગેરે કહેવાથી ચોરી ન કરવાની બાબતમાં બાળકને દૃઢ અસર થાય. પરંતુ આ ઉપાય બાળકોને દુષ્ટતાથી વારવાને માટે સારો નથી લાગતો.

ભલે વાર્તામાં દુષ્ટને સ્થૂળ નુકસાન થાય છે એવું જોડી કાઢીને બતાવી શકીએ, પરંતુ સાચી દુનિયામાં દુષ્ટને હમેશ સ્થૂળ નુકશાન થાય જ છે એમ બતાવવું અઘરૂં છે. નાની નાની ચોરી અને લબાડીનાં પરિણામો ખરાબ નથી આવતાં પણ ઘણી વાર તો તાત્કાલિક લાભદાયક જ હોય છે એમ બાળકો પોતાના અને બીજાઓના અનુભવમાંથી જાણી લે છે. અર્થાત્ પરિણામની બીક બાળકને દુર્જનતાથી દૂર રાખવાનું ચોક્કસ કામ સારતી નથી: વળી પરિણામની બીકે દુર્જનતાથી દૂર રહેવા કરતાં સજ્જનતા પ્રિય લાગવાથી અને દુર્જનતા અપ્રિય લાગવાથી મનુષ્યમાં જે સજ્જનતા આવે છે તે બરી —અંદરની—સજ્જનતા હોય છે. કોઇના નોકર હોઇને તેની ગેરહાજરીનો લાભ લઇ પોતે જ રાણી બની જઇ મૂઢ રાણીને રઝળતી મૂકવી એ વાત સ્વતઃ જ બરાબ લાગે, હલકી ને બેવકૂફાદાર લાગે એટલું બસ છે. રાણીને પોતાનું અસલ સ્થાન મળે ત્યારે તે સુખ માને ત્યાં જ બરી સજ્જનતા છે. પણ આગળ વધીને દાસીનાં નાક કાન કાપવા સુધી જવું એમાં તો રાણીની સજ્જનતા ઉપર જંગલીપણાના અને દુષ્ટતાના છાંટા ઉડે છે.

ચકલીની વાર્તામાં માથે મુંડો કરાવ્યાનું આવે છે તેમાંનું દંડન આવા ઉક્ત વૈરમૂલક દંડનથી જુદું છે. એક નિર્દોષ ગરીબડી ચકલી નાકમાં મોતી પહેરી—

'રાજા હુંરે પનોતી,
મારે નાકે નિર્મળ મોતી'

કરતી મહાલતી હતી, ત્યાં અરસિક અને લાગણી રહિત રાજાએ તેનું મોતી લીધું ને ચકલીને માંથે મુંડો કરાવી ઉપર ચૂનો વગેરે ચોપડાવી તેને હેરાન કરી. અહીં નિરપરાધીને નિષ્કારણ હેરાન કર્યાની દુર્જનતા છે. પછી ચકલી "હું એક મુંડાણી, રાજાનું કુટુંબ મુંડાણું" એમ કહીને ભોંઠો પાડે છે. અહીં વેર કરતાં દુષ્ટ રાજાને બરાબરનો પાઠ ભણાવ્યાનો પ્રસંગ છે. વળી ચકલીની આખી યોજનામાં દુષ્ટ કાવત્રા કરતાં એક જાતની વિનોદી યોજના છે. રાજાને બરાબરનો ધડો મળે છે ને સાથે સાથે વાર્તા સાંભળનારને હસવું પણ આવે છે.

બાળકો આગળ લોકબાળવાર્તા મૂકતી વખતે શિક્ષકે પુષ્કળ સાવચેતી રાખવાની છે. પ્રત્યેક વાર્તા ઝીણવટથી તપાસવી જોઇએ. બાળવાર્તાઓમાં જેમ એક પ્રકારની pointedness છે, બાસ બુબી છે, રસ છે, વિનોદ છે તેમ તેની સાથે કેટલીએક વાર આજના વિચારો કે ભાવનાને પસંદ ન પડે તેવું પણ હોય છે. ઉપર જોયું તેમ વેર કાઢી નાખી માત્ર સત્યનો જય એટલું જ બતાવીને ધર્મનો ક્ષય બતાવવાનો આગ્રહ ન રાખી વાર્તાને અદ્યતન બનાવી બાળકોને કહેવી જોઇએ. દરેક વાર્તાને ઝીણી ચારણીથી ચાળી લેવી ને પછી વાપરવી. વાર્તાશિક્ષકો આ સૂચના ધ્યાનમાં રાખી વાર્તાઓ વાપરે.

તા.

શિક્ષકોના અભિપ્રાયો

(૧)

શાળાના શિક્ષકનો અભિપ્રાય આ પ્રમાણે છેઃ—

"ચંદુ સૌથી હુશિયાર છે. કાયમ તે પહેલો રહે છેઃ ચંદુ શાન્ત ને શરમાળ છે. તેને કોઇની સાથે કદિ પણ કજીયો થતો જ નથી.તે અદબ રાખે છે. કહ્યું કરે છે. તેની આંખમાં શરમ છે. ઠપકો સહન કરવા કરતાં તે દોષ જ નહિ કરે."

શાળાના કસરત શિક્ષકનો અભિપ્રાયઃ—

"ચંદુ બિલકુલ કસરતાકાદ. રમતમાં સાવ છેલ્લો. છોકરી જેવો. બીકણ. મસ્તામસ્તી ને ખેલંખેલાથી સદૈવ દૂર. ડરપોક. બીકથી કામ કરે તેવો. જરાક કહીએ ત્યાં રડી પડે તેવો."

કયો અભિપ્રાય સાચો હશો ? ગિ.

(૨)

શિક્ષકનો અભિપ્રાયઃ—

"રમુનું ભણવામાં ચિત્ત નથી. છેલ્લો નંબર શોભાવે છે. ધુસણીયો. ધમાલીયો. રોજ બે પાંચ ફરીયાદો તો હોય જ છે. મનમાં આવે તો કામ કરે. હુકમ ઉપાડવો આકરો પડે. ઠપકો સહન કરે પણ ધાર્યું કરે. બુદ્ધિમાં મીંડું."

કસરત શિક્ષકનો અભિપ્રાયઃ—

રમુ પહેલવાન છે. પ્રાણવાન છે. સૌથી જબરો ખેલાડી. ચતુર; સમયસૂચક; નિડર; હુકમ બરાબર ઉઠાવે. ઠપકામાં આવે જ નહિ. ટંટા-ફિસાદ પતાવવામાં એક્કો. તોફાનીને પાંશરા કરે તેવો."

કયો અભિપ્રાય સાચો હશે ? ગિ.

બાલકોનો આનંદ

બાલયુગમાં હવામાં તરનાર ખાસ શબ્દ-સમૂહમાં "બાળકોનો આનંદ" તો જ્યાં ત્યાં ને જ્યારે ત્યારે ઠેબે આવે એવો સમૂહ છે.

"બાળકોને આનંદી રાખો એટલે બસ."
"માબાપ અને શિક્ષકો બાળકોનો આનંદ સાચવી શકે તો ૯૯ ટકા કામ કર્યું કહેવાય."
"બાળકોને આનંદી રાખો તો દેવ પણ પ્રસન્ન રહેશે."

આવાં આવાં અનેક વાક્યો જ્યાં ત્યાં કાને સંભળાય છે.

કિંડરગાર્ટન પદ્ધતિએ બાલયુગ બેસાડ્યો ને તેની મુખ્ય ચાવી તરીકે 'બાળકોનો આનંદ' માગ્યો.

આજે દરેક બાળશિક્ષણપદ્ધતિ બાળકોનો આનંદ તો માગે જ છે.

શા માટે? શિક્ષણ ને બાળઉછેરનું ધ્યેય શું બાળકોને આનંદી કરવાનું છે? બાળકોને સુખી કરવાનું છે કે તેમનું શ્રેયસ્ સાધવાનું છે?

જવાબમાં બાલશિક્ષણ. ફિલસુફો કહેશેઃ "આનંદ, સુખ અને શ્રેયસ્ એક બીજાનાં વિરોધી કે વિસંવાદી નથી. સુંદર વિકાસ સધાય તો શ્રેયસ્ સધાયું. વિકસતું બાળક આનંદી, પ્રસન્ન ને પ્રાણવાન દેખાય છે. અવિકસતું બાળક દુઃખી, ચીમળાએલું, મલિન ને ક્ષીણ-પ્રાણ દેખાય છે. આનંદ તો અપ્રતિહત વિકાસનું આનુષંગિક દેખાતું લક્ષણ છે. માટે જ બાલ-

વિકાસ માગનાર બાલઆનંદ માગે છે.

પણ 'બાળકોનો આનંદ' માગે છે એટલે શું? શું શિક્ષકે ને માબાપે બાળકોને આનંદ આપવા નીકળવું, એમ માગે છે?

ના, ના. બાળકો આનંદી ને પ્રફુલ્લ દેખાય એમ માગે છે?

બગીચો સાચવનાર માળી પાસે આપણે શું માગીએ છીએ? બાગનાં ઝાડપુલ પ્રફુલ્લ અને તાજાં દેખાય એમ માગીએ છીએ. માળી આ ઝાડપુલને પ્રફુલ્લ કેમ રાખે છે? તે થોડો જ પ્રફુલ્લ રાખવા માટે ઝાડની ડાળને કે ફુલની પાંખડીને પંપાળે છે? તે તો મૂળમાં પાણી નાખે છે. માટીમાં કસ ન હોય તો ખાતર નાખે છે, ક્યારો ગોડે છે, ઝાડ ઉપર તેને ખાઈ જનાર કીડા હોય તો તેને દવા નાખે છે. તે જાણે છે કે ઝાડ તો પોતાની મેળે પોષણ ચુસી લેશે, પોષક દ્રવ્યોને પચાવશે ને પછી એની મેળે વધશે.

બાળકોનો આનંદ એટલે તેમના લાડ લડાવી તેમને રાજી કરવાપણું નહિ જ.

બાળકોનો આનંદ એટલે તેમને રમાડી, તેમની પાસે વિદુષક બની તેમને આનંદ આપવાપણું નહિ જ.

બાળકોનો આનંદ એટલે તેમને રમકડાં, કપડાં, ઘરેણાં કે ખાવાનું આપી કૃત્રિમ આનંદ ઉપજાવવાપણું નહિ જ.

બાળકોનો આનંદ એટલે બાળક કહે તેમ આપણે તેના ગુલામ બની કર્યા કરવું ને તેને સ્વચ્છંદી થવા દેવું એ પણ નહિ.

આપણે બાળકોને આનંદ આપવાનો નથી પણ તેમનો આનંદ સાધવાનો છે.

બાળકોનો આનંદ કેમ સધાય?

બાળકોની તંદુરસ્તી સાચવીએ, એટલે પચાસ ટકા આનંદ સાધ્યો.

બાળકોનું શરીર સ્વચ્છ હવાપાણી માગે છે; પથ્યકર નિયમિત ખોરાક માગે છે; શરીરને કસવા ને વધારવા શારીરિક પ્રવૃત્તિ માગે છે.

એ બધું આપો ને જુઓ. બાળક આનંદ-કલ્લોલથી ઘર ભરી દેશે.

બાળકની માનસિક તંદુરસ્તી સાચવીએ એટલે સો ટકા આનંદ પૂરો સધાયો.

બાળકનું મન દુનિયા જાણવા માગે છે; દુનિયા સાથે હાર્દિક સંબંધ બાંધવા માગે છે; પોતાની બુદ્ધિએ શોધેલું ને લાગણીને સંતોષનારું એવું કાંઇક કાંઇક કરવા માગે છે.

બાળકને એ બધું કરવા માટે યોગ્ય વાતાવરણ આંપીએ, છૂટ આંપીએ; એને આપણી નીચે ચગદી ન નાખીએ અને બાળકની નીચે આપણે ચગદાઇ ન જઈએ.

બાળક ઉચ્ચ સાત્ત્વિક આનંદથી ઘર ભરી દેશે. બાલયુગ એ જ આનંદ માગે છે. **તા.**

લખી મોકલશો?

૧

માનસશાસ્ત્રનો આધાર માનસના અવલોકન ઉપર છે. આપણી આસપાસ ઉછરતાં બાળકોને અવલોકશું તો આપણને ઘણું ઘણું જોવાનું મળશે. બાળકો વિષે જે જુઓ જાણો તે બરાબર જેમ થયું હોય તેમજ લખી મોકલશો? માનસશાસ્ત્રનાં અભ્યાસની એ સામગ્રી છે.

૨

આપને પત્રિકાના વાંચનારાઓને બાલશિક્ષણમાં ઘણું પૂછવા કરવાનું હશે. પત્રિકામાં આપના પ્રશ્નોના ઉત્તરો આપવા પ્રયત્ન કરીશું. આપ પ્રશ્નો જરૂર લખી મોકલશો.

ચર્ચાપત્ર

અમદાવાદઃ તાઃ ૨૪ : ૫ : ૨૭

શ્રી. ગિજુભાઈ,

મારા બાળકને—ઉમર વર્ષ ૫—નીચેની વાર્તા કહી હતી. મને તેણે નીચેના પ્રશ્નો પૂછ્યા હતા. તેનું સમાધાન આપ કેવા જવાબો આપીને કરો તે જણાવશો.

હોલાહોલીની વાર્તા

પ્રશ્નઃ હોલાનું શાક કર્યું ત્યારે હોલો તો મરી ગયો ને પાછો જીવતો બહાર શી રીતે આવ્યો ?

ચકાચકીની વાર્તા

પ્રશ્નઃ ચકીને હાથ તો ન હોય ત્યારે બેઠું શી રીતે ઉતારે ?

ચકીને મોતી જડયું એ વાર્તા

પ્રશ્નઃ ચકીને નાક તો ન હોય ત્યારે મોતી કયાં પહેરે ?

જઃ ચાંચમાં.

બાળકઃ ચાંચ ઇ તો મોઢું કહેવાય.

અધુરીયાની વાર્તા

પ્રઃ પવન, આગ ને પાણીને મોઢું તો ન હોય ત્યારે બોલે શી રીતે ?

આ સિવાય પરીઓની વાત કે ચમત્કારની વાત આવે છે ત્યારે અંદરથી સત્ય શોધવાનો યત્ન કરે છે અને પ્રશ્નોની પરંપરા ચાલે છે. મને એ મુંઝવે છે. તો આ બાબતમાં આપ કાંઇ ખુલાસો આપશો એવી આશા રાખું છું.

માર્ગદર્શન :]
કુમાર કાર્યાલય : અમદાવાદ] લે. એક માતા

માતાએ દાગળામાં રજુ કર્યો છે એવા પ્રશ્નો અમુક ઉમરે પહોંચતાં ઘણાં બાળકો કરે છે. આવા વિચારો ફુરે છે એ તેમની વિકસતી બુદ્ધિનું લક્ષણ ગણી શકીએ. બુદ્ધિ હરહમેશ યથાર્થ કાર્યકારણ તેમજ વાસ્તવિક જગતમાં શક્યતા જોવા માગે છે. બાળક વાર્તામાં આવતી અશક્ય વાતો કે ગપ્પાંને તેમજ સમજી લે તે ઇષ્ટ છે. જરૂર આપણે કલ્પનાશક્તિનો યોગ્ય વિકાસ માગીએ છીએ; પણ તે બુદ્ધિના સૂર્ય-લાઇટથી—પ્રકાશથી પ્રકાશિત રહે એ પણ સાથે સાથે માગીએ છીએ. માટે બાળક વાર્તાઓ કે વાતો કે આસપાસનું જગત્ બુદ્ધિથી તપાસે એને બુદ્ધિવિકાસનું લક્ષણ ગણી આપણે તેને સહાય કરીએ છીએ. પરંતુ આ સાથે બાળક બુદ્ધિ-વિકાસ સાથે કલ્પનાશૂન્ય કે લાગણીશૂન્ય ન બની જાય એ પણ જોવાનું રહે છે. બાળક વાર્તાની અશક્યતા શોધી કાઢે તેવી વાતો કહે-વાનું બંધ કરવાની જરૂર નથી. ચકલાં અને કાગડા બોલી શકતાં નથી એ વાસ્તવિકતા જાણ્યા છતાં બાળક વાર્તામાં રસ લઈ શકે છે. તેને તેવી વાર્તા કહી શકાય.

પ્રથમ જ નાટક જોવા જનારને કદાચ થાય કે આ 'સ્વગત' ભાષણ આટલે મોટેથી બોલાયું? સામા માણસે તો તે સાંભળ્યું એનું શું? એના જેવો 'ચકી કેમ બોલી' એ પ્રશ્ન છે. એનો ઉત્તર એટલો જ કે "એ તો વાર્તા છે." વાર્તા એટલે જ અમુક કારણસર ઉપજાવેલો ગપ્પો. એમાં અમુક અશક્યતા આવી શકે. ને એ સ્વીકાર્યા પછી બીજું તો તર્કશુદ્ધ

હોય. હોંશેહોંશે ઓને એટલું ધારો કે માની લીધું. પછી તો હોલી બરાબર સકારણ જ હોઝાને વારે ને હોલો યુક્તિ કરીને બચી જાય.

જેઓને વાર્તાકથનનો હમેશનો અનુભવ હશે તેઓએ અનુભવ્યું હશે કે બાળકો આવી વાર્તાઓમાં રસ લેતા છતાં બુદ્ધિની તર્કશક્તિમાં અથવા સૂક્ષ્મતામાં જરાએ ઘટતાં નથી. પણ વાર્તાઓ ઉલટી તેમની બુદ્ધિને તેજ કરે છે. છતાં બાળકોમાં એક એવો મંદ કલ્પનાશક્તિ-વાળો વર્ગ દેખાય છે કે જે વાર્તામાં ગપ્પો કયાં છે ને વાસ્તવિકતા કયાં છે, ને વાર્તાની મુખ્ય ગમ્મત કયાં છે તે પકડી શકતો નથી; ને વાર્તામાં આવતું બધું સાચું માનીને તરંગ ઉપર ચડે છે. આ વર્ગનાં બાળકો સમક્ષ પરીઓની વાતો જેવી તરંગી વાતો કહેવામાં આવે તો તેનો તરંગ સ્પષ્ટ કરી બતાવવો જોઇએ. પછીથી તેઓ આસ્તે આસ્તે વાર્તાની રચના સમજવા લાગે છે ને વાસ્તવિક અવાસ્તવિક વચ્ચે તફાવત પાડતાં શીખે છે. બુદ્ધિ અને કલ્પના-શક્તિમાં મંદ બાળકો પરત્વે આવું બને છે.

કેટલાંએ બાળકો બુદ્ધિપ્રધાન હોઇ તરંગી વાર્તાઓમાં ઓછો રસ લેનારાં હોય છે. તેઓને પરીઓની વાર્તા ન ગમે તેવું પણ હોય. તેમની આગળ તેવી વાર્તાઓ પરાણે કહેવાની જરૂર નથી. એમ તો બાળક બાળક પરત્વે રુચિભેદને તો અવકાશ હોય જ.

માટે તમારા બાળકને આવી વાતો ન ગમતી હોય તો ન કહેવી, ગમતી હોય ને માત્ર તેમાં તે વાસ્તવિકપણું કયાં છે ને અવાસ્તવિકતા કયાં છે તેની શોધ જ કરવા માગતું હોય તો ત્યાં તમારે તેને મદદ કરવી. તમે તેને એકાદ બે વાર કહેશો કે "એ તો વાર્તા છે" એટલે આગળ ઉપર એ પણ કહેવા લાગશેઃ "હું આ તો વાર્તા. બરેબરી વાત નહિ પણ વાર્તા."

બાળકની બુદ્ધિ અને કલ્પનાશક્તિ બરાબર સમતોલ રીતે કામ કરે છે કે નહિ એ તમારે જોતા રહેવાનું છે. કલ્પનાશક્તિના અભાવે તે આવા પ્રશ્નો કરે છે કે વિકસતી બુદ્ધિને વાપરવા માટે કરે છે તે તમારે જોતા રહેવાનું છે.

અમારે અહીં ઘણાં બાળકો આ સ્થિતિ-માંથી પસાર થઇ ગયાં છે ને તેમણે કલ્પના અને બુદ્ધિનો સમતોલ વિકાસ મેળવ્યો છે. તા.

બાલસાહિત્યના વિવિધ પ્રકારો

બાલસાહિત્ય એટલે બાળવાર્તાઓ એમ આજે થઇ પડતું જાય છે. બાલસાહિત્યનો પ્રદેશ બરેબર વિસ્તૃત છે. બાલસાહિત્યના લેખકોએ એ તરફ ધ્યાન આપવું ઘટે છે. તેમાંના થોડાએક નીચે ગણાવ્યા પ્રકારો છે.

બાળવાર્તાઓ ...	પશુપક્ષી વર્ણનો	સંવાદો	મહાપુરુષોનાં બાળપણો
બાલકાવ્યો ...	વિજ્ઞાનની વાતો	બાલનાટકો ...	વિનોદ–ગમ્મતરમ્મત
બાળલોકગીતો ...	શબ્દપોથીઓ	નાનાં પ્રવાસવર્ણનો ...	... બાલપાઠો
બાળરમતો ...	વાક્યપોથીઓ	બાલચમૂ	...
વરતોઉખાણા ...	પત્રાવલિ	મોટાં પુસ્તકોની બાલોપયોગી આવૃત્તિઓ	

સમાચાર

મુંબાઇમાં ચાલતી ફ્રેલોશીપ સ્કુલમાં મોન્ટીસોરી ક્લાસ ઉઘાડવામાં આવ્યો છે. તે વર્ગ એપ્રિલ, યૂરોપનાં બાનુ ચલવશે; તેમની સાથે બે હિંદી બ્હેનો કામ કરનારાં છે.

અમરાવતી (વરાડ) માં શ્રી. એ. એન. દેશપાંડે, તંત્રી–વરાડ શાળાપત્રક, એમણે મહારાષ્ટ્રમાં મોન્ટીસોરી પદ્ધતિનો પેગામ ફેલાવવાની શરૂઆત કરી છે. ત્યાં 'શામ્મા મોન્ટીસોરી સોસાયટી' સ્થપાઇ છે. હાલમાં " શાળાપત્રક " દ્વારા મોન્ટીમોરી પદ્ધતિનો પ્રચાર ચાલશે.

મોન્ટીસોરી પદ્ધતિના અભ્યાસ માટે મહારાષ્ટ્રના પ્રો. કર્વેના મહિલા વિદ્યાપીઠમાંથી શ્રીમતી ગંગુબાઇ પટવર્ધન લંડન ગએલાં છે. એઓ હાલમાં મોન્ટીસોરી ડિપ્લોમા માટે અભ્યાસ કરી રહ્યાં છે.

અમદાવાદના શારદામંદિરવાળા ભાઇ ભોગીલાલ હાકર પોતાના યૂરોપના પ્રવાસ દરમ્યાન મોન્ટીસોરી શાળાઓનો પ્રત્યક્ષ ખ્યાલ લેવા માટે ઇટલીમાં ખાસ ગએલા છે.

ઇટલીમાં "The Montessori Idea" "મોન્ટીસોરી સિદ્ધાંત" એ નામનું માસિક નીકળવા લાગ્યું છે. આ પત્ર લોકમાન્ય તેમજ રાજમાન્ય છે.

"મોન્ટીસોરી પદ્ધતિ" આ પુસ્તક ચાલુ માસમાં બહાર પડશે. લખો: શ્રીદક્ષિણામૂર્તિ પ્રકાશનમંદિર: ભાવનગર. કિંમત બે રૂપીઆ.

વસંત બાલશિક્ષણ અચારમાળા

આ માળા નીચેની નવ પુસ્તકોઓના એક સેટના રૂપમાં છે. (૧) સ્વતંત્ર બાલશિક્ષણ (૨) બાળકોનાં રમકડાં (૩) શિક્ષણના બ્હેમો (૪) બાલજીવનમાં ડોકીયું (૫) બાળકોનું બ્હીવું (૬) બાલમંદિરમાં (૭) બાળકોનો પહેરવેશ (૮) બાળકોનો ખોરાક (૯) બાળકોની કુટેવો

આખા સેટની કિંમત આઠ આના, પોસ્ટેજ બે આના. લખો: દ. મૂ. પ્રકાશનમંદિર–ભાવનગર.

બચપણનો બહાર

લેખક: એક મમા

આ પુસ્તક દરેક માતપિતાએ વાંચવા જેવું છે. એ અનુભવ ઉપર લખેલું છે. કોઇ કોઇ સ્થળે વિચારદોષ કે સંકુચિતતા છે પણ તે ધ્યાન પર ચડે તેમ છે.

રોજનિશી રાખો

બાળકોના અભ્યાસનો શોખ હોય તો એમાં બાળક સંબંધે જે લખવાનું આવે તે લખો. સાંજે સવારે અરધો અરધો કલાક જોશે, પણ માબાપનો એ અરધો કલાક અતિ આનંદનો જશે. પોતાનાં બચ્ચાં વિષે વિચારવાનું ને નોંધવાનું માબાપને પ્રિય જ હોય. નોંધપોથીમાંથી તમે ઘણું શીખશો. બાળઉછેરની ઘણી મુંઝવણ એથી પણ દૂર થશે.

ગ્રાહકોને

પત્ર વ્યવહાર કરતી વખતે પત્રિકાના રેપર ઉપર લખાતો આપનો ગ્રાહક નંબર જરૂર લખો.

પત્રિકા દર માસની શુદ ૧ મે રવાના થાય છે. આઠ દિવસની અંદર ન મળે તો તુરત જ લખો. મોડી મોડી ફરીયાદો તકલીફ આપે છે.

જેઓનું લવાજમ બાકી રહેતું હોય તેઓ તે અવશ્ય મોકલી આપે.

વાર્ષિક લવાજમ રૂા. એક. લખો: તંત્રી, શિક્ષણ પત્રિકા: દ. મૂ. બાલમંદિર, ભાવનગર
શ્રી 'સરસ્વતી' છાપખાનું, અજીજ બિલ્ડીંગમાં પારી. ભીખાભાઇ ગોપાળજીએ છાપી.

શિક્ષણ પત્રિકા

(મૉંટીસોરી સંઘ)

વર્ષ ૨ જું
૧૯૮૩

અંક ૭ મો
ભાદ્રપદ

: તંત્રી :
ગિજુભાઇ
તારાબેન

નિશ્ચય

માત્ર વાતો કરવાથી આપણે કશું ન કરી શકીએ: વાતો, વિચારોની આપ લે માટે હોઇ શકે. પણ પછી તો માણસે નિશ્ચય પર આવવું જોઇએ. જે માણસ નિશ્ચય જ કરી શકતો નથી તે ત્રિશંકુની જેમ અદ્ધર છે. નથી તે આગળ વધતો, નથી તે પાછળ હઠતો. તેની પ્રગતિ અટકી ગઇ છે. આખરે મનુષ્યે નિશ્ચય કર્યે જ છૂટકો છે. નિશ્ચય કરવામાં જેટલું મોંડું થાય, આખરે તેટલું નુકસાન છે. અનિશ્ચિતતાની સ્થિતિ દુઃખદ ને ભયંકર છે. અનિશ્ચિતતામાં મનુષ્ય નિષ્ક્રિય અને નિરુત્સાહ રહે છે. અનિશ્ચિતતામાં મનુષ્ય શંકિત અને ભયભીત રહે છે. અનિશ્ચિતતા મનુષ્યને છેક પામર અને વખતે પાગલ કરી નાખે છે. મનુષ્યે જીવનની દરેક પ્રવૃત્તિમાં સારાસારનો વિચાર કરી તુર્ત જ નિશ્ચય પર આવવું જોઇએ.

એમ નહિ તો મધદરિયાના વહાણની જેવી તેની સ્થિતિ તેને ડૂબાડશે અથવા સામે રસ્તો છતાં તેને ત્યાં ને ત્યાં જ રાખશે. નિશ્ચય કરવામાં જે જોઇએ તે–હિંમત, સાહસ, દૂરંદેશીપણું, ધર્માધર્મ, વિવેક–બધું એકત્ર કરીએ પણ આખરે નિશ્ચય તો કરીએ જ.

આ નિશ્ચય શિક્ષક થવા માટે હોય કે યુદ્ધમાં જવા માટે હોય, સંસાર રચવા માટે હોય કે વનવાસી થવા માટે હોય; ગમે તે માટે હોય. તે કરીએ તો જ ખરા. ને તે સત્વર જ.

ક્યાંથી આવી હશે

ગુલાબના છોડ ઉપર ત્રણ ગુલાબ ઉઘડ્યાં હતાં; એક મોટું અને બે નાનાં. સુંદર દેખાતા હતાં. બે બાળકો આવ્યા ને મારી પાસે ઉભાં રહ્યાં. મને હોંશ થઇ ને ગુલાબ તોડીને આપવા માટે હાથ લાંબો કર્યો.

એકે કહ્યું: "એ રહેવા દો રહેવા દો, એમ ને એમ એ બહુ સુંદર લાગે છે."

પણ એટલામાં તો મેં બે નાનાં ગુલાબ તોડી લીધાં. બાળકે કહ્યું: "હવે આ ત્રીજું ન તોડતા. એ સુંદર લાગે છે."

બાળકો બે ફુલો લઇને ગયાં. હું વિચાર કરવા લાગ્યો: "બાળકમાં સૌંદર્યદૃષ્ટિ ક્યાંથી આવી હશે?"

બન્ને બાળકો બાલમંદિરમાં આવે છે. બધાં બાળકોને ફુલો સંબંધે સરખી દૃષ્ટિ આપવામાં આવે છે. બધાંને કહેવામાં આવે છે કે બાગનાં ફુલો તોડાય નહિ પણ સુંઘાય અને જોવાય. બધાને કહેવામાં આવે છે કે તોડીએ તો તે કરમાઇ જાય ને એમ ને એમ રાખીએ તો એવાં ને એવાં રહે ને બાગ ભર્યો ને ખીલેલો લાગે. છતાં કેટલાંક તો ફુલોને ઉધાડી રીતે તોડે જ છે. આ બાળકો મારો કહેવાનો અર્થ સમજેલાં નથી હોતાં. બીજાં કેટલાંએક તોડે છે પણ તેઓ જરા છાની રીતે. મારો નકાર એક બાજુ છે, તેમને તોડવાનું મન બીજી બાજુ છે. મારી વાતે તેમની સૌંદર્યદૃષ્ટિ ઉઘાડી ન હોય અગર સૌંદર્યવિલોકનના આનંદ કરતાં સૌંદર્યના ઉપભોગનો આનંદ તેમનામાં વધારે હોય. કેટલાંએક બાળકોને મેં બાગમાં ફરતાં અને ફુલે ફુલે નાક અડાડતાં જોયાં છે. તેઓ બધાં ફુલોને રોજ ને રોજ જોઈ જોઇને સુંઘે છે. તેઓ મારા નકારને માન આપે છે અગર તો તેમની આગળ સુંદરતાની દૃષ્ટિ આવી હોય તેમ લાગે છે. કારણ કે તેઓને ફુલો તોડીને આપીએ તો ખુશી થાય. તેમને બાગનાં ફુલો તોડવાનું કહેવામા આવે તો બધાં ફુલો તોડી લે ખરાં! બાગને માટે એક પણ ફુલ ન રાખે.

કોઇ બાળક બાગનું ફુલ તોડે છે તો બીજું બાળક મારી પાસે વાત લાવે છે: "આણે ફુલ તોડ્યું." કોઇ બાળક બીજાને ફુલ તોડતું જોઇ તેને કહે છે કે "બાગનુ ફુલ ન તોડીએ. જીજુભાઈએ કીધું છે કે ત્યાં રહેવા દેવું. એમ રાખીને સુધરું."

પણ કોઇ મોટું માણસ ફુલ તોડે તે વખતે બાળકને મેં કહેતાં સાંભળ્યું ન હતુ કે "અરે, રહેવા દો. એ સુદર લાગે છે. એમ ને એમ રહેવા દો." આ મારો પહેલો અનુભવ અને તેથી હું વિચાર કરું છું કે બધાં બાળકોને સરખું વાતાવરણ અને સરખી સૂચના મળી છે છતાં આમ કેમ?

કારણ આમ લાગે છે. વાતાવરણ સૂર્યના પ્રકાશ જેમ સર્વત્ર છે; સર્વને સ્પર્શે છે. પરન્તુ કાચમાં સૂર્યનું પ્રતિબિમ્બ સ્વચ્છ પડે છે જ્યારે ઠીકરામાં નથી પડતું, અને ધાતુના વાસણમાં અસ્પષ્ટ પડે છે. તેમજ વાતાવરણ કોઇને સ્પર્શે છે, કોઇને અડે છે ને કોઇનામાં ઉંડે ઉતરી તેને હલાવે છે. મૂળ શક્તિ વાતાવરણમાં નથી પણ તેને ગ્રહણ-ધારણ કરનારમાં છે. આ ગ્રહણ ધારણ કરનારાંઓમાં કોઇ ધાતુ રૂપ, કોઇ ઠીકરા રૂપ અને કોઇ કાચ તો કોઇ હીરા રૂપ હોય છે; ને તે પ્રમાણે તેઓ ઉપર અસર થાય છે. વાતાવરણ મૂળ કિંમત આપતું નથી તેમ તેમાં વધારો કરતું નથી; પરન્તુ મૂળ કિંમતને બહાર આણે છે, તેનો આંક બાંધી આપે છે, તેને પાસા પાડી ઓપ આપે છે ને તેને વધારે ગણી થવા અવકાશ આપે છે. મૂળ શક્તિને જીવવાની–ખીલવાની અનુકૂળતા આપે છે. બાગ અને મારી સૂચના વાતાવરણ રૂપ છે. એમાં સૌન્દર્યપ્રિય આત્માથી

માંડી સૌન્દર્યઅંધ આત્માઓનાં દર્શન થઇ શકે છે; ને એ રીતે આજે મેં સૌન્દર્યપ્રેમી બાળકનું દર્શન કર્યું. એ બાળક સૌન્દર્યપ્રેમી કેમ છે તે જાણવા માટે તો આપણે તેના ઘરમાં જવું જોઈએ, તેના સહવાસમાં જવું જોઇએ, તેના માતપિતાનાં સર્વદેશી જીવનમાં જવું જોઇએ. પરન્તુ તે પણ એક વાતાવરણ છે એમ જ લઇએ, ને એમ જ લાગે છે તો તો બાળકની મૂળ મૂડી—તેના બીજમાં જવું જોઇએ. એ બીજ કયા પ્રકારનું છે ને કઇ કક્ષાનું છે; મૂડી કેટલી છે ને કેવી છે તેની શોધ માટે નીકળવું જોઇએ. આ શોધ એટલે તો આપણા પોતાના જ આત્મજ્ઞાનની શોધ. આ શોધ એટલે તો 'ક્યાંથી, ક્યાં અને કેમ' ની શોધ. પણ શિક્ષકે—બાળકના જીવનના દ્રષ્ટા અને નેતાઓએ તો આ શોધ કર્યે જ છૂટકો. ત્યાં સુધી તેઓ અધૂરા અને અતૃપ્ત જ રહેવાના. **ગિ.**

બધું આપી દે છે

એક માતા મારી પાસે ફરિયાદ કરતી હતી: "મારો છોકરો એવો છે કે એ કાંઈ સમજતો જ નથી. કોઇ માણસ કે બાળક એને બહુ ગમે છે તો એને બધું આપી દે છે. ઘરમાંથી ગમે તે ઉપાડીને આપતાં એ અટકતો નથી. મારે એને એ બાબતમાં શીખામણ આપવી પડે છે ને કોઇ કોઇ વાર વઢવું યે પડે છે."

મેં કહ્યું: "બેન, તમારાં તો ધન્યભાગ્ય કે તમારો છોકરો એવો પ્રેમી છે. સ્નેહના ઉભરામાં પોતાની વ્હાલી વસ્તુઓ આપી દે એવું જોવા મળે તેની તો ધન્ય ક્ષણ ગણાય! બરેબર કોઇ માતાને જો એવો અનુભવ ન જ થાય તો નક્કી તેના કે બાળકના મનુષ્યત્વમાં ઘણી જ ખામી રહી ગઇ છે એમ જ સમજવું જોઇએ.

મનુષ્યના હાર્દિક વિકાસના—લાગણીઓ કે સ્નેહવિકાસના—આ પ્રથમ દર્શનથી આપણને આનંદના ઉભરા આવવા જોઇએ. સ્નેહ જાગૃત થતાં તે પ્રથમ અર્પણ માગે છે. બાળકમાં સ્નેહ જન્મે છે તેની સાથે તે કુદરતી રીતે અર્પણ કરવા નીકળે છે. એમ કરવામાં બાળક પશુ મટી મનુષ્ય થવા લાગે છે. પોતાનું કોઇ પણ આપી દેવું—રાજી ખુશીથી આપી દેવું—આનંદના આવેગથી આપી દેવું—સ્નેહની ખાતર આપી દેવું—આપીને સુખી થવું એ એક વખત કુદરતી હોય છે. વિકાસના જેટલું જ સહજ હોય છે. તે વૃત્તિ અવિકસિત અથવા કુવિકસિત જગતની શીખામણથી દબાઇ જાય છે, વખતે ગુંગળાઇને મરી પણ જાય છે.

બાળક આપી દે તે સારું એ વાત તત્ત્વથી સ્વીકારીએ તો પણ વ્યવહારમાં તે ઘણી વાર અસગવડભર્યું નીવડે છે. એનું કારણ બાળક પાસે લાગણીનો આવેશ હોય છે પણ તોલન હોતું નથી, વિવેક હોતો નથી, બહોળું જ્ઞાન પણ હોતું નથી, આગળ પાછળનો વિચાર કરવાની શક્તિ પણ હોતી નથી. માટે આપી દેવાની વૃત્તિ કેવળ વિવેકમર્યાદા વગર વિકસવા દેવી, માબાપોને હમેશને માટે પાલવે એમ નથી. એટલું જ નહિ પણ તેથી બાળકમાં સાચી અર્પણશક્તિ આવે નહિ, કારણ કે વિવેક ને તોલન વગર અર્પણ નકામું નીવડે છે. ગરદન કાપી આપવાની શક્તિ હોય તે જરૂરનું છે પણ શેની પાછળ કાપી આપવી તે નક્કી કરવાની તાકાત પણ

આપનારમાં હોવી જોઇએ. માટે બાળકની આ વૃત્તિ દબાવવી નહિ, અટકાવવી નહિ, વખોડવી નહિ; બાળકને ડુંકી વ્યવહારકુશલતાની શીખામણો આપી તેને ઉત્તમ ને પૂર્ણ મનુષ્ય થવાની અશક્યતા ઉભી કરવી નહિ, પરંતુ તેને તોલન ને વિવેક મળે એવા ગોઠવણ પણ જરૂર કરવી જોઇએ.

બાળકની વસ્તુઓ જૂદી પાડીને તેની પાસે રાખવા આપીએ ને પછી તે વસ્તુ પરત્વે આપી દેવાના અખતરા કરવાની તેને છૂટ આપીએ તો બાળક કાંઇક વિવેક કેળવે છે. તેની નાની બાટલીઓ, તેના કાચના ટુકડા, તેનાં મોતી, તેની સીસોટી, વગેરે તે રાખે ને મિત્રોને આપી દે, અદલાબદલા કરે, વાપરવા આપે વગેરે વ્યવહાર બાળકને સ્નેહવિકાસ સાથે યોગ્ય ડહાપણ આપે છે. ભોળા થઇને કોઇને ડાંઇ આપી દેવું એ સાચું અર્પણ નથી. કોઇ ચડાવીને કે ફોસલાવીને પડાવી લે તો તેમાં પણ સાચું અર્પણ થતું નથી. ક્રિત ઉપર કોકથી નહિ પણ કૃતિ ઉપરના કોઇ છેતરીને લઇ લે એમાં પણ અર્પણ નથી. બાળક આસ્તે આસ્તે એ બધું જાણવા લાગે છે. કોઇ વખતે આપીને પસ્તાય છે. કોઇ વાર ન આપી શકયું એ માટે પસ્તાય છે. કોઇ વાર આપવું કે નહિ તે વિચારવા બેસી જાય છે તો કોઇ વાર લાગણીના આવેશમાં સમર્પી દે છે, ને એમ કરતાં કરતાં તોલન ને વિવેક શીખે છે.

પેલી માતાને જેમ શીખામણ દેવી જરૂરની લાગે તેમ ઘણી જ માતાઓ મને લાગે છે કે શીખામણ દેતી જ હશે, ને તેમને શીખામણ દેવી જ યોગ્ય જણાતી હશે. આજનો આપણો સામાજીક વ્યવહાર બહુ જ સાંકડો ને સ્વાર્થી થઇ ગયો છે. આવી પરિસ્થિતિમાં મને લાગે છે "ન દેવાની" શીખામણ આપવાની તો જરૂર જ નથી. શીખામણ દેવી જ હોય તો શીખામણના રૂપમાં નહિ પણ ભલામણ કે શિફારસના રૂપમાં 'આપી દેવાનું' સૂચવવામાં આવે તો વધારે જરૂરનું છે. કેમકે સ્નેહ અને અર્પણ આદિ લાગણીઓ ઉત્પન્ન થાય તે પહેલાં જ "આ મારૂં છે" "પોતાનું હોય તે કોઇને ન દેવાય" "બીજાનું લેવા મળે તો લેવાય. પોતાનું ન દેવાય" વગેરે જાતની છાપ બાળક એકંદર ઘરના ને આડોશીપાડોશીના વ્યવહારમાંથી લે છે. તેના મારણ તરીકે તેથી વિરુદ્ધ વાતાવરણ આપણે આપણા પોતાના વર્તનથી, પોતાના વાણીવ્યવહારથી, વ્યક્તિ ઉપર કોકથી નહિ પણ કૃતિ ઉપરના અભિપ્રાયો વગેરેથી ઉત્પન્ન કરવું જોઇએ. તેમ જ બાળક સ્વેચ્છાથી જ્યારે આપી દેવા નીકળે ત્યારે જો કે આપણને તે જરા અયોગ્ય લાગે તો પણ તેને રોકવું તો નહિ જ. કેમકે ઉપર કહ્યું તેમ યોગ્યાયોગ્યતાનો ઝીણો ખ્યાલ આસ્તે આસ્તે અનુભવથી આવે છે. મૂળમાં આવેશ હોય, પ્રવાહ હોય તો તેને યોગ્ય દિશામાં વાળી શકાય. પણ તે જ ચાલ્યો જાય તો માત્ર વિવેક શું કરે?

આ સ્થળે સંસ્કારિતાની કેળવણી તરીકે પરોણે બાળક પાસે અપાવાય છે તે વિષે

જરા નવરાશ લઇને

બાળકોના નખ જૂઓ.
વધેલા છે? મેલભર્યા છે?

બાળકોની આંખો જૂઓ.
ચીપડાભરી છે? સાવાવાળી છે!

બાળકોના દાંત જૂઓ.
છારી વળેલા છે? સડેલા છે?

ઉલ્લેખ કરી લઈએ. બાળકને જોઈતી વસ્તુ તે સાચવીને રાખતું હોય તે પરાણે અપાવવાથી તેનામાં અર્પણશક્તિ આવતી નથી. ઉલટી તે વસ્તુ પ્રત્યે વિશેષ ઝંખના રહેવાનો સંભવ છે. માટે ભલે ચાર લોકો વચ્ચે આપણું બાળક લોભી દેખાય પણ પરાણે સ્વાર્થત્યાગ કરાવવાનો અત્યાચાર તો તેના ઉપર ન જ કરવો.

અર્પણ કરવાની વૃત્તિ સ્નેહમાંથી જન્મે છે. માટે બાળકોને સ્નેહ કેળવવાની તકો આપીએ ને તેમની વસ્તુ આપી દેવાની છૂટ હોય એટલે એની મેળે જ બાળકોને આપી દેવાનું મન થઈ આવે છે; ને તે જ જરૂરનું છે.

સદ્‌ગુણો કે સદ્‌વૃત્તિઓ બહારથી ચોંટાડી ચોટતી નથી. થોડો વખત કે ઘણો વખત એ બધું ઉપરના વસ્ત્ર તરીકે માણસ સાથે રહે તો પણ તે માણસના અંદરના વિકાસને કશી મદદ કરતું નથી, ઉલટી હાનિ જ કરે છે. અંદરના વિકસતા પ્રાણને ઉલટાં ગુંગળાવે છે તે વાત આપણે કદિ ભૂલવી ન જોઈએ. તા.

લાગી જાત

હું એક મિત્રને ત્યાં બેઠો હતો. નાના બાળકનું ઉપરાણું લેતાં એમનાં માતુશ્રી અમારી પાસે આવ્યાં ને કહ્યું: "આ બોલ્યા લખુને ધમકાવજો. આપણી નાનીને એવી રીતે દોડાવી કે એ પડી જાત ને એને લાગત."

મિત્ર સમજુ હતા. માતુશ્રીના ક્રોધને જોઈ લીધો. નાનીની આંખમાંનો ફરીઆદનો જુસ્સો પણ જોઈ લીધો, ને ધીરેથી હસીને કહ્યું: "પણ લાગ્યું તો નથી ના? બસ પત્યું?" માતુશ્રી ચીડાયાં: "પણ લાગી જાત તો? હાથ પગ ભાંગત ના? આપણે એ ન ચાલે. લખુ લાડકો હોય તો એના ઘરનો."

મિત્રે વળી હસીને કહ્યું: "પણ લાગ્યું તો નથી ના? લાગત તેનું શું?" માતુશ્રી વધારે ચીડાયાં ને બબડતાં ચાલ્યાં ગયાં: "આવવા દે લખુડાને કાલે અહીંઆ. હું જ એને ધધડાવીશ."

મારા મિત્રનું વર્તન યોગ્ય હતું: એમ જ જોઈએ. પણ આપણે બધાં ઉલટી રીતે જ વર્તીએ છીએ. "કલ્યાણ આમ થઈ જાત" તે ઉપર લડવું વઢવું એ કેટલું મૂર્ખાઈ ભરેલું છે એ પણ આપણને સ્પષ્ટ નથી. બે બાળકો વચ્ચે આવા કોઈ પ્રસંગો બને છે કે તુરત જ આપણે "આમ થાત, આમ થાત, આમ થાત" એમ કહીને પોકાર કરી ઉઠીએ છીએ, બળાપો કરીએ છીએ ને પરસ્પર વચ્ચે કલહનું બીજ રોપીએ છીએ. ને બરોબર આવાં નજીવાં કારણો માટે જ ઘણાં પાડોશીઓ લડતાં જોવામાં આવે છે.

આ જાતની ટેવ આપણી વસ્તુ પરત્વે જોવાની દૃષ્ટિમાં જે ફરક છે તેનું ફળ છે. આપણે મોટાંઓ જીવનમાં "આમ થાય તો? આમ થાય તો? અરે, આમ થઈ જાય, આમ થઈ જાય" વગેરેની કલ્પના કરીને હસકો ઉઠીએ છીએ; ને બરોબર વાસ્તવિક દુઃખ નથી હોતું ત્યાં દુઃખ અનુભવીએ છીએ. એમાંથી આપણે "આમ થાત" નો ભય લીધો છે. એ હમેશની પ્રકૃતિ કજીયાનું કારણ છે. પણ જો આપણામાં ચોકખી બુદ્ધિથી જોવાનું ડહાપણ હોય તો આપણે એમ વિચારીએ કે "આમ ન થયું તે જ સારું થયું. લાગ્યું નહિ તે જ ફાયદો થયો. દીવાસળી સળગી પણ આગ ન થઈ એ જ

મોટો લાભ થયો. ભૂલથી છરી પર પગ આવ્યો પણ લાગી નહિ એ જ મોટું હાંસલ થયું. ઘા લાગ્યો નહિ ને બાજુ પર પડ્યો એ જ લાભમાં લેખું."

બે બાજુમાંથી આપણે સારી બાજુ-સવળી બાજુ જોઇએ તો સુખી થઇએ. બાળકોના ઉપરાણાં લઇ "આમ થાત" કહીને લડવા ન જઇએ.

બેશક આનો અર્થ એમ નથી કે ગમે તેમ થવા દેવા માટે આપણે બેદરકાર રહેવું અથવા થવાનો સંભવ હોય ત્યાં દૂરંદેશી ન વાપરવી. વાત 'થવા દેવા'ની નથી. થયા પછી યોગ્ય ઉપાય તો લેવો જ જોઇએ. થઇ ન બેસે તેની ચિંતા-કાળજી રાખવી જોઇએ. પણ થયું ન હોય છતાં થાત તેનો ભય અને ચિંતા કરીને ન તો આપણે દુઃખી થવું અથવા બાળકો કે માબાપો સાથે લડવું.

ગિ.

સરસ ઉકેલ

વિનુ: "રતુ, મારે વાંચવું છે. દાંડીયા પછાડીને ખખડાટ ન કર."

રતુ: "પણ મારે રમવું છે. દાંડીયારાસ લેવા છે."

વિનુ: "પણે આઘેા જઇને રમ. મને ગડબડ થાય છે."

રતુ ત્યાં ને ત્યાં જ વગાડવા લાગ્યેા. વિનુએ દાંડીયા લઇને ફેંકી દીધા. રતુ ભોંયે પડી રડવા લાગ્યેા. બન્નેની માતાઓ દૂરથી જોઈ રહી.

વિનુની બા: "વિનુએ આઘે જઇને વાંચવું ન જોઇએ? ત્યાં જ શું કામ બેસવું? નકામેા રતુને રડાવ્યેા."

રતુની બા: "પણ રતુએ ત્યારે આઘે જઇને ન વગાડાય? વિનુ વાંચે ત્યાં જ શું કામ રમવું જોઇએ?"

વિનુની બા: "પણ વિનુ જરાક આઘે ગયેા હોત તેા રતુને રડવું ન પડત."

રતુની બા: "પણ રડ્યો તે આંસુ શું સેાનાનાં ખર્યાં? એણેયે સમજવું જોઇએના કે કોઈ કામ કરે ત્યાં બડબડ ન થાય?"

માતાઓ આવી સુંદર સમજણ દાખવી રહી હતી એટલામાં બાળકો રમતાં રમતાં આવ્યાં ને કહે: "જમવાનું આપેા."

વઢવાડ એની મેળે પતી ગઇ હતી.

બન્ને બાળકો આડોશીપાડોશી હતાં. બન્ને માતાઓ ગોઠણેા હતી.

કેવેા સરસ સંપ અને કેવેા સરસ ઉકેલ!

ગિ.

ઠીક લ્યેા ત્યારે

"બાપા, મારે તમારી હારે આવવું છે."

"ના ભાઇ, ત્યાં તારું કામ નથી."

"એં એં એ. અમને લઇ જાઓ."

"પણ તું અહીં રહેને. જો હું તારે માટે ટીકડી લાવીશ."

"ના અમારે તેા તમારી હારે આવવું છે."

"ઠીક લ્યેા ત્યારે. અરધેથી પાછા આવજો."

બાપ બેટેા આગળ ચાલ્યા.

"બાપા, મને તેડોને. હું થાકી ગયેા."

"ના ભાઇ, હું તેડવાનેા નથી."

"એં એં એ. મને તેડો, મને તેડો."

"જો તારે આવવું હોય તો ચાલ, નીકર પાછો જા."

"ઓં એં એ. મને તેડો. મારા પગ દુઃખે છે."

"ઠીક લ્યો ત્યારે. થોડીક વાર તેડીશ."

'આ ડીક લ્યો' એ આપણા અવિચાર અને નબળાઇ છે. બાળક આવા માબાપ પાસે લાધ્યું ભાળે છે. તે આપણી નબળાઈ જાણ્યા પછી તેનો લાભ ઉઠાવે છે. માટે આપણે પ્રથમથી જ વિચારીને હા કે ના પાડીએ ને તેને દૃઢતાથી વળગી રહીએ. ભલે બાળક રડે કે ઉંધુ પડી જાય પણ તે એક જ વાર બનશે. ગિ.

ઘરમાં મોન્ટીસોરી

સ્વાધીનતાને મદદ

બાળકને વહેલી તકે પોતાની મેળે કપડાં ઉતારતું તેમજ પહેરતું કરી દેવું જોઇએ. તે માટે પ્રથમ તો કપડાંનાં બુતાન કે નાડી આગળ રાખવી જોઇએ, તેમજ બુતાન બીડવાં ઉઘાડવાં ફાવે એટલાં મોટાં રાખવાં ને નાડી પણ બહુ જાડી નહિ બહુ બારીક નહિ એવી, ને બાંધવા છોડવા ઠીક પડે એટલી લાંબી રાખવી.

બાળક બે અઢી વરસનું થાય ત્યારે તેને કોઈ વાર વખત જોઇ બુતાન બીડવાની કે ઉઘાડવાની ક્રિયા આસ્તેથી બતાવવી. આંગળીની દરેક ક્રિયા સ્પષ્ટ ને ધીમે ધીમે તેમજ બાળકનું ધ્યાન ખેંચાય એવી રીતે ચીપીને કરવી. બુતાનનું આવડ્યા પછી નાડી બાંધવાનું બતાવવું. બધું એકી સાથે બતાવવાથી આવડે નહિ.

બાળક બધું એક સાથે ગ્રહણ કરતું નથી એમ લાગે તો કટકે કટકે બતાવવું. જેમકે બુતાન બીડવામાં બાળક માત્ર ગાજમાં બુતાન ભરાવે ને બીજી બાજુથી આપણે ખેંચી લઇએ. નાડી બાંધવામાં પ્રથમ માત્ર નાડી ખેંચીને કેમ છોડવી, પછી પહેલી ગાંઠ કેમ વાળવી, પછી નીરગાંઠ કેમ દેવી ને પછી શરગાંઠ કેમ દેવી એમ બતાવી શકીએ.

બને તો મોન્ટીસોરી પદ્ધતિમાં વપરાતી બુતાન ને નાડીની ફ્રેમો મંગાવી તેના ઉપર એ બધું બતાવવું.

બતાવ્યા પછી બાળકને જાતે મહેનત કરી કાંઇ મેળવવા દૂઠું મૂકી દેવું.

બીજે દિવસે ફરીથી આપણે બતાવવું, તેને આવડે ત્યાં સુધી રોજ એકાદ વાર કરી બતાવવું.

બાળક પાસેથી પરાણે કરાવવું નહિ.

"તને કેમ નથી આવડતું?" કે "આવડવું જોઇએ" વગેરે કહેવું નહિ.

બાળક એ ક્રિયા એક રમત તરીકે શીખે એ જરૂરનું છે.

બાળક ઝટ શીખી જાય એવો લોભ કે ઉતાવળ જરાએ રાખવી નહિ. એને સ્વાધીનતાને રસ્તે દોર્યા પછી આસ્તે આસ્તે તે રસ્તે પોતાને યોગ્ય વખતે ચડશે.

ચાલાક બાળકો અઢી ત્રણ વરસેએ ક્રિયા શીખી લે છે, જ્યારે કેટલાંએક વધારે વખત લે છે. સામાન્યતઃ સાડા ત્રણ ચાર વરસે બાળક આ બધી બાબતમાં પૂરેપૂરું સ્વાધીન થઇ જવું જોઇએ. તા.

સુમતિબેન

સુમતિબેનને રોગી નીરખ્યાં. બાલમંદિરમાં આવતા અટકયા. મને ઝબકવા લાગ્યા. એમના પિતા ડૉ. કાન્તિશંકરે મને બોલાવ્યો.

મને જોઈ સુમતિબેન ખુશી થયાં. ટીકી ટીકીને મારી સામે જોઈ રહ્યાં. આંખ ભીની થઈ ગઈ. એક રેલો જમ્યા નીચે જવા લાગ્યો.

ડૉ. કાન્તિશંકરે મને કહ્યું: "જરા ચહા લેશો?"

"ના, મેં લીધી છે હવે જરૂર નથી."

"લ્યોને, હમણા થાય છે."

"ના જરૂર નથી."

સુમતિબેને લાગણીથી કહ્યું: "અરધો પ્યાલો લેશો? થોડીક લેવી જોઈએ."

મેં કહ્યું: "ઠીક, લઈશ. બેટો છું."

સુમતિબેન સાથે વાતો કરવા લાગ્યો. ધીરજ આપી. "પાકાં થોડા દિવસમાં સાજાં થઈને આવી જશો. કાંઈ પાછળ રહી જવાપણું નથી. જ્યાંથી તમે અટકયાં છો ત્યાંથી આગળ ચાલજો. જે જોઈએ તે વાંચવાનું મંગાવી લેજો."

ચહાની વાર થઈ.

સુમતિબેને ઝૂમ પાડી: "હવે થઈ હોય તો લાવોને."

ચહા પીતાં વાતચીત ચાલી.

ડૉ: "અમને તો બાલમંદિરનો બહુ ફાયદો થયો છે. છોકરીની તબિયત તો ખૂબ સુંદર થઈ છે. એ તો જાણે ઠીક; પણ બાલમંદિરનાં બાળકોમાં સમજણ ભારે આવે છે. સુમતિ તો એની માને રસ્તે દોરે છે. અમારે તો ઘર સુધરી ગયું. એની આમાં ઘણો ફેર-ચાર થઈ ગયો." વગેરે.

મેં શાન્તિથી બધી વાત સાંભળી. મને થયું: "શું ડૉ. કાન્તિશંકર કહે છે તેવી સરસ અસર સુમતિબેન ઉપર થઈ હશે? અથવા આ એમનો વિવેક હશે?"

પણ ડૉક્ટર કાન્તિશંકર હમેશ ગંભીર અને સાચકલા છે; હું તેમનું કહેવું અન્યથા કેમ માનું?

સુમતિબેનની રજા લઈ નીચે ઉતર્યો. પગથિયા ઉપર ઉભા ઉભા સુમતિના અભ્યાસ વિષે વાતચીત થઈ.

ડૉ. કાન્તિશંકરે કહ્યું: 'સુમતિને મોટો લાભ તો એ થયો છે કે તે ત્યાં આવી ત્યારથી જૂઠું તો બોલતી જ નથી. સુમતિ કદિ કશું ન ભણતી હોત તો પણ મારે મન આ લાભ ઘણો મોટો છે."

હું ચાલી નીકળ્યો પણ મારા મનમાં વિચારો ઘોળાયા: "શું સુમતિબેનને બાલમંદિરમાંથી સત્ય બોલવાની પ્રકૃતિ પડી? હું બાલમંદિરમાં સાચું બોલવાનો બોધ તો નથી આપતો. પણ હા એ ખરૂ છે કે ત્યાં જૂઠું બોલવાના પ્રસંગો નથી પડતા, કારણ કે ત્યાં ભયનું વાતાવરણ નથી. અસત્ય ભયમાંથી ઉગે છે ને વધે છે. પણ આનો જશ એકલા બાલમંદિરને ન મળી શકે. ડૉ. કાન્તિશંકરના ઘરનું વાતાવરણ પણ સત્યકથનને અનુકૂળ હોવું જ જોઈએ. ઘરમાં સત્યપ્રિયતા હોય, બાળક તરફ માન અને તેમાં વિશ્વાસ હોય અને આજુબાજુનું વાતાવરણ સ્વચ્છ હોય તો જ બાલમંદિરનું વાતાવરણ ફળદ્રુપ નીવડે. એકલી શાળા શું કરી શકે? જો મને ડૉ. કાન્તિશંકર ધન્યવાદ આપતા, હોય તો જરૂર મારે પણ એમને ધન્યવાદ આપવા જોઈએ, કારણ કે મને તેમણે સફળતા આપી છે."

આવા વિચારો કરતો કરતો હું ઘેર આવ્યો.

ચિ.

સ્વાતંત્ર્ય અને બંધન

સ્વાતંત્ર્ય મનુષ્યનો શ્વાસોચ્છ્વાસ છે. મનુજનું તેજ કહો, મહાનુભાવપણું કહો, મહત્તા કહો, દેવપણું કહોઃ જે કહો તે એક સાચું સ્વાતંત્ર્ય છે. સ્વાતંત્ર્ય એટલે પરાધીનતામાંથી મુક્તિ. સ્વાતંત્ર્ય એટલે સ્વામીત્વ, સ્વાધીનતા.

ખરો સ્વતંત્ર મનુષ્ય જ સાચો શહેરી, સાચો દેશજન, સાચો પિતા, સાચો પુત્ર, સાચો પતિ અને સાચી પત્ની થઈ શકે છે. જેની ખાતર હું સ્વાધીનતા ખોઉં તેનું અને મારું ઉભયનું હું અહિત કરું છું; બન્નેનું હું પતન કરું છું. મારા સ્વાતંત્ર્યમાં જે આડે આવે તેને હું વિકાસ-વિરોધક કહું. તેને મારા માર્ગમાંથી હટાવી દઉં. ન તેનાથી શરમાઉં; ન તેનું હું ખોટું માન રાખું. ન તેની પ્રતિષ્ઠાની પરવા કરું. એમ કરતાં હું ગમે તેનું બલિદાન આપું. સ્વાતંત્ર્ય મારો જીવનમંત્ર હોય. એક વાર હું સ્વાતંત્ર્ય મેળવી શકીશ તો હું મોક્ષ પણ મેળવીશ. સ્વાતંત્ર્ય મળશે તો હું યશ, પ્રેમ, પ્રભુતા અને પ્રભુ પણ મેળવીશ. પણ હું મેળવીશ એટલે શું ? મને મળશે એટલે શું ? શું સ્વાતંત્ર્ય બહારથી આવે છે ? પક્ષીને સ્વાતંત્ર્ય કોણ આપે છે ? તે પોતાની પાંખે ઉડે છે એટલે તે સ્વતંત્ર છે. મારું મન અંદરથી મોકળું થયું એટલે તે સ્વતંત્ર થયું. પક્ષી ઝાડ ઉપર વિશ્રામ લે, હવામાં ઉડતું ઉડતું આરામ લે, પૃથ્વીનો આધાર લે પણ તે ઉડે તો પોતાની જ પાંખ ઉપર. એમ હું મારું મન સ્વતંત્ર ભાળું. મન જ એક બાંધનાર અને છોડનાર છે. વાસના મને બાંધે છે ને છોડે છે. મારી મુક્તિ મારામાં છે. મને માન્યું કે પોતે સ્વતંત્ર છે એટલે હજારો બંધનો તેને સ્વાતંત્ર્ય પોષક છે; તેને થયું કે હું બંધનયુક્ત છું એટલે એક સુતરનો તાંતણો પણ તેને બેડી રૂપ લાગે છે. 'મનમેં બંધન, મનમેં અબંધન.' ખરી રીતે આપણને બાંધી કોણ શકે ? આપણે જ બંધાણા તો બંધન શેનું ? આપણે ન બંધાણા તો અબંધન જ છે. જો માતાને પુત્રપ્રેમનું બંધન નથી તો માતા મુક્તિને માર્ગે છે. માતાનો પ્રેમ બંધન નથી પણ સ્વભાવ છે સ્વભાવમાં વિકૃતિ થતાં જ તે બંધન બને છે ને લાગે છે. હું બંધનમાં છું એમ માનનાર અસુખી છે. હું બંધનમાં રાખી શકું એમ માને તે મુર્ખ છે. પોતાનાથી કોઈ કોઇને બાંધે તો તે પામર છે બંધનનું સુખ બંધનના અજ્ઞાનમાં છે અથવા તેના સાર્થ જ્ઞાનમાં છે. એક પશુનું બંધન છે, બીજું દૈવી બંધન છે.

બંધન આત્મભોગ હોય ત્યાં તે મુક્તિદાતા. બંધન આત્મહનન હોય ત્યાં તે મૃત્યુદાતા. આ સચરાચર જગત્ પ્રકૃતિના સહજ બંધનથી ભવ્ય છે. આ સકલ સંસાર અજ્ઞાન રૂપી બંધનનું સુખ ભોગવે છે.

જીવનસાર જેમ મુક્તિ છે તેમ બંધન છે. પણ જે પ્રથમ મુક્ત થાય છે તે બંધનના ભયથી રહિત થઇ બંધનને લે છે; તે જ તેને સહી શકે છે. આવું બંધન અમુક્તિ નથી પણ પરમ મુક્તિ છે. ગિ.

અશોક અને બાલજી

આ મારો ઘણા દિવસનો અનુભવ છે. સંગીત શરૂ થાય છે તે પહેલાંના અશોકરાય ઓરડામાં આવીને બેસે છે. મંજીરાં હાથમાં લે છે, ગાવાની ચોપડી શોધી રાખે છે, અને ચુનીભાઇ આવ્યા ને દિલરૂબા તૈયાર કર્યું કે કહે છેઃ "બંસી ધુનરો વગાડો." "આ આજે વગાડને." "કાલે આનેભૂલી

બુદ્ધિ અને કલાત્મક ભાવના અનુભવવાની અને વ્યક્ત કરવાની શક્તિ.

પ્રથમ મનુષ્યમાં સંગીત સાંભળવાની શક્તિ અથવા સંગીત ઝીલી શકે એવો કાન જોઇએ એ વિષે લાયનલ ડૉરીએકની વ્યાખ્યા મનનીય છે તે કહે છે: "સંગીતનો કાન એ એક આત્માનો ગુણ છે." જે માત્ર સ્વરો સાંભળી શકે છે તેને સંગીતનો કાન છે, એટલે કે તે સંગીત ઝીલી શકે છે એમ ન જ કહી શકાય. કાનના પડદાની સાથે સ્વરો અથડાતા આન્તર ભાન થવું જોઇએ, ભાવનાના પડદા ઉઘડવા જોઇએ. એવા ઘણા સંગીતશાસ્ત્રીઓ છે કે જેમનો કાન બહુ જ સરસ કેળવાયેલો હોય છે છતાં તેઓ ખરા સંગીતપ્રેમી હોતા નથી કારણ કે તેમનું હૃદય સંગીતના ધ્વનિથી હલી ઉઠતું નથી. બીજા કેટલાએક એવા પણ છે કે જેમનો કાન ઓછો કેળવાએલો છે, છતાં તેઓ ખરા કલાધર હોય છે કારણ કે તેઓ કલાકૃતિને અનુભવવાની અને સમજવાની શક્તિ ધરાવે છે.

ઘણા ખરાં માબાપો માને છે કે જે બાળકોનો અવાજ સુરીલો હોય તે બાળકોમાં સંગીતનો જીવ છે. પણ એ માન્યતા ખરી નથી. ખરી રીતે તાલ એ જ સ્વરમાળાને સંગીત બનાવે છે. માપન કે ડોલન વગરનો માત્ર ધ્વનિસમૂહ–ભલે તે મધુર અવાજમા હોય–ઉત્પન્ન કરનાર છોકરાં કરતા સાદી તાલબદ્ધ ફૂંચો તૈયાર કરનાર છોકરાં વધારે કલાવાન સંગીતકાર ગણાય.

સાધારણતઃ એમ મનાય છે કે જેઓ સ્વરોનાં નામ જાણે છે ને જેમને એમનો પરસ્પર સંબંધ પારખતાં આવડે છે તેઓનો જ કાન કેળવાએલો છે, આ સમજણ ભૂલ ભરેલી છે. કેમકે સ્વરનું સ્થાન એ સ્વરનો એક ગુણ થયો, પણ તેમાં બીજું ઘણું સાંભળવાનું બાકી રહે છે. સ્વરની કર્કશતા, કોમળતા, ગંભીરતા, જોશ, મંદતા, ધીમાપણું, જલદી-પણું એવું ઘણું બધું મળીને સ્વરોને તેનો પૂર્ણ રંગ મળે છે. જેને તે જાણવાની શક્તિ હોય તે બાળક વિષે નિરાશા ધરાવવાનું કારણ નથી. જેમ કે બાળક સતારમા રહેલો અવાજ અને હાર્મોનિયમના અવાજમાં રહેલો તફાવત અનુભવી શકતું હોય, એક રાગથી બીજાને જુદા તરીકે ઓળખી શકતું હોય, એની અંદર રહેલી ગતિ સમજી શકતું હોય, ચડતો ઉતરતો ક્રમ જોઈ શકતું હોય પણ પોતે ગાઇ શકતું ન હોય અથવા એ ગ છે કે મ છે એ ઓળખી શકતું ન હોય તો તેથી જ તે બાળક સંગીતમા નાલાયક ઠરતુ નથી.

બાળકને અવાજ નથી એમ નક્કી કરવામાં એક બીજી ભૂલ થાય છે. એકાદ બાળકનો અવાજ સુરીલો નથી એમ નક્કી કરી લેવામાં આવે છે, પણ એનો અર્થ એટલો જ હોય છે કે તે બાળક આપણે કહીએ છીએ તે સ્વર ગળામાથી કાઢી શકતું નથી. તેના અધૂરા કેળવાએલા કાનને લીધે પણ એમ બને. એટલે કે વધારે સાભળવાથી તેનો અવાજ સુધરી શકે.

જુદાં જુદાં વાદ્યો ના અવાજમાં જે અવાજના પ્રકારો છે તે તરફ બાળકનું ધ્યાન ખેંચવું જોઇએ; જેમ કે સરણાઇનો અવાજ, સતારનો અવાજ, બંસરીનો અવાજ, હારમોનિયમનો અવાજ, તબલાનો અવાજ, પડઘમનો અવાજ અને ખંજરીનો અવાજ; તેમજ માણસોના અવાજમાં પણ જુદા જુદા પુરુષોનો અવાજ, સ્ત્રીઓનો અવાજ વગેરે વગેરે. આવા અવાજો દ્વારા બાળકોની સંગીતપ્રિયતા કેળવવાની ઘણી સુંદર તકો ગ્રમાવવામાં આવે છે. બાળકો વાર્તાપ્રિય છે. સંગીતમાં ઉતારી શકાય તેવું જે સઘળું વાર્તામાં આવે છે જેમકે ઘોડાની ચાલ, દોડ, બીસકોલીનું સરસર જવું, ઉંદરડાની ગતિ, કોયલનું કૂઉ, ઘંટાનાદ ઇત્યાદિ જો સંગીતમાં ઉતારાય તો બાળક સંગીતજ્ઞ કે સંગીતકાર થવા પહેલાં સંગીતપ્રિય એટલે કે ભાવથી સંગીત સાંભળ-

. રાક. પરંતુ બાળના ન બાળના બાળકન
ાવે એટલી હદ સુધી એ સંગીતશિક્ષણ
ન નેઇએ. બાળકના પહેલા બગાસાની
ાવા પ્રયત્નો અટકવા નેઇએ.

રીથી કહેવા જેવી મહત્ત્વની વાત તો
ક બાળકને સંગીતમાં અનુભવ લેતું કરવું
શિક્ષણમાં બહુ અગત્યનું છે. બાળક
તલ્લીન થઈ શરીર અને આત્માનું ભાન
એ ખરી વસ્તુ છે.

માત્ર કાનથી નહિ પણ હૃદયથી
માં પૂર્ણપણે તરબોળ થઇ જાય, તેનું
ને આત્મા એક થઇને તેમાં ડોલે એ
વું છે. ધ્વનિઉચ્ચાર એકલા કાનથી જ
એમ નથી. તદ્દન બહેરા માણસોમાં પણ
રીરમાં ઉત્પન્ન થતી લહરીથી સંગીતનો
રી શકે છે. કાન અને ગળા વચ્ચે નિકટ
ાવાથી ગળાના અવાજ ઉપર પણ ઘણી
ા છે. એકાદ ગાયન યાદ કરવાથી પણ
નાયુઓમાં હીલચાલ થવા લાગે છે,
ાવાનું મન થઈ જાય છે. સારાંશ કે
ગળાની કેળવણી પરસ્પરાવલંબી છે.

ાજુના વાતાવરણની પણ બાળકના
ણ ઉપર પુષ્કળ અસર પડે છે. છોક
ોકરો એ ઉંમરે કોઇ પણ ભાષા સાંભળે
ષાની ઉચ્ચારશુદ્ધિ પકડી લે છે. તેમજ
ે. નાની ઉંમરમાં કવિશ કે કલાવિહીન

અનુ કાર
ભાવિક
દણાઇ જ
સ્વાભાવિ
તે દિશા
વાંના પ્ર
મિનિટ
ઘણું કા
ઉપર એ
ગાવાનું
વગાડીએ
શોધી
છે કે જે
સંગીતમ
નીકળે છે
પોપીને
ખેંચી કા
મુખ્ય અ
મદદ કર
ળીજાને
કરતાં તે
વધારે સ

સાર
ળીજાને
બાળકો
હું ગાતો
કહેતો.

ુ અ છ ક તમનુ સ ગાત તરફનુ સ્વા-
વલણ પોષણને અભાવે નાની ઉંમરે જ
ય છે. ખરી રીતે આ જ ઉંમરે તેમની
ક શક્તિઓ ખીલવવાના અને ને ક્રોધનામાં
માં ખામીઓ દેખાય તો તે દૂર કર-
યત્નો થવા જોઇએ. રોજ ફક્ત પાંચ દશ
ના ક્લાસમાં માણ્યો કે શિક્ષકો ગાળે તો
ા થાય એમ છે. આપણે પિયાનો કે વાજું
સ્વર વગાડીએ અને તે જ સ્વર બાળકને
કહીએ. અથવા અલગુજ* ઉપર એક સ્વર
તે સાંભળીને તે જ સ્વર પિયાના ઉપર તે
ઢે. એવી સાદી અને સહેલી અનેક રીતો
થી બાળકોનું ગળું અને કાન કેળવાય.
યતા એ હરેહંમેશ એની મેળે જ ખીલી
એમ નથી. દરેક બાળકમાં રહેલું વલણ
વિચારસાહચર્ય સાધીને) તેને બહાર
કહું પડે છે. તાલ અને સ્વર એ સંગીતનાં
ગો છે. જેમ કાન અને ગળું એક બીજાને
ાર છે તેમ તાલ અને સ્વર એ પણ એક
દદ કરનારાં છે. ઘણી વાર ગાયન ગાવા
ી સાથે નાચવાથી બાળકો તેનો રાગ
ેલાઇથી ઝીલી શકે છે.

શ કે તાલ અને સ્વર એ પણ એક
રસ્પર મદદ કરે છે. ૨૦ વર્ષ પહેલાં મેં
ટે નાનાં નાનાં ગાયનો લખ્યાં હતાં. તે
યારે બાળકોને તેના તાલ ઉપર નાચવા
ને દેખાયું કે કેટલાંક બાળકો જે સાધા-

ઇતિહાસ

ઇતિહાસ અને વાર્તા જોખાં જોખાં છે. વાર્તાથી બીજા લાભો ભલે થાય પણ તેનો મુખ્ય ઉદ્દેશ ગમ્મત છે ઇતિહાસનો ઉદ્દેશ આપણી પહેલાં શું થઇ ગયું તેનો ખ્યાલ આપવાનો છે. કોઇ પણ જાતની વાર્તા સાંભળવા સૌ કોઇ તૈયાર હોય છે, પણ પહેલા શું થઈ ગયું તે જાણવાની બધાને પડી નથી. વિદ્યાર્થીઓને તો શેની જ પડી હોય? નાના વિદ્યાર્થીઓને ભૂતકાળમા એવો કશો રસ હોતો નથી—હોઇ શકે પણ નહિ. તેમનો રસ તેમની આસપાસની દુનિયામાં છે. જે દુનિયા તેમણે જોઇ જાણી નથી તેમાં તેમને વાર્તા રૂપે રસ હોઇ શકે પરન્તુ ઇતિહાસ રૂપે નહિ જ. વાર્તાઓ વિદ્યાર્થીઓને યાદ રહી જાય છે ત્યારે ઇતિહાસની હકીકતો તેમને ગોખવી પડે છે. વાર્તા બાળકો હોંશથી સાંભળે છે; ઇતિહાસના સમયમાં તેમને ઝોકાં આવે છે આથી જ ઇતિહાસનો વિષય વિદ્યાર્થિપ્રિય નથી જણાયો. આથી તેને રસિક કરવા વાર્તા દ્વારા શીખવવાના પ્રયત્નો ચાલે છે. પરન્તુ ત્યાં પણ જ્યાં વાર્તાની ગંધ ઉડી જાય છે ને હકીકતોના ઢગલા ઉભરાવા માંડે છે ત્યાં વિદ્યાર્થી કંટાળે છે. અથવા વાર્તાના રંગો વધારે પડતા પૂરાતા જવાથી શિક્ષક જુએ છે કે ઇતિહાસ ઇતિહાસ મટી વાર્તા રૂપે વિદ્યાર્થીઓના મગજમાં ઠરે છે. મતલબ કે ઇતિહાસનું શિક્ષણ સફળ થતું નથી.

જો એમ છે તો પ્રાથમિક શાળામાંથી તો ઇતિહાસ શા માટે કાઢી ન નાખવો? પોતાના બાપદાદામાં જ્યાં બાળકો પૂરો રસ નથી લેતાં ત્યાં દેશ અને દુનિયાના દાદાઓની હકીકતો તેમને શા માટે પરાણે આપવી? અને વાર્તા રૂપેય ન રસ પડે તેવું માથામાં શા માટે નાખવું? છેક નાની ઉંમરે રાજાઓની મોટી નામાવલિ કોઇ ન જાણે કે લડાઇઓની સાલો કડકડ ન બોલે તો કયું નુકશાન થાય એમ છે? આજે તો ઇતિહાસ એટલે રાજાઓ અને લડાઇઓ—એટલે કે રાજસત્તાનો લોભ અને તેને માટે યુદ્ધો એવો ખ્યાલ વિદ્યાર્થીના મનમાં આવી બેસે છે. આવો ખોટો ખ્યાલ બેસવાથી કંઇ લાભ? ધારો કે ઇતિહાસમાં આપણા રાજાઓ ઉપરાંત ધર્માચાર્યો, કલાધરો, સમાજહિતેચ્છુઓ વગેરેને દાખલ કરીએ તો પણ નાના વિદ્યાર્થીઓને તેમાં શો રસ આવવાનો? શંકરાચાર્ય કે બુદ્ધ કે તાનસેનને અને વિદ્યાર્થીને તે ઉમરે શી લેવા દેવા? ધારો કે ભૂતકાળની જૂની બાબતો કેટલીએક એવી છે કે જે થોડીક મજા આપે છે; તો પણ તેને બદલે બીજી વધારે રસિક અને કિંમતી વર્તમાનની બાબતો શીખવવાની રહી નથી જતી? બાળકને ફુલ, પતંગિયાં, એની રચના, સુંદરતા વગેરેમાં મજા આવે કે કોઇ રાજાએ રાજ્ય કેમ સ્થાપ્યું તેમાં? વિદ્યાર્થીને ચિત્રકામ, સુતારકામ વગેરે કલા કારીગરીનાં સર્જનાત્મક કામોમાં આનંદ મળે કે પડી ગએલાં ખંડેરો જોવામાં? હજી વિદ્યાર્થીઓની કલ્પના ઘડવાનો વખત છે કે કલ્પનાના ઉપયોગનો? કોઇ કહેશે કે "પણ જે દેશમાં વિદ્યાર્થી જન્મ્યો છે ને જીવે છે તેનું જ્ઞાન તેને નાનપણથી આપીએ તો જ તે આખરે દેશપ્રેમી થાય!" દેશીપ્રેમ, ખરો દેશ—પ્રેમ દેશનો જીવન્ત પરિચય સાધવાથી થાય. દેશ—હાલ દેશની વર્તમાન સ્થિતિ જોવાથી પ્રગટે. દેશ—પ્રેમ વિદ્યાર્થીઓમાં પ્રેમ કરવાની શક્તિ કેળવવાથી આવે. ઇતિહાસમાં પ્રેમ કરતાં સામા સાથે દ્વેષ કેળવવાની શક્તિ છે. અત્યાર સુધીનો ઇતિહાસ દેશપ્રેમ એટલે પરરાષ્ટ્ર સાથેનો દ્વેષ એમ બતાવે છે. દેશપ્રેમ એટલે સર્વ દેશોનું સન્માન અને સ્વદેશ—પ્રીતિ એવું ઇતિહાસ શીખવી જ શકે; કારણ કે તેમ બન્યું નથી. તેમ તો હવે બનાવવું છે—બનવું

નોઇશે. અને દેશપ્રેમ જેવી ગૂઢ અને કઠિન બાબત વિદ્યાર્થીઓ તો 'અચરે અચરે રામ, પઢો પોપટજી શ્રી 'ભગવાન' એમ શીખે છે તે કયાં ભણવામાં નથી ? દેશપ્રેમ શીખવાય નહિ પણ ઘડાય. તે ભૂતમાંથી નહિ પણ વર્તમાનની સજીવ એરણ ઉપર બની શકે.

આ જોતાં એમ લાગે છે કે પ્રાથમિક શાળામાં જતા વિદ્યાર્થીઓ માટે ઇતિહાસનું શિક્ષણ ન જોઇએ. તે નીકળી જવું જોઇએ. બેશક બીજી વાર્તાઓ સારાસારનો વિચાર કર્યા પછી જેમ કહેવાય છે તેમ ઇતિહાસ પણ ભલે કહેવાય. પણ તે ઇતિહાસનું શિક્ષણ ન બને. તેનું પાઠ્યપુસ્તક ન હોય. તે ભણાવાય નહિ. તેની પરીક્ષા ન લેવાય.

ણ.

હમણાં વખત છે

પ્રત્યેક પ્રાથમિક શાળા આ ચોમાસાની ઋતુનો ઘણો લાભ ઉઠાવી શકે છે.

વરસતે વરસાદે છોકરાંને ભણાવવાનું મૂકી દઇ બની શકે તો તેમને ફરવા લઇ જાય. તેમને ખેતરોમાં વરસાદનું પાણી એકઠું થતાં નદીઓ કેમ બને છે, નાળાં કેમ ભરાય છે, પાણીનાં વહનો કેમ વહે છે તે પ્રત્યક્ષ બતાવે. પાણીથી સહેજે બની ગએલાં નાનાં નાનાં બેટો, તળાવો, ભૂશિરો અને સામુદ્રધુનિઓ બતાવી તેની વ્યાખ્યાઓનો જીવ બતાવે. આ તો એક ભૌગોલિક જ્ઞાનનો લાભ થયો. પરન્તુ વરસતા વરસાદમાં ફરવું, કુદરતના અબોધ બળનો અનુભવ કરવો, નિસર્ગનું ભવ્ય દર્શન કરી આંખનું સાર્થક કરવું, ખળખળ વહેતાં નાનાં મોટાં જલઝરણાંઓનો નાદ સાંભળી કાનને તૃપ્ત કરવા નેં ટૂંકમાં એવે વખતે જે અદ્‌ભુત આનંદ થાય છે તે લેવો એ એક અમૂલ્ય લ્હાવો છે. કુદરતનો આવો પ્રત્યક્ષ પરિચય તેના કર્તાના મહિમાનું ઉંહું ઉંહું ભાન કરાવ્યા વિના નથી રહેવાનો. કદાચ વરસતે વરસાદે બહાર જવાય નહિ એમ શિક્ષકોને લાગે તો ભલે છોકરાંઓ ઓશરીમાં ઉભાં ઉભાં વરસાદને જુએ ને મજા કરે. એ દર્શનમાં ભવિષ્યના કલાકાર, સાહિત્યકાર ને સૌન્દર્ય મીમાંસકની કેટલીએ સામગ્રી પડેલી છે.

ત્રમઝુટ વરસાદ વરસે ને ગાજવીજથી દિશાઓ ભરાઇ જાય ત્યારે આપણે કોઇ ઇતિહાસ, ભૂગોળ કે ગણિત ન જ ભણાવીએ.

ને વરસાદ વરસી રહે પછી ? પછી આપણે વિદ્યાર્થીઓને લઈને શીમમાં જઈએ. ધરતી માતાની લીલી ગોદમાં બાળકોને રમવા દઇએ. નદી નાળાંનાં નીતર્યાં પાણીમાં તેમને નહાવા દઇએ. રેતીમાંથી શંખ છીપલાં વીણવા દઇએ. કૂવા અને વીરડા તો તેઓ બનાવવાનાં જ છે. ખેતરોમાં ચારેકોર ઉગી ગયું હશે. વિદ્યાર્થીઓ વનસ્પતિનો પરિચય શોધવો જ લાગશે. " આ જુવાર છે, આ મરચી ઉગી છે; આ ચીભડાનો વેલો, આ તુરીયાનો !" એમ તેઓ જોતાં ફરશે. તેમનું જરાક ધ્યાન ખેંચીશું તો તેમની નજરે કેટલીયે જાતનાં નાનાં નવાં ફુલો પડશે. તેનાં કોઇને નામે નહિ આવડતાં હોય છતાં દરેકે દરેક ફુલ સુંદર અને કોઇ કોઇ સુગંધ ભર્યું હશે. તેમને થશે કે કુદરતમાં ફુલોની બહોંતાળ છે. માત્ર ગુલાબ, ચંપો, ચંપેલી એટલાં જ ફુલોના ટૂંકા જ્ઞાનની તેમની મર્યાદા તૂટશે ને વિશાળતા આવશે. તેમની નજરે કેટકેટલાં ઘાસ આવશે. થોડા દિવસ પહેલાં ધરતી સૂકી હતી; ચારેકોર ધૂળ ને કાંકરા હતા. થોડા દિવસમાં લીલો મનોહર ગાલીચો થઇ ગયો. આ દૃશ્ય જોઈ બાળકો પ્રસન્ન થશે. ઉંડાણમાં પ્રકૃતિના પ્રભાવની છાપ પડશે. ને જ્ઞાનભંડાર તો કેટલોયે ભરાશે. બાળકો આમ જોશે તો ભરવાડનો

દોડતી હશે; પણે નજર કરશે ત્યાં મખમલીયા, પણે ગોગલા, પણે ગંધારા, એમ કેટલીયે જાતનાં જીવડાં નીકળી પડેલાં દેખાશે; ને પતંગિયાં તો ઘણાં ઘણાં ઉડ્યા ઉડ્યા કરતાં દેખાશે. વિદ્યાર્થીઓને છૂટા મૂકશો તો તેઓ પતંગિયાંની સાથે ઉડશે, તેમને હળવેથી પકડશે, પોચે હાથે દાબીને જોશે ને પછી ઉડાડી મૂકશે. એકલાં પતંગિયાં એટલે કેટલાયે રંગો ને સુંદર રેખાઓનો ભંડાર. આ બધું જોતાં બાળકોના મનમાં કેવું કેવું થાય છે તે જેમણે જોયું હોય છે તેઓ તો બાળકોને આવે' વખતે શીખવવા બેસી શકે જ નહિ. તેમને તે રુચે નહિ—ખૂંચે. હમણા વખત છે. વરસાદના દિવસો છે. વિદ્યાર્થીઓનો કુદરત સાથે પરિચય કરાવીએ. એમાં એ ઘણું ભણશે. પ્રફુલ્લ અને પ્રસન્ન થએલું બાળક પાછળથી ઉત્સાહ અને શ્રમથી અભ્યાસમાં બમણા જોસથી લાગશે.

ગિ.

એક ચોખવટ

ઘણા ભાઇઓ તરફથી પૂછવામાં આવે છે કે મોન્ટીસોરી સાહિત્યો કયાં મળે છે? તે કેટલી કિંમતનાં થશે? અમારે અમારા ગામમાં મોન્ટીસોરી શાળા કાઢવી છે.

આ ભાઇઓને બાલશિક્ષણના પ્રેમ માટે માન ઘટે છે. નવીન શિક્ષણ માટે લોકો દિનપ્રતિદિન આગળ આવતા જાય છે એ જોતાં હર્ષ થાય છે.

પરંતુ એક બાબતની ચોખવટ થવી જોઇએ. અમુક વેપાર કરવા માટે અમુક માલ મંગાવીને તેને દુકાનમાં ભરી દેવાથી વેપાર થતો નથી; વેપાર કરવાની આવડત ન હોય તો સોના સાટ થાય ને હાંસી થાય તે વધારામાં. એમ જ આમાં છે. મોન્ટીસોરી સાહિત્ય ખરીદી શકાય; તે શાળામાં મૂકી શકાય; પરંતુ તેથી મોન્ટીસોરી પદ્ધતિથી કામ થઇ શકતું નથી.

મોન્ટીસોરી પદ્ધતિ એ શિક્ષણની એક ફિલસુફી છે. તેને પ્રયત્નપૂર્વકના અભ્યાસ અને બાલસ્વભાવના અવલોકન વડે શીખવાની છે. તે માટે વરસોનો શ્રમ જોઇએ. તે પદ્ધતિ ચલવવા માટે જે સમગ્ર તૈયારી શિક્ષકમાં જોઇએ તે મેળવવા તેણે ખંતપૂર્વક શ્રમ ઉઠાવવો જોઇએ. ઉપરાંત તેને પદ્ધતિની હથરોટી બેઠેલી હોવી જોઇએ.

સાધનો એકઠાં કરવાથી કે પદ્ધતિ ઉપરના ગ્રંથો વાંચવાથી પદ્ધતિ ચલવવાની આવડત આવે છે એમ માનવું એમાં અનુભવની ખામી છે. જેને પદ્ધતિનું યથાર્થ જ્ઞાન હોય તે જ સાધનો મગાવે ને શાળા કાઢે. તેમાં તે જીતશે. બીજાઓ હાંસીપાત્ર થશે.

ગિ.

ગ્રાહકોએ પત્રવ્યવહાર વખતે રેપર ઉપરનો પોતાનો ગ્રાહક નંબર અવશ્ય લખવો.

વાર્ષિક લવાજમ રૂા. એક. લખોઃ તંત્રી, શિક્ષણ પત્રિકાઃ શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર, ભાવનગર

શ્રી 'સરસ્વતી' છાપખાનું, બજાર બિલ્ડીંગમાં પારી. ભીખાભાઇ ગોપાળજીએ છાપી.

શિક્ષણ પત્રિકા

(મૉંટીસોરી સંઘ)

વર્ષ ૨ જું
૧૯૮૩

અંક ૮ મો
આશ્વિન

: તંત્રી :
ગિજુભાઈ
તારાબેન

અથડામણ

જીવન એટલે અથડામણ. પ્રતિક્ષણે વાણી વાણીને, વિચાર વિચારને, આચાર આચારને અથડાવું પડે છે. મનુષ્ય પોતાની સાથે મન, વાણી અને કાર્યમાં અથડાય છે. સમગ્ર ચેતનસૃષ્ટિ અથડામણમાંથી પળે પળે પસાર થાય છે.

આ અથડામણ એટલે જીવંતપણું.

પત્થર સાથે જ્યારે લોઢું અફળાય છે ત્યારે અગ્નિ જેવી મહા શક્તિ પ્રગટ થાય છે. અથડામણ એમ જ મનુષ્યની શક્તિ બહાર આણે છે. અથડામણમાંથી બસવાની ઇચ્છા એટલે જીવવાની અનિચ્છા. મૃત્યુ મુખમાં જવાની તૈયારી.

કોઈ અથડામણથી ન-ડરે; અથડામણથી હતાશ ન થાય. અથડામણ તેની બુદ્ધિને કુંઠિત ન કરે. અથડામણમાં જ મનુષ્યની કસોટી છે. સ્થિર બુદ્ધિથી, આશા અને ઉત્સાહથી અથડામણને કાપી નાખી વીર જેમ માણસે આગળ વધવાનું છે.

અવિશ્વાસની ફેલાવણી

એક સારા ત્રણ વરસની છોકરીને એક વખત ફુલઝારના પાંચ બીયા મળ્યાં. તેની બેનપણીએ તેને તે આપ્યા બન્નેએ મળીને વણ્યો વખત વાત કરી: "આપણે આ વાવશુ. પછી ઝાડ થશે ને પછી સરસ ફુલ આવશે."

બેઉ વાતોમાંથી ઉઠી બેઉના હાથમા બીયાં હતાં. બેઉનાં મોઢાં ફુલોના સુંદર સ્વપ્નોથી આનંદિત હતાં

એમાની મોટી કહે "ચાલ, આપણે સાચવીને રાખી દઇએ, નહિ તો બોવાઇ જશે"

ક્ષણ પહેલાંનું નાની બેનનું હાસ્યમુદ્રાંકિત મુખ ભયભીત દેખાયું આખો ચિંતાતુર થઇ પોતાની બેનપણીની તે સલાહ પૂછવા લાગી: "હેં બેન, આપણાં બીયાં કોક લઇ જશે તો? આપણે કયાંક સંતાડીને મૂકીએ."

બેનપણી છ સાત વર્ષની હતી. તેને જગતનો અનુભવ વધારે હતો. તેણે નાની સખીને સમજાવ્યુ: "ના, ના. લઇ કોણ જાય? આ મારી ડાબલીમાં મુકને. અહીંથી નહિ બોવાય."

નાની બેનને દુષ્ટ જગતનો અનુભવ વધારે હતો કે જગત્ દુષ્ટ છે એવી કલ્પના એને વધારે વ્યાપકમાં આવી હતી કોણ જાણે, પણ તેને ડાબલીમા રાખવામાં પોરથી પૂર્ણ સુરક્ષિતતા લાગી નહિ.

તે કહે: "ના, ના. કોક લઇ જશે આપણે સંતાડીને રાખશું."

બેનપણીએ યુક્ત સલાહને માન આપ્યું. બીયાં દીવાસળીની ડાબલીમાં રાખવામાં આવ્યાં અને ડાબલી બેનના ઘાઘરી પોલકાં રહેતાં હતાં તે ટાંકામાં કપડાંની અંદર સંતાડવામાં આવી.

આ યોજનામાં બેકની બીક સારી રીતે ટળી એમ માની બેઉ સખીઓ ખુશ થતી ત્યાંથી ચાલી ગઇ.

સંવાદ સાભળી અને ચિંતાતુરતાનું દૃશ્ય જોતી હું તો આશ્ચર્યમાં ગરકાવ થઇ ગઇ. આ સારા ત્રણ વરસની નાનકડી બાલિકાને 'કોક લઇ જશે માટે સંતાડી રાખો'નું જ્ઞાન શું ઉપજત બુદ્ધિથી આવ્યું હશે? પ્રાથમિક સ્થિતિમા લોકોને હમેશા 'કોક ઉપાડી જશે, માટે બરાબર સુરક્ષિત રહો' એ તૈયારીમાં જ રહેવું પડતું હશે, તે મને યાદ આવ્યું. બાળક અને પ્રાથમિક મનુષ્ય ઘણી બાબતમાં સરખાં જ છે. ઘણી વાર પ્રાથમિક મનુષ્ય પણ બીક ન હોય ત્યાં પણ જોઈએ. કારણ તો એનું પોતાનું અજ્ઞાન જ હોય છે. નાની બાળાને 'કોક લઇ જશે'ની બીકથી ડાબલી કયા રાખવી ને કયાં ન રાખવી એની ખબર ન હતી માટે સંતાડીને રાખવાનો સલામતી ભર્યો રસ્તો તેને ઠીક લાગ્યો.

બાલિકાની આ બીક બરોબર એકલી પ્રાથમિક અવસ્થામાંથી જ જન્મી હોય તો તો વધારે અનુભવ ને બુદ્ધિવિકાસ સાથે તે એની મેળે ચાલી જવાની છે એમા શંકા નથી. એમાં મોટાંઓને કાંઇ કરવાપણું હોતું નથી.

પણ ઘણી વાર નાના બાળકોમાં આવી બીક બહારથી આવે છે; ને આજે ૯૯ ટકા ઘરોમાં એમ જ બને છે એમ કહું તો અતિશયોક્તિ તો નથી જ; ઉલટું કદાચ અલ્પોક્તિ જ હશે. સાવ નાની અવસ્થામાં મોટાંઓ સાવચેતીનુ શિક્ષણ બાળકને આપતાં દેખાય છે. "એ પેલુ ત્યાં શું કામ મૂક્યું? કોક લઈ ન જાય?" "પેલુ બારણુ બંધ કર, કોક આવીને બધું ઉપાડી જશે." "તારું બરાબર સાચવજે, કોક લઇ જાય તો મારે માથે નથી." એવી એવી શીખામણો બાળકની આસપાસ રોજ વાતાવરણમાં કેટલીયે વાર સંભળાતી જ હોય છે. આ અવિશ્વાસની ફેલવણી છે. આજે દુનિયા આખે

ભાગે અવિશ્વાસમાં જ ઉછરે છે ને ઘણા ડાહ્યા ને મોટા લોકો તાત્ત્વિક રીતે પણ એ જ પ્રતિપાદન કરે છે કે "ભાઇ, જગત્ દુષ્ટ છે એમ માનીને ચાલજે. એમાં સહીસલામતી છે." આજે ચારે કોર આ જ વિઘાતક ફિલ્સુરીથી માણસો જીવે છે.

કેટલાંયેક પોતાનું આ પરિવર્તન જાણે છે પણ ખરાં, ને વળી સમર્થન કરે છે કે "શું કરીએ? ભાઇ, તમારે જીવવું હોય, જીવનસંગ્રામમાં ટકવું હોય તો દુષ્ટની સાથે દુષ્ટ થયે જ છૂટકો. આ તો કળજુગ છે. એમાં તમારી ભલમનસાઈ અને સત્ય ન ચાલે. અહીં તો શઠં પ્રતિ શાઠ્યંનો ન્યાય હોય."

બુદ્ધિશાળી જ્યારે બુદ્ધિવાદ ચલાવે છે ત્યારે સામાન્ય મનુષ્ય કહે છે: "એ તો એમ જ હોય. દુનિયા તો એમ જ હોય. દરેક જણે કાબેલ રહેવું જોઇએ. તમે ગાફિલ રહો તો બીજાનો શો વાંક? તમે તમારો સ્વાર્થ પણ ન સાચવી શકતા હો તો બીજા તમારૂં ચુંટવી જાય એમાં શી નવાઇ?"

આજે દુનિયા સામાન્યતઃ આ રીતે જ ચાલે છે. વેપાર, ધંધા અને રાજકારણમાં તો એ નીતિને પ્રથમ સ્થાન મળ્યું જ છે, પણ મનુષ્યનો સામાન્ય હમેશનો વ્યવહાર પણ એ જ નીતિએ ચાલે છે. એટલું જ નહિ પણ પરોપકાર અને પરાર્થે જીવનારી સંસ્થાઓ કે પરાર્થે થનારાં કાર્યોમાં પણ નિખાલસતા, સરલતા, ઉઘાડાપણું કે વિશ્વાસની નીતિ દેખાતી નથી. કારણ કાર્યની પાછળ સદ્‌હેતુ હોય તો પણ કાર્ય કરનાર મનુષ્ય તો એ ને એ જ છે.

જગત્ દુષ્ટ હશે; આ ડાહ્યા લોકો કહે છે તેમ સાચે જ લાખમાં નવાણું હજાર નવસો નવાણું દુષ્ટ માણસો હશે. પણ એમ હોવાનું કારણ આ દુષ્ટ ફિલ્સુરી જ છે. જગત્‌ને દુષ્ટ માનીને ચાલનારા સહીસલામતીને ખાતર માણસ માત્રને અવિશ્વાસથી જોનાર આસ્તે આસ્તે પોતે જ દુષ્ટ અને અવિશ્વાસને પાત્ર બનતો જાય છે. તેની પોતાની જાનદાની કે દાનત આસ્તે આસ્તે ઘટતી જાય છે. આસ્તે આસ્તે જગતમાંથી નિખાલસતા, સરલતા, પરસ્પર વિશ્વાસ આદિ સત્યયુગનાં લક્ષણો જ ચાલી જાય છે, અને શાઠ્યનીતિ ઉપર જીવવાનું રહે છે. આપણે બાળકને આ દુષ્ટતાની અને અવિશ્વાસની કેળવણીમાંથી કેમ બચાવશું? ખરેખર આપણે જ્યારે બાળકની નિખાલસતા, સરલતા ને સ્વાભાવિકતાને વખાણીએ છીએ ત્યારે ખરી રીતે આપણે આપણામાંના આ ગુણોના અભાવથી કંટાળીને બોલીએ છીએ. પરંતુ માત્ર પોતાના જગત્ ઉપર કંટાળો આણ્યે કામ થાય એમ નથી. માત્ર બાળકના સ્વાભાવિક ગુણોનું સ્તુતિગાન ગાવાથી કામ થાય એમ નથી. પણ જ્યારે જ્યારે આપણા શબ્દોથી કે વર્તનથી કે શંકાશીલ વૃત્તિથી આપણે બાળકની નિખાલસ વૃત્તિ ઉપર ઘા કરીએ છીએ ત્યારે ત્યારે આપણે એક સાધુતાનું ખુન કરીએ છીએ, એ જ્વલંત જાગૃતિ આપણામાં રાખવી જોઇએ. આપણે તો ભલે દુષ્ટતાને અવિશ્વાસમાં ઉછર્યા પણ આપણા બાળકને તો આપણે સાધુતા અને પરસ્પર વિશ્વાસ ને સ્નેહમાં જ ઉછેરીએ. આ છે તો એક vicious circle, કારણ આપણે પોતે જે નીતિમાં ઉછર્યા, તેને કદાચ બુદ્ધિથી દુષ્ટ ગણીએ તો પણ તેના ઉંડા સંસ્કારો તો આપણામાં ઘર ઘાલીને બેઠેલા હોય જ. તેમનાથી પર જઇને વર્તવું મુશ્કેલ થઇ પડે છે. છતાં બાળક પરત્વે તો આપણે પૂર્ણ કાળજી રાખીએ. તેમને તો આ દુષ્ટતામાંથી બચાવીએ. આ કળીયુગને સત્યયુગ બનાવવાનો આ એક જ માર્ગ છે. આપણાં બાળકોને આપણે શાઠ્યનીતિ, દુંઝી સ્વાર્થસાધુ નીતિમાં નહિ પણ ઉદાર જાનદાનીમાં ઉછેરીએ.

પેલી બાલિકાને 'કોક લઇ જશે' ની બીક લાગવાનું બીજું પણ એક કારણ હશે.

નાનાં બાળકોના નાના ખ્યાલોઓ તેમને મન

તો રાજની દોલત જેટલા કિંમતી હોય છે. તેમનાં બીયાં, તેમના કાચના ને બંગડીના કટકા, તેમનાં મોતી ને પથરા ને દીવાસળીની ડાબલીઓ ને કપડાંના કટકા ને એવું એવું ઘણું તેઓ ભેગું કરે છે ને પાસે રાખવા માગે છે આવા સંગ્રહની કિંમત આપણે આપણી દૃષ્ટિથી કાંઈ આંકતા નથી ત્યારે ઘણી વાર બેદરકારીથી તેમની વસ્તુઓ નાખી દઈએ છીએ; કા તો લઈ લઈએ છીએ તેમની હાજરીમા લઈએ ત્યારે તો તેઓ તેની સામે વાંધોયે લઈ શકે છે, પણ ઘણી વાર તેમની ગેરહાજરીમા આપણે ઘર વાળી નાખીએ, અથવા તેમના સંગ્રહમાં આપણને કામ આવે એવુ હોય તો લઈ લઈએ છીએ. તેમા તેમની રુચની જરૂર છે અથવા તેમને જણાવવાની જરૂર છે એ આપણા મગજમાં જ આવતું નથી તેથી બાળકને કડવો અનુભવ થાય છે ને તે શીખે છે કે આપણી પ્રિય વસ્તુઓ કયાંક સંતાડીને રાખશુ તો જ સુરક્ષિત રહેશે, નહિ તો જરૂર ઉપડી જ જવાની.

બીજા કોઇની કાંઇ વસ્તુ હોય તો તે તેની રુચ વગર લઈને ઉપભોગવાનું તો નહિ જ પણ તેને અડવાનું પણ નહિ, એવી ખાનદાનીની કેળવણી તો બાળકની વસ્તુઓને સન્માનવામાં જ રહેલી છે. ઘરમાં મોટાભાઇઓ ને બેનો ને બીજાં નોટાં સગાંઓની વચ્ચે બાળક જીવન શરૂ કરે છે. ત્યાં પણ જાણે કે બુઢ્ઢી ધર્મશાળામા સામાન લઇને મુસાફર પડયો હોય તેમ બાળકને 'કોક લઇ જશે' ની બીકમાં જ જીવવું પડે એ દૃશ્ય કેટલું કરુણાજનક છે?

પેલી નાનકડી બાલિકાની ચિંતાતુર આંખો ને ભયભીત ચહેરો મારી આંખ આગળ હજી તરે છે. બિચારીને આટલી નાની ઉમરે એવો કેવો કડવો અનુભવ થયો હશે કે જેથી પોતાના બીજાંના રક્ષણ માટે તેને એટલું બધું ચિંતાતુર થવું પડયું?

વાત નાની દેખાય છે. પણ કુમળા મન ઉપર કોઇ સખ્ત ઘા પડયો હશે ત્યારે જ તે એટલી ભયભીત થઇ હશે. એવા વા આપણે કેટલાયે કર્યે જતા હઇશું, કુમળા મનોને વીંધી નાખતા હઇશું, તેમનામાં બીક પેસારતા હઇશુ. એનો વિચાર આપણે ગંભીરતાથી કરવો જ જોઇએ. **તા.**

બતાવે તો?

૧

બાપા કહે છે: "એ ભાઇ જરા જોઇને ચાલજે, કયાંક પડી ન જતો."

બા કહે છે: "જોજે હેરા ન લાગે ને લોહી ન નીકળે"

કાકી કહે છે: "નટુને હાલવાનુ ભાન જ કયાં હતું?"

બેન કહે છે: "નટુ તો એવો જ છે. એ તો એમ જ ચાલે છે ને પડે છે."

ખરેખર, આસ્તે આસ્તે નટુને પણ એમ જ લાગે છે. "ખરેખર. હુ તો એવો જ છુ. મને ચાલતાં આવડતું જ નથી. જ્યાં.જ્યાંથી મને ઠેશ લાગે છે."

ત્યારાને કોઈ ચાલવાનુ બતાવે તો? બધા વાંક જ કાઢયા કરે છે, તેના કરતાં કોઈ ચાલી બતાવે ને કહે કે "આમ ચલાય" તો? તો ભાઇને ચાલતાં આવડશે.

૨

"ઝેલી જશલી, સરખું થોભ. સરખુ થોભતાં તો શીખ!"

"જશી વાટકો પડયો હો! બાપુ, ધ્યાન રાખીને તો થોભ."

"જશી, જશી, તારો હાથ ધ્રૂજે છે. આ ઘડીએ વાટકો પડશે."

"એ પડ્યો. એ વાટકો પડ્યો જશી, જશી, લે નો'તી ક'તી કે વાટકો પડશે ને તૂટી જશે? આ એના કટકે કટકા થઈ ગયા!"

"અરે, ભગવાન! એને કહી કહીને મરેને? એને સરખું થોભતાં આવડશે જ નહિ."

આસ્તે આસ્તે જશીની પણ ખાત્રી થાય છે કે "મને સરખું થોભતાં આવડતું નથી. થોભીને ચાલું છું ત્યાં હાથ ધ્રૂજે છે. ને હાથ ધ્રૂજે છે માટે જોરથી પકડવા જઉં છું ત્યાં તો લીધું હોય તે પડે છે. ત્યારે તો બધાં કહે છે કે "સરખું થોભ."

બધાં સરખું થોભતાં આવડતું નથી એમ કહે-ન્છે તેના કરતાં કોઈ કેમ થોભાય તે તેને બતાવે તો?

"હમણાં પડશે" એમ કહીને જશીની અશ્રદ્ધા વધારવા કરતાં "જશી, આમ થોભાય ને આમ ચલાય" એમ કોઈ શાંતિથી કરી બતાવતું હોય તો? અને જશી તેમ કરવા જાય ત્યારે તેને ઠોળાવાની કે પડવાની બીક ન બતાવે તો જરૂર જશીને થોભતાં આવડશે.

૩

બા કહે છે: "એને ઇ આવડવાનું જ નથી તો! મને તો કેટલી બબર છે કે ઇ ભણવાનો જ નથી."

બાપા કહે છે: "એને ભણવામાં ચિત્ત જ ક્યાં છે? ચિત્ત ચોડીને બેસે તો આવડે કે?"

બેન પણ એમ જ કહે છે: "મને કેમ આવડે છે ને તને કેમ ન આવડે? આબો દિ ચોપડી લઈને બેસીએ તો આ ઘડીએ આવડે."

માસ્તર પણ તેને ઠોઠ ને મૂરખો જ કહે છે. કોઈ દિ કહેતા નથી કે તેને કંઈ આવડે છે. એ તો કહે છે: "ભણ્યાં ભણ્યાં? તું શું ભણતો'તો?"

ભાઈ વાત સાચી લાગે છે કે "મને કશું આવડતું નથી. ચોપડી લઈને બેસું છું પણ ચિત્ત ચોંટતું જ નથી."

એને કોઈ ઠોઠ ન કહે પણ શું કર્યે આવડે તે બતાવે તો? બધા એને મૂરખો કહે પણ કોઈ કેમ આવડે તે બતાવતું જ નથી. બધા એનો વાંક જ કાઢ્યા કરે છે ને ભાઈ વધારે મૂરખો બનતો જાય છે.

૪

બધા કહે છે કે બચુને બોલતાં જ નથી આવડતું.

કાકા કહે: "એમ તૂંહ કરીને શું બોલે છે? જરાક વિવેકથી તો બોલતાં શીખ!"

બા કહે છે: "ઇ તો લોક જેવો છે. કો'ની જેમ વડછ વડછ બોલે છે."

બાપા કહે છે: "આ આપણા ઘરમાં કોઈ તારા જેવો જંગલીબોલો તો કોઈ નથી! તું આવું શીખ્યો ક્યાંથી?"

ભાભી કહે છે: "આઘા જાઓ. તમે મને નથી ગમતા. કેમ ન બોલાય ને કેમ બોલાય ઇ કોઈએ શીખવ્યું છે કે હાંઉ!"

બચુ મુંઝાય છે. કેમ બોલવું તે તેને સમજાતું નથી.

બધાં તેને વઢે છે પણ કોઈ તેને બતાવે કે વિવેકથી આમ બોલાય ને સારી રીતે આમ બોલાય તો?

તો તેને વિવેકથી બોલતાં જરૂર આવડે.

ટીકુ ને બબલી

અવાજ આવ્યો: "એં એં એં."

અમારું ધ્યાન તે તરફ ગયું. બબલી બેનના માથામાંથી લોહી વહેતું હતું. વાળ ભીંજાયા હતા; કપડાં પર ટપકાં પડતાં હતાં.

પાસે જઈને તેમને તેમના પિતાએ તેડી લીધાં, સૂવારીને ઘા ઉપર કપડું દબાવ્યું ને દવા લેવા કોઈને દોડાવ્યું.

ટીકુ દૂર ઉભી ઉભી પીલે મ્હોંએ એ જોતી હતી. મેં કહ્યું: "ટીકુ આવ, અહીં આવ. ટીકુ મારી દીકરી છે. તારો ઘા લાગી ગયો કે?"

ટીકુએ ડોકું ધુણાવી 'હા' કહી ને ધીમે પગલે પાસે આવી.

મેં કહ્યું: "જો જોઈએ, કેવું કે લાગ્યું છે."

ટીકુ બબલીની પાસે જઈ ગંભીરતાથી લોહીને જોઈ રહી. તેના મ્હોં ઉપર અમર થયાનાં ચિન્હો હતાં.

પાટો બંધાઈ ગયો. બબલી ઉભી થઈ. મેં તક જોઈ કહ્યું: "ટીકુ, ઘા કરવા હોય તો સામે કોઈ ઉભું ન હોય ત્યાં કરવા. એટલે કોઈને વાગે નહિ."

ટીકુએ ગંભીરતાથી ધ્યાન પર લીધું.

અમે અમારું કામ કરવા લાગ્યા. થોડી વારમાં ટીકુ અને બબલીને સાથે રમતાં ને ગમ્મત કરતાં જોયાં.

બબલીના પિતા અને હું આ બાબતમાં લડ્યા નહિ, ખીજ્યા નહિ, ઘુરક્યા નહિ, બાળકોને વઢ્યા નહિ, ડાહી ડાહી શિખામણ આપી નહિ. માત્ર ઉપર પ્રમાણે વર્ત્યો. બાળકો તે દિવસથી ગાઢ દોસ્તો બન્યાં છે. બધો વખત સાથે જ રમે છે. ગિ.

અને દૂધ કોઇ દી ન ભાવે

સ્ત્રીઓનુ ટોળું બેઠું હોય; જાતજાતની વાતો ચાલતી હોય; આસપાસ છોકરાં ફરતાં હોય. ઘણીવાર કોને શું ભાવે ને શું ન ભાવે તેની વાતો નીકળે. કોઈ કહે: "મને મુઠીયાં બહુ ભાવે." કોઇ કહે: "મને સરસ તેલ મરચું નાખેલું તમતમતું શાક હોય તો બીજું કાંઇ નથી જોતું." કોઇ કહે: "આપણને તો ખાટું ખારું બધું યે ભાવે; ગળપણ તો નજરે દીઠું ય નથી ગમતું." એમ એક પછી એક મતો જાહેર થતા હોય ત્યાં દૂધ સંબંધે મત લેવા નીકળીએ તો જૂના જમાનાની સ્ત્રીઓ તો સ્વાદથી દૂધ પી જતી કે રોટલા સાથે ખાઇ જતી માલુમ પડશે. પણ નવા જમાનાની સુધરેલી, સંસ્કારી ને ભણેલી ગણેલી સ્ત્રીઓના મત લેવા નીકળીએ તો ઝાઝે ભાગે શું સાંભળવાનું મળે તે કલ્પી શકાય તેમ છે.

ભાવવા ન ભાવવાની બાબતમાં અસમતોલપણે sensitive હોય તે કહેશે: "દૂધ તો મને નજરે દીઠું ય નથી ગમતું." અથવા "દૂધનું નામ કયાં લીધું? મારો જીવ તો દૂધનું નામ લેતાં જ મોળો થવા લાગે છે." કોઇ કહેશે: "દૂધને અમુક વાસ આવે છે એટલે પીવું નથી ગમતું." મોટા વર્ગને તો કહેવું પડશે: "મને દૂધ સદતું નથી." કોઇ કહેશે: "ઝાડા થાય છે" કોઇ કહેશે: "કબજીઅત થાય છે" તો કોઇ કહેશે: "પેટ ચડે છે ને ભારે રહે છે." આ બધા મતો કાંઇ ખાસ મત પૂછવા જઇએ ત્યારે જ અપાય છે અથવા ડૉક્ટરને જ જણાવાય

છે એવું નથી. એ તો રોજ જમતી ખાતી વખતે, અમથી વાતો ચાલતી હોય ત્યારે બહુ જ ભાર દઇ - દઇને જાહેર કરવામાં આવે છે. જે ઘરનાં છોકરાં પણ સાંભળે જ છે.

આજની સ્ત્રીઓની જ આ સ્થિતિ છે એમ કાંઇ નથી. હાઇસ્કૂલમાં ને કૉલેજમાં ભણીને બહાર પડેલા ઘણા મરદો પણ 'દૂધ નથી ભાવતું' કહે છે અને દૂધનો સ્વાદ ચાખી જોવાનીયે હિંમત ધરાવતા નથી.

સ્વાદ પરત્વે અમુક હદ સુધી વ્યક્તિગત જુદાપણાને અવકાશ છે અને અમુક હદ સુધી તે સામાન્ય છે; તેમજ સ્વાદ અમુક હદ સુધી સ્વાભાવિક છે ને અમુક હદ સુધી કેળવાએલો હોય છે. મોટી ઉંમરે આપણો સ્વાદ અમુક રીતે કેળવાએલો (cultivated) કે ટેવાએલો જ ઝાઝે ભાગે માલુમ પડે છે. જેમકે ગૂજરાતી કુટુંબમાં ઉછરતાં બાળકોને મીઠું મરચું ને ખાટું ખારું વગેરે બાબતમાં અમુક પ્રમાણનું જ મિશ્રણ ભાવે જ્યારે દક્ષિણીને અમુક પ્રમાણમાં ભાવે અને મદ્રાસીને અમુક જાતનું જ ભાવે. સારાંશ ઘરમાં જે અન્ન સારું સ્વાદવાળું ગણાતું હોય અને હમેશ ખવાતું હોય તે ખાવાની બાળકને ટેવ પડે છે ને પછી તે જ તેને સારું લાગવા માંડે છે. હવે દૂધ વગેરે સાત્વિક અન્નની બાબતમાં જેમ જેમ અનાદર વધતો જાય છે તેમ તેમ બાળકમાં પણ 'દૂધ નથી ભાવતું' નો રોગ ફેલાતો જાય છે. મોટાં માણસો ઘરમાં મોળું બગાડીને હમણાં જાણે ઉલટી થશે એવાં મોઢાં કરીને દૂધ વિષે વાતો કરે ને બાળકોને ધારો કે દૂધ પીવાનો આગ્રહ કરે તોયે તે નકામો છે. કારણ મોટાંઓની અસર બાળકો ઉપર પડી જ જાય છે. વાળુમાં રોજ શેડકું દૂધ ખાવાનો જે ધરોમાં રિવાજ હતો ત્યાં આબાલ વૃદ્ધ બધાં બહુ જ સ્વાદથી દૂધ ખાઇ શકતાં હતાં ને પચાવી શકતાં હતાં. આપણી ઘરની રહેણી ને બદલાય તો બાળકો ઉપર તેની અસર થાય જ. આપણે તમતમતા શાક અથાણા ઉપર જ ભાર દઇએ તો બાળકો પણ કેટલાએક અપવાદો બાદ કરીએ તો સામાન્યતઃ તે જ ખાવા તરફ પ્રેરાય છે. માટે બાળકોને ઉછેરનાર સ્ત્રી પુરુષોએ આ બાબતમાં આજના જમાનામાં ખાસ વિચારીને પોતાની ટેવો જરૂર પડે ત્યાં સુધારવી ઘટે છે.

બાળકના શરીરના બંધારણને દૂધની અત્યંત આવશ્યકતા છે, જ્યારે આપણાં કમભાગ્યે સુધરેલાં ને ભણેલાં કહેવાતાં કુટુંબોમાં અને તેમના સહવાસમાં આવતાં કુટુંબોમાં દૂધ ત્યજાતું જાય છે અને તેની જગ્યાએ ચા કૉફી જેવી હાનિકારક વસ્તુઓ ઘર ઘાલી બેસે છે. કોઈ દૂધને ખર્ચાળ ગણે છે, કોઈનું બાળક પચાવી શકતું નથી તો કોઇને વળી દૂધ ભાવતું નથી. યોગ્ય વખતે જ યોગ્ય પુષ્ટિની જરૂર છે. એક વાર બાળકઅવસ્થામાં હાડકાં સ્નાયુ જે બંધાય તે મોટપણમાં બહુ સુધરતાં નથી. માટે આ બાબતને નજીવી ગણીને તે તરફ માબાપોનું દુર્લક્ષ થાય છે તે ન થવું જોઇએ.

દૂધની બાબતમાં ખાસ લખવાનું તે એ કે દૂધ મોટાંઓને ઘણી વાર વિકારોની અસમતોલ અતિશયતાને લીધે જ ભાવતું નથી. ઘણી સ્ત્રીઓ ને ઘણા પુરુષો આ બાબતમાં લગભગ hysterical અભાવ ધરાવે છે. પણ તેઓ પ્રયત્નથી દૂધ ચાખી જોવાનો નિશ્ચય કરે તો તેમનો અભાવ દૂર થઈ શકે છે. દૂધ કાંઇ એરંડીયા કે કારેલા જેવી પ્રથમતઃ ન જ ભાવે એવી વસ્તુ નથી. પણ ઉલટું અવિકૃત સ્વાદને પ્રથમ ભાવે એવી વસ્તુ છે. બાળકોને સામાન્યતઃ દૂધ ભાવવું જોઇએ એને બદલે ઘણી જગ્યામાં ઘણા માણસોને એમ લાગે છે કે બાળકોને દૂધ નહિ ભાવે, માટે તેમને ખાટું ખારું કે ફરસાણ ખવરાવવું જોઇએ. એ માન્યતા ભૂલ ભરી છે. માટે બાળકોને ઉછેરતાં માબાપોને વિનંતિ છે કે:-

૧ તેઓ બાળક ઓછામાં ઓછું બે વાર દૂધ પીએ એમ ધ્યાન રાખે એકનું દૂધ પીવા કરતાં રોટલા, રોટલી કે ભાત સાથે બવાય તો વધારે સારું

૨ ઘરમાં બાળકોના ખોરાકમાં તો દૂધ હોય જ એવી ટેવ પાડવી

૩ ચા, કૉફી આદિ બાળકોના ખોરાકથી સો ગાઉ દૂર રહે એમ કરવું. એ સાધવા માટે માબાપોને પોતાની ચા પીવાની ટેવ વખતે છોડવી પડે તો તે માટે પણ તેમણે તૈયાર થવું.

૪ તેઓએ પોતાનો દૂધ પ્રત્યેનો અભાવ જાહેર કરવો નહિ. ખાસ કરીને hysterical અસમતોલ અભાવ તો છોડી જ દેવો; ને તે પ્રયત્નથી જઇ શકે છે એમ લેખક સ્વાનુભવથી ભલામણ કરી રાખે છે. ઘરમાં દૂધનું સ્થાન ને માન બાસ કરીને બાળકો પરત્વે બરાબર નક્કી થઇ બનય તો પછી મોટાઓને પ્રત્યક્ષ બાળકો સાથે દૂધ પીવાની જરૂર પડતી નથી.

૫ દૂધ પરત્વે બર્થનો પ્રશ્ન કોઇએ વિચારવો નહિ બાળકને બે કપડાં ઓછાં પહેરાવવાં, ઘરેણા કરવા જ નહિ, પણ તેની વધતી ઉમરે તેને દૂધ આદિ પુષ્ટિકર ખોરાક જરૂર પૂરો પાડવો.

બાળકને દૂધ આપવા બાતર ચોરી કરવી પડે તો તેમાં પણ પાપ નથી એમ કહેવાનું મન થાય છે. એટલું ન કહીએ તો પણ ગમે તેમ કરીને બાળકને દૂધ પૂરું પાડવું એટલું તો કહેવું જ જોઇએ.

તા.

બાળકો અને ઊંઘ

જૂદી જૂદી વયે ઊંઘની સરેરાશ જરૂર નીચે પ્રમાણે ગણવામાં આવી છે.

જન્મ પછીના થોડાએક અઠવાડિયાં સુધી બાળક લગભગ બધો વખત ઊંઘે છે. બે માસનું થતાં તે લગભગ વીશ કલાક ઊંઘ લે છે. ચાર વર્ષનું થાય ત્યાં સુધી બપોરે ઊંઘવાની જરૂર રહે છે. ચાર વર્ષે બાળકને લગભગ તેર કલાકની ઊંઘ જોઇએ છે. ૬ વર્ષે બાર કલાક, ૭ વર્ષે સાડા અગિયાર, ૮–૯ વર્ષે અગિયાર અને ૧૨ થી ૧૫ ની ઉમરે સાડા દશ કલાક ઊંઘવાની જરૂર છે.

આ અંદાજના આંકડા છે. કેટલાકોને આથી વધારે કલાકની ઊંઘ જોઇએ છે; જ્યારે કેટલાંકોને ઓછી ઊંઘ ચાલે છે. સવારે ઉઠયા પછી સ્ફુર્તિ ન લાગે તો સમજવું કે ઊંઘ પૂરતી નથી આવી. બાળકોને ખાસ કરી ઉનાળા કરતાં શિયાળામાં કલાક અર્ધા કલાકની વધારે ઊંઘ જોઇએ છે.

બાળકોને ખોરાકની જેટલી જરૂર છે તેટલી જ ઊંઘની જરૂર છે. સૂતા પહેલા કલાક દોઢ કલાક આગળથી અભ્યાસનું કામ બંધ કરવું જોઇએ. તેમજ સૂતા પહેલાં ઉત્તેજક એવી રમતો ન રમાવી જોઇએ. સૂવાનો વખત નજીક આવતો જાય તેમ તેમ બાળકોને શાંત અને સ્વસ્થ થવા તરફ લઇ જવાં. શાંતિ આપે અને પંપાળે એવી ગરમતો થવા દેવી. વાર્તાનું કથન અથવા વાર્તાનું તાણીને વાચન ઊંઘ આણવામાં સારાં મદદગાર છે. પરંતુ એ વાર્તાઓમાં બાળકની કલ્પના ભય અને અણગમાથી ઉભરાય એવું કશું ન આવવું જોઇએ. કમનસીબે બાળકો માટેની વાર્તાઓમાની ઘણી વાર્તાઓ દુઃખીને માટે દયાની, ક્રૂરતાની સામે પુણ્યપ્રકોપની ને એવી એવી ઉશ્કેરે તેવી લાગણીઓથી ભરેલી હોય છે. આવી વાર્તાઓ ન કહેવાવી જોઇએ. રાત્રે કહેવાની કે વાંચવાની કે વાંચી સંભળાવવાની વાર્તા આનંદદાયક તેમજ ખુશનુમા હોવી જોઇએ.

અંધારામાં ઊંઘવાની બાળકોને ટેવ પડવી જોઇએ પરંતુ બધાં બાળકોને આ લાગુ ન પાડવું. કેટલાંકોક nervous બાળકો કેવળ અંધારાથી

બહીએ છે ને પીડાય છે. તેઓને સૂવા જવું નથી ગમતું. સૂવાનો સમય તેમને ભયંકર ભાસે છે ! આવાં બાળકોને અંધારામાં સૂવાડવાં એ ક્રૂરતા ભરેલું છે એટલું જ નહિ પરંતુ તેથી બાળકની તંદુરસ્તીને હાનિ પહોંચે છે. રાત્રે નાની એવી બત્તી રાખવાથી બહુ બગ્યું નહિ આવે ને બિચારું બાળક એક મહાન દુઃખમાંથી મુક્તિ પામશે. દીવો એવી જગાએ મૂકવો કે જેથી બાળકની નજરે પડછાયા પડે નહિ. નાનું nervous બાળક પડછાયાથી ભડકીને બહીએ છે. જેઓના ઘરમાં બાળકોને જૂદા ઓરડામાં સૂવાડવાનો રિવાજ હોય ત્યાં બાળકો ઊંઘી જાય ત્યાં સુધી મા કે બાપાએ રહેવું જોઇએ. બાળકને ઊંઘાડવાની આ રીત સારી છે. બાળકની પથારી પાસે બેસવું, વાત ન કરવી, આંખો બંધ રાખવી ને રખાવવી અને શાન્ત વાતાવરણ બનાવવું. બાળક થોડા વખતમાં ઊંઘી જશે. રાત્રે વખતે બાળકો મિજલસમાં ગયાં હોય ને તેમને ઉજાગરો થયો હોય તો સવારે વહેલાં ઉઠાડવાં નહિ. નહિતર વળતો દિવસ તેમનો કેવળ નકામો જશે.

બાળકને સંપૂર્ણ અને સ્વસ્થ નિદ્રા મળે માટે તેમનો સૂવાનો ઓરડો અત્યન્ત શાન્ત રહે તેમ કરવું જોઇએ. શહેરોમાં અમુક ઘોંઘાટ તો ચાલ્યા જ કરે છે. તે તો અનિવાર્ય છે. પરંતુ એ સિવાય ઘરમાં બને તેટલી શાંતિ રહે તેમ જરૂર કરવું જોઇએ. ઘરમાં થતા ઘોંઘાટને તેનાં કારણો જાણી તે દૂર કર્યા કરવો. આપણે બધા મોટા અવાજ કાઢી બોલીએ છીએ, ધબ ધબ કરી ચાલીએ છીએ કે વસ્તુઓને મૂકીએ છીએ, એ બધું ઊંઘનારને અડચણ કરે છે. બેશક ઊંઘ આવે છે એટલે બાળકો આપણા અવાજો અને ગડબડ વચ્ચે ઊંઘતું જોવામાં આવે છે પરંતુ ત્યાં બાળકને ઊંઘ એટલો બધો લાભ કરતી નથી અને જો બાળક સ્વભાવતઃ nervous અને નાજુક હશે તો તેની શક્તિને ઘણું જ નુકશાન થશે.

ભૂખ, અપચો, ઠંડા પગ, અગર ઘણી વાર તો વધારે પડતાં ગરમ કપડાંથી નાનાં બાળકોની ઊંઘ ઉડી જાય છે. મોટાં બાળકોને પણ ઉપલાં કારણોથી અગર મોડી રાત સુધી અભ્યાસ કરવાથી અગર ઉશ્કેરણી થએલી હોવાથી ઉજાગરો થાય છે. ઊંઘ આવે એવી ઉત્તમ પરિસ્થિતિ હોવા છતાં બાળક ઊંઘે નહિ તો ડાકતરની સલાહ અવશ્ય લેવી.* **ગિ.**

બાલમંદિરમાં કન્યાઓ

ચોમાસાનો એક દિવસ. પહેલી રાત્રે સારો વરસાદ થયો હતો. સવારે પણ વાદળાંએ સૂર્યને બહાર મોકું કાઢવા દીધું ન હતું. બપોરે સૂર્ય ને વાદળાં વચ્ચેના યુદ્ધમાં કાંઇક સંધિ થયો હોય એમ લાગતું હતું, કારણ બન્ને સુલેહથી એક બીજાંને આડે આવ્યા વગર આકાશમાં વિરાજતાં હતાં. એક બીજાંને પોતાનો રંગ ને ગુણ આપી સંપથી ચાલતાં હતાં. તેથી સૂર્યનું ઉગ્ર મુખ સહ્ય ને કાંઇક અંશે શીતલ બન્યું હતું. વાદળાંનું કાળું ને ઉદાસીન મોંકું જરાક ધોળું ને હસતું લાગતું હતું.

કુદરતની જ થઇને કુદરતને ખોળે છૂટથી રમનાર મોટી બાલિકાઓ આજે ઓરડામાં શાની પૂરાઇ રહે? ઓરડામાં ભલેને ગમે તેવાં બાલમાનસ પ્રિય સાધનો હોય ! તમારાં ઉત્તમમાં ઉત્તમ સાધનો આખરે તો કૃત્રિમ જ ને? બાળકો તો એક પછી એક બહાર જવાનું કહીને ઓરડો છોડીને ચાલતાં થયાં. જરા વાર થઇ ત્યાં તો આસપાસની ટેકરીઓ બાળકોનાં ટોળાંથી શોભવા લાગી.

હું બારી પાસે ઉભી ઉભી બાળકોની પ્રવૃત્તિઓ કહો કે રમતો કહો, જોતી હતી. ચારથી પાંચ વર્ષ ઉંમરની છોકરીઓની મારી ટોળી દોડતી દોડતી મારી

* 'વેલફેર' માંથી ઉતારેલું.

પાસે આવી: "તારાબેન, તારાબેન, અમે તો આયાં આપા જઇ આવ્યાં. ક્યાંનાં ક્યાં ગયાં હતાં હો! તમે તો નહિ જ જોઇ હોય ઇ ટેકરી."

"હા બેન, નહિ જોઇ હોય કહાય."

"ફરી વાર જઇએ છીએ હો!"

ટોળી દોડતી કૂદતી ઉપડી. લક્ષ્મીબેન તો બારણામાંથી જવાનીયે શું કામ તસ્દી લે? એ તો બારી ઉપર ચડીને કૂદકા મારીને જ બચાની સાથે થઇ ગયા! એનું નામ મેં ઝાંશીની લક્ષ્મીબાઇ પાડયું છે તે કાંઇ અમથું?

મને વિચાર થયો: "આ છોકરીઓ પોતાની માતાઓને આવીને કહે કે તેઓ આધી આધી ટેકરીઓ જોવા ગઇ હતી તો તેઓ ખુશ થશે ખરી? તેઓ 'આધી જઇશ નહિ!' એમ હુકમ આપ્યા વગર રહી શકશે? આપણા આજના કન્યાકુછેરના મૂળભૂત સિદ્ધાંતને જ કોરે મુકેલો તેઓ સહી શકશે?"

આ બીજી ટોળી આવી, છ છ સાત સાત વર્ષની છોકરીઓની. "તારાબેન, અમે તો બાવાજીની ગુફા જોવા ગયાં હતા. ગુફામાં આપણી મોતીનાં ગલુડીયાં છે. જુઓને, આ બાબીબેન તો એક ધક્કુ એવું ગલુડીયું ઉપાડીને જ લાવી છે."

"એ તો નો'તું હાથ આવતું તે અમે ગયાં બાવાજી પાસે."

"અમે કીધું: 'બાવાજી બાવાજી જે જે. અમને ગલુડીયું પકડી દો.' બાવાજીએ પકડી દીધું. બાવાજી કહે: 'એને રોજ બશેર દૂધ પાવું પડશે.' તારાબેન, અમે એને દૂધ પાશું અને અહીં જ રાખશુ હો!"

છોકરીઓ ગલુડીયાંની સારવારમાં પડી. મને વિચાર થયો: "આ બાળાઓને બાવાજીની બીક બતાવી હોય તો? આમ ટેકરીઓમાં ને ગુફામાં છોકરીઓથી ન જવાય, ક્યાંક બાવો પકડીને લઇ જાય, ને એવી સહીસલામતીની શીખામણ આપી હોય તો? ગામની સ્ત્રીઓ આ છોકરીઓને આમ છૂટથી ફરતી જુએ તો?"

બીજું શું કરે છે તે જોવા હું ત્યાંથી બહાર આવી. એક ટોળું પીપરને વળગ્યું હતું. કુસુમબેન તો સૌથી ઉંચે ચઢીને બેઠાં હતાં એક બે છોકરાઓ ત્યાં જવાની મહેનત કરી રહ્યા હતા. આ એક બેન તો ડાળી ઉપર હીચકતી હતી. પેલાં ભાઇબેન તો ડાળી ઉપર ચડઉતર જ કર્યા કરતા હતાં!

અરે! આ ઝાડ ઉપર તો આ ચાર છોકરીઓ ને ત્રણ છોકરાઓ આંબલીપીપળાની રમત રમે છે! છોકરીઓ ને છોકરાઓ લગભગ સરખી ઉમરનાં– દશ દશ અગિયાર અગિયાર વર્ષની ઉમરનાં છે. છોકરીઓએ ઘાઘરીનો કછોટો વાળ્યો છે ને છોકરાઓએ પહેરણની બાંય ઉંચે ચડાવી છે. રમત તો ખૂબ ચકી છે.

મને વિચાર થયો: "આપણો સમાજ આ બાળાઓની ચપળતા, એમનો માનસિક અને શારીરિક આરોગ્યવર્ધક આ આનંદ ને ગમ્મત જોઇ ખુશ થશે શું? પરણાવી સંસારબંધનથી જકડાવવાને બદલે આ કન્યાઅવસ્થામાં જતી બાલાને સમાજ છૂટી મૂકે ખરો?"

મુક્ત હાસ્યનો ખડખડાટ કાને આવ્યો–મારા વિચાર સાથે ભળ્યો. મારૂં હૃદય કંપી ઉઠયું. ત્રા.

ભૂલ ન કાઢવી

બાલમંદિરમાં એક વિઝીટર આવ્યા. તેઓ ચિત્રકામમાં થોડુંએક જાણતા હશે. તેમને મેં કહ્યું: "ફરો ને જુઓ બાળકો શું કરે છે તે. તમને જાતે જ ખબર પડશે કે સ્વયશિક્ષણનું કામ કેમ ચાલે છે. એટલું જરા ધ્યાન રાખજો કે બાળકોને તમે સૂચનાઓ ન કરતા; ભૂલ તો ન જ કાઢતા."

એ ભાઇ ફરવા લાગ્યા. એક બાળક વોટર

કલર કરવા ઉઠયું. તેણે પેટી, પીંછી ને પાણીની વાડકી લીધાં. પેટી ઉઘાડીને કાગળ ટેબલ પર મૂકયો.

ભાઈ મારી પાસે આવ્યા ને બોલ્યા: "પેટી સાફ જોઇએ. એમાં રંગો કરેલા હોવાથી તેના ઉપર રંગ થશે તો રંગ બગડશે. તેમને રંગો કાઢી નાખવાનું કહેવુ જોઇએ."

મારા મનને ધીરજ હતી. હું અનુભવ-વૃદ્ધ થઇ ગયેલો. મેં કહ્યું: "જોઇએ શું કરે છે."

એટલામાં બાળક ઉઠયું અને ભીના કપડાનો ટુકડો લાવી પેટી સ્વચ્છ કરી નાખી, પીંછી ધોઇ કાઢી ને રંગ કરવા માંડયું.

મારે ભાઇને કશું કહેવાનું રહ્યું નહિ. ભાઇના લક્ષ પર એ વાત આવી કે નહિ તે નથી જાણતો, પરતુ તેઓએ તે બાબતમાં તો મૌન જ રાખ્યું.

બાળકે એક પાંદડામાં ભૂરો રંગ પૂર્યો. પૂરતી વખત બાળક એકાગ્ર અને પ્રસન્ન હતું. એક મોટા ચિત્રકારના જેટલી તેની ગંભીરતા અને સ્થિરતા હતી. તે પોતાના પ્રમાણમાં મહાન્ સર્જનાત્મક કલાકૃતિ ઉપર બેઠું હતું.

ભાઇ મારી પાસે આવ્યા ને બોલ્યા: "ભૂરા રંગથી પાન પૂર્યું તેનાં ગાંઠા પડ્યા છે. બાળકને ગાંઠા ન પડે તેમ રંગ પૂરતાં બતાવવું જોઇએ. તેણે રંગ વચ્ચે ન મૂકવો જોઇએ. છેડેથી રંગ ઉતારતા જવું જોઇએ. એમ ન કરીએ તો કદિ આવડે જ નહિ."

હું ધીરજથી સાંભળી રહ્યો. તેમનું માન રાખી મેં કશો ઉત્તર ન આપ્યો.

તેઓ બોલતા હતા તે ચિત્ર કાઢનાર બાળકો સાંભળતાં હતાં.

તેઓ મારી પાસેથી બાળકો પાસે ગયા ને એકને કહ્યું: "પીંછી આમ ન ઘોબાય; આમ ઘોબાય."

બાળકોએ ચિત્રકામ સંકેલી દીધું. તેમનાં મ્હોં પડી ગયાં. તેઓ નિરાશ થયાં.

હું તો ત્યાંથી મારે કામે ગયો હતો. લગભગ હતો ત્યાં આવીને બાળકોએ કહ્યું—જરા સંકોચ અને હાસ્ય સાથે કહ્યું: "પેલા ભાઈ અમારી ભૂલો કાઢવ કાઢવ કરે છે. કહે છે કે ચોડા પડશે ને આમ થશે. તેથી અમને ચિત્ર કાઢવાં નથી ગમતાં. અમે ચિત્રો નહિ કાઢીએ."

મેં કહ્યું: "ઠીક ન કાઢો."

બાળકો ચાલ્યાં ગયાં.

પેલા ભાઇને મેં વાત કરી ત્યારે તેઓ કહે છે: "ભૂલ શા માટે ન કાઢવી? ભૂલ ન કાઢીએ તો પછી સુધારે કયારે?"

મેં ઉત્તર આપ્યો: "તમે ભૂલ કાઢી તેનું સીધું પરિણામ તો તમારી નજરો નજર તમે જોયું. બાળકો કામ કરતાં જ અટકી ગયાં. તમારા માટે તેમના મનમાં કંઇક અનાદર થયો. ટુંકમાં તેઓની ભૂલ સુધરી કે કેમ તે બીજી વાત, પણ કામ તો ગયું જ. તેઓના કામનો આનંદ ગયો. તે દિવસના ચિત્રની પ્રવૃત્તિનો ભોગ અપાયો. તેઓનો તે દિવસનો વિકાસ અટકયો.

"બાળકને આપણે કામ કરતું અવલોકવું જોઇએ. તેની કામ કરવાની રીતમાં કે સાધનમાં ખોટ છે કે ભૂલ છે એમ લાગે તો તે શા કારણે છે તે શોધવું જોઇએ, ને તેવાં કારણો જ દૂર કરવાં જોઇએ. દાખલા તરીકે તેમની પેન્સિલ બરાબર ઘડેલી ન હોય તેથી લીંટા બરાબર આવે અગર કાગળની જાત બરાબર ન હોય તેથી

ચિત્રનો રંગ રેલાઇ જાય તો કાગળ અને પેન્સિલને બદલવાં જોઇએ.

"બાળકના કામમાં જે પૂર્વતૈયારીની અપક્વતાને લીધે ખામી દેખાય છે એમ માલુમ પડે તો તેની ભૂલ કાઢયા વિના તેને પ્રથમ જે કામ પાકું થવું જોઇતું હતું, ને જે બરાબર થયું નથી તે કરવા મૂકવું જોઇએ. દાખલા તરીકે રંગ પૂરતાં બાળક રંગનો અધુરો ખ્યાલ બતાવે છે. સરખા રંગ પૂરવા છે ત્યાં બરાબર સરખો પૂરી શકતું નથી. એકમાં લીલો થઈ જાય છે તો બીજામાં તેની નજીકનો પણ તે નહિ એવો રંગ થાય છે. આ વખતે બાળકને રંગની તખતીઓ ઉપર કામે લગાડવું. જ્યારે તે કામ પૂર્ણ થશે ત્યારે બાળકની આંખ એની મેળાએ રંગની બાબતમાં પડતી ભૂલ સુધારી લેશે. વળી ભૂલ પડવાનું કારણ બાળક હજી પૂર્ણતાને માર્ગે છે. ભૂલ પડવાનું કારણ તે સમતોલતાને રસ્તે છે. ભૂલ સુધારવાથી તે આવે એ માટે બાળકને વારંવાર જાતે જ પ્રયત્ન કરીને અધૂરાપણાને પૂરું કરવાનું છે. અને બાળકને એમ કરવાની છૂટ હોય, ટોકણી ન હોય, તેનામાં અવિશ્વાસ આવી ગયો ન હોય તો તો તે હજારો પુનરાવર્તનો કરીને તે પૂર્ણતા પ્રાપ્ત કરે જ છે. પૂર્ણતા પ્રાપ્ત કરવી એ મનુષ્યનો સ્વભાવ માત્ર છે, એમાં આપણને વિશ્વાસ હોય તો બાળકને ભૂલ કરવા છૂટું મૂકી શકીએ.

"બાળકો જ્યારે શરૂઆતમાં ત્રિકોણ ચોરસમાં લીંટા કાઢે છે ત્યારે તે આકૃતિની બહાર જાય છે. જ્યારે લાકડાની પટ્ટી ઉપર ચાલે છે ત્યારે વારે વારે તેનો પગ નીચે જાય છે ને બાળક અસમતોલ થાય છે. પણ તે એ બધું વારંવાર કરીને જ બરાબર સમતોલપણે ચાલતાં શીખે જ છે. સુંદર, પાસેપાસે, સીધા અને સમાન લીટા કાઢતાં તે શીખે જ છે. ભૂલોના રસ્તેથી પસાર થઇ જ શીખે છે. પૂર્ણતાનો રસ્તો અપૂર્ણતામાંથી જ છે.

"આ કથનનો એવો અર્થ નથી કે પૂર્ણ શું હોય, સુંદર શુ હોય, અમૂલ્યવાળું શું હોય તે બાળકને બતાવવું નહિ. સારો આદર્શ આપણે તેની આગળ મૂકીએ, પરંતુ તે ભૂલ કાઢીને નહિ. ભૂલ કાઢવામાં આપણી વૃત્તિ બાળકને હલકુ અને આવડત વિનાનુ ગણવાની છે. ભૂલ કાઢવાનું આપણા પરત્વેનુ કારણ આપણે તે સહન કરી શકતા નથી તે છે. તેમાં આપણી પોતાની ધીરજની ખામી પણ છે. ભૂલ કાઢવાને પરિણામે બાળકને પોતાની જાતમાં અવિશ્વાસ અને આપણા પ્રત્યે નારાજી થાય છે. ભૂલ કાઢી જ્યાં જ્યાં શિખામણ આપીએ છીએ ત્યાં ત્યાં આમ જ બને છે.

"પણ આદર્શ રજુ કરીએ છીએ ત્યાં ઉપદેશ જેવું નથી, ભૂલ કાઢવા જેવું નથી. કોઇ વ્યક્તિના કામની નિંદા નથી. આમ સુંદર થાય છે, આવું આમ બને છે; એમ કહેવાથી કે બતાવવાથી જેને જેને તે લેવાની જરૂર છે તે તે અવશ્ય રાજી થઇ લે છે. તેમને લીધાની બબર પણ પડતી નથી. તેમના કામમાં પડતી ભૂલો તેનાથી દૂર થાય છે તેનો ખ્યાલ સરખોયે આવતો નથી. સુંદર આદર્શ નજરે આવતાં પોતાના કામ સામે તે સહેજે રહે છે. તે સામે રાખી પ્રયત્ન કરતાં કરતાં બાળક તેને સિદ્ધ કરે છે. તેને પોતાની મેળે કરવાનો આનંદ રહે છે ને પોતાને કોઇએ શીખવ્યું નહિ છતાં કરી શકવાનો વિશ્વાસ આવે છે.

"માટે ભૂલ કાઢવાને બદલે બાળક પાસે કોઇ પણ કામ સરસ કેમ થાય તે જૂદો પ્રસંગ લઇ કરી બતાવવું. બાળકો પોતાની મેળે પોતાની શક્તિ કેળવશે ને કચાશ કાઢી નાખશે." ગિ.

મારો તમે અભ્યાસ કરો

જીવનશાસ્ત્ર, માનસશાસ્ત્ર, નવીન માનસ-શાસ્ત્ર, પદ્ધતિશાસ્ત્ર, શરીરશાસ્ત્ર વગેરે પંડિતને મોઢે હતાં. શાસ્ત્રોનો એ ખાં હતો. જબરજસ્ત અભ્યાસી હતો. ગ્રંથોના ગ્રંથો ઉથલાવતો હતો. નોંધો રાખતો હતો, તુલના કરતો હતો, વિવેચન લખતો હતો.

બાર ઉપર બે વાગ્યા. વાંચતાં વાંચતાં ઊંઘી ગયો. સ્વપ્નામાં પંડિત વાંચવા ઉઠ્યો. પુસ્તકાલય ઉઘાડે છે: પુસ્તકને એ કાઢે છે. લ્યાં?.....શું થયું? પુસ્તકાલય સાવ ખાલી! એક પણ પુસ્તક ન જડે!

ધારી ધારીને જુએ છે તો પુસ્તકને ઠેકાણે બાળક છે. આજુબાજુ પુષ્પઝાડની વાડી છે. કબાટ અને પુસ્તકો ગૂમ થયાં છે.

બાળક રમતું હતું, હસતું હતું, ફૂલોને સૂંઘતું હતું, પતંગિયા પાછળ દોડતું હતું.

પંડિત નિરાશ થયો. "આ શું થયું? મારાં પુસ્તકો કયાં ગયાં? આ બાળક અને આ બાગને હું શું કરું? અરે મારાં પુસ્તકો? હવે હું શું વાંચીશ? કયાંથી વાંચીશ?" નિરાશ થઇ આઘો બેસ્યો.

બાગમાંથી અવાજ આવ્યો: "પંડિતજી, આમ પધારો. આ રહ્યાં તમારાં પુસ્તકો. આ રહી તમારી પાઠશાળા."

પંડિતજી પાછા ફર્યા. "અરે! કયાં છે મારાં પુસ્તકો? કયાં છે મારાં કબાટો? અહીં તો બાળક છે." નિરાશ થઇ પીઠ ફેરવી.

ફરી અવાજ આવ્યો: "પીઠ ના ફેરવો પંડિતજી! આ પડ્યાં તમારાં પુસ્તકો ને આ રહ્યા તમારા જ્ઞાનભંડારો!"

પંડિતજીએ રહેમ ફેરવ્યું. પુસ્તક કયાં હતાં? એ જ બાળક રમતું હતું, હસતું હતું, ફુલોને સૂંઘતું હતું, પતંગિયાને ઉડાડતું હતું.

પંડિતજી નિરાશ થયા: જવા લાગ્યા.

"પંડિતજી આમ જુઓ." બાળક બોલી ઉઠ્યું. "આ હું તમારૂં પુસ્તક છું. હું તમારૂં માનસશાસ્ત્ર ને હું તમારૂં શરીરશાસ્ત્ર. હું તમારૂં નવું માનસ ને હું તમારી પદ્ધતિ. મને તમે જુઓ, મને તમે વાંચો, મારો તમે અભ્યાસ કરો."

પંડિતજીની આંખ ઉઘડી ગઇ. પાસે દીવો જગતો હતો: મોટું પુસ્તક અધખોલું પડ્યું હતું.

ગિ.

ધારો કે—

ધારો કે હું રાજા હોઉં તો?

તો કેળવણી ફરજીયાત કરૂં. મારા રાજ્યમાં નિરક્ષરતા ન જોઇએ.

ધારો કે હું દિવાન હોઉં તો?

તો શિક્ષકોનો પગાર વધારૂં. મારા શિક્ષકો ભૂખે મરતા ન જોઇએ.

ધારો કે હું કેળવણીનો વડો હોઉં તો?

તો શાળામાંથી શિક્ષા અને ઇનામ હદપાર કરૂં. પ્રજાના બાળકોને મારાથી ગુંડા બનવા બાયલા ન બનાવાય.

ક.

ધારો કે હું નિરીક્ષક હોઉં તો ?

તો હું શિક્ષકના ગુણોને બહાર આણું ને ભૂલો સુધારવાની તક આપું. મારે મારા શિક્ષકને ચડાવવા છે.

ધારો કે હું પરીક્ષક હોઉં તો ?

તો શિક્ષકને શીખવતાં આવડે છે કે નહિ તેની હું પરીક્ષા કરું. કોઈને હું નાપાસ ન કરું. બાળાને કેમ શીખવાય તેની હું સમજણ આપું. મારે પ્રગતિ જોઈએ છે.

ધારો કે હું હેડ માસ્તર હોઉં તો ?

તો હું કહું તે કરી બતાવું: જાતે જ શીખવી બતાવું. શિક્ષકને મિત્ર ગણું, વિદ્યાર્થીઓને હું દીકરા ગણું, શાળાને નાનું એવું કુટુમ્બ ગણું.

ધારો કે હું શિક્ષક હોઉ તો ?

તો હું વિદ્યાર્થીઓને સમજાવી શીખવું, ધીરજથી શીખવું, મન સમજીને શીખવું, ભાવે તે શીખવું. મારે સૌને એક લાકડીએ નથી હાંકવા.

ધારો કે હું શાળાનો પટાવાળો હોઉ તો ?

તો હું શાળાને અત્યંત સ્વચ્છ રાખું. એક બાવું ન રાખું. રજ તજને કાઢયા જ કરું. હરામનો પગાર ન લઉ.

ગિ.

પાટીમાં થૂંક

પાટીમાં થૂંક નાખીને પાટી સાફ કરવાની ટેવ વિષે કેટલો અણગમો બતાવવો તે સમજાતું નથી. છોકરાંઓ થૂ કરીને પાટીમાં મોઢાનો ગંધાતો મેલ નાખી તેને હાથથી ફેરવી પાટી ભીની કરી પેરણની બાંયથી કે બાળથી લૂછ નાખે છે. આ જોઈ મનને આઘાત થાય છે. પણ છતાં શિક્ષક તે ઠંડે પેટે જુએ છે ને બાળકોને તેમ કરતાં સૂગ નથી આવતી, ને શરમ પણ નથી આવતી. પાટી પાણીથી સાફ થાય. થૂંક નાખી સાફ કરી નાખવું એ જંગલી-પણું છે, અસંસ્કારીપણું છે, ગંદાપણું છે. મોઢાના જંતુઓને એવી રીતે બહાર કાઢવામાં આરોગ્યની હાનિ છે. એમાંય આ એટલું બધું ઉઘાડું છે છતાં તે પ્રચલિત છે ને કેવળ ક્ષમ્ય છે. કોઈ પણ શાળાનો સારો શિક્ષક આ જૂની કુટેવને એક ક્ષણ પણ રાખી ન શકે. ઘરમાં માબાપ પણ આ ટેવને જતી ન જ કરી શકે. પણ તેનો ઉપાય શો ? ઉપાય બીજી નવી ટેવ પડાવવી. અર્થાત્ બાળકને બીજી રીતે પાટી સાફ કરવા તરફ લઈ જવું. બાળકને આ બાબતમાં વઢવાથી અર્થ ન સરે. તેથી તે છાનું કરે: કરીને જૂઠું બોલે. કર્યા પછી કોકને માથે ઢોળે. ઉપદેશ કરવો પણ વ્યર્થ છે. ઉપદેશ કરવાથી પડેલ ટેવ ન જાય. ટેવને લીધે તો થઈ જ જાય. એથી તો બાળક માત્ર સારૂ કહેવામાં આવે છે તે નથી કરી શકતું તેનો તેને શોક રહે છે, અથવા તો "એ તો ફાંફા કરે, આપણાથી બીજું કયાં થઈ શકે છે ?" એમ સમજી કહેનાર પરત્વે નીંભરું થઈ જાય છે. ઉપાય નવી ટેવ પડે તે માટે નવી પરિસ્થિતિ આપવાની છે.

આ માટે ડાબલી અને પોતું કેટલીએક શાળાઓ વાપરે છે. પણ ડાબલી કટાઈ જાય છે એટલે પાણી લાલ થાય છે ને પોતું ગંધ મારે છે. આથી થૂંકને ટકોર મારે તેવા બીજા મેલથી પાટી ધોવાનું બને છે.

દરેક શાળામાં પાટી ધોવા માટે પાણીની

બાલ્દી રખાય, પાસે ગરણું બંધાય ને બાળકનેં બતાવી દેવાય કે પાટી પર એ ટીપાં પાણી નાખી સાફ કરવી ને પછી લૂછવી.

બીજી રીત પાણીનાં બીન્નાં પોતાંઓ એકાદ રકાબીમાં રાખવાની અને તે ઉપાડીને પાટીઓ લૂછાવવાની છે. આ પોતાંઓ હમેંશ ધોવાઇ જાય તે જોવાનું રહે છે.

ત્રીજી રીત વાદળીનો ટુકડો રકાબીમાં રાખવાની છે. બાળક ભીની વાદળીથી પોતાની પાટી સાફ કરે ને પછી લૂગડાના ટુકડાથી તે કોરી કરે. વાદળીથી નકામું પાણી ઢોળાશે નહિ, પાણી ઢોળાયાની ગંદકી થશે નહિ ને પાટી બરાબર સાફ થશે. પાછળથી વાદળીઓ પાણીમાં ધોવરાવી નાખવી ને આઠ દિવસે ગરમ પાણીમાં ઉકાળી કાઢવી.

આ સિવાયના સૂઝે તે ઉપાય શિક્ષક લઇ શકશે પરંતુ તેણે એ વાતનો તો નિશ્ચય કરવો જ જોઇએ કે છોકરાંઓ પાટીમાં થૂંક ન નાખે. થૂંક નાખવું ગંદુ છે, જંગલી છે, અરસિક છે, રોગ કરનારૂં છે. આ શબ્દો આપણા મનમાં કોતરાઇ જ રહેવા જોઇએ. ગિ.

વર્ગમાં

વર્ગમાં હું આનંદિત ચહેરે જઇશ.

વિદ્યાર્થીઓના નમસ્કાર પ્રેમપૂર્વક ઝીલીશ.

તેમની વચ્ચે બેસીશ ને તેમની બબર અંતર પૂછીશ.

તેમનાં કપડાંલત્તાં, આંખ અને નખ તપાસીશ ને સાફ કરાવીશ.

પછી સૌને કહીશ: "ચાલો આપણે આંખો મીચી શાંત બેસીએ."

તે વખતે હું એકાદ ભજન ગાઇશ, યા એકાદ વાર્તા કહીશ.

હસીને હું તેમને કહીશ: "પાઠ તૈયાર ન થયા હોય તો કરી લ્યો."

જેઓ પાઠ કરી લાવ્યા હશે તેમના હું લેવા માંડીશ.

જેમને પાઠ આવડ્યા હશે તેમને હું શીખવવા મોકલીશ.

પાઠ પૂરા કરી સૌની સાથે રમવા ઉપડીશ.

પછી સૌ ભેગા મળી પ્રાર્થના કરી ઘેર જઇશું.

ગિ.

પ્રાથમિક શાળાનાં શિક્ષક ભાઇ–બેનોને

આપ 'શિક્ષણ પત્રિકા' વાંચતાં જ હશો. પ્રાથમિક શાળાને ઉપયોગી એવા વિષયો પણ એમાં મુકાય છે, તે તરફ આપે લક્ષ આપ્યું હશે.

આપને પુછીએ કે અમે અત્યાર સુધીમાં આપને કંઈ મદદગાર થઇ શકયાં હોઈએ? આપને તાત્કાલિક ઉપયોગી થાય એવા બીજા કયા કયા વિષયો ઉપર લખાવું જોઇએ એમ આપનું કહેવું છે? ઉત્તર લખશો.

શ્રી.દ. મૂ. બાલમંદિર: **ભાવનગર**
તારીખ ૨૮–૯–૨૭

લિ. આપનાં
ગિજુભાઇ અને તારામેન

ગ્રાહકોએ પત્રવ્યવહાર વખતે રેપર ઉપરનો પોતાનો ગ્રાહક નંબર અવશ્ય લખવો.

કેળવણી વિષયક પત્રો–સામયિકો

આપણે ત્યાં હજુ આટલાં જ પત્રો આ વિષયમાં પ્રગટ થાય છે. દરેક પત્ર શિક્ષણની સેવા ભાવ પૂર્વક કરી રહ્યુ છે.

નામ	તંત્રી	લવાજમ
સૌરાષ્ટ્ર શિક્ષક (ત્રૈમાસિક)		૧–૮–૦
	એમ. સી. પટેલ; મેલ ટ્રેનિંગ કોલેજ-રાજકોટ	
કેળવણી (ત્રૈમાસિક)	કડી	૧–૦–૦
	છગનલાલ ના. પટેલ ક. પા. કે ઉ. મંડળ	
શ્રીદક્ષિણામૂર્તિ (ત્રૈમાસિક)		૪–૦–૦
	નૃસિંહપ્રસાદ કા. ભટ્ટ–ભાવનગર	
ગૂજરાત શાળાપત્ર (માસિક)		
	મૂળજીભાઇ હી. ચોકશી–અમદાવાદ	૧–૮–૦
છાત્રાલય (માસિક)		૧–૦–૦
	નૃસિંહપ્રસાદ કા. ભટ્ટ–ભાવનગર	
શિક્ષણ પત્રિકા (માસિક)		૧–૦–૦
	ગિજુભાઈ અને તારાબેન–ભાવનગર	

બાળકોનાં માસિકો

આજે ગૂજરાતમાં નીચેનાં બાલમાસિકો બહાર પડે છે. તેમના તંત્રીઓ યથામતિ યથાશક્તિ બાલ-વિકાસને પોષવાનો પ્રયત્ન કરી રહ્યા છે એમને આપણે વધાવીએ.

નામ	તંત્રી	લવાજમ
કુમાર	રવિશંકર મ. રાવળ-અમદાવાદ	૩ ૯)
બાળમિત્ર	,,	૩. ૪)
	આશાભાઇ પટેલ અને ચંદ્રશંકર ભટ્ટ–આણંદ	
બાલજીવન	રમણલાલ ના. શાહ–વડોદરા	૩. ૩)
બાળક	ભીખાભાઈ પુ. વ્યાસ-ગોધરા	૩. ૧૧)

આ વર્ષે બાલમિત્ર, બાલજીવન અને બાળકના ખાસ અંકો દીવાળી ઉપર પ્રગટ થવાના છે.

શિક્ષણનો નવો ફાલ

મોન્ટીસોરી પદ્ધતિ ૨–૦–૦
ગિજુભાઇ દ. મૂ. પ્રકાશનમંદિરઃ ભાવનગર

બાલમંદિરને દર્શને ૦–૬–૦
ગોવિંદરામ ઠાકર–શારદામંદિરઃ અમદાવાદ

ગૂજરાતી ભાષામાં શિક્ષણનાં પુસ્તકો

વિશ્વભારતી	રવિન્દ્રનાથ ટાગોર
શિક્ષણનો આદર્શ	,, ,,
કેળવણીનું શાસ્ત્ર અને તેની કળા ભાગ ૧–૨	હ. ધ્રુ. કાંટાવાળા
શિક્ષણનો ઇતિહાસ	સ્વ. કાંત
કેળવણીના પાયા	કિ. ધ. મશરૂવાળા
ટૉલ્સટૉય અને શિક્ષણ	અર્નેસ્ટ કોસણી
શિક્ષણ ચંદ્રિકા	હિ ગ. અંનરીયા
કિન્ડરગાર્ટનસંબંધી છ લેખો	,,
શિક્ષણશાસ્ત્રનાં મૂળતત્ત્વો	ક. પ્રા. ત્રિવેદી
કેળવણીની કળા	ગાંડાભાઇ પ્રા.દેસાઇ
નવી બાળકેળવણી	શ્રીમતી સ્નેહલતા પગાર
મોન્ટીસોરી શિક્ષણપદ્ધતિ	છો. બા. પુરાણી
ભારતીય શિક્ષણનો ઇતિહાસ	જની અને નેશી
શિક્ષણ વ્યાખ્યાનમાળા	ગૂજરાત વિદ્યાપીઠ
જાપાનની કેળવણી પદ્ધતિ	ડબલ્યુ એચ. શાર્પ
બચપણનો બહાર	એક માતા
શિક્ષક અને શિક્ષણ	શ્રી દ. મૂ. ભવન
પરિચય પદ્ધતિ	,,
છાત્રાલય કમિશનનો અહેવાલ	,,
વિદ્યાર્થીઓનું માનસ	હરિશંકર ત્રિવેદી
વાર્તાનું શાસ્ત્ર	ગિજુભાઇ
મોન્ટીસોરી પદ્ધતિ	,,

વાર્ષિક લવાજમ રૂા. એક. લખોઃ તંત્રી, શિક્ષણ પત્રિકાઃ શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર, ભાવનગર
શ્રી 'સરસ્વતી' છાપખાનું, અજીજ બિલ્ડીંગમાં પારી. ભીખાભાઇ ગોપાળજીએ છાપી.

શિક્ષણ પત્રિકા

(મૉંટીસોરી સંઘ)

વર્ષ ૨ જું
૧૯૮૪

અંક ૯ મો
કાર્તિક

: તંત્રી :
ગિજુભાઇ
તારાબેન

આપણે જ આપણા સ્રષ્ટા છીએ. આજે વિચાર કરીએ કે આપણે તો આમ કરવું છે ને કાલે તે કરવા શક્તિમાન થઇશું. આજે આપણે ધારીએ કે આવતી કાલ આવી પડે ને તે જરૂર એવી જ પડશે. આજમાંથી કાલ આવે છે ને આપણી આજ ઉપર કાલ અવલંબે છે. આપણે આજને બરાબર સમજીએ, આજને આપણે બરાબર જીવીએ, આજે આપણું જીવન સાર્થક કરીએ. પછી તો કાલ કેવી પડશે તે આપણે જાણીએ જ છીએ. આજ એ મહત્ત્વની ઘડી છે. આજને પકડીને એના ઉપર મેખ મારીએ તો કાળ અને કાલના ઉપર આપણો વિજય છે.

બાળઅવલોકન

બાળકનું અવલોકન કરી તેને જાણવાની ઇચ્છા હોય અને તે જ્ઞાન ઉપર બાલમાનસશાસ્ત્ર રચવું હોય તો તેને પદ્ધતિ અનુસાર અવલોકવું પડશે.

આ પદ્ધતિ વનસ્પતિ, પ્રાણી, ખગોળ વગેરેના શાસ્ત્રકારોએ નિશ્ચિત કરેલી છે. એનો પહેલો નિયમ એ છે કે જેને અવલોકવું હોય તેને પોતાના ધર્મો તે સંપૂર્ણપણે અને સ્વતંત્રતાથી કરી શકે તેવી રીતે મૂકવું–રહેવા દેવું–જોઇએ. અર્થાત્ આપણા અભ્યાસના વિષેયને તેની સ્વાભાવિક સ્થિતિમાં અવલોકવું જોઇએ. સિંહને પાંજરામાં પૂરીને અવલોકશું તો તેની બાસિયતો જણાશે નહિ. વનમાં વનના રાજા જેમ સ્વૈર ગતિથી ફરતો છૂટો સિંહ ખરા અવલોકનનો વિષય છે. પાંજરે પૂરેલુ પક્ષી અવલોકવા યોગ્ય ન ગણાય. બંધનયુક્ત સ્થિતિ વિકૃત છે. ત્યાં જે બનતું હોય તે સાચું નહિ પણ ઉપરનું, પરવશતાનું બનતું હોય છે. માટે બાળ-અવલોકનમાં પ્રથમ નિયમ એ છે બાળકને સ્વતંત્ર સ્થિતિમાં અવલોકવું.

સ્વતંત્ર સ્થિતિ એટલે સ્વતંત્ર હીલચાલ કરવાની સ્થિતિ. બંધીયાર જગા કે જ્યાં બાળકને શરીરને દોડાવવાનું પણ ન મળે ત્યાં વસતા બાળકનુ અવ-લોકન અધૂરું છે. શરીરથી છૂટું, છૂટી જગામાં વિહરતું બાળક સાચો વિષેય છે. મોટું મેદાન કે જ્યાં બાળકો મનમાં આવે તેમ જઇ કૂદાકૂદ કે નાચા નાચ કરી શકતાં હોય અગર કોઈ પણ સ્થળ કે જે સ્વતંત્ર ગતિ માટે પૂરતું હોય તે યોગ્ય સ્થળ છે.

વળી બાળકની સ્વતંત્ર સ્થિતિ એટલે આપણાથી અને આપણા નિયમોથી છૂટી સ્થિતિ. બાળક જ્યારે આપણા હુકમને અનુસરીને કોઇ ક્રિયા કરતું હોય છે, બાળક જ્યારે આપણે માટે–નહિ કે પોતાને ગમે છે માટે–કાર્ય કરતું હોય છે, ત્યારે તે પોતાના ખરા સ્વરૂપમાં નથી હોતું. તેમાં આપણે જે જોઇશુ તે આપણું રૂપ જોઈશું. તેની ક્રિયા આપણી ઇચ્છા કે હુકમના પ્રતિબિમ્બ રૂપ છે. માટે અવલોકન અર્થે બાળકને છૂટી જગામાં અને આપણા બંધનથી છૂટું કરવું જોઇએ.

વળી નાનપણથી જ આપણા હમેશના કહક ર્તન ઉપરથી બાળક જાણી શક્યું છે કે તે આપણી આગળ ખુલ્લું થઇ શકે નહિ. આપણે તેની જરાક ભૂલ થઇ કે ઉપદેશ આપેલો છે, આપણે તેને વઢેલા છીએ, વખતે શિક્ષા પણ કરી છે વળી આપણે તેના અંતરના વેગને કદિ આલ્હાદથી અભિનંદ્યો નથી. ઉલટું બાળક અને તેની નાની કૃતિઓ કે મનઓ તરફ દુર્લક્ષ રાખ્યું છે, ને તેના તરફ તિરસ્કાર પણ બતાવ્યો છે. આપણે તેને ગમતું ન હોય છતાં રમાડ્યું છે ને તેને ગમ્યું છે ત્યારે ધ્યાન પણ નથી આપ્યું. આથી બાળક આપણાથી વિમુખ છે. તે ઉઘડેલું નથી હોતુ તે છુપાઇને જાય છે. તે પોતાના અંદરના આત્મા ઉપર ઢાલ કે કવચ રાખીને બધું કામ કરે છે. આથી તેને ખરેખર અવલોકવું બહુ અઘરૂ છે. આ જાણ્યા પછી આપણે બાળકને નિર્ભયતા આપવી પડશે બાળકને જ્યારે એમ લાગશે કે હું એવા વાતાવરણમાં છુ કે મને હમણાં કોઇ વઢશે નહિ, કોઇ ના નહિ કહે, કોઇ દોડીને આંચકી નહિ લે, કોઇ ખીજાઇ નહિ જાય, કોઇ રોળા નહિ–બતાવે ત્યારે તે ખીલશે, અંદર જેવું હશે તેવું જ બહાર આવશે ને ત્યારે આપણે તેને ખરેખરૂં અવલોકીશુ. માટે સાચા બાળઅવલોકનનો એક બીજો નિયમ એ ગણવો કે બાળક સદૈવ આપ-ણાથી નિર્ભય હોય. તેને ખાત્રી હોય કે ગમે તેવું કરીને મોટાઓને કે શિક્ષકને તે કહી તો શકાય જ છે. તેઓ શુ કરવું જોઇએ અને શું ન કરવું જોઇએ તે પણ બતાવશે. વખતે ભૂલ થશે તો ન થાય તેનો

માર્ગ બતાવશે પણ ઉઘડા તો નહિ જ લે, એવી તેના મનમાં શ્રદ્ધા હોવી જોઇએ.

શાળામાં ભણતાં બાળકોનું અવલોકન નકામું છે. શાળાના નિશ્ચિત અભ્યાસક્રમ અને સમયપત્રક પ્રમાણે જે બાળકને વર્તવું પડે છે તે બાળક પોતાના ખરા રૂપ રંગમાં હોતું નથી. તેની પરિસ્થિતિમાં તે કેવું દેખાય છે તે જોવા પૂરતું તે અવલોકન કહી શકાય. પણ તેના માનસના ખરા ગુણધર્મો જાણવા માટે તેને જાતે શિક્ષણ લેતું જોવું જોઈએ. જ્યારે બાળક સ્વયં પ્રેરણાથી કોઇ પણ એકાદ કામ પાછળ પડયું હોય ત્યારે તેને અવલોકવા બેસીશું તો તેની સમગ્ર શક્તિનો ખરો ખ્યાલ આવશે. તે પોતાને મન-ગમતી ક્રિયા ઉપર એકાગ્રતાનો અસાધારણ પ્રકાર બતાવશે. તેની બુદ્ધિશક્તિની સૂક્ષ્મતા જોવામાં આવશે. તેની ક્રિયાશક્તિનું ચમત્કારિક બળ નજરે પડશે. તે વખતે આપણને એક નાનું બાળક કેવું જબર બળવાળું છે તે જણાશે. કીડી પોતાની જરૂરીઆતથી પોતાના કામ પાછળ પડી હોય ત્યારે જ તેના અવલોકનમાંથી કીડીની ખરી ખાસિયત જણાય છે. એમ જ બાળક પરત્વે છે. પરાણે ભણતું કે કામ કરતું બાળક સંકોચ પામેલું કે ધુરકાએલું હશે. તેથી તે મંદ હશે; અવ્યવસ્થિત હશે. તેનો અંતરાત્મા મેલો થઇ ગયો હશે. આથી તેનું સાચું પ્રતિબિમ્બ નહિ પડે. માટે બાલમાનસશાસ્ત્રીઓએ સ્વયં સ્ફુરણાથી સ્વતંત્ર સ્થિતિમાં કામ કરનારાં બાળકોને શોધવાં ને તેમને જોવાં.

કોઈ પણ બહારની ઉત્તેજનાથી રંગાએલાં કે ઉશ્કેરાએલાં બાળકોનું અવલોકન પણ ઉપયોગ વિનાનું છે. ઉત્તેજનથી ઘડીક જોસ આવે છે; ઉપરનો દેખાવ પણ થાય છે. પણ થોડા જ વખતમાં પાછું બધું બેસી જાય છે ને માણસ ઢીલો થઇ પડે છે. ઉત્તેજન કૃત્રિમ છે ને તેમાં થએલું અવલોકન કૃત્રિમતાનું અવલોકન છે. બાળકો જ્યારે સાહજિક સ્થિતિમાં હોય ત્યારે તેને અવલોકવાં જોઇએ. તેઓ પ્રેરિત નહિ પણ સ્વયંસ્ફુરિત રમતો રમતાં હોય છે ત્યારે તેઓ ત્યાં બરાબર પ્રગટ થાય છે. તેઓ અંદરથી કેવાં જોરદાર અને વિકસેલાં અણવિકસેલાં છે તે ત્યાં જણાશે. તેઓ રમતોમાં સારાં દેખાશે ને વખતે ભયંકર પણ લાગશે. પણ તે વખતે તે છે તેવાં જણાશે તો ખરાં જ. તેમાં બાલમાનસની તંદુરસ્તી જણાશે ને જેમનામાં વિકૃતિ આવી ગઇ હશે તેમની વિકૃતિ પણ જણાશે. આ બધાનો શો ઉપાય એ તો અવલોકન પછીની વાત છે. પરંતુ અવલોકન આ બધું આપણી નજરે લાવશે. ને અવલોકનમાં આપણે તે જ શોધવું છે. જ્યારે બાળકને મન - પોતાની તમામ પ્રવૃત્તિઓ સ્વતંત્ર રમતો જેવી લાગશે ત્યારે તે બધો વખત અવલોકનયોગ્ય રહેશે. જ્યાં 'કામ ત્યારે કામ અને રમત ત્યારે રમત' એવા સૂત્રનો સ્વીકાર બાલશિક્ષણ કે બાલઉછેરમાં હશે ત્યાં બાળક કામ અને રમતને જૂદું પાડતું હોવાથી, જે કામ એટલે તો કરવું જ પડે, કામ પૂરું કયારે થાય અને રમતમાં કયારે જોઇએ એમ હશે ત્યાં આપણે જે અવલોકનની આશા રાખીએ તે ન થાય. સ્વાભાવિક જીવન એ અવલોકન માટે ઉત્તમ સ્થિતિ છે.

જેમ ઉત્તેજનથી આવેલી કૃત્રિમતા અવલોકન માટે વિરોધી છે તેમજ વાતાવરણની એક પ્રકારની ઠંડાઇ પણ વિરોધી છે. છોડ અતિ તાપમાં સૂકાઇ જાય છે તેમ બરફની ઠંડીમાં ચીમળાઇ જાય છે. બંને અતિશયતા વિકાસવિરોધી છે. માટે તેના વાતાવરણમાં ઠંડાઇ ન જોઇએ. વસંતની ખુશનુમા જોઇએ. આપણાં હૃદયો પ્રસન્નતાથી ભરેલાં જોઇએ. આપણો તેના પ્રત્યે આદર, નહિ કે પેમલાપણું, જોઈએ; આપણી તેના તરફ અભિમુખતા, નહિ કે ઝૂકમવાપણું, જોઇએ; આપણી તેને હુંફ, નહિ કે ટેકો, જોઇએ; આપણે પોતે જીવંત, નહિ કે મરેલા, જોઇએ. અર્થાત્ બાળક જે વાતાવરણમાં સો ટકા ખીલી ઉઠે તેવું પોષક વાતાવરણ બાળકને મળતું હોય

ત્યાં તેના ખરા સ્વરૂપમાં બાળક વિકસે ને ત્યાં તેનું અવલોકન કરવા જવું જોઇએ. જેમને રાત્રી થવું હોય તેઓ તો ઉત્તમ પરિસ્થિતિ જ શોધે.

તે પરિસ્થિતિમાં બાળકનું અવલોકન બોટું છે કે જ્યાં વિકાસક તત્વો જ નથી—અગર તો વિઘાતક તત્વો છે. સહરાના રણમાં કમળનો વિકાસ અવલોકી નહિ શકીએ. વિલાયતની ઠંડીમાં ગરમ દેશમાં ઉછરતાં અને હવામાં વધતાં ઝાડ વગેરેનો બો વિકાસ જાણી નહિ શકીએ. નવી પરિસ્થિતિમાં અથવા વિપરીત પરિસ્થિતિમાં અભ્યાસના વિષયને જોવું જાણવું એ જૂદી વાત છે. માટે અવલોકનમાં એક આ વાત પણ ધ્યાનમાં રહેવી જોઇએ કે અવલોકાતું બાળક સંપૂર્ણ રીતે વિકાસક પરિસ્થિતિમાં હોય.

માત્ર અનુકરણ કરતું બાળક સાચી સ્થિતિમાં નથી સમૂહમા તણાએલુ બાળક પોતે પોતે નથી. માટે બાળકને વ્યક્તિગત સ્થિતિમાં કરી રહેલ વિકાસને વખતે અવલોકવું. તેની વ્યક્તિગત શક્તિ વગેરેનો ખ્યાલ આવ્યા પછી સમૂહગત વર્તન વિષેનો તોલ બાંધી શકીશુ તેને સ્વયં સર્જનાત્મક પ્રવૃત્તિમાં જોયા પછી તેના અનુકરણની કિંમત આંકી શકીશુ.

બાળકને અવલોકી તેને જાણવું હોય તો તેને સ્વતંત્ર કરો, તેને છૂટ આપો, તેને નિર્ભય કરો, તેને અનુકૂળ એવું વાતાવરણ આપો, તેને બા-ઈના વાતાવરણમાથી દૂર કરો. ને પછી જ તેને અવલોકવા બેસો. ગિ.

બીડી છાની કેમ પીધી?

મને થયું, બસ રતુને શિક્ષા કરવી જ જોઇએ?

તેને મેં છાનોમુનો બીડી પીતાં જોયો. પણ મેં બાબોશ પકડી. હું વિચાર કરવા લાગ્યો કે શું કરવું?

મને મારૂં નાનપણ યાદ આવ્યું. મે પણ એમ એક વાર છાનામુના બીડી પીધી હતી. અને તે શા માટે? બાપા બીડી પીતા હતા તે જોઈ મને તે કેવી લાગે તે જોવાનું મન થએલું. અને છાનામુના એટલા માટે કે મોટા ભાઇને બાપાએ બીડી પીવા માટે મારેલો.

મને રતુ માટે શું કરવું તે સૂઝ્યું. મેં તેને બોલાવ્યો ને પૂછ્યું:—

"રતુ, બીડી પીવાનું મન કેમ થયું?"

"બાપુ, નાના કાકા બીડી પીએ છે તે જોઇને."

"પણ છાની શા માટે?"

"તમે વઢો એટલા માટે."

"પણ હું શું કામ વઢું?"

"અમે કંઇક એવું નવું નવું કરીએ ત્યારે તમે વઢો છો એથી એમ લાગ્યું."

'પણ તો ન વઢું તો?"

"તો છાનુ માનું ન કરું."

"પણ ઉઘાડુ કરે તે સારૂં ન હોય તો?"

'તો તમે કહેજો. ને નહીતરે અમને બબર પડશે ના?"

"કહે ત્યારે, આ બીડી પીવી કેવી લાગી?"

"બીડી પીવી સારી તો નથી લાગી. પણ છાનોમુનો પીતો હતો, એટલે મજા આવતી હતી."

"તેમાં મજા શી હતી?"

"છાનો કરતો હતો એ જ મજા. એ... કોઇને દેખવા દેતો નથી. કેવો હુશિયાર! ના પાડે તે કરૂં છું. મારા જેવો કોઈ નહિ."

"ત્યારે હવે તને બીડી પીવાની રજા આપુ છું."

"તો મને પીવી નથી ગમતી."

"કેમ!"

"એ ગમે એવી જ કયાં છે? એ તો છાનામુનામાં મજા હતી. મારે બીડી કયાં પીવી છે? એ તો જરા જોઈ જોયું કે કેવી છે." ગિ.

નાહકનું શું કામ ?

૧

એક જણ મને જોઈ નાની બે વરસની છોકરીને કહે: " લો, નમસ્કાર કરો. નમસ્કાર કરો. કરો, કરો, કરો. " નાની છોકરીના હાથ જોડી નમસ્કાર કરાવ્યા. છોકરીને કંઈ લેવા દેવા ન હતું. મને થયું: ' નાહકનું શું કામ ? '

૨

હું દેવદર્શને ગએલો. બાએ છોકરીને કહ્યું: " જે જે કરો. બેટા જે જે કરો." છોકરી તો દીવા જોતી હતી. છોકરીના હાથ પકડી બાએ જે જે કરાવ્યા. છોકરીએ નમીને જે જે કર્યાં. બા ખુશી થઈ. મને થયું: ' આ નાહકનું શું કામ ? '

૩

રસ્તામાં જતાં મેં બાપ દીકરાને જોયા. સામે એક મિત્ર મળ્યો. બાપે દીકરાને કહ્યું: " સલામ ભરો ભાઈ, ભાઈને સલામ. સલામ. સલામ. અરે આમ સલામ ! " છોકરાને ગમ્યું નાહ પણ તેણે સલામ ભરી. તેનો હાથ ઢીલો હતો, મ્હોં ઉતરી ગયું'તું. મને થયું: 'નાહકનું શું કામ ?'

૪

હું એકને ત્યાં મળવા ગયો. ભાઈની પાસે તેની દીકરી બેઠી હતી. નાની મજાની હતી. મેં તેની સામે મ્હોં મલકાવી જોયું. બાપે કહ્યું: " દીકરા, શ્લોક બોલો જોઈએ. બોલ્યો મૂકં વાળો. " દીકરી મારી લાકડી સાથે રમતી હતી. બાપ કહે: " બોલો બેટા, બોલો. પછી આપણે દીકડી બાવી છે ના ? " દીકરી શ્લોક બોલી ગઈ. મને થયું: ' નાહકનું શું કામ ? '

૫

હું એક વૈદ્યને ત્યાં દવા લેવા ગયો. વૈદ્યે દીકરાનાં વખાણ કરી કહ્યું: " આને અત્યારથી દવાની કેવી સરસ ઓળખ છે! " વૈદ્યે દીકરાની સામે જોઈ કહ્યું: "બેટા, કોયદાનની શીશી લાવો." દીકરો કુતરા સાથે રમતો હતો. વૈદ્યે કહ્યું: " જાવો છો કે ભા. જે આ ભાઈ કહેશે, દવા ઓળખતાં નથી આવડતું. જે તને તો આવડે છે બરાબર ને ?" દીકરો કવીનાઇનને બદલે સોડાની બાટલી લાવ્યો. બાપે કહ્યું: " આ કવીનાઈન છે ? જો તો બેટા, ઉતાવળમાં ભૂલી ગયો બરાબર ?" દીકરો કવીનાઇન લઈ આવ્યો. બાપે કીધું: " શાબાશ. બરોબર! " મને થયું: ' આ બધું નાહકનું શું કામ ?'

૬

રામચંદ્રને ત્યાં જઈ ચઢ્યો. રામચંદ્રે દીકરાને બોલાવી ઓળખાણ કરાવીને કહ્યું: " પેલું નવું ગાયન ગા જોઈએ ?" છોકરાને ગાવું ન ગમ્યું. તે ઉભો રહ્યો. રામચંદ્ર કહે: ' કેમ ગાને ? આ તો કાકા છે." મેં કહ્યું: " જવા દોને. રમવા દોને." રામચંદ્ર: "અરે એ તો હમણાં ગાશે. સુંદર ગાય છે !" છોકરે ગાયું નહિ. રામચંદ્ર કહે: ' કેમ રે ગાય છે કે ? આ શું ? મોટાનું માનતો નથી ! " મેં કીધું: " જવા દોને, છોકરાં છે." રામચંદ્ર ખીજાઈ ગયા. છોકરાને લગાવી દીધી: " માનતો નથી ?" છોકરે ગાવાને બદલે રૂદન કર્યું. મને થયું: ' આ નાહકનું શું કામ ? '

૭

એક સંસ્કારી દેખાતા કુટુંબનો મને અનુભવ થયો. હું બેઠો ને વાત કરતો હતો એટલામાં બાળકો આવ્યાં. તેમના બોળામાં ફૂલો હતાં. માને હોંશ થઈ આવી કે મને બાળકો ફૂલો આપે. તેણે કહ્યું: " બેટા, થોડાં ફૂલો

ભાઇને તો આપ.” “ના બા, મારે એનો હાર કરવો છે.” બા કહે: “મણુ બેટા, મહેમાન આવે તેને આપણે ના ન પાડીએ. તારા બાપાએ તને શું શીખવ્યું છે? જો આપ તો! જશી તું પહેલાં આપીશ કે વિનુ તું?” વિનુ દોડ્યો ને તેણે જશી પહેલાં ફૂલો આપ્યાં. મને થયું: ‘આ નાહકનું શું કામ?’

૮

વરસાદ હતો ને હું મારા બાળકને લઇને ફરવા નીકળેલો. રસ્તામાં વરસાદ પડ્યો ને અમે ભીંજાયા. નજીકના મિત્રને ઘેર ગયા. ભીંજાયેલ કપડે બાળકને જોઇ સવિતાબેનને થયું કે તે પોતાના બાળુનાં ચોરણી ને બમીસ આપે. તેણે તે પેટીમાંથી કાઢયાં ત્યાં તેનો મહેન્દ્ર આવ્યો.

“બા, એ તો મારાં છે મારે પહેરવાં છે.”

“તે તો પહેરેલાં છે.”

“પણ એ મારાં છે. મારે પહેરવાં છે.”

“પણ તારે તો ઘણાં છે.”

“પણ આ મારે જોવે છે.”

“ના રે ભાઈ, એમ તે થાય કે? જો એ કેવું ભૂંડું લાગે છે? આપણે આ ભાઇને આપવું જોઇએ ના?”

“ના, મારે નથી દેવાં.”

બાએ કંટાળીને ઘરમાંથી માણસ બોલાવ્યું ને કહ્યું: “આને જરા લઇ લેજો.” રડવાના અવાજ સાથે મહેન્દ્ર બહાર! મને થયું: ‘પણ આ નાહકનું શું કામ?’ ગિ.

કઇ બચલી સારી?

૧

મારી બચલી!

કાંઇ ડાહી છે બા! ઘરનું એક રમકડું ય પાડોશીને ત્યાં જવા ન દે. ઉલટું ત્યાં ગઇ હોય તો એકાદ ઉપાડી આવે!

બા, કાંઇ હોશિયાર છે! કદિયે ઘરની એક વાત કોઇને ન કહે. પૂછે તો ઉલટું ઉધું કહે!

બા, કાંઈ સમજુ! પારકાં છ પારકાં ને પોતાનાં છ પોતાનાં. બરાબર પોતા પારકાનો ભેદ સમજે છે.

બા, કાંઈ ચતુર! આપણે કહીએ કે કાકીબાને કહેજો કે ઘરમાં કોઇ નથી તો એવું કાવકું મ્હોં રાખીને બોલે કે એમ જ લાગે કે બચલી સાવ સાચું બોલતી હશે!

૨

મારી બચલી!

બા, મારી બચલી ભાન વગરની છે. આટલાં બધાં રમકડાં આણ્યાં, પણ ભાઇબંધોને જ આપી દે છે!

બા, એ તો સાવ ભોટ જેવી. સમજે જ ત્યારે કે! ઘરમાં જે થાય તે બહાર જઇને કહી આવે. પેટમાં શું રખાય ને શું કહેવાય એની અક્કર જ પડે તો કે!

બા, ઈ તો સાવ અજડ જેવી. આ આપણું ને આ નહિ એટલીયે અક્કર ન મળે! કોક આવે તો આ પોથરીને બેસે ને જે માગે તે આપે.

બા, ઇ તો તમારે સાવ ભોળી ભટાક! જરાય ખોટું બોલતાં આવડે તો કે! જેવું મનમાં એવું મોઢે. આપણને ઉલટાં પાડોશી આગળ ખોટાં પાડે! ગિ.

ન્હાવાની ના પાડી છે.

થોડાએક વખત પહેલાં અમે નાનાં બાળકોને લઇને એક નદીએ નહાવા ગએલાં. બાલમંદિરનાં ઘણાં બાળકો આવ્યાં હતાં.

નદીનું પાણી ખળખળ વહી જતું હતું. નાનાં બાળકો ગોઠણસમા પાણીમાં ન્હાઇ રહ્યાં હતાં. સામસામે પાણી ઉડાડી હસતાં હતાં. ચત્તાં પડી આકાશની સામે જોઇ રહ્યાં હતાં. કોઇ કોઇ માછલી જેમ પાણીમાં તણાતાં હતાં. બાળકોની સુંદર જળક્રીડા ચાલી રહી હતી.

હું ત્યાંથી નીકળ્યો. એક ભાઇ કાંઠે ઉભા ઉભા આ બધું જોતા હતા. મેં તેને પૂછ્યું: "કેમ ભાઇ, ન્હાઇ લીધું?" "ના." મેં કહ્યું: "ચાલો ત્યારે ન્હાઇએ." તે રડવા લાગ્યા ને બોલ્યા: "મારી બાએ ન્હાવાની ના પાડી છે." "શું કામ?" "મારી બાએ ન્હાવાની ના પાડી છે." "પણ શું કામ?" "મારી બાએ ન્હાવાની ના પાડી છે." મેં ઘણો આગ્રહ કર્યો, પણ તે ભાઇ ન્હાવા ન પડ્યા.

હું વિચાર કરવા લાગ્યો કે "શા માટે ના પાડી હશે?"

મને લાગ્યું કે માને બાળક બોટનું કે બહુ પ્રિય હશે ને સાથે જ તેને થયું હશે કે રખેને મારો દીકરો પાણીમાં પડે ને ડૂબીને તણાઇ જાય! બેશક અહીં માનો તો પુત્ર પ્રત્યે પ્રેમ જ છે. તેની સાચવણ માટે જ તેણે બાળકને પાણીમાં પડવાની ના પાડી છે, અને બરોબર બાળક પાણીમાં પડ્યા વિના ઘેર પહોંચશે એટલે તો માને પોતાની શીખામણ દૃઢતે મોકલવાની કે મનાઇ હૂકમ કાઢવાની રીતિમાં વધારે વિશ્વાસ બેસશે. પણ આ તો માતાની દૃષ્ટિએ.

બાળકની દૃષ્ટિએ માતાનો જે આ પ્રેમ છે તેની પાછળ હૃદયની લાગણી છે તેનો ઇન્કાર ન કરી શકાય. છતાં એમાં અજ્ઞાન છે અગર તો પ્રેમની લાગણીની વિકૃતિ છે. માના મનમાં સહજ હોય છે કે પોતાનું બાળક સુરક્ષિત રહે. પણ એ સાથે જ માનું મન માગે છે ને માગવું જ જોઇએ કે મારૂં બાળક શરીર, મન અને સર્વ શક્તિમાં વિકાસ પામે. બાળક પરત્વેનું અતિ મમત્વ આડે આવી તેનાં જ વિકાસમાં ઉભું રહે તો તે માતૃપ્રેમ નથી પણ માતૃસ્વાર્થ છે. બાળકને કશી ઇજા થાય એ જોવા મા ન માગે; પણ સાથે જ બાળક નિષ્ક્રિય અને અશક્ત રહે તેની ચિંતા ન રાખે તો માની બુદ્ધિ અને લાગણી અણવિકસી અને અંધ ગણાય.

ધારો કે પેલા ભાઇ વીશ વર્ષની ઉંમરે તરતાં ન આવડવાને કારણે જ એકાદ પૂરમાં તણાઇ જાય છે, જ્યારે તેના સાથીઓ નદીમાં પડીને નિર્ભય બની આસ્તે આસ્તે તરતાં શીખ્યા છે તેથી તેઓ બચી જાય છે. તે વખતે આ માતાના મનને શું થશે? તે કપાળ કુટી કહેશે કે "અરે, હું કેવી ટૂંકી મતિની કે મારા બાળકને મેં પોતે જ શક્તિમાન થતું અટકાવ્યું? મેં પોતે જ તેના હાથ પગ કાપી નાખ્યા અગર બાંધી રાખ્યા?"

અતિ કાળજી રાખનારી માતાઓનાં બાળકો સંબંધે આવું જ બને છે ને બનવું સહજ છે. બાળકનો મૂળ સ્વભાવ સ્વયં પ્રવૃત્તિથી શક્તિ પ્રાપ્ત કરવાનો છે. પરંતુ શુભ ચિંતક (!) માતા જ્યારે બાળકને બધું કરવાની ના પાડે છે ને તેને સાચવવા બધું પોતે કરે છે અગર કરાવી

દે છે, ત્યારે બાળક અક્રિય રહી સડે છે. તેની શક્તિનો થનગનાટ થોડો વખત ઉછળી પાછો પડે છે. તેનું પોતાનું વ્યક્તિત્વ વારવાર રડી રડીને પછડાયા પછી ટાઢું પડે છે ને આખરે તે હતાશ થઈ ચ શક્તિને માર્ગે જાય છે. ધીરે ધીરે તે પોતાની જાતમાં વિશ્વાસ ખોઈ નાખે છે. તેને મા એક જ સર્વજ્ઞ અને સર્વશક્તિમાન લાગે છે. તેનો બોલ એક જ શાસ્ત્રવચન થઈ પડે છે. પોતે વિચાર અને ક્રિયા ખોઈ બેઠેલો છે. તે વારંવાર માને પૂછે છે: "આ કરું? પેલું કરું?" માની 'હા ના' ઉપર તે રહે છે. તેનામાં પોતાપણું કશું રહેતું જ નથી. લોકો તેને 'માબાઘ' કે 'માવડીઓ' કહે છે અને પાછળથી તે જ 'માવડીઆને' મા કહે છે: "રોયા, આવો નમાલો ક્યાંથી થયો? રોયા, બહુ સાચવીને રાખ્યો તે બગડી ગયો" વગેરે. પણ પાછળથી આ બધું રાંક્યા પછીના ડહાપણ જેવું રહે છે.

માને પોતાના બાળકની ચિંતા રહેવી જ જોઈએ, પણ તે ચિંતા બાળકને સદૈવ ઉપકારક થાય તેવી જોઈએ. તે ચિંતા કલ્પિત ન જોઈએ; તે ચિંતા અકારણ ન હોવી જોઈએ.

માએ બાળકને એમ કહેવું જોઈતું હતું કે "ભા, તારા શિક્ષક કહે ત્યાં નહાજે. સૌ નહાતા હોય ત્યાં નહાજે. રજા વિના આટલા પાણીની પેલી મેરબહુ જતો."

અને માએ શિક્ષકને પોતાના બાળક પરત્વે ભલામણ કરવી હતી. બાળકને લઈ જનાર ઉપર ભલે આપણો પૂર્ણ વિશ્વાસ હોય છતાં માનું મન ભલામણ કર્યા વિના નથી રહેવાનું. માટે ભલામણ અવશ્ય થાય, પણ પછી માએ શિક્ષક કે જેને બાળક સોંપેલ હોય તેના ઉપર અને સર્વથી મોટા ગુરુ ભગવાન ઉપર ભરોંસો રાખતાં શીખવું જોઈએ.

બધી માતાઓના મનમાં હમેશ એવું હોતુ નથી કે કોઇનો ભરોંસો જ ન કરવો. કોઇનો માતૃપ્રેમ ભરોંસા પર નભેલો હોય છે છતાં બાળક સઘળે બેપરવાઈ નથી રહી શકતો. પણ એ લાગણીની કોમળતાને માએ બાળકના હિત માટે જ જરા કઠણ કરવી પડે. અને એ કઠણ થએલી કોમળતા જ ખરી લાગણી છે—સમતોલ લાગણી છે એમ સમજવું પડે.

ઘણી માતાઓ પોતાનાં બાળકોને આવી નબળી લાગણીને લીધે નબળાં રાખે છે ને આખરે તેમને ગુમાવે જ છે.

પેલા ભાઇના ગોડીઆઓ નદીમાં નહાઇને મજા કરતા હતા, પાણીના પ્રથમ પરિચયનો આનંદ લેતા હતા, તરવાની કળાનાં પહેલાં પગલાં માંડતા હતા અને આત્મવિશ્વાસ ને સ્વાતંત્ર્ય અનુભવતા હતા; ત્યારે આ ભાઇ કાંઠે ઉભા ઉભા રોતા હતા. કારણ કે પોતાને નહાવું હતું પણ માનો મનાઈહૂકમ હતો. પોતે વિકસવાને બદલે અટકયા હતા. પોતે માની આજ્ઞાને લીધે જીવંત મટી પત્થર થઈ ગયા હતા. માએ તેને આવી ના ન પાડી હોત તો?

પેલાં બીજાં બાળકો ઘેર જઇ માને અને બાપાને કહેશે: "અમે તો આમ નહાયાં ને તેમ નહાયાં. અમને તરતાં આવડયું. અમે પાણીમાં ડુબકી ખાતાં હતાં. અમે પાણી ઉડાડતાં હતાં!" આ અને બાપાને તે સાંભળી આનંદ થવાનો. હવે આ ભાઈ ઘેર જઇને શું કહેશે? મા પૂછશે: "પાણીમાં નહાયો તો નહોતો ના?"

(ચાલુ બાકી ૧૩૭ ઉપર)

બાલમંદિરમાં બે સંમેલનો

(શ્રીદક્ષિણામૂર્તિ ભવન)

બાલસંમેલન

અહેવાલ

તા. ૧૦–૧૦–૨૭ ના રોજ ભાવનગરના શ્રી દ. મૂ. બાલમંદિરમાં લગભગ ૨૨૫ જૂનાં નવાં બાલ વિદ્યાર્થીઓ નેં વિદ્યાર્થિનીઓ એક દિવસ સાથે ગાળવા ભેગાં થયાં હતાં.

આ વરસે બાલમંદિરને સાત વર્ષ પૂરાં થઇ આઠમું બેઠું અને બાલમંદિરના આચાર્ય શ્રી. ગિજુભાઈ પોતાની ગાદી ઉપર બેઠા બેઠા વિચારવા લાગ્યા ત્યારે તેમના સ્મૃતિપટલ ઉપર એક પછી એક કેટલાંએ બાળકોની મુખમુદ્રાઓ આવવા લાગી, અને દરેકની સાથેનો સ્નેહસંબંધ જાગૃત થવા લાગ્યો. ગિજુભાઇને થયું કે બસ આ બધાંને મળવું જ જોઇએ. પોતે ઉઠીને એમને ત્યાં જવું કે એમને આપણે ત્યાં બોલાવવાં એનો એક અધાં ક્ષણમાં નિશ્ચય કરી બચુભાઇ ને અંબુબેન જેવાં જૂનાં વિદ્યાર્થીઓની સલાહ લઇ આમંત્રણો કાઢયાં. ત્રણસો આમંત્રણો મોકલ્યાં. એમાંથી "કેટલાં આવશે કોણ જાણે" એમ કહી ગિજુભાઇ બેઠા બાળકોના જૂના દોસ્ત ભાઇ જુગતરામને પ્રમુખ તરીકે તેડ્યા ને સંમેલનની તૈયારીઓ થવા માંડી.

સંમેલનનો દિવસ ઉગ્યો. સાત સાડા સાત થયા ત્યાં બાળકોનાં ટોળેટોળાં આવવા લાગ્યાં. જોતજોતામાં ૨૦૦–૨૫૦ ની સંખ્યામાં બાળકો ભેગાં થયાં. જૂનાં પરિચિત બાળમુખો જોઇ ગિજુભાઇ અને બીજા કામ કરવાવાળાઓના હૃદયમાં વહાલ ને આંખમાં હર્ષાશ્રુ ઉભરાયાં. સામેથી પ્રત્યુત્તર મળ્યો. બાળકોની આંખો ચળકવા લાગી, અને ચહેરા પ્રફુલ્લ થયા.

આઠ વાગે વ્યવસ્થાનું કામ શરૂ થયું. ઉંમર પ્રમાણે બાળકોની ટુકડીઓ પાડવામાં આવી. ટુકડીવાર બિલ્લાઓ આપવામાં આવ્યા. બિલ્લા તરીકે જૂદા જૂદા રંગથી રંગાવેલી બાદીના ૨"×૨" ના ચોરસ કટકાઓ જ આપવામાં આવ્યા હતા. પણ બાળકો તે સહર્ષ ને અભિમાન પૂર્વક ધારણ કરી મલકાતાં હતાં.

સાડા આઠ વાગે પ્રમુખના શબ્દમાં કહીએ તો "સભા સભા" રમવા બધાં સંમેલનના ઓરડામાં ભેગાં થયાં. ઓરડો રંગીન બાદીની બેઠક અને આજળનાં ફુલોથી શણગારેલો હતો. બાળકો સાથે બાળદોસ્તો તરીકે મૂછોવાળા ને ધોળા વાળવાળાઓ કેટલાએક પધાર્યા હતા ને બાળઉત્સાહથી જ સંમેલનમાં ભાગ લેતા હતા.

સંગીત પછી શ્રીમતી તારાબેને પ્રમુખનો થોડો પરિચય આપી તેમને સંમેલનના મુખી થવાની વિનતિ કરી.

પ્રમુખ નીમવાના ઔપચારિક કામ પછી પહેલું ને મહત્ત્વનું કામ તે સંસ્થાના દાદા તરીકે વસતા પૂજ્ય નાનાભાઇનો મંગલ આશીર્વાદ

લેવાનું હતું. "તમને સૌને ખીશવાને પ્રભુ સારી તક આપે જેથી તમને બધાને બહુ જ ખીલેલાં જોઈને હું કંઈક જીવન મેળવી શકું." આ આશીર્વચન પછી સભાનું રીતસરનું કામ શરૂ થયું.

બે મંત્રીઓ વતી બચુભાઈએ જ બધાં બાળકોને તથા શિક્ષકોને આવકાર આપ્યો.

ગિજુભાઈ તો બાળકોને મળવા ને તેમની સાથે વાતચીત કરવા અધીરા થઈ રહ્યા હતા. તેમનું નામ કાર્યક્રમમાં ન હતું ત્યારે પણ સૂચના કે પરિચય આપવાને બહાને કાંઈક કાંઈક બોલતા જ હતા. હવે તે કાયદેસર વાતચીત કરવા બેઠા. તેમને તો સાત સાત વર્ષનાં સંભારણાં સંભારવાં હતાં. જૂનો સ્નેહ તાજો કરવો હતો, જૂના દિવસોને સાક્ષાત્ બડા કરવા માટે વાતો કહી કે પાઠો ઉખાણા વાંચી જૂના જીવનને સાક્ષાત્ જીવવું હતું. તે કાંઈ ૨/૩ મિનિટમાં પતે? તેમણે કેટલાંએ બાળકોનાં નામ પાડી તેમને વિષેની ખાસ વાતો કરી. તારાબેનને તારા મેન કહી તેમનું રડવું સંભાર્યું; પોપટલાલ ને એની ડોશીની લાપશીની વાત યાદ આપી: ઉપરાંત ગેરહાજર હતાં તે પદ્મા મેન અને ઉર્મિલાબેન, રામજીભાઈ ને બીજાઓને યાદ કર્યાં. પછી પોતે લખી લાવેલા તે નવી જાતનાં વરતો નાંખ્યાં. એના બે જ દાખલા અહીં આપીએ:

ગુજરી આગળ બેઠો હતો,
ઘરાક સામે જોતો હતો;
લટપટ લટપટ કરતો હતો,
પાસે એની કોથળી હતી,
કાચ અને સલી સાથે,
કાતર અને સાણુ સાથે,
ગુજરી આગળ બેઠો હતો,
ઘરાક સામે જોતો હતો,

× × ×

ગાદી ઉપર બેઠો હતો,
લાંબે લીટે લખતો હતો;
નાકે એને ચશ્માં હતાં,
ફાટલ એનું પેરણ હતું,
મૂછો એની મોટી હતી,
ખુતાનં એનું ખુલ્લું હતું,
ગાદી ઉપર બેઠો હતો,
લાંબે લીટે લખતો હતો.

એમ કરતાં વખત ઘણો થઈ ગયો હોવાથી વાતો પૂરી કર્યા વગર જ તેઓ નીચે બેઠા. બાળદોસ્તોનાં ભાષણો પછી જુગતરામભાઈના પ્રમુખ તરીકે બે બોલ થયા. તેઓ બોલ્યા: "આજે હું ગિજુભાઈની વાડી ખીલેલી અહીં જોઉ છું ને ઘણો જ ખુશી થાઉ છું. મેં તમારે માટે પાઠો લખી લાવવાનું ધાર્યું હતું, પણ તે હું લખી શકયો નથી હું હમણાં તો બીજા કામમાં રોકાયો છું." એમ કહી તેમણે ગુજરાતના સંકટની માહિતી આપી. રેલ આવી ત્યારે બાળકોના ને સ્ત્રી પુરુષોના કેવા હાલ થયા હતા તેનું બાળકો સમજી શકે તેવું ને છતાં હૃદયદ્રાવક વર્ણન કર્યું ને અંતે બાળકો પાસે સંકટ નિવારણાર્થે મદદની યાચના કરી. "તમારાં નાનાં ઝબલાં, ધાધરી કે પૈસા કે જે આપશો તે તમારાં જેવડાં નાનાં બાળકોને વાપરવાના કામમાં લઈ જઈશ."

સંમેલન પછી થોડોક નાસ્તો થયો ને પછી બાલમંદિરમાં દર રવિવારે જલસો થાય છે તે

જ ઢબે સંગીતનો જલસો થયો. તેમાં બાલમંદિરના સંગીતશિક્ષક, બાળકો, ગિજુભાઇ, તારાબેન આદિએ ભાગ લીધો. તે સિવાય ભાઈ મેઘાણી, ઠક્કર, વાસુદેવભાઇ તેમજ સાબરમતી સત્યાગ્રહ આશ્રમનાં બાળકોએ પણ ભાગ લઇ જલસામાં વિશેષ શોભા આણી હતી.

જલસા પછી વાર્તાઓ ચાલી. બાળકોની ઉંમર પરત્વે ત્રણ પ્રકારની વાર્તાઓ ગોઠવી હતી. મોટી ઉંમરનાં બાળકો ભાઇ મેઘાણીની વાર્તામાં હતાં. વચલાં મનુભાઈ પાસે ને સૌથી નાનાં મોંઘીબેન પાસે હતાં.

વાર્તામાંથી છૂટી બાળકો સીધાં મુંડળદર્શન માટે કલામંદિરમાં પહોંચ્યાં. અહીં પાંચ મંડળો પૂર્યાં હતાં. એક ઓરડામાં વાસણોનું હતું. આમાં જૂનાં પુરાણાં પણ ઘાટીનાં વાસણો હતાં. અત્યારે વપરાતાં એવાં પણ હતાં ને જયપુર કાશીનાં નકશીકામવાળાં પણ હતાં. બીજા ઓરડામાં થોડોએક ચિત્રસંગ્રહ હતો. ભાવનગરમાં મળી શકે ને બાળકોને ગમે એવાં થોડાંએક ચિત્રો ત્યાં ગોઠવેલાં હતાં. વચલા ઓરડામાં ફળફુલ, શાક, ફુલો, રંગોળી ને દેશી દીવાઓનાં મંડળો હતાં. ઠેર ઠેર સાદી છતાં સુરેખ રંગોળી પૂરેલી હતી.

આટલું થતાં બે વાગ્યાનો સમય થયો. તેથી બાળકો હાથ ધોવાની જગ્યાએ હાથ ધોઇ સાફસુફ થઇ ભોજનમાં પધાર્યાં. પ્રમુખે બધાંને આદરસત્કાર કર્યા. ગિજુભાઈ-નાનાભાઇ પિતા ને પિતામહ જેમ જ પ્રેમ ને સ્નેહથી બધાંને બોલાવતા હતા, ને બધાં બાળકો પોતાના ઘરમાં જ જમતાં હોય તેમ ખુલ્લા દિલે વર્તતાં હતાં.

ભોજન પૂરું થતાં થોડાએક આરામ પછી નાટકોનો કાર્યક્રમ હતો. નાટક કંપનીના મેનેજર શ્રી. ગિજુભાઇએ પ્રેક્ષકોને આવકાર આપી નાટકો શરૂ કર્યાં. સુપડકના રાજા (શ્રી. મનુભાઇ) તેના દિવાન સાહેબ (ભાઈ બચુભાઇ) ને ધનિયા હજામ (ગિજુભાઇ)નું મિશ્રણ અપૂર્વ હતું.

રાજા ને દિવાનનો રોફ ને ધનિયા હજામની હજામત કરવાનું કૌશલ્ય ને વાચાળતા, ને પછી પેટમાં વાત ન રહેવાથી થતી અકળામણ વગેરે બધું એવું હતું કે પ્રેક્ષકોને હસતાં હસતાં પેટ દુખવા આવે. વચમાં વચમાં નાના નાના હાસ્યપ્રધાન ટુચકાઓ પણ રાખ્યા હતા. ભાવિ બેસાડી નરહર પણ નાટકને શોભાવતો હતો. ત્યાર પછી શ્રી. જુગતરામભાઇ કૃત " આંધળાનું ગાડું " માંથી એક પ્રવેશ ભજવાયો હતો. આ કંપનીની વિશેષતા બધું મોઢેથી જોડીને બોલવામાં હોવાથી ગોખેલું બોલવામાં તેઓ કાવતા ન હતા. પણ કંપનીની નિષ્ણાતતા જબરી હોવાથી પડદા પાછળ પ્રૉમ્પ્ટર રાખવો તેમને કેમ ગમે ? હાથમાં ચોપડી લઇને જ પાત્ર બહાર આવે ને પોતાની ભૂમિકા ભજવે એવી પ્રથા રાખેલી. છતાં પ્રેક્ષકનો જરાએ રસભંગ થતો ન હતો. પોશાકની બાબતમાં કંપનીની મૌલિકતા આનંદ સાથે આશ્ચર્ય પમાડે એવી હતી.

નાટકોએ કલાક કરતાં વધારે વખત લીધો તેથી રમતોનો કાર્યક્રમ બંધ રાખી એકદમ ફરવાનો જ લેવામાં આવ્યો. બાલમંદિરની આસપાસના ગધેડીયા બેતર કે તખ્તેશ્વર જેવાં સ્થળો બાળકોનાં જૂનાં પરિચિત હોવાથી તે જોઇ આવવામાં તેમને કાંઇ વિશેષ આનંદ થાય તે સહજ છે.

આટલું થાય છે ત્યાં અભીલર્યો ચંદ્રમા બાલસમૂહના આ આનંદ ઉત્સવમાં ભળ્યો. ચોગાનમાં રાસડા શરૂ થયા. થોડી વાર પછી

દીપમંડળના દીવા પ્રગટાયાથી આખું કલામંદિર જળહળિત થઇ રહ્યું. કેટલાએ દીવાથી દીપતો દીપસ્થંભ મંડળના રાજા જેમ વિરાજતો હતો. બાળકો તેનાં દર્શન કરી, બધાં ગિજુભાઇ ને જુગતરામની તે દિવસની છેલ્લી મુલાકાત લેવા ભેગાં થયાં.

પોતાને ઘેર દોકરાંના છોકરાં થાય ત્યારે પણ આજના ઉત્સાહથી ને પ્રેમથી એ બધાં બાલસંમેલનમાં ભાગ લેવા આવે એમ ગિજુભાઇએ તેમની પાસેથી વચન લઇ તેમને કાર્યક્રમના છેલ્લા ક્રમ માટે–દુધપૌઆ ખાવા માટે છૂટાં કર્યા. સૌ ૫/૧૦ નાં ટુંડાળાં કરી પ્રગટેલા ગરબા ફરતાં પોતપોતાના મિત્રો સાથે બેઠાં હતાં. ત્યાં શરદપૂનેમની ચાંદનીના અમૃત સાથે સૌ બાળકો દૂધપૌઆ ખાઇ આનંદથી ફૂલાતા હૈયે પોતપોતાના ઘેર સીધાવ્યાં.

આ બધા કાર્યક્રમની વચ્ચે વચ્ચે મિત્રમિલનનું કામ તો ચાલતું જ હતું. જરા વખત મળે કે કોઇ વાતો કરે, કોઇ રાસ જમાવે તો કોઇ જૂનાં પરિચિત સ્થળો જોવા નીકળે.

૨૦૦/૨૨૫ બાળકોનો સમૂહ ગિજુભાઇએ એક સીસોટી ને પોતાના અવાજની મદદથી વ્યવસ્થિત રાખ્યો હતો. જોનારને તે આનંદ આપે તેવું હતું. સીસોટીના અવાજ પાછળ નાચતાં, કૂદતાં ને હસતાં હસતાં જતાં બાળકોનું ટોળું જોઇ હેમેલીનનો બંસીવાળો જ (Pied Piper) યાદ આવતો હતો. આ બધી વ્યવસ્થામાં બાલમંદિરના શિક્ષકો ને ખાસ કરી બાલઅધ્યાપનમંદિરના વિદ્યાર્થીઓની મદદથી જ ગિજુભાઇ હજાર હાથવાળા થયા હતા એ કહેવાની જરૂર નથી.

આજે મનુભાઇ ને નર્મદાબેન તેમજ અધ્યાપનમંદિરના વિદ્યાર્થીઓ જૂનાં બાલમિત્રોના દર્શને દોડ્યાં આવ્યાં હતાં ને વાર્તામાં ને બહાર કામોમાં પોતાનું સ્થાન લઇ લીધું હતું.

આ રીતે શ્રીદક્ષિણામૂર્તિ ભવનના જીવનમાનો આનંદથી છલકાતો એક પ્રસંગ પાર પડ્યો. કહેવું પડશે કે આબાલવૃદ્ધો સૌએ તે દિવસે તો બાળક બનીને જ આનંદ લૂટ્યો.

સૌએ બાધું પીધું, નાટકો જોયાં, રમત ગમત કરી આનંદ કર્યો ને ઘેર ગયાં, એમાં શું મોટી વાત થઇ ? વિવાહાદિ પ્રસંગોમાં શું આવું નથી બનતું ? જરૂર બને છે. પણ અહીંથી તો આ બધા આનંદ સાથે બાળકો એક ભાવના સાથે લઇ ગયાં છે. " અમે બાલમંદિરનાં બાળકો " એની અંદર એક મોટી જીવન ફલસુષ્ટી છે, ભાવી પ્રજાનું સ્વાતંત્ર્ય છે, સ્વયંસ્ફૂર્તિજન્ય સર્જન છે, સ્વાવલંબન છે, સ્વાભિમાન છે, કેટલુ યે છે. આજે ભાવનગરનાં ૨૫૦ બાળકો એ ભાવનાથી એક છે. દશ વીશ વરસે ભાવનગરની આખી પ્રજા એ જ ભાવનાથી એક કાં ન થાય ? ને એક થાય તો તેનામાં કેટલુ પ્રચંડ સામર્થ્ય જન્મે ?

આવાં સંમેલનોમાંથી પ્રચંડ શક્તિ જન્મ પામે તેનો આધાર સંમેલન બોલાવનારના તપ ઉપર હોય છે. નહિ તો તો વિવાહની જાન ને આપણાં સંમેલનો એક જ પંક્તિનાં ને સમાજને ભાર રૂપ એવા જ પ્રસંગો બની જાય. તા.

અધ્યાપનમંદિર સંમેલન

પ્રમુખનું વ્યાખ્યાન

આપણું આ અધ્યાપનમંદિર સમાજની દૃષ્ટિએ હજી અધ્યાપનમંદિર નથી. રાજકોટની ટ્રેનિંગ કોલેજો અને અમદાવાદની પ્રેમચંદ રાયચંદ ટ્રેનિંગ કોલેજ તથા મહાલક્ષ્મી ટ્રેનિંગ કોલેજ વગેરેનાં ગંજાવર ભવ્ય મકાનો, અને તેમાંથી છાપ લઇ નીકળનારાને નોકરી મળવાની ખાત્રી– એ પરિસ્થિતિની સાથે સરખાવતાં આપણા અધ્યાપનમંદિરને તે નામ આપતાં લોકોને હાંસી લાગે છે. પણ દુનિયાના ઇતિહાસમાં જે જે મોટી ઉથલપાથલો થઇ છે તેની શરૂઆત તો બહુ નહાના પાયાથી જ થઇ હોય છે.

આપણું શ્રીદક્ષિણામૂર્તિ ભવન એક જ વિદ્યાર્થીથી શરૂ થયું હતું, ને આજે અનેક વિદ્યાર્થીઓ મેળવી શક્યું છે. તેમજ આ અધ્યાપનમંદિર ભલે એક જ વિદ્યાર્થીથી શરૂ થયું હોય, પરંતુ તે જે ધોરણે અને જે વિચાર તથા ધ્યેય ઉપર ચાલે છે, તે ધોરણે ગુજરાત કાઠિયાવાડના તમામ શિક્ષકોને એક દિવસ ચાલ્યા વગર છૂટકો નથી. અને એથીજ આ નહાનું એવું અધ્યાપનમંદિર ભવિષ્યના એક મોટા અધ્યાપનમંદિરનું બાળક જાણી મને તે વધારે વહાલું લાગે છે. જેમ કોઇ સદ્વિચાર બૂણે બેસીને કર્યો હોય તો પણ તેનો ચેપ આખા દેશમાં પ્રસરે છે તેમ આજે આ આપણા અધ્યાપનમંદિરમાંભલે એક જ વિદ્યાર્થી હોય, ભલે આજે દેશમાં આપણી કિંમત ન અંકાતી હોય પણ એક દિવસ ગુજરાત કાઠિયાવાડમાં બધી શાળાઓ ભવિષ્યમાં આ ધોરણે જ ચાલશે એવી મને શ્રદ્ધા છે.

આપણા દેશની કેળવણીનો સમગ્ર વિચાર કરીએ ત્યારે બહુ જ ગ્લાનિ થાય છે. આપણા દેશમાં ભીલ, દુબળા, અંત્યજો એ જ માત્ર દલિતો છે એમ નહિ પણ હિંદુ આખું, પૈસાદાર વર્ગ સુદ્ધાં પણ દલિત છે. આજે જીવનની વસ્તુ ભલે મળતી હોય પણ જેને ખુદ જીવન જ ન મળતું હોય ત્યાં દલિતપણું ઉભું જ છે. પૈસાદારમાં પૈસાદારનું બાળક પણ એ રીતે દલિત છે.

કેટલાક માત્ર બહિર્ દૃષ્ટિથી જોનારાઓ શ્રીદક્ષિણામૂર્તિની માત્ર મહેલાતો જ જુએ છે, અને તે પૈસાદારો માટે છે એમ એ ઉપરથી કહે છે. પણ તે જે રીતની કેળવણીનો વિચાર કરી રહ્યું છે તે તો આ બધાંય ઉપર જણાવ્યાં તેવાં દલિતોનાં બાળકોને માટે છે. આપણી દૃષ્ટિએ એવી નવી કેળવણી ઘેર ઘેર ન પ્રસરે ત્યાં સુધી આખી પ્રજા દલિત છે, અને તેનો ઉદ્ધાર કરવાનું કામ આપણા અધ્યાપનમંદિરનું છે.

આ અધ્યાપનમંદિર મોન્ટીસોરીની પદ્ધતિનું છે. અને તે પદ્ધતિનો ઉદ્ભવ પણ દલિત બાળકોને માટે જ થયો છે. ગિજુભાઇએ એક પ્રસંગે કહ્યું હતું કે આપણે બાળકોનું ખુન કરીએ છીએ. અને ખોટી કેળવણી એ ખુન છે એવું જેની દૃષ્ટિએ વસી ગયું છે તે જ એમ બોલી શકેને? છતાં મોન્ટીસોરી પદ્ધતિના આપણે ત્યાં તો હજી છૂટા છવાયા પડઘા જ માત્ર સંભળાય છે.

આપણા અધ્યાપનમંદિરના વિદ્યાર્થીઓનો પ્રદેશ આજે બહુ ટૂંકો લાગે છે. એ ભાઇઓને આજે હજી ક્યાં કામ કરવું એ જડતું નથી. ગામડાં

માત્રનાં શિક્ષણકાર્ય હજી સરકાર કે દરબારોના હાથમાં છે. અને મોન્ટીસોરી પદ્ધતિ જાણે કે હજી અસ્પૃશ્ય છે. એવી દશા હજી બધેય છે. અને તેમાંથી તમારે વિદ્યાર્થીઓને પસાર થવાનુ છે. તમારું સાર્ટિફિકેટ કોઈ રાજ્ય નહિ સ્વીકારે કે કદાચ પ્રજાયે નહિ સ્વીકારે એવી મુશ્કેલીઓ તમારે માથે ઉભી છે. પણ આપણે તો આપણા કર્તવ્યથી જ વિરોધો અને મુશ્કેલીઓ બધાં પાછાં હઠી જાય એવી તપશ્ચર્યા કરવાની છે. અને એક દિવસ એવો પણ આવશે કે આ મોન્ટીસોરીના વિદ્યાર્થીઓ ઉપજ્યા નહિ ઉપડે; તેમને તો મોટરો તેડીને લઇ જશે. સહજાનંદ મહારાજના શિષ્યો જેમ ઠેર ઠેર પોતાના શિષ્યોની સંખ્યામાં વધારો કરતા તેમ તમે જ્યાં જાઓ ત્યાં તમારે કરવાનું છે.

દશ હજાર વરસ સુધી કોઈ ગુફામાં અંધારું રહ્યું હોય, ત્યાં જો વીજળીનો પ્રકાશ એક વાર પ્રવેશ કરે તો લાંબી મુદ્દત વસી રહેલું અંધારું પોતાના લાંબા ભોગવટાનો દાવો કરીને ક્ષણભર પણ ટક્યા નહિ જ શકે. પ્રકાશ આગળ તો અસત્ય. અને અંધારું જરૂર આપોઆપ જ દૂર થાય છે. કેળવણીમાં આજે નવાં સત્યો શોધાયાં છે, અને નવા જ્ઞાનનો પ્રકાશ આપણને મળ્યો છે. આ નવા પ્રકાશની ગતિને કોઇ રોકી નથી શકવાનું એ જરૂર સમજજો.

એક બીજી વાત.

આખી દુનિયામાં અને ખાસ કરીને આપણા દેશમાં આજે વિદ્યા હાટડે વેચાય છે. હું અને મારા શિક્ષકભાઇઓ બધાય વિદ્યા વેચવા બેઠા છીએ. કોલેજોના પ્રિન્સિપાલોને રૂ. ૫૦૦) અને ૧૦૦૦) મળે છે. જેની પાસે વિદ્યા વધારે છે તે બજારમાં તેની મોટી કિંમત મેળવવા પ્રયાસ કરે છે. આપણા શિક્ષકોને આ વ્યાપારનો ચેપ–ચસ્કો લાગ્યો છે. પણ વિદ્યાની ખરી ઉપાસના હોય ત્યાં લક્ષ્મીની વાસના ન જ હોઈ શકે. વિદ્યાનો ખરો ઉપાસક તો લીમડીનો ધનેશ્વર શાસ્ત્રી કહેવાય કે જે કાંઇ પણ દક્ષિણા સરખી લીધા વગર ભણાવતો અને પોતે ભિક્ષા માગીને નિર્વાહ કરતો. વિદ્યાની ભારોભાર પૈસો મેળવવા પ્રયાસ કરવો તે બહુ બુરી ચીજ છે. મોન્ટીસોરી પદ્ધતિના વિદ્યાર્થીઓ, આજે તમે નવા અને તાજા છો. તમારી પાસેનો માલ તાજો હોઈ તેના ઉપર લેનારાઓની પડાપડી થવા સંભવ છે. પણ મારી તમને ભલામણ છે કે તમારે ગૃહવ્યવહારના નિર્વાહ માટે જોઇતી રકમ ખુશીથી મેળવવી, પણ વધુ વિદ્યા છે કે નવીન માલ છે એમ માની વધારે મોટા સોદાના મોહમાં કદિ પણ ફસાવું નહિ. મોન્ટીસોરી પદ્ધતિથી જે માણસ બાળકને કેળવી શકે છે તે દુનિયામાં બીજું શુ ન કરી શકે તે હુ સમજી શકતો નથી. છતાં હું હરકોઇ માણસને એટલું તો જરૂર કહું કે પોતાનો રોટલો માગવો પડે તે સ્થિતિમાં શિક્ષકને ન જ મૂકશો. મને કોઇ મોટા રાજાને મળવાની તક મળે તો તેમને પણ હું બેધડક કહું કે શિક્ષકના પેટમાં ખાડો છે તે પૂરવા તમે જરૂર ધ્યાન આપજો. તેમજ વિદ્યાભક્તિપાસક શિક્ષકોને પણ એમ જ કહું કે તે ખાડો પૂરવા તમે વિદ્યા કદિ વેચશો નહિ.

ગિજુભાઇએ આ અધ્યાપનમંદિરમાં વસાવેલી બધી સામગ્રીની પાછળ ખરી વસ્તુ તો મોન્ટીસોરીની ભાવના જ છે એમ જરૂર સમજજો. દક્ષિણામૂર્તિના જ્ઞાનમંદિરનો પ્રદેશ આ ફરતી તારની વાડના જેટલો જ છે એમ હું નથી

સમજતો. હું ગિજુભાઇને બરાબર ઓળખતો હોઉં તો કહી શકું છું કે એમનો આ બાલમંદિરનો સંદેશ કાઠિયાવાડને ગામડે ગામડે પહોંચી વળે એવી એમની ભવ્ય ભાવના છે. ગિજુભાઇ તમારા આચાર્ય છે અને તમે તેમના શિષ્યો છો. અધ્યાપનમંદિરના વિદ્યાર્થીઓ, જો તમે તે સંદેશો ગામે ગામ પહોંચાડશો તો તમે તમારા ગુરુને ખરી ગુરુદક્ષિણા આપી ગણાશે.

અંતમાં તમને મારા અંતઃકરણના આશીર્વાદ આપું છું કે જે સદ્‌ભાવથી ગિજુભાઇએ તમને વિદ્યા આપી છે તે સદ્‌ભાવ ફળો અને આખા દેશમાં મોન્ટીસોરી ભાવના પ્રસરો.

સંમેલનનો અહેવાલ

બાલસંમેલનને બીજે દિવસે બાલઅધ્યાપનમંદિરનું સંમેલન પૂજ્ય નાનાભાઇના પ્રમુખપણા નીચે મળ્યું હતું.

અધ્યાપનમંદિરના વિદ્યાર્થીના (તેમાં વિદ્યાર્થિનીઓ પણ આવી જાય છે.) અહીંના જીવનનાં બધાં તત્ત્વો સંમેલનના દિવસના કાર્યક્રમમાં દાખલ થયાં હતાં. તેમના અહીંના જીવનને જીવન આપતા 'જીવનમંદિર'થી તેનો કાર્યક્રમ શરૂ થયો. વહેલી સવારે પાંચ વાગે સૂર્યોદય પહેલાં સૌ ભેગાં થયાં. થોડાંએક ભાવભર્યાં ભજનો પછી જીવનમંદિરના બાવા કહેવાતા શ્રી. હરિહરભાઇ તેમજ જુગતરામ ને ગિજુભાઇ આદિનાં જીવનપ્રેરક પ્રવચનો થયાં.

ત્યાર પછી બોદકામ ચાલ્યું. વિનોદ અને ઉત્સાહ સાથે જરા ઉંડી ગંભીર ભાવના પણ એ કામમાં રહી હતી.

બોદવું પૂરું થતાં શૌચસ્નાનાદિ નિત્યકર્મ માટે વિદ્યાર્થી છૂટા થયા, ને પછી થોડો નાસ્તો કરી સંમેલનની બેઠકમાં હાજર થયા. પ્રમુખ મહાશય તો સૌથી પહેલાં જ આવી પહોંચ્યા હતા. સવારની બેઠકમાં મહત્ત્વનાં કાર્યો બે થયાં. એક પ્રમુખશ્રીનું વ્યાખ્યાન ને બીજું ગિજુભાઇના વિદ્યાર્થીઓને બે બોલ. બન્ને ભાષણો સ્ફુર્તિદાયક, માર્ગદર્શક ને વિચારને ધક્કો મારનાર એવાં હતાં.×

પછી શ્રી. હરભાઇ, હરિહરભાઇ, વિકુલરાયભાઇ વગેરે તેમજ વિદ્યાર્થીઓનાં ટુંકાં ભાષણો થયાં. કોઇએ પોતાના અનુભવો કહ્યા, કોઇએ મુસ્કેલીઓ કહી તો કોઇએ આગળના માર્ગની દિશા સૂચવી, તો કોઇએ શિક્ષણની જૂની પ્રથામાં કામ કરનારાઓને નવામાંથી શું ઉપયોગી થાય તે સૂચવ્યું.

સાડા ત્રણ કલાકના કામ પછી સભા બરખાસ્ત થઇ. બપોરનું જમણ પ્રમુખ, વિદ્યાર્થીઓ અને અધ્યાપકોએ સૌએ સાથે લીધું.

બે વાગે ફરીથી કામ શરૂ થયું. શ્રી. ગિજુભાઇએ વિદ્યાર્થીઓને પ્રત્યક્ષ કામમાં ઉપયોગી થાય એવા બે નકશા રૂપે લેખો તેમની આગળ ભેટ તરીકે ધર્યા. એક લેખન અને બીજો ઇંદ્રિય કેળવણીનાં પ્રબોધક સાધનોનો ક્રમ. બપોરનું મુખ્ય કામ પ્રશ્નોત્તર રૂપે ચર્યા એ હતું. ઘણા પ્રશ્નો પુછાયા અને શ્રી. ગિજુભાઇએ તે બધાના જવાબો આપ્યા.*

×તેનો ટુંકો સાર દેવાથી તેમને જરાએ ન્યાય મળે એમ નથી. પ્રમુખશ્રીના વ્યાખ્યાનમાથી થોડોએક ભાગ આ સાથે આપ્યો છે. બીજાનો સાર જરા વિસ્તારથી હવે પછી આપવામાં આવશે.

*આ પ્રશ્નોત્તરો પણ પત્રિકામાં આગળ ઉપર આવતા રહેશે એટલે અહીં જગ્યા રોકી નથી.

ગામમાંથી પ્રાથમિક શાળાના શિક્ષકો આવ્યા હતા તેમને પ્રશ્નો પૂછવાનું કહેવામાં આવતાં તેમણે તેમને સામાન્ય ઉપયોગી થાય એવુ ગિજુભાઇ પાસે પ્રવચન માગ્યું ગિજુભાઇએ તેને માટે વખતો વખત મળવાનું અને તેમની મુશ્કેલીઓ તેમની મર્યાદામાં રહીને કેમ ઉકલે તે યથામતિ બતાવતા રહેવાનું વચન આપ્યું.

પ્રમુખશ્રીના ઉપસંહારમાં ચર્ચાના ઘણા પ્રશ્નો ઉપર અજવાળુ પાડવામાં આવ્યું ને છેલ્લે વિનોદ સાથે પણ ઘણું મહત્ત્વનુ ને ઉપયોગી ભાષણ કરી પ્રમુખ સાહેબે સભા બરખાસ્ત કરી.

સાંજે વિદ્યાર્થીઓ સાથે રમ્યા, સાથે જમ્યા ને સાથે નાટ્યપ્રયોગો કરવા બેગા થયા. નાટ્યપ્રયોગોથી પ્રેક્ષકોને તો આનંદ આવ્યો જ પણ તેથીય વધારે રમત ગમતનો ને નાટ્યસર્જનનો આનંદ તો તેમણે પોતે જ મેળવ્યો છે. નાટકનાં ભાષણો ને અભિનય તે ને તે જ વખતે જોડેલાં હોવાથી તેમાં જીવંતપણું હતું. વિદ્યાર્થીના માનસશાસ્ત્રના અભ્યાસનું પ્રતિબિંબ તેમના અભિનયમાં સરસ દેખાતું હતું. ગંડુરાજાને ને ગુરુ શિષ્યોને એક વાર જોયા પછી તે ભૂલાય એમ નથી. મોન્ટીસોરી શિક્ષકનું નાટક બહુ જ પ્રસંગોચિત ને માર્મિક હતું. બાપુનું નાટક જૂનું છતાં હાસ્યરસ ઉપજાવવામાં પૂર્ણ સફળ હતું.

નાટકો જોઇ એમ જ કહેવાઇ જાય છે કે "અહીં કેટલાયે સાચાનંટાપડ્યાછે."

ગિજુભાઇ પોતાની કપની બરાબર જમાવે એમ ઇચ્છીએ.

નાટકોમાંનો સંગીતવિભાગ બાલમંદિરના સંગીતશિક્ષક અને ભાઇ મેઘાણીએ પૂરો પાડ્યો હતો.

મહેમાનો અને પ્રેક્ષકો જતા રહ્યા પણ વિદ્યાર્થીઓને છૂટા પડવાનું મન થતું ન હતું. થોડોએક ફળાહાર કરી રાસડા, નાચ, વાર્તાલાપ, ચર્ચા વગેરે બાર વાગ્યા સુધી ચલાવી ગુરુ શિષ્યો આસ્તે આસ્તે ભારે હૈયે છૂટા પડ્યા. તા.

આચાર્યનો સંદેશ

સ્વાતંત્ર્ય

ક્યારે આપણે સ્વતંત્ર થઈ અન્યને સ્વાતંત્ર્ય આપવા યોગ્ય થઇશું ? સ્વાતંત્ર્ય માટે લડતાં લડતાં આપણે જગતને અમરમંત્ર ક્યારે આપીશું ?

જનતાના આ વહેમો, ધર્મનાં આ ધતીંગો, સમાજની આ બેડીઓ, મનની આ સંકુચિતતાઓ, આત્માની આ ઊણપો ક્યારે આપણે તોડીશું ને ક્યારે આપણે સાચા સ્વતંત્ર થઇશું ?

તે જ ગુરુ સ્વાતંત્ર્યનો ઉચ્ચાર કરી શકે કે જે પોતે સ્વતંત્ર છે તે જ આચાર્ય સ્વાતંત્ર્ય આપી શકે કે જેનો શ્વાસોચ્છ્વાસ સ્વતંત્ર છે.

જોઈએ આપણે કેટલા સ્વતંત્ર છીએ? જોઈએ આપણે કેટલા સ્વાધીન છીએ? જોઇએ આપણે કેટલા સ્વાતંત્ર્ય આપવા લાયક છીએ?

દેવ નથી તેને માટે મંદિર નથી. સ્વતંત્ર નથી તેને માટે સ્વતંત્ર શાળા નથી. ને આપણે સ્વતંત્ર નથી તો પ્રથમ સ્વતંત્ર થઇએ અને પછી શાળામાં જઇએ.

આપણી ઉપાસના ક્યારે પાકશે ? ક્યારે આપણો યજ્ઞ આપણને તેની અગ્નિજ્વાલાઓથી તપાવી તપાવી વિશુદ્ધ કરશે અને ક્યારે નિર્ભેળ એવું કુંદનરૂપ સ્વાતંત્ર્ય આપણને વરશે ?

(આગળ પાનું ૧૩૬ ઉપરથી)

બાળક કહેશેઃ 'ના.' પરંતુ તેને પેલી નદી વગેરે યાદ આવશે ત્યાં તો તે રડી પડશે. તે કહેશેઃ "તેં મને નહાવાની ના પાડી'તી!"

મા ઉલટી વઢશે ને કહેશેઃ "શું કામ રડે છે? ન નહાયો એ જ સારું થયું. મારું માન્યું તો કેવો ડાહ્યો કહેવાય! ઈ તો કોઈ તણાઇ ન ગયું, પણ વખતે તણાઇ ગયું હોત તો?"

બાળક માતાની આ ઝેરી દલીલમાં પાછું સપડાશે. રડવાનું સમાધાન થશે. તે કહેશેઃ "હાશ ઠીક થયું. ડૂબી તો ન ગયા!"

તે મોટું થશે; કદિ ડૂબશે જ નહિ કારણ કે તે પાણીમાં જશે જ નહિ. તે પોતાના બાળકોને પણ પાણીમાં જવા દેશે જ નહિ; કારણ કે તે ડૂબી જાય! ગિ.

પાણી છાંટીને જગાડ્યો

સુશનુમા હજી બારીમાંથી ચાલી આવતી હતી. ગુલાબી ઠંડી વિનુના લાલ ગાલને ગુલાબી કરતી હતી. ઘરની બહાર ભીંતો ઉપર સોનેરી તડકાની છાંટ હમણાં જ પડી હતી.

બાપુએ ત્રાડ પાડીઃ "અલ્યા ઓ વિનુ, ઉઠે છે કે? ક્યારનો જગાડું છું પણ પક્કો જ છે? નિશાળનું મોડું થશે."

બાએ ધીરેથી કહ્યું: "જરા સૂવા દ્યોને, બિચારાને ઊંઘવા દ્યોને! કેવો મજાનો ઊંઘે છે. પોપચાં કેવા સરસ બીડાએલાં છે. મોઢું કેવું મીઠું લાગે છે!"

બાપ કહેઃ "એમ તો દસ વાગ્યા સુધી ઊંઘે પણ નિશાળનું શું થાય? રોજ મોડો જ ઉઠે છે. આરબો ક્લાક તો મોડો થાય જ છે. માસ્તર ફરીયાદ કરતા હતા. આજ તો ઉઠાડવો જ જોઇશે."

"અલ્યા ઓ વિનૂડા, ઉઠ્યો કે? પાણી છાંટીશ હેં કે!" બાપ વિનુને ફોસલાવવા લાગ્યા.

બાને ન ગમ્યું. તે ફરીથી બોલ્યાંઃ—

'ઘડીક સૂવા દેતાં હોય તો શું થાય? મોટાં થઇને તો રોજ વહેલાં ઉઠવું જ છે ના? પછી તો સોએ કે નોંએ ઉઠવું જ પડશે. આ તો પાંચ દિ જરી સૂઇ લે. તે ત્યાં ભગુતરનું વળી આજથી એટલું બધું શું? ડીક છે, હળવે હળવે ભણાય છે."

બાપુઃ "તને શી ખબર પડે? જો આ પાડોશમાંનો રતુ એક વરસમાં બે ધોરણ કરી ગયો. એના બાપ કહેતા હતા કે એને મારે ખૂબ ભણાવવો છે તે અત્યારથી ઉતાવળ કરાવવી જોઇએ."

બાઃ "તમે જાણો ને રતુનો બાપ જાણે. એમ કાંઇ દિ વળતો નથી. છોકરાંને મફતનાં શું કામ ચોપડામાંથી ઉઠાડવાં? બિચારાં નિસામા મૂકે. ભણશે નશીબમાં હશે તો. તમને બાપાએ ઘણા માસ્તર રાખીને ભણાવ્યા પણ કેટલું કે ભણ્યા એ કહોને?"

"ઇ અમારી વાત જોખી ને અમારા દિ ગયા. હવે તો ભણ્યે જ છૂટકો ને નિકર ભીખ માગવી પડે. ને ભણવાની તો નાનપણથી ટેવ પડવી જોઇએ."

બાપુએ વિનુને પાણી છાંટી જગાડ્યો, ને વિનુ આંખો ચોળતો બેઠો થયો. તે પાછો પથારીમાં સૂવા જતો હતો પણ બાપુએ તેને જગાડી દીધો.

વિનુ જાગ્યો. આંખો ચોળતો જાગ્યો. તેની ગુલાબી ઊંચ ઉડી ગઇ. હસતો ચહેરો કરમાઇ ગયો. તે આળસ મરડતો હતો ત્યાં બાપુએ કહ્યું: "લે હવે ઝટ દાતણપાણી કરી લે. ઝટ ચા પી લે. શાળાનો વખત થઇ જવા આવ્યો છે."

હમણાં ઉનાળો હતો. શાળા માત્ર સવારની હતી.

બા તો રસોડામાં જઇને બેસી ગઇ હતી. વિનુ ઝટ તૈયાર થઇ ગયો ને ઝટપટ ચા પી શાળાએ ગયો.

શાળામાં વખતસર હતો.

શિક્ષક પાઠ લેવા માંડ્યા ને વિનુની ભૂલો પડવા માંડી.

શિક્ષક: "કેમ વિનુ પાઠ નથી કર્યો? તું તો હુશિયાર છું."

વિનુ: "પાઠ કર્યો છે પણ–"

શિક્ષક ઇતિહાસ સમજાવતા હતા. વિનુ આંખો ફાડી બેઠો હતો. તેની આંખો ઉઘાડી હતી પણ બરાબર ધ્યાનમાં આવતું ન હતું. આંખે બાવાં બાઝતાં હતાં. મ્હોં ઉપર કંટાળો હતો. ઝાંખ ચડતી હતી.

શિક્ષકે પૂછ્યું: "વિનુ બોલ જોઉં મેં શું કહ્યું?"

વિનુ બાઘા જેમ ઉભો રહ્યો.

શિક્ષક પણ તેની સામે તાકી રહ્યા ને કહ્યું: "બેસી જા, ધ્યાન રાખ."

શિક્ષક ભૂગોળ સમજાવવા લાગ્યા–સમજાવી રહ્યા. પૂછ્યું: "કેમ વિનુ સમજ્યો કે?" વિનુએ બે વાર કહ્યું: "શું સાહેબ?" તેને ઝોકું આવી ગયું હતું. તે ઊંચ ઉડાડવા આંખને ચોળતો હતો.

શિક્ષકે કહ્યું: "વિનુ, ધ્યાન રાખ. કયાં કાલે નાટક જોવા ગયા'તા કે સિનેમા?"

વિનુ: "સાહેબ કયાંય નહોતા ગયા."

"ત્યારે?"

વિનુ: "પૂરી ઊંચ ન્હોતી આવી. નિશાળે વખત સર આવવા બાપુએ પાણી નાખીને જગાડ્યો હતો." ગિ

મોન્ટીસોરી પદ્ધતિમાં ઘંટડીઓ

કાનની કેળવણીનું બીજું સાધન ઘંટડીઓ છે. આ ઘંટડીઓ સાત સૂરની છે. ઘંટડીઓનાં બે સમૂહો છે. બન્ને સમૂહની બધી ઘંટડીઓનો આકાર, રૂપ અને રંગ બરાબર સરખાં છે. જો સરખાં ન હોય તો બાળક અવાજને અનુસરીને ઘંટડીને સરખાવવાને બદલે રંગ અને રૂપની મદદથી તે સરખાવે ને કાનની કેળવણી શકય થાય નહિ અગર બરાબર થાય નહિ. બે સમૂહમાંના એક સમૂહની ઘંટડીઓ ધોળા લાકડાની બેઠક પર ગોઠવેલી છે ને બીજાની પીળા લાકડા ઉપર છે. કારણકે ગોઠવતી વખતે કયું સમૂહ સરખાવવાનું છે ને કયામાંથી સૂરો શોધવાના છે તેની ખબર પડે. આ ઉપરાંત બીજી કાળી બેઠકવાળી ઘંટડીઓ પણ છે. તેનો ઉપયોગ પણ સરખામણીનો છે. ઉપરાંત સમસૂરનું જ્ઞાન થયા પછી જ્યારે કોઇ રાગનો હાટ–થાટ ગોઠવીને વગાડવું હોય છે તો તે ઘંટડીઓને ઉપયોગમાં લઇ શકાય છે.

કાનની ઇંદ્રિય કેળવવા માટેનું પ્રથમ સાધન આની સાથે સરખાવતાં જાડું કહેવાય. જાડા, પાતળા કે નાના મોટા અવાજની પારખ કરતાં આવડ્યા પછી આનો ઉપયોગ શકય અને ઉપકારક છે. પ્રથમ સાધન ધ્વનિના

પરિચયનું છે, જ્યારે બીજું સાધન કેળવણી માટે શાસ્ત્રાનુસાર છે. ધ્વનિ માત્ર સાત સૂરમાં આવી શકે છે. અને જેમ સઘળા પરિમાણોનું જ્ઞાન દંડમાં રહેલા પરિમાણોના પરિચયથી આપવાની યોજના છે તેમજ સૂરવિવેક આ સપ્તસ્વરના પરિચયથી આપવાનો છે. બાળકને સાત સૂર ઓળખતું કરવું એ આનો હેતુ નથી, પણ બાળકને સૂરસંસ્કારી કરવું એ ઉદ્દેશ છે. માટે સૂરો જૂની રીતે ઘુંટાવીને કે પરાણે ગોખાવીને કાનમાં ઘોંચવાને બદલે બાળક તે વારંવાર સાંભળીને તેને દૃઢ કરે તે રસ્તે તેને લેવાનું છે. બાળક જો ધ્વનિરસિક થશે તો સંગીતરાસક થવાનો સંભવ છે. ઘંટડીના પરિચયથી સાત સૂરનું જ્ઞાન થશે પણ જ્ઞાન કરતાં કાનને રસિક કરવો એ મુખ્ય વાત છે.

આ ઘંટડીઓમાંની ચાર ઘંટડીઓ પ્રથમ જૂદી કાઢવી. બાળક અભિમુખ હોય ત્યારે તેને પાઠ આપવો. સા અને પ કે એવી બે જરા વધારે દૂરના સૂરોવાળી ઘંટડીઓ લઈ એક હથોડીથી વગાડી સૂર બાળકને કાને પાડવો. બાળક સાંભળશે. ત્યાર પછી બીજી ત્રણમાંથી લીધેલા સૂર જેવો સૂર શોધવા બેસવું. આ કામ શિક્ષક કરી બતાવે. ત્રણે ઘંટડી પર વગાડીને અને પ્રથમ લીધેલી ઘંટડીના અવાજ સાથે સરખાવતાં જઈને સરખા અવાજને શોધવા. એક સૂર જેવો બીજો જડે એટલે જેમ રંગની જોડી કરીએ તેમ ધ્વનિની એટલે કે ઘંટડીની જોડી કરીને તેને કોરે મૂકવી. ત્યાર પછી બીજી જોડી શોધવી. આ રીતે બંને જોડી થાય એટલે બાળકને તેમ કરવા ઘંટડીઓ સોંપવી. બાળકને ધ્વનિ સરખાવવામાં નજર પડશે તો તે પોતે શિક્ષક જેમ કરશે ને જેમ બીજી બધી બાબતમાં પુનરાવર્તન કરી જાતે વિકાસ મેળવી લે છે તેમ અહીં પણ કરશે.

બાળક ઘંટડીઓની બે જોડી કરી લે એટલે તેમાં બીજી બે ભેળવવી ને એમ કરતાં કરતાં સાત જોડી થવા માટે ચૌદ ઘંટડીઓને એકઠી થવા દેવી. બાળક છેલ્લે સાત જોડી ગોઠવશે અને બતાવશે.

જ્યારે બાળક સાતે જોડી સહેલાઇથી કરી લે ત્યારે આપણે તેને સૂરના અનુક્રમનો પરિચય આપવો. રંગની તબ્તીની પેટી પેઠે અત્યાર સુધી તે માત્ર સરખામણી કરતું હતું; જો કે સરખામણી દરમ્યાન તેને છૂટા છૂટા સૂરનો સારો એવો પરિચય થઇ જ ગયો છે. હવે એ પરિચયને ક્રમની સાંકળથી તેને બતાવી ક્રમસરના સૂરનો ખ્યાલ તેને આપવાનો છે; અર્થાત સપ્ત સૂર–સપ્તક–નું દર્શન તેને કરાવવાનું છે.

આ માટે પ્રથમ સાતમાંથી ત્રણ ઘંટડીને લઈ તેને ક્રમમાં (સા, રે, ગ) ગોઠવી વગાડી બતાવવું ને બાળકને તેમ કરવા દેવું. બાળક ગોઠવણ વીંખીને ફરી વાર ગોઠવે ને તેમ વારંવાર કરે તે તરફ ધ્યાન બેંચવું. ત્રણ સૂરોનો ક્રમ બાળકના ધ્યાનમાં આવે એટલે એક એક સૂર વધારતા જવું. છેવટે જ્યારે સાતે સૂરોનો ક્રમ પરિચયમાં આવી જાય ત્યારે તે આખું સપ્તક વગાડશે. આ વખતે એક બીજી રમત દાખલ કરી શકાય. ચૌદ ઘંટડીઓ એકઠી કરી બાળક પ્રથમ બે સપ્તકોને જોડી કરી જૂદા પાડે. પછી જોડીમાંથી એક એક સૂર ઉપાડી સપ્તકના સાત સૂરો અનુક્રમે ગોઠવે.

બાળકને સપ્તક ગોઠવતાં આવડ્યું એટલે

તેને સૂચવીએ કે પોતે સરગમ વગાડી શકે ને સાથે પોતાના ગળામાંથી તેવો જ સૂર કાઢીને મેળવી શકે. બાળક પોતાના ગળાને કેળવવા પ્રયત્ન કરી જોશે. સંગીતની તૈયારી માટે કાન કેળવવાની જેમ પ્રાથમિક જરૂરી છે તેમજ ગળું કેળવવાની પણ જરૂર છે. કેળવાએલો કાન ઘંટડીની મદદથી પોતાના ગળાને કાબુમાં લાવી શકે. ગાવા માટેની આ એક તૈયારી થઇ. બાળક ગાન દ્વારા પોતાને વ્યકત કરવાની ઇચ્છા ધરાવતું હશે તો જરૂર તે ગાનપ્રિયતા તરફ જશે. તૈયારી એ સર્વ સામાન્ય છે. પ્રત્યેક બાળક પ્રબોધક સાહિત્યથી તૈયારી સુધી પહોંચી શકે. પછી તો તે અંદરના રસથી આગળ જાય ને વધુવા માટે જે ઇંદ્રિયની તૈયારી તેને કામ આવે તેને વાપરે. ઇંદ્રિયકેળવણીનું કાર્ય અહી પૂરું થાય છે. સંગીતશિક્ષણમાં કાનની કેળવણીનું ઘંટડી એક સાધન છે, અને તેનું કામ અહી પૂરું થાય છે.

ગિ.

પરીક્ષાની મારી રીત

એક પ્રતિષ્ઠિત પરીક્ષકે વાત કરતાં કહ્યું કે મારી પરીક્ષા લેવાની રીત આવી હતી.

જે વિદ્યાર્થીને જે આવડતું હોય તે ન પૂછતો; જે વિદ્યાર્થીને જે ન આવડતું હોય તે પૂછતો. શિક્ષકે શીખ્યું હોય તેમાંથી ન પૂછતો, કારણ કે તો તો બધા પાસ થાય!

પૂછવાની જૂની ઢબે ન પૂછતો. દરેક વર્ષે નવી નવી ઢબ કાઢતો. કારણ કે શિક્ષક જો ઢબ જાણી જાય તો તે પ્રમાણે વિદ્યાર્થીઓને તૈયાર કરે. મારે એમ બતાવવું હોય કે તૈયારી બરાબર નથી.

વિદ્યાર્થીને અને શિક્ષકને અને ઘણી વાર મને પણ ન આવડે એવા સવાલો પૂછતો. કેમકે તેમ કરવાથી પ્રતિભા પડે.

પરીક્ષા વખતે ખૂબ ગંભીરતા રાખતો કે જેથી વિદ્યાર્થીઓને લાગ્યા કરે કે હું મોટો માણસ છે. ગંભીરતા રાખતો એનું બીજું કારણ પણ છે કે વિદ્યાર્થીઓ મસ્તી તોફાન ન કરે ને વ્યવસ્થા સચવાય.

ઘણા વિદ્યાર્થીઓ પાસ થાય એ મને પસંદ ન હતું, કારણ કે કડક પરીક્ષક જ બાતામાં સારો ગણાતો.

પરીક્ષાની આવી ઊંધી રીત કયારે બદલાશે?

ગિ.

ગ્રામશિક્ષણના પ્રશ્નો

(૧)

મને એક ભાઇ પૂછે છે: "ગામડામાં ભણવા આવનારનો મોટો ભાગ લોકનાં છોકરાંઓનો હોય છે. તેઓ ફાજલ વખતમાં ખેતરે જઇને અગર ઘેર બેઠને લગતું કામ કરે છે. તેઓ ગમે તેટલાં ધોએલાં કપડાં પહેરે તો પણ બે કલાકમાં હતાં તેવાં થઇ જાય છે. તેઓ જ શાળામાં મેલાં કપડાં પહેરીને આવે છે. આ બાબતમાં શું કરવું?"

ધૂળ વગેરે સાથે કામ પાડવાથી કપડાં મેલાં થાય ખરાં. પણ તે બહુ ન થાય તેની કાળજી અને આવડતનો જ્યારે વિચાર જ નથી હોતો ત્યારે મેલની હદ જ નથી રહેતી. પછી તે એક સ્વાભાવિક પરિસ્થિતિ થઇ પડે છે. આવી પરિસ્થિતિ આજે છે, પણ તે ન રહેવી જોઇએ.

લોકનાં છોકરાં છે, કે ખેડનું કામ છે એટલે કપડાં ગંદાં જ રહે, ને તે કારણે ચલવી લેવા બેસીએ તો કદિ પણ તેઓ ગંદકીમાંથી મુક્ત ન થાય. આ બાબતમાં આપણે શાળામાં આ પ્રમાણે કરીએ.

જેટલો વખત બાળકો શાળામાં રહે તેટલો વખત ઉચ્ચ સ્વચ્છતાના વાતાવરણમાં રહે. સ્વચ્છતાનો શ્વાસોચ્છ્વાસ તેમનામાં તે તરફની પ્રીતિ ઉત્પન્ન કરશે. શાળા અને શિક્ષક બન્ને મૂળે સ્વચ્છ જોઇએ.

બાળકો જ્યારે ભણવા આવે ત્યારે મેલાં કપડાં દૂર મૂકે અને તેને બદલે નાનાં છોકરાં નાગાં બેસે, મોટાંઓ લંગોટી વાળે ને તેથી મોટાંઓ લંગોટી અને ઉપર છાટી જેમ કપડાંનો કટકો વીંટાળે. આ બધું બાબાપો ન આપે તો શાળામાં રાખવું જોઇએ.

છોકરાંઓને અઠવાડિયે એક વાર કપડાં ધોવાનું ભણતર ભણાવવું. જેઓ જાતે કપડાં ધુએ છે તેમનો કપડાંની સ્વચ્છતાનો શોખ વધેલ જ છે. તેમને મેલાં કપડાંને સ્વચ્છ કરવાનો કલાત્મક આનંદ મળે છે. તેઓને વ્યાયામ તો થાય જ છે. માટે શાળામાંથી મળતાં અને ઘેરથી પહેરી લવાતાં બન્ને જોડ કપડાં આઠ દિવસે ધોવરાવવાં.

હમેશ શાળાનું કામ શરૂ કરતાં પહેલાં બાળકોના હાથ, મ્હોં, પગ ધોવરાવવાં. તેમની આંખો, નાક, નખ વગેરે સ્વચ્છ કરાવવાં. તે માટે કાચ, દાંતીયો ને લૂગડાંના કટકાઓનો ખર્ચ અવશ્ય વધારવો જ. બાળબોધીની ચોપડી કરતાં આ સાધન વધારે મહત્વનાં છે. સ્વચ્છતા પાછળ જતો વખત વ્યય નથી પણ એ ખરી કમાણી છે. સ્વચ્છતા વિનાનું ભણતર ખરું ભણતર જ નથી.

જેમ બીજા અભ્યાસક્રમમાં ધોરણો છે તેમ સ્વચ્છતાનાં ધોરણો ગોઠવવાં. બાળ ધોરણ, પહેલી ચોપડી, બીજી વગેરે. દિવસમાં એકાદ વાર બાળકોને સ્વચ્છતાના ધોરણ વાર ગોઠવવાં ને સ્વચ્છતા તરફ સૌનું ધ્યાન ખેંચવું.

હિંદુસ્થાનને ગંદકીનો ભયંકર રોગ લાગુ પડયો છે. એ એટલો ઉંડો ઉતરી ગયો છે ને એટલો જૂનો થઈ ગયો છે કે આપણને તે આપણો સ્વભાવ જ લાગે છે. દુનિયાના દેશોમાં આ એક ગંદાપણાને લીધે આપણે નાલાયક ગણાઇએ છીએ. આ ગંદાપણું આપણા કેટલાએક બીજા ગુણોને પણ ઢાંકી રાખે છે. હિંદુસ્થાનના કેટલાએ શારીરિક ને માનસિક રોગો પાછળ આ તેની ગંદાઇ છે. આને આપણે કેમ સહન કરીએ? સ્વચ્છતા એ જીવવાની પહેલી શરત છે. એ શરત પાળીને પંખી જ આપણે જ્ઞાન લેવા ને દેવા નીકળીએ. ગામડાની કે શહેરની કોઇ પણ શાળા ગંદાં કપડાં નિભાવી શકે જ નહિ.

ગિ.

શિક્ષણમાં લોકગીત

મોળાકતના દિવસો હતા. ફળીઆમાં, શેરીમાં, બાગમાં, મંદિરના ચોકમાં, જ્યાં જુઓ ત્યાં છોકરીઓ રાસડા લેતી હતી, કૂદતી હતી, પછાડી ખાતી હતી, રમત ગમત કરતી હતી. બાગમાં એક તરફ કોળી માળીની છોકરીઓ અસલ કૂટવાનાં લોકગીતો બોલતી હતી. અને સાથે સાથે આબાદ કૂટવાનું કામ કર્યે જતી હતી. કોઇ વાર ઉંચા હાથ કરીને તો કોઇ વાર વાંકી વળીને, તો કોઇ વાર મરડાઇને કૂદતી હતી. રાસડો લેતી હતી ત્યારે દિલે પછેડો બરાબર છે કે નહિ અગર માથે બરાબર ઓઢેલું છે કે નહિ તેનું ભાન રહેતું ન હતું. ભલે તેમના હાવભાવ કૂટવાના હતા છતાં તેમની સાચી ઉંમરના સહજ બાલભાવ અને રમતીયાળપણાને તેમાં પૂરતો અવકાશ હતો. અજાણ એવા પરદેશીની દૃષ્ટિએ તો એ હાવભાવ એક સુંદર નૃત્યની ઝાંખી કરાવતો હતો. એ વખતનાં છોકરીઓની ચપળતા અને છૂટથી વળતાં શરીરોનાં તાલબદ્ધ અને સુઘટિત હલનચલન જોઇ કોઇ પણ પ્રસન્ન થાય તેવું હતું.

બીજી બાજુએ શાળાઓમાં ભણતી બ્રાહ્મણ વાણીઆની છોકરીઓ સંસ્કારી નિષ્પ્રાણ રીતે રાસડા ગાતી હતી. આ રાસડામાં પેલી અસંસ્કારી છોકરીઓનાં સ્વતંત્ર અને ત્વરિત હલનચલનની તાજગી, અગર જુરસો કે જોસ એમાનું કશું અહીં દેખાતું ન હતું. તેઓ હાથ ઉપાડતી હતી પણ તે હાથના સાંધા જાણે સંધિવાથી અક્કડ થઇ ગયા હોય તેમ લાગતું હતું; અથવા તો કુણી કાકડી જેમ હમણાં હાથનો કટકો પડી જશે એવી બીકથી તેમના હાથ ઉપાડતી હતી. શરીર ફરતું હતું પણ તે જાણે છ માસના મંદવાડના ખાટલામાંથી ઉભી થયેલી બાઇનું હોય તેવું. આટલી નાજુકાઇમાં એમના ગળાના અવાજનું તો પૂછવું જ શું ? પેલી છોકરીઓ માત્ર સાત આઠ હતી જ્યારે આ બેનો પચીશ ત્રીશ હતી. પણ પેલીઓનો ઘાંટો વધારે સ્પષ્ટ સંભળાતો હતો. પાંચેક મિનિટ જોતાં અમને થાક જણાયો અને બંગાસાં આવ્યાં. અમે ત્યાંથી આગળ ચાલ્યાં. આગળ જતાં એક બીજી જગાએ રાસડા લેવાતા જોયા. રાસડા જોસમાં ગવાતા હતા. પહેરવેશ ઉપરથી છોકરીઓ ઉંચા વર્ણની લાગતી હતી પરંતુ તેમનો ફરવાનો અને ગાવાનો જુસ્સો અને ઢબ લોકની છોકરીઓને આંટી જાય એવો હતો. અમારું ધ્યાન એ તરફ ખેંચાયું ને પગ તે તરફ વળ્યા. પાસે જતાં જણાયું કે એ છોકરીઓ પણ એક નિશાળની જ હતી. પણ આ નિશાળમાં શહેરી ભણતરને શોભે એવું નિર્જીવ સંસ્કારી હલનચલન શીખવતા હોય એમ લાગ્યું નહિ. તેમના ગળામાંથી રાગ ઠીક ઠીક નીકળતો હતો. હલનચલનમાં વેગ હતો. ધરતી માતાને તેની દીકરીઓના રાસડાથી આનંદ થતો હશે. કોઇ કોઇ સાડલા પછેડાના છેડા સરખા કરતી હતી, તો કોઇ એમ તેમ ભાન ભૂલી આગળ ચલાવતી હતી. ગાયન હતું તો લોકગીત પણ સરસ ચક્યું હતું:—

છેટા છેટારે નંદના છોકરા રે,
મારાં રાંધણીયાં અભડાય રે....છેટારે.

એ તાલ અને સ્વરમાં કોઇ સંગીતશાસ્ત્રી સાથે ગાઇ શકે કે વગાડી શકે એવું ગાન હતું અમારી આંખ સહેજે તે જોવા ખેંચાઇ. કાન સાંભળવામાં રોકાયા. પંદર વીશ મિનિટ કયાં ચાલી ગઇ તેની ખબર પણ ન પડી. પ્રસન્ન મને ત્યાંથી આગળ ચાલ્યાં.

એક ઘર પાસેના ફળીઆમાં કેટલીએક છોકરીઓ ભેગી થઇ હતી. મોટી સ્ત્રીઓ છોકરીઓને રમાડવા અંદર ઉતરી હતી. લોકગીતો ગવાતાં હતાં. રાસડો ઠીક ઠીક ચક્યો હતો. મોટાંઓ ગવરાવતાં હતાં ને મોટે ભાગે તેઓ જ ઝીલતાં હતાં. છોકરીઓ મોટી સ્ત્રીઓ સામે જોઇ તેમની પેઠે ફરવાનો પ્રયત્ન કરતી હતી. રાસડા છોકરીઓના છે કે મોટાઓના છે તેની ખબર પડતી ન હતી. આમાં પેલી કોળી માળીની છોકરીઓની છૂટ અને તાજગી ન હતી. પેલી નિશાળની છતાં લોકગીત ગાતી છોકરીઓની સ્વાભાવિક તરલતાએ ન હતી. અહીં શહેરમાં ફેશન તરીકે ચાલતું ને શાળામાં પોષાતું પોશાકીપણું ન હતું ખરું; પણ છોકરીઓના વયને શોભે એવી નિખાલસતા અને સરલતાનો અભાવ સાલે તેવો હતો મોટાંઓની હાજરીને લીધે છોકરીઓના રાંસડાની ઉંમર બાર વર્ષની હોવા છતાં તેમાં ત્રીશ વર્ષનું પુખ્તપણું આવી ગયું હતું. અકાલે ઘડપણ તો કયાંઇ શોભતું જ નથી.

આ બધું જોતાં જોતાં અમે ઘેર આવ્યાં. ચારે ટોળાંના રાસડા આંખ સામે તરી રહ્યા. ચારેનાં જૂદાં જૂદાં ગીતો કાનમાં રહી ગયાં, ને ધીમે ધીમે સંભાળાવા લાગ્યાં.

પેલી કોળીની છોકરીઓનું સ્વર રહિત પણ તાલબદ્ધ ગીત સંભળાયું:—

"આખરા હેઠે કુવો કે છેલ પાણી મન્ન મારેરે;
દૂધડી પાણી ન જઇશ કે દેડકો તાણી જશેરે;
દેડકાની તાણી ન જાઉં કે ચકલો ઝીલી લેશેરે!"

પેલી શાળાની છોકરીઓનો રાસડો યાદ કરવા લાગી. શબ્દો યાદ ન આવ્યા. ભાવ તો સામાન્ય શીખામણનો હતો. સસરાને પિતા તુલ્ય ને સાસુને માતા તુલ્ય માનવાં ને સાસરે બધાંની સેવા કરીને રહેવું વગેરે ઉપદેશ આપતું કંઈક આધુનિક ગીત તે હતું. તેના શબ્દો યાદ કરવાની મહેનત કરતી હતી ત્યાં તો

"છેટા છેટારે નંદના છોકરારે
મારાં રાંધણીયાં અભડાયરે...છેટારે."

નો ઢાળ કાનમાં સંભળાવા લાગ્યો. અજાણે હું પણ તે ગણગણવા લાગી. ત્યાર પછી શું ગાયું હતું? હા,

"વાડી ખીલી વનફૂલડે, ફૂલ કોણ વીણવા જાય!"

અહા! કેવું સુંદર ગીત! પછી

"કુંજલડીરે સંદેશો અમારો,
જઇ વાલમને કેજો જીરે!"

સંભળાયું. પેલી ચોથી ટોળીનાં ગીતો તો મોટાંઓ ગવરાવતાં હતાં.

"પાંચ પારેવાં ઘૂમતાં, પારેવાં લ્યો;
મેં બાલુભાઇ વારીયા, પારેવાં લ્યો;
એવી કાળમાં શું મોહ્યાં, પારેવાં લ્યો."

× × ×

"લીંમડી ઉગી વઢીયારમાં!
લીંમડો ઉગ્યો લીલુડા બાગમાં!"

"કડલાં મારા મહીયરનાં,
કાંબીયું હોંય રાજનરે સાહેબની."

"શોક્ય ભાગ માગે સાહેલડી,
સાહેબો શુંરે ભોરાણો ગેમારમાં." વગેરે.

પેલી કોળીની છોકરીઓ તેમના સમાજમાં સ્વાભાવિકપણે પ્રચલિત ગીતો ગાતી હતી. ૧૧–૧૨ વર્ષની છોકરીઓ માટે ગાયનમાં છે તેવો હલકો વિનોદ તેમને માટે સહજ છે–તેમના જીવનથી તે બહુ દૂર નથી. તેમજ ક્રોધ પણ રીતે ખૂંચે અથવા સાલે તેવો નથી. આ ઉંમરે તેઓ ઘણી ખરી પરણેલી અગર પરણવાની તૈયારીમાં જ હોય છે. ત્યારે ચકલો (વર) ઝીલી લેશે વગેરે જાતનો વિનોદ તેમને મજા આપે તેવો છે. વિનોદની અસંસ્કારિતા તેમજ અસભ્યતા છોડી દઇએ તો ગીત ખૂબ મજાનું છે. એનો ટુંકો તાલ છોકરીઓમાં નૃત્યને ઉત્તેજે તેવો છે. એના શબ્દોમાં પણ ઉંડો અર્થ કાઢવા ન જઇએ તો તે છોકરીઓને અનુકુળ છે, સરલ છે, મોઢામાં તરત બેસી જાય તેવો છે. એકંદરે વિચાર કરતાં લાગ્યું કે છોકરીઓની રમતો અને ગીતો તેમને માટે તો યોગ્ય જ છે. આપણી સંસ્કારિતા તેમના પર લાદીએ તો તેમને તે માત્ર ભાર રૂપ થશે ને તેમના છૂટા પ્રાણને ગુંગળાવશે.

મનમાં બીજો પ્રશ્ન આવ્યો કે તેમનાં ગાયનો અને ક્રમ આપણે પેલી નિષ્પ્રાણ સંસ્કારી છોકરીઓને આપીએ તો? હા, મનુષ્યમાં સંસ્કારિતા જોઇએ પણ પ્રાણ વિનાની સંસ્કારિતા કેવી લાગે? સંસ્કારિતાને નામે જો નિષ્પ્રાણતા જ કેળવાતી હોય, ખોટી નાજુકાઇ આવતી હોય તો તેને પહેલી તકે રજા આપવી ઘટે. છોકરીઓની રમતોનું પ્રથમ લક્ષણ તો તેમનો બીલતો પ્રાણ છે. નવું ને તાજું લોહી જેમની નસોમાં ફરે છે, તે કાંઇ નિર્જીવતાની ઝાંખી કરાવે?

પેલી લોકગીત ગાતી નિશાળની છોકરીઓના રાસડામાં બરોબર સંસ્કારિતા ને સપ્રમાણનો સુમેળ હતો. આજે લોકગીત અને લોકરમતોનો જે પુનરુદ્ધાર થાય છે તેનો સાચી દિશામાં થએલો પ્રયત્ન તેમનામાં દેખાતો હતો. અને પેલી ચોથી ટોળીમાં દિશાભૂલ દેખાતી હતી. લોકસાહિત્યમાં પણ ઘણી જગાએ સામાજિક જીવન અને રીતરિવાજનું પ્રતિબિંબ છે. આપણે એને જ્યારે શિક્ષણમાં સ્થાન આપીએ ત્યારે તેને બરાબર ચાળીને લેવું જોઇએ. તેનાં સુંદર અને ગ્રાહ્ય તત્ત્વો સાથે અનિષ્ટ તત્ત્વો પણ ઘૂસી જાય તો કામ ન જ આવે. આજે જે લોકો એના હિમાયતીઓ છે તેઓ પોતે એ વાત જાણતા હશે ને પસંદગીને અવકાશ આપતા

હશે. પરંતુ પસંદગીનું ધોરણ સ્પષ્ટ અને ચોક્કસ ન થાય, ત્યાંનાં તત્ત્વો ત્યાંનાં તરીકે ભાર દઇને બતાવવામાં ન આવે, ને પેલી સ્ત્રીઓ છોકરીઓને ગવરાવતી હતી તેમ ભોન્દઇની ખોડખાંપણો ગવાય તો ભાઇનું મન . દુષિત કરવાની શીખામણો જ દીકરીઓને અપ્રત્યક્ષ રીતે મળે. શોકયના ખારની, સાહેબા પાસેથી ઘરેણાં લેવાની અને તેને ગેમારમાં રાખવાની વાત જ તેમને મળે. આપણાં ગીતો, કહેવતો, વાર્તાઓ આદિ મુખસાહિત્યમાંથી સામાજીક મુખશિક્ષણ કેટલું મળે છે તેની આપણને કલ્પના હોતી નથી. એનાં કરતાં તો નિશાળોમાં ગવાતાં આધુનિક ગીતો સારાં. આરંભમાં લોકગીતોનો બહિષ્કાર થયો ને તેની જગાએ જેડી કાઢેલાં બીજાં ગીતો દાખલ થયાં તેમાં એક શુભ હેતુ તો હતો જ. આપણા સમાજના અનુદાર અને સંકુચિત રીતરિવાજોથી તેમજ એક બીજા તરફના સંબંધથી તે વખતના વિચારકો ત્રાસી ગયા હતા. હમેશ દીકરીને કાને સીધી રીતે કે સાહિત્યથી એ જ વાત આવે કે પીયરિયાં સારાં ને સાસરિયાં ખરાબ. સાસુ, નણંદ, જેઠ, દેર બધાં શત્રુ ને ભાઇબેન, માબાપ એટલાં જ આપણાં. એ સંસ્કારોને ભૂંસી નાખી વિશાળ પ્રેમનો આદર્શ છોકરીઓ આગળ ધરવા સારૂ આ લોકોએ નિશાળમાં નવાં ગાયનો દાખલ કર્યાં તેમાં ભલે કળા કે પ્રતિભા ન હોય પરંતુ તેની પાછળ તો શુભ હેતુ જ હતો. લોકસાહિત્યના ઉદ્ધારક શિક્ષકો અને માતપિતાઓએ આ વાતનો બરાબર વિચાર કરીને પોતાની દીકરીઓ આગળ ગીતો, વાર્તાઓ, અને કહેવતો મૂકવાની છે. જૂનું તેટલું સુંદર એમ એક મોટો વિશાળ નિયમ કર્યે ન ચાલે. જૂનામાંથી જે અકબંધ લેવાય એવું નીકળે તે લેવું. જે થોડા સુધારા કે કાપકુપ કરીને લેવાય તે તેમ કરીને લેવું; જેમકે માની સ્તુતિનાં ગાયનો—ગીતો ગાઇએ પણ તેની સાસુને કાળુડો નાગ ન કરાવીએ. એ નિંદા દ્વેષનો ભાગ છોડી દઇએ. તેમજ કેટલીએક જગાએ તો મૂળનુ માત્ર બોધું રાખીને અંદર નવી વિગતો જ પૂરવી પડે. જેમકે 'અચકો મચકો કારેલી' ની રમત છોકરીઓને બહુ પ્રિય છે. એ રમતનાં જોડકણાં તદ્દન નવાં બનાવવાની જરૂર છે.

"તમે કેટલા ભાઇ કુંવારા હો રાજ;
તમને કઈ કઈ લાડી ગમશે રાજ;
એ કાળીને શું કરશો હો રાજ;
કાળી કામણગારી હો રાજ;
એ સુંડલો ઘરેણાં માગશે હો રાજ."

વગેરે જોડકણાં છોકરીઓના મોઢામાં શોભતાં નથી. જ્યારે બાળલગ્નની કુપ્રથા ચાલતી હતી ને બાલિકાઓને ગૃહશિક્ષણ અને સંસારનું શિક્ષણ મોઢે આપવાનું હતું તે વખતની આ રમતો, આપણા આજના કન્યાઉછેરના વિચારોને માફક ન જ આવે. છતાં તેમાંનો સારો ભાગ કાયમ રાખી શકીને એવો છે. એ રમતો બરાબ તરીકે ફેંકી દઇ તે જગાએ બેડમિંટન અને ક્રિકેટને દાખલ કરવાની જરૂર નથી, પણ સારાં જોડકણાં દાખલ કરીને રમત ચાલુ કરવાની જરૂર છે. તા.

ગ્રાહકોએ પત્રવ્યવહાર વખતે રેપર ઉપરનો પોતાનો ગ્રાહક નંબર અવશ્ય લખવો.

વાર્ષિક લવાજમ રૂા. એક. લખોઃ તંત્રી, શિક્ષણ પત્રિકાઃ શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર, ભાવનગર
શ્રી 'સરસ્વતી' છાપખાનું. અજીજ બિલ્ડીંગમાં પોરી. ભીખાભાઇ ગોપાળજીએ છાપી.

શિક્ષણ પત્રિકા

(મૉંટીસોરી સંઘ)

વર્ષ ૨ જું
૧૯૮૪

અંક ૧૦ મો
માર્ગશીર્ષ

: તંત્રી :
ગિજુભાઈ
તારાબેન

બીજા સામે તો જોઈ રહ્યા છીએ; આપણે આપણી સામે તો જોઈએ ? બીજાની વાતો તો કરી રહ્યા છીએ; આપણે આપણી વાત તો વિચારીએ ? બીજાની ચિંતા તો વેંઢારી રહ્યા છીએ; કંઈક આપણી ફિકર તો કરીએ ?

અને આપણે બીજાનો વિચાર કર્યા જ કરીએ છીએ એટલે આપણને આપણો પોતાનો વિચાર કરવાનું નથી ગમતું શું ? અથવા તો આપણો વિચાર કરવા જેવું નથી રહ્યું શું ? અગર તો આપણને આપણો વિચાર નથી સૂઝતો શું ?

અને જે આપણે આપણી જાત વિષે પ્રથમ જ વિચારી લઈએ તો બીજા વિષે થોડું જ વિચારવાનું નહિ રહે ? આપણે આપણને બરાબર સંભાળશું તો દરેક પોતાને બરાબર શું નહિ સંભાળે ?

બીજાના વિચારમાં આપણે આપણો વિચાર કરવાનું ન ચૂકીએ.

'ના'નો અર્થ 'ના' . . ને . . 'હા'નો અર્થ 'હા'

વ્યાકરણદૃષ્ટિએ તો 'ના'નો અર્થ 'ના' જ થાય છે ને 'હા'નો અર્થ 'હા' જ થાય છે. પરંતુ વ્યવહારમાં ઘણી વાર 'ના'નો અર્થ 'ના' નથી રહેતો. ઘડીક 'ના'નો અર્થ 'ના' થાય છે ને ઘડીક તેનો અર્થ 'હા' થાય છે. ને પાછો 'ના' થાય છે ને વળી 'હા' થાય છે.

આવું જેવું હોય તો બાળકોની સાથે કામ પાડતાં આપણે જેવું.

બાળક આપણને કહે છે: "આ પેંડો ખાઉં?" બા પ્રથમ ના પાડે છે: "ના, નહિ." બાળક કહે છે: "પણ બા થોડોક આપને? ભાવે છે." બા કહે છે: "ઠીક લે ત્યારે. થોડો લેજે."

બાળકે 'ના'ની 'હા' કરાવી.

બા કહે છે: "જે અત્યારે બહાર રમવા નથી જવું. અંધારું છે. હું ના પાડું છું." બાપા કહે છે: "હવે જવા દેને? આ બચુ ને રતુ સાથે છે, વાંધો નહિ. હું હા પાડું છું."

બાની 'ના'ની બાપાએ 'હા' કરી.

બાપા કહે છે: "જે અત્યારે વાર્તા કહેવાની નથી; સવારે કહેવાનો."

બા કહે: "કહેને એકાદ વાર્તા? બિચારીને સાંભળવી છે. એક વાર્તા સાંભળીને સૂઈ જશે. અસારે વળી શું કામ છે?"

બાપા વાર્તા કહે છે.

બા બાપાની 'ના'ની 'હા' કરાવે છે.

બાળક કહે છે: "બા મને મુરબ્બો આપીશ ના?"

બા કહે છે: "હા, કાઢી આપીશ."

બાપા કહે છે: "રોજ રોજ મુરબ્બો ન હોય. આજે નથી આપવો."

બાની 'હા' બોટી થાય છે. બાપાની 'ના' ખરી પડે છે.

બાળક કહે છે: "બાપા, આ ઘડીયાળ લઉં?"

બાપા: "ના ભાઈ, એનાં બાળા નહિ."

બાળક રડે છે.

બા કહે છે: "જરાક વાર આપોને? છોકરાના આંસુ પડાવીને ઘડીયાળને શું સાચવવી છે?"

બાપા ઘડીયાળ આપેછે, બાપાની 'ના' ની 'હા' થાય છે.

બાપા ફરવા જાય છે.

બાળક કહે છે: "બાપા, સાથે આવું?"

બાપા કહે છે: "અત્યારે મોડું થયું છે. કાલે વાત."

બા કહે છે: "બાળક રડે છે તે જરાક જઈને પાછા વળજો. આજ એટલું બોછું ફરજો."

માતપિતાના નિશ્ચયો

આપણે દીકરા દીકરી વચ્ચે ભેદભાવ ન રાખીએ.

ભલે આપણા વચ્ચે મતભેદ હોય પણ બચ્ચાં સમક્ષ ન લડીએ.

આપણામાં દુર્બળતા હોય તો તે બચ્ચાથી ઢાંકીને ચાલીએ નહિ, પણ તે કાઢી નાખવા પ્રયત્ન કરીએ.

આપણે બાળકો પાસે એક વાત અને બીજાઓ પાસે બીજી વાત ન કરીએ.

વળી બાપાની 'ના'ની 'હા' થઇ.

બાળક કહે છેઃ "બા, હું આ થાળી લઉં?"

બા ના પાડે છેઃ "ના, ઇ નથી લેવી. એ તારે માટે નથી."

બાળક કહે છેઃ "પણ કાને તો લેવા દીધી હતી?"

બા મુંઝાય છે ને કહે છેઃ "ઠીક લે ત્યારે."

બાપા કહે છેઃ "જો ભાઇ આ પાટલો તારો ને આ મહેમાનનો. આની ઉપર બેસવાનું."

બાળક કહે છેઃ "ના, મારે તો પેલો જ જોઇએ."

બાપા કહે છેઃ "ના ભાઇ, એમ નહિ ચાલે."

બા કહે છેઃ "જો ભાઇ, મહેમાનનો પાટલો ન લેવાય."

મહેમાન કહે છેઃ "લે; ત્યારે હું આ નાના પાટલા ઉપર બેસીશ. તું આ મોટા પર બેસ."

બા તેમજ બાપાની 'ના'ને મહેમાનની 'હા'એ ઉંધી વાળી.

આમ જૂદા જૂદા પ્રસંગોએ વારંવાર ઘરમાં 'ના'ની 'હા' અને 'હા'ની 'ના' થાય છે. આમાંથી બાળકોને લાધુ ફેવે છે. એટલે કે બાળકોને એક વાતની ખાત્રી થાય છે કે 'ના' તે 'ના' નથી ને 'હા' તે 'હા' નથી. બાની 'ના' બાપા ફેરવે છે ને બાપાની 'હા' બા ફેરવે છે. રડીએ તો કાં તો બાપા મદદે આવશે ને કાં તો બા મદદે આવશે. ગમે તેમ 'હા'ની 'ના' થશે ખરી. બાળકનો આ અનુભવ જેટલા પ્રમાણમાં મજબૂત થયો હોય છે તેટલા પ્રમાણમાં તેની શ્રદ્ધા દૃઢ હોય છે, ને તેથી તે 'ના'ની 'હા' ને 'હા'ની 'ના' કરાવવા માટે મથ્યું રહે છે. એક વાર નહિ પણ અનેક વાર એની એ દલીલ કે વાત મૂકે છે; એનું એ ગાયું ગાય છે. બા કે બાપા આખરે કંટાળે છે ને બાળકને ફાવી જવાનું થાય છે. આમાં બાળક મોટે ભાગે ધાર્યું કરાવે છે, બા બાપા બંનેની આજ્ઞા રદ કેમ થઇ શકે છે તે જાણી શકે છે; બા બાપા એક બીજાથી વિરુદ્ધ પડે છે તેમાં તેનો લાગ ફાવે છે તે તેને સમજાય છે. તે પોતાનું હિત કજીયામાં, જીકરમાં, બા કે બાપાનો પક્ષ મેળવવામાં કે દલીલબાજી કરવામાં છે એમ માનવા લાગે છે.

બા બાપાનું ઉથાપે અને બાપા બાનું ઉથાપે ને બા અને બાપા પોતાનું ઉથાપે એ જોઇ બાળક અનિશ્ચિતતાની કેળવણી મેળવે છે. તે બા કે બાપામાં નિશ્ચયનું બળ જોતું નથી. તે તેમનામાં નિર્બળતા ભાળે છે, તેથી તેનામાં તેવી જ છાપ પડે છે ને પડવાની છે. આ છાપ મોળી નીતિમત્તાની છે. આ છાપ એટલે હલકું ચારિત્ર્ય. નિશ્ચિતતા ચારિત્ર્યનો પાયો–ચારિત્ર્ય છે અને અનિશ્ચિતતા એટલે ચારિત્ર્યહીનતા. બાળકને આનું શિક્ષણ ઘરમાં બાપાનો પોતાના

માતપિતાના નિશ્ચયો

આપણે જ્યાં ન સમજતા હોઇએ ત્યાં આવડે છે એવો દંભ ન કરીએ.

આપણે ભૂખ્યા રહીને પણ બાળકોના શરીરને પોષીએ.

આપણે દુઃખ વેઠીને પણ તેમને જ્ઞાનસમૃદ્ધ કરીએ.

આપણે સાત્ત્વિક રહીને જ બાળકને ચારિત્ર્ય આપીએ.

આપણે કરી બતાવીને જ બાળકને જીવનમંત્ર આપીએ.

જ વર્તનથી–'હા'ની 'ના' અને 'ના'ની 'હા'માંથી આપે તો કેવી ગંભીર ભૂલ થાય? 'હા'ની 'ના' અને 'ના'ની 'હા' એટલે 'હા' અને 'ના' વચ્ચેનું જે અન્તર અને વિસંવાદ છે તે કહેનારાઓ વચ્ચેનું અન્તર અને વિસંવાદ. આ માબાપ અને અન્ય જનો વચ્ચેના અંતર અને વિસંવાદનું વાતાવરણ એટલે વિરોધ અને જૂદાઇનું શિક્ષણ. બાળક અહીંથી ભેદવૃત્તિ શીખે.બાળક અહીંથી વિરોધ કરતાં શીખે.

'હા'ની 'ના' અને 'ના'ની 'હા' એટલે અનિશ્ચિત તંત્ર. એક તંત્ર નહિ; સર્વાનુમત તંત્ર નહિ અને અતંત્ર પણ નહિ. આનું નામ ફરતું તંત્ર કે વિચિત્ર તંત્ર, અથવા ફાવ્યું તંત્ર. આવા તંત્રમાં બાળક અરાજક થાય કોઈ પણ તંત્રમાંથી નાસી કેમ છૂટવું એટલું માત્ર તે ઇચ્છે ને એને માટે યુક્તિ કરે. વફાદારી કે આજ્ઞાંકિતપણું આ તંત્રમાંથી ન મળે.

આ 'હા'ની 'ના'માંથી આપણે સૌએ છૂટવું પડશે; અને તે આપણા તેમજ આપણા બાળકોના ઉભયના હિતને માટે. નહિતર આપણી અને બાળકોની સ્થિતિ ગંભીર થશે. આપણે પરસ્પરથી વિરોધ કરીએ અને બાળકો આપણું સાંભળે નહિ એ આનું પરિણામ છે.

આપણે શું કરવું જોઇએ?

પ્રથમ વાત આપણે એ કરીએ કે આપણે 'હા'નો અર્થ 'હા' અને 'ના'નો અર્થ 'ના' સજ્જડપણે કરીએ જ કરીએ. એક વાર 'હા' 'ના' પડાઇ ગઇ એટલે તો તે ફરે જ નહિ એવો આગ્રહ જ હોય. એમાં ગાડું ફરે જ નહિ. બાળકને અને સામેથી 'ના' પાડનારને કે 'હા' કરાવનારને બા કે બાપા ખાત્રી જ કરી આપે કે આમાં મીનમેખ થનાર નથી. આમ એક વાર કરી બતાવીશું એટલે આપણી ઘરમાં પ્રતિષ્ઠા પડશે અને પછી 'હા'ની 'હા' રહેશે અને 'ના'ની 'ના' રહેશે. અને બાળક એક વાત બરાબર સમજી જશે કે બા કહે છે તેમ બાપા કરે છે ને બાપા કહે છે તેમ બા કરે છે; ને બન્ને જેમ કહે છે તેમ કરે છે.

પરંતુ આપણી આ 'હા' અને 'ના' પાછળ આપણો અસાધારણ વિવેક જોઇશે. આપણા હાથમાં સત્તા છે માટે આપણે તેનો અધ અમલ નહિ કરી શકીએ. માટે કયાં 'હા' પાડવી ને કયાં 'ના' પાડવી તેનો અગાઉથી વિચાર કરી એ જ કહીએ. એ વિચારની પાછળ જીવનની ફિલસુફી અને સિદ્ધાન્તની સ્પષ્ટતા જોઇશે. એટલા માટે આપણે જીવનમાં અને બાળશિક્ષણમાં શું સ્વીકાર્ય-ત્યાજ્ય ગણીએ છીએ તેનો નિર્મળ વિચાર કરી નાખવો પડશે. અને ત્યાર પછી તો 'હા' 'ના' નું કામ સહેલું થશે એટલું જ નહિ, પરંતુ બાળકોને કે બીજાઓને તે ઉથાપવાની જરૂર જ નહિ લાગે. અને પછી 'હા'નો અર્થ 'હા' અને 'ના'નો અર્થ 'ના' જ સમજાશે.

આપણી 'હા' અને 'ના' ઘણી વાર ભૂલભરેલાં નીકળે છે. પરંતુ તેથી કશી ફિકર નહિ. એક વાર તો 'હા'ને વળગી રહેવું ને એક વાર 'ના' કીધી એટલે 'ના' જ. પણ પાછળથી આપણે ડાહ્યા થવું જ થવું. અને ફરી તેવી ભૂલ ન થાય તે માટે 'હા' 'ના' પાડતી વખતે ખાસ કાળજી રાખવી.

એવી જ રીતે આપણી 'હા' ખોટી હોય તો એક વાર ત્યાં તો ન જ ફેરવવી; તે પ્રમાણે જ

વર્તવું. આપણે ભૂલને કબૂલ કરી શકીએ પણ અનિશ્ચિત ન જ રહીએ, અથવા ફર્યા ફર ન જ કરીએ.

'હા' એટલે 'હા' અને 'ના' એટલે 'ના' સફળ કરવા માટે ઘરમાં સૌએ એક બીજાને અનુકૂળ થવું જોઇશે. જો ઘરમાં સ્ત્રીના હાથમાં તંત્ર હોય તો તેની 'હા' 'ના' અફર રહે. એમ જ જો તંત્ર પુરુષના હાથમાં હોય તો તેની 'હા' 'ના' અચલ રહે. જો બંને જણાં તેમ ચલવતાં હોય તો બંનેએ પોતાની વચ્ચે ગમે તેવા મતભેદ હોય તો પણ એકની 'હા' માં 'હા' મૂકવી અને એકની 'ના' માં 'ના' મૂકવી; પાછળથી મતભેદ પતાવી લેવાશે. વખતે લીધેલું પગલું ખોટું નીકળશે પણ તે પગલું ફેરવાશે–તેનું નુકશાન ફેરવાશે; પરંતુ વિસંવાદ અને અરાજકતાનું શિક્ષણ નહિ ફેરવાય.

ઘરને સંવાદી અને બાળકોને ચારિત્ર્યવાન્ કરવાં હોય તો 'હા' નો અર્થ 'હા' અને 'ના' નો અર્થ 'ના' રાખીએ. આ 'હા' તે અત્યંત વિચારપૂર્વકની. આ 'ના' તે સાતસો વાર વિચાર કર્યા પછી પાડેલી.

ગિ.

બાળકોની મહત્ત્વાકાંક્ષા

આપણાં બાળકોમાં આપણે ફરીવાર જન્મીએ છીએ અને જીવીએ છીએ. આપણું ચાલ્યું ગયેલું મધુર બાળપણ આપણે તેમના બાળપણમાં નીહાળી સુખી થઇએ છીએ. આપણું જીવન તો અરધું અધિક ચાલ્યું ગયેલું હોય છે પણ તેમનામાં આપણે ફરીથી તે શરૂ કરીએ છીએ. તેથી બાળકોના જીવનથી આપણામાં નવું જીવન સંચરે છે. આપણામાં નવી આશાઓ ઉત્પન્ન થાય છે, નવો ઉત્સાહ ને જોર આવે છે.

આપણાં બાળકોમાં ફરી વાર જીવવાનો આપણો સ્વભાવસિદ્ધ હક્ક છે. તેમના જીવનથી જીવંત થવું, પ્રેરિત થવું, ઉત્સાહિત થવું, સફળ થવું બધું આપણને સહજ છે, સ્વાભાવિક છે અને યોગ્ય જ છે. પરંતુ આપણાં બાળકોમાં ફરીવાર જીવવામાં આપણે તેમના આત્માને દબાવી આપણા જ આત્માને સંતોષવા લાગીએ તો? તેમનામાં સ્ફુરતી આકાંક્ષા જોવાને બદલે આપણી નિષ્ફળ ગયેલી આકાંક્ષાઓ તેમના ઉપર બેસાડી દઇએ તો? તેમના જીવનનો વિકાસ જોવાને બદલે તેમને આપણે ધારી રાખેલું કાંઇક બનાવવા માગીએ તો?

ઘણી વાર આપણું એમ બને છે. આપણું બાળક આપણામાંથી જન્મ્યું. આપણે લીધે જન્મ્યુ છતાં જન્મ પામ્યું એટલે તે આપણાથી છૂટું પડ્યું. આપણું છતાં તે આપણી આગળ એક સ્વતંત્ર વ્યક્તિ, એક અન્ય આત્મા તરીકે ઉભું રહે છે પણ આપણે એ વાત ભૂલી જઇએ છીએ. આપણે તેને આપણામાં જ સમાવી દેવા માગીએ છીએ. જે આપણે જાણતા નથી પણ એક આત્માને કચરી નાખવાનું પાપ કરીએ છીએ. એક વિકસતા જીવને વિકસતો અટકાવીએ છીએ. એક જીવનપ્રવાહને આપણે ધારી રાખેલી દિશામાં લઈ જવાના પ્રયત્નમાં એ પ્રવાહને જ સુકાવી નાખીએ છીએ.

કોઈ પિતા અત્યંત પ્રેમથી પોતાની બાલિકા માટે મોટી મહત્ત્વાકાંક્ષા રાખી બેસે છે કે બાલિકાએ આજીવન બ્રહ્મચારિણી થવું તો કોઇ માતા પોતાની પુત્રીને માટે ઐશ્વર્યયુક્ત જીવન વાંચ્છે છે. કોઈ પુત્રને આય. સી. એસ. થઇ સત્તાધીશ થયેલો જોવા ઇચ્છે છે, તો કોઇ પોતાનો પુત્ર ત્યાગી ને યોગી થાય એવી આકાંક્ષા લઇને બેસે છે.

આ બધું-શા માટે? આ તો આપણું સ્વા-

થીપણું છે. આપણે તો આપણાં બાળકો માટે એક જ મહત્ત્વાકાંક્ષા રાખવી: 'મારા બાળકની સર્વ શક્તિઓ પૂર્ણપણે ખીલે.'

તેનામાં જે નથી તે જોવાની આકાંક્ષા રાખવા કરતાં તેનામાં જે બીજમાં છે તે નિરંકુશ રીતે ઉત્તમ વિકસેલું જોવાની આપણી ઇચ્છા હોય અને એ જ દિશામાં આપણો પ્રયત્ન હોય.

તા.

હા . . . . . અને . . . . . ના

તમને આવડે છે ?		તમને આવડે છે ?		તમને આવડે છે ?	
નદીનું કાવ્ય વાંચતાં ?	હા.	તરતાં ?	ના.	ભાદર નદી લાંબી કેટલી ?	હા.
ઝાડને છાંયે બેસી રહેતાં ?	હા.	ઝાડે ચડતાં ?	ના.	અહમદશાહનો બાપ કોણ ?	હા.
દૂરબીન લઈ રમત જોતાં ?	હા.	ખોખો રમતાં ?	ના.	પાંચ પાંડવો કોણ કોણ ?	હા.
ઘોડાગાડીમાં ફરતાં ?	હા.	સાઇકલે બેસતાં ?	ના.	પંચરાશિ ને નક્ષેતોટો ?	હા.
કોઇની પાસે પાટો બંધાવતાં ?	હા.	પાટો બાંધતાં ?	ના.	પાકશાસ્ત્રના મૂળ નિયમો ?	હા.
ગરમાગરમ ખાતાં ?	હા.	રોટલી કરતાં ?	ના.	પ્રાણીઓની ખાસિયત ?	હા.
ધોબી ધોયેલ કપડાં પહેરતાં ?	હા.	કપડાં ધોતાં ?	ના.	રેલ્વેની ઉપયોગિતા ?	હા.
ઢોર આવે તો ભાગી જતાં ?	હા.	ઢોર હાંકતાં ?	ના.	વીંછી કેમ ઉત્પન્ન થાય છે ?	હા.
કોઇને સાથે લઇ ગામ જતાં ?	હા.	એકલાં ગામ જતાં ?	ના.	સાઇકલો ક્યાંથી આવે છે ?	હા.
વીંછી જોઇ નાસી જતાં ?	હા.	વીંછી પકડતાં ?	ના.	ન રમીએ તો શું થાય ?	હા.

શું કામ ?

બાએ મને કાઢી મૂકી. શું કામ મને કાઢી મૂકી ? હું તો એને કહેવા ગઈ હતી કે કાચ મને જડ્યો. એમ કહેવા ન જવાય ?

બાપા મને વઢયા. શું કામ મને વઢયા ? હું તો બતાવવા ગઇ'તી શાહીથી ચિતર કેવાં કર્યાં છે તે. બાપુને બતાવવા ન જવાય ?

બાએ મને મારી. શું કામ મને મારી ? હું સાબુના ફીણ કરતી'તી. રાતાપીળા રંગ જોતી'તી. રાતાપીળા રંગ ન જોવાય ?

બાપાએ મને પાપીઓ કીધો. શું કામ મને એવો કીધો ? કેવું સરસ પતંગિયું હતું ! હું તો એમને બતાવવા ગયો હતો. પાપીઓ એટલે શું હશે ?

બાએ મને બાયલો કીધો. શું કામ મને બાયલો કીધો ? બંગડી મેં પહેરી જોઇ. જોયું કે કેવી લાગે છે. સરસ લાગતી હતી. પણ બંગડી પહેર્યે બાયલો કેમ ?

બાપાએ મને મૂરખો કીધો. શું કામ મને મૂરખો કીધો ? ન ગમ્યું તો ન ગાયું. પરાણે કાંઈ ગમે ? ને મૂરખ એટલે ન ગાનાર ?

ભાઇએ મને ધક્કો માર્યો. શું કામ એણે ધક્કો માર્યો ? મેં એટલું પૂછ્યું કે આવને ભાઇ રમીએ. ન રમે તો કાંઇ નહિ, પણ એમાં ધક્કો શું કામ મારે ?

બેન કહે બસ આઘી. શું કામ મને બસ કહે છે ? હું તો ત્યાં ઉભી હતી. કીડીઓને જોતી હતી. મારે ક્યાંઇ જવું નો'તું. શું કામ મને બસ કીધું ?

ઝ.

પણ હું ના પાડું છું ના !

રતુ: "બા, બાપા કહે છે કે ઓલી ઢીંગલી કબાટમાંથી લઈને રમો."

બા: "પણ હું ના પાડું છું ના ! અત્યારમાં ઉઠીને રમવાનું ન હોય."

મનુ: "બા, બાપા કહે છે કે પણે રેતીના ઢગલા ઉપર જઈને રમો."

બા: "પણ હું ના પાડું છું ના ! રેતીમાં વળી શું રમવુ'તું ?"

રતુ: "બા, બાપા કહે છે કે જાઓ નળેથી કળશે કળશે પાણી ભરો."

બા: "પણ હું ના પાડું છું ના ! અત્યારમાં ક્યાં સૂઝે છે ? બીજું કાંઈ છે કે નહિ?"

મનુ: "બા, બાપા કહે છે કે જસી બેનને ત્યાં રમવા જઈએ."

બા: "પણ હું ના પાડું છું ના ! અત્યારમાં કોઈને ત્યાં નથી જવું." ગિ.

ઘરમાં જઈને ઉભો રહ્યો

૧

તડાપડ પડયું હતું.
લણુ દોડાદોડ કરતો હતો.
નાના કાકા વઢતા હતા.
વિજુ કજીઆ કરતી હતી.
નાની કાકી ધખતાં હતાં.
લીલી બેન દેતી નો'તી.
મોટો ભાઈ ખેંચતો હતો.
તડાપડ પડયું હતું.

૨

સાફસુફ થયું હતું.
નથુ લેસન કરતો હતો.
સારા મામા લખતા હતા.
જીવી વાળ ઓળતી હતી.
સારી મામી રાંધતાં હતાં.
નાની બેન સૂતી હતી.
મોટો ભાઈ રમાડતો હતો.
સાફસુફ થયું હતું. ગિ.

અમારે ત્યાં એવો રિવાજ

૧

કે બેન ઘરમાં કામ કરે ને ભાઇ બેઠો વાંચ્યા કરે.
કે બેન ભાઇનું એઠું ખાય ને ભાઇએ તે ન ખવાય.
કે બેને ફરવા ન જવાય ને ભાઇએ તો જવાય.
કે બેને એકલાં ન જવાય ને ભાઇએ તો જવાય.
કે બેને ઘરમાં રાંધવું જોઇએ ને ભાઇએ તો ન રંધાય.
કે બેને સાંજવારી કાઢવી જોઇએ ને ભાઇએ તે ન થાય.
કે બેને પાણી ભરવું જોઇએ ને ભાઇએ તે ન થાય.
કે બેને વાસણ માંજવાં જોઇએ ને ભાઇએ તેમ ન થાય.
કે બેન ભાઇનું કામ કરે ને ભાઇ બેઠો હુકમ કરે.
કે ભાઇ તો રોજ ભણવા જાય, બેને ઘરનું કામ કરાય.

૨

કે સૌ ઘરનું કામ કરે ને સૌ પાછાં વાંચે લખે.
કે કોઇનું એઠું ખવાય નહિ ને કોઇને એઠું દેવાય નહિ.
કે ભાઈ જેમ એકલો ફરે તેમ બેન પણ એકલી ફરે.
કે ભાઇએ જેમ ફરવા જવાય તેમ બેનથીયે જવાય.
કે ભાઈ પણ રાંધતાં શીખે ને બેન પણ શીખે.
કે બેન જેમ વાળે ચોળે તેમ ભાઇયે વાળે ચોળે.
કે બેનને પાણી ભાઇ ભરાવે ને ભાઇને બેન ધોવરાવે.
કે ભાઇબેન ભેગાં મળી ઘરનાં વાસણ માંજી શકે.
કે બેન ભાઇનું કામ કરે ને ભાઈ બેનનું કહેવું કરે.
કે ભાઈ જેમ ભણવા જાય તેમ બેને ભણવા જાય.

હંમેશ જુઓ.

બાળક હાથ ધોઈને જમવા બેસે છે?
બાળક હાથ રૂવાલે જ લુવે છે?
બાળક ધીમે ધીમે ચાવીને ખાય છે?
બાળક રોજ દાતણ કરે છે?
બાળક રોજ જમીનેં હાથ ઘસીને ધુએ છે.
બાળકના હાથ પગના નખ ઉતારેલા છે?
બાળકના વાળ જુ વિનાના છે?
બાળકનાં કપડાં અત્યન્ત સ્વચ્છ છે?
બાળની આંખ ચીપડા વિનાની છે?
બાળકના કાનેં મેલ વિનાના છે?

મોન્ટીસોરી પદ્ધતિમાં લેખનની તૈયારી

આપણા અત્યાર સુધીના અનુભવથી માલુમ પડે છે કે બાળકો જેટલાં વાચનમાં આગળ વધી શક્યાં છે, તેટલાં લેખનમાં વધ્યાં નથી.

લેખનવિષયને બે બાજુ છે; એક લેખનની તૈયારી ને બીજું સ્વયંસ્ફુરિત સર્જન. સ્વયંસ્ફુરિત સર્જન બાળકો ઉપર અવલંબે છે, તે બહારથી આપી શકાય નહિ. તે માટે અનુકૂળ વાતાવરણ અને જ્યોત જગાડનાર જ્યોતિ એ બે વાનાં આપણે યોજી શકીએ; બાકીનું અંદર ઉપર રહે છે. પરંતુ તૈયારી તો આપણે આપી શકીએ ને આપવી જોઇએ.

તૈયારી વિભાગ આપણે જેટલા પ્રમાણમાં વધારે સ્પષ્ટ અને દૃઢ કરીએ તેટલા પ્રમાણમાં સર્જનને વધારે અનુકૂળતા મળે. આ તૈયારી વિભાગનાં અંગો ક્રમશઃ આ પ્રમાણે લેવાં જોઇએ.

૧ આંગળાં ફેરવવાનું

લેખનમાં આંગળાંને ફેરવવાની ક્રિયા આવશ્યક છેઃ કલમ તેને આધારે જ ફરે છે. માટે તે ક્રિયા બરાબર પરિપક્વ થવી જોઇએ.

પ્રબોધક સાહિત્યમાં આંગળાં ફેરવવાનું સ્થાન નીચેની બાબતોમાં છેઃ—

૧. દડ્ડાની કોર ફરતાં.
૨. ભૌમિતિક આકૃતિઓ ફરતાં.

આ સાદી જણાતી તૈયારી ઘણી વાર ધ્યાન બહાર જાય છે, અને તેથી આગળ જતાં હાથ તેટલો બીન કેળવાયેલો માલુમ પડે છે.

૨ કલમ વાપરવાનું

કલમ ઝાલીને તેને ગમે તે દિશામાં ચલાવવી એ લેખનમાં બીજી ક્રિયા છે. આ ક્રિયા લીટા પૂરવાથી પરિપક્વ થાય છે. આમાં અંતર્ગત ક્રિયાઓ નીચે મુજબ છે.

૧ લોઢાની ભૌમિતિક આકૃતિ વડે કાગળ ઉપર પેન્સિલથી આકૃતિ ઉપજાવવી.

૨ લીટા પૂરવા.

ઉત્તમ લીટા એટલે આકૃતિની એક બાજુથી બીજી બાજુ સુધી સમાંતર, સીધી અને પાસપાસેની લીટીઓ દોરાય તે.

પેન્સિલ ઘસીને આકૃતિમાં રંગ પૂરવો તે લીટીઓ ન કહેવાય. માટે પેન્સિલ ઘસીને રંગ ન પૂરાય તે તરફ સંપૂર્ણ કાળજી રાખવી.

લીટીઓ ડાબી બાજુથી જમણી બાજુ તરફ ખેંચાય તે સંબંધે ખાસ કાળજી રાખવી. લેખનની ગતિ વધારવા માટે આ પ્રયોગ ખાસ જરૂરનો છે. અરેબિક કે પર્શિયન લખનાર માટે જમણી તરફથી ડાબી બાજુ તરફ લીટીઓ દોરવી પડશે, જ્યારે આપણે તો ડાબી બાજુ તરફથી જમણી બાજુ લીટા દોરવાની ટેવ પડાવવી જોઈશે.

લીટા પૂરાવવા માટે નીચે મુજબ ક્રમિક

રેખાકૃતિઓ આપવી:—

૧ સાદી ભૌમિતિક આકૃતિઓ.
૨ બેવડી ભૌમિતિક આકૃતિઓ.
૩ ભૌમિતિક ઘટનાઓ.
૪ સાદાં ફૂલપાન વગેરેનાં રેખાચિત્રો.
૫ પતંગિયાનાં રેખાચિત્રો.
૬ પશુ પક્ષીનાં રેખાચિત્રો.
૭ કુદરતનાં દૃશ્યો.
૮ મનુષ્યાકૃતિઓ.

લીટા પૂરવા માટે જુદા જુદા રંગના અને જુદા જુદા આકારોના કાગળો તથા જુદા જુદા રંગની પેન્સિલો આપવી.

૩ અક્ષરોનો મરોડ

અક્ષરો સારા જોઇએ. અને ઝડપથી લખાવા જોઇએ. આ માટે રેતીઆ અક્ષરો ઉપર આંગળાંઓને વારંવાર ફેરવાવવાથી તેઓ સારા અને ઝડપથી અક્ષરો કાઢવા માટે તૈયાર થાય છે.

અક્ષરો ઉપર આંગળીઓ ફેરવવાનું કામ બરાબર થાય અર્થાત્ તેઓ આકારોને ચોકસાઇથી અને પૂર્ણપણે સ્પર્શે એ જોવાનું છે. કારણ કે જેટલી બેદરકારીથી અને અપૂર્ણતાથી આંગળીઓ ફેરવાશે તેટલો જ અક્ષરોનો મરોડ કાચો અને અધૂરો રહેશે.

અક્ષર લખતી વખતે જે સ્વાભાવિક વલણ અગર વળાકો હોય છે તે વલણ અનુસાર જ આંગળીઓ ફેરવી જોઇએ.

અક્ષરોનો મરોડ પાકો થવા માટે જુદી જુદી વ્યક્તિગત અને સમૂહગત રમતો યોજવી. આંખો બંધ કરીને અક્ષરો ઓળખાવવાની રમત સારી જણાઈ છે. બે ચાર જણાં સાથે બેસે અને વારાફરતી અક્ષરો ફેરવતાં જાય. સાથે અક્ષરો ઘૂંટવાની પણ રમત ચાલી શકે છે.

હાથ ફેરવતી વખતે આંગળાં ધોઇને અને પછી ગરમ પાણીમાં બોળીને વાપરે તે માટે ખાસ ધ્યાન રાખવાનું છે.

અક્ષર ઘૂંટતી વખતે અક્ષરને સન્મુખ રાખીને ઘૂંટે.

બાળકો પાસે અક્ષર ઘૂંટવાનો આ પ્રકાર પણ મૂકવો. અક્ષર સામે રાખીને નજરે જોઇને તે પ્રમાણે હવામાં આંગળી ફેરવી અક્ષરને દોરે. આ રમત જેમણે પ્રથમ આંગળીઓથી અક્ષરો ઘૂંટ્યા હોય તેમને માટે છે.

૪ લેખન

બાળકો સ્વયંસ્ફુરિત અક્ષરો કાઢે ત્યારે તેમની સામે આંકેલ પાટીયું, પાટી અગર કાગળ આવવાં જોઇએ.

સ્વયંસ્ફૂરિત અક્ષર કાઢતી વખતે ચોરસ ખાનાંવાળી આંકેલી નોટ બૂક આપવી. આમાં બાળક મરજીમાં આવે તે અક્ષરો લખે; આને આપણે અક્ષરલેખન પોથી એવું નામ આપીએ.

આની સાથે જ જોઇ જોઇને અક્ષરો કાઢવા માટે આવી જ પોથી આપવી. આમાં બાળક કાચાં રહી જતા અક્ષરો કાઢે; આને આપણે અનુલેખન અક્ષર પોથી એવું નામ આપીએ.

૫ શબ્દલેખન

અક્ષરલેખન પછી શબ્દલેખન આવે. શબ્દલેખનની પૂર્વ તૈયારી ચલ મૂળાક્ષરની પેટીનો વપરાશ છે. સાથે જ શબ્દ અનુલેખન પોથીઓ આપવી.

ચલ મૂળાક્ષરની પેટીના વપરાશ વખતે ધીમે ધીમે બારાખડીવાળા શબ્દો ગોઠવાવતા જવાનું છે. તેની સાથે જ લખવા માટેની સ્વયંસ્ફૂરિત અને અનુલેખનની બારાખડી શબ્દ પોથીઓ તૈયાર રાખવી.

૬ વાક્યલેખન

શબ્દલેખન પછી બાળકો ચલ મૂળાક્ષરથી વાક્યને ગોઠવે. આની સાથે વાક્યલેખન પોથી અને વાક્ય અનુલેખન પોથી ધરવી. ચલ મૂળાક્ષરથી ખરેખર વાક્ય કેમ લખાય છે તેનો સ્પષ્ટ અનુભવ થાય છે. અને બીજી તરફથી લેખનની

યાંત્રિક તૈયારી થએલી જ છે, તેથી પોથીમાં વાક્ય-લેખન નવી ક્રિયા નથી પણ બંને ક્રિયાનું જુદા સ્વરૂપનું પરિણામ છે. આથી વાક્યલેખનમાં જ્યાં જ્યાં કચાશ લાગે ત્યાં ત્યાં કઇ બાબતમાં આગળ કચાશ રહી ગઇ છે તે બાબત શોધી કાઢવી, અને તે કચાશ દૂર કરવા બાળકને ફરી વાર આગલી ક્રિયા ઉપર મૂકવું. આ વાત લેખનના કાર્યમાં સર્વત્ર લાગુ પાડવી.

સંપૂર્ણ વાક્યલેખન માટે જોડાક્ષરનું જ્ઞાન જોઇએ. જોડાક્ષર વાચનની ક્રિયા આવડી ગઇ હોય ને પછી જોડાક્ષરો જોઇને લખવાની રીતિથી અગર હવામાં તેને ઘૂંટીને અગર તેની ઉપર આંગળી ફેરવીને જોડાક્ષરો લખતાં શીખવવું. બાળકો સામ સામે જોડાક્ષરો લખાવે અગર આપણે લખાવીએ તો જોડાક્ષર લેખનમાં તે મદદ રૂપ થાય છે.

જોડણીના શિક્ષણની બાબતમાં શરૂઆતમાં લેખન કામમાં આડે ન આવવું. હ્રસ્વ, દીર્ઘની ભયંકર ભૂલો તરફ સહેજ ધ્યાન ખેંચવું.

શબ્દો છૂટા પાડીને લખે તે માટે શબ્દો છૂટા પાડવાની રમત રમાડી શબ્દો છૂટા પાડવાની ટેવ પાડવી. અને એવી જ રીતે વાક્ય પૂરું થતાં પૂર્ણ-વિરામ મૂકવાનો રસ્તો બતાવવો. શરૂઆતમાં એક વાક્ય પૂરું થાય ત્યારે અટકવું તે બતાવવું. બાકીનાં ચિન્હો છોડી દેવાં.

અનુનાસિક શબ્દની જુદી વાચનપોથી બનાવવી. અનુનાસિક તરફની કાળજી વધારવા ધ્યાન ખેંચવું.

વ્યક્તિગત સ, શ કે ર, ળના દોષો વ્યક્તિનું ધ્યાન ખેંચીને સુધારી લેવા. સુધારાને માટે બાળક લખતું હોય ત્યારે કશું ન કરવું, અને લખાણ ઉપર ટીકા ન કરવી.

શરૂઆતમાં સ્વયંસ્ફૂરિત લેખન વધે તે વિચાર મુખ્ય છે. તેમાં અશુદ્ધિઓ ચલવી લેવી. ભૂલો કાઢવી નહિ પણ આગળ ઉપર ભૂલ સુધારક સાધનોનો પરિચય આપવો. બાળકો પાસે આવતું તમામ વાચનસાહિત્ય કેવળ નિર્દોષ જોઇએ. શુદ્ધિનું એ એક સમર્થ સાધન છે.

બાળક જ્યારે સ્વયંસ્ફૂરિત લેખનને માર્ગે ચાલે ત્યારે તેની આગળ વિવિધ લેખનસર્જનો ઉપ-જાવવાં. લખવા માટે ખાસ તૈયાર કરેલા કાગળો મદદ રૂપે મૂકવા. લખવા માટે શબ્દ કાગળ, વાક્ય કાગળ, જોડાક્ષર કાગળ, નાની મોટી વાર્તા કાગળ, પાઠ કાગળ—એક રીતે જેટલા પ્રકારનું વાચન આપણે મૂકીએ તેટલા પ્રકારનું લેખન શક્ય કરવા કોરી કાગળની કાપલીઓ, કાગળો અને આગળ જતાં મોટી નોટો તૈયાર જોઇએ. આ કાપલીઓ રંગથી ને નામથી એક બીજીથી જુદી પડવી જોઇએ.

જેટલું વાચનસાહિત્ય સ્વચ્છ, સુઘટિત અને વિશાળ ગોઠવશું તેટલી ઉંડી અને વ્યાપક છાપ લેખન ઉપર પડશે.

આ બધું થાય તે સાથે બાળકોને લેખનનાં વ્યક્તિગત સાધનો આપવાં. બાળક પોતપોતાના લેખનનો હિસાબ રાખે, તેનાં આલ્બમો બાંધે, તે પણ બતાવવા જેવું છે.

સુલેખનના સુંદર નમુનાઓ હસ્તલિખિત માસિકો દ્વારા પણ બતાવવા. બાળકો અંદર અંદર પોતાનું માસિક કાઢે તેવી હોંશ જગાડવી.

લેખન પહેલેથી સ્વચ્છ લખાય તે માટે કાગળો સ્વચ્છ અને પેન્સિલો બરાબર અણી કાઢેલી રાખવી. રબ્બર વાપરવા ન દેવાં. આગળ જતાં શાહીનો ઉપયોગ કરવો, પણ તે માટે પેન્સિલનો કામ આવી ગયો હોવો જોઇએ.

માત્ર સાધનની તૈયારીથી ન ચાલે; સાધન અને બાળકને પાસે પાસે લાવવાં જોઇએ. યથાકાળે અને યોગ્ય ક્રમે પ્રત્યેક સાધન શિક્ષકે બાળકને પ્રબોધક સાહિત્ય ધરીએ છીએ તેમ ધરી બતાવવું. અને પછી પસંદગી અને સ્ફુરણાની રાહ જોવી. સાધન એક વાર ધરવાથી પતતું નથી, માટે એનું એ સાધન જુદે જુદે વખતે ફરી ફરીને ધરવું જોઇએ કે જેથી તેમાંના

કોઇ પણ એકાદ વખતે બાળક અભિમુખ થતાં તે તેનો ઉપયોગ પકડી લેશે.

લેખન સંબંધેના આ વિચારો આપણે કરી ગએલા પ્રયોગો ઉપરથી મૂકેલા છે. આ વિચારો સમગ્રપણે બાળકને લાગુ પડે છે. આ સંબંધે પ્રયોગ કરતાં જે નવા નવા અનુભવો થાય તે જાણતાં આમાં વધારે ઉમેરો થશે.

તા.

પ્રાથમિક શાળામાં ભૂગોળ

ભૂગોળના જ્ઞાનની માણસને જરૂર છે માટે તે આપવું જોઇએ એમ કહેવા કરતાં જ્યારે માણસને ભૂગોળના જ્ઞાનની ગરજ પડે છે ત્યારે તે ભૂગોળનું જ્ઞાન મેળવી લે છે, તેને અગાઉથી આપવાની કશી જરૂર નથી એમ કહેવું સાચું છે. આપણો ખરો અનુભવ પણ તેવો જ છે. જ્યારે મારે જરૂર ન હતી ત્યારે મને આફ્રિકા અને ઇંગ્લાંડ સંબંધે જે જ્ઞાન આપવામાં આવેલું તે હું ભૂલી ગએલો. મને જરૂર ન હતી તેથી ઘણી અનિચ્છાએ હું તે શીખતો અને મને તેના ઉપર કંટાળો હતો. પરંતુ મારે આફ્રિકા જવાનું થતાં મેં આફ્રિકા સંબંધે જે જ્ઞાન મેળવવા માંડયું તે ઘણા જ રસપૂર્વક મેળવ્યું. મેં તે જાતે જ મેળવ્યું. મને તે ઝટઝટ યાદ રહેવા માંડયું ને હજી સુધી હું તે ભૂલ્યો નથી. આવો જ અનુભવ સૌને છે ને થશે.

ત્યારે એ પ્રશ્ન ઉભો થાય છે કે પ્રાથમિક શાળામાં ભૂગોળનું શિક્ષણ આવશ્યક છે ? અને છે તો કેટલું અને કેવા પ્રકારનું ?

મને લાગે છે કે આજે ભૂગોળનું જે શિક્ષણ અપાય છે તે તો આવશ્યક જ નથી. બાળકોને પોતાના ગામની શેરીઓ જાણવામાં કંઇક રસ છે. પણ તેથી આગળ વધીને ગામની આજુબાજુના પ્રદેશોનાં નામો, પોતાના રાજ્યના પ્રાંતો ને તેના ડુંગરા ને નદીઓ ને તે ઉપરનાં ગામોનાં નામો જાણવાની તેને જરા પણ ગરજ નથી. હા, એ બધું જોવાની તેને મજા પડે; તે નજરે જુએ તો તેને ભૌગોલિક જ્ઞાન થાય. પણ જ્યારે શાળામાં બેઠો ચોપડીમાંથી ને નકશામાંથી તે એ બધું જાણે છે ત્યારે તે એક પોપટ જેવો છે. તેનું જ્ઞાન ' અયરે અયરે રામ ' જેવું છે. ઉપરાંત ભાર રૂપ છે. બાળકોને જ્યારે મુલકો, ઉપજો, વડીવટદારો, વધારામાં વસ્તી ને કેટલીએક રાજ-પ્રકરણી બાબતો શીખવાય છે ત્યારે તો આખું શિક્ષણ હાંસીપાત્ર લાગે છે. જે વસ્તુમાં રાજ-નીતિજ્ઞને કે અર્થશાસ્ત્રીને કે સમાજશાસ્ત્રીને રસ પડે ને જેની સાથે તેને નિસ્બત છે, તે વસ્તુ-ઓમાં અત્યારથી બાળકોને શો રસ પડે ? માટે ભૂગોળના શિક્ષણની બાબતમાં આપણે પ્રાથમિક શાળામાં એકંદર આ પ્રમાણે કરવું જોઇએ.

અત્યારે આપણે જે બધું જ્ઞાન બાળકને આપી દેવા માગીએ છીએ તેટલું જ્ઞાન આપી દેવાનો મોહ છોડી દઇએ. તેની સાથે જ આજનો અભ્યાસક્રમ જોવો જોઇશે અને તેમ થતાં આજનાં પાઠ્યપુસ્તકો કોરે મૂકાવાં જોઇશે. અમુક જ્ઞાન આપવું એ આપણો મુખ્ય હેતુ પાર પાડવા માટે આપણે યોગ્ય પુસ્તકો અને શિક્ષણની રીતિઓ યોજીએ છીએ; પણ આપણો હેતુ જ ફેરવીએ છીએ એટલે આપણે નવાં પાઠ્યપુસ્તક અને નવી શિક્ષણપદ્ધતિ સ્વીકારવી પડશે.

આપણે પ્રથમ બાળકોને ભૂગોળનો મર્યાદામાં છે તેવો પ્રત્યક્ષ પરિચય આપીએ. તે માટે પ્રવાસો ઉત્તમ સાધનો છે. ગામમાં ફરવું; સીમમાં જવું; ત્યાં નદી, નાળાં, ટેકરા, ખાડી વગેરે જોયાં ને આગળ વધીને આસપાસનાં ગામડાંમાં ફરવું. આ ભૂગોળનું પહેલા નંબરનું શિક્ષણ. શિક્ષક બાળકોને આ બધાં વચ્ચે મૂકે એટલે તેઓ ભૂગોળ ભણશે જ.

બીજું શિક્ષણ ભૂગોળની વાર્તા કહેવાનું છે.

એ વાર્તા એટલે પૃથ્વીની ઉત્પત્તિની વાર્તા. શરૂથી માંડીને અત્યારનાં જંગલો, પર્વતો, બીજો, નાનાં પ્રાણીઓથી માંડીને હાથી સુધીનાં પ્રાણીઓ ને છેવટે મનુષ્યો કેમ થયાં ને તેઓ ગુફામાં રહેતાં હતાં ત્યાંથી આજનાં શહેરોમાં કેવી રીતે વસતાં થયાં એની વાર્તા એક સુંદર, રસિક, આકર્ષક અને જ્ઞાનપ્રદ ભૂગોળનું શિક્ષણ છે. આ વાર્તાની સાથે શિક્ષક બે વસ્તુ વાપરે. એક પૃથ્વીનો ગોળો અને બીજું પોસ્ટકાર્ડ ચિત્રો. ઉપરાંત જૂના અને જાણવા જેવા પદાર્થો જે મળે તે. શિક્ષક પૃથ્વીના ગોળાને સામે રાખી તે કેમ બન્યો, તેમજ પાણી કેટલું ને પૃથ્વી કેટલી એ બતાવતો જાય ને બોલતો જાય. નકશો છેક પાંચમા ધોરણમાં વાપરે તો સારું. બાળકો નકશાને ચોરસ ભૂમિ સમજે છે. તેમની પૃથ્વી ચોરસ કાગળ ઉપર આવી જાય છે પૃથ્વીના ગોળાનો મૂળ પરિચય કરાવ્યા પછી તેને સપાટી ઉપર કેમ બતાવાય તે સમજવીને બાળક પાસે નકશાનો ઉપયોગ કરાવવો.

અત્યારે ભૂગોળ પોતાના ગામથી શીખવાય છે. તેમાં જ્ઞાતમાંથી અજ્ઞાતમાં જવાનો સિદ્ધાંત છે, પણ તેમાં બાળકોને રસ નથી. આખરે તે ગોખવી જ પડે છે. આથી ઉપરનું એકાદ વાર્તામાં ચાલતાં ચાલતાં પોતે જ જ્યાં છે ત્યાં વાર્તા આવી પડે છે ત્યારે તેને આખી વાર્તા જીવંત અને સહેતુક થઈ પડે છે. ત્યારે તે એકાએક વિશ્વને પોતાના નાનકડા ઘર સાથે સાંકળી લઈ શકે છે.

ભૂગોળનું શિક્ષણ એટલે એક તો એક મહાન્ વિચાર: તે એ કે હું અને આ મારું ઘર ને આ ગામ આખા જગત સાથે કંઈક સંબંધથી સંકળાયેલાં છીએ, અને એ સંબંધ મૂળમાં એકતાનો છે. આ વિચાર નાનપણમાં બુદ્ધિગ્રાહ્ય નથી પણ તે અવ્યક્ત રીતે અનુભવમાં મૂકી શકાય, અને તે સળંગસૂત્ર પૃથ્વીની કથા વડે જ.

ભૂગોળના શિક્ષણમાં બીજી વાત ભાગોલિક ઘટનાનાં કારણો જાણવાની છે. હકીકતોના થોકડા જાણવા કરતાં તેની પાછળ રહેલો કાર્યકારણનો સંબંધ જાણવો એનું નામ ખરું જ્ઞાન છે. જ્ઞાન એ શક્તિ છે એનો અર્થ આ છે. માટે બાળકોને વાર્તાજ્ઞાપ દ્વારા આમ શા માટે હશે ? ટેકરા શા માટે ? ખાડા શા માટે ? આપણે ત્યાં ગાયો વધારે ને ગધેડાં સિંધમાં શા માટે વધારે ? આપણે ત્યાંથી અમુક ચીજ વિલાયત શા માટે જાય છે ને જાપાનની અમુક ચીજ શા માટે આવે છે ? એની વાતો (વાર્તાઓ નહિ) શિક્ષક વર્ગમાં પ્રસંગોપાત અથવા પ્રસંગ શોધીને કહે તેમાં ખરું ભૂગોળનું શિક્ષણ મૂકી શકે. અર્થાત બાળકમાં જ્ઞાનના ઢુચા ભરવા કરતાં જિજ્ઞાસાબુદ્ધિ જગાડવામાં સાચું શિક્ષણ રહેલું છે.

બાળકોને ક્રમિક ભૂગોળનું શિક્ષણ આપવું નહિ. તેમનામાં ભૌગોલિક દૃષ્ટિ જગાડવી એટલે કે તેમને એટલો ખ્યાલ આપવો કે આપણી પૃથ્વી એ એક ચમત્કાર છે. તેનાં જંગલો, પશુઓ,

મનુષ્યો, કુદરતની અને મનુષ્યોની કૃતિઓ વગેરે વગેરે બહુ બહુ જોવાનું ને આનંદ લેવાનું છે. જોવા જાણવાની વૃત્તિ જગાડવા માટે એક રસિક શિક્ષક, ભૌગોલિક સમૃદ્ધિનું પ્રદર્શન, ચિત્રો અને થોડુ પણ પ્રત્યક્ષ દર્શન એ મુખ્ય વસ્તુઓ છે.

વાંચતાં થઇ ગએલાં બાળકોને ભૂગોળના વિષયમાં રસ પડે એવું વાચન કિંમતી એવું ભૂગોળનું શિક્ષણ થઇ પડે. સાહસિક મુસાફરોની વાતોની (નકશા સાથેની) ચોપડીઓ; નાનાં નાનાં (પાકા રૂપે) પ્રવાસવર્ણનો, જેમકે રાજકોટથી અમદાવાદ, ભાવનગરથી પોરબંદર, મુંબઇથી કલકત્તા; જૂદા જૂદા પર્વતો અને મુખ્ય નદીઓનાં રસિક શબ્દચિત્રો; યાત્રાનાં સ્થળોની એક જૂદી ચોપડી; કોઇ કોઈ મહત્વનાં શહેરો, ગામો ને ગામડાંનું યથાર્થ વર્ણન; બે પાંચ જાતના લોકો જેમકે આહીરો, સોની, કોળી વગેરે સંબંધે જે બધું જાણવા જેવું હોય તેની ચોપડીઓ; વગેરે વગેરે ભૌગોલિક વિષયો પરનાં પુસ્તકોનું એક વાચનાલય અને દીવાલો પર ચોડેલા નકશાઓ ભૂગોળમાં ઉત્પન્ન થએલી જીજ્ઞાસાને ખૂબ પોષશે ને ભૂગોળના શિક્ષણને સ્વયં જાગૃત કરશે.

ભૂગોળના શિક્ષણની એક બાજુ કંઇ જાણવાની મરજી થાય તો તે કેવી રીતે ને કયાંથી જાણવું (reference power) તેની આવડત છે. ભૌગોલિક દૃષ્ટિ અને જીજ્ઞાસા થયા પછી માહિતીને યાદ રાખવાની જરૂર જ નથી. એક વાર યાદ કરીએ તો પાછી ભૂલાઇ જાય છે. માટે તેને યાદ જ ન કરવી, પરંતુ તે શોધી લેવાની આવડત કેળવવી. આ માટે બાળકોને નકશા જોતાં, રસ્તાઓ સમજતાં, દેશો ઓળખતાં, અને ખાસ સર્વસંગ્રહોને વાપરતાં શીખવવું જોઇએ. પછી બધાંને જે જાણવું હશે તે તુરત પુસ્તકની સૂચિ જોઇ, પાનું કાઢી જોઇ લેશે ને ઉપયોગી બાબતોની નોંધ કરશે.

આપણે પ્રત્યેક પ્રાથમિક શાળામાં ભૂગોળનો એક ઓરડો રાખીએ. તેમાં ભૌગોલિક શિક્ષણ અને માહિતીનાં સાધનો રાખીએ. પુસ્તકાલય રાખીએ. સર્વસંગ્રહો મૂકીએ. ચિત્રો, નકશાઓ, ગોળાઓ મૂકીએ અને ત્યાં શિક્ષક બેસે. વિદ્યાર્થીઓ આવે ને પોતાની મેળે જોયા કરે ને પ્રશ્નો પૂછી પૂછી જીજ્ઞાસાને તૃપ્ત કરે. આ આખો ઓરડો વ્યવસ્થિત અને સાધનો પરત્વે ક્રમિક ગોઠવણવાળો હોય. ભૂગોળના શિક્ષણમાં આ ફેરફાર કરી જોઈ તેનો લાભ ઉઠાવવા જેવું છે. બાળકો ગોખવામાંથી, ને પોકળ જ્ઞાનમાંથી બચશે ને શિક્ષકોને સાચું જ્ઞાન આપ્યાનો સંતોષ થશે.

ગિ.

ગામડામાં હાજરી

ગામડાંની શાળાનો એક બીજો પ્રશ્ન છે, અને તે હાજરીનો. ફરિયાદ એ આવે છે કે અમુક અમુક વખતે બાળકો શાળામાં હાજર રહેતાં નથી, જેમકે કાપણીને વખતે કે એવે વખતે કે જ્યારે લોકને ખેડનું કામ વધારે પડતું હોય છે. આવે વખતે છોકરાં કાં તો ખેતરે જાય છે ને કાં તો ઘેર નાનાં ભાઇ ભાંડુઓને સાચવે છે.

આ મુશ્કેલી દૂર થઇ શકે તેવી છે. ગરમ દેશમાં ઊનાળાની રજા હોવી જોઇએ. અતિ ઠંડા મુલકમાં બરફ પડવા લાગે ત્યારે શાળાઓ બંધ રહે છે.

શાળાનું કામ ઋતુ અનુકૂળ જોઇએ તેમજ લોક અનુકૂળ પણ જોઇએ. તહેવારો એટલા માટે પાળીએ છીએ કે તે લોકના ઉત્સવો છે ને તેમાં છોકરાં તો જવાનાં જ છે, અને શાળાઓ બંધ જ રહેવાની છે. માટે અગાઉથી જ બંધ કરીએ. એમ જ ગામડાંના લોકનાં છોકરાં જ્યારે શાળામાં આવી શકે એમ ન જ હોય ત્યારે જ બેશક શાળાનું વર્ષસત્ર શરૂ થાય ને આવવા લાગે ત્યારે ઉઘડે. શહેરમાંથી જઇને શહેરની શાળા પ્રમાણે વેકેશન અને રજાઓ ન જ ગોઠવાય. ગામડામાં ગામડા પ્રમાણે ચલાય. આપણે વર્ષમાં અમુક દિવસો રજાના હોઇ શકે એમ સમજીએ તો પછી જ્યારે રજાઓ લોકને વધારે લાભદાયક થાય ત્યારે જ રાખીએ. આમ કરવાથી કામથી પરવાર્યા પછી લોકનાં છોકરાં હાજર થતાં હાજરીનું પ્રમાણ સરેરાશ સારું ચાલ્યું જશે.

ગિ.

આ શું ઘર છે?

ભાઇ મલકાણી લાઠીથી લખે છે: "ઘણા શિક્ષકોના મુખમાંથી 'આ શું ઘર છે?' એવા ઉદ્‌ગારો નીકળે છે. આવા ઉદ્‌ગારોથી શિક્ષક વિદ્યાર્થીઓ પ્રત્યે પ્રેમને બદલે ભીતિ ઉત્પન્ન કરે છે. વિદ્યાર્થીને એમ માનવું પડે છે કે આ નિશાળ છે અને જો હું ચુપકીથી નહિ રહું તો શિક્ષક મારશે. જેથી તે શિક્ષકની ક્રુર મૂર્તિ જુએ છે, અને પોતાની શાળાને બાળોદ્યાન માની શકતો નથી ત્યાં સુધી તેનું હૃદય વિકસી શકતું નથી."

વાત સાવ સાચી છે. "આ શું ઘર છે?" એ વાત બે બાજુએથી આપણી નાલાયકી બતાવે છે. શાળા ઘર નથી એ સૂચવવામાં શાળા એટલે એક કૃત્રિમ સ્થાન છે, ત્યાં કૃત્રિમ રીતે જ રહેવું જોઇએ, ત્યાં ઘરનો પ્રેમસંબંધ ન હોય પણ જૂદા જ કાંઇ સંબંધથી રહેવું પડે વગેરે બાબતોનું એક તરફથી સૂચન થાય છે, જ્યારે બીજી બાજુથી એ પણ સૂચન થાય છે કે વ્યવસ્થા, શાંતિ, સભ્યતા વગેરે ગુણો એવાં કૃત્રિમ સ્થળોમાં હોય ને ઘરમાં તો ગમે તેમ બેસો, ગમે તેમ ઉઠો, ગમે તેમ બોલો ને ગમે તેમ કપડાં રાખો; ઘરમાં બધી અજડતા ને અસભ્યતા ચાલે. ઘરમાં તો રાડો પડાય ને બધું થાય. એટલે 'આ શું ઘર છે?' એમ કહેવામાં એ ભાઇ કહે છે તેમ શાળામાં ભીતિ ઉત્પન્ન થાય છે એ ઉપરાંત પણ બીજું ઘણું જ નુકશાન છે.

બાળકની શાળા એટલે તો તેનું ઘર જ, એ ભાવના કેળવવામાં શાળાનું પારકાપણું નીકળી જાય તે સાથે જ જીવનની સ્વાભાવિકતા આવે. તેથી ઘરમાં એક પ્રકારનું વર્તન ને બહાર બીજા પ્રકારનું વર્તન રાખવાની ટેવ ન પડે; સંસ્કારિતાનો ઢંભ ન આવે. શાળામાં જો કાંઇ સારી ટેવો પડાતી હોય તો તે બાળકના જીવનમાં ઉતરે. વળી શાળાના શિક્ષકો ને બાળકો વચ્ચે સગપણનો પ્રેમસંબંધ બંધાવા માટે પણ શાળા શાળા જ નહિ પણ ઘર બનવાની જ જરૂર છે.

તા.

"શ્રીદક્ષિણામૂર્તિ" ત્રૈમાસિક

મોન્ટીસોરી પદ્ધતિ તેમજ બાલશિક્ષણમાં લખાએલાં ઉક્ત ત્રૈમાસિકના આગલા અંકો હાલ એક માસ સુધીમાં ઘટાડેલી કિંમતે મળશે. દરેક અંક બસો પાનાનો છે. તેની મૂળ કિંમત રૂપીઓ એક છતાં માબાપ માટે દર અંકના ૭ આના તથા શિક્ષક અને લાયબ્રેરી માટે બાર આના રાખ્યા છે. મંગાવનારે પોસ્ટની ટિકીટો બીડી વ્યવસ્થાપક પાસેથી મંગાવી લેવા.

પત્રવ્યવહાર

શ્રીમતી તારાબેન પારેખ,

આપના પ્રશ્નોના જવાબ ટુંકમાં નીચે પ્રમાણે.

પ્રશ્ન. ૧. બાળક કહે છે: "બોળામાં સુવું છે. મારે મોટો પાટલો જોઇએ." વગેરે બાબતો હઠીલાપણું કહેવાય? તે વખતે શું કરવું?

બાળકની આવી માંગણીઓ પ્રત્યે સામાન્ય ધોરણ એમ રાખવું કે 'ના' પાડવાની જરૂર ન હોય ત્યાં એકદમ 'હા' પાડવી ને 'હા' પાડવું શક્ય ન હોય, અથવા ઠીક ન લાગતું હોય તો શાંતિથી પણ દૃઢતાથી 'ના' પાડીને તેને વળગી રહેવું. 'હા' 'ના' ની રકઝક ન ચલાવવી. તેમજ વધારે વાર પૂછવાથી કે રોકકળ કરવાથી 'ના' ની 'હા' થઈ શકે છે એવો અનુભવ બાળકને ન થવા દેવો.

પ્રશ્ન. ૨. બાળક ધૂળ ચુંથે, ધૂળમાં ચિત્ર કરે, ધૂળમાંથી મોતી શોધે ને ઘોળી કાંકરી વીણે તેમજ પાણીમાં રમે તો એમાં 'ના' પાડવા જેવું અથવા ચિંતા કરવા જેવું કાંઇ જ દેખાતું નથી. ધૂળ ગંદી લાગતી હોય તો આંગણામાં રેતી પથરાવજો. ધૂળની રમત પછી કપડાં બદલાવવાં અને હાથ પગ મોઢું વગેરે ધોઇને સાફ કરવાં. ધોવા કાઢવામાં તો કશી જ હરકત નથી. તમારા કામમાં આડે આવતું હોય તો જૂદી વ્યવસ્થા કરી આપો. તમે કેમ ધૂઓ છો તે બતાવતાં જજો. બગોરે તડકો નીકળ્યા પછી પાણીની રમત ચાલે તો તબિયતને પણ વાંધો નહિ આવે. તબિયત નરમ હોય કે સરદી હોય તો દૃઢતાથી 'ના' પાડજો. 'હા' 'ના' કરવા કરતાં ઉપાડીને બીજી રમતે લગાડી દેવું એ જ નાનાં બાળકોમાં વધારે ઠીક. જરા સમજણાં થાય એટલે પછી કારણ આપીને 'ના' પાડવી.

આવી પ્રવૃત્તિઓમાં બાળક શું કરવા માંગે છે; તે બુદ્ધિનો કે અંગનો ઉપયોગ કરી કાંઇક નવું જાણે છે–શીખે છે કે માત્ર યોગ્ય પ્રવૃત્તિને અભાવે વખત કાઢે છે વગેરે ઉંડુ અવલોકન કરવાની જરૂર છે.

આ ઉંમરે બાળકને ઇંદ્રિયશક્તિ વિકાસક તેમજ શરીરવિકાસક પ્રવૃત્તિની જરૂર હોય છે. તેવી યોગ્ય પ્રવૃત્તિ આપશું તો અયોગ્ય લાગતી પ્રવૃત્તિમાં બાળક રહેશે નહિ.

બીજું, બાળક રમતું હોય તેવી રમતોને જ દિશા આપવાનું પણ કરી શકાય. જેમકે આપનું બાળક કાંકરા શોધે છે એ સારું છે. પછી કાંકરાની હાર કરે, કયારા કરે, તે વાપરી શકે એવા સાધનથી ખોદે, વગેરે તરફ દોરો તો સાદી ધૂળની રમત બગીચાની પ્રવૃત્તિમાં પરિણમે. અથવા ગારો કરી રમકડાં બનાવે, ઇંટો પાડે, ચૂલો કરે, ઘર બાંધે વગેરે તરફ પણ લઇ જઇ શકો.

તમે લખો છો કે બાળક તે કામમાં તન્મયતા અનુભવે છે તો તે બહુ જ સારી વાત છે: ને શું કામ ભાંગવી? કામ શરૂ થાય તે પહેલાં જ તેને લગતી વ્યવસ્થા કે નિયમો આપી દેવા ને પછી બાળકને તેમાં તન્મય થવા દેવું.

પ્રશ્ન. ૩. જોડા પહેર્યા વગર દોડે છે વગેરે.

જોડા પહેરવાની ખાસ જરૂર લાગતી હોય તો દૃઢતાથી પહેરાવવા; નહિ તો જોડા આદિ બંધનોની ગુલામીમાંથી બાળકને મુક્ત રહેવા દેવું.

પ્રશ્ન. ૪. રમતમાં આડે આવે છે તો શું કરવું ?

તેને માટે એક સ્વતંત્ર ગંજીપો લાવી દેવો; તેની સાથે તમારે રમવાનો પણ વખત જૂદો રાખવો, તેમજ તેનું ખાવું પીવું સુવું વગેરેને આડે ન આવે એવો વખત તમારે તમારી રમત માટે રાખવો. છતાં રમવા ન દે તો તેને બરાબર કહી દેવું કે "હું અત્યારે રમવાની છું. તારે જોવું હોય તો અહીં મારી પાસે બેસીને જો, નહિ તો બહાર." એક વાર ભલે રડે પણ તેને સમજી લેવું જ પડશે કે બાની પણ સ્વતંત્ર પ્રવૃત્તિઓ છે ને તે ચાલવી જ જોઇએ. અર્થાત્ આ છેલ્લું પગલું લેતા પહેલાં બાળકની યોગ્ય માગણીઓ પૂરી પાડીને પછી લેવું. બાળક માંદુ છે કે કેમ વગેરે પણ જોવું. તેમજ તમે તમારા નિશ્ચયને વળગી શકશો એવી બહારની બધી પરિસ્થિતિ છે કે નહિ તેની પણ ખાત્રી કરીને પછી એવું પગલું લેવું.

પ્રશ્ન. ૫. રમતમાં કાંઇ ઈર્ષાયુક્ત બોલે છે તેનું શું કરવું ?

રમતમાં પોતાની સાથે જ શું બોલે છે તે સાંભળવાની જરૂર છે. ને તે આવું શા માટે બોલે છે તે શોધી કાઢવું જોઇએ. ઘણી વાર કયાંક સાંભળેલું બાળક ફરી વાર બોલે છે. ઘણી વાર કોઇ વ્યક્તિ તરફનો વિરોધ બાળક પ્રત્યક્ષ વ્યવહારમાં બતાવી શકતું નથી ત્યારે રમતમાં તે વ્યક્ત કરે છે. પ્રત્યક્ષ વ્યવહારમાં બીજાં બાળકોને વધારે હકકો છે (પોતે નાના હોવાથી, અથવા બીજાં કારણોથી) એમ બાળકને લાગતું હોય તો પણ બાળકમાં તેમના પ્રત્યે ઈર્ષા ઉત્પન્ન થાય છે. માટે આવું બોલવાનું કારણ શોધીને તેનો ઉપાય કરવો ઘટે. "આમ બોલીશ નહિ." અથવા "આપવું પડશે." એમ કહેવાથી ઉપાય ન થાય.

બીજું બહુ નાનાં બાળકો વ્યકિતગત વધારે હોય છે. તેમની પાસેથી પોતાનાં રમકડામાં કે ખાવાની વસ્તુમાં પરાણે ભાગ પડાવવાથી જ તેમની ન આપવાની ઇચ્છા દૃઢ થાય છે. માટે "હંસાને તો આપવું જ પડે." એવું કહેવું માત્ર નિરર્થક નહિ પણ ઉલટું આવી વૃત્તિ વધારનારું છે. તેને એકલું રમવું હોય અથવા એકાદ વસ્તુ પોતાને માટે રાખવી હોય તો તેમ છૂટથી કરવા દેશો. એમ કરવાથી બાળક સ્વાર્થી થશે એવી બીક રાખશો નહિ. ઉલટું તેને પરાણે નિઃસ્વાર્થી કરવાથી ઉડેથી તે ઈર્ષાખોર ને સ્વાર્થી બનશે.

આવા બીજા પ્રશ્નો છૂટથી લખતાં રહેજો. ઉપરના જવાબો ટુંકમાં છે તેથી હજી કંઇ શંકા રહે તો ફરી વાર પૂછજો.

તા.

ગ્રાહકોએ પત્રવ્યવહાર વખતે રેપર ઉપરનો પોતાનો ગ્રાહક નંબર અવશ્ય લખવો.

વાર્ષિક લવાજમ રૂા. એક. લખોઃ તંત્રી, શિક્ષણ પત્રિકાઃ શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર, ભાવનગર
શ્રી 'સરસ્વતી' છાપખાનું, અજીજ બિલ્ડીંગમાં પારી. ભીખાભાઇ ગોપાળજીએ છાપી.

શિક્ષણ પત્રિકા

(મૉંટીસોરી સંઘ)

વર્ષ ૨ જું
૧૯૮૪

અંક ૧૧ મો
પોષ

: તંત્રી :

ગિજુભાઇ
તારાબેન

નહિ કે આપણે માત્ર કામ કરીને યંત્રવત્ થઇ જઇએ; નહિ કે આપણે માત્ર વિચારો ઉપર વિચારો કર્યા કરીને વેદીયા થઈ જઈએ; નહિ કે આપણે માત્ર કલ્પના કરી કરીને થાકી જઈએ; નહિ કે આપણે લાગણી માત્રથી રડી રડીને નબળા થઈ જઇએ.

સ્નેહશક્તિ, કલ્પનાશક્તિ, બુદ્ધિશક્તિ, ક્રિયા-શક્તિ એ બધીય આપણી શક્તિઓ છે. એ આપણી સમૃદ્ધિ છે. આપણે એનો ઉત્તમોત્તમ ઉપયોગ કરીએ.

પ્રેમાળ હૃદયમાં જન્મ પામેલી ભવ્ય કલ્પનાને વિચારબળથી શુદ્ધ કરી તેને આપણી ક્રિયાશક્તિથી મૂર્તિમંત રૂપ આપીએ. મનુષ્યને હેરત પમાડનાર આ જગતમાં જે કંઈ છે તે મનુષ્યે પોતાની ઉક્ત શક્તિઓને એકત્ર કરીને આપેલું મૂર્ત સ્વરૂપ માત્ર છે. આને આપણે અદ્‌ભુત સર્જન કહીએ છીએ.

જોજે હં

"જોજે હં, છરીથી આંગળી ન કપાય."
શાક કાપતાં બાજુની આંગળી કપાણી.
"જોજે હં, હાથમાંથી દૂધ પડે નહિ."
દૂધ ભૂકતાં દૂધ છલકાણું ને ઢોળાણું.
"જોજે હં, બળવીને જજે, લથડતો નહિ."
નટુ ચાલતાં લથડયો ને તેને ઠેશ લાગી.
"જોજે હં, ભૂલતો નહિ. ચોપડી લેતો આવજે."
વજુ ચોપડી લાવવી ભૂલી જ ગયો.
"જોજે હં, રમતી રમતી મોડી થતી નહિ."
ચંપા રમતાં રમતાં શાળાએ મોડી પહોંચી.

આવા અનુભવો સામાન્ય છે. બાળકને ચેતવણી રૂપે આપણે આવા બોલ બોલીએ છીએ. ઉપરથી જોતાં તે નિર્દોષ છે. શું ન કરવું તે તેમાં કહેલું છે. પણ આપણને તેના વારંવારના પરિણામનો પણ અનુભવ છે. મોટે ભાગે એમ જ બને છે કે જે કહીએ છીએ તેથી ઉલટું જ બને છે. આમ શાથી થતું હશે?

આનાં કારણોમાં જઇએ તો એક કારણ આપણો બાળકોમાં—તેમની શક્તિમાં અવિશ્વાસ છે તે છે. 'ભૂલતો નહિ' 'પડતો નહિ' 'આંગળી ન કપાય' એમ કહીને બાળક કાંઇ કરવાને અશક્ત છે તેવું આપણું મંતવ્ય પ્રગટ કરીએ છીએ. આ મંતવ્યમાં રહેલી આપણી અશ્રદ્ધા બાળકમાં આપણે રેડીએ છીએ. બાળક જ્યારે કોઇ પણ કામ શરૂ કરે છે ત્યારે તે પોતાની શક્તિ પ્રમાણે પોતાના જ્ઞાન અને અનુભવના પ્રમાણમાં સંભાળથી અને યથાર્થ રીતે જ કરે છે. તેને પોતાની શક્તિમાં વિશ્વાસ હોય છે. તેને પોતાની શક્તિનું બળ અનુભવવાનું ગમતું હોય છે. તેને ખાત્રી હોય છે કે તે કરી શકશે. તે કરવા માટે તે ઉત્સુક હોય છે. તેનામાં એકાગ્રતા હોય છે. તે સંભાળથી આગળ ચાલતું હોય છે અને જો આપણે દૂર ઉભાં ઉભાં જોઇ રહીએ તો બાળક લીધેલું કામ પાર પાડશે જ. એ પાર પાડવા મુશ્કેલી વેઠશે, વારંવાર પડી પડીને પણ તે સિદ્ધ કરશે ને આપણે તેની પાસેથી જેવા કામની આશા રાખીએ તેથી વધારે ને સુંદર કામ કરી બતાવશે. પરન્તુ જો આપણે તેનામાં આપણી અશ્રદ્ધા રેડીશું તો તે પોતે શ્રદ્ધા વિનાનો થઇ જશે. તેને થશે કે "મારાથી નહિ થાય તો? મને લાગી જશે તો?" અને જ્યાં આવો પ્રશ્ન આવીને ઉભો રહે છે ત્યાં શક્તિઓ ઢીલી થઇ જતાં સાથે જ તે ભૂલે છે ને પડે છે. આ બધું એક આંખના પલકારામાં બને છે. હાથમાં દૂધની તપેલી લઇને જતી છોકરીને કહે "જો પછાડતી નહિ." ત્યાં તો "હેં! વખતે પડશે તો? અરે! મને ન પછાડવાનું કીધુ? મારા હાથમાંથી પડી જાય એમ હશે ખરૂં? માટે બરાબર થોભવું જોઇએ એમના?" આમ વિચારો ચાલે છે. પણ તેની સાથે જ મનમાં વ્હેમ પડે છે, ને મનની 'સ્વતઃ સમતોલતા' જતી રહે છે ને મન ઢીલું થાય છે. સ્નાયુઓને તે મજબૂતીનો હુકમ આપે છે. પણ સ્નાયુઓ તો પ્રથમ મજબૂત હતા. તેમને મળતા નવા હુકમથી તેમને પણ પોતાની શક્તિમાં વહેમ પડે છે ને તે નબળા પડતાં તપેલી પડે છે ને બાળક ગભરાઇને ઉભું રહે છે. તેને વઢવામાં આવે છે: "જો'તાં કહેતાં કે બરાબર થોભજે?" બાળક કહે છે: "બરાબર થોભ્યું તો હતું પણ પડયું." ઠપકો મળે છે: "કયાં સાંભળવું છે? કહેવા પ્રમાણે કરીએ તો કાંઇ ન થાય." બાળક વિચારી રહે છે કે "મેં બરાબર પકડયું હતું છતાં આમ કેમ બન્યું?" પણ તે બન્યું જ એટલા માટે કે તેને કાળજી રાખવાનું કહ્યું ને તે રાખવા ગયું. તેને ભૂલ થશે એમ કહ્યું ને ભૂલ થઇ. તેનામાં અવિશ્વાસ નાખ્યો ને તે પોતાનો વિશ્વાસ ખોઇ બેઠું. દેખીતી રીતે 'જોજે ભૂલતો

નહિ' એમાં યાદ આપવાની વાત છે, પણ ખરી રીતે 'તું ભૂલી જતો નહિ, તું ભૂલી જઇશ, તું ભૂલકણો છું' એવું સૂચન છે. ને એવું સૂચન માણસને ભૂલકણો કરે છે. સૂચનમાં જે વિચાર ખરેખર હોય છે તે જ અસર કરે છે. બાળકને પુસ્તક લાવવાનું કહી શકીએ. કહીએ કે "આવે ત્યારે ચોપડી લેતો આવજે." આમાંથી બાળક લાવવાનું સૂચન લે છે. લાવવાનું છે તેવો નિશ્ચય કરે છે. 'લાવજે' એવો મનને હુકમ આપે છે ને લાવે જ છે. અહીં ન લાવવાને કશી અશ્રદ્ધા ઉત્પન્ન થતી નથી. પણ 'લાવવાનું ભૂલતો નહિ' એમાં લાવવાનું કાર્ય કહે છે પણ સૂચન તો 'તારામાં ભૂલી જવાનું બને તેમ છે' તે છે. આ સૂચન તેને અડે છે, વળગે છે ને તેને તેમજ કરાવે છે.

માટે બાળકોને આપણે આપણી અશ્રદ્ધાને કારણે તેમને શ્રદ્ધા રહિત ન કરી નાખીએ. તેમને જે કહીએ તેમાં અશ્રદ્ધાનું સૂચન ન હોય. અવિશ્વાસનો રવનિ ન હોય. જે કહેવાનું હોય તેટલું જ હોય ને તેમાં જોઇતી શક્તિ વગેરેની વિરુદ્ધ કશું ન હોય.

જેમ અશ્રદ્ધાનું સૂચન અયોગ્ય છે તેમજ અતિ શ્રદ્ધાનું સૂચન પણ ત્યાજ્ય છે. 'અરે તું ચૂકે જ નહિ; તું તો લાવવાનો જ.' 'અરે તારા હાથ તો મજબૂત છે; તેમાંથી પડે જ નંહિ.' 'અરે તું તો બહાદ્દર છો; તું તો પેલી ચીજ લઇ આવી શકે જ.' આ વાક્યોથી બાળકમાં શ્રદ્ધાનું ઉત્તેજન આવે છે. પરંતુ શ્રદ્ધાનું ઉત્તેજન બાળકની ખરી શક્તિ અશક્તિ આગળ મંદ પડવાનું જ છે. ઉત્તેજન તે ઉત્તેજન; દૂધનો ઉકાળો કે હારનો નશો: ઘડીનો ચમકારો. બહાદુર કહેવાથી એક વાર બાળક બહાર પડશે, હિંમત હારીને કામ કરવા દોડશે, થોડું એક કામ કરશે પરંતુ શક્તિની મર્યાદા સાથે બહાદ્દરી પૂરી થશે. અશ્રદ્ધાથી જેમ વ્હેમ અને મંદતા આવે છે તેમ અતિશ્રદ્ધાથી અભિમાન અને તેથી તરલત આવતાં કાયુ જાય છે ને આખરે ખરી શક્તિ–અશક્તિનું જ પ્રદર્શન થાય છે.

વળી બાળક પાછું પડે છે ત્યારે તેનો આપણા ખોટા સૂચન ઉપરથી વિશ્વાસ જાય છે ને તે આપણે વિષે શંકાશીલ રહે છે. તેઓમાં અવિશ્વાસ પેદા કરી તેમને અપંગ કરી નાખીએ છીએ ત્યારે જેમ તેમને આપણે ગમતાં નથી, તેમજ જ્યારે આપણે તેમનામાં જે નથી તે છે એમ કહી ચડાવીને પાંછાં પછાડીએ છીએ ત્યારે તેમને આપણે પોતાની અપંગતા જોવા ન દીધી ને ખોટાં વખાણ્યાં તે માટે નારાજી આવે છે.

આપણે તે જ મનુષ્યની ખરી કિંમત આંકીએ છીએ કે જે અંતમાં આપણે વિષે સત્ય બોલેલો માલુમ પડે છે. આપણે વખાણ કરનાર કે નિંદા

બાળકોને બતાવીએ

ખેતરો
શીમ
બાગ
કૂવા
વાવ
તળાવ
નદી
ટેકરી
મંદિરો
કારખાનાં
ઘાણી
મીલ
વોટર વર્કસ
બંદાખાનું
બંદર
સ્ટેશન

બાળકોને બતાવીએ

બજાર
શાકપીઠ
હવેલીઓ
મસ્જીદો
શાળા
પાઠશાળા
મહાશાળા
અંત્યજશાળા
વણાટશાળા
વાચનાલય
પુસ્તકાલય
ચીડીયાખાનાં
કારીગરોનાં ઘરો
દરજીની દુકાન
મોચીની દુકાન
કલાલવાળો
કુંભારનું ઘર

કરનાર બન્નેનો સરખો જ અનાદર રાખીએ છીએ. આપણામાં રહેલ સત્યને કહેનાર જ આપણને પ્રિય છે. એમ જ બાળકો પરત્વે પણ છે.

માટે આપણે અશ્રદ્ધા કે અતિશ્રદ્ધા એકેનું સૂચન ન કરીએ.

બાળકો ખરી રીતે આપણી પાસેથી કશું માગતાં નથી. તેઓ આપણે તેમનામાં અશ્રદ્ધા કે અતિ શ્રદ્ધા પેદા કરીએ તે તો માગતાં જ નથી, પરંતુ શ્રદ્ધાનું સૂચન પણ માગતાં નથી. તેઓ એટલું જ માગે છે કે " તમે અમારામાં શ્રદ્ધા રાખો અને અમને અમારી શ્રદ્ધાથી આગળ જવા દ્યો. " બાળકોને આપણા તરફથી શ્રદ્ધાસૂચનની જરૂર નથી કારણકે તેમની ખરી શ્રદ્ધા પોતાની શક્તિમાં છે. અને શક્તિ એ જ શ્રદ્ધા છે. ગિ.

પૂછીએ

વકીલને—

અસીલોના હક્કો માટે લડો છો; ઘરમાં બાળકોના હક્કો માટે લડો છો?

ડૉક્ટરને—

પેશન્ટસનાં દર્દો માટે દોડો છો; તમારાં બાળકોનાં દર્દો માટે તુરત ધ્યાન આપો છો?

એન્જીનીયરને—

મોટું એવું કારખાનું સફાઈથી ચલાવો છો; ઘરનું તંત્ર એવી રીતે ચલાવ્યું છે?

વેપારીને—

માલ ખપાવવા ધીરજ રાખી ઘરાકોને સમજાવો છો; પાસે આવેલ બાળકોને એટલી ધીરજથી સમજાવો છો?

સમાજસેવકને—

સમાજનાં સુખ દુઃખો ટાળી રહ્યા છો; પોતાનાં બાળકનાં સુખ દુઃખો જાણ્યાં છે?

શિક્ષકને—

સાનાં બાળકોને ફી લઈને ભણાવો છો; તમારા બાળકને વગર ફીએ શીખવવાની ફુરસદ છે?

રાજ્યાધિકારીને—

જેટલો વખત અને વિચાર રાજકારણમાં ગાળો છો તેનો સોમો હિસ્સો બાળકારણમાં આપો છો?

આંકડાશાસ્ત્રીને—

દુનિયાની અનેક બાબતોના આંકડાની તમને જાણ છે; તમારા બાળક સંબંધેના કેટલા આંકડા દાઢ્યા છે?

ભાષણકર્તાને—

બાળજીવન ઉપર જાહેર ભાષણો કરો છો; તમારા બાળકની બાજુ કોઈ સંભળાવ્યું છે?

આરોગ્યશાસ્ત્રીને—

બાળઆરોગ્ય મંડળના પ્રમુખ છો; ઘરમાં બાળઆરોગ્યના કોઈ નિયમો દાખલ કર્યા છે?

પત્રિકાના તંત્રીને—

આટલું બધું ' આમ જોઈએ ને તેમ જોઈએ ' એમ લખો છો તે તમે કાંઈ કરો છો કે?

ગિ.

બા સાથે નહિ બોલું : : : : બાપા સાથે નહિ બોલું

બા સાથે નહિ બોલું.

બા કહે છેઃ "પૂરી વણવા નહિ દઉં; વાંકી ચૂકી થાય છે."

તે જરાક તો વાંકી ચૂંકી થાય જ ના? હું તો હજી નાનો છું.

બા કહે છેઃ "પાણી ભરવા નહિ દઉં; પાણી ઢોળાય છે."

તે જરાક પાણી તો ઢોળાય જ ના? હું તો હજી નાનો છું.

બા કહે છેઃ "શાક સુધારવા નહિ દઉં. છરી લાગી જાય છે."

તે કોક વાર તો લાગીયે જાય. હું તો હજી નાનો છું ને?

બા કહે છેઃ "સાણસ લગાડવા નહિ દઉં. તને હજી ન આવડે."

તે ધોયા વિના શી રીતે આવડે? હું તો હજી નાનો છું ને!

બા સાથે નહિ બોલું.

બાપા સાથે નહિ બોલું.

બાપા કહે છેઃ "ચોપડી તને નહિ આપું. ફાટી જાય."

કહું છું કે "ચોપડી અમે નહિ ફાડીએ." તોએ બાપા ના પાડે છે.

બાપા કહે છે કે "કલમ તને નહિ આપું. તૂટી જાય."

કહું છું કે "સાચવીને લીંટા કાઢીશ." તોય બાપા ના પાડે છે.

બાપા કહે છેઃ "લાકડી તને ન અપાય."

કહું છું કે "તમારી જેમ જ લાકડીને રાખીશ." તોય બાપા ના પાડે છે.

બાપા કહે છેઃ "અહીંથી તમે ભાગી જાઓ. ગડબડ કરો છો."

કહું છું કે "ગડબડ નહિ કરીએ." તોએ બાપા કાઢી મૂકે છે.

બાપા સાથે નહિ બોલું.

ગિ.

બાળપોથીઓ

૧ પ્રવેશિકા—ત્રિવેદી વાચનમાળા.
૨ બાળપોથી—સરકારી વાચનમાળા.
૩ શિશુવાચનમાળા—શ્રી. અંજરીયાકૃત.
૪ સરલ બાલપોથી—શ્રી. ભોજાણીકૃત.
૫ ગૂજરાતી વાચનમાળા મૂળભાગ —શ્રી. દેલવાડાકર.
૬ બાલજ્ઞાનપોથી—શ્રી. કાનજી કાલિદાસ.

બન્ને નકામાં

કડક પિતા

ઉભો થાય છે કે?
ચાલો, લખી લાવો.
આપી દે, બેનને આપી દે.
કહી દે, દૂધ કોણે ઢોળ્યું?
ચાલ ભાગ, ગડબડ કરતો.
મારી નાખું શેરીમાં જા'તો.

નરમ માતા

બાપુ, ઉભો થાને?
ભાઈ, લખવું જોવેના?
બાપા, બેનને આપોને?
દીકરા, કહે તો, દૂધ કોણે ઢોળ્યું?
જો ભાઈ, ગડબડ કરાય કે?
બેટા, શેરીમાં ન જવાય હોકે.

બાપા ધારે છે

બા ધારે છે કે હું સાવ અણસમજુ છું. બાપા ધારે છે કે હું સાવ છોકરું છું. એ બોટી વાત છે.

બાને તાવ નહોતો આવ્યો ને કાકીને કહ્યું: "હું ફરવા નહિ આવું. મને તાવ આવ્યો છે."

બાપા ધારે છે કે હું સાવ છોકરું છું. એ પણ બોટી વાત છે.

મળવા આવ્યો હતો એને કહે કે "કાલે તો હું બહાર ગામ હતો. સારું થયું કે તમે ન આવ્યા."

બાપા તો દિ બધો ઘરમાં જ હતા.

બા ધારે છે કે હું સાવ ભોળો છું. એ વાત પણ બોટી જ છે.

હું બહાર ગયો ત્યારે મારા ભાગમાંથી લઈને બાએ બેનને આપ્યું ને મને કહે: "એ તો એટલું જ હતું."

બાપા ધારે છે કે હું સાચું બોલું છું.

મને બબર છે કે હું બોટેબોટું હાંકું છું. બાપાને છેતરતાં મને આવડે છે.

બા ધારે છે કે બધો વાંક શેરીના છોકરાનો જ હોય છે.

બાને શી બબર કે બેકેબેક છોકરાનું માથું ભાંગી પાછો ફરું છું.

બાપા ધારે છે કે હું ભણવામાં હુંશિયાર છું ને પેલો નંબર રાખું છું.

ભલે બાપા ધાર્યા કરે. કોપી કરી કરીને સાચું પાડું છું એ વાત તો હું જાણું ના?

બા ધારે છે કે હું તો સાવ સોજ્જે છું. બેનનો જ બધો વાંક છે.

બરી વાત તો હું જાણું છું ના? બેનને છાનામુના ચોંટીયા હું જ ભરું છું ના?

બાપા ધારે છે કે ચાંકર પૈસા લઈ ગયો!

ચાકર શું લેતો હતો? પૈસાતો બરફ લેવાયો ને અવાઈ પણ ગયો.

ભલે બા બાપા ગમે તેમ ધારે. હું કાંઈ છોકરૂંયે નથી ને અણસમજુયે નથી. હું કાંઈ ભોળોબોળોયે નથી ને હું કાંઈ સોજ્જેસોજ્જેયે નથી. જે છું તે છું. એમ તો બાં બાપાનો જ છોકરો છું ના?

હવે ક્રોધને કંઈ પૂછીશ જ નહિ તો!

બાને મેં કહ્યું: "જો તો, આ ઇયળ કેવી આમ આમ ચાલે છે!"

બા કહે: "નાખી દે ઇ ઇયળને. એને તે આપણે અડાય?"

બાપાને મેં કહ્યું: "જુઓ તો બાપા, આ મેં એકડા કાઢ્યા."

બાપા કહે: "આ તો બધાં મીંડાં છે. જો એકડા કાઢતાં આવડે છે! મૂરખો!"

ભાઈને મેં કહ્યું: "જો તો લખુભાઈ, આ ફુલો કેવાં ગોઠ્યાં છે?"

લખુભાઈ કહે: "ગોઠ્યાં છે ભૂંડાંભૂંબ જેવાં! આમ તે ગોઠવાતું હશે?"

બેનને મેં પૂછ્યું: "જો તો બેન, આ વાટકી કેવી સરસ ઊટકી? બૂબ બૂબ ઘસી છે હં.!"

બેન કહે: "આને તો હજુ ડાઘા છે. આવી તે ઊટકાતી હશે?"

જમના કાકીને કહ્યું: "જુઓ કાકી, મેં મારા વાળ કેવા ઓળ્યા છે? મેં મારે હાથે ઓળ્યા.'

કાકી કહેઃ " આટલી ઉંમર થઈ તોયે પૂરા વાજે ઓળતાં ન આવડ્યા. કાયમાં ને કાયમાં ! "

ભૂરાભાઇને કીધુંઃ " જુઓ ભૂરાભાઇ, આ કાગળમાં મેં કેવી કોરણી કરી છે ? "

ભૂરાભાઇ કહેઃ " એવી તો સૌ કરે. એમાં તેં શું કર્યું ? ને એમાં બતાવવા જેવું હતું તે ! "

બધા મને આવા આવા જવાબ આપે છે. હવે કોઇને કંઇ પૂછીશ જ નહિ તો !

પૈસાદાર . . . . . અને . . . . . ગરીબ

પૈસાદારનો છોકરો	ગરીબનો છોકરો
બૂટ કોણ પહેરાવે છે ?	બૂટ કોણ પહેરાવે છે ?
નોકર.	મારે જોડા જ નથી.
કપડાં કોણ પહેરાવે છે ?	કપડાં કોણ પહેરાવે છે ?
આયા.	હું પહેરું છું.
રસોઇ કોણ પીરસે છે ?	રસોઇ કોણ પીરસે છે ?
રસોયો.	મારી બા અથવા મોટી બેન.
પાણી કોણ આપે છે ?	પાણી કોણ આપે છે ?
ચાકર.	આપણે હાથે લઇએ છીએ.
ફરવા શેમાં જાઓ છો ?	ફરવા શેમાં જાઓ છે ?
મોટરમાં.	ગુડીયા ગાડીમાં.
ભણાવવા કોણ આવે છે ?	ભણાવવા કોણ આવે છે ?
મોહનજી માસ્તર.	મેળે વાંચીએ ને ભણીએ.
કપડાં કોણ ધોવે છે ?	કપડાં કોણ ધોવે છે ?
અમારો ધોબી.	મારી બા, નહિતર હું.
શાળાએ જતાં મૂકવા કોણ આવે છે ?	શાળાએ જતાં મૂકવા કોણ આવે છે ?
અમારો પટાવાળો.	હું એકલો જાઉં છું.
સવારે ક્યારે ઉઠો છો ?	સવારે ક્યારે ઉઠો છો ?
ઘરમાં પ્રાઇમસ સળગે છે ત્યારે.	બા ઘંટી ઘરાય છે ત્યારે.

મોન્ટીસોરી પદ્ધતિમાં શાંતિની રમત

બાળકો પોતપોતાનું કામ કરતાં હોય છે એવામાં એકાએક બારી બારણાં બંધ થવા લાગે છે અગર પડદાઓ પડવા લાગે છે ને ધીમે ધીમે જરા અજવાળું, ઘડી અંધારૂં થવા લાગે છે ને આખરે આખો ઓરડો બંધ થતાં ઘાટું અંધારૂં થઇ જાય છે. જેમ જેમ અંધારૂં થતું જાય છે તેમ તેમ બાળકો પોત પોતાનું કામ કોરે મૂકતાં જાય છે. આખરે બધાં બાળકો પોતાનું કામ છોડી જ્યાં બેઠાં હોય છે ત્યાં જ સ્વસ્થ બેસી રહે છે. કોઇ બાળક જરા પણ હલતું નથી, કોઇ પણ જાતનો અવાજ ખખડાટ

કરતું નથી. રખેને ગડબડ થશે એમ ધારી પોતાના પર બેઠેલી માખી ઉડાડતું નથી કે નાકના શેડાને સડસડાવતું નથી.

આવે વખતે શિક્ષક ધીમે મીઠે અવાજે દરેક બાળકને તેના નામથી બોલાવે છે. બાળક હળવેથી ઉભું થઇ કૂણા ઉપર ચાલી શિક્ષક પાસે જાય છે ને તેની પાસે બેસે છે. એમ એક પછી એક બાળક શિક્ષક પાસે આવે છે. પ્રત્યેક બાળક પોતાનો વારો ક્યારે આવશે તેની રાહ આતુરતાથી જુએ છે. આ વખતે ખૂબ શાંતિ હોય છે. બાળકોનો આખો સમૂહ એક જ વ્યક્તિ બની ગઇ હોય તેમ લાગે છે. બધાં બાળકો એક પ્રકારનું શાંતિનું સુખ અને સૌંદર્ય અનુભવતાં હોય છે. શરીરની અને વાતાવરણની શાંતિની સાથે એક જાતની મનની પ્રસન્નતા અનુભવે છે. શિક્ષકના ચિરપરિચિત મીઠા અવાજને આ વખતે તે વધારે મીઠાશથી સાંભળે છે.

પછી એકાએક ઓરડો ખુલ્લો થાય છે. બધાં બાળકોનાં મ્હોં મલકી ઉઠે છે; પ્રસન્નતા, પ્રસન્નતા ભાસે છે. સાથે જ પ્રત્યેક બાળકના ચ્હેરા પર આરામની અસર માલુમ પડે છે. પાછાં બાળકો પોતપોતાનું કામ શરૂ કરે છે.

વળી કોઇ વાર શિક્ષિકા ઓરડામાં આવે છે ને પાટીયા પર 'શાન્તિ' એમ લખી તેની પાસે ઉભી રહે છે. બાળકોનું લક્ષ તેના તરફ પડતું જાય છે તેમ તેમ શાન્તિ ફેલાતી જાય છે. આખરે બધાં બાળકો પોતાનું કામ છોડી દઇ શાન્તિની રમત રમવા તૈયાર થાય છે. સાથે જ ઓરડામાં અંધારૂં થાય છે ને શિક્ષિકાનો અવાજ સંભળાય છે.

નાનાં મોટાં બાળકોને આ રમત ગમે છે. શાન્તિનો અનુભવ મીઠો લાગે છે. આસપાસ ચાલી રહેલ ઘોંઘાટના વિરોધમાં તે નવીન અને પ્રિય લાગે છે. તેઓ આ રમત વારંવાર રમાડવાનું કહે છે અને પોતે જાતે પણ રમે છે. આ રમતનો શોખ લાગ્યા પછીથી બાળકમાં શાન્તિપ્રિયતા વધતી જાય છે. તેના પોતાના કામકાજમાં વધારે વ્યવસ્થા, વધારે સ્થિરતા આવે છે. તે પોતાના શરીરને સ્વસ્થપણે કેમ રખાય તેનો ખ્યાલ લે છે વૃંદમાં શાન્તિની રમત વખતે જે શાન્ત, સ્થિર, પ્રસન્ન વાતાવરણ થાય છે તેવાની તેને મજા લાગે છે ને તે પ્રાપ્ત કરવા તેઓ પોતામાં શાન્તિની રમત વખતે જે બધું રમનારમાં જોઇએ તે આણવા માગે છે.

શાંતિની રમતને મોન્ટીસોરી પદ્ધતિમાં ઇન્દ્રિયોની કેળવણીના વિભાગમાં મૂકેલી છે. અને તે યોગ્ય જ છે. કાનની કેળવણી એટલે કે ધ્વનિની સંસ્કારિતા જગાડવામાં શાંતિની રમત સાધન છે. કાનને નાના મોટા, સમ અસમ, અને ક્રમિક અવાજો પારખતાં આવડે છતાં તેનામાં ધ્વનિપ્રિયતા કે શાંતિપ્રેમ ન હોય તો તે કાન સંસ્કાર રહિત છે. સંગીતપ્રીતિ હોવા છતાં ઘણાખરામાં ધ્વનિસંસ્કારિતા નથી હોતી. ધ્વનિસંસ્કારિતાના અભાવે મનુષ્યો ઘણા બધા બેસુર, નકામા અવાજો અને ઘાંટાઓ સહન કરી રહ્યા છે. શાંતિપ્રિયતા જાગ્યા પછી મનુષ્યને ઘોંઘાટ નહિ ગમે. તે તાણીને હોકારા કરીને નહિ બોલે. તે જે કાંઇ બૂકરો તે ધમપછાડથી નહિ બૂકે. આ ધ્વનિસંસ્કારિતા શાંતિપ્રિયતા મળવાથી આવે. આ શાંતિપ્રિયતા આવી રમતોથી આવી શકે છે. ત્યારે જ રમત રમાય છે કે જ્યારે શરીર અને વાતાવરણ શાંત હોય છે. આ વખતે શાંતિનો સીધો પરિચય થાય છે. આ પરિચયમાંથી તેનો પ્રેમ જન્મે છે. બાળકોને ધમકીથી ચૂપ રાખવાથી તેઓ થોડો જ વખત શાંત રહેશે. ડર ગયો એટલે તેઓ બમણી ગડબડ કરશે. અવાજ ન સંભળાય તેવી બહિર વ્યવસ્થા કરીશું તો પણ બાળકોમાં શાંતિનો પ્રેમ તો નહિ જ આવે. શાંતિના ગુણ ગાઇ સંભળાવવાથી પણ શાંતિ નહિ આવે. શાંતિ માટે તો શાંતિ જ આપવી જોઇશે. એટલે તો શાંતિની રમતમાં શાંતિ-ચૂપકીનો પ્રત્યક્ષ પાઠ છે.

આ રમત રમાડવી એ સહેલી વાત નથી. "ચૂપ, ગડબડ નહિ" એમ કહેતાંની સાથે ચુપકી લાવવી સહેલી છે. પરંતુ દરેક બાળક પોતે રમત સારી રીતે રમાય તે માટે કોઇ પણ પ્રકારની અશાન્તિ કરવામાંથી દૂર રહે તેવી વૃત્તિ પેદા કરવી–તેવી જરૂરીયાત સમજાવવી–તે માટે વાતાવરણ કરવું તે અઘરૂં છે. આ માટે શિક્ષકને અનુભવ અને અભ્યાસ બન્ને જોઇશે.

શાન્તિની રમતનું લક્ષ બાળકો એક જગાએ એકઠાં થાય અને જરાક શાન્ત રહે તે નથી. બાળકમાં શાન્તિનો શોખ જાગે તે આવશ્યક છે. જો શાન્તિની રમત જોહુકમથી રમાડીશું અથવા કૃત્રિમ દેખાવ કરીશું, અથવા ફોસલાવીને ચલાવીશું તો તેઓ શાન્તિ પછી મોટો ખળભળાટ કરી મૂકશે.

શાન્તિની રમતનું રહસ્ય જાણવા માટે શિક્ષકે મોન્ટીસોરી પદ્ધતિના સિદ્ધાંતો અને ઇંદ્રિય કેળવણીનાં પ્રકરણો ખાસ જાણવાં જોઇશે. તેણે પોતે શાન્તિનો ઉંડો મર્મ સમજી લઇ પોતાના જીવનમાં ઉતારવો પડશે. તેણે સહાયક વાતાવરણ તૈયાર કરવું પડશે. મતલબ તેણે શાસ્ત્રવાચન સાથે અનુભવ કેળવવો પડશે.

આ માટે શિક્ષક 'મોન્ટીસોરી પદ્ધતિ' વાંચે અને એ પદ્ધતિએ ચાલતી શાળામાં જઇ તાલીમ લે.

ગિ.

એક અવલોકન

૪૦ મિનિટ વીતી ગઇ છે. ત્રણ વર્ષની ટીકુબીબીજી એન્યુએલો જોઇ રહી છે. આખા ઓરડામાં હું અને એ બે જણ છીએ. આજુબાજુ શાન્તિ છે. પાનાં ફેરવે છે. નવાં ચિત્રો સામે ધારી ધારીને જુએ છે. મનમાં કંઇને કંઇ બોલે છે. કોઇ ચિત્ર સાથે બૂબ વખત જૂએ છે; કોઇને ઝટ પસાર કરી દે છે. વચ્ચે વચ્ચે ચુંદડીનો છેડો સરખો કરતી જાય છે. હું મારૂં કામ કરૂં છું; જોઉં છું, ટીકુ ચિત્રોને કયાં સુધી જુએ છે. દશ મિનિટ પછી તે ચિત્રો જોઇ ઉભી થાય છે. એકંદર તેણે ૫૦ મિનિટ એક સરખાં ચિત્રો જોયાં. તે ઉભી છે. શાન્ત છે, પ્રસન્ન છે, ગુલાબનું ફુલ સુંઘે છે. મને કહે છે "ચમા, ચરે, ચત્ર, ચરે, ચજ, ચવું, ચછે." (મારે ઘરે જવું છે.)

મેં તેને પૂછયું: "બીજાં ચિત્રો જોવાં છે?" તે કહે છે: "હા," મેં ઉભા થઇ બીજાં ચિત્રો આપ્યાં. તે ચિત્રોને જોવા લાગી. વળી પાછી આગળના જેવી જ એકાગ્રતા અને મ્હોં ઉપરનો આનંદ. દશ મિનિટ બીજી ગઇ. એટલે કુલ સાડ મિનિટ થઇ. એટલામાં સુશીલાએ બૂમ પાડી. "ગિજુભાઇ ટીકુને લઇને નીચે આવો." ટીકુ કહે: "ગિજુભાઇ, સુશીલા બોલાવે છે." પોતે હસતી હસતી ઉભી થઇ ને તાળી આપી. પછી કહે: "જુઓ તો આ ચિત્રો કેવાં સરસ છે!" એમ કહી ચિત્રો બતાવ્યાં ને ફરી વાર હસી. આંખમાં આનંદ હતો. મ્હોં ગુલાબી થઇ ગયું હતું. હું ચિત્રો જોઇ રહ્યો.

અમે નીચે ચાલ્યાં. ચિત્રો જોવાનું અધૂરૂં રહ્યું. ચાલતાં ઠમકો કરી કહે: "આ તો દક્ષિણી સાડી પહેરી છે બરૂં?" મેં હા કહી. પોતે દોડતી દોડતી નીચે ઉતરી. મન બૂબ આનંદમાં હતું. પછી તે બેન સાથે ફરવા ગઇ.

ગિ.

વ્યાકરણ

વ્યાકરણનું જ્ઞાન ભાષાને શુદ્ધ રાખે છે, અને ભાષાશુદ્ધિ ભાષાની ઉન્નતિ માટે આવશ્યક છે. આમાં બે મત ન જ હોઇ શકે. પરંતુ વ્યાકરણનું જ્ઞાન ક્યારથી આપવું અને કેમ આપવું એ પ્રશ્નો ઠીક ઠીક વિચારવા જેવા છે ભાષાના જ્ઞાન માટે વ્યાકરણ આવશ્યક છે તેથી ભાષાશિક્ષણમાં તેને સ્થાન તો છે. એ સ્થાન સ્વીકારવામાં આવેલું છે તેથી તો આજે તેનું શિક્ષણ પ્રાથમિક શાળામાંથી શરૂ થાય છે. પરંતુ અનુભવ શું કહે છે? શિક્ષકોને પૂછીશું તો વ્યાકરણનો વિષય શીખવવા માટે—સમજાવીને શીખવવા માટે—અઘરો માલુમ પડયો છે. છતાં ગોખાવીને શીખવવા માટે તે ગોટલો બની સહેલો છે કે પરીક્ષામાં વ્યાકરણના વિષયમાં બધા વિદ્યાર્થીઓ લગભગ પૂરા દોકડાઓ લઇ શકે છે. વિદ્યાર્થીઓને સમજીને શીખવા માટે તે અઘરો જ છે ને કે યુક્તિથી કે વગર સમજ્યે શીખવા માટે તે સુલભ સહેલો છે. પરન્તુ પરિણામ જોઇએ તો પ્રત્યક્ષ રીતે જણાય છે કે વ્યાકરણશિક્ષણની કશી અસર ભાષાજ્ઞાન અને શુદ્ધિ ઉપર થઈ નથી હોતી. એની ખાત્રી પ્રાથમિક શાળાના વિદ્યાર્થીના નિબંધો અને અન્ય લખાણો આપે છે.

વ્યાકરણશિક્ષણમાં નામ, સર્વનામ વગેરેનો પરિચય અને તે પરથી પદચ્છેદ ચાલે છે. આની પાછળ વખત ઠીક ઠીક જાય છે, ને વિદ્યાર્થીઓને એ શીખવામાં રસ કેવો છે તે પ્રત્યેક શિક્ષક જાણે છે. વિદ્યાર્થીઓના રસના વિષયો સિવાયના કયા વિષયો કાઢી નાખવા જેવા છે તેમ પૂછવામાં આવે તો વ્યાકરણનું નામ પ્રથમ અપાતા નામોમાં અવશ્ય આવશે. આપણે સૌ પ્રાથમિક શાળામાં વ્યાકરણ ભણ્યા છીએ. આપણને તેના ભણતરમાં કેવો રસ હતો તે આપણે સંભારીશું? આપણને તેમાંનું કશું યાદ જ નથી. રસ વિના શીખેલી કઇ વસ્તુ યાદ રહેવાની? એકંદરે નાની ઉંમરે પ્રાથમિક શાળામાં ભણતા વિદ્યાર્થીઓને વ્યાકરણ શીખવામાં કશો રસ નથી જણાતો અને એ એક જ એવું પૂરતું કારણ છે કે આજની રીતે શીખવાતું વ્યાકરણ પ્રાથમિક શાળામાંથી નીકળી જવું જોઇએ.

શરૂઆતમાં ભાષાશિક્ષણમાં મુખ્ય વસ્તુ ભાષાપરિચય છે. ભાષાપરિચય ભાષામાં ગુંથેલ બાલોચિત સુંદર રસિક વસ્તુના વાચન શ્રવણથી સારી રીતે થાય છે. ભાષાદર્શન, ભાષાઅનુભવ, ભાષાપરિચય, ભાષાસેવન, ભાષાઆસ્વાદ સમગ્ર ભાષાનાં જોઇએ—જેમ સૌંદર્યદર્શન, અનુભવ અને આસ્વાદ વગેરે સૌંદર્ય સમગ્રનાં જોઇએ તેમ. સુંદર વસ્તુની પ્રથકૃતિ પ્રથમથી જ કરીશું ને બતાવીશું તો મનુષ્યમાં સૌંદર્યદૃષ્ટિ અને પ્રીતિ નહિ જન્મે. ભાષામા પણ તેમજ છે. ભાષાપ્રેમ લગાડવા ભાષાનો આસ્વાદ જોઇએ. વ્યાકરણશિક્ષણ એ વસ્તુની પ્રથકૃતિ માત્ર છે. તેમાં રસાસ્વાદ નથી. કલાના રસાસ્વાદમાં ઉંડું અવગાહન કર્યા પછી રસાસ્વાદની મીમાંસા કરનાર કલાના સિદ્ધાંતો ભલે ચર્ચે; કલાના રૂપના અંગ ઉપાંગોને હાથમાં લઇ જોખાં જોખાં ભલે જુએ. તેની દૃષ્ટિમાં પછીથી તો વધારે ઉંડાણ ને તેથી મજા આવશે. પણ પ્રથમથી તે હાડચામ જોવા બેસશે તો તેને વૈરાગ્ય આવશે. તે માટે વ્યાકરણશિક્ષણ મોટી ઉંમરના ભાષાના રસમાં ઓળઘોળ થયેલા વિદ્યાર્થીઓ માટે જ ઉપકારક છે. નાની વયના વિદ્યાર્થીઓ માટે તે ભાષારસિકતા પેદા કરવામાં વિઘ્નરૂપ છે.

કદાચ જૂની ભાષાઓ કે સ્વભાષા સિવાયની ભાષાઓ પ્રત્યક્ષ પદ્ધતિએ ન શીખવવી હોય તો વ્યાકરણશિક્ષણની પ્રથમથી જ જરૂર છે; કારણકે એ ભાષાઓની શુદ્ધિ વ્યાકરણના જ્ઞાનબળ વડે જ આપણે જાળવી શકવાના. પરંતુ સ્વભાષા પ્રત્યે

જૂની વાત છે. આપણું છેક નાનું બાળક પણ શાળામાં જતા પહેલેથી જ શુદ્ધ ગૂજરાતી બોલે છે. તે જાતિ કે વચનમાં દોષ નથી કરતું. એક પરદેશી શીખાઉ જે સઘળા દોષ કરે તેમાંનો એક પણ દોષ તે નથી કરતું. આથી પરદેશીની દૃષ્ટિએ પ્રથમથી વ્યાકરણશિક્ષણ છે જ જ્યારે આપણે માટે તેમ નથી. આપણે સ્વભાષા ઘણું ખરૂં શુદ્ધ બોલીએ છીએ. તે વધારે શુદ્ધ બોલાય લખાય માટે શુદ્ધ વાચન લેખનના મહાવરાની જરૂર છે. તેના ઉપર દરેક પ્રાથમિક શાળામાં ભાર મૂકાવો જોઇએ. અશુદ્ધિની કઇ કઇ બાબતો છે તે ધ્યાનમાં લઈ તે કેમ દૂર થાય તેના ઉપાયો કરવા જોઇએ. જેમકે બાળકો લેખનમાં નીચેની બાબતોમાં અશુદ્ધિ બતાવે છે.

૧. જોડાક્ષરો
૨. જોડણી.
૩. વિરામચિહ્નો.
૪. પારા પાડવા.
૫. અનુનાસિક શબ્દો અનુસ્વાર વિના લખવા.

આ અશુદ્ધિઓ દૂર કરવા માટે વ્યાકરણનું જ્ઞાન કયાં જરૂરનું છે? અને છે તો તેવું જ્ઞાન આપવાનું તો પ્રાથમિક શાળાના અભ્યાસક્રમમાં કયાંઇ નથી જડતું. માટે પ્રથમ આ બાબતને હાથમાં લેવી. હાલ અપાતા વ્યાકરણના જ્ઞાનથી નામ, સર્વનામ ઓળખતાં આવડે છે. પરંતુ તેવી ઓળખ ન હોય તો પણ કોઇ બાળક નામને સર્વનામ રૂપે કે એકવચન પાછળ બહુવચનનું ક્રિયાપદ નહિ મૂકે, અગર વાક્યરચના ખોટી નહિ કરે.

મૂળાક્ષર વિના વાંચતાં ન આવડે એમ નામ સર્વનામ વગેરેના જ્ઞાન વિના ભાષા વાંચતાં કે લખતાં આવડતું જ ન હોત તો તેના શિક્ષણની પ્રાથમિક આવશ્યકતા સ્વીકારવી જ પડત; પરંતુ તે વિના સુંદર ને કડીન ભાષા સમજી શકાય છે અને સુંદર, શુદ્ધ અને કડીન ભાષા પણ લખી શકાય છે, આ વાત આપણા સૌના અનુભવની પણ છે. હા; વ્યાકરણનું જ્ઞાન ભાષાના જ્ઞાનમાં એક અંગ રૂપે એક દહાડો કામનું છે, ને પ્રથમતઃ તે ભાષાના વિદ્વાનને ઉપયોગનું છે. માટે તે જ્ઞાન જ્યારે ભાષાની વિદ્વત્તા પ્રાપ્ત કરવા માટેની વિદ્યાર્થીને જરૂર પડે એવી ઉંમરે તે પહોંચે ત્યારે આપવું. પણ જ્યાં સુધી વિદ્યાર્થી ભાષાપરિચય અને તે દ્વારા ભાષાબળ કેળવી રહ્યો છે ત્યાં સુધી વ્યાકરણ તેનાથી દૂર જ રહે.

અને છતાં વ્યાકરણને આજના શિક્ષણ રૂપે તો નહિ જ પણ ભાષાના શબ્દોમાં કેવું બળ છે, ભાષાનાં શબ્દો કેવા વિચિત્ર છે, ભાષાની શક્તિ શાથી પેદા થાય છે તેનો પરિચય લેવા ભાષાના દેહ રૂપે આપણે વિદ્યાર્થી પાસે મૂકી શકીએ છીએ. અને વિદ્યાર્થી આનંદ સાથે તેના ભાષાભંડારમાં તે સંધરી શકે છે. વળી ખુદ વ્યાકરણના પ્રદેશમાં પણ એવું ઘણું છે કે જે આપણે ઉંચાં ધોરણોમાં શીખવવા માટે રાખી મૂકીએ છીએ, જ્યારે એ બધું નાની ઉંમરના અભ્યાસીઓ પાસે પરિચય રૂપે જરૂર મૂકી શકાય. છેક નાની ઉંમરના વિદ્યાર્થીઓને ભાષાનાં પદો (parts of speech) ના દરેક અંગમાં જે વિશેષતા છે તેનો અનુભવ–ખ્યાલ પ્રત્યક્ષ ક્રિયા દ્વારા આપી શકીએ.

અનુધ્વનિ શબ્દો મૂળ ધ્વનિઓના પરિચયમાં વધારે સમજશે. શબ્દના કુટુંબ શબ્દો શોધવા તરફ બાળકોને લઇ જવાથી શબ્દોનો સંબંધ અને સામર્થ્ય બન્નેનો ખ્યાલ આવશે. મૂળ શબ્દ હાથ છે. હાથ શરીર સાથે હોઇ જૂનો છે. તે ઉપરથી થએલા હાથની ગરજ સારનારા–હાથવાચક શબ્દોનું જ્ઞાન બાળકને તુરત થઇ શકે છે ને સમજાય છે. જેમકે હાથ ઉપરથી હથોડી, હાથીઓ થોર, હાથી, હાથલો, હથરોટી વગેરે. એમ જ પેટ મૂળ શબ્દ છે. તે ઉપરથી પેટી, પેટાળ, પેટીયું, પેટભરો, પેટપીડ વગેરે શબ્દ દેવાય. આ શબ્દો એક પ્રકારે વ્યુત્પત્તિ શાસ્ત્રમાં આવે, પણ વ્યુત્પત્તિ તો માત્ર ક્રિયાપદો ઉપ-

રથી થતાં નામો, વિશેષણો વગેરે વિષે બોલે છે. અહીં તેવો ક્રમ કે નિયમ નથી. આ શબ્દોને કુટુંબ-શબ્દો કહી શકાય.

બાળકને ક્રિયાપદનો ખ્યાલ ચિઠ્ઠી રમતથી આપી શકાય. બાળકને ચાલો, ઉઠો, બેસો, રમો, વાંચો, બોલો, લખો, નાચો, કૂદો એવી ચિઠ્ઠીઓ આપી તે પ્રમાણે ક્રિયા કરવાનું કહેવાથી તેઓ તેમ ખુશીથી કરશે. તેમને આ શબ્દો ક્રિયાપદો છે એવું વ્યાકરણની ભાષામાં જાણવાની જરૂર નથી. તેઓ શબ્દોનું બળ જાતે અનુભવે છે તે બસ છે. એમ જ નામવાચક શબ્દો પરત્વે આવી રીતે ખ્યાલ આપી શકાય: કહીએ કે જેને જેને નામ હોય તે લાવો, ને લાવીને લાવેલનું નામ બોલો. એક સરસ રમત થઇ પડશે. બાળકો ઉપડશે ને ટેબલ, ખુરશી, ઘડીઓ, હોલ્ડર, કાગળ, શાંતાબેન, નટવરલાલ વગેરે જે જડશે તે લાવશે. તેને આ રીતે નામ સંજ્ઞાનો આડકતરી રીતે ખ્યાલ થશે. પછી આપણે પેન્સિલ માગીએ. પેન્સિલ કઇ લાવું એમ બાળક પૂછે એટલે કહીએ પીળી. ઘણી માંથી એક લાકડી લાવો એમ કહીશું એટલે કઇ એમ પૂછતાં લાંબી મંગાવીએ. એટલે કે કંઇ ને કંઇ વિશેષતા બતાવવા નવા શબ્દો આપીએ. એટલે બાળકને નામવાચક અને તેની વિશેષતા બતાવનારા શબ્દો એટલે વિશેષણો વિષે ભેદ છે તેની છાપ પડશે.

આ રીતે તેમના મન પર શબ્દો સંબંધે છાપ પડે એટલું ઘણું છે. આ છાપ રમતો રમી શકાય તેવી કાપલીઓ દ્વારા આપવી એ સારૂં છે. આવી છાપ આવી શકે તેવી વાચનપોથીઓ પણ ઉપયોગી છે. જેમકે નામપોથી જેમાં નામો જ હોય; ક્રિયાપદ પોથી જેમાં એકલાં ક્રિયાપદો જ હોય.

આ ઉપરાંત બીજી કેટલીએક જાતની પોથીઓ વ્યાકરણનો આડકતરો પરિચય આપશે. જેમકે દ્વિરુક્તિ વાચક શબ્દોની પોથીઓ, જાત જાતના સમાસોવાળા શબ્દોની પોથીઓ, વ્યાકરણમાં જે વિચિત્રતાઓ છે તેની નોંધવાળી પોથીઓ વગેરે. પ્રાથમિક શાળામાં વ્યાકરણ કાઢી નાખી આવી રીતે વ્યાકરણનાં અંગોનો પ્રસંગોપાત રમત રૂપે પરિચય અપાય તો તે બાળકો ઝીલશે. આગળ ઉપર જ્યારે પદ્ધતિસર વ્યાકરણ શીખવાનું આવશે ત્યારે આ પરિચયનો તેમને લાભ થશે. એક રીતે તેમને એમ પણ થશે કે અમે વ્યાકરણ તો જાણીએ જ છીએ; માત્ર તેના શાસ્ત્રની પરિભાષા હવે શીખીએ છીએ. ગિ.

વિદ્યાધિકારીઓના શિક્ષકો પ્રત્યે પ્રશ્નો.

દર વર્ષે એનો એ કે નવો નવો પરીક્ષક જોઇએ?

નીચલાં ધોરણોની પરીક્ષા હેડ માસ્તરને જ સોંપી દેવાય તો?

કયા વિષયોને પરીક્ષામાંથી બાદ કરીએ તો ચાલે? પાસ પરિણામ તેત્રીસ ટકાએ કે છાસઠ ટકાએ અપાય?

અભ્યાસક્રમ વર્ષે વર્ષે બદલાય કે ત્રણ ત્રણ વર્ષે?

અભ્યાસક્રમમાંથી કાઢી નાખવા જેવા કયા વિષયો? કયા વિષયો નવા નવા નાખવા જોઇએ?

અભ્યાસક્રમ પ્રમાણે પાઠયપુસ્તકો છે?

ચાલુ સાલનો અભ્યાસક્રમ હળવો પડે છે?

આખા વર્ગમાં બરાબર પહોંચી વળવા દરેક વર્ગમાં કેટલા છોકરા જોઇએ? આજના વર્ગોની સંખ્યા વધારે છે કે ઓછી?

શાળાનો હાલનો સમય તમને તથા છોકરાઓને અનુકૂળ છે?

શાળાના સમયમાં ઘટાડો કરવો જોઇએ કે વધારો?

સમયપત્રક કાઢી નાખી શિક્ષકને ઠીક લાગે તેટલો વખત શીખવવા દઈએ પણ વર્ષ આખરે અભ્યાસક્રમ પૂરો કરે તે માગીએ તો કેમ ?

શિક્ષા થાય જ નહિ એવો હુકમ બહાર પાડીએ તો ફાયદો કે ગેરફાયદો ?

દોકડા, ચડાઉતરી, ઇનામ વગેરે કાઢી નાખીએ તો ઉત્તેજન વિના વિદ્યાર્થીઓ ભણશે ?

ગિ.

ગામડાના પ્રશ્નો

ગામડાનો એક પ્રશ્ન તેની શાળાના મકાનનો છે. સામાન્ય રીતે ગામડામાં એવું એક મકાન ભાગ્યે જ મળે કે જ્યાં એકી સાથે ૪૦ થી ૫૦ બાળકો પણ બેસી શકે. વળી જે કોઇ મકાન મળે તેમાં હવા અજવાળું તો ઘણું જ ઓછું હોય. શહેર પેઠે ગામડામાં હવા અને અજવાળાની ખોટ નથી હોતી, પરંતુ ઘરો બાંધવાની રીત એવી હોય છે કે તેમાં હવા અજવાળું ઝાઝું પેસી ન શકે. શહેર કે ગામની બાંધણીનો સુધારો આપણે ત્યાં ઘણો થોડો છે. ગામડામાં ઘણું વખાણવા જેવું મળે તો પણ ત્યાંનાં ઘરો તો આરોગ્યનાં વિરોધી જ છે. આવા સ્થળે શાળાના મકાનનું કેમ કરવું ?

ગામડાનું ઘર શાળા માટે ન ચાલે. અંધારા હવા અજવાળા વિનાના ઓરડામાં ભણવું એ કરતાં અભણ રહેવું સારું. અભણ રહીએ તો હરકત નહિ પણ જીવનની-જીવવાની શક્તિ ખોઇએ બે ખોટું.

જ્યાં જ્યાં બની શકે ત્યાં શાળાનું મકાન નવેસરથી ચણવું જોઇએ. આપણને તેમ કરવું મુશ્કેલી ભરેલું લાગે છે કારણકે આપણી કલ્પના પત્થરનું શહેરી મકાન બાંધવાની હોય છે. એકાદ શહેરની સુંદર શાળા જેવું બાંધવાની હોય છે. પરંતુ તેમાં ભૂલ છે. ગામડામાં કે શહેરમાં શાળાનું મકાન હવા અજવાળાવાળું જોઇએ. પણ તેથી મોટા ખર્ચવાળું પત્થરનું જ જોઇએ એમ કરવા જતાં પૈસાની મુશ્કેલી પડે છે ને ઘણાં સારાં મકાનો થતાં અટકે છે. સાદાં, વિશાળ, સ્વચ્છ અને સસ્તાં મકાન બાંધવા તરફ આપણે જવું જોઇએ. શહેરીઓનો વિચાર શહેર કરશે. ગામડામાં તો સાદાં, સસ્તાં મકાન બાંધ્યે જ છૂટકો. માટે ગામડાની શાળાનું મકાન મોટું પણ સસ્તું બાંધવું. ઉંચી ઓશરીવાળાં પીંઢારીયાનાં ઘરો સુંદર થઇ શકે. ગારાની ભીંતને કુંવળની મજબુત થાપ કરી હોય તો તે પડે નહિ કે વરસાદમાં ઓગળે પણ નહિ; ને માથે સાદા કાટવળા ઉપર દેશી નળીયાં નાખ્યાં હોય તો બે ત્રણ દશકા મકાનને કંઇ હરકત ન આવે.

પણ આ તો મકાન બાંધવા બેસીએ ત્યારેની વાત. શાળા મકાનમાં જ ચાલવી જોઇએ એ એક ભ્રમ છે. તેમાંયે ગામડાની શાળા કે જ્યાં પ્રાથમિક શિક્ષણનો પ્રબંધ માત્ર કરવાનો છે, ને તેથી જ્યાં સામગ્રી સાવ ઓછી છે ત્યાં શા માટે બાળકોને બને તેટલો ખુલ્લી હવા, ખૂલું સ્વચ્છ આકાશ અને ભગવાન સૂર્યના સહી શકાય તેટલા તાપનો લાભ ન આપવો ?

શાન્તનિકેતનને વખાણીએ ત્યારે કહીએ "ઓહો ! ત્યાં તો ઝાડ નીચે ભણાવાય છે." પણ ગામડામાં ઝાડ નીચે ભણાવવું નથી સૂઝતું. ગામડાને પાદર ઝાડો છે, છાંયો છે, નદી

કાંઠે રેતી છે. ત્યાં સાંજ સવારે બેસીને ભણાવી શકાય જ. વડ કે પીંપરો નીચે વાળી ચોળીને પાણી છાંટીને ટાકરડી કરેલી જમીન પર બેસતાં કપડાં પણ ન બગડે, ને બેકાદ ચણેલી ઓટલી પર શિક્ષક મહાશય બેસી શકે. વરસાદ કે એવી ઋતુ હોય ત્યારે શાળાનું જ મ ાન વાપરવાનું રાખવું જોઈએ. યૂરોપના શહેરોએ કુદરતમાં શાળાઓ કાઢવાની શરૂઆત કરી છે. કુદરતનો બરો લાભ ત્યારે જ મળે કે જ્યારે તેના સીધા પરિચયમાં આપણે આવીએ. બાળકોને શાળાના મકાનમાં ગોંધી રાખીએ તેથી તે લાભ નથી મળવાનો. ગામડામાં પણ જ્યારે નાની ઓરડીમાં ગોંધાએલાં બાળકોને જોઈએ છીએ ત્યારે વિસ્મય થાય છે.

ગામડાની શાળાના મકાનનો પ્રશ્ન બે રીતે ઉકલે. એકાદ સારું પણ વિશાળ મકાન બાંધીને અને બીજું ગામડામાં ભણાવવાની પદ્ધતિ બદલવામાં રાખીને. ગિ.

ચર્ચાપત્ર

સાંતાક્રુઝ
૨૯ : ૯ : ૨૭

શ્રી. તંત્રી : 'શિક્ષણ પત્રિકા

મહાશય,

આશ્વિનના શિક્ષણ પત્રિકાના અંકમાં 'મને દૂધ કોઇ દિ ન ભાવે' એ લેખ વાંચી ઉપજેલા વિચાર આપને જણાવવાની તક લઉં છું.

મારા ઘરમાં અમે ચાર જણ છીએ: અમે પતિપત્ની અને બે બાળકો. આમાંથી અમને બન્નેને તેમજ અમારા છ વર્ષના દીકરાને દૂધ ભાવે છે–ઘણું ભાવે છે; તે છતાં અમારી સાત વર્ષની દીકરીને દૂધ બીલકુલ ભાવતું નથી. અમે દરરોજ વાળુમાં દૂધ છૂટથી વાપરીએ છીએ. ઘરમાં 'મને દૂધ નથી ભાવતું' એમ કહેનાર કોઇ નથી છતાં તે દૂધ નથી જ પીતી. બાળકને દૂધની કેટલી આવશ્યકતા છે તે સમજતાં હોવાથી અમે તેને કેસર એલચીવાળું દૂધ આપી જોયું કે જે સ્વાદિષ્ટ લાગવાથી તે કદાચ પીએ. પણ અમારા બધા પ્રયત્ન નકામા ગયા છે. દૂધથી બનતી બીજી ચીજો તેને ભાવે છે. દહીં, છાશ, માખણ ઘી તે હોંશથી પુષ્કળ ખાય છે. ત્યારે દૂધ ઉપર અભાવ તે કુદરતી નહિ તો બીજું શું? મારાં બાળકો નાનપણમાં કેટલોક વખત મોસાળમાં રહ્યાં હતાં. ત્યાં પણ સર્વ કોઇ છૂટથી દૂધ વાપરે છે. એટલે ત્યાં પણ કોઇ રીતે દૂધ ઉપર અભાવ ઉત્પન્નકરનાર સંસ્કાર પડ્યા હોય એવો બીલકુલ સંભવ નથી. અમે ઘરમાં મરચાં અને સોપારી બહુ વાપરતાં નથી. છતાં એ બન્ને ચીજ ઉપર મારી પુત્રીને બહુ જ પ્રીતિ છે. કોઇ વાર ખાવાની તક મળતાં પુષ્કળ ખાય છે. 'મરચાં કે સોપારીને તો હાથ પણ ન લગાડાય. સોપારી ખાઇએ તો ભણતાં ન આવડે.' એવું શિક્ષણ અમે કદિ પણ આપ્યું નથી. એટલે એ ચીજો ઉપરની પ્રીતિ પ્રત્યાઘાત રૂપે (reactionary) હોય એવો પણ સંભવ નથી. અમને મરચાં માફક નથી આવતાં ને સોપારી પર ખાસ ભાવ નથી તેથી જ નથી ખાતાં.

આ સર્વ લક્ષણોનો હેતુ એટલો જ છે

કે કોઇ ચીજ ઉપરનો ભાવ અભાવ એ કુદરતી છે એમ મને લાગે છે. મારાં બન્ને બાળકો એક જ ઘરમાં એક સરખા સંસ્કારમાં ઉછર્યાં છે. છતાં એકને તીખી ચીજો, શાક, ફરસાણ વગેરે ભાવે છે જ્યારે બીજાને દૂધ, ગળપણ વગેરે ભાવે છે. વરસ કે સવા વરસે નક્કર ખોરાક પહેલ વહેલો લેવાનો શરૂ કરે ત્યારથી જ બાળકનું વલણ દેખાઇ આવે છે એમ મારો તો અનુભવ છે.

ઉંચી કહેવાતી જાતિઓની સ્ત્રીઓમાં એવું તો છે જ કે દૂધ ન ભાવે એ સ્ત્રી બહુ ચતુર ને સારા સંસ્કારવાળી ગણાય; દૂધ ભાવે તે તો શામડીઅણ, બાળક બુદ્ધિની. આની અસર કદાચ કોઇકનાં બાળકો ઉપર થતી હશે. પણ ક્વચિત દાખલામાં દૂધ ઉપરનો અભાવ સ્વાભાવિક પણ હશે એમ મારું ધારવું છે.

લી એક બહેન.

ઉત્તર

આપનો કાગળ જોઇ બહુ જ આનંદ થયો. બાળકોના ખોરાક વિષે ચિંતા રાખનારને અને તેમાં પણ તેમને દૂધની કેટલી આવશ્યકતા છે તે સમજનાર માબાપો ભણેલા વર્ગમાં પણ બહુ જ થોડાં નજરે પડે છે.

આપ જાણો જ છો કે આપના બાળક વિષે વિશેષ ચિંતા કરવાની જરૂર નથી, કારણ તે દહીં, છાશ ને માખણ સ્વાદથી ખાય છે.

આપ લખો છો તેમ બાળકમાં દૂધ ઉપર બહુ જ નાનપણથી અભાવ મેં પણ જોયો છે ને ઘણીવાર તેને કુદરતી અભાવ કહેવાનું મન થાય છે.

માબાપનો પોતાનો દૂધ પ્રત્યેનો અભાવ અથવા ઉપેક્ષા ન હોય તો સામાન્યતઃ બાળકને દૂધ ભાવે છે. છતાં બાળકની અર્ભકાવસ્થામાં એક કાળ એવો હોય છે કે જે વખતે બાળકમાં દૂધ પ્રત્યે સંપૂર્ણ અભાવ બંધાય છે. તે કાળ સાચવી લેવાનો છે. અભાવનું કારણ દૂધ ભાવતું નથી એમ નહિ પણ દૂધ કરતાં ધાવણ વધારે મીઠું લાગે છે એ હોય છે. ધાવણ છોડાવીને દૂધ ઉપર બાળકને લાવતા વખતે જ ઘણી વાર આ અભાવ બંધાય છે ને પછી તે ચાલુ રહે છે. તે વખતે માતા એકદમ સપ્રમાણથી પરાણે દૂધ પાય તો અભાવ બંધાય. માટે બાળકને ધાવણ ઉપરથી આસ્તે આસ્તે દૂધ ઉપર લેવું જોઇએ. બીજું બાળકને દૂધમાં સાકર દેવા સંબંધમાં આપણામાં ઘણો વહેમ છે. ગાય ભેંશના દૂધ કરતાં માતાના ધાવણમાં સાકરનું પ્રમાણ વધારે હોય છે, તેથી બાળકને બીજું દૂધ ઓછું સ્વાદિષ્ટ લાગે એ સહજ છે. ખરી રીતે બાંડ સંબંધે વહેમ રાખવાની જરૂર નથી જ. બાંડ ઉકાળીને વાપરવાથી જરાએ હરકત થતી નથી. બાંડ નાખ્યા પછી પણ બાળક દૂધ કરતાં ધાવણનો સ્વાદ વધારે પસંદ કરે ને તે કારણે દૂધ પ્રત્યે અભાવ બતાવે તે સંભવનીય છે. એવે વખતે વધારે ધીરજથી દૂધનો જ ખોરાક ચાલુ રાખવો જોઇએ. બાળકને ભૂખ લાગે એટલું દૂધ પી લે છે. તે વખતે જો ઉતાવળથી ધવરાવવામાં આવે કે બીજા ખોરાક તરફ લઇ જવામાં આવે કે દૂધને સ્વાદિષ્ટ કરવા ખાતર ચા, કૉફી કે કોકોનું મિશ્રણ કરવામાં આવે અથવા બીજા પેટન્ટ ફુડસ દેવામાં આવે તો દૂધનો સ્વાદ કેળવવાનો બાળકને અવકાશ મળતો નથી. બાળક નવ મહિનાનું કે વધારેમાં વધારે વરસનું થાય ત્યારે તેનું ધાવણ છોડાવીને તેને દૂધ શરૂ કરવાનું હોય છે, ને દાંત આવ્યા

હોય તો થોડો થોડો ખોરાક શરૂ કરવાનો હોય છે. તે વખતે દૂધ અને ખોરાક વચ્ચેનું પ્રમાણ ન સચવાય, અથવા દૂધના સ્વાદથી પરિચિત થતાં જે વખત લાગે તે તેને આપવામાં ન આવે તો દૂધ પ્રત્યેનો અભાવ બંધાઇ જવાનો સંભવ છે.

ગર્ભાવસ્થામાં અભાવ બંધાવાનું બીજું પણ એક કારણ હોય છે. બાળક ધાવતું હોય છે તે ઉપરથી તેને એકાએક ચમચાથી પીવું, કે પ્યાલો મોઢે માંડીને પીવું ફાવતું નથી. તે વખતે બાટલી જ દેવી જોઇએ. ને બાટલી આપીએ તો પણ માતાના સ્તનમાંથી પીવાની ક્રિયા જેટલી તો બાટલી ચૂસવી સારી લાગતી નથી જ. તેથી બાળક દૂધ પીવાની અનિચ્છા ધરાવે છે ને આસ્તે આસ્તે દૂધ પ્રત્યે અભાવ બતાવવા લાગે છે. તે વખતે તેને ધીરજથી જ એ બધી ક્રિયા શીખવવાની ને શીખવા દેવાની હોય છે. ઘણી વાર પછાત કે નબળા બાળકને એ ક્રિયા શીખતાં વાર લાગે છે માટે તે વખતે ધીરજની જ જરૂર હોય છે. વધારે પડતા સંસ્કારક્ષમ (sensitive) બાળકને પણ નવી ક્રિયાના નવા અનુભવો, નવા સ્વાદો વગેરે એકાએક ગમતા નથી. આ ઉંમરે બાળકની થતી કફોડી સ્થિતિ મેં ઘણી વાર જોઇ છે. બાળક દૂધ મોઢામાંથી કાઢી નાખે છે; માતા વઢે છે ને હાથ પગ દબાવીને દૂધ પાય છે વગેરે દ્રશ્યો કરુણાજનક હોય છે. ઘણી વાર માતા આ પ્રસંગોમાંથી મુક્ત થવા માટે દૂધ વિષેનો આગ્રહ છોડી બાળકને ખોરાક તરફ જ લઇ જાય છે. તે પણ તેટલું જ નુકશાનકારક છે. માટે આવે વખતે દૂધનો આગ્રહ તો ન જ છોડવો જોઇએ. બાળક બે વરસનું થાય ત્યાં સુધી દૂધ જ તેનો મુખ્ય ખોરાક હોવો જોઇએ. પણ બાળકને મુશ્કેલી કઇ છે, તેનો અભાવ શા પ્રત્યે છે તે અવલોકી બાળકને આસ્તે આસ્તે દૂધ ઉપર આવવા દેવું જોઇએ. દૂધ પૂરતું ગળ્યું કરવું, સતપ રાખવું, દૂધને ગાયના ખોરાકને કારણે કે બીજે કારણે કોઇ પણ સખ્ત વાસ નથી તે જોવું, બાટલી ને નીપલ સ્વચ્છ રાખવાં ને પછી બાળક ન પીએ તો તે વખતે દૂધ પાવું મૂકી દઇ એકાદ કલાક પછી ફરીથી પાવું. પાંચ છ કલાક પછી સખ્ત ભૂખ લાગે એટલે બાળક દૂધ પીએ છે ને આસ્તે આસ્તે દૂધથી ટેવાય છે.

આપના બાળક પરત્વે ગર્ભાવસ્થામાં આવું કાંઈ પણ ન બન્યું હોય ને છતાં અભાવ હોય તો તે કુદરતી અભાવ છે એમ માનવું પડે.

તેમજ બીજા સ્વાદો પરત્વે પણ હશે. આપ લખો છો તેમ બાળક બાળકમાં કુદરતી રીતે જ સ્વાદફેર હોવાનો સંભવ લાગે છે.

અર્થાત્ આ બધી બાબતોમાં વધારે સૂક્ષ્મ અને વિશાળ અવલોકનની જરૂર છે. તા.

ગ્રાહકોએ પત્રવ્યવહાર વખતે રેપર ઉપરનો પોતાનો ગ્રાહક નંબર અવશ્ય લખવો.

વાર્ષિક લવાજમ રૂા. એક. લખોઃ તંત્રી, શિક્ષણ પત્રિકાઃ શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર, ભાવનગર
શ્રી 'સરસ્વતી' છાપખાનું, અજીજ બિલ્ડીંગમાં પારી. ભીખાભાઇ ગોપાળજીએ છાપી.

શિક્ષણ પત્રિકા

(મૉંટીસોરી સંઘ)

વર્ષ ૨ જું
૧૯૮૪

અંક ૧૨ મો
માર્ચ

:તંત્રી:
ગિજુભાઇ
તારાબેન

આપણે જીવનની વાસ્તવિકતાની સામે જોઈ શકીએ છીએ ? એની સામે થઇ શકીએ છીએ ? આપણે આપણા જીવનના પ્રશ્નો જાતે જ ઉકેલીએ છીએ ? આપણી માનસિક સ્વસ્થતાનાં એ લક્ષણો છે:

ઘણી વાર ગાંડપણ વાસ્તવિકતામાંથી નાસી છૂટવાનું એકમેવ માત્ર હોય છે. જીવનકલહ જાતો કરવો અને પડ્યા રહેવું એ ગાંડપણનું લક્ષણ છે.

આપણને જવા દેવાનું અને પડી રહેવાનું મન થાય છે ? આપણને હારી જઈ સૂઇ રહેવું ગમે છે ? આપણે વધારે કડક થવા મથવા માગીએ છીએ ? આપણે ઝગડીને જીતવા માગીએ છીએ ?

ભાઇ આંખો દિ રખડે છે, શું કરવું ?

"મારો છોકરો કેમ રખડે ? ચાલ ચોપડી લઇને લેસન કરવા બેસ. આમ રખડુ થઇને ફર એ કેમ ચાલે? ને ફરી વાર રખડવા જઈશ તો મારી સોટી ને તારો વાંસો. યાદ રાખજે."

રખડતાં છોકરાને પાંશરો કરવાની આ જૂની, સરલ, સાદી ને દેખીતી રીતે તો સોએ સો ટકા કામ દેનારી પદ્ધતિ ઉપરથી જેમની શ્રદ્ધા ઉડી ગઇ છે, જેમને બાળકોને સીધાં કરવા માટે કાંઇક જૂદું જ કરવું જોઇએ એમ લાગે છે એવાં માબાપો ઘણી વાર મુંઝાતાં હશે કે: "ભાઇ આંખો દિ રખડે છે, એનું કરવું શુ ?"

પ્રશ્ન ઘણી વાર સાચે જ મુંઝવે એવો હોય છે ને ઘણી વાર મુંઝવે એવો નથી પણ હોતો.

પ્રશ્નની ગંભીરતા કેટલી છે તે નક્કી કરવા માટે આપણે 'ભાઇ રખડે છે' એટલે શું કરે છે તે જોવું જોઇએ. રખડવામાં બાળક કાં તો સદુદ્યોગમાં ગુંથાએલું હશે, કાં તો દુરુદ્યોગમાં ને કાં તો અનુદ્યોગમાં.

આપણા ઘરની આસપાસ કમ્પાઉંડ હોય ને બાળકોને આપણે છૂટથી ફરવા દેતાં હોઇએ તો જણાશે કે બાળકો ને કે કલાકોના કલાકો બહાર રખડે છે, છતાં મોટે ભાગે તેઓ કાંઇ ને કાંઇ સદુદ્યોગમાં વખત કાઢતાં હોય છે. બાળકો સાથે થોડી વાતચિત કરીએ કે જરા તેમની તરફ ઝીણી નજરે જોતા રહીએ તો, ને કોઇ વાર તેમના મિત્ર થઇને તેમની સાથે આપણે પણ રખડવા નીકળીએ તો આપણને જણાશે કે આપણે ધારી ન શકીએ એટલી બધી સત્પ્રવૃત્તિઓ તેઓ કરતાં હોય છે; જ્યારે આપણે તો માત્ર અજ્ઞાનથી માનતાં હોઇએ છીએ કે તેઓ રખડે છે.

રમાબેનની દીકરી જબરજસ્ત રખડુ. લખવા વાંચવાનું કે ગણવાનું તેને બહુ જ થોડું ગમે. સવારે ઉઠીને દૂધ પીને બહાર પડે તે દશ વાગે માંડ માંડ ન્હાવા ધોવા અંદર આવે. તેની સાથે જોઇ વાર તેની પાછળ જતાં માલુમ પડ્યું કે બેન તો પતંગિયાની પાછળ પાછળ ખાડા ટેકરા ફરે છે. સાથે સાથે તેમની સાથે વાતો કરે છે. તેમનાં ગીત ગાય છે. તેમની સાથે નાચ કરે છે. પતંગિયું હાથમાં આવે તો તેની પાંખોના રંગો જુએ છે. તેનું મોઢું વગેરે બધા અવયવોનું તે ઝીણું ઝીણું અવલોકન કરે છે. વળી ટેકરી ઉપરનાં ઝીણાં ઝીણાં જંગલી ફુલો જોવાં પણ તેને ગમે છે. કોઇ વાર રંગીન પથરા બહુ જ સરસ સરસ જોતી લાવે છે. કોઇ વાર તો ભોરીંગડીનું કાંટાળું ફુલ પણ ઉપાડી લાવે છે.. વળી આ બેનને શાળા પણ ઠીક મળી છે. ત્યાં ઇયળો ઉછેરીને તેમાંથી પતંગિયાં કેમ થાય છે તે જોવાનું છે. તેને પરિણામે તેણે ઘરમાં પણ એક બાટલી રાખી છે.

શું આ બેન રખડે છે એમ કહેવાય ? તે તો કુદરતનો સીધો પરિચય કરે છે. વિજ્ઞાનને પહેલે પગથિયે ચડે છે. વાચનમાળાના વૈજ્ઞાનિક પાઠો દ્વારા જે લુખું સુકું જ્ઞાન પાછળથી બાળકોને આપવામાં આવે છે તેમાંનું કેટલુંય તેણે જાતપ્રયત્નથી, જાતઅનુભવથી ને જાતપ્રયોગોથી મેળવ્યું છે. તે બધું અણમોલ છે. હું ઇચ્છું કે રમાબેન તેને દરિયા કિનારે રખડવા લઇ જાય, આબુ મહાબળેશ્વર જેવા મોટા ડુંગરામાં રખડવા દે. બેનને એક તેના રખડવામાંથી ખરી દિશા મળી છે. બાટલીના ઢાંકણને કાણાં પડાવવા મારી પાસે તે આવી. મેં પૂછ્યું: "કાણાં શું કામ પાડવાં છે ?" બેન કહે: "પણ ઇયળને હવા મળવી જોઇએને ? નહિ તો એ મરી જાય ને ?" નાક કાણીને મને કહે: "જો મને કેમ થાય છે ?" મેં

મનમાં કહ્યું: "ઠીક.. આરોગ્યવિજ્ઞાનનો એક પાઠ તો બેન સારી રીતે શીખી ગયાં છે."

પછી તો ઇયળને કયાં પાંદડાં ને ફુલો આપવાં જોઇએ તે નક્કી કરીને તે લઇ આવી ને ઇયળ કેમ ખાય છે, કેમ લીંડી કરે છે, પછી કોશેટો કેમ થયો ને પતંગિયું બહાર કેમ પડયું ત્યાં સુધીનું અવલોકન તેણે એટલું ઝીણવટથી ને ધીરજથી કર્યું કે ખરેખર તે એક નાની વિજ્ઞાનશાસ્ત્રી દેખાતી હતી.

રામભાઇની દીકરી પણ 'રબારુ.' ઉંમર નાની એટલે કોઇ કાંઇ કહેતું નહિ, પણ બેન કાંઇ ઉદ્યોગ કરે! કાંકરા ભેગા કરે ને તેની જાત જાતની ગોઠવણ કરે. રેતીનો ઢગલો કયાંઇ જુએ તો તેને તો છોડે જ નહિ. રેતીમાં કૂદવું નાચવું તો તેને અત્યંત પ્રિય. પણ નાચીને થાકે એટલે તેમાં કૂબા કરે, દહેરાં કરે, ગઢ કરે. બસ તેને તો રેતી, માટી, કાંકરા એ જ પ્રિય. તેનામાં જીઑલોજીસ્ટનો આત્મા ન હોય?

દેવશીભાઇનો દીકરો 'ભારે રબારુ.' મોટો બહારવટીયો. બે પાંચ છોકરાની ટોળીનો ધરાર સેનાપતિ થઇને ફરતો હોય. "ચાલો, ગાડી જોવા." ઑર્ડર નીકળે કે બધા સૈનિકો એની પાછળ દોડે. બધાંને સાચવીને લઈ જાય ને લાવે.

"ભાઇ, બધાં કયાં ગયાં હતાં?"

"એ તો હું બધાંને ગાડી જોવા લઇ ગયો હતો."

ભાઇને કહીએ: "જરા શણગાર લાવશો?"

"ચાલો શણગાર લેવા." ટોળું ઉપડે. ટેકરીઓમાં 'રબડીને' જાતજાતનાં ફુલો ને પાંદડાં લઇ આવે. ભાઇને બગીચો કરવાનો શોખ લાગ્યો. રોજ બાડો ગાળે, ધૂળ નાખી આવે. સદાફુલીનો છોડ તો જ્યાં હોય ત્યાંથી લઇ જ આવે, રોપે, પાણી પાય, બે કલાક કાઢી નાખે. ને એક નકામી દેખાતી પ્રવૃત્તિમાંથી કેટલુંય બળ, એકાગ્રતા અને કુદરતી પરિચય મેળવે.

જોઇએ છીએ

—બાળકોને—

ઉત્તમ વાતાવરણ

સ્વચ્છતા.
આદાબ.
તંદુરસ્તી.
સુંદરતા.
પવિત્રતા.
ભાતૃભાવ.
પ્રવૃત્તિ.
જાતે જ્ઞાન મેળવવાનાં સાધનો.
જાતે જ્ઞાન મેળવવાની દૃષ્ટિ.

ટૂંકમાં—
"જીવન" જોઇએ છીએ.

ઉપર આપેલાં 'રબારુ બાળકો'નાં ચિત્રો ખરી રીતે સત્પ્રવૃત્તિનાં ચિત્રો છે.

એવી તો કેટલીયે પ્રવૃત્તિઓ ગણાવી શકીએ. જે અહીં.. અમે જોઇએ છીએ તે દરેક મા-બાપ પોતાની આસપાસ જોઇ શકે. આવું રબડવું અત્યંત કિંમતી છે. નિશાળમાં જઇને ભણવા કરતાં વધારે જ્ઞાનદાયી છે. સાથે સાથે બાળક ખુલ્લી હવામાં ને કુદરતને ખોળે હોવાથી શારીરિક ને માનસિક તંદુરસ્તી મેળવે છે. એક અંગ્રેજી લેખકે લખ્યું છે, કે બેતરોમાં કામ કરતા બેહુદોમાં ભાગ્યે જ આશ્લતા (vulgarity) હોય છે ને એનું કારણ તેઓ કુદરતમાં રહેતા હોય છે આપણે સ્વતઃ અનુભવ કરી શકીએ. મીલમજુરો ને ગામડાના બેહુદોને સરખાવીએ તો બેહુદો અજ્ઞાની છતાં સભ્ય ગૃહસ્થ (perfect gentleman) દેખાશે, જ્યારે મીલમજુરો અશ્લિલ ને અસભ્ય દેખાશે. બીજાં કારણો સાથે કુદરતી વાતાવરણ ને અકુદરતી વાતાવરણ એ એક મોટું કારણ છે. તે જ નિયમ કુદરતમાં છૂટથી ફરતાં બાળકો ને શહેરનાં નાનાં ઘરોમાં ને શાળાના કલાસની ઓરડીમાં આખો દિવસ કાઢતાં બાળકોને

લાગુ પડે છે. આમ ઉપરથી જોતાં શહેરી ને નિશાળીયાં બાળકો વધારે ભણેલાં દેખાય પણ અંદરથી તેમનામાં ઓછી સંસ્કારિતા હોય ને કુદરતમાં ફરતાં બાળકો વધારે સંસ્કારી ને માનસિક તંદુરસ્તી ધરાવતાં હોય એ સંભવિત છે.

આવાં રખડતાં બાળકોને વચમાં વચમાં દિશા બતાવવાની જરૂર છે કે જેથી તેમની પ્રિય એવી પ્રવૃત્તિ તેઓ વધારે સારી રીતે કરી શકે જેમકે પેલી પતંગિયા પાછળ ફરનારી છોકરીને પતંગિયાના ઉછેરની દિશા મળી. કુમા બનાવનારને ધંટો ગારો વગેરે મળે ને રીતસર ઘર બાંધવાના પ્રયે ગો તે કરી શકે તેવું કરી આપવું જરૂરનું છે. બગીચો કરનારને બગીચો બનાવવાની સગવડ મળે ને આજે જે રોજ ખાડો ગાળવો, છોડ રોપવો ને કાલે કાઢી નાખી ફરીથી પહેલેથી પ્રવૃત્તિ શરૂ થાય છે, તેને બદલે તેને સાથે જ વનસ્પતિ ઉછેર બતાવીએ તો ઝાડ કેમ મોટું થાય, તેના ઉપર ફુલ કેમ બેસે ને તેને ફળ કેમ આવે વગેરે બધો અનુભવ થાય.

ઉપર દાખલા આપ્યા એ બધું રખડવું સદુપયોગ સાથેનું હોવાથી અત્યંત કિંમતી છે. ઘર અને શાળાએ એને પૂરતો અવકાશ આપવો જ જોઈએ, ને માબાપોએ ઇચ્છવું જોઇએ કે મારૂં બાળક 'રખડે.' તેમને ચિંતા થવી જોઇએ કે મારૂં બાળક કેમ 'રખડતું' નથી. તેમણે પોતે બાળકોને 'રખડાવવાં' નીકળી પડવું જોઇએ. એ જ નિયમ નિશાળના શિક્ષકોને લાગુ પડે છે.

કુદરતી કુપયોગી રખડવું તે ઝાઝે ભાગે આપણી શેરીઓમાં છોકરાં રખડે તેમાં છે. શેરીમાંયે છોકરાં સત્ પ્રવૃત્તિ નથી જ કરતાં અથવા સદુપયોગ નથી કરતાં એમ નથી. શ્રી. ગિજુભાઇનાં શેરીનાં સંસ્મરણો શેરીના સદુપયોગ બતાવે છે. પણ શેરી એ એક એવું સ્થાન છે કે જ્યાં અનેક રોગોના જંતુઓ—શારીરિક અને માનસિક રોગોના જંતુ—પેદા થાય છે, જીવે છે ને બાળકોને વળગે છે. ત્યાં માબાપ કે શિક્ષકોએ અત્યંત સંભાળ લેવાની છે. મારૂં બાળક દુરુપયોગમાં તો નથી? જેમ કોઇ તંદુરસ્ત બાળક ડાયરિયાના જંતુઓ આસપાસ હોવા છતાં તેમાંથી બચી જાય તેમ કોઇ તંદુરસ્ત મનનું બાળક શેરીમાં મળતી કુટેવોથી બચી જાય એ અપવાદરૂપ ગણી શેરીના રખડવાને બહુ સંભાળથી તપાસતા રહેવું જોઇએ. પ્રથમ શેરીને સ્વચ્છ ને આરોગ્યદાયક ન બનાવાય ત્યાં સુધી બાળકોનું રમવાનું સ્થાન તે બની જ ન શકે. બરેબર માબાપોમાં જો પોતાના બાળકોના હિતનો જ્વલંત વિચાર પેસે તો શેરીનાં બધાં ઘરો એકમત થઇ પોતાની શેરીને અરીસા જેવી નિર્મળ કરી શકે. પણ એવો દિવસ તો ક્યારે આવે?

જેટલું દુરુપયોગથી બચીવાનું છે તેટલું જ અનુપયોગથી બચીવાનું છે. અનુપયોગ ને સદુપયોગ ઘણી વાર સરખા દેખાય છે. અનુપયોગ પારખવા માટે કસાએલી આંખો જોઇએ. એક બાળક પાળ ઉપર પડી રહ્યું છે. આકાશ સામે જુએ છે. આસપાસ નજર ફેરવે છે ને હીલચાલ વગર પડયું છે. બાળક તે વખતે હવાનો મીઠો સ્પર્શ લે છે, પાળ ઉપર પડી રહેવાનો અનુભવ કરે છે, પડ્યા પડ્યા આકાશ ને આજુબાજુનું જગત્ કેવું લાગે છે તે જુએ છે. અહીં બાળક કાં તો પ્રવૃત્તિ પછી આરામ કરે છે ને કાં તો યોગ્ય પ્રવૃત્તિના અભાવે શરીર અને મન મંદ (dull) થઇ જવાથી અનુપયોગી થઇને પડયું છે.

ઘણી વાર બાળકો દેખીતી રીતે કાંઈક પ્રવૃત્તિ કરતાં દેખાય છે પણ બરેબર તે પ્રવૃત્તિ નહિ પણ અનુપયોગ હોય છે. અનુપયોગ ને ઉપયોગ ઓળખવા માટે બાળકો સાથે અંગતપણે પરિચયમાં આવવું જોઇએ. તેમનું મન કયા વ્યાપારમાં ગુંથાએલું છે તે તેમની સાથેની વાતચીતમાંથી દેખાય. તેમજ દૂર બેઠાં તેમને અવલોકવાથી પણ દેખાય, પ્રવૃત્તિમાં ગુંથાએલા બાળકના કામમાં હેતુ (aim) દેખાય છે. આમ કરવું છે કે આટલું કરવું છે એમ તેની

પ્રવૃત્તિને નિશ્ચિત અંત (definite end) હોય છે. તેટલું સાધ્ય થાય એટલે બાળકના ચહેરા ઉપર પ્રસન્નતા દેખાય છે. બાળક શાંત ને વ્યવસ્થિત દેખાય છે. અનુદ્યોગી માણસ વખત કાઢવા માટે (to kill time) ઘણી વાર કાંઈને કાંઈ પ્રવૃત્તિ કરે છે પણ તેનામાં ખાસ હેતુ હોતો નથી. તેની પાછળ ખાસ માનસિક વ્યાપારો હોતા નથી. શારીરિક અને માનસિક અનુદ્યોગી સ્થિતિ વધારે ભયંકર છે. કેમકે દેખીતી રીતે તે બહુ ગંભીર સ્વરૂપમાં દેખાતી નથી ને ઘણી વાર તે મોટા અવલોકનકારની યે નજર બહાર ચાલી જાય છે.

સામાન્યતઃ એક પ્રયોગ ઉપયોગી જણાયો છે. બાળક કાંઇકક રતું હોય તો તેમાંથી તેને હુકમ કરીને અટકાવવું. ને ખાસ પ્રવૃત્તિ ખાતર બાળક તે ન કરતું હોય તો બાળક તે તરત છોડી જ દેશે કેમકે તેનું ખરું મન તેમાં હતું જ નહિ. જેમકે બહાર ફરતાં બાળકોને કહીએઃ "એકદમ અંદર." તો બહાર ખાસ પ્રવૃત્તિમાં ગુંથાએલાં બાળકો ફરિયાદ કરશેઃ "પણ અમારે કૂબો કરવો હતો"; "પણ અમારે બગીચો કરવો હતો"; "અમારે લપસવું હતું" વગેરે. જ્યારે પ્રવૃત્તિને અભાવે બહાર ફરતાં બાળકોને એક પ્રકારે અંદર આવવું ઠીક લાગતું દેખાશે.

એવાં બાળકોને તેમનો ખરો રસ શેમાં છે, કઈ પ્રવૃત્તિ તેમને ખરેખર જોઇએ છે તે શોધવામાં મદદ કરવી જોઇએ. અંદરથી રસ જાગે તેવી પ્રવૃત્તિ તેમના હાથમાં મૂકવાનો પ્રયત્ન થવો જોઇએ. ઘરમાં ઘણી વાર બને છે કે આપણે છોકરો જાણી છોકરાને યોગ્ય એવા ઉદ્યોગો, રમકડાં વગેરે છોકરા આગળ ધરીએ છીએ. છોકરો તેમાં રસ ન જગવાથી જેમ તેમ આયુષ્યના દિવસો કાઢે છે. પણ કોઇ વાર પીરસવાનું કે અબોટ કરવાનું કામ આગળ આવી જાય તો ભાઈ ખીલે. આનંદથી તે કરવા જાય. ત્યાં ઘરનાં કે આસપાસનાં કોઇ કહેઃ "બાયલો રે બાયલો." બિચારો પ્રવૃત્તિ છોડીને ભાગી જાય છે ને જીંદગીના કિંમતી દિવસો ગુમાવતો છતાં સામાજીક દૃષ્ટિએ 'છોકરો' થઇને બેસે છે. એમ જ શ્રીમંતનું બાળક શ્રીમંતાઈની કલ્પનાનો ભોગ થઇ પડે છે. અમારી શાળામાં શ્રીમંતમાં શ્રીમંત માબાપોનાં બાળકો સુપડી સાવરણીથી વાળવું, કબુતરની ચરક ધોઇને સાફ કરવી ને સામાન કે બારી બારણાં લૂવા વગેરે કરવાનું પસંદ કરતાં. વિચાર થાય છે કે ઘરમાં એમને કોઈ આ કામ કરવા દેશે? પહેલાં તો ઘરનાં જ કહેશે કેઃ "તારે આવું શું કામ કરવું? લીંબો નથી ઘર વાળવા?" ઘરનાં કદાચ સમજીને કરવા દે તો તેમના નોકરો કહેશે કે "ભાઇ સાહેબ, રહેવા દો. એ તો અમે વાળી નાખશું. અમે અહીં શેનો પગાર ખાઇએ છીએ?"

કોઇ વળી ઉપયોગી પ્રવૃત્તિ ને નકામી પ્રવૃત્તિના બોટા બ્યાલોના ભોગ થઈ પડતાં હશે. બાળક ફળીયામાં બાડો ગાળતો હોય તો "શું નકામું કરે છે? કપડાં બગડે." અથવા "હાથ કચરાશે." અથવા "અભ્યાસ કર." આ નકામું શું વખત ગુમાવે છે?" ઇત્યાદિ બોલી બાળકને તેની પસંદગીની પ્રવૃત્તિમાંથી ઉઠાડવામાં આવે છે. પણ બાળકનો જીવ મોટાંઓએ યોગ્ય ગણીને તેમની આગળ ધરેલી પ્રવૃત્તિમાં ઠરતો નથી. પરિણામે બાળકને બહારથી ઉદ્યોગમાં દેખાવું પડે છે છતાં અંદરથી તે પ્રવૃત્તિથી તે કંટાળેલું અથવા તો તે તરફ અનાદર ધરાવતું હોય છે.

આમ અંદરથી જેને માટે વેગ આવે છે તે પ્રવૃત્તિ અટકાવવામાં આવે ત્યારે દિવસે દિવસે બાળક પ્રવૃત્તિ શોધી કાઢવા અસમર્થ બને છે. કોઇ કામ આપે ને તે હું કરી નાખું એવું તેનું બને છે.

ઘણી વાર બાળક પોતાની પ્રવૃત્તિ શોધી શકતું નથી તેનું કારણ તેની શારીરિક અસ્વસ્થતા હોય છે. તો કેટલીક વાર માનસિક અસ્વસ્થતા હોય છે. બાલમંદિરમાં એનો ઘણી વાર અનુભવ થાય છે. બાળક પ્રવૃત્તિ વગર ફરતું હોય છે. એક બે દિવસ

નય ત્યાં બાળક માંદુ પડ્યાના સમાચાર મળે છે. અથવા બાળક સાથેની વાતચીતમાં જણાય છે કે તેને તે દિવસે માર પડયો હતો, અથવા તેની બા બહારગામ ગઇ છે, વગેરે.

સાર એ છે કે અનુદ્યોગ પારખવો જેમ મુશ્કેલ છે તેમ તેનો ઉપાય કરવો પણ મુશ્કેલ છે. ઉંડા ઉતરીને અભ્યાસી પાસેથી ઉપાય કરાવવો જોઇએ. **તા.**

બચપણ ♣ ♣♣ ♣♣ ♣♣ ♣ યાદ છે ?

બચપણ યાદ છે ?
મા૨ ખાવા ગમતા ?
૨મવાની ના ગમતી ?
ખીજવણું ગમતું ?
મેણાં ઠપકા ગમતાં ?

બચપણ યાદ છે ?
જૂઠાણું કોણે શીખવ્યું ?
ભૂંડાંબોલું ક્યાંથી શીખ્યા ?
ગાળો દેતાં કોણે શીખવ્યું ?
છાનું ખાતાં ક્યાંથી આવડયું ?

બચપણ યાદ છે ?
બાનું હેત યાદ છે ?
મીઠો બોલ યાદ છે ?
હસતું મ્હોં યાદ છે ?
મીઠો લાડુ યાદ છે ?

બચપણ યાદ છે ?
કોણ તમને વહાલું લાગતું ?
શા માટે એ વહાલું લાગતું ?
કોણ તમને ૨માડતું ?
કેવી રીતે ૨માડતું ?

ઘરમાં મોન્ટીસોરી

લીંટા ઉપર ચાલવું.

આપણે નાનાં બાળકોને ચાલતાં જોશું તો માલુમ પડશે કે તેમને શરીરનું તોલન ઘણું જ ઓછું હોય છે. તેથી તેઓ ધારે છે તેમ ખરેખર સીધી લીંટીમાં ચાલી શકતાં નથી. એક ભીંતથી બીજી ભીંત સુધી જવું હોય તો તેઓ સીધી લીંટીમાં જઇ શકતાં નથી. તેમજ વચમાં વસ્તુઓ પડી હોય હોય તો તેઓ તારવીને જવા ધારતાં હોય તો પણ શરીર ઉપર ઓછો કાબૂ હોવાથી ભટકાય છે. આપણે બાળકને વઢીએ છીએ કે "જોઇને કેમ નથી ચાલતો ?" "સીધો ચાલ, ભાન વગરનો." વગેરે. પરંતુ એમ કહેવાથી કે વઢવાથી તેમનામાં યોગ્ય કાબુ આવતો નથી. ઉલટું વધારે ટોકીએ તો તેઓ વધારે મુંઝાય છે, ગભરાય છે ને વધારે વાંકાચૂંકાં ચાલે છે. એને માટે રસ્તો તો એક જ છે ને તે એ કે બાળકોને શરીરનું તોલન આવે તેવાં ચાલવાનાં સાધનો તેમની આગળ મૂકવાં; તેનો ઉપયોગ તેમને બતાવવો અને પછી તેના ઉપર ચાલીને શરીરતોલન સાધવા તેમને છૂટાં મૂકવાં.

એવાં સાધનોમાં ૪"×૨"ના માપનું લાંબુ લાકડું આવે છે. ઘરની ઓશરીમાં કે ફળીયામાં એ મૂકી રાખી કોઇ કોઈ વાર પોતે તેના ઉપર ચાલી બતાવવું. આપણે ચાલતી વખતે પગ પાસે પગ મૂકીને ચાલવું. પછી બાળકોને ચાલવાની ભલામણ કરી

આપણે ત્યાંથી નીકળી જવું. બાળક આવું સાધન જુએ તો તે વાપર્યા વગર રહેતું જ નથી. રેલ્વેના પાટા ઉપર, કઠેડા ઉપર, ઓશરીની પાળ ઉપર વગેરે સ્થળે બાળકો તેમની મેળે ચાલે જ છે. આવું લાકડું ફળીયામાં પડયું હોય તો નાનાં બાળકો પણ તેના ઉપર વારંવાર ચાલીને તોલનથી ચાલવાની શક્તિ મેળવી લે છે.

એ સંબંધે બે વાતો ખાસ ધ્યાનમાં રાખવી. બાળકને "આમ નહિ, આમ ચાલ" એમ વારંવાર ટોકવું નહિ. પણ વચમાં વચમાં પોતે ચાલીને બતાવવું. ચાલતી વખતે પોતાના પગ તરફ, શરીર તરફ, હાથ તરફ વગેરે તરફ બાળકોનું ધ્યાન ખેંચવું.

બીજું બાળકને "તું ચાલ, ફરી વાર ચાલ, સરસ આવડે ત્યાં સુધી ચાલે" એમ કહી કહીને ચાલવું એ એક કંટાળાભર્યો અભ્યાસ ન લાગી જાય તેનું ધ્યાન રાખવું. લાકડું પડયું હોય ને કોઇ વાર આપણે તેનો ઉપયોગ બતાવી દીધો હોય એટલું જ જરૂરનું છે. પછી બાળકો પોતાની મેળે તેના ઉપર ફરી ફરીથી ચાલે ને ચાલવાની ક્રિયા સાધ્ય કરે.

લાકડા પછી લીંટા ઉપર ચાલવાની રમત આવે છે. ઓશરીમાં કે ઘરમાં ચાલવાના લીંટા કર્યા હોય તેના ઉપર બાળક ચાલે. લીંટા ઉપરથી આમતેમ પગ ગયો હોય તો ખબર પડતી નથી. લાકડું વધારે ભૂલ સુધારનારૂં છે માટે લાકડા ઉપર ચાલવાનું પહેલું આવે ને પછી લીંટા ઉપરનું આવે. કાયમના લીંટા કરી રાખ્યા હોય તો બાળકો તેના ઉપર ચાલવાનું કર્યા જ કરશે. ન કરે તો કોઇ વાર તે રમત આપણે બતાવવી.

ચાલવાની ક્રિયાની અણઆવડતને લીધે બાળક જે જ્યાં ત્યાં ભટકાય છે ને સીધું ચાલી શકતું નથી, તે આ રમતોથી સુધરશે. આ રમતો ૨॥/૩ વરસનાં બાળકો માટે સારી છે. ૪/૫ વરસનાં બાળકો પણ રસ પડે ત્યાં સુધી ભલે રમે.

લીંટા પછી ખાસ સાધન નથી. પણ અહીંના બાલમંદિરમાં એક સાધન એની મેળે ઉભું છે તે કઠેડો. બાલમંદિરને ફરતો કઠેડો છે. બાળકો કઠેડાની બહારની બાજુએ ચાર ઇંચની પાળ છે તેના ઉપર પ્રથમ જાય છે. ચાલતી વખતે કઠેડાનો આધાર મળે છે. તેમનામાં શરીરનું તોલન આવતું જાય છે તેમ તેમ તેમની હિંમત વધતી જાય છે. જમીનથી પંદર વીશ ફુટ ઉંચા કઠેડાની પાળ ઉપર નાનાં નાનાં બાળકો નિર્ભયતાથી ફરે છે ને અત્યાર સુધી તેમાંથી કોઇ ભાગ્યે જ પડયું છે. ને પડયું છે તે બીજાં કારણોથી.

પાળ પછી બાળકો કઠેડા ઉપર ચાલે છે. પ્રથમ હાથ ઉંચા કરીને ઉપરના લાકડાનો આધાર લે છે. ને પછી તો કઠેડા ઉપર પોતાના તોલનથી જ સરસ ચાલે છે.

એ બધું ચાલવાનાં શોખીન બાળકો પોતાની ઇચ્છાથી કરે છે. બાળકોને ને અમે કહેવા જઇએ કે "તમે કેમ નથી ચાલતાં? તમે ચાલો, તમે ચાલો." તો જરૂર પડવાના અકસ્માતો વારંવાર થશે. "ચાલો" જ એમ આગ્રહ નથી તેમજ ચાલવાની બંધી નથી તેથી બાળકોનાં શરીરો સમતોલ બને છે.

જેમને ત્યાં એવા કઠેડા હોય ને બાળકો ચાલવા માંગતાં હોય ત્યાં એ સાધન પણ ચાલવાની ઉત્તમતા કેળવવા માટે સારૂં છે. બેશક, મુંબઇ જેવા શહેરના ચોથે પાંચમે માળે આવા પ્રયોગો નં જ હોઇ શકે. સામાન્યતઃ આપણે જેટલાં ઓછા વચ્ચે પડીએ ને ધ્યાન આપીએ તેટલું ચાલવાનું કામ સારી રીતે ચાલતું દેખાશે. લા.

પુતરના પગ પારણામાંથી

ડૉ. હાણે, એલ. એમ. એન્ડ એસ, છે. છેક નાના હતા ત્યારે બાટલીઓમાં પાણી ભરતા, ધૂળનાં પડી ાં વાળતા, દાકતર દાકતર રમત કરતા ને બીજાં બાળકોને દવા આપતા.

શ્રી. નૃ. કા. ભટ્ટ. એમ. એ. એસ. ટી. સી. ડી છેઃ એક કેળવણીકાર. છેક નાના હતા ત્યારે નિશાળ નિશાળ રમતા. છોકરાને ભેગા કરતા. માસ્તર થઈને શીખવતા. વર્ગો પાડીને છોકરાઓને બેસારતા, ગવરાવતા ને લખાવતા.

સ્વામી અજરામરજી, એક પરમહંસ. છેક નાના હતા ત્યારે સૌની સાથે રમવા જતા. બાવા બાવાની રમત રમાડતા. લંગોટી પહેરી બાવો થતા.

મી. એચ. સી. વર્ષોથી અમેરિકામાં. નાના હતા ત્યારે સાહેબ થતા. સાહેબ થઈ શિકાર કરતા. બોટી બોટી ચિરૂટ પીતા. રોફબંધ રેટ ફેટ અંગ્રેજી બોલતા.

. . . . .

કેળવણીકારો કહે છે કે બાળકો રમતમાં પોતાના બરા સ્વરૂપને પ્રગટ કરે છે. ઉક્ત સાચા દાખલાઓ એ વાતને ટેકો આપતા જણાય છે. બીજામાં મનુષ્ય રહેલો છે. તે બીજને નાનપણથી ઓળખતાં આવડે તો આપણે તેને તેના ઉગવામાં યોગ્ય મદદ આપી શકીએ. બાળકોની રમતો આપણે જોતા રહીએ. તેઓ બરેબર કોણ છે તે ત્યાંથી પણ જાણવા પ્રયત્ન કરીએ, ને પછી તેઓ જે છે તેવા ઉત્તમ થાય તે માટે તેમને અનુકૂળતા કરી આપીએ. ગિ.

તમને હોંશ થઇ

તમને હોંશ થઇ કે આપણે બાળકને માટે કંઇક કરવું તો જોઇએ. તમે એક જ કંઇક કરવાં માગો છો. તો શું કરશો?

છોકરાંને મારવાં નહિ.

ધારો કે તમે કંઇક બે વાનાં કરવા માગો છો. તો શું કરવું?

બાળકને વઢવું નહિ. તેનું અપમાન કરવું નહિ.

ધારો કે તમારે ત્રણ કંઇક કરવાં છે. તો શું કરવું?

તો બાળકને બ્હીવરાવવું નહિ. બાળકને લાલચ આપી સમજાવવું નહિ. બાળકને ભાબાપા કરી ચડાવવું નહિ.

ધારો કે તમે બાળકને માટે ચાર કંઇક કરવા ધારો છો. તો શું કરવું?

તો બાળકને વારેવારે શીખામણ દેવી નહિ. વારેવારે હુલાવવું પુલાવવું નહિ. વારેવારે વાંક કાઢયા કરવો નહિ. વારેવારે રોફ છાંટવો નહિ.

ધારો કે તમે પાંચ કંઇક કરવા હોંશ રાખો છો. તો શું કરવું?

તો બાળકને માગે તે કરી દેવું નહિ પણ તે કરતાં શીખવવું. બાળકને તે જે કરવા માગે તે કરવા દેવું. બાળકના કામને હલકું ગણવું નહિ. બાળકના કામમાં વચ્ચે પડવું નહિ. બાળકનું કામ લઈ લેવું નહિ. ગિ.

એ મને ન ગમે

બાપા બાને વઢે ને આ બાપાનું મોઢું તોડી લે એ મને ન ગમે.

બાપા બધાને રોફ મારે ને આ બિચારી કામ કરે એ મને ન ગમે.

બા બેઠી બેઠી વાંચ્યા કરે ને બાપા ઘરમાં કામ કરે એ મને ન ગમે.

બા મારી ભેર તાણે ને બાપા મને વઢે એ મને ન ગમે.

બાપા મારી ભેર તાણે ને બા મને વઢે એ મને ન ગમે.

બા બેન પાસે કામ કરાવે ને મને કહેશે પાઠ કર એ મને ન ગમે.

બાપા બેનને રમાડે ને મને બધું કામ ચીંધે એ મને ન ગમે.

બા બેનને વખાણે ને મને કહેશે અળખામણો એ મને ન ગમે.

બા મને ડાહ્યો કહે ને બેનને ગાળ દે એ મને ન ગમે.

ગિ.

સરલાની ટેવો

કાશીબેન સરલાની બા. સરલાને ચાર વરસથી બાલમંદિરમાં મોકલે છે, અને બાલમંદિરમાંથી માબાપોને માટે પ્રત્યક્ષ અપ્રત્યક્ષ જે જે સૂચનાઓ મળે છે તેનો આગ્રહથી ઘરમાં અમલ કરે છે.

એક દિવસ કાશીબેન બાલમંદિરમાં આવ્યાં. ગિજુભાઈને કહે: "મારે તમારી સાથે વાત કરવી છે. વખત હોય તો બેસું."

ગિજુભાઈ કહે: "આવોને બેન. આપ જેવા માટે તો મારે વખત ન હોય તોય કાઢવો જોઈએ. કેમ; સરલા વિષે કાંઈ પૂછવું હશે. ચાલો, ઑફીસમાં બેસીને નિરાંતે વાત કરીએ."

બેઠા પછી કાશીબેને પોતાને મુંઝવતો ખાસ પ્રશ્ન મૂક્યો. "જો ભાઈ, તમે અહીં બાળકને સ્વચ્છતાના અને વ્યવસ્થાના નિયમો આપો છો. ને હું ઘરમાં પણ બરાબર અહીંના જેવું જ રાખું છું. તમે કચરાનો ડબો રાખો છો તેમ મેં પણ રાખ્યો છે. હાથ લૂવાને માટે ટુવાલ બાંધી રાખું છું; બેનને એક જૂનો કબાટ આપ્યો છે. બધું કર્યું છે. પણ હું આજ કેટલાયે દિવસથી જોઉં છું કે બેનમાં વ્યવસ્થા કે સ્વચ્છતા માટે બરેબરી હોંશ નથી. બીજું બેનામાં વ્યવસ્થાની ટેવ પણ આવી નથી."

"એમ શા ઉપરથી કહો છો? અહીં તો સરલા બહુ જ સારી રીતે નિયમો પાળે છે. તેમ જ તેની ટેવો બાસ ગંદી હોય એમ મને લાગ્યું નથી."

"અહીં તો કોણ જાણે, કરતી હશે બધું બરાબર. પણ ઘરે યાદ કરીએ કે બેન હાથ પગ ધોઈને જમવા બેસાય ત્યારે હાથ પગ ધોવા જાય. નહિ તો પોતાની મેળે કોઈ દિવસ હાથ પગ ધોવાનું તેને સૂઝતું જ નથી. હાથ મોઢું ધોઈ આવે તો એમને એમ ભીનું લઈને આવે છે. એને કહીએ કે ટુવાલે લૂછ નામ ત્યારે એને લૂવાનું સાંભરે. મને રોજ વિચાર થાય છે કે આમ કેમ બને છે? હું એને વઢતી નથી, મારતી નથી, તેમ જ ઠપકોયે આપતી નથી. ગાત્ર કહું છું. પણ મને લાગે છે કે તેથી જ

તેનામાં તેવી ટેવ આવતી નથી. જૂનાં માણસો એક વાર બરાબર સખ્ત ઠપકો આપતાં કે વઢતાં કે બાળકો કોઇ વાર ભૂલે જ નહિ એમ બની જતું. એ તો રોજ હું યાદ આપું ને કરે. પહેલાં તો નાની છે એમ માનીને મેં બહુ ચિંતા ન કરી. પણ હવે તો આઠ વરસની થઈ. હજી એને એ જ. એટલે તો ચિંતા થાય જ ને?"

"ઠીક. એક હાથ પગ ધોવાનું. બીજું કાંઇ?"

"બીજું તો એ જાતનું ઘણું જ વસ્તુની જગાયે કોઇ દિવસ કાંઇ મૂકે નહિ. કચરાના ડબામાં કચરો નાખે નહિ. આ હમણાં બોર ખાય તો ઠળીયા આખા ઘરમાં. પપૈયા કે કેળાં ખાય તો છાલ ફળીયામાં ફગાવી દે. રજાને દિવસે ઘરમાં રમે તો ઘરમાં ચારે કોર કચરો. એવું ચાલે છે. મને થાય છે કે આ બાલમંદિરમાં કેમ ચાલતી હશે? તમે કહો તેમ બધું કરું છું છતાં આ એવી અજાજડ કેમ?"

"એમ. ઠીક લ્યો, તમને એક બે પ્રશ્ન પૂછું. બોટું લગાડતાં નહિ."

"પૂછોને. એમાં બોટું શું? મારી ભૂલ હોય તો તે શોધવા ખાતર જ આવી છું ને!"

"સરલાબેનને જે ટેવો પાડવા માગો છો તે ટેવો તમારા પોતાનામાં છે?"

"હા. છે."

"તમારા ઘરનાં બધાં માણસોમાં છે?"

"મારા ઘરમાં તો હું ને એન જ છીએ. કોઇ વાર કોઇ સગાં મહેમાન તરીકે આવે ને થાર આઠ દિવસ રહી જાય એટલું જ."

"સરલાને બહુ લાડમાં રાખો છો?"

"લાડ એટલે બોટા લાડ તો નહિ. હું જ્યાં સમજું છું કે આ તો બોટા લાડ, એવા તો લડાવતી નથી. પણ હવે એકની એક દીકરી છે; મારે બીજું કોઇ નથી, એટલે કાંઇક થોડા લાડ કહો તો લાડ કહી શકો. પણ સાચે જ કહું છું કે અત્યાં સુધી લાડ લડાવાને બાનર હું લાડ કરતી જ નથી."

"બેર આવે ત્યારે કોની સાથે રમે છે?"

"એ તો અમારા પાડોશીનાં છોકરાં છે, એની જેવડાં. તેમની સાથે રમે."

"તેમને ત્યાં આ તમારા બધા નિયમો પ્રમાણે જ છે કે?"

"ના. તેમને બધાને બબર કયાંથી હોય? હું તો એ આપને પ્રતાપે આ બધું શીખું છું."

"તો તેમના છોકરાં રમીને આવીને હાથ પગ ધોવે છે?"

"ના."

"ઠળીયા ને છાલો કચરાના ડબામાં નાખે છે?"

"ના."

"તમારે બેર આવે ત્યારે?"

"ત્યારે હું ઘણી વાર એમને ડબો આપું છું, કારણ મારે સરલાને બતાવવું રહ્યું ને? શેરડી બાવા આપું કે તરત ડબો નહિ તો કાગળ આપીને કહું છું કે કુચા આમાં નાખો. પણ જો કોઇવાર ન કહું તો આખા ઘરમાં કાં તો ફળીયામાં કુચા કુચા કરી નાખે છે. એમાં સરલાયે ભેગી. મને તો નવાઇ એ જ લાગે છે કે બેનાં તો બિચારાં જાણતાં નથી, પણ સરલા તો બાલમંદિરમાં ને ઘરમાં રોજ જુએ છે છતાં તેને કોઇ દિવસ એમ નથી થતું કે હું આ શું કરું છું?"

"તમે કોઈ દિવસ પાડોશીને કહ્યું છે કે

તમે તમારાં છોકરાંને આ બધું શીખવાડો ?"

"આમ સીધી રીતે નથી કહ્યું. એમ તો કીધું છે બાલમંદિર બહુ સારું. પણ તેમને નથી ગમતું. પછી હું વધારે નથી બોલતી."

"બાલમંદિરનું જવા દો. પણ કચરો નાખવાની જગ્યા કે હાથ પગ ધોઇને જમે વગેરે ?"

"એ તો એમને ત્યાં ગોટાળો ચાલે. સામટાં માણસો રહ્યાં. તેમાં બધાંની ટેવો આપણા જૂના જમાનાની. દાતણ કરીને ચીરો કૂળીયામાં નાખે ને એવું બધું. છોકરાંની આ તો બધાંનું રાંધવું ચીંધવું કરવામાં જ થાકી જાય છે. એ કયાં ધ્યાન રાખે ? એમને આપણે કેમ કહેવા જઇએ ?"

"ત્યારે જુઓ. કાં તો તમે પાડોશ બદલો. કાં તો પાડોશીને શીખવીને તમારા ધર્મમાં લાવો ને કાં તો સરલાને પાડોશીનાં છોકરાં સાથે રમવાની ના પાડો. એ પહેલી વાત. અહીંનું ને ઘરનું બધું શિક્ષણ પાણીમાં જાય છે તેનું કારણ મુખ્ય તો એ જ. સરલાએ બાલમંદિરમાં તો આમ જ હોય એ જાણી લીધું છે; પણ તમે જે કહો છો કે ઘરમાં પણ આમ હોય તે એને સાચું લાગતું નથી. તમે ઘરમાં ને પાડોશમાં સામટાં માણસો. ત્યાં બધી જૂદી રીતો જોઇને તેને તમારૂં કહેવું નિરર્થક લાગે છે. છોકરાંને પોતાની જેવડાં છોકરાંઓ પેઠે કરવું વધારે ગમે છે. પેલાં છોકરાં કૂળીયા જ્યાં ત્યાં થૂંકતાં જાય ત્યારે તે જ પ્રવાહમાં સરલા તણાય છે. તે તેના સમાજથી જૂદી પડીને વ્યવસ્થા કે સ્વચ્છતાનું શિક્ષણ સામેથી તેમને આપવા જેટલી મોટી નથી; તેમજ એકલી છે. માટે પ્રથમ તમારે સરલાનો સમાજ સુધારવો જોઇએ."

"હવે એ તો કેમ બને ? તમારી પાસે જગ્યા હોય તો તમારા પાડોશમાં આવીને રહું. હું એકલી એટલે મારે કાંઇક પાડોશનો આધાર તો જોઇએ જ ના ?"

"મારી પાડોશમાં કયાં જગ્યા છે ? બીજું તમારે સરલા પ્રત્યે સાવ પોચું ને નરમ નિયમન ન રાખવું."

"મારે સખ્ત કેમ થવું ?"

"સખ્ત નહિ પણ દૃઢ. જેમકે ઘરમાં આજે કૂળીયા ભાળો તો પહેલી વાત તેની પાસેથી તે બધા લેવરાવવાના. બીજી વાત બીજે વખતે બોર માગે ત્યારે બોરના કૂળીયાની વાત કરીને પછી જ અપાય. ફરી વાર કૂળીયા ઘરમાં પડે તો બોર ઘરમાં લાવવાનું જ બંધ થશે એમ તેને સૂંઘાડવું. ને પ્રસંગ પડે તો કરી બતાવવું. હાથ પગ ધોયા વગર રસોડામાં પગ મૂકે કે તરત 'રસોડાની બહાર જાવ' એમ જરા ઝીણા અવાજથી કહેવું. બેન, બાપુ કરીને કહેવું નહિ. તેમજ જાને, ધોને, વગેરે વિનતિ રૂપે નિયમન ન અપાય. 'રમીને આવ્યા પછી હાથ પગ ધોઇને રસોડામાં પગ દેવાના' એમ જોરથી કહેવું જોઇએ. તે ને તે જ શબ્દો પોચા અવાજમાં બોલો તો અસર ન થાય. એટલે તમારે મુખ્ય તો પાડોશની અસર ન પડવા દેવી જોઇએ ને ઘરની અસર વધારે ચોક્કસ, દૃઢ અને ઝીણવાળી હોવી જોઇએ. ઘરના નિયમનના શાસ્તા તરીકે એ તમને ગોળ-ખતી જ નહિ હોય. 'એ તો મારી માં. એની આગળ તો હું ગમે તે કરૂં. એ કયાં વઢવાની છે કે બોલવાની છે ?' એમ માની તે તમને દાદ દેતી નથી. પરિણામે તેનામાં તમે આપો તેમાંથી એકે નિયમન આવતું નથી. પાડોશમાં તે જુએ

છે કે નિયમન તો મારથી અપાય, ગાળોથી અપાય, વઢીને કે ઠપકો આપીને અપાય. તેમની સાથે સરખાવી તે તમને નિયામક ગણતી નથી. માટે તમારે રૂઆબથી, દૃઢતાથી નિયમો સંભળાવવા ને પળાવવા. તેમજ પાઠોશમાં તે આખો વખત ન ગાળે પણ અમુક વખત માત્ર રમવા જાય એવું બંધન પણ રાખવું જોઈએ. એટલે ત્યાંની અમર ઓછી આવે. આમ કરી જુઓ.ને ફરીથી મળજો. જ્યારે મન થાય ત્યારે તમારે વિના સંકોચે આવવું. અમે તો એ જ કામ કરવા બેઠા છીએ ને ? એને માટે અમને કુરસદ જ છે. ઠીક. આવજો.” તા.

આ હું શું માંડી બેઠો છું ?

મેં કહ્યું: “ચાલો છોકરાઓ, હવે ગણિત કરો. ચાલો લખો.” ચાર દાખલા એક સાથે લખાવી દીધા છે. ચારેમાં પાઉંડ, શિલીંગ અને પેન્સ કે રૂપિયા, આના અને પાઈ છે. છોકરાઓ ઉંધું ઘાલીને કટ કટ દાખલા કરે છે. કોઇ ઉંચે જુએ છે તો હું કહું છું: “એ ધ્યાન રાખ. ત્યાં બારીમાં કયાં જુએ છે ? પરીક્ષા આવી છે ખબર નથી ?”

બહાર સુંદર વરસાદ વરસી રહ્યો છે. જેવે અખંડ ધારા વહી રહી છે. ભેંશો વરસાદે નાહી રહી છે. સડક પર પાણી, પાણી, પાણી થઇ રહ્યું છે. આજુબાજુ નદીઓ ચાલી છે. આકાશ વાદળછાયું છે. આખો દેખાવ સુંદર છે. મને થયું “કેવો સુંદર દેખાવ! કેવું સુંદર શિક્ષણ ! કયાં આ પાઉંડ, શિલીંગ અને પેન્સ અને કયાં આ નિસર્ગની ભવ્યતા ? કયાં પેલી દાળમુખી પરીક્ષા ને કયાં આ વિરાટરૂપ દર્શન ?”

મનમાં હું બોલી ઉઠ્યો: “આ હું શું માંડી બેઠો છું ?”

♣ ♣ ♣

મારો અવાજ કડક હતો. મારી આંખ ફાટેલી હતી. બાજુને મેં કહ્યું: “બસ બહાર નહિ જવાય. નકામું ભીના થવાય. ભેજ લાગે તો માંદા પડીએ. રોજ રોજ દવા કોણ કરતું'તું ? વરસાદમાં જઇને તે કોણ ન્હાય ? જાઓ પણે ગરમ પાણી છે. સ્નાનઘર બંધ કરી ચોળી ચોળીને નાહી લ્યો.” બાજુ બિચારો બેસી રહ્યો. એ બિચારો શું બોલે ?

વરસાદ ચાલુ હતો. ચાર પાંચ છોકરાં આમથી આવ્યાં ને બે ચાર છોકરીઓ પણેથી આવી. સડક ઉપર દોડતાં હતાં. નાગાં નાગાં નાચતાં હતાં. કિકીયારી કરતાં હતાં ને કુદતાં હતાં. ટાઢ એમને વાતી નો'તી. શરદી એમને શું લાગે ? માંદાં એ શે પડે ?

મારૂં મન બોલી ઉઠ્યું: “આ બધાં છોકરાં ને બાજુ પણ છોકરું. એ માંદાં નહિ પડે ને બાજુ એક પડશે ? એણે નાગાં નવાય ને બાજુએ ન નવાય ?”

મનમાં થયું: “આ હું શું માંડી બેઠો છું ?”

ગિજુભાઇનાં નવાં પુસ્તકો

બાળવાર્તા ભાગ પાંચમો ચાર આના

બાળ લોકગીત સંગ્રહો ભાગ ૧–૨

દરેકની કિંમત ત્રણ આના. પોસ્ટેજ બધાનું જૂદું

શ્રીદક્ષિણામૂર્તિ પ્રકાશનમંદિર : ભાવનગર

વરતો

આપણે નાનપણમાં વરતો ખૂબ ઉત્સાહથી નાખતા. હજી એ સાંભરતું જ હશે.

(૧) આહું નાખું, પાહું નાખું,
પાહાનો પગ વાઢી નાખું,
તોય પાહું ફજે.

(૨) આટલેક ઝાડવે સીદીભાઇ હીંચકે.

(૩) આટલીક ડાબલીમાં ગોરબાઇ રમે.

આવાં બધાં વરતો આપણને કેટલી બધી મજા આપતાં ? માબાપ કહેતાં: " એ હવે તો ઉઠો, કાલે પછી ઉઠશો કયારે ? " તો પણ આપણને તો એવો રસ લાગેલો કે વરતો ઉપર વરતો નાખ્યા જ કરતા ને ઉઠવાની વાત કાન પર લેતા જ નહિ. આપણા વરતને સામો જણ ન વરતી શકતો તો આપણે કહેતા: " હવે ત્યારે આહું નાખો. " ને પછી ઉપલું વરત આહું નાખવામાં આવે. એક બીજાને એક બીજનાં વરતો ન આવડે એટલે બન્ને જણા પોતાના અરથો કહી દેતા ને વરતો નાખવાનું ચાલતું. આમ રોજ ને રોજ ઘણાં બધાં નવાં વરતો ભેગાં થતાં ને પછી તો જે મળે એને કહેતા: " ચાલો વરત નાખો નેઇએ ? " ને જ્યારે એના વરતના અરથો તડતડ કહી આપતા ત્યારે મોઢું કયાંઇ મેળ ન લેતું. વરત ન આવડતું ત્યારે ખૂબ ખૂબ વિચાર કરતા, અનુમાનો ચલવતા ને એમ કરતાં અટકળ કરતાં આવડી પણ જતું.

આપણો તો એ વખત વહ્યો ગયો છતાં આપણાં બાળકોનો વખત ઉભો જ છે. આપણે જે આનંદ ને જ્ઞાન લીધાં તે તેમને આપણે અવશ્ય આપીએ.

આજે જૂની ઢબ પ્રમાણે આસપાસનાં બાળકો એકાદ શેરીમાં કે ચોટામાં ભેગાં નથી થતાં ને વરતો ઉખાણાની ઉન્નણી નથી ઉડાવતાં. આજની જીવન-સરણી બદલાતી જાય છે. આજે શેરીમાંથી બાળકોને આપણે લઇ લેવા પણ માગીએ છીએ. શેરી શેરીનાં બાળકો ભેગાં થઇ ભલે આ ગમ્મતનો લાભ ન ઉઠાવી શકે પણ આપણી સાથે ભળીહળીને તો તેની મજા તેઓ લઇ જ શકે.

આપણે બાળકને વરત વરતની રમતોનો રસ્તો બતાવી દઇએ. તેમને થોડાંએક વરતો નાખીને તેનો અરથો કહીએ. બાળકને આશ્ચર્ય થશે. " આટલેક ઝાડવે સીદીભાઇ હીંચકે " એટલે રીંગણું તે કાળા સીદી ભાઇ અને છોડ ઉપર લચે છે એટલે હીંચે છે એવો વરતનો અરથ થતાં બાળકને કંઇક ખુબી ભરેલું લાગશે. ભાષા સમજણમાં કંઇક નવીનતા લાગશે. વરત એટલે એક જાતનો કોયડો. તે કોયડાની એને રમુજ પડશે.

બાળકને બીજું વરત નાખીશું: " આટલીક ડાબલીમાં ગોરબાઇ રમે. " એનો અર્થ ઊભો છે. એટલે તેને થશે આ વરત તો ભારે સંચોટ. ખરેખર મોટું એટલે નાનીશી ડાબલી ને જીભ તેમાં રમે જ ના ! બાળકને વરતમાં રહેલો અર્થ ભારે જીવંત લાગશે. ત્યારથી તેને વરતની રઢ લાગશે. નવાં મળેલાં બે ચાર વરતો તે તરત બાઇ બેનને નાખશે ને એમ કરતાં વરતો ફેલાશે ને વરત નાખ-વાનું ઉપડશે. પછી તો આપણને પણ આપણું નાનપણ તાજું થવા માંડશે ને આપણે પણ તેમાં જોડાઇશું ને સાથે જ મજા લઇ શકીશું.

આપણે બાળકોને બે ચાર પાંચ વરતો નાખી તેમનામાં વરત વરત રમવાનું દાખલ કરીએ.

ગિ.

શિક્ષકનો ઘાંટો

આપણે શાળાઓમાં જઈને જોઈશું તો શિક્ષકો મોટો અવાજ કાઢી ભણાવતા જોવામાં આવશે. આનાં કારણોમાં એક કારણ શિક્ષકની પોતાની તાણીને બોલવાની ટેવ હોય છે. આ ટેવ આપણામાં એટલી દૃઢ છે કે તે છે કે નહિ તેની આપણને ખબર જ નથી પડતી. આપણો આખો સમાજ આ કુટેવમાં છે એટલે એ સહજ લાગે છે. આપણી આ ટેવનાં પ્રદર્શનસ્થળો સર્વત્ર છે. આપણી નાતો, આપણાં બજારો, આપણાં ઘરો એના ખાસ નમુનાઓ છે. બીજું કારણ આપણી શાળામાં વર્ગો બેસાડવાની આપણી રીતિ છે. આપણે એક જ હૉલમાં બે ત્રણ વર્ગો ને ગામડામાં એક જ ઓરડામાં આખી નિશાળ બેસાડીએ છીએ. ઘણી વાર ખંડો હોય છે તો તે લાકડાના હોય છે. આથી દરેક વર્ગનો અવાજ બીજા વર્ગને ને બીજાનો ત્રીજાને મળે છે ને પરિણામે દરેક વર્ગનો કુલ અવાજ વધતો જ ચાલે છે. આથી શાળાના ઘોંઘાટમાં કામ કરતા શિક્ષકને મોટેથી બોલીને ભણાવ્યા વિના છૂટકો જ નથી. ત્રીજું કારણ શિક્ષકને ધીમેથી ભણાવવાની કળા કે આવડત નથી. અર્થાત્ શિક્ષક મોટેથી ભણાવે છે ને ઘાંટો કાઢે છે ત્યારે જ વ્યવસ્થા સચવાય છે, ને નહિ તો નથી સચવાતી એવી તેની માન્યતા અને અનુભવ બંને છે. એક એવો બોટો વ્હેમ પણ છે કે મોટો ઘાંટો કાર્યસૂચક છે ને તેથી વ્યવસ્થાપ્રેરક છે.

આ કારણોથી શિક્ષક ઘાંટો કાઢીને બોલે છે ને ભણાવે છે. પાંચ કલાક સુધી મોટે અવાજે બોલવું એ ઘણો જબરો શ્રમ છે. એ ગળાનો કે ફેફસાંનો વ્યાયામ નથી પરંતુ અતિ વ્યાયામ અર્થાત્ પરિશ્રમ છે. શિક્ષકો સાંજે થાકી જાય છે તેનું મુખ્ય કારણ બોલવું ને તે ઘાંટો કાઢીને બોલવું તે છે. શિક્ષકોનું મ્હોં થાકે એ તો ઠીક પણ તેમનું માથું પાકે છે. માથું પાકવું એટલે જ્ઞાનતંતુઓને તાણ પડવું ને તેથી તેમનું ઉશ્કેરાવું; ને પરિણામે તેથી નબળાઈ આવવી. બધામાં આ છેલ્લું નુકશાન ભારે છે. દોડીને શરીરને આપેલો થાક પડ્યા રહેવાથી વળે પણ જ્ઞાનતંતુનો થાક એમ ઝટ ઉતરતો નથી ને ગરીબ બિચારા શિક્ષકની પાસે એટલા પૈસા ક્યાં છે કે પડેલો થાક સારી વિશ્રાન્તિ લઈને કે પાછળથી પુષ્કળ મોજમઝા ને ગમ્મત સેવીને તે ઉતારે. તેનો થાક તો વધતો જ જાય છે ને પરિણામે તેની શક્તિ ઘટે છે. શિક્ષકો ઝટ મગજ ખોઈ નાખે છે તેનું કારણ તેમની જ્ઞાનતંતુઓની નબળાઈ છે. ધીમે ધીમે તેમને ભણાવવા તરફ અરુચિ આવે છે તેનું કારણ પણ તે જ છે.

ઘાંટો પાડીને બોલવું શિક્ષકને નુકશાન કરે છે તેની સાથે જ તે સાંભળનારને પણ નુકશાન કરે છે. કાનના જ્ઞાનતંતુઓને નકામો અવાજનો બોજો ઉઠાવવો પડે છે. આથી સાંભળનાર છોકરાઓના માથામાં શિક્ષણ કરતાં શિક્ષકનો અવાજ વધારે જાય છે. શિક્ષણને બદલે તેમને અવાજનો લાભ મળે છે. પરિણામે છોકરાઓમાં પણ જ્ઞાનતંતુઓની નબળાઈ આવવાનો ભય પેદા થાય છે.

આ બાબતમાં યોગ્ય ઉપાયો થવા જ જોઈએ. આપણા સમાજની આ ટેવ માટે શિક્ષક પોતે

શું કરી શકે ? એને એ વારસામાં મળી ને સમાજમાં એ પોપાઇ. સમાજમાં તેને સ્થાન પણ છે. પણ જો પોતાની ગરજ હોય તો શિક્ષક ચેતે નં ધીમે બોલવાની ટેવ પાડે. કેવળ નિરર્થક થતા પ્રાણવ્યયને રોકે. તેણે જરા હમેશની કાળજી રાખવી પડશે. તે નવી ટેવ પાડતાં વારંવાર ભૂલ ખાશે પણ છતાં એ નવી ટેવ પાડી શકશે જ. અને પોતે તો પોતાનું આયુષ્ય લંબાવશે જ. નવી ટેવ પાડતાં શરૂઆતમાં શિક્ષક પોતાને તેમજ અન્યને કૃત્રિમ લાગશે તે તરી આવશે, પણ લાંબે વખતે તેને તેમજ બીજાને એ સ્વભાવ થશે ને બીજાઓ પણ એ સ્વભાવની કદર કરતા થશે ને તેના તરફ આકર્ષાશે.

બીજું કારણ એક જ હૉલમાં વર્ગો બેસાડવાનું છે. પ્રત્યેક વર્ગ પોતે વધારેમાં વધારે ઘોંઘાટ કરી શકે ને બીજાને તે સંભળાય નહિ એટલા માટે એક બીજાથી જૂદો અને અવાજ બહાર જાય નહિ તેવો બનેઇએ એમ કહેવાનું નથી. એવી રીતે વર્ગોને sound-tight compartment કરીએ તો પણ શિક્ષક અને વિદ્યાર્થીઓ અવાજ કરવાની એટલે કે ઘાંટો કાઢીને બોલવાની ટેવમાંથી મુક્ત થાય નહિ. એક બીજા વર્ગોને એક બીજાના ઘાંટાઓથી માત્ર અટકાવીએ તો એક બીજા વર્ગોને નુકશાન ન પહોંચે અને તે માટે વર્ગોને છૂટા પાડવા જોઇએ. આવી સ્થિતિ આજે હાઇસ્કૂલો અને કૉલેજના વર્ગો પરત્વે છે. પરંતુ તે નિરુપદ્રવિતા નિયમનની સપ્લાઇની શાંતિ જેવી છે. બહારથી શાળાનો અવાજ લાગતો નથી. પરંતુ અંદર ઓરડામાં શિક્ષકનો ઘાંટો પડી રહ્યો હોય છે.

આનો બરો ઉપાય શિક્ષક પોતે છે. તેણે આગળ કહ્યું તેમ નવી ટેવ પાડવાની છે. ઉપરાંત શીખવવાની કળા કેળવવાની છે. વર્ગમાં શિક્ષકને ઘાંટો કાઢીને ભણાવવાનું આમ બને છે. છોકરાઓ મોટેથી વાતોચીતો કરતા હોય છે. તેમને પણ તેવી ટેવ છે. તેમને શિક્ષક ભણાવવા બેસે છે. 'ચૂપ' કહેતાંની સાથે એક વાર તો "શાંતિ" ફેલાય છે પણ પાછો ગણગણાટ શરૂ થાય છે. આ વચ્ચે શિક્ષકે કામ કરવાનું હોય છે. શિક્ષક પોતે સંભળાવાને માટે મોટો ઘાંટો કાઢી બોલે છે. તે મોટા ઘાંટામાં નાના નાના અવાજોને ચાલુ રહેવાની શકયતા ઉભી થાય છે. બધા વિદ્યાર્થીઓને શિક્ષણમાં રસ હોતો નથી. હોય પણ નહિ. જે વખતે અમુક શિક્ષણનું કામ ચાલતું હોય તે વખતે બધાનાં મગજ એક સરખાં યંત્રો ન હોવાથી તેમાં સરખી રીતે રોકાતાં નથી. વળી શિક્ષણ એક ઉપદેશ કે પ્રવચન રૂપ કે ભાષણ રૂપ હોય છે ત્યારે તે ભલે સ્વતઃ સુંદર હોય તો પણ જેને તેમાં મન ન આવે તેને ગડબડ કરવાનું મન થાય તેમ બને છે. વળી શિક્ષક એકાદ વિદ્યાર્થીને ભણાવવા કે પૂછવા કે તેની સાથે ઝઘડવા બેસી જાય છે ત્યારે બીજાઓ સહેજે વાતચીત કે ગમ્મતમાં પડવા તરફ જાય છે. આથી ચણપણ ચણપણું અવાજ થતાં તે વધે છે ને શિક્ષકને તો ભણાવવું હોય છે માટે તે ઘાંટો કાઢીને બોલે છે. જેમ અવાજ વધે છે તેમ ઘાંટો વધે છે ને જેમ ઘાંટો વધે છે તેમ તેમાં વધારે અવાજને સમાઇ જવાની અનુકૂળતા મળે છે.

શિક્ષક પોતે અત્યંત ધીમેથી શરૂ કરે. ચૂપ અને શાંતિના હુકમો બહાર ન પાડે. Drill પણ ઘણી-વાર તો નકામી જ પડે છે. પોતે

પોતાનું શિક્ષણ રસિક કરે. રસિક શિક્ષણ એટલે બાળકોને જોઇતું શિક્ષણ. રસિક શિક્ષણ એટલે સમજાય તેવી સહેલી અને સુંદર રીતે ધરેલ શિક્ષણ. રસિક શિક્ષણ એટલે યોગ્ય અને જોઇતાં જ ઉપકરણો સાથે રાખી અપાતું શિક્ષણ. રસિક શિક્ષણ એટલે જોઇતા અભિનય સાથેનું શિક્ષણ, ને રસિક શિક્ષણ એટલે શિક્ષકની પ્રસન્નતા, એકાગ્રતા અને શાંતિ ભરેલું શિક્ષણ.

આવું શિક્ષણ જો શિક્ષક આપવા ચાહે તો તેને વિદ્યાર્થીઓ મંત્રમુગ્ધ થઇ સાંભળશે. મુરલી સાંભળી નાગ ધ્યાનસ્થ થશે પણ માટલીમાં કાંકરા નાખી બબડાવીએ તો તે ઉભો પણ નહિ રહે. એમ શિક્ષણની સાચી મુરલી જેના ગળા અને હૃદયમાંથી નીકળે તે સૌ કોઇ કાન દઇ સાંભળશે જ. અને જેમ જેમ વિદ્યાર્થીઓ અભિમુખ થઇ એકાગ્ર થતા જશે તેમ તેમ આખા વર્ગનું એક માનસ થશે. તેમ તેમ વર્ગની ૧૦૦ ની સંખ્યા પણ એક જ વિદ્યાર્થી જેટલી થશે, અને શિક્ષકને પાસે બેઠેલા એક જ વિદ્યાર્થી સમક્ષ બોલતાં જેટલો ઘાંટો કાઢવાની જરૂર હોય તેથી વધારે જરા પણ કાઢવો નહિ પડે.

પોતાના કામની કળા માત્રથી શાન્તિ ફેલાય છે. ને શાન્તિમાં ધીમા અવાજે કામ કરવાની મજા છે એટલું જ નહિ પણ તેમાં મધુરતા લાગે છે. પછી તો શાન્તિ પોતે જ ઘાંટાની સામે લડશે.

ઘાંટો રૂઆબસૂચક નથી પણ નિર્બળતા-સૂચક છે. અંતઃપ્રાણવાળો મનુષ્ય શાન્તિના શસ્ત્રને બળવાનમાં બળવાન તરીકે જાણે છે. બધા વીર્યવાન માણસોનું બળ શાન્તિ છે. બધા જ્ઞાતાઓની વાણી મૌન છે. શ્રેષ્ઠ સદ્‌ગુરુઓ હંમેશ મૌન વ્યાખ્યાન આપી ગયેલા છે. પણ જ્યારે શક્તિમાં અવિશ્વાસ આવે છે, જાત ઉપર કાબુ નથી હોતો ત્યારે બહારનું શસ્ત્ર ઉઠાવવું પડે છે. ઘાંટો એક આવું શસ્ત્ર છે. તે રોફ છાંટી શકે પણ તેની પાછળ પોકળતા છે તેથી તે થોડા વખતમાં બહાર પડે છે. માટે ઘાંટાને રૂઆબ તરીકે સમજવાની ભૂલ શિક્ષક ભાઇઓ ન કરે. છોકરાઓ ઘાંટા ઉપર ઘાંટા પડે છે ત્યાં સુધી શાન્ત રહે છે. ઘાંટો જરાક બંધ થયો કે ઘાંટાના પ્રતિબિમ્બરૂપે પોતે ઘાંટા શરૂ કરે છે. ઘાંટો ઘોંઘાટને દાબે છે પણ શાન્તિને ફેળવતો નથી. શાન્તિ જ માત્ર શાન્તિને ઉત્પન્ન કરે છે.

શિક્ષક ભાઇઓ પોતાના ઘાંટા વિષે સારી પેઠે વિચાર કરે.

ગિ.

ગ્રાહકોએ પત્રવ્યવહાર વખતે રેપર ઉપરનો
પોતાનો ગ્રાહક નંબર અવશ્ય લખવો.

વાર્ષિક લવાજમ રૂા. એક. લખોઃ તંત્રી, શિક્ષણ પત્રિકાઃ શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર, ભાવનગર
શ્રી 'સરસ્વતી' છાપખાનું, બીજા બિલ્ડીંગમાં પારી. ભીખાભાઇ ગોપાળજીએ છાપી.

બારમા અંકનો વધારો

શિક્ષણ] બેટ અંક [પત્રિકા

: તંત્રીઓ :

ગિજુભાઇ અને તારાબેન

૧૯૮૩ ના ફાગણથી | વર્ષ બીજું | માત્ર ૧૯૮૪

નયણે નીર ને નંદજી મોલીયા રે,
અમથી એકલડાં ન જવાય જો;
વાટડી જોતાં ને રોતાં હશે રે,
કાનજી ત્યાં તમારી માય જો...નયણે૦

હું તો વારીશ મારા મનને રે,
તુમારી માનાં મન કેમ રે'શે જો;
માટે ગોવિંદ ગોકુળ આવજો રે,
દુરીજન મેણલીયાં બહુ દેશે જો...નયણે૦

કહેા કોણ વનરાવન ગૌ ચારશે રે,
સાંજે કોણ આવશે ઘેર જો;
હસતાં વાણલીયે કોણ ઉઠશે રે,
કહેા કોણ જાણે અમારી પેર જો...નયણે૦

કુંવર કોને લાડ લડાવશું રે,
કોને જમાડીને જમશું જો;
કહે રૂગનાથના સ્વામી નંદને રે,
અમ પર કરુણાદૃષ્ટે જોજો જો...નયણે૦

લુહાર

કાળા એના હાથ હતા,
મેલાં એનાં કપડાં'તાં;
હાથમાં હથોડો હતો,
લાલ લોઢું ટીપતો'તો;
પાસે ભઠ્ઠી બળતી'તી,
ધમ્મણ એને ધમતી'તી.
કાળા એના હાથ હતા,
મેલાં એનાં કપડાં'તાં.

મિનારો

રાજા હતો. ઉંચો મિનારો બંધાવ્યો. બહુ ઉંચો. ઘરથી ઉંચો. ઝાડથી ઉંચો. ઉંચા ઉંચા મહેલથી ઉંચો. જાણે આકાશને અડ્યો.

ચાલો ઉપર ચઢીને જોઇએ. કેવું કે દેખાય છે ?

રાજા ઉપર ચઢ્યો. થાકી જવાય એટલું ચઢ્યો. ફેર આવે એટલું ચઢ્યો.

ઉપર પહોંચ્યો. નીચે જોયું. બધું ઉંડું ઉંડું. માણસો જાણે વેંતીયા. ઘર જાણે ચોસઠીઓ. નદી જાણે લાંબી લાંબી નાગણી. ડુંગર જાણે ઉકરડા. મોટાં મોટાં ઝાડ તો જાણે કુંડાના છોડવા.

ઉંચે જોયું. પાસે જ જાણે આકાશ !

વાદળ સાથે વાતો થાય. જાણે ફૂદકો મારીને અડી જઇએ. પકડી લઇએ. જાણે નીસરણી મૂકીને સૂરજ પાસે જવાય !

રાજા ખુશી ખુશી થયો. નીચે ઉતર્યો. ખાધું પીધું ને રાજ કર્યું.

ઉંબાર

લીંબડાની છાંયા નીચે,
બેઠો બેઠો ઘડતો હતો;
હાથે ગારો ચોટ્યો હતો,
સામે ચક્કર ફરતું હતું;
પાસે પાણી કુંડું હતું;
માટી પીંડા પડ્યા હતા.
લીંબડાની છાયા નીચે,
બેઠો બેઠો ઘડતો હતો.

પોપટ

"બા, જો તો બારડે પોપટનાં બચ્ચાં બેઠાં. કેવાં રૂપાળાં છે!"

"એલા હા! કોઈ દિ' નહિ ને આજ ક્યાંથી?"

"એ તો બા, પણે પોપટનો માળો છે ત્યાં રહે છે. કાલે ગયા હતા તે બાપાએ બતાવ્યાં હતાં."

"હું ત્યારે એમ કહેને!"

"બા, અમે દાણા નાખીએ? વખતે નીચે ચણવા આવે તો."

"હા ભાપુ, નાખોને! પણ બિલાડીની નજર રાખજો."

ભાનુએ આંગણામાં દાણા વેર્યા.

બધાં પોપટનાં બચ્ચાંની રાહ જોતાં બેઠાં પણ આવે જ નહિ!

ભાનુ કહે: "બા, બચ્ચાં તો નથી આવતાં."

બા કહે: "એ તો બચ્ચાં છે તે આવતાં ડરે. તમે રોજ દાણા નાખજો. ધીમે ધીમે હળશે."

ભાનુએ આઠ દિવસ દાણા નાખ્યા. આઠમે દિવસ બચ્ચાં આવ્યાં ને ચણવા લાગ્યાં.

ભાનુ તો ખુશી ખુશી થઇ ગયો. બચ્ચાંને જોઇને હરખાઇ ગયો.

પછી તો રોજ ભાનુ દાણા નાખે ને રોજ પોપટનાં બચ્ચાં આવે.

મહેમાન

રાધાને ઘેર મહેમાન આવવાનાં હતાં; એનાં માશીબા.

રાધા વહેલી વહેલી ઉઠી. માથું ઓળી કપડાં પહેરી લીધાં.

મા દીકરી ઝટપટ સ્ટેશને પહોંચ્યાં. ત્યાં તો ગાડી આવી ને બારીમાં માશીબા ડોકાયાં.

રાધા તો ગાડીમાં ચડી ગઈ ને નાના ગંગુને તેડી લીધો. બાએ સામાન ઉતાર્યો ને માશી ગંગાને લઇને હેઠે ઉતર્યાં.

ગાડી કરી ઘેર આવ્યાં.

છોકરાં તો રમવા જ મંડી પડ્યાં. રાધાએ નવાં નવાં રમકડાં કાઢ્યાં ને ગંગા ગંગુને કહે: "આનું તમે મંદિર બનાવો. હું શણગાર લઇ આવું." માશીએ નવું આણેલું ફરાક કાઢયું ને રાધાને પહેરાવ્યું.

રાધા તો રાજી રાજી થઇ ગઈ.

માશી અને બા રાંધવા લાગ્યાં. વાતો કરતાં જાય ને રાંધતાં જાય. ઘડીકમાં કેટલીએ વાની કરી નાખી.

જમવાનું થયું ને રાધા ગંગુ ને ગંગાને જમવા બોલાવ્યાં.

રાધા કહે: "ઓહો, ઘડીકમાં તો બાવાનું થઇયે ગયું!"

સૌ સાથે બેસીને જમ્યાં ને પછી વાતો કરતાં બેઠાં.

પછી કમળાબેન શું કરે ?

" પછી કમળાબેન શું કરે ? "

" પછી કમળાબેન આકડા ઉપરથી ઈયળો એકઠી કરે. લીલી-ઈયળો. આકડાના પાનમાં ખબર ન પડે કે ઈયળો કયાં બેઠી છે. બેઉનો રંગ સરખો; પણ કમળાબેનની આંખ ભારે ! ઈ તો તરત જ દેખે ને ઉપાડે ! "

" પણ પછી કમળાબેન શું કરે ? "

" પછી કમળાબેન બધી ઈયળોને રૂમાલમાં એકઠી કરીને ઘેર લાવે."

"પછી ? ઈયળોને તે શું કરવી હશે ?"

" કમળાબેન એને કાંઇ મારે ? ને ઈયળોનું થાયે શું ? એને કોઇ પાળતું તો નથી; એ કાંઇ સસલું છે તે પળાય ? "

ત્યારે કમળાબેન શું કરે ? "

" પછી કમળાબેન ઈયળોને એક શીશીમાં નાખે ને શીશીને કાણાં કાણાંવાળો બુચ મારે. "

" આ તો ઈયળોનું કાંઇક કરવું લાગે છે ! પણ શીશીમાં નાખ્યે શું થતું હશે ? ત્યાં પડી પડી મરી નો જાય ? હેં, પછી કમળાબેન શું કરે ? "

" પછી કમળાબેન આકડાનાં પાંદડાં લાવે ને શીશીમાં નાખે. "

" હં, ઈયળોને ખાવા માટે, કેમ ? પણ પછી શું થાય ? પછી શું ? "

" ઈયળો પાંદડાં ખાય ને મોટી થાય; ખૂબ મોટી થાય. "

" પછી એને બહાર કયારે કાઢે ? "

" એને કાંઇ બહાર કાઢવાની ન હોય. પછી તો ગમ્મત થાય. આજ એમાં ઈયળ હોય ને કાલ કોણ જાણે કયાંય ચાલી જાય. કોઇએ કાઢીએ ન હોય. ભાગીયે શી રીતે જાય ? બુચ માર્યો હોય તે ! "

" ત્યારે ઈયળનું શું થાય ? "

"જુઓ; શીશીમાં પેલું સોનેરી સોનેરી ચળકતું દેખાય છે ને, એમાં ઈયળ છે. ખૂબખૂબા ખાઈને હવે ઈયળ ઊંઘે છે. હવે તો હલશેય નહિ ને ચલશેય નહિ. ખાશેય નહિ ને પીશેય નહિ. આમને આમ કેટલાય દિ' ઊંઘશે. "

"આ તો ભાઇ ભારે વાત!"

"કમળાબેન તો રોજ આવશે ને કોશેટાને જોયા કરશે. ઊંઘતી ઇયળ એનું નામ કોશેટો."

"ત્યારે ઇયળ પાછી જાગશે ક્યારે?"

"હવે ઇયળ શું જાગે? ઊંઘમાં ને ઊંઘમાં ઈ તો બદલાઈ જશે. એનો રંગ બદલાશે; એનો આકાર બદલાશે; એનું મોઢું ય બદલાશે. બધું બદલાશે."

"હેં, એમ? કેટલ' બદલાશે?"

"હવે થોડા દિ'ની વાર લાગશે."

"પણ કહેને, થોડા દિવસ પછી શું થશે?"

"પછી એક દિવસ કોશેટો ફાટશે; ને એમાંથી શું નીકળશે બબર છે? ધાર જોઇએ."

"ભાઈ, મને તો કાંઇ સુઝતું નથી. ઇયળનું વળી બીજું શું થાય? વખતે પાતળી થઈ હોય કે જાડી થઈ હોય! વખતે લીલીની કાળી થઈ હોય; બીજું શું થાય?"

"ના રે ભાઈ, આ કોશેટો ફાટશે પછી એમાંથી નીકળશે જીવડું, મોઢા આગળ મૂછો, વાંસે પૂંછડા જેવું ને માથે બે શિંગડાં."

"પાંખો? ઇયળમાંથી પાંખો? હવે જા, જા."

"તો આવજે જોવા. ના કોણ પાડે છે."

"પછી શું થશે?"

"પછી ઇ ઉડશે: શીશીમાં આમ આમ. ચોળ્યાં પતંગિયાં જોયાં છે ને?"

"હા."

"તે ઇ આ પતંગિયાં."

"શું કહે છે? ઇયળમાંથી પતંગિયાં થશે?"

"સાચે જ થાંય છે ને!"

"તે કમળાબેનનું શું કામ પતંગિયાં કરે છે?"

"ઇ તો કમળાબેન અમને પતંગિયાં કેમ થાય છે ઇ બતાવે છે. પતંગિયાં ઈંડાં મૂકે. ઈંડાંમાંથી ઇયળ થાય. ઇયળ પાંદડાં ખાઇને મોટી થાય ને ઊંઘી જાય. ઊંઘતાં ઊંઘતાં બદલાઈ જાય. જાગે ત્યાં તો પતંગિયું!"

"કમળાબેન પણ ભારે છે! પછી કમળાબેન શું કરે?"

"પછી શું કરે? પછી પતંગિયાંને ઉડાડી દે."

"વાહ, આ તો ભારે વાત!"

રૂડી કોળણ

૧

રૂડી કોળણને આખું ગામ ઓળખે. નાનાં છોકરાંએ ઓળખે ને ડોસાં ડગરાંએ ઓળખે.

રૂડી કોળણ બોરડી રાખે ને સુંડલો ભરી બોર લઈને નીકળે.

"લેવાં છે કોઇને મીઠાં બોરાં,
સાકરીયાં બોરાં;
લેવાં છે કોઇને મીઠાં બોરાં."

નાનાં છોકરાં કોઠીમાંથી જાર બાજરી લઈ બોર લેવા દોડે.

રૂડી કહેશેઃ "એલા બોરી જરનાં નહિ આપું. ઘઉં લાવ ઘઉં. ઘઉંના સવાયાં આપીશ."

છોકરાં રૂડી ફરતાં વીંટાઇ વળે.

મણકી કહેશેઃ "રૂડીબેન બે બોર ઉપર આપો" ને લખ્મડો કહેશેઃ "રૂડીબેન આ બોર બદલાવી આપો."

રૂડી સૌને રાજી કરે.

૨

પીલુ ટાણું આવે ને સુંડલો ભરી રૂડી પીલુ વેચવા નીકળે.

"હાલજો, પીલુડાં લેવા."

ધડાધડ છોકરાં પીલુડાં લેવા આવે ને ધડીકમાં તો પીલુનો સુંડલો અડધો થઇ જાય.

તે થાય જ ને?

રૂડી કાંઇ ભાઠાનાં પીલુ ન લાવે. એ તો છોકરાંને તીખાં લાગે. રૂડી જળનાં પીલુ લાવે.

સાવ ઝીણાં ઝીણાં, ગુલાબી ગુલાબી; એકે ઠળીયો ન મળે ને બુકડે બુકડે ખવાય. એવાં બાધે આંબ્યોએ ન આવે.

૩

ચોમાસે રૂડી ચીભડાં વેચવા આવે.

"લેજો સાકરીયાં ચીભડાં,
મીઠાં ચીભડાં;
લેજો સાકરીયાં ચીભડાં."

સુંડલો ભરીને ચીભડાં લાવે. બહુ-મરાં ને મીઠાં.

વળી પાછાં છોકરાં જાર લઇને દોડે.

"રૂડીબેન ચીભડું કડવું ન આવે હો!"

"એલા રાખ્ય, મારા વાડામાં એકેય ચીભડું કડવું ન હોય."

રૂડી પવાલે ભરી પીલુ ને બોર વેચે

મેઘલી રાત

રાત અંધારી હતી;
વાદળ કાળાં હતાં.
વીજળી ચમકી ને મે ગડુડ્યો;
મોરલા ટહુક્યા ને વન ગાજ્યું.

મે આવતો'તો;
નેવલે પાણી હતાં.
પૂર આવ્યું ને નદી ઘૂઘવી;
પાણી રેલાણાં ને ધરતી ધોવાણી.

ઢેડકાં બોલતાં'તાં;
તમરાં તમતમતાં'તાં.
કેસરી નીકળ્યો ને કેશ ખંખેર્યા;
ત્રાડ નાખી ને આભ અડુડ્યો.

ઝાડ ટપકતાં'તાં;
પ્હાડ ન્હાતા'તા.
ડાબલા વાગ્યા ને ઘોડો બોંખાર્યો,
વીરો આવ્યો ને સાંકળ ખખડાવી.

દીવો બળતો'તો;
વાટ જોવાતી'તી.
કામળી કળાણી ને સુરલી વાગી;
શ્રીકૃષ્ણ પધાર્યાને મોતીએ વધાવ્યા.

ને તોળી તોળીને ચીભડાં વેચે. જરનાં ભારોભાર, બાજરાનાં સવાયાં ને ઘઉંનાં દોઢાં.

રતીઓ કહેશેઃ "રૂડીબા, જરા નમાંવ તો ખરી."

રૂડી કહેશેઃ "આ તો ધરાતો જ નથી. આ વેંત એક તો નમાવ્યું છે; ભોંયે તો અડે છે!"

૪

રૂડી જાંબુ વેચવા આવે. ટોપલો ભરીને લાવે. બારેક જેવડાં મોટાં. મજાનાં.

સાદ પાડે ત્યાં તો લખો કહેઃ "બાડી, દાણા આપને? અમારે જાંબુ લેવાં છે."

પ્રુની કહેશેઃ "એ બાડી, રૂડી જાંબુ લાવી છે. ઓલી કોઠીમાંથી ઘઉં લઉંને?"

કંકુમા કહેશેઃ "એ છોકરાંવ, આ રૂડીનો સાદ સંભળાતો લાગે છે. જાવ જોઇ આવો જોઇએ શું લાવી છે?"

રૂડી ફરતાં છોકરાં માય નહિ. "રૂડીબેન અમને પહેલાં, અમને પહેલાં!"

રૂડી કહેશેઃ "બારે તો બે હાથ છે. બધાં બેસી જાવ. વારા ફરતી આપીશ."

રૂડી ગામની કોળણ હતી. નાનાં મોટાં સૌ તેને ઓળખે. તેમાં નાનાં છોકરાં તો બાસ ઓળખે!

નન્નુ ધોબણ

નીચે ઓશામણે, મજબૂત બાંધે, બેઠી ચડીનો નન્નુ ધોબી હતો.

સોટા જેવી પાતળી ને તાડ જેવી ઉંચી નન્ની ધોબણ હતી.

વાને કાળો, રૂપે નમણો નન્નુ ધોબી હતો.

વાને ગોરી, રૂપે વરવી નન્ની ધોબણ હતી.

ધોબી ધોબણ ધોળાં કપડાં પહેરે, ઉજળાં કપડાં પહેરે; નત નવાં કપડાં પહેરે.

નન્નુ ઘેર ઘેર જાય. મેલાં કપડાં લઇ આવે, ધોયેલાં કપડાં દઇ આવે, હિસાબ કિતાબ સમજી લાવે.

ઘરમાં કામ નન્ની કરે. મેલાં કપડાં બાફી નાખે, ઘણો બધો ખારો છાંટે, ગધેડાને નીરણ કરે, ઉભી ઉભી ઘસ્ત્રી કરે.

ધોબી ધોબણ ધોવા જાય.

ગાંસડા પોટલાં ગધેડાં ઉપર ને છોકરાં છૈયાં ગાંસડા ઉપર; નન્નુ નન્ની વાંસે વાંસે. નવાં ઘરાક ગણતાં જાય, લેણું દેણું ગણતાં જાય, વર વાપર વિચારતાં જાય ને એમ ઘરની વાતો કરતાં જાય. બીજે વખત ક્યારે મળે?

સવારે ઉઠી રોટલા ઘડવા ને કપડાં બાંધવાં; દિવસ બધો ધોયા કરવું ને ઘેર આવી થાકયા પાકયા સૂઇ જવું.

નદી નિર્મળ ચાલી જાય; બે કાંઠે રેતી સોહાય.

ખડકા પાસે ઉભા રહી બે હાથે કપડું પકડી નન્નુ ધોબી ઝીક મારે. સીટી સાથે સીસ કરે. નવી નવી બોલી બોલે. ધબ ધબ ધબકારા થાય ને ભેખડમાંથી પડઘા પડે. ખડકા ઉપર ધબ ધબઃ સામેથીયે ધબાધબ. સી સી પડઘો પડે.

ધોબીડા ધૂવે છે,
ખળખળ પાણી જાય છે;
ધોબીડા ધૂવે છે,
ધોબણ કપડાં સૂકવે છે;
ધોબીડા ધૂવે છે,
નાનાં છોકરાં રમે છે;
ધોબીડા ધૂવે છે,
શંખલાં છીપલાં વીણે છે;
ધોબીડા ધૂવે છે,
ખળખળ પાણી જાય છે.

તડકા તપ્યો, રેતી તપી, લુગડાં તપ્યાં, નન્નુ તપ્યો, નન્ની તપી, છોકરાં તપ્યાં.

છોકરાં કહે: "ભૂખ લાગી."

નન્નુ કહે: "રોટલા કાઢ."

નન્ની કહે: "ખાવા હાલો."

નન્નુ નન્ની, છોકરાં છૈયાં રોટલો ખાય.

નદીનીર ખળખળ
વહી જાય;
સૂકલ કપડાં
કડકડ થાય.

બપોર આખો ધો ધો:
બધો વખત ધો ધો:
સાંજ સુધી ધો ધો.

ટાઢો ઢળ્યો ને સાંજ થઇ. કપડાં ઉપડ્યાં ને પોટલાં બંધાણાં; ગધેડાં ઉઠ્યાં ને પીઠે લદાણાં.

છોકરાં છૈયાં ને નન્નુ નન્ની ઘર ભણી ચાલી નીકળ્યાં.

ધોબી ધોબણ ધોઇ આવ્યાં. નાનાં છોકરાં રમી આવ્યાં.

રોટલા ઘડવા નન્ની બેઠી. નીરણ કરવા નન્નુ ગયો; વાટ જોતાં છોકરાં બેઠાં.

તાંસળીમાં છાશ ને કથરોટમાં રોટલા. આણી કોરથી નન્નુ લ્યે, ઓલી કોરથી નન્ની લ્યે, વચ્ચે વચ્ચેથી છોકરાં લ્યે.

મોળી છાશ ને જારના રોટલા.
કડકડીને ભૂખ, આખા દિવસનો થાક ને જમવાનું સુખ.

નદીનીર ખળખળ વહી જાય;
સૂકલ કપડાં કડકડ થાય.

બપોર આખો ધો ધો.
બધો વખત ધો ધો.
સાંજ સુધી ધો ધો.

નદીનીર ખળખળ વહી જાય,
સૂકલ કપડાં કડકડ થાય.

સાંજનો સાદ

કાચનો કૂબો,
તેલની ધાર;
મારા ભેરૂને આવતાં કેટલી વાર?

આવું છું રે આવું છું,
ઢાંકપછેડો ઓઢું છું;
ભાઇનાં ભાણાં ઉટકું છું.

રસ્તા વચ્ચે પથરો

સવાર પડી ને ગામનો રાજા ફરવા નીકળ્યો. રસ્તે એક પથરો પડેલો. બરાબર વચ્ચો વચ્ચ.

રાજાના મનમાં થયું કે "આ પથરો તો વાટ કેટ્ટિનો દેખાય છે. કોઇને ભલા સૂઝતુંયે નહિ હોય કે એને ઉપાડી ને કોરે કરીએ? વચ્ચો વચ્ચ છે તે આડેય નહિ આવતો હોય? આજ તો જોઉં જ કે ચાલતા લોકો શું કરે છે."

રાજાએ ગાડી કોરે લીધી, દૂર જઇ ઉભી રાખી ને આવતા જંતાને જોવા લાગ્યો.

ભગત ગાતા ગાતા નીકળ્યા:

"જાગને જાદવા, કૃષ્ણ ગોવાળીયા."

ધડ દઇને પથરો ઠેબે આવ્યો.

"રામ રામ રામ! આવું છે! ભલા, ભગવાન લેખે કોઇએ પથરો ખસેડ્યો હોત તો લાગત તો નહિ?"

ભગત પગ ચંચવાળતા આગળ ચાલ્યા ગયા.

થોડીવાર થઇ ને એક ભરવાડ નીકળ્યો. જુવાન જોધ ભરવાડ. હાથમાં ડાંગ ને પગમાં જોડા. ધબ ધબ કરતો ચાલ્યો આવતો હતો. ધડ દઇને પથરે અથડાયો ને ભરવાડ થંભ્યો.

"ઉંહુ, કયા ભમતાએ આ પથરો નાખ્યો હશે? મળે તો એને ડાંગે ડાંગે ધોનાકું"

ગાળો દેતો ભરવાડ આગળ વધ્યો.

થોડી વાર થઇ.

ત્યાં એક સિપાઇભાઇ નીકળ્યા. મોઢામાં બીડી, પગમાં બૂટ ને હાથમાં સોટી. લડતા લડતા જતા હતા. ધ્યાન તો કયાંય ઉંચે આકાશમાં હતું.

પથરો પગે અથડાયો ને સિપાઇ-ભાઇએ હેઠે જોયું.

"સાલે, દેખો કેસી બાત હે! એક છોટાસા પથરા પડ્યા હે પણ કોઇને એસા હે કે પથરાકુ નાખી દેવે. અપને લોક એસેઇ હે. હરામકી જાત હે."

સિપાઇભાઇ બબડતા ચાલ્યા ગયા.

રાજા આ બધું જોતો હતો.

ત્યાં એક ગાડાવાળો નીકળ્યો. આ-ડામાં પડયો પડયો ગાડું હાંકયે જતો હતો. અર્ધો ઝોકામાં હતો. ધડ દઇને પથરો પૈડાં સાથે અફળાયો ને ગાડું ઉલળ્યું.

"એલા હેડે પથરો લાગે છે. કોકે રસ્તામાં મૂક્યો લાગે છે. કોક આળ-વીંતરયે."

ગાડાવાળો આગળ ગયો.

આમ એક પછી એક માણસો નીકળ્યા ને પથરા સાથે અફળાયા. શું કામ કોઇ પથરો ઉપાડે ને નાખી દે? એ તો બબડતા જાય ને ચાલ્યા જાય!

ત્યાં વળી એક જણ નીકળ્યો. હળુ હળુ જતો હતો. આડો પથરો આવ્યો ને ઉભો રહ્યો.

"આ માળો પથરો વચમાં કયાંથી? જને તેને આડો નહિ આવતો હોય? લાવને બાજુએ નાખી દઉં!"

પથરો ઉપાડીને કોરે નાખ્યો, ધીમે ધીમે આગળ ગયો.

રાજાએ એને જોઇ લીધો.

બીજે દિવસ થયો ને રાજાએ હુકમ કાઢયો: "એક આળસુ હોય તે ન આવે. બીજા બધા કચેરીમાં આવે."

ત્યાં તો ગામ આખું ઉપડયું. નહાઇ ધોઇ કપડાંલત્તાં પહેરી કચેરી આગળ ભેગું થયું.

કોણ પોતાને આળસુ કહે?

પેલો ભગત પણ ત્યાં હતો. પેલા સિપાઇભાઇ પણ આવ્યા હતા. પેલો ભરવાડ પણ હતો. પેલો પથરો ઉપાડનાર પણ ત્યાં હતો. બધા ત્યાં હતા. ઉભા ઉભા વાતો કરતા હતા.

"ઓલ્યો પથરો હમણા નથી દેખાતો. કોકે લઇ લીધો લાગે છે."

"હા માળું; ઠીક થયું. પગમાં લાગતો મટયો."

"કોકને ઠીક સૂઝયું. ગાડાનાં પૈડાં ભાંગતો મટયો."

"હશે કોક નવરો તે લઇને કોરે નાખ્યો હશે!"

કચેરી ઉઘડી. બધા અંદર પેસવા હલ્લાહલ્લી કરતા હતા.

રાજા પોતે દરવાજે ઉભા હતા. સલામ લઇને અંદર દાખલ કરતા હતા.

એક આવ્યો.

"તમે નહિ. બહાર રહો."

બીજો આવ્યો.

"તમે નહિ. બહાર રહો."

ત્રીજો આવ્યો.

"તમે નહિ. બહાર રહો."

રાજા કહે: "નહિ આળસુ આવે."

સિપાઇ, ભરવાડ, ગાડાવાળો, એક એક બારણેથી પાછા વળ્યા.

બધા જોઇ રહ્યા. "ત્યારે માળું નહિ આળસુ તે કોણ હશે?"

ત્યાં પેલો પથરો ઉપાડનાર આવ્યો. રાજાએ એને અંદર દાખલ કર્યો. બધા તો અચરજ પામ્યા. મનમાં કહેઃ "જોને એક આ આળસુ નહિ! લે, છે રાજાનેય અડબલ? નવરો બાબર જ્યાં ત્યાં ફરતો ફરે છે ને ગાતો ફરે છે. એને કહે છે આળસુ નહિ! કેવી વાત?"

રાજાએ હાથ ઉંચો કર્યો ને સૌએ પહેલી વાત કરી. પથરો ખસેડવાની વાત કરી; સિપાઇ ભરવાડની વાત કરી; ભગત ખેડૂતની વાત કરી.

સૌ શરમાઇ શરમાઇ સૌને ઘેર ગયા; મનમાં મનમાં લાજી મર્યા

હેમેલીનનો બંસીવાળો

જર્મની નામનો એક દેશ છે. એમાં એક ગામડું છે. એનું નામ હેમેલીન.

હેમેલીનમાં જૂની જૂની નવાઇ. દુકાને દુકાને ઉંદર વેચાય. સાકરના ઉંદર, લોટના ઉંદર, પીપરમીટના ઉંદર, ચોકલેટના ઉંદર, માવાના ઉંદર. બધાં ઉંદરનાં જ રમકડાં!

કોઇ કહેશેઃ "આંતે શું? આમ શેણે?"

એની એક વાત છે; સુંદર ને રમુજી છે.

હેમેલીનમાં એક વાર ઉંદર થયા. એટલા બધા કે વાત જ કરો મા. ઘરમાં ઉંદર, બજારમાં ઉંદર, મંદિરે ઉંદર, શેરીએ ઉંદર, ચૌટે ઉંદર, ચોકે ઉંદર; જ્યાં જુઓ ત્યાં ઉંદર ઉંદર! ઉંદરની તો એવી રંજાડ કે રહ્યું ન જાય!

ગાદલાંય ફાડ્યાં ને ગોદડાંય ફાડ્યાં. ઘાઘરી પોલકાંના તો ગાભા કર્યા. ખૂટમોજાંને કાંઇ રહેવા દે? ને તેલને તો દીઠું ન મૂકે. પુસ્તક પોથીનેય કોરી-કાતરી નાખે.

ઉંદર તો ફાટ્યા. મોટા મોટા ધૂસ થઇ પડ્યા. શીકે ચડીને ખાઇ જાય. બિલાડીને તો બીવરાવે. કુતરાનેય ભગાડે. નાનાં નોનાં બાળકોનેય ઉપાડે તો!

દિવસ રાત ચૂં ચૂં ચૂં.
કાન પડ્યું સંભળાય તો કે?

લાકડી લઇને દોડો તોય શું? ભુરરરર કરતા ભાગી જાય. પાંજરૂં તો કાપી નાખે.

કોઇની બીક જ ન લાગે તો!

લોકો બિચારા ત્રાસી ગયા. ગામ બહું ભેગું થયું. સૌ કહેઃ "ચાલો ચાલો મુખી પાસે."

"મુખી મુખી, તારા ગામમાં અમે ન રહેવાય. કાં તો અમે નહિ; કાં તો ઉંદર નહિ. તું અમારો મુખી શેનો?"

મુખી તો મુંઝાણો. લમણે હાથ દઇને બેઠો. તે કહેઃ "આનું કરવું શું?"

ભગવાનને કરવું છે ને મુખીને બચાવવો છે.

ત્યાં એક માણસ આવ્યો; સાવ અજાણ્યો. ઉંચો ને પાતળો. મોટી મોટી મૂછો ને ભુરી ભુરી આંખો. મોઢું તો મરકયા કરે. આખા ડીલે એક જ ઝભ્ભો. અધોં રાતો ને અરધો પીળો. વિચિત્ર તો ખરો! હાથમાં એક નાની એવી વાંસળી; રંગેલી ને ચિતરેલી.

મુખી કહેઃ "રામ રામ."
પેલો કહેઃ "રામ રામ."
મુખી કહેઃ "કયાં રહેવાં?"
પેલો કહેઃ "ફરતારામ."
મુખી કહેઃ "શું નામ?"
પેલો કહેઃ "બંસીવાળો."
મુખી કહેઃ "શું કામ?"
પેલો કહેઃ "શું કામ? બંસી વગાડવી. એવી બંસી વગાડું કે સહુ પાછળ પાછળ ચાલી નીકળે. માણસોએ ચાલે ને ઢોરે ચાલે. બિલાડાંયે ચાલે ને ઉંદરેય ચાલે."

મુખી કહેઃ "ત્યારે આ ગામના ઉંદરોને ગામ બહાર લઇ જશો?"

બંસીવાળો કહેઃ 'હા, એમાં શું? પણ મહેનતાણું શું આપશો?"

મુખી કહેઃ "જે માગો તે."

બંસીવાળો કહેઃ "હજાર અશરફી."

મુખી કહેઃ "એક હજાર ને એક. પછી છે કાંઇ?"

બંસીવાળાએ બંસી છેડી. ઉંદર તો હલકી નીકળ્યા! નાનાય નીકળ્યા ને

મોટાય નીકળ્યા. મૂછાળાય નીકળ્યા ને નમૂછીયાય નીકળ્યા. પાતળાય નીકળ્યા ને જાડાય નીકળ્યા. કાળીયાય નીકળ્યા ને ધોળીયાય નીકળ્યા. ભાઇ બેન, કાકા મામા, માશી ભાણેજ બધા નીકળ્યા. નાની નાની ઉંદરડીઓ પણ નીકળી તો ! એ તો જાય બંસીવાળાની વાંસે. ઉંદર તો કયાંય માય નહિ. ઉપરા ઉપર પડે. શેરીમાં તો ઉંદર, ઉંદર ! ચૌદુંય આણું ઉંદરથી ભરાઇ ગયું.

બંસીવાળો તો શેરીએ શેરીએ ફર્યો. ઉંદરનો તો દરીયો ઉછળ્યો. નવા નવા આવતા જ જાય !

ઉંદર તો ગાંડાતૂર થઇ ગયા. નાચતા જાય, કૂદતા જાય, રમતા જાય ને ગાતા જાય.

પછી તો આખા ગામના ઉંદર આવ્યા. ઘરમાં એક ઉંદરડીય ન રહી.

આસ્તેથી બંસીવાળો નદીમાં ઉતર્યો. એક, બે, ત્રણ બધાય ઉંદર નદીમાં.

રામ બોલો ભાઇ રામ !

પણ એક ઉંદર બચ્યો. ખૂબ જાડો હતો. તે તરીને ભા

બંસીવાળો ગા

22965
22965

લાપશીનાં આંધણ મુકાણાં; આંબાનાં તોરણ બંધાણાં. ઘેર ઘેર જાણે દીવાળી !

બંસીવાળો મુખીને કહેઃ "ભાઇ, મને મારી અશરફી આપો. હું હવે જાઉંશ."

મુખી કહેઃ "ગાંડો થા મા. એ તો મશ્કરી હતી."

બંસીવાળો કહેઃ "ભાઇ, જવા દે. મશ્કરી જવા દે. દેવ દેરાંનાં ઠીંહરાં હોય; હનુમાનનાં ન હોય !"

મુખી કહેઃ "બસ થયું. ચાર ફદીયાંની બંસી છે ને ગાયનની તો પૂટી બદામ પણ ન ઉપજે. ભાઇને હજાર અશરફી જોવે છે !"

બંસીવાળાનું મોં રાતું થયું. આંખોમાંથી જાણે આગ ઝરવા લાગી.

તે બોલ્યોઃ "જો જ, હું બીજું ગીત વગાડીશ. તમારા બાર વાગશે. પછી ધર્યા રહેશો !"

મુખી કહેઃ "જને હવે. તારા જેવા વેરાગી ઘણા પડ્યા છે."

બંસીવાળો ચીડાયો. બંસી લીધી

ડી.

એવો મીઠો ધ્વનિ ! મીઠાઇથી મીઠો

ે મીઠાશથીએ મીઠો. એવો તો કોમળ !

એક, બે, ત્રણ જ્યાં સૂર નીકળ્યા
યાં તો જોઇ લ્યો ! છોકરાંનાં ટોળે ટોળાં
મે તો ઉભરાયાં ! પડતાં ને આખડતાં,
ાલતાં ને દોડતાં, નાચતાં ને કૂદતાં,
સતાં ને રમતાં એવાં તો આવ્યાં કે
ાર નહિ ! છોડીઓ ને છોકરા; નાનાં
ા મોટાં; ધોળાં ને કાળાં; રૂપાળાં ને
રૂપાં; ગરીબ ને પૈસાદાર સૌ દોડ્યાં.

મોઢા આગળ બંસીવાળો ને પાછળ
છોકરાની ધીંધ! એક મોટું ટોળું !

કીવી, કીવી, કીવી !

બાબાપ કહેઃ " છોકરાં, આમ
આવો. "

છોકરાં કહેઃ " નારે ના. "

કહેઃ " દોડો દોડો. બંસી-
વાળાને "

મુખોમુખ " પકડો એલચ્યાને. "

પણ કોણ પકડી શકે તો ને !

બધે એવું ગીત ગાયું કે મોઢા-
માંથી કોઈ બોલીય ન શકે ને ચાલીય
ા શકે !

જ્યાં હતા ત્યાં બધા ખીલા થઇ
ગયા. બંસીવાળો તો મોઢા આગળ ને
છોકરાં વાંસે !

એમ કરતાં બધાં ડુંગર ઉપર
આવ્યાં. ત્યાં એક ગુફા હતી. બંસી-
વાળો અંદર ગયો. બે, ત્રણ, ચાર એમ
એક પછી એક સૌ અંદર ગયાં.
પાછળથી ગુફાનું બારણું બંધ થઇ ગયું.
તે આજની ઘડી ને કાલનો દિ' ! બંધ
થયું તે થયું; પાછું ઉઘડ્યું જ નહિ !

પણ એક અધુરીયો છોકરો ધીરે
ધીરે આવતો હતો તે વાંસે રહી ગયો.

એ બચ્યો.

પેલા બચેલા ઉંદરે એના દીકરાને,
ને એના દીકરાએ એના દીકરાને ને
એના દીકરાએ એના દીકરાને વાત કીધી.
આજે ઉંદરનો દીકરો એ વાત ઉંદરને
કહે છે.

પેલા છોકરાએ એના છોકરાને,
એના છોકરાએ એના છોકરાને ને એના
છોકરાએ એના છોકરાને વાત કીધી.
આજે એનો દીકરો એના દીકરાને
આ વાત કહે છે.

એળખી કાઢો

૧

દુંદાળો છે એનું નામ,
નામ લીધે મંગળ કામ;
કાને સૂંઢ હાથી જેવો,
ગોળા જેવી ફાંદ એવો;
ઉંદરની બેઠકેથી,
લાડુ બેઠો ખાય છે.
દુંદાળો છે એનું નામ,
નામ લીધે મંગળ કામ.

૨

ગરુડ એનું વાહન છે,
લક્ષ્મી એનું અંગ છે;
શંખ ચક્ર ગદા પદ્મ,
ચાર હાથે ધર્યાં છે;
સાપ એની સેજ છે,
દુનિયાના એ પાલક છે.
ગરુડ એનું વાહન છે,
લક્ષ્મી એનું અંગ છે.

૩

માથે મોટી જટા છે,
જટા મધ્યે ચંદ્ર છે;
બોળે ગણેશ બેઠા છે,
પાસે ડમરૂ શંખ છે;
ઉભેયા ભાંગ ઘૂંટે છે,
ભૂત પ્રેત નાચે છે.
માથે મોટી જટા છે,
જટા મધ્યે ચંદ્ર છે.

૪

કાને કુંડળ માથે પીછું;
દેહે આખો કાળો દીસું;
કુંભ ઢાંચે, કંબલ કાંધે,
ગોપન વચ્ચે રૂડા દીસું;
વ્રજનારીનો પ્રેમ પ્રીછું;
બંસી નાદે સૌને રીઝું.
કાને કુંડળ માથે પીછું,
દેહે આખો કાળો દીસું.

શ્રી 'સરસ્વતી' છાપખાનું : ભાવનગર